1936 - ૧૯૩૬

ભયંકર ભૂલ

Regd No. B. 3220

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૧૬ મો.
બુધવાર તા. ૧-૧-૩૬

## તારુણ્યતાનું આછું દર્શન.

જો ! જો ! ક્ષિતિજે દૂર મીટ માંડી
ઉષા હજી ના ઉંબરે પધારી
આછાં ઉઘડતાં નવ એ પ્રભાતે
તારુણ્ય છાયા ચીરકાળ મ્હોરે.

નવપુંજ એ ના હજીએ છવાયા
પ્રતિબિંબ કો' એ પથના સુહાયા
નીલ શ્વેત રસીલા ખળખળ પ્રવાહે
તારુણ્ય છાયા ચીરકાળ મ્હોરે.

ઉપવન મધુરાં વણુ હર્ષ દીઠાં
ફાલ્યા ફુલ્યા ના દિન કંઈક વીત્યાં
સ્મૃતિ હજી એ વીસરાય-પ્હેલાં
તારુણ્ય છાયા ચીરકાળ મ્હોરે.

આદર્શના એ ઉડતા ફુવારા
રેલે સીંચે ના હજી કુંજ રોપા
કલ્લોલતા એહ અગમ્ય નાદે
તારુણ્ય છાયા ચીરકાળ મ્હોરે.

જો ! જો ! સમીપે રસ ઐક્ય ધારા
શિશુકાળ યૌવન મધુ લ્હાણુ જવાળા
ઝબકે ઝબકશે હજી કાળ-પ્હેલાં
તારુણ્ય છાયા ચીરકાળ મ્હોરે.

પ્રણયે ભર્યાં હો હૃદયો સુરંગે
આદેશ સાચાં ઘડતાં જીવન-એ
સર્જે કદી એ નવસૃષ્ટિ છાયા
તારુણ્ય છાયા ચીરકાળ મ્હોરે.

નહિ દુન્યવી કો' હજી પાસ લાગ્યો
નહિ પ્રેમ સાચો ઉર આ પિછાન્યો
જગના વિહારી સખી દીલ બને તું
તારુણ્ય છાયા ચીરકાળ મ્હોરે.

જીવતાં પ્રથમ તું જગને જીતી લે !
મહારાજ્ય ત્હારે ચરણે ઝુકી રહે !
નિજ શ્રેય સાધક મનુ કો' દેવાંશી !
તારુણ્ય છાયા ચીરકાળ મ્હોરે.

દૈવી પ્રભા સમ તુજ જ્યોત ન્યારી
આછી અનેરી સ્મિત હાસ્ય વારી
વહેતી સદા એ વહેશે અખંડિત
તારુણ્ય છાયા ચીરકાળ રહેજો !

"મંજુલકુમાર"

# ત ❖ રુ ❖ ણ ❖ જૈ ❖ ન

—: તા. ૧-૧-૩૬ :—

## ભયંકર ભૂલ.

વાણી પ્રમાણે વર્તણુંક રાખવી એ સાચા સુધારકનું લક્ષણ છે. એટલે સાચા સુધારક તરીકે દલપત કોઠારીએ પ્રથમનાં સગપણ તોડી નાખી બાળ વિધવા તારાબેન સાથે સ્નેહલગ્ન કરેલાં. આથી –સુધારાથી ભડકી ઉઠનારાઓએ બાહિષ્કારનું શસ્ત્ર ઉગામેલુ છતાં પાલણપુરના યુવાનોએ જાહેર સભાઓ દ્વારા દલપતને અભિનંદનો પાઠવેલાં અને તેણે તે સ્વિકારેલાં તેજ દલપતલાલ કોઠારી તારાબ્હેન હૈયાત છતાં, તારાબ્હેન સાથે વિશ્વાસઘાત કરી–દ્રોહ કરી, કાન્તાબ્હેન નામના કેળવાયેલા ને સંસ્કારી બાળા સાથે ગયા અઠવાડીયામાં પ્રેમલગ્નથી જોડાય એને કોનો ટેકો હોય ?

અમે અજાયબ થઇએ છીએ કે એક કેળવાયેલો યુવાન–સુધારક તરીકે કહેવાતો, એક બાળ વિધવા સાથે મહિનાઓ સુધી સંસર્ગમાં આવ્યા પછી એટલે એક બીજાના વિચારોથી માહિતગાર થયા પછી સમાજ બંધનોને લાત મારી તેની સાથે લગ્ન કરે, છેવટ સુધી વિશ્વાસના આશ્વાસન આપે. તારાબ્હેન અને પાલણપુરના યુવાનો કહે છે તેમ છેહ ન દેવાની આખર ઘડી સુધી પ્રતિજ્ઞા કરે, તે માણસ આ પ્રમાણે એક ઉપર બીજી લાવવાનું કૃત્ય કરે એ પ્રતિજ્ઞામાંથી પતિત થયેલો માનવી ગણાય. આવા માનવી પ્રત્યે અમે કયા શબ્દોમાં ધૃણા પ્રદર્શિત કરીએ.

જેઓની શમાજમાં કે દેશમાં કીમ્મત નથી તેઓ એક ઉપર બીજી લાવે તો કશોએ ઉહાપોહ થતો નથી. પરંતુ જ્યારે સંસ્કારી અને શિક્ષિત માણસો તેમાંયે સમાજ સુધારકનો બુરખો પહેરનારા પોતાની પત્નિ હૈયાત છતાં બીજી લાવે ત્યારે ચર્ચા ને પોકારનો વિષય થઇ પડે છે. અને થવોજ જોઇએ.

થોડા સમય ઉપર પ્રભા–નાથાલાલ ને મનુ–વિનોદિનીના લગ્નો પણ આજ પ્રમાણે ચર્ચા ને ઉહાપોહનો વિષય થઇ પડેલા. અમારે કહેવું જોઇએ કે તે બંને લગ્ન કરતાં દલપત કોઠારીએ કાન્તા સાથે કરેલ લગ્ન ભયંકર ભૂલ છે. કારણ ?

જ્યારે એક બાળ વિધવા પોતાનાં સગાં સહોદરને તજી દઇ બીજી વાર લગ્નગ્રંથીથી જોડાય છે, ત્યારે તેનો મુખ્ય આધાર તેના પતિ ઉપર હોય છે. અને જ્યારે તે પતિ પોતાની ફરજથી પતિત થઇ–તેને તજી દઇ બીજી લાવે છે ત્યારે તે વિધવાની સ્થિતિ ભયંકર થાય છે. એટલું જ નહિ પણ સુધારાના વેગને ધક્કો પહોંચે છે. એ દૃષ્ટિએ દલપત કોઠારીએ જે પગલું ભર્યું છે તે યુવાન સમાજની દૃષ્ટિએ ધિક્કારપાત્ર ભર્યું છે એમ કહેવું પડશે.

કાન્તાબ્હેનને શું કહીએ ? એ બીન અનુભવી છે ! પુરૂષસ્વભાવથી અજાણ છે. નહિ તો એક બ્હેનના હકકને લુંટી લઇ તેના જીવનને ધૂળધાણી કરવા જેવું કૃત્ય એ કરે ?

અમારે આ અંગે ખાસ એ પણ કહેવાનું છે કે–જે તારાબ્હેનને દલપત કોઠારીએ વિશ્વાસઘાત કરી એકલા અટુલા સ્થિતિમાં મૂકી દીધાં છે તે તારાબ્હેન પ્રત્યે તેઓનાં સગાં સહોદરો સહકાર કરીને તેમને સાથ દેશે–હિમ્મત દેશે. અરે ગોદમાં લેશે.

## પાટણનો ઠરાવ.

અયોગ્ય દીક્ષાના હિમાયતીઓએ કરેલ તાંડવ નૃત્યથી યુવાન અને વૃધ્ધ, સ્ત્રી અને પુરૂષ અનેકના દીલ ખળભળી ઉઠેલાં, ઠેર ઠેર તે સામે ઠરાવો થયેલા. તેવી રીતે પાટણના શ્રી સંઘે સંવત ૧૯૮૫ ના ભાદરવા વદી ૧૧ ના રોજ નીચે પ્રમાણે ઠરાવ કરેલો—

"હાલના ચાલુ સંજોગોની અંદર જે કોઇ માણસને દીક્ષા લેવાની ઇચ્છા હોય તે માણસે એક મહીના અગાઉ જાહેર છાપાઓમાં જાહેર કરવું જોઇએ અને તેની સાધુ થવાની લાયકાત માટેની ખાત્રી પછી પાટણ સંઘની સલાહથી તેને દીક્ષા આપી શકાય. જે કોઇ આ ઠરાવની વિરૂધ્ધ વર્તન કરે અને જે કોઇ તે કામમાં મદદ કરે તે સંઘનો ગુનેગાર ગણાશે."

આવા સાધારણ ઠરાવ સામે પાટણના ગણ્યાગાંઠયાં દીક્ષાપ્રેમી ભાઇઓએ સખ્ત વિરોધ કરેલો, આથી પરસ્પર કલેશ–કંકાશ અને પ્રતિબંધો મૂકાએલા. વડોદરા રાજ્યે અયોગ્ય દીક્ષા સામે કાનુન ઘડયો. છતાં અયોગ્ય દીક્ષાના હિમાયતી સાધુઓ ને શ્રાવકોમાં જરાએ હૃદય પલટો થયો હોય તેમ લાગતું નથી. તેમની વર્તણુંક જ તેનો પૂરાવો છે.

આવી સ્થિતિ છે છતાં મુંબઇમાં વસતા પટણી બિરાદરોએ પોસ સુદી ૫ ને સોમવારની રાત્રીના શ્રી ભોગીલાલ લહેરચંદ ઝવેરીના પ્રમુખપણા નીચે એકત્ર થઇ લાંબી ચર્ચા બાદ દીક્ષા અંગેના મૂળ ઠરાવને હાથ ન લગાડતાં, તમામ પ્રતિબંધનો ચુર કરવા અંગે પાટણના સંઘને વિનંતિ કરનારો ઠરાવ કરી ડહાપણ જ કર્યું.

આજના આગળ વધતા જમાનામાં દરેક સમાજમાં સુધારાનાં પગરણ મંડાયા છે. તેની સામે રૂઢિચુસ્તોનો સામનો પણ છે, તે રહેવાનો. એટલે "સિધ્ધાંતની સમાધાની ન હોય" બાકી ખાણી પીણી ને બીજા પ્રતિબંધો એક બીજાની વચમાં કલેશ વધારનારા છે તે નાબુદ થવા જ જોઇએ. તેમ પાટણના આંગણે શતાબ્દિના ઉત્સવની ધારણા છે એટલે મુંબઇના પાટણવાસી જૈન ભાઇઓએ શ્રી પાટણના સંઘને પ્રતિબંધો દૂર કરવા અંગેનો જે ઠરાવ મોકલ્યો છે તે ઉપર ખાત્રી છે કે જરૂર લક્ષ આપશે.

# ચોપટાની ચોવટ.

ગુજરાતના એ પૂરાણા નગરના એક લત્તામાં લીલાછમ ગોળમટોળ લીંબડાની છાયા નીચે વીશ પચીશ માનવી ગોઠવાઇ રહે તેવા લીપેલા ને સ્વચ્છ સ્થાનને લોકો લીંબડાના ચોપટા તરીકે ઓળખતા. ત્યાં પાકી ઉમ્મરના એટલે વનમાં પ્રવેશ કરી ચુકેલા, આઠ દશ વૃધ્ધોને પચ્ચીશ ત્રીશ વર્ષની ઉમ્મરના ત્રણ ચાર જુવાનો ગામ ગપાટા ને અલકમલકની વાતો કરતા બેઠા છે. તેવામાં પાનીથી મસ્તક સુધી શુધ્ધ ખાદીના વસ્ત્રોમાં શોભતો નવનીત નામનો યુવાન પણ ચોપટે આવી ચડયો. કે મગનકાકાના નામે ઓળખાતા કાકાએ વાત છેડી.

કેમ નવનીત! હમણા તમે સમાજ સુધારણા અંગે કામે લાગ્યા છો?

નવનીત–હા–કાકા.

કાકા–સમાજ સુધારાની જરૂર છે અમેય માનીએ છીએ, પણ આ ન્યાતોની સામે જે હીલચાલ ઉપાડી છે તે વ્યાજબી કરતા નથી.

નવનીત–કેમ કાકા! એમાં શું ખોટું કરીએ છીએ? સમાજ સુધારણાનું મૂળ ન્યાતો છે.

કાકા–ભલા આદમી! તું બાળક છે. તું જાણે છે? 'ન્યાત તો ગંગા છે, લીલી છાંહી છે, એને ભાંગે એનાં ઘર ભાંગે' છતાં તું અને તારા ગોઠીયા કેટલાય દિવસથી ન્યાતના બંધારણો તોડી નાખી બધું એકાકાર કરવા ચકલે ચકલે ભાષણો આપો છો, છાપાં કહાડો છો, આ તમારી હીલચાલથી ઘણાયે અમારી પાસે આવે છે ને ન્યાત ભેગી કરી તમારી ખબર લેવાની ભલામણ કરે છે. પણ તું ખાસ મારા સ્નેહિનો દીકરો એટલે એમ ઉતાવળ કરવા પહેલાં તારી સાથે વાતચીત કરવાની તક ખોળતો હતો, ત્યાં આજ અવસર આવી ચડયો, તું ડાહ્યો, ને સમજુ છે! તને એ શોભે નહિ!

નવનીત–મારી પણ ઇચ્છા તો હતી જ કે એક દિવસ તમારી સાથે વાતચીતનો પ્રસંગ ઉભો થાય તો ઠીક, ત્યાં તો તમેજ આજે વાત છેડી.

કાકા–મારી સાથે વાત કરવાનો પ્રસંગ શાથી ખોળતો હતો?

નવનીત–બધી ન્યાતોના પટેલો ને શેઠોમાં તમારી લાગવગ છે, તમારી દોરવણી ઉપર જ તેમનો આધાર છે. તેમ તમે મહાજનના મુખ્ય પટેલ એટલે!

કાકા–ઠીક! ઠીક! પણ મ્હેં કીધું એનું શું?

નવનીત–અમે તો પૂરેપૂરો વિચાર કરીને, હિતાહિતનો સરવાળો મૂકીને જ હાલના જ્ઞાતિવાડા સામે મોરચા બાંધ્યા છે. તમે કહો છો 'ન્યાત ગંગા છે, શીતલ છાંય છે, ન્યાતને ભાંગે એનું ઘર ભાંગે' એ તમારી કહેતી શ્રીમંતો માટે કદાચ બંધબેસતી હશે! બાકી મારા અનુભવે તો એ ગંગા સમાજનો ભોગ લઇ રહી છે. શીતળ છાંયના બદલે આગ વરસાવી રહી છે, એજ નાત ઘર ભાંગી રહી છે ત્યાં એ ન્યાતોને ભક્ષી કહેવી કે રક્ષી કહેવી?

ત્યાં તો નથુમામાથી ન રહેવાયું ને વચમાં જ ચમકી ઉઠયા.

અલ્યા! કોઇ દિવસ ન્યાત ઘર ભાંગતી હશે? એ તો આજ તારા મોઢે સાંભળ્યું! ન્યાતને ઉઘાડે છોગે જેમ આવે તેમ સંભળાવે રાખે છે, તે તું શું સમજે છે? શું ન્યાતમાં કોઇ છે નહિ એમ સમજે છે? મામા વધારે ગરમ થવા જાય ત્યાં તો મગનકાકા વચમાં બોલી ઉઠયા, નથ્થુ! કાં તો તું એની સાથે બાંધછોડ કર, નહિ તો છાનો રહે, એને કહેવું હોય તે કહેવા દે! કાકાના સપાટાથી મામા ચૂપચાપ, કે નવનીતે શરૂ કર્યું.

એ તો તમેય જાણો છો કે આજથી પચ્ચાસ વર્ષ પહેલાં આપણા જ ગામમાં જૈનોની જેટલી વસ્તી હતી તેની આજે અડધી છે, તેમાંયે વિધવા, વિધુર ને બીજા બાદ કરીએ તો છે તેમાંથી પચ્ચાસ ટકા સાચી વસ્તી છે. એટલે પચ્ચાસ વર્ષના ગાળામાં આપણે પંચોતેર ટકા ઘટયા, અને ઘટે જ જવાના છીએ છતાં આપણી વસ્તી શાથી ઘટી એનો વિચાર કરશો તો આખોય કોયડો ઉકેલાઇ જશે.

કાકા–વસ્તી ઘટી છે ને ઘટે છે એ વાત સાચી. આપણા ગામમાં જ આ પ્રમાણે વસ્તી ઘટી છે? કે આખી સમાજમાં ઘટી છે? અને એ કંઇ ન્યાતો ઘોળોથી થોડીજ ઘટી છે.

નવનીત–ત્યારે શાથી ઘટી છે?

કાકા–પચ્ચાસવર્ષમાં કેટલીએ વાર કોલેરા પ્લેગ વિ. અનેક રોગોથી ઘટી છે. નહિ કે ન્યાતના બંધનોથી.

નવનીત–કાકા! તમે મુરબ્બી છો, ન્યાતના અગ્રણી છો. ગામના જાજમ વચમાં બેસી અનેક પંચાતો કરો છો. અને જરૂર જણાય તો ઘેર બેઠે દોરી સંચારથી પણ કામ લેતા આવડે છે. એટલે મુસદ્દી છો છતાં તમારે કબુલ કરવું પડશે કે રોગચાળાએ આખા દેશ પર એનો પંજો ઉપાડેલો છતાં વસ્તીપત્રક બોલે છે કે દેશમાં વસ્તી વધી છે. આપણે જ વસ્તીમાં ઘટયા છીએ.

કાકા–ત્યારે તું એમ કહેવા માગે છે કે ન્યાતોથી ઘટી?

નવીનત–હા, કાકા! સાંભળો આપણી ન્યાતોના બંધારણ ખાવા પીવા માટે નથી. ફક્ત બેટા–બેટીની લેવડ દેવડ માટે જ છે, ને તેના રક્ષણ માટે અનેક કાયદા ઘડયા છે. આપણે નક્કી કરેલ વાડા બહાર કોઇ પોતાની દીકરી દઇ શકે નહિ; તેમ બહારથી લાવનાર જૈનની જ કન્યા લાવ્યો છે કે બીજાની તે ખાત્રી માટે જહાંગીરી કાયદાઓથી પજવણીઓ થાય. લગાર ભૂલ જણાય તો ન્યાત બહાર, આ મુગલાઇથી સાધારણ વર્ગ બહારથી લાવતાં ગભરાય.

આખી સમાજ નાના વર્તુલમાં વહેંચાઇ ગઇ હોવાથી સૌ સૌના વર્તુલમાંજ દે. સૌને એટલે મ્હોટા ભાગને પૈસાદાર જ જોઇએ. આથી કન્યાના વાલીઓ બચપણમાં જ સગપણ કરી. બાળલગ્ન કરી નાખે, તેના પરિણામે સમાજની તાકાત ઘટી, યુવાન યુવતીઓના આઉખાં ટુંકા થયાં. વિધવાઓની સંખ્યા વધી, વિધુરો વધ્યા, મુરતીઆ કરતાં પૈસાની ને કુળની પસંદગી તરફ વધારે ધ્યાન ખેંચાવા લાગ્યું. બહારથી કન્યા લાવતાં બહિષ્કારના ભૂતે અમુક કુંવારા રહ્યા. આથી સાધારણ વર્ગ મહા મુશ્કેલીમાં આવી પડવાથી અનેક માણસો જૈનધર્મ છોડી અન્યધર્મમાં ભળ્યા, બીજી બાજુ કન્યાના અભાવે અનેક માણસોના ઘેર તાળાં મરાયાં, ત્રીજું બીજાને ભળતા અટકાવ્યાં. એટલે વસ્તી વધે કે ઘટે? ઘટે જ, —ચાલુ.

# સુઝેલું

લેખકઃ– **સર્વદમન**

## આજનું જૈન પત્રકારિત્વ.

આ વિષય ઉપર ઘણું લાંબુ લખી શકાય તેમ છે. પરંતુ આજે તો એની ઉપર એક ઉડતી નજર કરી લાંબુ લખવાનો વિચાર ભવિષ્ય પર જ રાખું છું, મને ઘણા વખતથી લાગે છે કે આજનો જૈન પત્રકાર એ એક દયાજનક પ્રાણી છે. ખાસ કરીને ગુજરાતની જ વાત કરીએ તો ગુજરાતમાં જેટલાં આપણાં પત્રો અને ચોપાનીયાં પ્રસિધ્ધ થાય છે તેમાં જે ગરીબડું સાહિત્ય અને ચવાઇ ગએલી વાનગી નજરે પડે છે, તે ઉપરથી એ ઘડી એમ જ થાય કે કાં તો આપણા પત્રકારો બહુ વ્યવસાયી હોવા જોઇએ. અને કાં તો પત્રકારિત્વનો વેપાર કરતા હોવા જોઇએ. આપણાં બધાં પત્રો પ્રત્યે કંઇક મમતા છે તેથી આ લખવાની જરૂર છે. કારણ કે આ પત્રો કંઇક વર્તુલની સેવા કરે છે પરંતુ તેમની આર્થિક કે એવી મુશ્કેલીઓથી પોતાનો ઉદ્દેશ બર લાવી શકતા નથી. છતાં એકંદર આપણે વાંચકની દૃષ્ટિથી જ જોઇએ તો આપણા પત્રોમાં કશીએ રસભરી સામગ્રી નથી જણાતી, કોઇકમાં ફકત ફિરકાવાદી માનસ નજરે પડે છે તો કોઇક વળી કોઇ ચોકકસ નીતિ સિવાયના સુંદર લખાણોના અભાવે કોલમો ભરી નાખતું માલમ પડે છે, આ પરિસ્થિતિ માટે જેટલો આપણે પત્રકારને દોષ દઇએ તેટલો જ દોષ આપણા શિક્ષિત ભાઈઓનો છે. આ ભાઇઓ પરિષદોમાં જ્યારે ગાજે છે ત્યારે એમ લાગે કે સમાજનું મોક્ષ વેંત જ દૂર છે, પરંતુ તેમાંનો મોટો ભાગ ત્યાર બાદ સુષુપ્તિ સેવે છે. આ શોચનીય પરિસ્થિતિનો આપણે અંત લાવીએ તેમાં જ આપણી પ્રવૃત્તિનું હિત સમાએલું છે. જો આપણે પ્રચારનું માહાત્મ્ય સમજતા હોઇએ તો આપણા પત્રકારોના કોલમો મનન પૂર્વકના લખાણો, સમસ્યાઓના ઉકેલો અને ધગધગતા વિચારોથી ભરપૂર હોવા જોઇએ. આપણા પત્રકારોમાં કેટલાક આશા આપનાર ભાઇઓ છે અને લાંબુ આયુષ્ય ભોગવવાને લાયક તેવા પત્રો પણ છે, પરંતુ પત્રકારોએ તેમના અભિલાષ પૂરા કરવા હોય તો તેમણે સમાજને ગમતું વાંચન આપવું જ પડશે. આપણા જુના સાહિત્યમાંથી વાર્તાઓને નવા સ્વાંગમાં સમાજ આગળ મૂકવા અને આપણા કેટલાયે સમાજપ્રશ્નોને બીજા સમાજોની તુલનામાં મૂકી તે વિષે નૂતન ઉકેલો કાઢવા. વિ. વિ. માટે લેખકોનું અમુક મંડળ પોતાનું કરી નાખવા તેઓએ જે કરવું ઘટે છે: તે કરવુ જ પડશે.

## દંભી માનસ.

હમણાં હમણાં ઉચ્ચ હિન્દુ (જૈન સુધ્ધાં) સમાજમાં કેટલાક અનિચ્છનીય લગ્નો થયાં છે તેથી સમાજમાં સનસનાટી થઇ છે. આવા પ્રકારનાં લગ્નો કે જેમાં–એક પત્નિ હયાત છતાં યુવાનો તેને અકારણ તરછોડી બીજી પત્નિ કરે છે–એક જાતની અધમતા રહેલી છે તેને સમાજે અને યુવકસંસ્થાઓએ તિરસ્કારવાં જ જોઇએ. કારણ કે આવા લગ્નોથી તેવા લગ્ન કરનાર પ્રત્યેક યુવાન અને યુવતિ સમાજ સુધારાને અને યુવક ચળવળને દગો દે છે. તેટલું જ નહિ પરંતુ આપણી પ્રગતિને અવરોધે છે. આપણે આ કારણે પ્રજામત એટલો કેળવવાની જરૂર છે કે તેવા લગ્નથી જોડાતી વ્યકિતઓને પોતાની ભૂલ માટે પશ્ચાતાપ કરવો પડે.

સ્ત્રી સંસ્થાઓએ પણ આવા બનાવો પ્રત્યે પોતાનો તિરસ્કાર વ્યકત કરી, કેટલીયે સ્ત્રીઓ જે દયા અને રક્ષણને પાત્ર બને છે તેમને માટે, અને સમાજને આવા કલંકિત કરનારા બનાવો ફરી બનવા ન પામે તે માટે સ્ત્રી સમાજમાં વિશેષ જાગૃતિ લાવવા જરૂર છે. આર્યાવર્તની અંદર જાતિનાં જે ઉંચા ધોરણો અને પશ્ચિમના કાયદાઓને ઠેકાણે આપણા રિવાજો જે ગરજ સારે છે, તે દશામાથી સમાજને નીચો લાવવા માટે આવા અનિચ્છનીય અને બીન જવાબદાર રીતે લગ્ન કરનાર કોઇ પણ યુવાન કે યુવતિ જવાબદાર છે.

---

**(હંસાનો વિવાહ**–અનુસંધાન પૃષ્ઠ ૭ થી ચાલુ.)

"આટલી ઉમ્મરે છોકરાંની ખાતર બધું કરવું પડે સ્હમજ્યો."

"બાપુ! એમ નહિ બની શકે" વિનોદચંદ્રની સિધ્ધાંત ભકિત ઉછળી આવી. અને બોલ્યાઃ–"છોકરાંની ખાતર ગમે તે સહન કરવા, ગમે તેવી સત્તાની સ્હામે થવા હું તૈયાર છું પણ અસત્યનો માર્ગ મને ન ખપે" પછી જરા નમ્ર બની રહે છે. આપે આટલી ઉદારતા બતાવી તેજ બસ છે. આપ નવલચંદ્રને મ્હોડે બોલી ગયા કે–'તમારા પરસોતમ સાથે મારી હંસાનો વિવાહ કરવાનો મારો વિચાર છે' એટલા જ ખાતર જો જ્ઞાતિનું બંધન તૂટતું હશે અને જ્ઞાતિ જો મ્હારા કુટુંબનો બહિષ્કાર કરશે તો મને તેની પરવા નથી. હવે તો બહિષ્કારનું શસ્ત્ર એ તો બુંઠુ બની ગયેલું હથિયાર છે. ન્યાતને ઉગામવું હોય તો ભલે ઉગામે. મને–"

"અરે! ઉગામ્યું!" ડોસા વચમાં જ ગાજી ઉઠયા, એની ધારને બુંઠી બનાવતાં મને આવડે છે. સ્હમજ્યો."

"પિતાજી! હું ઇચ્છું છું કે હવે આ બાબતમાં આપ તદ્દન નિષ્ક્રિય બની જાવ એજ ઉચિત છે; મ્હારી એ વિનંતિ પણ છે,' વિનોદચંદ્રે પિતાજી પાસે આગ્રહભરી માગણી કરી.

"ભલે, ભાઇ! જહેવી તારી ઇચ્છા" ડોસા સમ્મત થયા. અને તરત જ વાત બદલતાં બોલ્યાઃ–"હાં, વિનોદ! પ્રફુલ્લ કયારે આવવાનો છે?'

"પરમ દિવસે"

"એ વળી બળવાખોર છે. તે તેમ કહેશે કે–તૃમે નિષ્ક્રિય બની જાવ. ચાલો ઠીક મજા પડશે" એમ બોલી ડોસા હસતા હસતા ઉઠયા. અને "ઠીક, પડશે તેવા દેવાશે. હવે બધા સૂઇ જાવ" એમ સૂચના આપી ચાલ્યા ગયા.

દાદાજી દાદરે પહોંચ્યા એટલે પ્રમીલા અને હંસા પણ ઉઠયાં. ઓરડાની બહાર નીકળી આનંદમાં આવેલી હંસાએ પ્રમીલાને પડખામાં ગોદો માર્યો. 'અને પોતાના ઓરડા તરફ ઉતાવળે પગલે ચાલવા માંડયું, પ્રમીલાએ ઝડપથી પાછળ જઇ તેને પકડી લીધી અને તેના કુમળા ગાલ ઉપર ટપલી મારી ઉચ્ચાર્યું:–"પાછું હેત ઉભરાઈ આવ્યું કે?"

બન્ને ખડખડાટ હસી પડયાં! **સંપૂર્ણ.**

# ધર્મનું ઝેર.

ધર્મ એ અમૃત સ્વરૂપ છે, તે ધર્મ જ્યારે વિપરીતપણે પરિણમે ત્યારે ધર્માંધતા રૂપ ભયંકર વિષ બની આત્માને અને સમાજને અધમદશાએ પહોંચાડે છે.

વર્તમાન સમયે બુધ્ધદેવના અવતાર જેવા મહાપુરૂષો ધર્મને ઝેર કહેતા હોય તો તે તેના વિપરીત અને અનર્થકારી સ્વરૂપને લઇને જ.

લોકો ભૂખે મરતા હોય, રોટલાને અભાવે મ્લેચ્છ બનતા હોય તે સમયે જે ધર્મ મૂર્ત્તિઓને દાગીનાઓથી શણગારવાનું શીખવે છે તે ધર્મ ધર્મ નહિ પણ ધર્માભાસ છે. એ ધર્માભાસ નરકને વિષ સર્વ કોઇને લઇ જાય છે.

જૈન સમાજના જ્ઞાન પ્રાણોને ધર્માભાસતા ભયંકર રીતે ભરખી રહી છે, સેંકડો ગુણવડે વિભૂષિત જૈન જો ક્રિયાજડ ન હોય તો તે ધર્માભાસ જૈન સમાજમાં હડધુત થાય છે. જ્યારે વ્યભિચાર વિગેરે દૂષણોથી ભરપૂર ક્રિયાજડ ધર્માભાસ જૈનસમાજમાં પૂજાય છે. એ ધર્માભાસ જૈન સમાજ આજે ગટરમાં સડે છે. હીન માનસના હોવાનો હજારો જૈનો ધર્મભ્રષ્ટ થવા છતાં આંખ આડા કાન કરે છે.

એ ગટરમાં સડવામાં સહાય કરનાર જ્ઞાતિના વાડાઓ જ છે, જે વાડાઓના આગેવાનો ઓછી બુદ્ધિના છે. એ મંદબુધ્ધિવાળાઓજ કુસાધુઓનાં કાળાં કર્મો પર ઢાંકપિછોડો કરે છે. જૈન ધર્મ પોકારીને પડકાર કરે છે કે કુસાધુ અને કુશીલીઆઓને પોષવામાં ભયંકર પાપ છે, જૈન શાસ્ત્રો કહે છે કે સુમતિ નામના શ્રાવકે દુશીલિયા સાધુની કરેલ સંગત માત્રથી અનંત સંસાર વધાર્યો. અંધશ્રધ્ધાના અવતાર ભૂત કુસાધુઓ, સમાજની કુરૂઢીઓ અને કુધારાઓને ધર્મના નામે પોષે છે. જે વિષ રૂપ બની જૈન સમાજનો ભયંકર વિનાશ નોતરી રહેલ છે.

જૈન યુવક! જાગૃત રહેજે! ધર્માંધ વિષંધરો સમાજને કરડી ન ખાય તે માટે તું ગરૂડ બનજે! વિષમકાળના વિષધરો અધ્યાત્મમય જૈન ધર્મને મડદા જેવું ન બનાવે તે માટે તું સદાયે સાવધાન રહેજે!

જૈન ધર્મ સમસ્ત વિશ્વને સંપૂર્ણ શાંતિ અર્પી શકે તેવા સિધ્ધાંતોનો સૃષ્ટા-સરજનહાર

# તપતાં તારુણ્ય.

વ્યોમ વચ્ચે તપતો શો મધ્યાન્હ રવિ !
અંગે અંગમાંથી ઉદ્દભવતી
અગ્નિ–જવાળા–ઝળહળતી !–શું જાણે
મહા–યજ્ઞ આદર્યા ! ને મહીંથી પ્રકટતી
કિરણાવલિઓ–લાલ લાલ રકત શી !–
જગંમ વરસતી અગ્નિ વર્ષા !
ને એનો દહદહતો
તાપ ! બાળતો ને ખાક કરતો કંઇકને !
કોણથી એ ઝીલાય ?
વળી તેજ તેજનાં અંબાર !
આંખ્યો આંજતા કિરણો વેરતો !
ને નિબિડ અંધકાર ફેડી જગ અજવાળતો !
પોતે પ્રકાશીત પરને પ્રકાશતો !
વ્યોમ ને વાદળા
ચંદ્ર ને તારલા
સૃષ્ટિને સૃજેલા–
પ્રકાશી ઉઠે એને પ્રકાશે !
એના કિરણો કયમ ઝીલાય ?
એનો તાપ કયમ સ્હેવાય ?
યૌવન આવ્યે પ્રગટે શાં **તપતાં તારુણ્યે !**
અંગે અંગે ઉડતી ક્રાન્તિ-જવાળા
–ક્રાન્તિ ! ક્રાન્તિ !-જાણે બ્રહ્માએ પ્રલય સૃજન
આદર્યા મહીંથી પ્રસરતી કિરણાવલિઓ–
ત્યાગની, બળિદાનની, આત્મભોગની-'યાહોમ'ની
શું જાણે સેવા ને સમર્પણ વર્ષતા !
શો એનો દાહતો તાપ ?
કંઇક કુરૂઢિઓને કુરિવાજોને દાહતો ! અંધશ્રધ્ધા
ને અજ્ઞાનને ખાક કરતો ! પ્રગતિ–નિરોધકોને
બાળતો ! કોણથી એ ઝીલાય ?
ને તેજ તેજના અંબાર શાં
વેરતો–સાહસ, શૌર્ય ને ધૈર્યનાં કિરણો–
ભિરુતામાં ભડવીરતા પ્રેરતા ! નિડરતા ને
નિર્ભયતા
ભરતા ! ભ્રમિત–ભરમાવનારાઓને આંજતા !
અણપેખ્યું ને અણજાણ્યું અજવાળતા !
દંભો–પાખંડો પ્રાકટી સત્યને આત્મબળ
પ્રસારતા !
જુવાન, બાળ, વૃધ્ધો
શ્રીમંતો–ગરીબો
સમાજ યા વ્યકિત હો !

**ધર્મનું ઝેર... ... ... ... ચાલુ**

હોવા છતાં વાણીઆઓના હાથમાં જવાથી લોકોમાં હડધૂત થઇ રહ્યો છે તે અહિંસાના અતિરેકને લઇને જ.

જૈન ધર્મની લોકોત્તર શ્રેષ્ઠતા ઉનુંપાણી પીવામાં કે લીલોતરી નહિ ખાવામાં નથી પણ જૈન ધર્મની અનુત્તર અનુપમતા વેશ્યા કે કસાઇને પુરૂષાર્થવડે પ્રતિબોધી જૈન બનાવવામાં છે.

અનુત્તર દયાવાન અને અનુત્તર બ્રહ્મચર્યવાન ભગવાન શ્રી વીરસ્વામીના વીર મય અધ્યાત્મ માર્ગને લેભાગુ અને સ્વાર્થ લોલુપી શઠ આચાર્યો અને શ્રીપૂજ્યોએ વિકારી અને વેવલા ભકતડાઓનો જ સંપ્રદાય બનાવી દીધેલ છે, પરમ કલ્યાણકારી જૈનધર્મ સમસ્ત વિશ્વને વીર અને પુરૂષાર્થશાળી કરે તેમ હોવાથીજ જિનમાર્ગના પુનરુધ્ધારની પરમ આવશ્યકતા છે.

જિનશ્રી વીરભગવાનના વિશિષ્ટ--અલૌકિક ધર્મને ધર્માંધતારૂપ ધર્મના ઝેરે મૃતપ્રાયઃ કરેલ છે તેને પુનર્જીવન આપવા માટે ભગવાન કુંદાકુંદાચાર્ય અને સમર્થ શ્રુતધર હરિભદ્રસૂરીશ્વરજી જેવા વિચક્ષણ વૈદ્યોની આવશ્યકતા છે.

જૈન યુવકોએ ધર્મના વિષને પ્રબળ પુરૂષાર્થ વડે દૂર કરવાની પરમ આવશ્યકતા છે, ધર્મનું વિષ દૂર થતાંજ ધર્મમૂર્ત્તિ હરિભદ્રસૂરિ અને કુંદકુંદાચાર્ય જેવા યોગીન્દ્ર શિરોમણિ મહાપુરૂષો જૈન સમાજમાં જરૂર અવતરવાના અને જૈનધર્મને પુનર્જીવન અર્પવાના.

**શ્રી જાદવજી કેશવજી ડભાસંગવાળા.**

**તપતાં તારુણ્યે ... ... ...ચાલુ**

પામતા પ્રેરણા **તપતાં તારુણ્યે !**
એના આદર્શો કયમ ઝીલાય ?
કયમ શૌર્ય–સાહસ ખેડાય ?
જુવાન ! તારુણ્ય ત્હારૂં,
છે મધ્યાહ્નના સૂરજ સમું !
ત્હારા તપતા તારુણ્યે:–
જુનવાણી ખાક શી બળે–
નવ–સર્જન–દિવડીઓ પ્રગટે !

**શ્રી ભાઇલાલ બાવીશી.**

# : દલપત-કાન્તા લગ્ન :

લેખક : : શ્રી ડાહ્યાલાલ વી. મહેતા.

**થોડાંક વર્ષો પર બે મર્યે ત્રીજી પરણતા પુરૂષને શ્રી લિલાવતી મુનશીએ 'લગ્ને લગ્ને કુંવારા લાલ' કહી ધિક્કાર્યો હતો. નાકનાં ટેરવાં ચઢાવીને ફરી ફરી પરણતા પુરૂષને વાસના-યંત્ર કહી યુવાનો હસી કહાડતા.**

**આજે આ શું થઇ રહ્યું છે? પ્રભા-નાથાલાલ, મનુ-વિનોદિની, દલપત-કાન્તા આ શું કરી રહ્યા છે? આ સુધારો છે? એમાં હિમ્મત છે? એમાં સામાજીક કલ્યાણ છે?**

**સુધારકોના એના પર અભિશાપ છે, એમાં રહેલી હિમ્મત વંઠેલાની હિમ્મત કરતાં જુદા પ્રકારની નથી. એમાં સમાજનું નહિ, પરણનારાંનુંયે કલ્યાણ નથી-કારણ કે એમાં કોઇકના અકલ્યાણ કરવાની ભાવના રહી છે.**

**હિન્દુ લગ્નમાં Divorce નથી; અને એથી ત્યકતાને ખુબ દુઃખ રહે છે. એ ફરી પરણી શકતી નથી-અને પરાયાની દગલબાજીની જાળમાં જીવતા લગી એને શોશાવું રહે છે.**

**કોઇ આવાં લગ્ન પર કૃપા કરી તટસ્થ ન રહે. ગામેગામના યુવાનો આને વખોડી કહાડે. પાલણપુરનાં જુવાનો ચુપ કેમ છે? માણસ પરત્વે નહિ, એના કાર્યો પરત્વે જહેમ અભિનંદન આપવાની ફરજ સ્વીકારાઇ હતી ત્હેમ એનો વિરોધ કરવાની ફરજ પણ સમજાવી જોઇએ..............................................તારાચંદ.**

દલપત-કાન્તા લગ્ન જૈન સમાજનું નહિ, સારાયે સમાજ સુધારાનું કલંક છે.

હજારો ફીટકાર એ લગ્ન પર વરસી રહ્યા છે. ફીટકારનો એક ઉદ્દગાર અમારોએ એમાં છે.

દલપત કોઠારી દ્રોહી બન્યા છે, હથિયારરૂપે કાન્તા પરિખ એમાં ફસી પડી છે.

ભણીગણી કુમારિકાઓ પરાયા પુરૂષને જોઇને આટલી પાગલ બનતી હશે? પાલણપુરની પ્રભાવતીએ જાસુદબ્હેનના નાથાલાલને ઝૂંટવ્યો, અમદાવાદનાં વિનોદિનીએ શારદાબ્હેનના મનુભાઇને ઝડપાવ્યો, ભાવનગરી કાન્તાએ, સ્નેહલગ્ને સંકળાએલી તારાબ્હેનના દલપતલાલને પકડી પાડ્યો.

બનવા જોગ છે, સામાજીક રૂઢિયોના લીધે કુમારિકાઓ એવા સપત્નિ પુરૂષો પર સ્વભાવિકપણે, બિન અનુભવથી આંખ ઠારે; પૂરૂષના વૈભવપર કે ઠગારા આદર્શની ધૂન પર અંધ બને. શા માટે ભણ્યા ગણ્યા પુરૂષો, જવાબદારી સમજતા પુરૂષો, નવીનારી નિરખીને પહેલી પ્રિયતમાને પડતી મૂકે? કાલાઘેલા એ નરભ્રમરો નવીના નેહને વહેતો દેખી પ્રથમ પત્નિના પ્રેમનું શા માટે નિકંદન કાઢે?

દલપત-કાન્તા લગ્ન તરફ વિરોધનો વંટોળ જાગ્યો છે, રોષનો દાવાનળ ફાટ્યો છે, છતાંયે દલપત-કાન્તા જવાબ આપી શકે તેમ નથી, લુલો પાંગળો બચાવ કરવાનીયે તેમનામાં તાકાદ નથી. ચુપકીદી પકડીને ઉહાપોહને ઠંડો પાડવાની રીત એમણે સકારણ અખત્યાર કરી છે. શું જવાબ આપવો? શું કહેવું? કયી દલીલો ફેંકવી? કોના આગળ ફેંકવી? તારાબ્હેનના નિવેદનનો કયી હિંમતથી પ્રતિકાર કરે?

દલપત કોઠારીએ સુધારક હોવાનો, સંસ્કારી હોવાનો દાવો છડેચોક બાંગ પોકારીને કર્યો હતો. તારાબ્હેન સાથે પુનર્લગ્ન કરીને પાલણપુરના મૂર્તિપૂજક મહાજનોને એ સંસ્કારી (!) પુરૂષે વિધવાઓના આર્તનાદ વર્ણવતો એક પત્ર પણ પાઠવ્યો હતો, ચારિત્રનાં નૈષ્ઠિક બ્રહ્મચર્યનાં, સંયમનાં એમાં ભારોભાર બણગા ફુંકનાર, વિધવાના એ ઉધ્ધારકે પ્રતિષ્ઠા પામવાની ખાતર વર્તમાનપત્રોમાં એ પત્ર પ્રસિદ્ધ થવા પણ દીધો હતો.

દલપતલાલે શપથ લીધા હતા, "**પચ્ચીશ વર્ષ પહેલાં પરણીશ નહિ.**" વીશમે વર્ષે એણે તારાબ્હેન સાથે પુનર્લગ્ન કર્યાં!

અને એને કોણે ઉંડા ખાડામાં ઉતાર્યાં હતા? પુનર્લગ્ન કરવાને એને કયી અગોચર પ્રતિષ્ઠાએ દોર્યા હતા? કર્યાં પછી તારાબ્હેનના જીવનનો કચ્ચરઘાણ વાળવાને કયા કારણો વ્યાજબી હતાં?

પુનર્લગ્ન કરીને તારાબ્હેને પાલણપુરમાં પગ મૂક્યો નથી. ક્યાં ઉતરે? કોના ત્યાં રહે? વિધવાના ઉધ્ધારકને મૂંઝવી નાંખતો એ પ્રશ્ન, તારાબ્હેનને દેશવટે રાખવાને પુરતો હતો.

અને એ દેશવટા પાછળ-ભોળી તારાબ્હેનની પાછળ, દલપતલાલ કયી ધૂર્તતા ખેલતા નહોતા? એ દિવસોમાં તારાબ્હેનની ફજેતી સિવાય બીજું કશુંયે સંભળાતું નહતું. એકથી બીજે મુખે કલંકોની લાંબી હારમાળા સિવાય તારાબ્હેન માટે બીજું કશુંએ ખડકાતું નહતું. દૂર બેઠે એ હડધૂત બનતાં. દેશાંતરે બેઠાં એ પાલણપુરીઓની ગુપ્ત વાતોની અદૃશ્ય મૂર્તિ બનતાં.

સારૂં છે કે તારાબ્હેને આજ ચાર વર્ષે પણ જાહેર રીતે જીભ ખોલીને દલપતલાલની ધૂર્તતા જગત સમક્ષ સ્પષ્ટ રીતે ધરી દીધી છે. દલપતલાલે બિછાવેલી જાળ એના તાંતણે તાંતણે નહિ પણ આખી, એક સામટી તો પીંખી જ નાંખી છે.

કોઇ ભણકારો આવતો, કોઇ દલપતલાલને પૂછતું. આગામી લગ્નના ભણકારાનો ભાંગ્યો ભાંગ્યો જવાબ મેળવવા કોઇક ઇચ્છતું, અને કડક વૈરાગી સંસારને અકકડ ગરદનથી જેમ તિરસ્કારી કાઢે, તેમ, તેટલી સફાઇથી એ વાત ઉડાવી દેતા.

તારાબ્હેનને તરછોડવાના કયા કારણો ઉભાં કરવા પડ્યાં? તારાબ્હેનનો અક્ષમ્ય ગુન્હો? પાલણપુરને-પોતાની પ્રતિષ્ઠા પુનઃ પ્રાપ્ત કરવાં હતાં? નવીનો નેહ, તારાબ્હેનને છેહ દેવાને, હચમચાવતો હતો?

મુક્ત સહચાર ને મુક્ત વિહારની ફીલસુફી યુવાનો આગળ ધરીને, મનમાં ઘોળાતા મનોરથોનું એ સ્પષ્ટ પ્રદર્શન કરતા. લગ્નસંસ્થાને એ તિરસ્કારતા. છતાં કાન્તા સાથે એ ફરીવાર **લગ્નબંધનમાં** કેમ પડ્યા ? મુક્ત સહચારિણી તરીકે એણે જગત સમક્ષ એને કેમ ન ધરી ? લગ્ન સંસ્થા વિરોધી જને લગ્નગ્રંથીથી નવી નારી શીદને સ્વિકારી ?

એ નર્યું સત્ય છે. દલપત–કાન્તા સમજી લ્યે. **અંધારી અમાસે કોઇ દી' અજવાળાં પાલણપુરમાં ઉગી નિકળશે, પ્રેમને પ્રતિષ્ઠા, પાલણપુરમાં કોઇ દિ' તેમને દેખાએ દેવાનાં નથી.**

નારીજીવન પ્રત્યે પુરૂષની પાશવતા અપાર છે. પુરૂષની શયતાનીયત અજબ છે–અજોડ છે. જુનવાણી સમાજ રૂઢિના નામે નારી જીવનને ચકકીમાં પીસી નાંખે છે. નવા યુગના નરભ્રમરો 'સુધારા' ના નામે નારી જીવનને સડાવી મારે છે. નારી જીવનની દુર્દશા પુરૂષો તરફથી અનેક રીતે થાય છે. છતાં સારૂં છે કે નવાયુગની નારી હવે પુરૂષપર પરાવલંબી નથી.

હોતતો તારાબ્હેન ! તારી શું દશા થાત ? સારૂં છે કે તું અધ્યાપિકા છે. તારા ભરણપોષણને જીવન માટે તારા દેહમાં એ તાકાદ છે. સારૂં છે કે તું સમાજની ગોદે સુખ વાંચ્છતી નથી. તારા સામર્થ્યપર, ઇચ્છવા જોગ છે કે તું મુસ્તાક છે.

નહિ તો દલપત–કાન્તાના યુગલને તું પાયે પડત ? રોટી માટે તું એમને રીઝવત ? સારૂં છે કે એક વખતની શરમાળ વિધવામાંથી તું વીરાંગના બની ગઈ છે. સારૂં છે કે ચારવર્ષમાં ચાર ફેરાનું સાચું જ્ઞાન તું સમજી ગઇ છે **"હું દીન નથી, હું દુઃખી નથી, કોઇને મારી દયા ખાવાનો હકક નથી"** એ શબ્દો જસુબ્હેનના નથી, શારદાબ્હેનના નથી, એમના જેવી નારીઓના નથી. એ શબ્દો સ્વશકિતપર અચુક શ્રધ્ધા ધરાવનાર તારાબ્હેનના છે. પુરૂષના પાખંડની જાણકાર નારીના છે.

આવી નારીઓના આ દર્દને ઉખેડવાનો કોઇ માર્ગ જ નથી ? પુરૂષપર બંધન મૂકીને નારી તેને જકડી રાખે તેવો માર્ગજ નથી ? તારાબ્હેને **"સિવિલ મેરેજ એકટ"**થી લગ્ન કર્યાં હોત તો દલપતલાલની તાકાદ તેને છેહ દેવાની રહેત નહિ. અજડ સમાજ વચ્ચેથી ઉઠેલી અજાણ વિધવાને એની ખબર નહિ હોય; હોત તો એ દલપતલાલની ખાતર એ વખતે એ ફનાગીરીની તમા નજ કરત પણ પાછળ પેદા થયેલા આઘાતોમાંથી એ આજે બચી રહી હોત. કન્યા કે વિધવા **'સિવિલ મેરેજ એકટ'**થી જોડાવાનો નિશ્ચય શા માટે ન કરે ? ભવિષ્યમાં "શોકયનાં સાલ" ઉભા થવાની પાળ પાણીનાં પૂર આવે તે પહેલાંજ કેમ ન બાંધે ? પુરૂષના માટે એ કાયદો બીજી પત્નિ કરવાં પહેલાં ઓળંગવાનો વિકટ કિલ્લો છે. આર્થિક સમાનતા પ્રાપ્ત કરી નાખવી એ સ્ત્રીઓ માટે બીજી એક અણીની પળે મળતી ગેબી મદદ છે.

લેખો લખાશે, વંચાશે, કાલે આ પ્રકરણ પૂરૂં થશે. દાખલો દેવા પૂરતું યાદ રહી, વિસારે પડશે. ત્યાર પહેલાં મરણ ઝોલે જીવતા **પાલણપુર યુવક સંઘને** એની ફરજનું કંઇએ ભાન થશે ? દલપત–તારાના પુનર્લગ્નને દીધેલાં અભિનંદનના પહાડો તોડી નાંખવાની પોતાની ફરજ સમજશે ? કંઇક કરશે તો યોગ્ય ગણાશે, નહિતર, આ લગ્નની આભડછેટ જ્યમ, જનતાથી એ અસ્પૃશ્ય બનશે. શરમના, ફીટકારના ઉદ્ગારો વચ્ચે નહિ તો એની દફન ક્રિયા થશે.

# હંસાનો વિવાહ

## ( એક પ્રસંગ કથા. )

લેખકઃ–**શ્રી સુધાકર**

( ગતાંકથી ચાલુ. )

ત્યાં પ્રમીલા અને હંસા આવી પહોંચે છે. બંને જણુ કમળાની જોડે બેસી જાય છે.

"હવે એને જેમ કરવું હશે તેમ કરશે" એમ કહી ડોસાએ વાતને ટુંકી કરી. અને પોતાની નજર પ્રમીલા અને હંસા તરફ ફેરવી બોલ્યાઃ–' પ્રમીલા ! ત્હારી અને હંસાની વચ્ચે થયેલી વાત જ્યારે તું તારી સાસુને કહેતી હતી. ત્યારે તેં જેમ મારી વાત છાનામાના સાંભળી હતી. તેમ મેં પણ સાંભળી હતી. હંસા, દીકરી, મારે તો તને બીજું કહેવાનું નથી. દાદાજીને નાનપણમાં રમકડે રમતાં આવડ્યું હતું. તેમ આ ઘરડી ઉમ્મરે પણ રમતાં આવડે છે. અને એ 'રમકડાં'નો બચાવ કરતાં, તેમનું હિત સાચવતાં પણ આવડે છે કે નહિ તે બંને જોજે ! ડોસાનું વહાલ ઉભરાઈ આવે છે. અને ઉચ્ચરે છેઃ–"બેટા ! ખરી વાતમાં ખાર નહિ. તેં કહેલા શબ્દો જ્યારે પ્રમીલા તેની સાસુને કહેતી હતી ત્યારે તો મને તારી 'નાદાની' ઉપર ફકત હસવુંજ આવેલું. પરંતુ 'દાદાને રમકડે રમવાનું' મન થયું હોય તો ભલે રમે, હું તેમનું રમકડું બનવાની ના પાડું છું' તારા એ શબ્દો મારા હૃદયમાં ગુંજ્યા કરતાં હતાં. ત્રીકમલાલ આવ્યો તેની જોડે મેં વાતો કરી અને જ્યારે તેને કન્યાની ખાતર મને બીક બતાવતો, દમ આપતો અને ખુશામત કરતો જોયો ત્યારે તારા એ શબ્દોએજ મારી શાન ઠેકાણે આણી. અને મને સમજાયું કે ખરેખર અમે વૃધ્ધો છોકરાઓને પરણાવવામાં તો તેમની પાસેથી એજ આશા રાખીએ છીએ કે–"તે અમારાં રમકડાં બની રહે" વૃધ્ધ જરા થોભ્યા અને બોલ્યાઃ–"હંસા ! આ હાથે તને ઉછેરી છે. તારા દીલમાં મારા માટે પૂજ્ય ભાવ છે તે હું જાણું છું અને બ્હેન ! હું પણ ઘરમાં રહું છું. હોં ! છંછેડાએલી વાઘણની માફક શાન્ત પણે આમ તેમ આંટા મારે છે. ત્હારો બાપ અને મા આખો દિવસ ચિંતાતુર અને ઉદાસ જણાય છે. પ્રમીલા બિચારી બ્હીનેલી હરણીની માફક ઘરમાં દોડાદોડ કરે છે. એ બધું મારી સગી આંખે મેં જોયું છે અને હવે મને સમજાયું છે કે મારા સાહસથી તારા હૃદયને આઘાત પહોંચ્યો છે. ત્હારૂં હૃદય કકળી ઉઠ્યું છે. અને તારા દુઃખે એ બધાં મુંઝાઇ ગયાં છે" એમ કહી ડોસા જરા ટટ્ટાર થયા અને બોલ્યાઃ–પણ હરકત નહિ. આ દાદાની બુધ્ધિમાં વિશ્વાસ રાખજે ! દાદાને મારતાં અને વારતાં બન્ને આવડે છે !"

ડોસાએ હૃદયનો ઉભરો ખાલી કર્યો. બધાએ શાન્તપણે સાંભળ્યા કર્યું. પિતાજી બોલતાં બંધ થયા એટલે વિનોદચંદ્ર બોલ્યોઃ–"બાપુ ! આટલી ઉમ્મરે તમારે કાવા........"

"હા. હા, વિનોદચંદ્રને બોલતો અટકાવી વૃધ્ધ બોલી ઉઠ્યાઃ–

( અનુસંધાન જુઓ પૃષ્ઠ ૪ થું. )

# સ ∻ મા ∻ ચા ∻ ર

## એક વહોરા કુટુંબ હિન્દુધર્મમાં.

સિધ્ધપુરના રહીશ એક વહોરા કુટુંબને અમદાવાદમાં આર્ય સમાજમાં શુધ્ધિ કરી હિંદુધર્મમાં લાવવામાં આવ્યું હતું. વહોરા ગુલામઅલીનું નામ ગુલાબચંદ, તેની પત્નિ બાઇ સકીનાનું નામ લક્ષ્મીદેવી, પુત્ર સૈફુદીનનું નામ વ્રજલાલ અને પુત્રી જેનમનું નામ શાંતિદેવી રાખવામાં આવ્યું છે.

## હરિજનલગ્નમાં સવર્ણોની હાજરી.

અમદાવાદ મજુર મહાજનમાં વ્યાયામ શિક્ષક તરીકે કામ કરતાં હરિજન મુળશંકર ભીખાભાઇ તેમનાં લગ્ન હરિજન આશ્રમમાં શિક્ષણ લેતી હરિજન બાળા શ્રી પુષ્પાબેન સાથે પસંદગીનું લગ્ન લેડી વિદ્યાગૌરીના બંગલે થયું હતું. આ લગ્ન પ્રસંગે હરિજન ભાઇઓ તથા સવર્ણોએ સારી હાજરી આપી હતી. અને વર–વધુને આશિર્વાદ આપ્યા હતા. આ લગ્નમાં બંને પક્ષના સગાંઓની સંમતિ હતી. મી. મુળશંકરે હરિજન કોમમાં વ્યાયામનો સારો પ્રચાર કર્યો છે. હરિજન કોમમાં પસંદગીનું લગ્ન નવી ભાત પાડતું આ પ્રથમજ છે.

## યુરોપીયને આર્યસમાજીષ્ટ ધર્મ સ્વીકાર્યો.

સુરતની કેલેન્ડર કેબલ્સ કું. લી. માં સુપરવાઇઝર તરીકે કામ કરતા ૩૦ વર્ષના એક યુરોપીયન મી. જે. ડબલ્યુ. રોબર્ટસે પોતાના ક્રિશ્ચિયનધર્મનો ત્યાગ કરી સુરત આર્ય સમાજમાં શુધ્ધિ કરાવી આર્ય ધર્મ ગ્રહણ કરી આર્ય સમાજીસ્ટ થયા છે અને તેમનું નવું નામ જિતેન્દ્રરાય રાખ્યું છે. શુધ્ધિ પછી ભાષણ કરતાં જણાવ્યું કે–હું કેટલાક વખતથી ધર્મગ્રન્થો વાંચતો હતો, કારણ કે ખ્રિસ્તિ ધર્મમાં મને સત્ય ન જડયું. ઇશ્વરી આવિર્ભાવ ક્રાઇસ્ટમાં હોવો એ અસંગત છે ને કોઇ પણ માનવી ઇશ્વરનો પુત્ર કે એ પ્રમાણે ઇશ્વરી આવિર્ભાવ હોવાનું કહી શકે નહિ. મેં ઘણાં ગ્રંથો વાંચ્યા પણ મારા મનનું સમાધાન થયું નહિ. તેથી મેં અંતે આર્ય ધર્મ સ્વીકાર્યો છે. તેનો જન્મ લાહોરમાં થયો હતો. તેણે મસુરી રહી પાછળથી અલ્હાબાદમાં સિનિયર કેમ્બ્રિજ સુધી અભ્યાસ કર્યો હતો.

## જુદા ફીરકાના જૈનો વચ્ચે લગ્ન.

આકોલા તા. ૧૬ અમદાવાદના શ્વેતાંબર જૈન શેઠ છોટાલાલ દેવચંદના લગ્ન સનાતન જૈન સમાજના મિસ છબીલાબાઇ સાથે આકોલાની ભારતીય સનાતન જૈન સમાજના આશ્રય નીચે થયા છે.

## આર્યસમાજી નેતા જૈન.

આર્યસમાજના સમર્થ વિદ્વાન અને પ્રચારક સ્વામી શ્રી કર્માનંદજીએ આર્યસમાજ ધર્મની તિલાંજલી આપી જૈન ધર્મ અંગીકાર કર્યો છે. સ્વામિજી પચીશ વર્ષથી આર્યસમાજના ઉપદેશક હતા, જૈનધર્મના તેમના અભ્યાસનું આ પરિણામ જણાય છે. હવે તેઓશ્રી જૈનધર્મના તત્ત્વોના પ્રચારનું કાર્ય કરશે.

## કુ૦ ભીખુ બાટલીવાળા આ૦ વિદ્યાધિકારી તરીકે.

આ પારસી બ્હેન વિલાયતથી બેરીસ્ટરની પદવી લઇને હમણાં જ દેશમાં આવ્યા છે. તેમની વડોદરાના મહારાજાએ વિદ્યાધિકારીનાં આસિસ્ટન્ટ તરીકેની નિમણુંક કરી છે. કેળવણી ખાતામાં શાળાના મુખ્ય તરીકે અથવા ઇન્સ્પેકટ્રેસ તરીકે સ્ત્રીઓ કામ કરે છે, પરંતુ આ જાતની નોકરી સમસ્ત કેળવણીખાતાના વડાના હાથ નીચેની મેળવવા આ પહેલાંજ સ્ત્રી ભાગ્યશાળી નિવડયાં છે, તે બદલ તેમને અભિનંદન ઘટે છે.

## છુટા છેડા ને પુનર્લગ્નની છુટ.

જખૌ (કચ્છ) ના રતનશી દામજી (મેઘરાજ) એ પોતાની પત્નિ હીરબાઇ સાથે છુટા છેડા કર્યા છે. અને શ્રી હીરબાઇને તેમના પતિએ પુનર્લગ્ન કરવાની છુટ આપી છે.

## મહાવીર જયંતિનો દિવસ જાહેર તહેવાર તરીકે.

બારસી (દક્ષિણ)ની મ્યુનિસિપાલિટીએ મહાવીર જયંતિ (ચૈત્ર શુદિ ૧૩) ના દિવસને જાહેર તહેવાર તરીકે પાળવા ઠરાવ કર્યો છે.

## પિતા પાછળ દાન.

જયપુર નિવાસી શેઠ કલ્યાણમલજીએ પોતાના પિતાની પછવાડે બાર હજાર રૂપીયાનું દાન કર્યું છે.

## નવા જૈનો બનાવ્યા.

દિગમ્બર સંપ્રદાયી બ્રહ્મચારી શ્રી નેમિચંદ્રજીએ છેલ્લા આઠ વર્ષના સતત પ્રયાસથી કાસારના પાચસે કુટુંબોને જૈન બનાવ્યા છે.

## ઉદાર વિદ્યાદાન.

પાટણના સ્વર્ગસ્થ શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળાના પત્નિ શ્રીમતી હીરાલક્ષ્મીએ પાટણમાં ટેકનીકલ ઇન્સ્ટીટયુટ યા તો કામર્સ કોલેજ કાઢવા રૂ. સવાલાખ જેવું ઉદાર વિદ્યાદાન ના૦ શ્રી ગાયકવાડ સરકારને સુપ્રત કરવા પોતાની ખ્વાહેશ બતાવી છે.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

આપણી શરમ.

Regd No. B. 3220

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૧૭ મો.
બુધવાર તા. ૧૫-૧-૩૬

## ઉપાસરાનાં – ભિતરમાં.

કલ્પના ગુંથ્યું કથન નથી આ, એને શબ્દે શબ્દે સત્ય છે. માત્ર મૂક રેખા નથી, એક જીવન્ત ચિત્ર છે. ઔપેક્ષિક નહિ, એક આવશ્યક વિચારણા છે.

ઉપાશ્રય મહીં સંભળાય છે:

<u>સામાયિક સ્વીકાર્યા પછી:—</u>

"પેલી જયા–ભણેલી ના જોઇ હોય તો !

મંડળોમાં ભણવા જાય ને ઉઘાડે છોગે ગરબા ગવડાવે ! કંઈ શરમ !"

"વળી સુધરેલી કંઈ ! પગમાં ચંપલને પાસે રૂમાલ ! ને માથે તો 'ગુચ્છા' પાડે ! આજ કાલની..............."

"અને આપણી સાથે તો ભળે પણ નહિ. કહેશે તો તમે ચાડી–ચુગલી ને કોઇની ઇર્ષ્યા કરો છો આમાં આપણે શી ચાડી ચુગલી કરી ? ઉલટા 'અપાશરે' આવી સામાયિક કરીએ છી' એને તો અપાશરોય કોઈ દિ' જોવા નહિને...."

એક સંસ્કૃત ને ઉત્કૃષ્ટ બ્હેન પ્રત્યે આ ટીકા અણઘટતી હોવાનું બાજુ મૂકીએ ત્હોયે ઉપાશ્રયમાં આ પ્રકારની પ્રવૃત્તિ ઉચિત છે ?

<u>પ્રતિક્રમણ પ્હેલાં ને પછી:—</u>

"જોયો ને ચંપાવહુ ને એની સાસુનો ઝઘડો ! એ રાંડ સાસુ તો છે જ કરક્ષા !"

"અરે ! પેલી છપ્પરપગીયે કંઇ ઓછી નથી. સાસુ કહે એ તો કરે જ નહિ ને સ્હામાં લબરકા લે છે."

પ્રત્યેક દિન આવી અનેક ખોદણીઓ ને ટીકાઓ ઉકેલાય–સંકેલાય છે–ઉપાશ્રયમાં.

કુવાને કાઠે ને નદીને કિનારે ઠલવાતા હૃદયોને આજે 'અપાશરા'નું એક આશ્રયસ્થાન વધ્યું ખરૂં !

<u>વ્યાખ્યાનની પૂર્ણાહુતિ પછી:—</u>

........વિજયજીની એકાંત ઓરડીમાં ખાનગી મસલત—

વાંચ્યું ને ? આપણી વિરૂધ્ધ આ લખાણ ? બાયલા છો ? શું જુઓ છો ?........પત્રને ચાંપો અને હું લખી આપું એ પ્રગટ કરાવો. એ અઠેય સુધારકોનો વ્યવહાર બંધ કરો ને સંઘમાંથી બાતલ કરો. કાલે 'વખાણ' વખતે હું એમને વખોડી કહાડીશ ને તમેય એમની વિરૂધ્ધ વાતો ફેલાવો........"

સંસારાતીત પણ આઘે ઉભા ઉભા સંસારમાં ઝઘડા ને પક્ષાપક્ષીના દાવાનલ જલાવે ખરા !

"ઉપાશ્રય"નો ઉચ્ચ આદર્શ આજે "અપાશરા"માંથી ઓસરતો ને અદૃશ્ય થતો લાગે છે !

"ઉપાશ્રય" એટલે ત્યાગ ને વૈરાગ્ય, સમતા ને શૂચિતા, પ્રેમ ને પવિત્રતાના પાઠો શીખવતી એક આદર્શ ભૂમિકા.

એના પવિત્ર વાતાવરણમાં પ્રેરણા મળે–વિશ્વ–પ્રેમની ! ઝરણાં ઝરે જગ–કલ્યાણનાં ! ગંગા પરે વિમળતાની !

કે એ આદર્શવાદ જ હશે ?

આજે તો "અપાશરા"માં ઇર્ષ્યા ને દ્વેષ, ચાડી ચુગલી, દંભ–ઢોંગ ને પ્રપંચ નજરે પડે છે.

એના કલુષિત વાતાવરણમાં 'આત્મન્' સંસારના ગલીચ વ્યવહારમાં સંડોવાય છે.

ઉપાશ્રયના ક્રિયાકાંડો-સામાયિક, પ્રતિક્રમણ, પોષહ ઇત્યાદિ મહીં આ અતિશય પ્રવૃત્તિઓ "આત્મા"ને કયે માર્ગે દોરશે?

"ઉપાશ્રય"–એક આદર્શ સંસ્થાની અધોગતિ ક્યહાં જતી અટકશે ?

**—શ્રી ભાઇલાલ બાવીશી.**

# ત ❖ રુ ❖ ણ ❖ જૈ ❖ ન

—: તા. ૧૫–૧–૩૬ :—


## આપણી શરમ

પ્રો. રાવ કે પ્રો. શાહનાં શરિર આપણે જોઇએ છીએ. કોઇક વિદ્યાર્થીગૃહના કે કોઇક અખાડાનાં ઉત્સવો આપણે જોઇએ છીએ —અને સ્નાયુબદ્ધ શરિર જોઇ આપણે મુગ્ધ બનીએ છીએ. આપણે એની પ્રશંસા કરીએ છીએ. આપણને એના જ્હેવા થવાનું મન થાન છે.

આજનું આપણું શરિર જુઓ. આપણાં બાળકો જુઓ. આપણી બ્હેનો જુઓ. લોહિહિન ખાડા પડી ગએલાં મ્હોં, માત્ર ચામડે મઢયાં હાડપિંજર સુક્કાં ને પીળાં જોઇને યૌવનની કલ્પના ત્હમારામાં હશે તો ત્હમને કમકમાં આવશે. સંસ્કૃત સાહિત્યમાંની યુવાનની વ્યાખ્યા, એનાં દેહનાં વર્ણન, એનામાંની ગુલગુલાબી ત્હમને સંસ્કૃત સાહિત્યની સાથે જ ગઇ કાલની વાત લાગશે અગર તો કોઇ ચિત્રકારના ચિત્રોમાં જ સમાઇ ગઈ લાગશે.

અને આ પ્રકારનાં માનવોમાં તનમનાટ નહિં હોય, ચેતન નહિ હોય, પ્રાણ નહિ હોય, કાર્ય કરવાની તત્પરતા નહિ હોય, સાહસિક વૃત્તિ નહિ હોય, વયે જુવાન છતાં વર્ષો થયાં જુવાની ગુમાવી બેઠાં હોય એવું જીવન એ જીવી રહ્યાં હશે.

ચાળીસ વર્ષનો આદમી તો આપણે ત્યાં વૃદ્ધ મનાવા લાગે છે પરણવાને છેક જ નાલાયક એવું એનુ શરિર જર્જરીત અને થાકેલું હૃદય શકિતહિન હોય છે. આપણી જીંદગાની તો ખૂબ ટૂંકી થઇ રહી છે. પચ્ચાસ વર્ષનો પુરૂષ મૃત્યુને સમીપ માનીને યમદુતોના આગમનની પ્રતિક્ષા કરતો નિવૃત થઇ બેસી જાય છે. આ સ્થીતિ પલટાવવીજ જોઇએ.

આજની વ્યાખ્યા કરતાં અમારી વ્યાખ્યા જૂદી છે. વીસેક વર્ષનાને અમે બાળક માનીએ છીએ, પચ્ચાસ લગીનાને અમે જુવાન કહીએ છીએ અને સી-તેરને વૃદ્ધ ગણીએ છીએ. યુરપમાં આજે એમ મનાય છે–હિંદમાં કાલે એમ મનાશે–મનાવું જોઇએ.

સાઠ લગભગના વર્ષો વાળા બર્નાડ શો, લોઇડ જ્યોર્જ,ને બાલ્ડ-વીન યુવાનની ત્વરા ને તત્પરતાથી કામ કરે છે. એજ લગભગ ઉમ્મરનાં મહાત્માજી ને સરોજીની નૈડુ, સર પ્રભાશંકર પટ્ટણી ને આચાર્ય રે, અથાક ને અવિરત કામ કરે છે.

આપણી માનસિક અને આર્થિક નિર્બળતાને સારૂ શારીરિક દુર્બળતા જવાબદાર છે. શરિરમાં માંસ ન હોય, લોહિ ન હોય, તો સાહસિકતા જન્મતી નથી. જન્મે છે તો અવિરત શ્રમ લેવાની અશકિતને કારણે સફળ નથી થઇ શકતી. સહેવાની તાકાત વિના સાહસ સફળ થતાં નથી.

સાહસિકતા ન હોય, તંદુરસ્તીને તનમનાટ ન હોય તો ઠંડા પડેલા લોહિથી જીવનમાં આગળ નહિ વધી શકાય. અને કુચ ન કરીએ તો આપણે હતાં ત્યહાંના ત્યહાંજ પડી રહીએ છીએ. વર્ષો લગી એકની એક ધરેડમાં ઉલ્લાસ વિનાના આપણે “ ગાડું હાંકયે ” રાખીએ છીએ. નિર્બળના તત્વજ્ઞાનની જ્યમ અશકિતમાન એવા આપણે વૈરાગી બની સંતોષી હોવાનો દેખાવ કરીએ છીએ. આગળ વધવાની તાકાત નથી, સ્થીતિ પલ્ટો કરવાનો પરિશ્રમ આપણે લેવો નથી એટલે “ પ્રભુ જહે સ્થિતિમાં રાખે એમાં આનંદ માનવાની વૃત્તિ ” આપણે આગળ ધરીએ છીએ. અને જીવન ગમે ત્હેમ અને ગમે તે રીતે જલ્દી જલ્દી ખત્મ થઈ જાય એમ ઇચ્છતા, પરલોકના સુખ પર આશા દ્રષ્ટિ ઠેરવી, આ જીવન આપણે વેડફી નાખીએ છીએ.

એમાં આલોકને આપણે વિસરવા માગીએ છીએ. આપણે પેટે પાટા બાંધી ચલાવીએ છીએ. “ મહામૂલો આ મનખા દેહ ” આપણે દરિદ્રતામાં ડૂબાવી દઇએ છીએ. પિતા તરીકેની ફરજો આપણે ભૂલીએ છીએ. પતિ તરીકે આવેલી પ્રિયતમાને દુઃખી કરીએ છીએ. માનવ તરીકેની માનવ સમુહ તરફની ફરજ પણ આપણે અદા નથી કરી શકતા.

આપણા શરિરમાં તાકાત હોય તો આ બધું સ્હેજે થઇ શકે. તંદુરસ્ત શરિરમાં તંદુરસ્ત લોહિ દોડે, અને તંદુરસ્ત વિચાર ફરે. શરિરમાં જોમ હોય તો મહત્વાકાંક્ષાઓ જન્મે ને પાર ઉતારી શકાય. સાહસ થઇ શકે તો જીવનમાં ઉલ્લાસ આવે ને નવનવાં સાહસોથી એકજ ધરેડથી કંટાળવાનું રહે નહિ.

પણ એ બધું કરવા માટે શારીરિક શકિતઓની ખિલવણી આવશ્યક છે. તંદુરસ્ત જીવન માટે વ્યાયામની જરૂરીઆત હવે સ્હમજાવવાની રહી નથી. પ્રો. માણેકરાવ–પુરાણી બંધુઓ અને હમણાં હમણાં ઇંદુલાલ યાજ્ઞિક વ્યાયામની તમન્ના ગુજરાતમાં પ્રસરાવી રહ્યા છે.

‘ઇટલીનો પ્રજાજન ગઇ કાલે દુર્બળ મનાતો. નીતિએ શીથીલ મનાતો, બુધ્ધિએ દરિદ્ર ગણાતો. દુર્બળ માનવીઓ સ્વભાવથી ડંખીલા હોય છે એમ એ ડંખીલો હતો. રાજકારણી કે ધાર્મીક લડાઇઓ સ્હામી છાતીએ ન્હોતો લડી શકતો. જગત્ના રાજકારણમાં એનું કોઈ સ્થાન ન્હોતું. એ વેર બેસતો; શારીરિક દુર્બળતા છૂપાવવા એ શરાબ પીતો. બુધ્ધિની દારિદ્રતા છૂપાવવા એ ધાર્મિક તકરારો કરતો.

એવા ઇટલીમાં સોળ વર્ષ પ્હેલાં મુસોલીની સત્તા પર આવ્યો. એણે વ્યાયામના અન્ય પ્રચાર ઉપરાંત પ્રત્યેક કોલેજમાં, પ્રત્યેક શાળામાં, વ્યાયામને ફરજીઆત વિષય તરીકે દાખલ કર્યો. એણે વ્યાયામની એક વિદ્યાપીઠ સ્થાપી. રાજ્યની નોકરીના નવા ઉમેદવારોને કોઇ પણ નોકરીએ દાખલ થયા પ્હેલાં વ્યાયામ વિદ્યાપીઠની પૂરેપૂરી તાલિમનાં પ્રમાણપત્ર રજુ કરવાની ફરજ પાડી......અને ઇટલી બદલાઇ ગયું. આળસને એણે ખંખેરી નાખી, ઔદ્યોગીક પરાધિનતા એણે ભૂંસી નાખી; ગઈ કાલ જહેની કોઇ ગણના ન્હોતું કરતું તે ઇટલી આજે અમેરિકા, ઇંગ્લંડ, જાપાન, ફ્રાંસ જહેવા મહારાજ્યોનુ સમોવડીયું ગણાય છે.’

( અનુસંધાન જુઓ......પૃષ્ઠ ૬ ઠું )

# બેવકુફ કાં બનો છો?

ભારતીય હિંદુ મહાસભાના સ્વાગતાધ્યક્ષ શ્રી કેલકર, પોતાના વ્યાખ્યાનમાં, એક સ્થળે કહે છે:

"જુના કાળના કોઈ સમર્થ શાસ્ત્રકારને જો આજે ફરી એક " વાર બોલાવવામાં આવે અને એમને પૂછવામાં આવે કે નવા " જમાના પ્રમાણે, દેશ-કાળને અનુરૂપ કોઇ સુધારો કરવો હોય " તો આપ અમને સમ્મતિ આપો કે નહીં ? મને ખાત્રી છે કે " એ શાસ્ત્રકાર જવાબમાં જરૂર એમ કહે કે તમારી પરિસ્થિતિ " બદલાઇ ગઇ હોય તો તમને તમારી પ્રણાલિકાઓમાં ફેરફાર " કરવાનો દરેક હક્ક છે. અમારા નામે તમને કોઈ બેવકુફ બનાવે " તો પણ તમારે શા સારૂ બેવકુફ બનવું જોઇએ? અમે અમારા " જમાનામાં અમને જેમ ઠીક લાગ્યું તેમ કર્યું, અમે કંઇ તમારા " હાથ પગ બાંધી લીધા નથી. તમને અનુકુળ હોય તેવા ફેરફાર " તમે પણ કરી શકો છો. હાથે કરીને બેવકુફ કાં બનો છો ? " તમે કંઇ કાયમની ગુલામગીરી અમને લખી આપી નથી. તમે " અમારા સંતાનો છો, તમને એવી ગુલામીમાં-અશ્રધ્ધાના કાદ- " વમાં રગ્ચાપચ્યા જોઇ અમને પણ દુઃખ થાય છે. અમે તમને " જે સંપત્તિ સોંપી છે તે તમારા કલ્યાણને માટે છે. તમને " અપંગ, અસહાય બનાવવા માટે નથી. ફરીથી અમે કહીએ " છીએ કે ખુશીથી તમે તમારી વિવેક બુધ્ધિનો ઉપયોગ કરો; " જાણી જોઇને બેવકુફ ન બનો."

જે શાસ્ત્રોએ આપણને વિશ્વમૈત્રી, અહિંસા, સંયમ જેવાં અમૂલ્ય સત્યો સોંપ્યા છે અને જે શાસ્ત્રકારોએ પોતપોતાના યુગધર્મને અનુસરી ધર્મપ્રલાપ, ધર્મ વિસ્તાર તથા સંવરક્ષાના વિવિધ માર્ગ પ્રરૂપ્યા છે તેમને માટે આપણે અહીં કંઇજ કહેવાનું નથી. માનવ-જાતિના એ હિતચિંતકો સર્વદા શિરોધાર્ય અને શ્રધ્ધાસ્પદ જ રહેવાના.

મૂળ મૂદ્દો પરિવર્તન અથવા પુનર્વિધાનનો છે. જે શાશ્વત સત્યો છે તેને અબાધિત રાખી. ધાર્મિક તેમજ સામાજિક દષ્ટિએ શ્રધ્ધાળુ જનસમુદાયનું વધુમાં વધુ હિત કેમ થાય: તે વધુને વધુ સબળ સક્ષમ કેમ બને એ જ જોવાનું રહે છે.

એક વર્ગ ઉપદેશે છે: આપણા વિધિ કે રૂઢિઓમાં પરિવર્તન કે પુનર્વિધાનને મુદ્દલ સ્થાન નથી. આજથી એક હજાર વર્ષ ઉપર જે કોઇ પરંપરા અસ્તિત્વમાં આવી હોય તેને વળગી રહેવું એ જ સાચી શ્રધ્ધા તથા સાચી વફાદારી છે. પુનર્વિધાનની વાત એ નાસ્તિકોને માટે છે.

સુધારક સમાજ એ કુપમંડુકતા નથી સ્વીકારતો. સંયોગો બદ-લાય-પરિસ્થિતિ બદલાય એટલે સમાજે જો જીવવું જ હોય તો યોગ્ય ફેરફાર કરવો જોઇએ.

આ પ્રકારના વાદાનુવાદમાં જો કોઇ પ્રાચીન શાસ્ત્રકારને મધ્યસ્થ તરિકે બોલાવી શકાતા હોય, એમના મુખેથી નિર્ણય સંભળાવી શકતા હોય તો તેઓ કેવો ચુકાદો આપે એ શ્રીયુત્ કેલકરના ઉપ-રોકત અવતરણ ઉપરથી સ્પષ્ટ થઇ શકે છે.

દાખલા તરિકે આપણે કલિકાળ સર્વજ્ઞ-સમર્થ આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યને જ વિવેકપૂર્વક બોલાવીને પૂછીએ: "ભગવન્ ! આપનો સમય અમારા સમય કરતાં ઘણો જૂદો હતો. આપ રાજ-સભામાં પહોંચી જઇ, રાજ્યના ભંડારમાંથી અનેક જિનમંદિરો નિર્માવી શકતા. જિનમંદિરો, સાધર્મિવાત્સલ્યો અને રથયાત્રા આદિતી પાછળ ખુલ્લા દીલથી દ્રવ્યનો સદ્વ્યય કરવાનું ઉપદેશી શકતા. આજે આપ વિદ્યમાન હો તો આપ શું કહો ? આજે આપ વિદ્યમાન હો અને આપની નજરે જૈનોની કંગાલીયત, અજ્ઞાન, વ્હેમવશતા પડે તો આપ અમને કેવા પ્રકારનો ઉપદેશ આપો ?

જૈન સંઘના પ્રભાવવિસ્તાર અર્થે અહોનિશ ઝૂઝનાર આ પુરૂષ ટુંકામાં એમ જ કહે કે: પાંચ-પચીસ નવાં મંદિરો ન થતાં હોય તો તેની ચિંતા ન કરશો. સાધર્મિવાત્સલ્યોની પાછળ પાંચ-દસ હજાર રૂપીયા ઓછા ખરચાય તો પણ દિલગીર ન થશો. જૈન સંઘના આશરા નીચે વસતો એકે એક યુવક અને યુવતી શિક્ષણ-સંસ્કાર ન પામે, પોતાના પગ ઉપર ઉભો રહેતો ન થાય ત્યાં સુધી જૈન સમાજે તમામ પ્રકારના ખોટા ખર્ચો બંધ કરી, સમાજને સબળ, ઉલ્લાસવંતો બનાવવો જોઇએ. શરીરમાં એક ઠેકાણે આઘાત થતાં જ, સમસ્ત લોહીનું દબાણ એ આઘાત તરફ થાય છે. તેમ સામાજિક અપૂર્ણતાઓ પૂરવા જૈન સંઘે પહેલી તકે પુન-ર્વિધાન કરી લેવું જોઇએ. દેશ-કાળ બદલાયા પછી પણ જેઓ શાસ્ત્રને નામે, શાસ્ત્રકારને નામે, લોકોને સંગઠન કરતા રોકે છે તેઓ હિતશત્રુની ગરજ સારે છે. ભલે, એ લોકો તમને પોતાના સ્વાર્થ કે સંકુચિત બુદ્ધિની ખાતર બેવકુફ બનાવે, પણ તમે છતી બુધ્ધિએ-છતી શકિતએ શા સારૂ બેવકુફ બનો છો ?"

ઉપાધ્યાયશ્રી યશોવિજયજી કે યોગી આનંદઘન જેવા પુરૂષોના સીધા સંદેશ મેળવી શકાતા હોય તો તેઓ પણ ઉકળતા-ધખધખતા દીલે આપણને ઉપાલંભ આપ્યા વિના ન રહે.

"પદવી અને પ્રતિષ્ઠાને નામે આટઆટલી શિથિલતાઓ ઉઘાડી આંખે જુઓ છો, છતાં કાં બેવકુફ બનીને બેસી રહો છો ? અમારા વખતમાં જો કોઇ આવી આપખુદી કે સ્વચ્છંદતા હોય તો અમે સમસ્ત શ્રીસંઘને થરથરાવી દઇએ, જોતાં નથી, તમારી અંધશ્રધ્ધાએ કેટકેટલા પદવીધરો પ્રકટાવ્યા છે ? ગુરૂમંદિરોને નામે કેટલા પાખંડ પ્રવર્ત્તી રહ્યા છે ? આટલું છતાં રોજ-રોજ વધુને વધુ બેવકુફ કાં બનો છો ? તમારામાં સંગઠનની તાકાત હોય તો એ બધા અતિશય-તાઓને દફનાવી દઇ, એની ઉપર નિર્દોષ અને સંયુકત જૈનશાસનનો ધ્વજ કાં નથી ફરકાવતા ?"

સામાજિક પરિવર્ત્તન વિષે પૂછવામાં આવે તો તેઓ તરત જ કહી દે કે: "એ વિષય તમારા પોતાના અધિકારનો છે. સાધુઓને એમાં માથું મારવા જેવું કંઇ જ નથી. ભોજન કે લગ્ન જેવી બાબતોમાં તમે ખુશીથી સ્વયંનિર્ણય કરી શકો છો ?

# "નાસ્તિકો"ની પરંપરા

લેખક:–શ્રી નાનાલાલ દોશી.

## જુનું અને નવું.

જેને વર્તમાન માન્યતામાં આસ્થા નથી તે નાસ્તિક કહેવાય છે. નાસ્તિકતાનું મૂળ અશ્રધ્ધા છે. પરંતુ નાસ્તિકતામાં પણ અમૂક પ્રકારની સ્વતંત્ર વિચારણા ગર્ભિત થએલી છે. ફક્ત ધાર્મિક વિષયમાં જ તેનો ઉપયોગ ન કરતાં, સામાજીક વિ. વિવિધ ક્ષેત્રોમાં તે નાસ્તિકતાનો અર્થ અપનાવીએ ત્યારે તેને વર્તમાન પરિસ્થીતિની સામેનો બળવો કે ક્રાંતિની ભાવના તરીકે જણાવીએ છીએ. આ નાસ્તિકતા સૃજન જુની છે. જગતના આદિ કાળની સાથે તે આવેલી છે. જુનું ઉખેડી સમયને અનુરૂપ નવું સ્થાપવાની ભાવના સમાજના પ્રસવકાળ સાથે જ ઉદ્દભવી છે. આવી ક્રાંતિકારી ભાવનાના મસાલધારીઓને આપણે પેગંબરો, મહાત્માઓ અને યુગપ્રધાનો તરીકે પીછાન્યા છે. મહાવીર કે બુધ્ધ મહમ્મદ કે ઇસુ એ સૌ ક્રાંતિકારો હતા. ચાલુ સમાજ રચના, ચાલુ ધર્મભાવના કે ચાલુ પરિસ્થીતિના સડા સામે, ગેરવ્યવસ્થા સામે અને અવ્યવસ્થા સામે તેઓએ બળવો કર્યો હતો; તેથી જ તેઓ તારણહાર કહેવાયા; નવયુગ પ્રવર્તકનું બીરૂદ પામ્યા. ખોટી રૂઢિચુસ્તતા, નવું ગ્રહણ કરવાની શિથિલતા અને મંદવિચારસૃષ્ટિ આ સર્વ મુનવર (Conservatism)ના ચિન્હો છે. જે રાષ્ટ્ર યા પ્રજા આને વળગી રહ્યાં તેઓએ હંમેશ સ્વમેળે વિનાશ વહોર્યો છે. જગતમાં છેવટ તો કહેવાતા નાસ્તિકોનો વિજય ધ્વજ ફરકયો છે; અને આ નાસ્તિક પણાની ભાવના શાશ્વત છે.

## ધર્મનું વિકૃત સ્વરૂપ.

રાજકિય કે સામાજીક પરિવર્તન સાથે ધાર્મિક વિચારોમાં પણ પરિવર્તન થએલ છે. વ્યકિતની શારીરિક અને માનસિક શાંતિ, પવિત્રતા અને સામૂદાયિક સુવ્યવસ્થાના નિયમોનાં સંગઠિતપણાને અળગાં કરી જ્યારે તેનાં નામે દંભ સેવાવા માંડયો ત્યારે તેને ઉથલાવનાર શકિતઓ પણ જન્મી છે. અને નીતિનાં નિયમોએ નવા નવા સ્વાંગ ધર્યા છે. પરંતુ જે વસ્તુ માનવજાતના મોક્ષ માટે સર્જાએલી અને સર્જાતી રહી છે તેનો ઉપયોગ ઇતિહાસ કંઇક વિકૃત સ્વરૂપમાં જ આપણી સમક્ષ ધરે છે. ધર્મના નામે પાખંડીપણું, લોહી તૃષા અને સામ્રાજ્યવાદને પોષણ ઓછું નથી મળ્યું. તરવાર અને ધર્મ સાથે જ સંચર્યાં છે. પરમાર્થભાવના નીચે ચારે બાજુ મૂડીવાદ અને શાહીવાદનો પ્રચાર ઓછો નથી થયો. અને આઝંઝાવાતથી પૃથ્વીના ભાગલા પડવા ઉપરાંત રાષ્ટ્રોનાં ખંડન મંડન પણ અનેક થયાં છે. રાજકિય લાગવગ અને રાજ્યક્ષેત્રનાં વિસ્તાર માટે ભૂતકાળમાં અને વર્તમાનમાં પણ મોલવી કે પાદરીઓ અને ઉપદેશકોની ફોજોનો અને વટાળવૃત્તિનો ઉપયોગ થયેલ છે અને થાય છે. આપણો પછાત વર્ગ (Depressed classes)ની ચળવળનો રાજકિય હકો પ્રાપ્ત કરવાનો આશય પણ ધાર્મિક સંકુચિતતાને જ આભારી છે. આવી ધાર્મિક સંકુચિતતા બીજી રીત પણ દુનીયાની પ્રગતિને આડે આવી છે. મૂડીવાદથી પ્રેરાએલ સંસ્કૃતિએ ગોરા કાળાનો ભેદ, ઉચ્ચ નીચનો ભેદ, શ્રીમંત કે ગરીબના ભેદને વધારે તીવ્ર બનાવેલ છે. રશીયા ( જે અત્યારે નાસ્તિક પ્રજાનો દેશ કહેવાય છે ) એ આવી ભાવનાને દેશવટો આપ્યો છે. નહિં કે નીતિના ધોરણોને, તેણે દેશવટો આપ્યો છે વિતંડાવાદને, મૂડીવાદથી ઉત્તેજિત થતા ધાર્મિક પાખંડોને નહિ કે સાચી માનવતાને. અને આજે રશીયાની પ્રવૃત્તિ આપણને વિશેષ પ્રિય છે; કારણ કે જે દેશોએ ઇસુનો ક્રોસ ફેરવ્યો છે એ દેશો આજે જનસમાજના પછાતવર્ગને સંસ્કાર આપવાને બ્હાને ભક્ષી રહ્યા છે, તેમનાં ઘરબારનો નાશ કરી રહ્યા છે, તેમની સ્વતંત્રતાને છીનવી રહ્યા છે. આજે ઇટાલી તે કરે છે બીજાઓએ તે ગઈ કાલે કર્યું છે.

## આપણી પરિસ્થીતિ

ધર્મ સંબંધીની આ તો સામાન્ય વાત થઇ. જૈનધર્મના અનુયાયીઓમાં અત્યારે શી સ્થીતિ છે તે તપાસવું અત્રે વધારે અગત્યનું છે. કારણ કે આપણે અન્યની તૂલનાથી જ આપણી અંદરનો સડો દૂર કરી શકીએ. જૈન ધર્મના શાણા અગ્રગણ્યોએ સમસ્ત સંઘની જવાબદારી "સંઘ"ને શીરે મૂકી હતી. સંઘ એ બહૂ જ લોકવાદની ( Democracy ) ભાવનાથી ભરપુર શબ્દ છે. તેમાં સમાનતાનો ભાવ છે. તેટલું જ નહિ પરંતુ સંઘના વિવિધ અંગો વચ્ચે સંગઠ્ઠન રહે અને તેનો જ અવાજ સર્વમાન્ય લેખાય તેવો આદેશ છે. અને તેથીજ "સંઘ" ને તીર્થરૂપ ઉપમા આપવામાં આવેલી છે. આવા ઉચ્ચ આદર્શમાંથી આપણે કેટલા દૂર છીએ ? આજે તો સાધુ સાધ્વી કે શ્રાવક શ્રાવિકા આ ચારે મુખ્ય અંગો વચ્ચે બીન જવાબદાર વર્તન સિવાય કશું માલમ પડતું નથી. સાધુઓને આજે જુદા જુદા વાડાઓ સ્થાપી નામ અમર કરવું છે અને તેની પાછળ ખરી યા ખોટી શ્રદ્ધાવાળા શ્રાવકો પણ ભિન્ન–મત અને ભિન્ન–વર્તનની નીતિને અનુસરી રહ્યા છે. જૈનસમાજના ઇતિહાસનું શોચનીય પ્રકરણ આજે લખાઇ રહ્યું છે. રાગદ્વેષના ત્યાગની બડાશો મારનાર આજે ઠેર ઠેર કુસંપ, કલેશ અને વિતંડાવાદના બીજ વાવી રહ્યાં છે. પરંતું એક આશા ચિન્હ છે. આ સર્વ વર્તુલવાદની જંજીરોથી મૂકત એવા વિચાર ધરાવનાર એક પક્ષ છે–તેમાં ફકત યુવાનો જ નથી પરંતુ ઘણા સુધારકવિચારનાં વૃધ્ધો પણ છે. આજે તેઓ ફકત "મારૂં જ સારૂં અને બીજાનું મિથ્યા" એ સંકુચિત મનોવૃત્તિને છોડી વિશ્વબંધુત્વની વિશાળ નજરથી જુએ છે. તેઓ સમાજની દીવાદાંડી છે, પ્રત્યેક ધર્મમાં આ વર્ગ ઉભો થઇ રહ્યો છે અને એ ઘડી હવે દૂર નથી. જયારે આ યુવકવર્ગ ખરૂં નેતૃત્વ મેળવી અંધશ્રદ્ધા અને સ્વાર્થના ગાઢ અંધકારમાંથી સાચા "નાસ્તિક" ને છાજે તેવી રીતે સમાજના નાવને સાચે રસ્તે દોરશે.

---

શાસ્ત્રો તો મુડી છે. એ મુડી વાપરવાનો અને બની શકે તો વધારો કરવાનો પ્રત્યેક શાસ્ત્રપ્રેમીને સંપૂર્ણ હકક છે. શાસ્ત્રો એ રીતે જ સર્વાંગીન બને છે. ઇ. સ. પૂર્વેના આચાર, નિયમ વિધિ, પ્રણાલિકાઓ ઇ.સ. પછીના સૈકામાં બદલાતા આપણે જોઇએ છીએ. પલટાયેલા દેશ–કાળ, પ્રાચીનતા ઉપર નવી મ્હોર છાપે છે. એ પછી પણ જેમ જેમ પરિસ્થિતિ બદલાતી જાય છે તેમ તેમ નવી સંઘટનાઓ ઉમેરાય છે. એ બધું સહેજે–સરળભાવે–સૂતાં સૂતાં બને છે એમ કંઇ જ નથી. ત્યાં પણ પુરૂષાર્થ, સિંહગર્જના સંભળાય છે.

ભૂતકાળમાં જો એ પરિવર્ત્તન શકય હોય તો વીસમીસદીના જૈનોએ જ શા સારૂ ઉપદેશકોના મ્હો સામે જોઇને ઉભું રહેવું ? શા સારૂ આપણે એમના સ્વાર્થજન્ય આક્રોશની પરવા કરવી જોઇએ ?

આપણા યુગને અનુકૂળ થાય એવા ફેરફાર કરવાનો, દુઃખદ અને અર્થશૂન્ય વિધિ નિષેધોને ઉંચે અભરાઈ ઉપર છાંડી મૂકવાનો આપણને દરેક અધિકાર છે. પૂર્વોપાર્જિત મુડીમાં એ રીતે જ આપણે વધારો કરી શકીશું. સમર્થ પિતાના સંસ્કારી સંતાન તરિકેની પ્રતિષ્ઠા પણ એ જ ક્રમે સ્થાપી શકીશું.

# મ દ્રા સ માં

: લેખક :
**શ્રી તારાચંદ કોઠારી.**

આપણા હાસ્ય લેખક શ્રી મસ્ત ફકિર જ્યહારે મદ્રાસી ઉચ્ચારણનું અનુકરણ કરે છે ત્યહારે ખડખડાટ હાસ્ય ધ્વનિથી ગાજતા સભાસ્થાનો મ્હેં જોયાં છે, અનુકરણથી ઉત્પન્ન થતું હાસ્ય મૂળ જોઇને મ્હારામાં ઉદ્દભવ્યું નહિ. પંદર દિવસના મ્હારા મદ્રાસના વસવાટમાં "હોકા ગડગડના ઉચ્ચાર" એ મ્હારે માટે સામાન્ય થઇ પડયા.

નાતાલની રજાઓમાં M.S.Ry.બહુજ સસ્તી Return tickets કહાડે છે ત્હેથી અને કોન્ગ્રેસ તરફથી એક અને બીજું પાર્ક ફેર એમ બે પ્રદર્શનોથી આકર્ષાઇને દૂરદૂરથી ગામડીઆઓ મદ્રાસમાં ઉભરાઇ રહ્યા હતા. અહિંના લોકોને જોઇ મ્હને બે ધંધાદારી ટીખળ સુઝયાં. એક તો આ લોકોને ધોતીયાં પ્હેરતાં શિખવવાની કોઇ દુકાન ખોલે તો સરસ જામી જાય. અને બીજું મુંબઇ ભણીના હોંશીયાર વાળ કાપનારાઓએ આકર્ષક વાળ કાપવાની દુકાનો ખોલી આ મદ્રાસી પુરૂષોના અર્ધા લાંબા ચોટલા કાપવાને માટે સસ્તા દરે યોજના કરવી જોઇએ. મ્હારૂં આ લખાણ કોઇ આ ધંધાઓના મુંઝાયલા માનવીને ઉપયોગી નિવડે તો બસ. બાકી ચોટલા કાપવા જતાં મદ્રાસી ચંપલ એનાં શરિરપરની ધુળ ઝાપટી નાખે તો એ મ્હને દોષ ન દે એમ મ્હારી ઇચ્છા છે.

× × +

શ્રી વિજય રાઘવાચારીનો સુવર્ણ મહોત્સવ જોવાનો એક મહત્વનો પ્રસંગ મ્હને હાથ લાગ્યો. રાજકીય દુશ્મનાવટ અને એકને પરાસ્ત કરવામાંજ બીજાને ફાયદો છે એવા વિરોધી નેતાઓને એકજ પ્લેટફોર્મપર મ્હેં જોયા. રાજકારણથી રીસાઇ ગયેલા શ્રીનિવાસ આયંગરને પણ મનાઇને આવેલા મ્હેં જોયા. તાળીઓના અસાધારણ ગડગડાટે મદ્રાસની પ્રજાએ ચાર વર્ષના વચગાળા પછી એમને જોડે આવકાર આપ્યો તે એની મહત્તા સિદ્ધ કરવા માટે પૂરતાં હતાં. મદ્રાસી ગાંધી—રાજગોપાલચારી જહે કાબુ મદ્રાસની પ્રજાપર ધરાવે છે એ પણ મ્હને જોવા મળ્યું. નાગપુર કોન્ગ્રેસના પ્રમુખ વિજયરાઘવાચારીને અપાયલી અંજલી અપૂર્વ હતી. અને સૌથી આશ્ચર્ય તો એ હતું કે સાવ વૃદ્ધાવસ્થા છતાં એ માનવીને નવા સંદેશ આપવાના! બાકી રહ્યા હતા. એટલા એ આજના પ્રસંગોથી વાકેફ અને વિચારક જણાયા.

❖ ❖

અહિં એક ગૂજરાતી મંડળ છે. થોડાક માણસો એમાં રસ લઇને પ્રાણ રેડે છે. પરંતુ બીજાની બેફિકરાઇ જણાઇ આવ્યા વિના રહેતી નથી. ગૂજરાતી જ્યહાં હોય ત્યહાં ગૂજરાતના સંસ્કાર ફેલાવતી સંસ્થાઓને અપનાવવાની પોતાની ફરજ ન સ્હમજે ?......અને રસ લેનારાઓનાં અભાવે ગૂજરાતી સંસ્થાઓ રસસૂની બની સુકકું જીવન ઘસડે એ એ ગામમાં વસતા પ્રત્યેક ગૂજરાતીની શરમ મનાવી જોઇએ.

❖ ❖ ❖

મદ્રાસથી છમાઇલ દૂર અડયાર ગામમાં થીઓસોફીનું મુખ્ય ધામ છે. જૈનનું પાલિતાણા, મુસ્લીમનું મક્કા, હિંદુનું કાશી, ત્હેમ થીઓસોફીસ્ટને મન અડયાર છે. ત્હાં થીઓસોફીનો હિરક મહોત્સવ હતો. દૂરદૂરથી લોકો આવેલાં અમદાવાદ, ભાવનગર, મુંબઇની પણ સારી સંખ્યા હતી.

મ્હને ત્યહાંનું વાતાવરણ, હવા, દરિયો, ઝાડી અને વિશાળ વડનું ઝાડ, ગમ્યાં. નહિ ગમ્યાં માત્ર બે પ્રવચનો એક એમના ઉપપ્રમુખ શ્રી દત્તનું અને બીજું પ્રમુખ મી. એરૂંડેલનું. સમયના અભાવે એ બન્નેમાંજ હું હાજરી આપી શકયો. અને એ બન્ને મ્હને નહિં ગમ્યાં. આપણા જૂના ધર્માચાર્યો પાસે એમના ધર્મ જહેટલીજ ભાષા પણ પૂરાણી છે. કળા, ને કલ્પના જહે આજે ભાષાના આવશ્યક અંગો ગણાયા છે ત્હે આજની ભાષા આ લોકોએ સરસ રીતે વણી છે. બાકી ધર્માંધતામાં, ધર્મ ગર્વમાં, ધર્મ ઘેલછામાં, વ્હેમોમાં અને ગાડરીયા ચીલા પાડવામાં કોઇ સદીઓ જૂના શંકરાચાર્યો અને મુલ્લાં મૌલવીઓ કરતાં આમનામાં મ્હને બહુ ફરક નહિ લાગ્યો. કદાચ મ્હારો અભિપ્રાય ઉતાવળો પણ હોય. પરંતુ બે દિવસની થોડીક લટાર અને મહોત્સવના અંતિમ દિને અગીયાર કલાકની યાત્રા અને મી. એરૂંડેલનું સમાપ્તિનું ભાષણ સાંભળીને મ્હેં આ મત બાંધ્યો છે. કોઇ થીઓસોફીસ્ટ મ્હારો આ મત જાણે તો એમજ કહેશે "અધિકાર વિના ત્હમે એમાં શું સ્હમજો ?" અને એરૂંડેલનાં પત્નિ રૂક્ષ્મણીને આ લોકો World Mother કહે છે એમ જાણ્યું અને રૂક્ષ્મણીને સદેહે જોયાં ત્યહારે તો મ્હારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. છે, રૂપાળાં છે. દેખાવ સારો કહી શકાય, સારૂ ગાઇ નાચી શકતાં હશે અને થોડુંક વાંચ્યુ વિચાર્યું હશે. પરંતુ World Mother આમ સસ્તી થઇ જાય તો આવડી મોટી દુનિયામાંથી કૈં નહિ તો એકાદ કરોડ સ્ત્રીઓ World Mothers બની જાય...માત્ર આટલુંજ નહિ, રૂક્ષ્મણીને હિંદી આદર્શોના સમુચ્ચય તરીકે ઉદ્દેશીને લખાયલું એક કાવ્ય વાંચ્યું ત્યાર તો હું ખૂબ હસ્યો. "આપણા ગ્રામજનો કોઇ મામૂલી માનવીને દૈવતવાળો અને કોઇકવાર ભગવાન માની બેસે છે એ શ્રદ્ધામાં અને આ શ્રદ્ધામાં કંઈ તફાવત ખરો ?" એક થીઓસોફીસ્ટ પારસી બાનુને મ્હેં પૂછ્યું. એ મ્હારાં જુનાં ઓળખીતાં હતાં. એનો જવાબ દેવાને બદલે એણે કહ્યું "ત્યહારે આવા વિદ્વાનો આમ માનતા હશે તે મુર્ખા હશે ?' મ્હેં તો એને કહી દીધું, "ઉપાસની મહારાજ નામના કાકરીના એક બાવાને પૂજનારા બેરીસ્ટરસ પ્રોફેસરસ હતા, એક વિદ્વાને તો એની પુત્રી અને બીજા વિદ્વાને એની પત્નિ એને અર્પણ કરી હતી. આમ પચ્ચિસેક લગભગ

સ્ત્રીઓ સોળથી ત્રીસ વર્ષની વયની એને આવાજ બુદ્ધિવંતા માણસોએ અર્પી હતી. એ પણ એનો ધર્મ ચલાવતો. એની ઉદ્યાનમાં જાદુ હતું. આ છોકરીઓ પાસે એ નગ્ન થઇને ન્હાતો-લીલા ખેલતો. બહુ વર્ષે આ બધી વાત કોઇ હિમ્મતવાન માણસે બ્હાર આણી ને એનો પરપોટો ફુટી ગયો. બુધ્ધિવંતા, ભણેલા માનવીઓ મુર્ખાઇ ન જ કરે એના જવાબરૂપે હું દાખલો રજુ કરૂં છું." અને એ ગ્રેજ્યુએટ બ્હેન કશું બોલ્યા વિના 'સાહેબજી' કરી રવાનાં થયાં.

આપણા His holiness બની બેઠેલા શાંતિવિજયજીને નામે નોંધાતા ચમત્કારોમાં પણ બુધ્ધિવંતા માણસોની ભારોભાર મુર્ખાઇ રહેલી છે......પણ એ વાત વળી કોઈ બીજે પ્રસંગે.

❖ ❖ ❖

માછલીઓનું એક સરસ સંગ્રહસ્થાન અહિં છે, વૈવેધ્ય આકારવાળી સોહામણી માછલીઓ જહેને વર્ણવા ગૂજરાતી ભાષામાં રંગોના નવા શબ્દો રચવા પડે-એવા રંગો ઘડીક તો કલ્પનાને કેદ કરી દેતા મ્હને લાગ્યા. મ્હારી સાથેના બન્ને ભાઇઓએ ખૂબવાર આ સંગ્રહસ્થાન જોએલું એટલે ઝડપથી મ્હારે જોવું પડ્યું. એક મુરબ્બી આગળ મ્હેં આની પ્રશંસા કરી. એમણે કહ્યું, 'અમારા એક સ્નેહિ આ જોવા આવેલા, જોઇને કહે 'સીતાએ મૃગ જોઇ એની કાંચળી કરાવવાની હઠ લીધી અને રામને દોડવું પડ્યું એ મૃગ પકડવા અને અનર્થોની પરંપરા રચાઈ. સારૂં છે કે મ્હારાં પત્નિ અહીં નથી. નહિ તો આ મોહક માછલીઓને ઘેર લઇ જવાની હઠ લઇ બેસત તો મ્હારી મુંઝવણનો પાર રહેત નહિ"......આવી સરસ આ માછલીઓ હતી.

પાલણપુરને હું City of flower, પુનાને હું City of Cycle અને મદ્રાસને હું City of boards કહું છું. ન્હાનકડી દુકાનોની લંબાઇ પ્હોળાઇથીય સવિશેષ મ્હોટાં કળાહિન જાહેર ખબરનાં પાટીયાં જોઇને તો હું ત્રાસીજ ગયો.

---

( **આપણી શરમ**........અનુસંધાન પૃષ્ઠ ૨ થી ચાલુ )

લડાઇમાં ભાંગીને ભુક્કો થએલા જર્મનીએ વ્યાયામના સામુદાયીક પ્રચાર અને પ્રયાસથી આત્મગૌરવ પાછું મેળવ્યું છે. નવો તુર્ક પણ આમજ ઉભો થયો છે.

આ બધી આજની વાતો છે. ગઈ કાલના પ્રયાસોનાં આ જોઇ શકાય એટલા તાજાં પરિણામો છે.

આગળ ક્યહાં જઇએ ? આ આર્યસમાજીસ્ટ બંધુઓને જોઈએ તો પણ એનો ખ્યાલ સ્હેજે આવી જશે. ગૂરૂકુળોદ્વારા વ્યાયામને ખૂબ અગત્ય આપીને નવી હિમ્મત અને નવું બળ આર્યસમાજે જન્માવ્યું છે. આજની મહાસભા પ્હેલાં આર્યસમાજ એ નવાં બળોનુ પ્રેરણાસ્થાન હતું.

આંખ સમક્ષ અત્યાચારો જોઇને પણ આપણામાં રોષ નથી સળગતો; પીડિતની વ્હારે ધાવાની આપણી વૃત્તિ નથી થતી; પડતાને ખભો દેવાની ભાવના પણ આપણામાં નથી કારણ કે એટલા અશક્ત, એટલા નમાલા આપણે બની ગયા છીએ.

દૃઢ પ્રયત્નથી, અથાક પ્રયાસથી આપણે આ શરમ હટાવવી જોઇએ. અને એ થશે તોઃ-

ટટ્ટાર ગર્દને. સામાજીક કે ધાર્મિક અત્યાચારીઓને ડારતો જૈન જુવાન આત્મ વિકાસ સાધતો ને અકાળે મરણ માગતા માનવોમાં પ્રાણ ફુંકતો ને સહાય કરતો 'આગે કદમ, આગે કદમ' ભર્યે જતો હશે.

# : મહાવીરના માર્ગે. :

પુરાણભૂમિ ભારતવર્ષમાંથી એ 'દિવ્યજ્યોત'ના ચમકારને અસ્ત થયા પછી તો આજે પચ્ચીશો વર્ષોના અંધારા પસાર થઈ ગયાં.

મહાવીર ગયા, એના તપ ગયા-ત્યાગ ગયા.

એ સૂર્યોદય સમયે-મહાવીર દેહી હતા, તે સમયે-તો જગત્ ઉન્નતિના શિખરે વિરાજમાન હતું. અહિંસાનો ધ્વજ દશે દિશાઓમાં વિજયવંતો ફરફરી રહ્યો હતો. વાતાવરણ નિર્ભય હતું. પ્રાણી માત્ર સુખી હતાં

ઉદય પછી અસ્ત તો હોય જ ને ?

સૂર્ય ધીમે ધીમે નીચે ઉતરતો ગયો. સંધ્યા આવી અને પછી પ્રકૃતિએ જગતપર કાળી અંધાર પીછોડી પાથરી.

જગત્ અંધકારમય બન્યું-કર્મહિન બનીને ઘોર નિદ્રામાં સૂતું. મહાવીરના અનુયાયીઓમાં શિથિલતા આવી. મહાવીરનો માર્ગ તેમને કાંટાળો લાગ્યો-કપરો લાગ્યો. અને સુખના સાધનો શોધાયાં. ત્યાગ ઓસરી ગયો. જગત્ કલ્યાણની ભાવના ઝાંખી થઇ ગઈ. મહાવીરના સંદેશ ને આદેશ વિસરાયાં. ષડરીપુપર વિજય મેળવવાનાં દિવ્ય શસ્ત્રો પર કાટ ચઢવા લાગ્યો.

પછી તો મધ્યરાત્રી થઇ. તિમિર વધુને વધુ ઘેરૂં બન્યું. ધર્મ કર્મ માળીએ મૂકાયાં. સત્ય અને અહિંસાનાં અર્થ અવળાં યોજાયાં. અલબત, રાત્રીના આ ભીષણ તાંડવમાં કંઇક તારલાઓ ચમકી ગયા; પણ તે તો અમુક ક્ષણો માટે જ.

પણ રાત્રીય ક્યાં અમરત્વ લઇને આવી છે ?

પરોઢનો સમય થયો, ચંદ્રયે નહિ ને સૂર્ય પણ નહિ. આંધળી બની ગયેલી જગતની આંખને આજે તેજ જોતાં હતાં. સૂપ્ત થઈ ગયેલાં આભાસોને જગાડનાર-ઢંઢોળનાર કોઈ વીરની જરૂર હતી.

એમના પુણ્યે એ વીર એમને મળ્યો. તે મહાપુરૂષે લોકોને જાગૃત કર્યા. જગતે એ વીરપુરૂષના દર્શન કર્યાં અને આનંદિત થયાં. જો કે તેનામાંથી યૌવન ઓસરી ગયું હતું, તો પણ યુવાનનેય શરમાવે તેવી તેનામાં અમર યૌવનની તેજસ્વિતા હતી-ચમકાર હતા.

મહાન વિભૂતિઓને પણ જગત પોતાના સ્વાભાવિક નિયમ પ્રમાણે પ્રથમ તો શંકાશીલ દૃષ્ટિએ જુએ છે. પરંતુ જેને પોતાના જીવન-કર્તવ્યમાંજ અહોનિશ રત રહેવું હોય, તેને જગતના માનનીય શી પરવા અને અપમાનનીય શી પરવા ? જગતે બારીક નિરીક્ષણ કર્યું તો તેને આશ્ચર્ય થયું.

કારણ..............?

વર્ષોથી વીસરાયેલા ત્યાગમાર્ગને સાફ કરતો-ભૂલા પડેલા જગતને એ માર્ગ દાખવતો-તે મહાપુરૂષ આગળ વધી રહ્યો હતો. અહિંસા અને સત્યની પરાકાષ્ઠાએ પહોંચેલા એ દિવ્ય પુરૂષને પ્રયાણ કરતો જોઇને જનતાની સ્મૃતિમાં કંઇક અવનવાં દૃશ્યો ખડાં થતાં લાગ્યાં. કંઇક યાદ આવતું જણાવ્યું. પચ્ચીશો વર્ષો પૂર્વેના ચમકારનો તેને કંઇક ઝાંખો ખ્યાલ આવવા લાગ્યો.

હા......"જે માર્ગે આ દિવ્ય પુરૂષ જઇ રહ્યો છે તે માર્ગ મહાવીરનો છે" એમ જગતે માન્યું. "એ માર્ગે પ્રત્યેકને પગલાં પાડવા સાદ દેતો, પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમથી પ્રેખતો, કર્મયોગના ધોરી માર્ગે વિચરી રહેલો એ પવિત્ર પુરૂષ કોણ હશે ?"

જેણે જીવન પંથે પ્રકાશ પાથર્યો એ પ્રેમળ જ્યોતિના તેજ અમર રહો !

—**"શાન્તિકુમાર"**

# વરઘોડો જોયો ?

( એક કલ્પિત રમુજી પ્રસંગ )

"અરે મણીબેન ! ચાલો, ચાલો, વરઘોડો ક્યારનોય નીકળી ગયો છે."

"હા ! હા ! હું આવી"

"હાય બાપ ! સાલ્લો પહેરતાંય કેટલી વાર ? હું નીચે ઉતરૂં છું. તમે ઝટ પરવારી કરીને આવો."

બગલમાં છોકરૂં મારતી કે ધડધડ દાદરો ઉતરતી કાન્તા દોડી. કાન્તા એકેલી જ નહિ પણ આબાળવૃધ્ધ સૌને વરઘોડો જોવાં દોડતાં જોઇ મને પણ વરઘોડો જોવાની ઇચ્છા થઇ આવી. હું પણ બજાર તરફ ચાલ્યો.

મણીબ્હેન પુરાં કપડાંય ન પહેરી રહે તેટલામાં તો કાન્તા ભરબજારમાં ગાંડા માણસની જેમ દોડતી, ઘડીકમાં ધીમી પડતી, રસ્તે ચાલતાં કોઇ સ્ત્રી કે પુરૂષને "વરઘોડો આવી ગયો કે ?" એમ પૂછતી, હાંફતી, માથેથી ખસી ગયેલા સાલ્લાને વારંવાર સંભાળતી, છોકરાંને રડાવતી ચાલી નીકળી.

સામે રસ્તાપર લોકોનું ટોળું ઉભું હતું. ત્યાંથી વરઘોડો પસાર થતો હતો. ત્યાં તો મરદને ધક્કા મારતી, ધક્કા ખાતી, છોકરાને ધક્કો વાગ્યાથી રડતો હોવાથી, " મુઆ દેખતાય નથી ?" એમ ગાળો દેતી, સૌની મોખરે આવી ઉભી. વરઘોડો જોવાનો જાણે સૌનાં કરતાં તેનેજ વિશેષ અધિકાર હોય, એમ જોનારને લાગ્યા વિના રહે નહિ.

અહા ! શું વરઘોડો ! બાર-બાર તો બેન્ડવાળાં, અને ગાડીઓ કેટલી બધી ! અને મોટરોની તો વાત જ નહિ ! આઠ તો તદ્દન ફુલથી જ શણગારેલી ! વચમાં "આવો આવો જસોદાના કંથ"નું સ્તવન, એક જણને પેટે બાંધેલા તબલા અને કાંસી જોડાના પુર બહારમા ગાતાં અને કુદતાં શ્રાવકો ! સાથે એક રથ અને તેની સાથે ચાલતાં દંડાધારી સિપાઇઓ ! અને તેની પાછળ એક મોટું ટોળું. કેટલાકો નવીન જાણી ઉંચું ડોકું કરી જોઇ રહેલાં-જ્યાં દાંડીયા-રાસથી દોરી ગુંથાતી હતી.

વરઘોડો આગળ ચાલ્યો. ત્યાં તો સખત ગીરદી ! લોકોની પડાપડીને બૂમાબૂમ ! લોકો દોડતાં દોડતાં એકઠાં થવા લાગ્યાં. પૂછતાં જણાયું કે અહીં યુવતીઓ માથે બેડલાં મૂકી રાસ-ગરબા ગાય છે. રસપૂર્વક જોતા એક ગૃહસ્થ બોલી ઉઠ્યા; "અલ્યા આવું તો કોઈ દિવસ જોયું નહોતું ! બૈરાંઓ નાચે અને તે પણ જાહેર રસ્તા પર !"

લોકોએ ગરબાને નાચનું સ્વરૂપ આપ્યું. ઘરમાંય નાચવાની જેની હિંમત નથી. તેવી શરમાળ મનની સ્ત્રીઓ જ્યારે જાહેર રસ્તાપર હજારો માનવીઓની નજરે નાચ-ગરબામાં ભાગ લે ત્યારે સૌને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક હતું. એવા ગરબાઓ ગોઠ-વવામાં આકર્ષણ રહેલું હોય છે. અને આ જમાનામાં તો એવા પ્રયોગમાં ભાગ લેનારને કીર્ત્તિ પણ મળે છે.

વિકારી આંખવાળા પુરૂષોને તેમાં ગમ્મત પડે છે. ટીકી ટીકીને સ્ત્રીઓના અંગ ઉપાંગો નિરખવામાં તેમને એક જાતનો રસ પડે છે. એકાદ ટીકાકાર બબડ્યો "આજકાલનાં છોકરાં ધર્મને નામે નહિ કરે તેટલું ઓછું !"

એટલામાં ભગવાનનો રથ આવ્યો. રથ સોનાચાંદીથી મઢેલો હતો. તેને બે શણગારેલા બળદો જોડવામાં આવ્યા હતા રથની અંદર પ્રતિમાજી પધરાવેલાં હતાં. આગળ સ્તવન બોલાતાં-ધૂપ દીપ જળતા હતા. કોઇના હાથમાં અક્ષત તો કોઇના હાથમાં સુંદર ફળોની થાળો હતી. વળી કોઇ બબડ્યું. "ફળો વગેરેને વરઘોડામાં ફેરવવાની શી જરૂર હશે ?"

રથના પાછળ-સૌની પાછળ અને જેને દરેક વસ્તુઓમાં પાછ-ળ જ રહેવાનો જાણે કે અધિકાર મળ્યો હોય તેવો સ્ત્રી સમુદાય દોરડાની કોર્ડનમાં ચાલતો હતો. તેમના મુખમાંથી ભાંગ્યા તુટ્યાં ગીત નીકળતાં હતાં. ગીત બોલનાર તો હતાં, પણ ઉપાડનાર બહુ થોડાં હતાં. એ સ્થિતિ જોઇ એક જોનાર બીજાને ઉદ્દેશી બોલ્યો; "સ્ત્રીઓને લગ્ન આદિ ઘણા પ્રસંગોએ ગાવાનું હોય છે. તેમાં કળા હોય છે, તેમને માથે તે ફરજ હોય છે, છતાં પણ સુંદર ગીતો શીખવાની, બીજાઓમાં શોખ વધારવાની શા માટે તેઓ દરકાર નહિ રાખતી હોય ?"

લોકો હો હો કરતાં વિખરાયાં, વરઘોડાને પુરો જોઇ લેતાં લગ-ભગ દોઢેક કલાક જેટલો સમય થયો હશે એટલે હું પણ ઘર તરફ વળ્યો. પાછા કાન્તા અને મણી સાથે થઇ ગયાં.

"જોયો બ્હેન ! વરઘોડો તો બહુ મોટો હતો" કાન્તા બોલી "અને પેલી ફુલથી શણગારાયેલી મોટરમાં પેલા રમણભાઇ શેઠનો દીકરો જોયો કે ? આખે શરીરે હીરા માણેકની માળાઓ અને એવી તો કેટલીય જણસો પહેરાયેલી હતી !" મણીબ્હેન બોલ્યા. 'બા, ! એ તો પૈસાદારનાં છોકરાં ! આપણે ક્યાંથી લાવીને છોકરાંને મોટ-રમાં બેસાડીએ ?" કાન્તાને ઓછું આવ્યું.

શ્રીમંતના પુત્રોના કપડાં અને દાગીના જોઇને ગરીબ વર્ગના બૈરાંઓને અદેખાઈ આવે છે અને પોતાનાં છોકરાંને તેમ નથી તેથી ઓછું આવે છે.

હું વિચારે ચઢ્યો "શું ભગવાનને આમ ફરવાનો શોખ થતો હશે ? શું આમાં સાચો ધર્મ હશે ? આવા આડંબરો કરવાથી બીજાઓમાં પોતાના ધર્મનો પ્રભાવ પડતો હશે ? આ તો ધર્મને નામે કીર્તિની લાલસા કે બીજું કંઈ ? હજારોના પાણી કર્યે ધર્મ-ભાવના જાગૃત થતી હશે ખરી કે ? આ બે કલાકમાં તો ધર્મની ગંધ કોઇ પણ ખુણામાંથી ન આવી ! કદાચ જૈનોને પૈસા ખર્ચવાનું આ સિવાય યોગ્ય સ્થળ નહિ જડતું હોય ? કે પછી આનું નામ જ ધર્મ ?"

પ્રભુને નામે, ધર્મ ભાવનાને નામે ઉંધે રસ્તે દોરાઇ રહેલાં બાંધવોની મનોદશા વિચારતો-નિશ્વાસ નાખતો બજારમાં પહોંચ્યો. તો કાન્તાના ચુલા ઉપર મૂકેલો ભાત ઉભરાઇ ગયો હતો અને મણીબ્હેનના ઘરની બારી ઉઘાડી રહી જવાથી બિલાડીએ બધું વેરણ છેરણ કરી નાખ્યું હતું. "હાય ! હાય ! આ તો વરઘોડો જોતાં ઘરમાં ધમાલ થઈ !" કાન્તા અને મણીને બોલતાં સાંભળી અને ઘેર પહોંચ્યો તો ત્યાં પણ એ પ્રશ્ન પુછાયો કે 'સોનીને ત્યાં જવાનું મૂકી તમે પણ વરઘોડો જોયો ને ?"

**શાન્તિકુમાર.**

# સ ❖ મા ❖ ચા ❖ ર

## કાર્યવાહક સમિતિની મીટિંગ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની એક મીટિંગ તા. ૧૨-૧-૧૯૩૬ રવિવારના રોજ બપોરના ૩ વાગે (સ્ટા. ટા.) સંઘની ઓફીસમાં શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીના પ્રમુખપણા નીચે મળી હતી. જેમાં નીચે મુજબ કામકાજ કરવામાં આવ્યું.

૧ શ્રી વલ્લભદાસ ફુલચંદ મહેતાની દરખાસ્ત અને શ્રી મનસુખલાલ હીરાલાલ લાલનના ટેકાથી રીપોર્ટ અને ઓડીટ થયેલો હિસાબ ને સરવૈયું સર્વાનુમતે પાસ કરવામાં આવ્યાં.

૨ સંઘના ધારાધોરણ કલમ ૧૧ અનુસાર કાર્યવાહક સમિતિની ચુંટણી ઉમેદવારીના ધોરણે કરવાની હોવાથી **ઉમેદવારફોર્મ તા. ૨૫-૧-૧૯૩૬** સુધી લેવાનો નિર્ણય થયો. તેમ ચુંટણી અને ઓડીટ થયેલો હિસાબ ને રીપોર્ટ મંજુર કરવા વાર્ષિક સભા તા. ૨૬-૧-૩૬ રવિવારના બોલાવવાનું નકકી થયું.

ઉપર મુજબ કામકાજ થયા બાદ સભા વિસર્જન થઇ હતી.

## બે જૈનસુધારકોની યોગ્ય કદર.

ના૦ ગાયકવાડ સરકારના હીરક મહોત્સવ પ્રસંગે. વડોદરા રાજ્યના કર્મસચીવ શ્રી મણીલાલ બાલાભાઇ નાણાવટીને 'અરૂણાદિત્ય'નો ખિતાબ આપ્યો છે તેઓ શ્રી ગ્રામ્ય સુધારણાની પ્રવૃત્તિમાં તેમજ યુવકપ્રવૃત્તિમાં સારો રસ ધરાવી રહ્યા છે. તેમજ જૈન યુવક મહામંડળની પ્રવૃત્તિમાં પણ તેઓશ્રીનો પૂરો સાથ છે તેમજ વિસનગરનિવાસી બાળ-અયોગ્યદીક્ષાના પ્રખર વિરોધી, મહાસુખભાઇ ચુનીલાલને 'રાજ્યરત્ન'નો ખિતાબ અર્પ્યો છે. તેઓએ ધારાસભા તથા ગ્રામ્ય પંચાયતો અને લોકલબોર્ડમાં સારી સેવાઓ કરી છે, ના૦ ગાયકવાડ સરકારે ઉકત બંને જૈન સુધારકોના ગુણોનું યોગ્ય સન્માન કરી કદર કરવા બદલ ના૦ ગાયકવાડ સરકારને ધન્યવાદ ઘટે છે. આ પ્રસંગે અમો તેઓશ્રીને સહર્ષ અભિનંદન આપીએ છીએ અને જૈનસમાજ તેઓશ્રીની વિશેષ સેવાઓ મેળવવા ભાગ્યશાળી થાય તેવી આશા રાખીએ છીએ.

## માંગરોળ શ્રીમાળી સમાજની સુંદર યોજના.

મુંબઇ-શ્રી માંગરોળ શ્રીમાળી જૈન સમાજ પાસે આશરે ત્રણ લાખ રૂપીઆનું ફંડ છે. સુધારકોના અત્યંત પ્રચાર પછી એ ફંડનો ઉપયોગ કોટ, હોર્નબી રોડ ઉપર સર ફીરોજશાહ મહેતા રોડ ઉપર બે લાખ રૂપીયાના ખર્ચે માંગરોળવાસીઓ માટે સસ્તા ભાડાની ચાલીઓ અને એક લાખ રૂપીઆના ખર્ચે દાદર-માટુંગા ખાતે સસ્તા ભાડાની ચાલીઓ બંધાવવાનું નકકી કર્યું છે. અને ચારથી સાડાચાર ટકા વ્યાજ ઉપજે તેવી રીતનું ભાડું રાખી માંગરોળવાસી ભાઇઓને તેનો લાભ આપવો તે પ્રમાણે નકકી કર્યું છે. આવી સુંદર યોજના માટે માંગરોળ શ્રીમાળી સમાજના કાર્યવાહકોને અમે ધન્યવાદ આપીએ છીએ. અને જૈન સમાજની બીજી જ્ઞાતિઓના આગેવાનોનું આવી વ્યવસ્થા તરફ ધ્યાન ખેંચીએ છીએ.

## પાટણ સ્કાઉટ હોમ બાંધવા ઉદાર સખાવત.

શ્રી ચીમનલાલ જે શાહે ના૦ ગાયકવાડ સરકારના હીરક મહોત્સવ પ્રસંગે પાટણમાં 'સ્કાઉટ હોમ' બાંધવા માટે રૂ. દશ હજાર આપ્યા છે. તેમાં રાજ્ય તરફથી તેટલી બીજી રકમ (રૂ. દશ હજાર) ઉમેરવામાં આવી છે. જેથી પાટણ ખાતે સ્કાઉટ હોમ બંધાવવામાં આવશે.

## હરિજન જૈન ધર્મ પાળે છે.

વિસનગરમાં ગીરધરલાલ મગનલાલ નામના એક મોચીએ વિ. સ. ૧૯૮૩માં આચાર્ય શ્રી વિજયકેશરસૂરિના ઉપદેશથી જૈન ધર્મ સ્વીકારેલ. તે ભાઈ ગીરધરલાલ અત્યારે એક ચુસ્ત જૈન છે, રોજ પ્રતિક્રમણ અને જૈનમંદિરમાં ભગવાનની પૂજા કરે છે. તમામ અભક્ષ-કંદમૂળાદિનો ત્યાગ કર્યો છે. જૈન કુળમાં ઉત્પન્ન થયેલ કરતાં વધારે પવિત્ર, શ્રધ્ધાળુ અને શાંત છે તેમનું આખું કુટુંબ જૈન છે. વિસનગરના જૈનો તેમની સાથે કોઇપણ પ્રકારના ભેદ ભાવ વિના વર્તે છે. મુનિરાજો પણ તેમને ત્યાં ગોચરી-પાણી વ્હોરવા જાય છે. તેઓ થોડા દિવસ પહેલાં કેશરીયાજીની યાત્રા કરવા ગયા હતા. તેમજ અમદાવાદમાં બે ઘર મોચીના અને પાટણમાં એક મોચી શ્વે. મૂ. જૈન ધર્મ પાળે છે. જૈનોએ હવે હરિજનો તરફ મીઠી દૃષ્ટિ કરી તેમને અપનાવવાનું કામ જોરથી શરૂ કરી દેવું જોઇએ.

## અંગ્રેજ યુવતિએ હિંદુ ધર્મ સ્વીકાર્યો.

લાહોર તા. ૮ મી એ હિંદુઓ અને આર્યસમાજીસ્ટોના એક મેળાવડા સમક્ષ મિસ. મેરી ઓલ્ડફીલ્ડ નામની એક અંગ્રેજ નામાંકિત કળાકાર યુવતીએ હિંદુધર્મ અંગીકાર કર્યો છે. મિસ ઓલ્ડફીલ્ડે ત્રણ દિવસ ઉપવાસ કર્યા બાદ વેદી સમક્ષ ધર્મગુરૂઓએ તેને શુધ્ધિનો વિધિ કરાવ્યો હતો. અને તેમનું નવું નામ ઇન્દુમતી રાખવામાં આવ્યું છે. કલાકાર મી. રૂપકૃષ્ણના ભાઇના ઘેર તેઓ હાલમાં રહે છે. એમણે મુલાકાત આપવાનો ઇન્કાર કર્યો છે. ટુંક સમયમાં કલાકાર મી. રૂપકૃષ્ણ સાથે તેમનાં લગ્ન થનાર છે એમ મનાય છે.

## દુસાધ અત્યંજ નથી.

પટના અખીલભારત દુસાધ મહાસભાએ સરકારને પ્રસ્તાવદ્વારા પ્રાર્થના કરી છે કે દુસાધ જાતિ ક્ષત્રીય છે, અસલ રજપૂત જાતિમાં ઉત્પન્ન થયેલ, તેથી તેનું નામ અત્યંજ શ્રેણિમાંથી કાઢી નાખવું જોઇએ.

## ક્રેડીટ સોસાયટીમાં જૈન બ્હેનની વરણી.

સુરત ખાતે તાજેતરમાં સ્થાપવામાં આવેલ ધી. સુરત મ્યુ. પ્રા. મ્યુ. ટી. કો. ક્રેડીટ સોસાયટીના સભ્ય તરીકે શ્રીમતી મંગળા બ્હેન મોતીચંદની વરણી કરવામાં આવી છે.

## જૈન પુનર્લગ્ન.

વઢવાણ શેહરના દશા શ્રીમાળી જૈન વણીક શ્રી લક્ષ્મીચંદ ભાઇએ પોતાની જ્ઞાતિની એક વીધવા બ્હેન સાથે અમદાવાદમાં પુનર્લગ્ન કર્યા છે.

---

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

આગે કદમ્ !

Regd. No. B.3220

# તરુણ જૈન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૧૮ મો.
શનીવાર તા. ૧-૨-૩૬

## સમાજના દુરાગ્રહનું પરિણામ.

આ નવિન જગતમાં તર્કને અવકાશ નથી, સૈકાઓના અનુભવને તિલાંજલી મળે છે, શાસ્ત્રોની અવગણના થાય છે, જ્ઞાતિઓ અને રૂઢીઓ તુટે છે, સમાજમાં બંડ થાય છે, પતિ પદચ્યુત થાય છે, સ્નેહની સ્થાપના થાય છે, સ્રી સ્વતંત્ર બને છે અને એમાં આદર્શ પ્રાપ્ત થતી હોય એમ માની લેવાય છે.

ક્રાન્તિવાદનો હિમાયતી ઝીણવટથી જોઇ શકતો નથી. એનું તો એક જ લક્ષ્ય હોય છે અને ગમે તે ભોગે તેની સીધ્ધિ અર્થે તે પ્રયત્ન કરે છે. એમાં અનેક નિર્દોષોનો ભોગ લેવાય છે, અનેક સુંદર વસ્તુઓ નાશ પામે છે. યુગોની મ્હેનત છૂટી પડે છે પણ એ બધું જોવાની ક્રાન્તિવાદીને નવરાશ કે ફિકર હોતી નથી.

આજના જુવાનને સૌ કાંઇ રસાતળ કરવું છે. સમાજના ગણ્યા ગાંઠયા દોષો ખાતર સમસ્ત સમાજને છિન્ન ભિન્ન કરવી છે. અને એની વાત પણ સાચી છે. ત્યાં લગી સમાજ સુધરવાની પણ નથી. એક વાર આજની સમાજ નિર્મૂળ થશે ત્યારે જ એના ખંડીએર–Debris માંથી નવિન સમાજ જન્મ પામશે અને ત્યારે જ પુરાણ ચિલાઓ ભૂંસાશે એમ લાગે છે, એ ખરૂં છે કે ફરી વાર આપણે એવી જ સમાજ રચવી પડશે ને ફરી વાર સૌને વર્ણાશ્રમોની અગત્ય લાગવા માંડશે. સારામાં સારા લડવૈયાઓને ઉત્પન્ન કરવા સંસ્કૃતિ શાસ્ત્ર, વૈદક શાસ્ત્ર, અને સંતતિશાસ્ત્રના પંડિતો જે પુરૂષ કે સ્રીની રગોમાં સિસોદીઆનું ટીપું પણ લોહિ હશે તેની શોધ કરવા માંડશે ને ફરી વાર ક્ષત્રિય જ્ઞાતિ ઉત્પન્ન કરાવશે. સારામાં સારા આચાર્યો માટે બ્રાહ્મણો સરજાશે–સમયનું ચક્ર વધુ ફરશે ત્યારે વળી એક વાર સ્રી સરખા હકક કરતાં વધારે પૂજાની અધિકારી છે એ સંસ્કૃતિનું ધોરણ ગણાશે–એ કાંઈ સાંભળતો, વિચારતો નથી ને બીજી બાજુએ સમાજ એટલી Conservative–Unadaptive, બુધ્ધિશુન્ય, મૂઢ, અને જડ થઈ છે કે બંડ શિવાય આરો જ નથી. અને આજની સમાજની રખ્યામાંથી જ નવા જીવન્ત સમાજ સરજી શકાય એવું લાગી આવે છે. માત્ર દુઃખ એટલું જ થાય છે કે આજની સમાજના દુરાગ્રહના પરિણામે આટઆટલાં યુગોના અનુભવ ને સંસ્કૃતિ એળે જવાનાં અને પાછાં ફરી ફરીને આપણે ત્યાં ને ત્યાં આવી રહેવાનું.

ગુજરાતમાં સામાજીક બંડની તૈયારીઓ થઈ રહી છે, જુના વાડાઓ ત્રુટયા છે. આમન્યા અને મર્યાદાનો ભંગ થઇ રહ્યો છે. જ્ઞાતિની સાંકળો સરી જવા માંડી છે. વિધ્વાઓએ પૂછીને કે વગર પૂછીને પરણવા માંડયું છે અને ગુજરાત તે તરફ આંખ મીંચામણાં કરતું તેણે હવે પરણનાર દંપતિને અભિનંદન આપવા માંડયાં છે. આમ સામાજીક બંડની સામગ્રીઓ તૈયાર થઈ છે. કઇ ઘડીએ આ પુરાણી સમાજ છિન્ન ભિન્ન થઇ નહિ જાય એ પ્રશ્ન છે.

[ જીવનજ્યોતના ઉપોદ્‌ઘાતમાંથી ]

—બટુભાઈ ઉમરવાડીઆ.

# ત • રુ • ણ • જૈ • ન

—: તા. ૧-૨-૩૬ :—

## આગે કદમ્ !

કલ્પના કરી શકો છો ? અંધકારનાં ગાઢાં તીમિર છવાયાં હોય, દિશાસુઝ ન પડતી હોય, પાણીમાં તોફાન જામ્યાં હોય ત્યારે દૂર દૂર ઝબકી ઝબકી વિલીન થતી દીવાદાંડીની દિવાબત્તીને આદર્શ સ્થાપી નાખુદો વ્હાણ હંકારતો હોય છે ત્યહારે શી તમન્ના, કઇ કર્ત્તવ્યબુધ્ધિ ને કેટલાં જોમ પૂર્વક એ પ્રયાસો કરી રહ્યો હોય છે ?

સામાન્ય જનસમુહથી, ગાડરીયા ચિલાઓથી ત્હમે કંઇક જૂદા પડો, કે કંઇક નવું આચરો કે બોધો કે વિકાસ મેળવવા નવા માર્ગો પકડો અને કુચ શરૂ કરો કે તરતજ જૂના ચિલા પ્રેમીઓ, તેજો દ્વેષીઓ અને સૌનું ખરાબ જ કરવા માગતો એક વર્ગ—જહે આળસુ શરિરે ને દરિદ્ર વિચારે છે ને કોઇ કાળેય વિકાસ સાધી નથી શકતો તે ત્હમારી સ્હામે પ્રચાર કરી રહેશે. હાસ્ય, ઉપહાસ, તોછડાઇ, તિરસ્કાર અને કલંક—ઉપકલંકોથી ત્હમને એ ઢાંકી દેવા પ્રચાર કરશે. કૂચના ત્હમારા માર્ગપર કાંકરા ને કાંટા વેરશે.

કોઇ ક્રાંતિકારનું, કોઇ સમાજ સુધારકનું, કોઇક ન્હાના કે મ્હોટા નેતાનું, જીવન ચરિત્ર ત્હમે જો જો અને એની ખ્યાતિના મૂળમાં આ વસ્તુ ત્હમે જોઇ શકશો. અપજશ ને ઉપહાસના અગણીત ઘા એણે સહ્યા હશે, અને ઘા સ્હેતાં, અડગ હિમ્મતથી એના માર્ગે એણે કૂચ કરી હશે તો જ લોકમતે એને નમતું આપ્યું હશે અને તો જ એણે ખ્યાતિ પ્રાપ્ત કરી હશે.

ગારૂડી સર્પ જુએ છે. સંગીત શરૂ કરે છે. સર્પ પ્હેલાં તો એની અવગણના કરે છે, ડંખવા મથે છે, ધ્યેય સિદ્ધિ અર્થે એ તો એકતાને સાધ્યને દૃષ્ટિ સમક્ષ રાખીને સંગીતની આરાધના કર્યે જાય છે. સર્પને સંગીતનો સ્પર્શ થાય છે. નમ્ર બનીને એ શાંત બને છે......અને ગારૂડી એ વશ થયા સર્પને ઝોળીમાં અદૃશ્ય કરે છે.

લોકમતની કોઇક આવી જ સરખામણી કરી શકાય. ડંખવા મથતા લોકમતને જહેણે નમતું આપ્યું છે, પ્રતિષ્ઠા જાળવવા જહેણે સિધ્ધાંતો છોડયા છે, અને અપજશ ને ઉપહાસથી ડરીને જહેણે કૂચના રાહ બદલ્યા છે તે સ્વત્વ ગૂમાવી બેઠા છે. વિકાસ કરી શકયા નથી...અને તિડોના ટોળાં જહેવાં માનવવૃંદમાંના એક બની બેઠાં છે.

અને એથી જ ગઇકાલ જહે સુધારક લાગતા, ક્રાન્તિકાર મનાતા એ આજે પલ્ટી ગએલા લાગે છે. લોકમતને માન આપવાની, વ્હેતા વ્હેણને સાથ આપવાની એ વાતો કરતા હોય છે. ગઇ કાલ કરતા હતા ત્હેથી સુધારાનો એ જૂદો અર્થ કરવા લાગે છે કારણ કે લોકમતની સ્હામે થવા જહેટલી નિડરતા અને સિદ્ધાંત પ્રત્યેની એટલી મકકમતા એમનામાં હવે રહી નથી. અને એથી દરેક કાર્યમાં સગવડ અને સિદ્ધાંતો વચ્ચે આ વર્ગ સમાધાન શોધતો ફરે છે.

પણ સાચે જ જહે લોકમત કેળવવા માગે છે એ ચિલારૂઢ બની ગએલા લોકમતને માન આપતો નથી, સિદ્ધાંતની એની ભકિત પાછળ સાધ્ય લક્ષ્યમાં રાખીને એ આગે ને આગે કૂચ કરતો હશે. વિઘ્નોથી એ ત્રાસશે નહિ. કોઇથી એ ડરશે નહિ પામર બનીને એ પાછો હઠશે નહિ.

ભગવાન મહાવીરથી માંડીને મોહનદાસ ગાંધી અને વિઠ્ઠલભાઇ પટેલ સુધીના તમામ લોકનેતાઓના પ્રારંભીક કાર્યોમાં અગણીત મૂશ્કેલીઓ હતી. લોકો એમનો ઉપહાસ કરતા, કટાક્ષ વેરતા અને હેતુ વિના ડખલ કરતા. કાંટાળા એ માર્ગો પર આ બધા ચાલ્યાં... સિદ્ધાંત પ્રત્યે વફાદાર રહ્યા અને એમની અડગતાથી ઉપહાસ વેરતા લોકમતને એમણે વશ કરી દીધો.

કાર્લ માર્કસ, વોલ્તેર, લેનીન, પીટર ક્રોપોટકીન અને આપણા સકલાતવાળા ગઇ કાલે પાગલ મનાતા. આજે હજારો ચક્ષુઓ એમનાં સ્મરણ તાજાં કરી ભીનાં બને છે.

ન્યુટન, એડીસન અને ફોર્ડ એક વેળા મુર્ખ મનાતા. આજે જીવન સગવડો આપવા માટે એમનો આભાર મનાય છે.

આપણા મહાસભાવાદીઓને નવરા, ચળવળીયા અને અકકલ વિનાના કહેનારા સરકારી અમલદારો અને મવાલ આગેવાનો આજે વંદન કરે છે. શ્રીનિવાસ શાસ્ત્રી જહેવા મશહુર મવાલ અગ્રણી મહાસભાને હિંદી શકિતના અજોડ સમુચ્ચય તરીકે વર્ણવે છે.

એટલે કે જહેણે ક્રાતિનાં બીજ વેર્યાં છે એ સંસ્થા કે વ્યકિતના માર્ગ સૂંવાળા ન્હોતા. ચિલારૂઢ થએલ લોકોએ, એમના જ જોડીદારોએ, એમના જ મિત્રોએ એમના માર્ગ પર વેરેલા કાંટા ને કાંકરા પર કૂચ કરીને અથાક હિમ્મતને અથાક પ્રયાસથી એ સૌએ વિકાસ સાધ્યો છે—કલ્યાણ કર્યું છે.

વિરોધી બનતા લોકમતને તપાસજો જરૂર. ત્હમારી ભૂલ હોય તો સુધારજો જરૂર. પરંતુ ત્હમને લાગે કે ત્હમારો રાહ બરાબર છે, એથી ત્હમારો ઉત્કર્ષ છે તો વિરૂધ્ધ બનતા લોકમતને માન આપવા માર્ગ ચૂકશો નહિ. નિર્બળ બનીને સ્થિર ન થઇ જશો. કાયર બનીને કંટાળી જશો નહિ.

પેલા નાખુદાની માફક ધ્યેય પર નજર ઠેરવીને, આત્મશ્રધ્ધા રાખીને, પૂર ઉત્સાહથી કદમ્ બ કદમ્ આગે કૂચ કર્યે જજો. વિરોધી લાગતો, ડંખ દેવા માગતો લોકમત પેલા સર્પની માફક, ત્હમે એનું કંઇક કલ્યાણ કર્યું હશે તો ત્હમારા કરંડીયામાં પૂરાઇ જશે.

## કેસનું સમાધાન.

**અમદાવાદથી નીકળતા 'જૈન જ્યોતિ' પત્રના તંત્રી અને મુદ્રક ઉપર વહોરા નરસીભાઇ નથુભાઇએ ઈ-પી-કો-કલમ ૫૦૦ મુજબ બદનક્ષી કેસ કરેલ તેની તા. ૨૪-૧-૧૯૩૬ના રોજ સુનાવણી નીકળતાં જૈન જ્યોતિના તંત્રી અને મુદ્રકે દીલગીરી જાહેર કરવાથી ફરીયાદીએ ફરીયાદ પાછી ખેંચી લેવાથી કેસનું સમાધાન થયું છે.**

# ડૂબતું વ્હાણ.

વ્હાણુ હલેસાયું અને પશ્ચિમ દિશામાંથી એકાએક તોફાની વાયુ છૂટયો. તોફાન આવે છે એવી થોડી પણ આગાહી મળી હોત તો વ્હાણમાં આરોહીઓને બેસારતા વિલંબ કરત; તોફાન નીકળી ગયા પછી વ્હાણ હંકારત.

વ્હાણમાં માત્ર બે જ આરોહી હતા. બન્ને મુનિ જેવા લાગતા. બન્ને એક બીજાને ઓળખતા હોય, પણ પૂર્વપદને લીધે અબોલા લીધા હોય એમ તેમના વર્ત્તન ઉપરથી દેખાઇ આવતું હતું.

મુનિરાજો જૂદી જૂદી દિશામાંથી આવ્યા હતા. પરંતુ અમારા ગામની ભૌગોલિક સ્થિતિ એવી હતી કે દાખલ થવા માગનારને એક જ માર્ગે ગામમાં આવવું પડે.

ગામ ફરતી મોટી નદી હતી. અને ગામથી થોડે જ દૂર મહેરામણ ઘૂઘવતો હતો. ગામમાં આવનાર મુસાફરને, હોડીની મદદથી નદી પાર કરવી પડતી.

સમી સાંજ થઇ જવાથી વ્હાણ હંકારનારાઓ પોતપોતાને ઘેર ચાલ્યા ગયા હતા. જૈન ધર્મના બે મુનિરાજ; સામે કાંઠે પડી રહે એ ઠીક નહીં એમ લાગવાથી, એક જૈન યુવાને, બે મુનિરાજોને હોડીમાં બેસારી હલેસા મારવા શરૂ કર્યા.

પવન જોસબંધ ફુંકાતો હતો. આરોહીઓને એની ચિંતા ન હતી. શાસનદેવની કૃપાથી હોડી સહિસલામત પહોંચવી જ જોઇએ એવી તેમને શ્રધ્ધા હતી.

સરસરાટ કરતી હોડી આગળ ધપી.

સાવ મૌન બેસી રહેવું ઠીક ન લાગવાથી એક મુનિરાજ, યુવાનને સંબોધીને કહેવા લાગ્યા :

"નયસારના ભવમાં અને એ પહેલાના ભવમાં પણ તેઓ પરાર્થ વ્યસની હતા કે નહીં ? તું શું માને છે ?"

યુવાન એ પ્રશ્નનો ધર્મ ન સમજ્યો. વચમાં બીજા સાધુ ગર્જી ઉઠયા : "એમ અડધેથી વાતનો આરંભ કેમ કરો છો ? લલિતવિસ્તરાનો પાઠ, પહેલાં રજુ કરો: શાસ્ત્રાર્થના સામસામા પડકાર થવા દ્યો.

'આકાલમ'ના અર્થ માટે પંડિતોની સભા ભરો. વિજય મેળવવો કંઇ રમત વાત નથી."

હોડીમાં જ કદાચ યુધ્ધક્ષેત્ર ઉભું થશે એમ ધારી યુવકે આજીજી કરી: "આપ ઘણા અગત્યના પ્રશ્નો ચર્ચવા માગતા હશો, એમ હું તમારા શબ્દો ઉપરથી જોઈ શકું છું. પણ અત્યારે કાળ, ક્ષેત્ર અનુકૂળ નથી."

"તારો પોતાનો શું અનુભવ છે ? હું તને જ પૂછું છું." પહેલા મુનિરાજે હુંકાર કર્યો.

"એ વિષયમાં હું સાવ અજાણ છું." યુવક હલેસા મારતા બોલ્યો. એની દૃષ્ટિ ઉંચે આકાશ અને નીચે કીનારાના અંતરને માપી રહી હતી.

"આવા અજ્ઞાનીઓને માટે ભવસાગરમાં ડૂબી મરવાનું જ નિર્માએલું હોય છે. નયસાર અને વાલી મુનીશ્વરની વાત પણ તમે નથી જાણતા તો પછી તમારો ઉધ્ધાર શી રીતે કરી શકવાના હતા ?" ક્રોધથી છંછેડાયેલા સાપની જેમ મુનિજીએ વરાળ કાઢી.

હું તો પહેલેથી જ કહેતો આવ્યો છું કે આવા જુવાનોને કેળવવા એ તો તેમને સંસાર સમુદ્રમાં બૂડાડી મારવા જેવું અધમ કાર્ય છે, વર્તમાન કેળવણીનો હું એટલા માટે જ વિરોધ કરૂં છું." બીજા મુનિરાજે ક્ષતમાં ખારો ભભરાવ્યો.

"ભગવન્ ! ભગવન્ ! સંસારસમુદ્રમાં આથડતા આવા જુવાનીઆઓ કઇ રીતે કીનારે પહોંચવાના હતા ?" બન્ને મુનિરાજના મુખમાંથી શોકોદ્ગાર સર્યા. પોતાના સિવાયના બધા જ માણસો આ ભવસાગરમાં અધવચ્ચે ડૂબી મરવાના છે એ વાતમાં બન્ને સમ્મત હોય એમ લાગ્યું.

એટલામાં તો પવનના એક સુસવાટાએ હોડીને સ્હેજ ઝુકાવી દીધી. હોડીમાં થોડું પાણી પણ ભરાયું. બન્ને મુનિરાજોએ જળ સ્પર્શના ભયથી પગ સંકોર્યા

"અમારૂં ગમે તે થાય, પણ આપને તરતાં આવડે છે કે નહીં ?" યુવકે મુનિરાજો સામે જોઇ પ્રશ્ન કર્યો. એને ભય લાગ્યો કે રખેને હોડી સામે કીનારે પહોંચતાં પહેલાં–વચ્ચેજ ઉંધી વળી જશે.

મુનિરાજો એક–બીજા સામે ટગર–ટગર જોઇ રહ્યા. કારણ કે બેમાંથી કોઇને તરતાં આવડતું ન્હોતું. ભવસાગરની ભયંકરતાનાં અનેક રોમાંચક ચિત્રો શ્રોતાઓની આગળ એમણે દોર્યાં હતાં. એમની વ્યાખ્યાન કળા ઉપર લોકો મુગ્ધ પણ બન્યા હતા. પરંતુ સંસારના સામાન્ય સમુદ્રો તો શું, ન્હાની નદીઓનાં વ્હેણ અને તોફાન એમનાથી અજાણ્યા જ રહ્યા હતા.

"મહારાજ ! નયસારની વાત ભૂલી જાઓ–નાસ્તિકોની વાત પણ એક બાજુ રાખી મૂકો : જુઓ આકાશમાં કાળાં વાદળ જામે છે. પવન જાણે કે હોડીને ઉંધી વાળવા મથતો હોય તેમ તાંડવ નૃત્ય કરતો વહે છે. આપને આ તોફાનમાંથી જીવતા ઉગરવું હોય તો તરવાને માટે તૈયાર થઇ જાઓ ! હોડી હવે હાથમાં નથી !" વ્યગ્ર જેવા યુવાને આખરી નિર્ણય સંભળાવ્યો.

ગ્રંથોમાં વર્ણવેલા ભવસાગર કરતાં પણ, પ્રત્યક્ષ સંસારની નદીઓનાં પાણી ઘણા વિકરાળ હોય છે એ વાતનું એમને આજે પહેલી જ વાર ભાન થયું. નયસારનો પૂર્વભવ, હોડીને ડુબતી બચાવી શકે એ અસંભવિત લાગ્યું.

એટલામાં તો પવનનો એક ધક્કો લાગતાં, હોડી નૃત્ય કરી ઉઠી ! બીજી વાર જ્યારે સપાટી ઉપર આવી ત્યારે તેમાં કોઇ પણ આરોહી ન હતો. યુવાન તો તરીને માંડ કાંઠે આવ્યો: પણ પેલા બે સાધુઓનું શું થયું તેનો કંઇ પત્તો મળી શકયો નહીં.

**ઉપન્યાસ**:–સંસાર એક સમુદ્ર છે. વીસમી સદીએ જૈન સમાજ રૂપી હોડીની આસપાસ એક પ્રચંડ તોફાન ઉભુ કર્યું છે. જૈન સમાજનું અસ્તિત્વ જોખમમાં આવી પડયું છે. યુવાનો, હોડીને હલેસા મારી રહ્યા છે. જૈનધર્મના નેતાઓ–મુનિવરો વર્ત્તમાનને ભૂલી, પૂર્વભવ અંગે વાદવિવાદ–શાસ્ત્રાર્થ ચલાવી રહ્યા છે. તેઓ પોતે, ડુબતી હોડીના મુસાફર છે એ વાત ભૂલી ગયા છે. નવા જમાનાના વાવંટોળ જોવા છતાં, આંખ આડા કાન કરીને બેઠા છે. એમના શાસ્ત્રાર્થ એમને બચાવી શકતા નથી. હોડી ઉંધી વળે છે. અકાળ પ્રલયની શાંતિ પ્રસરે છે.

# ચોપટાની ચોવટ.

( તા. ૧–૧–૩૬ ના અંકથી શરૂ )

જે બાળકો સમાજ ને દેશના શહેરી થવાં સર્જાએલાં છે તેને-ઉત્તમ શહેરી તરીકે બનાવવાની ફરજ મા–બાપની છે. બાળકોનું બચપણ ભણવામાં, રમવામાં, કુદવામાં, ખેલવામાં અને ઉત્તમ સંસ્કારો પાડવામાં થવું જોઇએ. તેને બદલે તમે તમારા લ્હાવા ખાતર, મોટાઈ ખાતર લાકડે માંકડાં વળગાડી દઈ સગીર બાળકોનાં લગ્ન કરી સમાજ શક્તિને પાયમાલ કરો છો. આથી સમાજની શારીરિક શક્તિ પાયમાલ થઈ અને સમાજ શરીર પર અનેક આફતનાં ઓળાં ઉતર્યાં એની વસ્તી ઘટી છતાં એ પટેલ ને શેઠશાહીએ કોઇ દિ' વિચાર સરખોએ કર્યો છે ? શું કરવા કરે ? એને માલેતુજાર માલીકોને પોષવામાં કાળજી રાખી છે. બીજું કર્યું છે શું ? ત્યાં તો ઉમ્મરે ત્રીશ વર્ષનાં યુવાન પણ વિચારે વૃદ્ધ નગીનનાગડા અકળાઇ ઉઠયાં.

અમે જાણીએ છીએ કે તમે સમાજનું દાળદર ફીટાવવા બહાર પડયાં છો, પણ જેમ આવે તેમ મુરબ્બીઓ પર આક્ષેપ કરતાં વિચારજો ! નહિ તો જોવા જેવી થશે ! ત્યાં તો મગનકાકાએ નગીન નાગડાનું કાંડું ઝાલી હળવો પાડયો ને બે કડવાં વેણ કહી દબાવ્યો.

કાકા–નવનીત ! તું કહે છે કે પૈસાદારો અમારા માલીક છે. એને પોષવા માટે અમે કાળજી રાખીએ છીએ. આ તું આક્ષેપ નથી કરતો ?

નવનીત– કોઈ ગરીબ કે સાધારણ તમારા બંધારણથી સ્હેજ ઉપરવટ જશે, તો તેને પીખી નાખશો અને કોઇ વગવસીલા વગરનો કન્યા બહાર દેશે તો હેરાન હેરાન કરી મૂકશો. કોઈ બાળ વિધવા પુનર્લગ્ન કરશે તો તેને પીસી નાખશો. સાસુસસરાની, દીયર–જેઠની ચકકીમાં કોઇ વિધવા પીસાતી હશે અને રોડ નાખતી આવશે તો હસી કહાડશો. મરજી આવશે તેને ન્યાત ને ધોળ બ્હાર કરશો. તેને ન્યાત કે ધોળમાં આવવું હશે ત્યારે અરજી માગશો, જામીન માગશો, દંડ કરશો એવી કેટલીયે વિધિઓ થયા બાદ તેના ઉપર મહા ઉપકાર કરતા હો તેવી રીતે વર્તશો. જ્યારે કોઇ માલદાર માનવી પાંસઠ વર્ષે બાર વર્ષની બાળા સાથે જો પરણવા નીકળશે તો પાઘડી ઉપર છોગાં ઘાલી લગ્નમાં ભાગ લેશો. કોઇ પોતાની દીકરી બહાર દેશે તો તે રૂપીયાના જોરે ડાંભશે અને તમે ડંભાશો. કોઇ એક ઉપર બીજી લાવશે તો કાન આડા હાથ કરશો. અરે ! કાયદા ઘડી છુટ આપશો. અને અનેક લાગવગ લગાડશો. કદાચ અણઘટતા સંજોગોમાં કોઇ વહેવારથી બહાર થયા હશે તો અનેક પ્રપંચો ખેલીને જુવાનોને દબાવી દેશો, ને ગમે તે ભોગે સામે પગલે જઇને તેના કપાળે કુંકુમ તિલક કરી એ માલેતુજાર માનવીને ભેળવી લેશો. એટલે અનેક રીતે તેમને રક્ષણ આપશો. આવી તમારી લાગવગ ને ખુશામતી મનોદશા છે. આ શિવાય તમારી કામ કરવાની પધ્ધતિ કેવી છે ? ગોર કે માણસ ફેરવી ન્યાત ભેગી કરશો. રાખેલ વખત પ્રમાણે ન્યાતીલા ભેગા થશે. બે ત્રણ કલાક સુધી સહુ બગાસાં ખાશે. આખરે બે ત્રણ તેડે પટેલો ને માલદાર પધારશે એટલે કામ-કાજ શરૂ થશે. એનો અર્થ એ થયો કે બે ત્રણ આગેવાનો એટલે ન્યાત. બાકીના સૌ મફતીયા. ત્યાં બ્હેનો માટે તો સ્થાન જ કયાં છે? કામકાજ શરૂ થતાં કલાક–બે કલાક તો સૌ ચૂપચાપ રહેશે. કોઇ કામ રજુ કરશે જ નહિ. આખરે લોક કંટાળી જવા માંડશે, કોઇ આડા થશે કે ધાર્યું કામ પાર કરી તમે ચાલવા માંડશો. ન મળે કોરમ કે ન મળે કામકાજની નોંધ ! લાયક કે નાલાયક વંશ પરંપરાનો શેઠ પ્રમુખના તકીએ બેસશે. કોઇ સાચી વાત કહેવા ઉઠયો કે બેસાડી દેશો. માથાકૂટ કરનારા માથાકૂટ કરતા રહેશે ને તમે ચાર જણ નકકી કરીને આવ્યા હશો તે જ પ્રમાણે કામ આટોપી લેશો આ તમારૂં વહીવટી ધોરણ વ્યાજબી છે ? તમારા કાયદા તપાસો તો જણાશે કે સગપણ ને લગ્ન અંગે, ખાવાં પીવાના, આપ લે કરવાના, એટલે કન્યા લેવડ–દેવડ સિવાયના સમાજ ઉન્નતિ અંગે કોઇ નિયમ છે ? એ કહેશો ?

કાકા––ન્યાતોનાં બંધારણ તોડી નાખી બધું એકાકાર કરવાથી સમાજની ઉન્નત્તિ થશે ?

નવનીત–હા—

કાકા–શી રીતે ?

નવનીતઃ–પહેલાં તો હાલની ન્યાતો; ધોળો અને તડોનાં બીન ઉપયોગી બંધારણ દૂર કરી તેના સ્થળે નવાં બંધારણ બાંધશું. તેમાં વાડા જેવું કશું નહિ હોય.

સમગ્ર જૈન સમાજ સાથે કન્યા લેવડ દેવડની છુટ હશે તમામ ભાઇ બ્હેનને સરખા હકક રહેશે, પુરૂષ અને સ્ત્રીમાં ઉચ્ચ નીચનો ભેદ નહિ હોય.

લગ્ન અંગે જેટલાં હકક પુરૂષ ભોગવશે તેટલાજ હકક સ્ત્રી ભોગવશે. વિધવા અને વિધુર પ્રત્યે માન રહેશે. બાળલગ્ન, વૃદ્ધ વિવાહ, કન્યા વિક્રય, એક ઉપર બીજી અને રડવા કુટવાના હાનીકારક રિવાજો તરત બંધ થશે કુમાર અને કુમારીનાં સગપણ તેમની સંમતિથીજ થશે. કેળવણી માટે ખાસ નિયમો ઘડાશે. કેળવણીના સાધનો ઉભા કરવામાં આવશે. શારીરિક કેળવણી માટે વ્યાયામ મંદિરોની ગોઠવણો થશે. કુમારીકાઓને કેળવણી આપવા તરફ લક્ષ આપવાના ખાસ નિયમો ઘડાશે. બેકારો માટે રોજગારની યોજનાઓ ઘડાશે. વહીવટ ભેદભાવ વગર બંધારણસર ચાલશે. પટેલશાહી અને શેઠશાહી જેવી પેઢી ઉતાર સત્તાઓ નાબુદ થશે સમાજ રૂપી વૃક્ષને નવપલ્લવ બનાવવા પુરતી કાળજી રહેશે. આ વ્યવસ્થા થતાં સમાજની ઉન્નતિ નહિ થાય ?

કાકા–જરૂર થાય.

નવનીત–તો પછી એ બીન ઉપયોગી તંત્રને ફગાવી દઈ ઉપયોગી સુધારા માટે કમર કસોને ?

કાકા–મને એ બધું થવું આકાશ કુસુમવત્ લાગે છે. એટલે જુનું સોનું ગણી બેઠાં છીએ, ત્યાં તો ચોપટે પગ મૂકતાં જ રવો ભણશાળી બોલી ઉઠયોઃ—

એ..............મગન કાકા સાંભળ્યું ?

—અપૂર્ણ.

# "માર્ગ ભૂલ્યા"ની નોંધનીશીમાંથી.

સંપાદક : : રા. 'આનંદી'

......રખડતાં એક નોંધનીશી જડી. રંજ વિના નોંધનીશી નહિ વાંચવાની લાલચ હું રોકી શક્યો નહિં. માનસશાસ્ત્રના અભ્યાસનો જ્હેને શોખ છે તે આમાથી ઘણું જાણી શકશે. ચોપાસ વસતાં માનવોનાં જીવનનાં દષ્ટિકોણો અને જુદા જુદા જીવન મૂલ્યો જાણવાં જ્ઞાનની દષ્ટિએ ખૂબ ઉપયોગી છે. આ નોંધનીશીકાર એનું દષ્ટિકોણ સરસ રીતે ને નિખાલસતાથી વર્ણવે છે.

એના લખનારનું એમાં નામ નથી. પૂરૂં વાંચ્યા પછી મ્હેં એને 'માર્ગ ભૂલ્યા'નુ ઉપનામ આપ્યું છે. તમે એથી ચીડાશો નહિ. પૂરૂં વાંચ્યા પછી, મ્હને ખાત્રી છે કે યોગ્ય ઉપનામ આ નોંધનીશીના લેખકને બક્ષ્યા બદલ તમે મ્હને અભિનંદન આપશો.... ... ... ... ...સંપાદક.

( ૧ )

જૂની ત્વારીખો જાળવી રાખવા હું નોંધનીશી લખવી શરૂ કરૂં છું. અતિશ્યોકિત વિના હું કહી શકું કે હું મહાપુરૂષ થવા જ સર્જાયો છું. મ્હેં પ્હેલું ભાષણ કર્યું......બાગમાં......અલબત્ રા......ની સહાયથી—પરંતુ એ ખૂબ વખણાયું હતું. ત્યારથી મ્હને ખાત્રી છે કે હું સરસ વકતા પણ છું.

( ૨ )

સ્વદેશીની ચળવળ જેવી હાનીહિન ચળવળ આ લડાઇના વખતમાં બીજી એકે નથી. મુલ્કી આઝાદી ખાતર—ઘણી વસ્તુઓના, ઘણી ફરજોના ભોગે—મ્હેં એ ચળવળ ઉપાડી. સુબો બન્યો. પ્રચારની છેલ્લી પ્રથાઓ તમે શીખી લો તો લોકસમુહ સમક્ષ તમારૂં નામ હંમેશ તરતું રહે. હું દેશ નેતા બન્યો. સભાઓ ગાજી, છાપાંઓ મ્હારા ફોટો છાપી રહ્યાં......મ્હારા નામના જયધ્વનિ ગવાયા. પણ આ બધાંનો આદિ અને અંત હું જ કરતો.

( ૩ )

આ કોંગ્રેસવાળાઓને કોઇ સમજાવશે? પેટ ઘેર મૂકીને આવવાની એ વાત કરતા લાગે છે! હું ભોગ આપું સમયનો, ચાલુ કમાઇ હું જતી કરૂં પરંતુ ભૂખે પેટે કામ કરવાનું મ્હને નહિ પાલવે. ધંધામાં કમાતો હતો તેટલું ભંડોળમાંથી હું લઉં.—કાલ, કાલ કદાચ હું પકડાઉં, ઘાયલ થાઉં કે મરી જાઉં તો મ્હારાં સંતાન શું ટળવળે? ના, ના, ના. એવી પામરતા હું એમના પર આરોપવા નથી માગતો. હું ભંડોળમાંથી વાડી વજીફા ન બનાવું. મોટરો ન વસાવું પણ બે ચાર હજાર મ્હારાં બાળકો સારૂ પણ ન લઉં? એ કેમ બને?......અને મ્હેં બાળકોની ચિંતા ભંડોળમાંથી દૂર કરવાનો નિશ્ચય કર્યો છે. આંકડાનાં જાદુ કરતાં મ્હને આવડે છે.

( ૪ )

થઇ રહ્યું. ધારી હતી ત્હેથી ઘણા થોડા સમયમાં લડત સમેટાઇ ગઈ. બાળકોની મ્હારી ચીંતા અર્ધી લગભગ અધુરી રહી ગઇ. હવે......હવે મૂકેલો ધંધો આજીવિકાર્થે મ્હારે કરવો પડશે. આ હરિજન ચળવળની ઘેલછા બાપુને શિદ લાગી?

( ૫ )

ધંધામાં દિલ ચોંટતું નથી. ત્હાં સુબાગીરી નથી. કોઇ મ્હારા નામના જયનાદો નથી કરતું. અને બાળકો સારૂ એકઠી કરેલી રકમ પણ પૂરી થવા આવી છે. કોઇ, કોઇએ કેમ મ્હને પૂછતું નથી? મ્હારી મહત્તા કેમ કોઇ સ્વિકારતું નથી?

( ૬ )

નાલાયક, દુષ્ટ પેલો......મ્હને નડે છે. એની મહત્તા મ્હને અંધકારે છે. એનું તેજ મ્હને ઝાંખું પાડે છે. એ હઠે, મરે કે માંદો થાય તો જ હું જળહળી શકું. એના તેજ પર, એના મ્હોં પર હું કોઇ ગ્રહણ લગાવી દઉં. પછી, પતન્, પતન્ એનું અને બંદા બસ કીર્તિ શિખરે. એને હક્ક શો છે મ્હારી આડે આવવાનો? દુષ્ટ, નાલાયક, નાદાન.........................................

( ૭ )

શું કરૂં પેલાને હઠાવવાને? એને ચોર ઠરાવું? ના, લોક એ માનશે નહિ. એને ગાળો દઉં? એવી હિમ્મત મ્હારે ક્યહાંથી આણવી? એની જોડે લડાઇ કરૂં?......તો......તો હું ગુન્હેગાર દેખાઉં! ત્યારે?......ઠીક સુઝયું. લોકોને એ માનવું મુશ્કેલ નહિ બને.

( ૮ )

એ પણ અજમાવી જોયું. થોડીક હો હા થઇ. લોક રસે મ્હડયું. પણ પેલો હસતે મુખે એ બધું પી જતો લાગ્યો. કેટલો બેશરમ! એના ચારિત્રની ચર્ચાઓ ચાલે, લોક અંગુલી નિર્દેષી એને ઓળખાવે, પણ એના મ્હોં પર એક રેખા ન હાલે. તંદુરસ્ત ને હસતો હતો ત્હેવો ને ત્હેવો જ......મ્હારી યોજના નિષ્ફળ નિવડી. મ્હારી કીર્તિ આડેનો એ પડદો ન હટયો, ન તૂટયો, ન ચીરાયો.

( ૯ )

દાકતર ચંદુલાલ, દાકતર સુમંત, ને ઇંદુલાલ ગૂજરાતમાં ચમકે છે. કનૈયાલાલ મુન્શી, રમણલાલ દેશાઇ સાહિત્યનાં સૂર્યો મનાયા. પેલા મહેરઅલી, અશોક સોસીયાલીઝમના સંદેશવાહક ઠર્યા. આ અતિ સામાન્ય એવા ગણપતિશંકર ને પાટીલ કોન્ગ્રેસના મંત્રીઓ બન્યા. કોઇ મંત્રી થયા કોઇને કોઇ સંસ્થાના. કોઇ પ્રમુખ બન્યા કોઇને કોઇ સંસ્થાના. અને હું?

હું, એક જૂનો કોન્ગ્રેસ નેતા, એક પ્રખર સમાજ સુધારક, એક ભવ્ય લેખક ને એક અદ્વિતિય વકતા, એક પ્રચંડ પ્રચારક ને અજોડ સુબો મ્હારૂં સ્થાન—નહિ ત્રણમાં, નહિ તેરમાં, નહિ છપ્પનના મેળમાં. કારણ! કારણ શું?

( અનુસંધાન માટે જુઓ ......પૃષ્ઠ ૧૭ મું )

# વનસ્પતિકાય—ને—માનવકાય.

કંઇ પાંદડીઓ, કંઇ પાંખડીઓ,
તહીં ચગદાયે ! કો' અટકાવો !'
કંઇ કુમારીઓ, કંઇ સુકુમારો,
યજ્ઞે હોમાય ! કો' વ્હાર કરો !

કંઈ કુંવારીઓ, કુમળી કળીઓ,
છુંદાતી રે ! કો' ખ્યાલ કરો !
કંઇ બાળાઓ, કંઇ વિધવાઓ,
કચડાતી રે ! કો' સ્હાય કરો !

કંઇ પૂર્ણ ખીલ્યાં, કંઇ અર્ધ ખીલ્યાં,
કુસુમો કચડાનાં ! બચાવો કો' !
ઉગતાં બાળો, ખીલતા તરુણો,
બલિદાન ધરાતાં ! બચાવો કો' !

વિકસી વેલ્યો, ઉગતા છોડો,
કાં કાપો રે ! અરેરાટ ધરો !
ઉગતી યુવતિઓ, ઉગતા યુવકો,
પ્રગતિ–પથ પળતા કાં રોકો ?

**"વનસ્પતિકાયે"** હૈયાં બહલાવ્યાં,
કંઇ આત્મ રડયા ! પ્રાયશ્ચિત્ત કર્યાં !
**"માનવકાય"** હણાતી રહી,
ના વ્હાર કરી, મીઠી નજર ધરી ! ! !

'વાણીયા' વિષે ટીકાઓ સાંભળેલી–
"વાણીયો કીડી મંકોડીની દયા કરે.
—પણ ગરીબને ચૂસતા પાછો ના હઠે"
"પુષ્પ ચુંટતા અરેરાટતો વાણીયો
શ્રમજીવીના કુમળા બાળોનો રોટલો નિર્દયપણે ઝુંટાવે"
વળી મ્હારો એક અંગત પ્રસંગ–
દેવ–મંદિરમાં અણજાણ્યું એક પુષ્પ
મ્હારાથી છુંદાઇ ગયું—ને એક મહાશયનું હૃદય ચીરાયું–
"અરરર ! ફુલ કચર્યું ! ! કેવાં કરમ બાંધશે
મા'રાજ પાસે પ્રાયશ્ચિત્ત લઇ લેજો" આ અહિંસક મહાશયને લોકો 'કસાઈ–વાણીયો' કહેતા–ગરીબોને એ ચૂસતો–હું એને Shylock કહુ.

મ્હારૂં કાવ્ય આમાંથી જન્મ્યું છે. વનસ્પતિકાય–પુષ્પો વિગેરે–
સ્થાવર વસ્તુઓ પ્રતિ અહિંસાવૃત્તિ દાખવતો ને માનવો–બાળ વિધવાઓ, બાળલગ્નો ને અણમેલ લગ્નોમાં હોમાતા કન્યા–કુમારો વિગેરે ચેતનોને જુલ્મ ચક્કીમાં પીસતો માનવી દંભી ન તો શું ? જૈનોમાં એક સાવ આવો વર્ગ અસ્તિત્વ ધરાવે છે–આ પ્રત્યે મ્હારૂં સૂચન છે–

My poem implise this—
આથી વનસ્પતિ પ્રત્યે નિર્દયતા નથી સૂચવાતી.
How trifles triumph over things of importance !
Who is at foult ? The led or the leader ?
**"વાણીઓ કે મા'રાજ ?**

**શ્રી ભાઇલાલ બાચીશી.**

# 'સંતતિ નિયમન' વિષેનું પ્રચારકાર્ય.

મીસીસ સેંગરેના ભાષણોએ આ મહત્વના વિષય ઉપર જનતાને વધુ રસ લેતી કરી છે. ગાંધીજી તેમજ અન્ય સમાજ સુધારક નેતાઓએ અત્યારસુધીમાં આ અંગેનું કંઇક પ્રચાર કાર્ય કર્યું છે. પરંતુ રાજકિય અને તેવાં વિવિધ પ્રકારનાં આંદોલનોને લઇ આ પ્રશ્ન ઢંકાઈ ગયેલ. દેશનું ધન ધાન્ય કે આર્થિક સંપત્તિનું વાર્ષિક ઉત્પન્ન જો આખીએ પ્રજાની સામાન્ય જરૂરિયાતો પુરતું ન હોય તો તે દેશમાં ભૂખમરો, ગરીબી કે રોગો વધે તે સ્હેજે સમજાય તેવી બીના છે. સંતતિ નિયમનનો પ્રશ્ન અત્યંત નાજુક હોઇ, અત્યારસુધી આપણી સામાજીક સંસ્થાઓએ કે જાહેર વ્યક્તિઓએ તે પ્રશ્નને અંગે જે પ્રચાર કાર્ય કરવું જોઇએ તે કરેલ નથી, હજી એ શિષ્ઠતાને નામે આ પ્રશ્ન અંગે જે સૂગ દાખવવામાં આવે છે તે 'સનાતનીયાપણું', આપણામાં કેટલું ઉંડું ઘર ઘાલી બેઠું છે તે દર્શાવે છે. આ પ્રશ્નને અંગે ફકત વિશાળ સ્વરૂપમાં જ નહિ પરંતુ અત્યંત ચીવટ અને ઝીણવટ ભર્યું પ્રચારકાર્ય થવાની જરૂર છે. જનતાની અંદર સંતતિની વૃદ્ધિ અગેની જે જુની ભાવનાઓ પેસી ગઇ છે તેને નાબુદ કરતાં ઘણોએ સમય વીતી જવા સંભવ છે. બાળલગ્નોને લીધે શારીરિક કાંગાલિઅત. શારીરિક કાંગાલિઅત એટલે સરેરાસ ટુંકા આયુષ્ય અને તેટલો જ દેશને થતો આર્થિક ગેરલાભ. આ બધાં પાછળ થતો શકિત વ્યયનો આપણે સરવાળો કાઢીએ તો દેશની અધોગતિનાં મૂળ કારણો શાં શાં છે અને તેમાંથી ધડો લઇસમગ્ર પ્રજાની રહેણી–કહેણીમાં શું પરિવર્તનની જરૂર છે તે માટેનો અમૂલ્ય બોધપાઠ મળી શકે. પ્રત્યેક કુટુંબને આ વિષેનું જ્ઞાન આપવા માટે મહાભારત પ્રયત્નો થવાં જોઇએ. ઉંડી ધાર્મિક ભાવનાવાળા દેશમાં આ કાર્ય વિશેષ મુશ્કેલ બને છે એ ખરૂં, પરંતુ દેશનું વસ્તી પ્રમાણ નિરંકુશ રહેતાં પ્રજાની સર્વદેશીય પ્રગતિનું જે રૂંધન થવાની ભીતિ રહે છે તે જોતાં એ મહાભારતકાર્ય હાથ ધર્યા વિના છૂટકો નથી. એક સામાન્ય કુટુંબમાં કુટુંબની કમાણી કરતાં નિભાવવાની વિશેષ સંખ્યા હોય તો તેટલે અંશે કુટુંબનો, અન્ય સભ્યોનો વિકાસ અટકે છે. તેવી રીતે હિંદ જેવા પરાધિન દેશમાં, કે જ્યાં ઉદ્યોગો અને વેપાર ખીલી શકે છતાં પરાધિનતાને લઇ ખીલવવાની પુરી તક નથી મળતી ત્યાં આ વિષે જરા પણ શિથિલતા સેવવામાં આવશે તો તે આપણા વર્તમાન અને ભાવિ માટે જોખમકારક અને બીજી પ્રજાઓની પ્રગતિની સરખામણીમાં પીછે હઠ કરનારી જ નીવડશે.

આપણાં તંદુરસ્ત ખાતાંઓ, સાર્વજનિક દવાખાનાંઓ, મહિલા સંસ્થાઓ અને સમાજ–સેવા કરતી સંસ્થાઓ આ પ્રશ્ન પરત્વે જાગૃત રહેશે તેવી આશા સેવીએ.

**શ્રી નાનાલાલ દોશી.**

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

## વાર્ષિક સામાન્ય સભા.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભાની એક મીટીંગ તા. ૨૬-૧-૧૯૩૬ રવિવારના રોજ બપોરના ૩ વાગે (સ્ટા. ટા.) સંઘની ઓફીસમાં શ્રી માણેકલાલ એ. ભટેવરાના પ્રમુખપણા નીચે મળી હતી, તેમાં નીચે મુજબ કામકાજ થયું હતું.

ગઈ મીટીંગની મીનિટ વંચાયા બાદ પ્રમુખશ્રીની સહી થયા પછી નીચે મુજબ ઠરાવો થયા હતા.

**ઠરાવ.** ૧ કાર્યવાહક સમિતિએ પાસ કરેલો, ઓડીટ થયેલો હિસાબ રજુ કરવામાં આવ્યો. અને ઘટતી ચર્ચાબાદ સર્વાનુમતે પાસ કરવામાં આવ્યો.

૨ રીપોર્ટ રજુ થયા બાદ રતિલાલ સી. કોઠારીની દરખાસ્તથી અને મોહનલાલ પાનાચંદ શાહના ટેકાથી સર્વાનુમતે પાસ કરવામાં આવ્યો.

૩ સંવત ૧૯૯૨ ની સાલની કાર્યવાહક સમિતિ અંગેના ૧૯ ઉમેદવારોનાં ઉમેદવાર પત્રો આવ્યાથી તેમાંથી ઓધ્ધેદારો સહિત ૧૬ સભ્યોને નીચે મુજબ વોટીંગમાં ચુંટવામાં આવ્યા.

**મંત્રી તરીકે:-**

અમીચંદ ખેમચંદ શાહ.
મણીલાલ એમ શાહ.

**ખજાનચી તરીકે:-**

જમનાદાસ અમરચંદ ગાંધી.

**સભ્યો તરીકે:-**

મનસુખલાલ હીરાલાલ લાલન.
માણેકલાલ એ. ભટેવરા.
વલ્લભદાસ ફુલચંદ મહેતા.
રતિલાલ સી. કોઠારી.
નાનચંદ શામજી શાહ.
ચન્દ્રકાન્ત વી. સુતરીયા.
મણીલાલ જયમલ શેઠ.
તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી.
રમણલાલ ચંદુલાલ શાહ.
વાડીલાલ આશાલાલ શાહ.
મોહનલાલ પાનાચંદ શાહ.
ડાહ્યાભાઈ વી. મહેતા.
ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ.

**કો-ઓપ્ટથી:-**

કેશવલાલ મંગળચંદ શાહ.
માધવલાલ હીરાલાલ શાહ,
હીરાલાલ ચુનીલાલ મણીઆર.
ગીરધરલાલ બાપુલાલ કાપડીઆ.

**ઓડીટર તરીકે:-**

જેશિંગલાલ પુનમચંદ શાહ.
ચીમનલાલ પ્રાણજીવનદાસ શાહ.

ગતવર્ષની કાર્યવાહક કમીટિ અને ઓડીટરોનો તેમણે કરેલ કામકાજ માટે આભાર માનવામાં આવ્યો,

ઉપર મુજબ કામકાજ થયા બાદ સભા વિસર્જન થઈ હતી.

---

( અનુસંધાન.........પૃષ્ઠ.........પ થી ચાલુ. )

મ્હારામાં લાયકાત નથી એમ ભાગ્યે જ કોઈ કહી શકે. મ્હારી રેખાઓ પેલા જોશીએ જોઈ હતી તે મુજબ મહાન નેતાની છે–ગીરી જહેટલા ભવ્ય ને સૂર્ય જહેટલા તેજસ્વીની. ધંધામાં પણ કોઈ ડઝનેક 'ટુ સીટરસ' હોવાનું એ કહેતો હતો. પણ, પણ એ ક્યહાં છે? ભાવિના ક્ષીતિજ લગી તો એ જણાતું નથી. કેટલું પાસે છે છતાં કેટલું દૂર લાગે છે?

( ૧૦ )

આનું કારણ છે પેલો નરાધમ. એના નાશમાં મ્હારો વિજય છે. મ્હારી પ્રગતિનો એ રોધક છે. મ્હારી મહત્તાઓ એ ઝાંખી પાડે છે. એ હટવો જોઈએ. જરાયે શરમ વિના, જરાક પણ દયા વિના, એકલે હાથે ને મકકમ દીલે મ્હેં એ કાંટાને દૂર કરવાનું નક્કિ કર્યું છે. મ્હારા હૈયામાં લાવારસ ભર્યો છે એને બાળી નાખવાને. મ્હારી આંખોમાં વહ્નિ ભર્યો છે. એને ભસ્મ કરવાને... ... પણ, પણ, એને જોઉં છું ને હું શાંત પડી જઉં છું. જાહેરમાં એને હટાવવાની મ્હારી હિમ્મત જતી રહે છે. અને પડદા પાછળથી કંઈક કરૂં છું તો એ એને સ્પર્શતું નથી. અજેય હાસ્યે એ બધું ખંખેરી નાખે છે.

કાંટો દૂર કરવાની હવે તો મ્હેં પ્રતિજ્ઞા લીધી છે. અને પ્રતિજ્ઞા પૂરી ન કરૂં ત્યહાં લગી નોંધનીશી નહિ લખવાનું મ્હેં નકિક કર્યું છે. ઈશ્વર મ્હને જોમ આપો! મ્હને કૌવત આપો! મ્હને હિમ્મત બક્ષો!

[સંપૂર્ણ]

---

**ઘાસલેટ છાંટી કરેલ આત્મહત્યા.**

આ શ્રી સાગરાનંદના શિષ્ય મુનિ મનહરસાગર, તેમના ગુરૂએ બહિષ્કાર કરવાથી કે જાતે અલગ થવાથી, ગમે તે કારણે ગુરૂથી છુટા પડી લાંબો વિહાર કરી તેમના ગુરૂની જન્મભૂમિ–કપડવંજ જતાં હતા. કપડવંજ જવાની આગાહી સાગરજીને લાગવાથી તેમણે કપડવંજમાં પોતાના ભક્તોને લખી જણાવ્યું કે મનહરસાગર એકલ વિહારી છે માટે ત્યાં આવે તો તેને ઉતરવાને માટે સ્થાન આપશો નહિ. તે પ્રમાણે તેમના ભકતોએ મનહરસાગરે ઉપાશ્રયે ઉતરવાની સંઘ પાસે રજા માગતાં સ્થાન આપવાની ચોખી ના પાડી. બીજી ધર્મશાળાએ ગયા ત્યાં પણ તે જ સ્થિતિ. આખરે ગામ બહાર ધર્મશાળામાં માંડ માંડ સ્થાન મળ્યું. આવી રીતે પોતાની જાતને હડધૂત થતી જોઈ મનહરસાગર મુંઝાયા જેથી રાત્રીના આઠનો ટાઈમ થતાં પોતાના દેહ પર ઘાસલેટ છાંટી. આત્મહત્યા કરી જીવનલીલા સંકેલી લીધી. આ ઘટના અંગે તપાસ થવાની ખાસ જરૂર છે.

**તંત્રી સ્થાનેથી.**

# જૈનોની જાગતી સંસ્થા.

આવી તો કોડીબંધ સંસ્થાઓ છે જૈનોની પરંતુ ક્ષણીક સંસ્થાઓને વર્ષાઋતુમાં ભિંજાઇને બગડેલા પોતાના નામના પાટીઆઓ નવેસરથી ચિતરાવવા સિવાય વર્ષભરમાં બીજો કાર્યક્રમ નથી. કેટલીક એવી છે કે બે પાંચ વર્ષે બે ચાર જણા ભેળા થઇને કોઇકને અભિનંદન કે વિરોધ બતાવી છાપાંઓમાં એમનું મૃત્યુ નથી થયું એવી જાહેરાત આપે છે. ત્હારે બહુજ થોડી—કદાચ એક હાથના વેઢે ગણાય એટલીજ સંસ્થાઓ જીવે છે. કૈંક પ્રવૃત્તિ કરે છે એમ લાગે છે. અને એમાંય સેવાની દૃષ્ટિએ શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ સૌથી મોખરે ઉભેલું અમે જોઇએ છીએ.

જૈન વ્યાયામશાળા, જૈન બેંડ, અનાજ ઇ. મદદ ખાતું, જૈન વિશ્રામ મંદીર, માંદગીનાં ઉપયોગનાં સાધનો પૂરાં પાડવાં, એ કામ એમના નિત્ય કર્મ ઉપરાંત આ સ્વયંસેવક મંડળ સંભાળે છે,

અને......'મોતિલાલજી આવે છે,' 'વલ્લભભાઈ આવે છે,' 'રાજેન્દ્ર બાબુ આવે છે,' એ સમાચાર સહિત સ્વયંસેવક મંડળોને કોન્ગ્રેસ હાઉસમાંથી હુકમ છૂટે છે 'જલદી આવો'......અને સૌને મોખરે, ચીલ ઝડપથી સજ્જ થએલા જૈન યુવાનો દોડી જઇ સેવા કરતા જણાય છે. બેંડથી સત્કાર ગીતો ગજવતા જણાય છે. અને કર્ત્તવ્યના સાદને માન આપવાની એમની ત્વરા અને તત્પરતા આપણાં અભિનંદન માગી લે છે,

જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ ભરાય છે, યુવક પરિષદો ભરાય છે, રાષ્ટ્રીય મહાસભા ભરાય છે ત્હારે આ મંડળની સેવા તરી આવે છે, અને હંમેશાં એના કાર્યની નોંધ લેવાય છે.

જમણ થાય છે, પૂજા થાય છે, સાધુ પધારે છે ત્હારેય આ મંડળની સૌને જરૂર પડે છે.

એનું ધ્યેય છે સેવા, એના મુદ્રાલેખમાં 'આદર કે ફળ' પ્રત્યે એ બેદરકાર છે એમ સુચવે છે. અને સેવા કામીઓને યોગ્ય એ મુદ્રાલેખ છે.

આવા આ મંડળનો...જૈનોની આ જીવંત સંસ્થાનો—પંદરમો વાર્ષિક મહોત્સવ એકવીસમી જાન્યુઆરીએ શ્રી ભૂલાભાઇ દેશાઇના પ્રમુખપદે થયો. વ્યાયામશાળાનો વિકાસ કેટલો સરસ છે એ શ્રી પાટીલે એના વ્યાખ્યાનમાં એને 'અદ્ભુત' કહી વખાણ્યો એ પરથી સ્હમજી શકાય.

શ્રી ભૂલાભાઈ દેશાઇનું એ દિવસનું વ્યાખ્યાન ભૂલોથી ભરેલું હતું. એમણે ઇચ્છયું કે આ સંસ્થા જૈન શબ્દ દૂર કરી સાર્વજનિક બની રહે. અને એમનો ધ્વનિ એમ સુચવતો હતો કે માત્ર દેશની પ્રવૃત્તિ છતાં આ સંસ્થામાં જૈનો હોવાને કારણેજ એ જૈન સ્વયં-સેવક મંડળ કહેવાતું હતું. સંભવ છે કે અનેક પ્રવૃત્તિઓમાં ડૂબેલા શ્રી ભૂલાભાઇ આ મંડળની 'ધર્મ સેવાનો' મૂળ આદર્શ ન સ્હમજ્યા હોય.

આ મંડળ સ્થપાયું હતું જૈન ભાઇઓની સેવા અર્થે. અને આજે પણ એ એનું મૂળ ને મુખ્ય સાધ્ય છે—ઇતર પ્રવૃત્તિઓ તરીકે રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં એ ખૂબ સેવા કરે છે છતાંય.

અમે સાંકડી મનોવૃત્તિના નથી. જૈનોની આ સંસ્થા સમસ્ત દેશની સેવા કરે એ અમારે મન—જૈનોને મન—ગૌરવ લેવાનો વિષય બનશે.પણ એથી એમ નથી ઠરતું કે જૈનોની સેવા કરતું આ મંડળ કોઇ સાંકડાવાડામાં રૂંધાઈ રહે છે.

અને ભૂલાભાઇએ 'આ મંડળમાંથી અસંખ્ય મંડળો ઉભાં થાઓ. શેરીએ શેરીએ લત્તે લત્તે એની શાખાઓ થાઓ અને દેશની સેવા કરો,' કહીને તો આ મંડળે બજાવેલી દેશ સેવાને એમણે સરસ અંજલી આપી.

આવા આ મંડળના ચાલકોને અમે ધન્યવાદ આપીએ છીએ. જૈનોની આ ઉજવળ સંસ્થા માટે અમે મગરૂબ છીએ. અને એ ખૂબ વિકસો એમ અમે ઇચ્છીએ છીએ.

પંદરવર્ષના આ તરૂ પર હવે ખૂબ ફળ ફુલો આવો ને એની ફુલ—સૌરભ અને ફળ—સ્વાદ મુંબઇના માનવોનાં કલ્યાણ કરો એમ અમે આ—એની પંદરમી સંવત્સરીને—પ્રસંગે ઇચ્છીએ છીએ.

---

## —: સ : મા : ચા : ર :—

**નવવર્ષની બાળા દીક્ષાના ખપ્પરમાં.**

આકોલા (બીરાર)માં સ્થા. જૈન સમાજના ઋષિ સંપ્રદાયના મહાસતી અમૃતકુંવરજીએ એક નવવર્ષની અબોધ—ગભરૂ—નિરક્ષર બાળાને 'તરણ તારણહાર, જગદ્ગુરૂ'નો બીલ્લો લગાડી દેવાનું બીડું ઝડપ્યું છે. આ દીક્ષા તદ્દન અયોગ્ય હોઇ આકોલા, ઉમરાવતી. નાગપુર ખામગાંવ તેમજ આખા બીરાર પ્રાન્તની જૈન સમાજમાં ખળભળાટ મચાવી મૂક્યો છે. આકોલાના જૈન સમાજમાં વિદ્વાન ગણાતી બેએક વ્યકિત સિવાય આખોય સંઘ તેની વિરૂદ્ધ હોવાથી મહાસતીજી વિહાર કરી ખામગાંવ નજીક રાજાપીપળગાંવ નામના ગામડામાં ગયા છે. અને ત્યાં તાત્કાલીક દીક્ષા આપી દેવાના ખબર મળે છે. આવી તદ્દન અયોગ્ય વયે દીક્ષા આપી જૈન સમાજનો શું ઉદ્ધાર કરવાનાં છે? તે સમજાતું નથી. આશ્ચર્યની વાત તો એ છે કે આ કાર્યમાં સ્થા. સંપ્રદાયના મુનિરાજોએ સમ્મતિ આપેલી છે. આકોલામાં બેએક વિદ્વાન્ ગણાતા અગ્રગણ્ય ભાઇઓ આ બાળ-દીક્ષા આપી દઇ—ધર્મની દલાલી કરી પુન્યના કોથળા ભરવા ચાહે છે? આમાં શું ભેદ હશે તે પરમાત્મા જાણે? દરેક મનુષ્ય માત્ર આ નવવર્ષીયા ગભરૂ બાળાને નિહાળતાં જ કહે કે—અરેરે! આટલી ગભરૂ બાળાને દીક્ષા હોય? બીરારનો જૈન સમાજ જાગૃત થઇ દીક્ષાના ખપ્પરમાં હોમાતી કુમળી બાળાને બચાવવા સત્વર કમર કસે?

**ટ્રસ્ટએકટની મુદતમાં વધારો.**

મુંબઇ સરકારના સેક્રેટરીયેટ ખાતા તરફથી ધર્માદા ટ્રસ્ટ રજીસ્ટ્રેશન એકટ સંબંધી અભિપ્રાયો મોકલવાની તા. ૩૧—૧૨—૩૫ ની હતી તેને બદલે વધારો કરી તા. ૨૯—૨—૧૯૩૬ ની રાખી છે તો ટ્રસ્ટ ફંડનું રક્ષણ કરવા ઇચ્છા ધરાવનાર દરેકે પોતાના અભિપ્રાયો આ કાયદો જૈન સમાજને લાગુ પાડવા માટે મોકલી આપવા જોઇએ.

---

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી, ૧૩૪—૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે ૨૬—૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

કેવી શતાબ્દિ શોભે ?

Regd No. B.3220

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૧૯ મો.
શનીવાર તા. ૧૫-૨-૩૬

## પ્રથમ જૈન યુવક પરિષદની વર્કીંગ કમીટિના મંત્રીનું નિવેદન.

"જૈન યુગ" તા. ૧ ફેબ્રુઆરી અંકના છેલ્લા પાને સમાચારના મથાળા નીચે "પહેલી યુવક પરિષદનું ફંડ"ને લગતી જે હકીકત આવી છે તે વર્કીંગ કમીટિના કાર્યકર્તાઓને ખોટી રીતે વગોવનારી હોવાથી એ અંગે ખુલાસો કરવો પડે છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘે આમંત્રેલી ત્રણ ફીરકાની જૈન યુવક પરિષદ મુંબઇમાં શ્રી મણીલાલ કોઠારીના પ્રમુખપણા નીચે મળેલી. તેનો ઓડીટ થયેલો હિસાબ સ્વાગત સમિતિની તા. ૧૦-૪-૩૨ ના રોજ મળેલ કમીટીએ મંજુર કરેલો ને સમાજની જાણ માટે તા. ૨૩-૪-૩૨ ના "પ્રબુધ્ધજૈન" માં પ્રગટ કરાવેલો. ત્યારબાદ પરિષદની જે મીલ્કત વર્કીંગ કમીટિ હસ્તક આવી તે કયે સ્થળે સલામત પડી છે તે "જૈનયુગ" ના તંત્રી અને તેમના ગોઠીઆઓ આજ ઘડી સુધી જાણે છે. છતાં અમે સમજી શકતા નથી કે સમાજમાં આવી ખોટી વગોવણી કરવાનો શાથી પ્રયાસ થયો?

જાણે કે અજાણે જે ટીકા થઇ છે તે કેટલી ખોટી છે તે ખાતર આજ લગીના હિસાબની ટુંકી માહિતી નીચે મુજબ છે.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૦૬૩-૧૫-૦ | પરિષદ પાસેથી વર્કીંગ કમીટીને મળ્યા તે | ૨૨૨-૧૨-૩ | પ્રચારના ખર્ચના |
| ૪૨-૧૧-૦ | મણીલાલ એમ. શાહના દેવા | ૧૭-૦-૯ | પરચુરણ ખર્ચના |
| ૯૯-૧-૦ | ભેટના આવ્યા તે | ૯૬૮-૧૧-૦ | ધી બેન્ક ઓફ ઇન્ડિયામાં વર્કીંગ કમીટિએ કરેલ ઠરાવાનુસાર બંને મંત્રીઓ-મણીલાલ એમ. શાહ ને ડાહ્યાભાઇ મ. મહેતાના નામે |
| ૨-૧૩-૦ | સભ્યોના લવાજમના | | |
| ૧૨૦૮-૮-૦ | | ૧૨૦૮-૮-૦ | |

પરિષદ વખતે જે ફાળો થયેલો તેને વર્કીંગ કમીટિની સૂચનાનુસાર વસુલ કરવામાં આવ્યો નથી.

"જૈનયુગ" ના તંત્રી અને તેમના ગોઠીયાઓ (બોર્ડ) ઉપરની હકીકત જાણતા હતા છતાં વધુ વાર જાણી લે કે પરિષદના નાણાં કોઇ સ્થળે હવા ખાતાં નથી. તેમ કોઇએ ગેરવ્યાજબી ઉપયોગ કર્યા નથી કે ખવાઇ ગયાં નથી. પણ કમીટિના હુકમાનુસાર બેન્કમાં સલામત પડયાં છે. પછી "બીજાઓના હિસાબની ચોખવટ માટે માગણી કરતા યુવાન આગેવાનોએ પોતાના પગ નીચે બળતું તપાસવાની ખાસ જરૂર છે" એવી વાહીયાત અને ખોટી ટીકા કરનારને ભૂલ જણાય તો આવતા અંકમાં યોગ્ય સુધારો કરશે. અસ્તુ.

લી॰ આપનો વિશ્વાસુ,
**મણીલાલ એમ. શાહ.**
મંત્રી—શ્રી પ્રથમ જૈન યુ. પરિષદ.

### રાજનગરે.

**જૈન શ્વે. મૂ. યુવાન આલમનું દ્વિતીય અધિવેશન રાજનગરે (અમદાવાદ) ઇસ્ટરના તહેવારોમાં એટલે ચૈત્ર શુદિ ૧૨-૧૩-૧૪ ભરવાનું અમદાવાદ જૈન યુવક સંઘની જનરલ મીટિંગે નકકી કરવાથી જૈન યુવાનોમાં ઉત્સાહ વ્યાપી રહ્યો છે.**

**આ દ્વિતીય અધિવેશન એવે સ્થળે મળે છે કે જે આખા ગુજરાતને તેમજ સૌને અનુકુળ પડે તેવું મધ્યસ્થ સ્થળ એટલે ખાત્રી છે કે યુવાન આલમ એ પ્રસંગે અમદાવાદ ઉતરી પડશે.**

તરુણ જૈન

—: તા. ૧૫–૨–૩૬ :—

# કેવી શતાબ્દિ શોભે ?

એક જૈન સભાના પ્રમુખસ્થાનેથી, શ્રીયુત કીશોરલાલ મશરૂવાળાએ કંઇક વ્યંગમાં એવી મતલબનું કહ્યું હતું કે બ્રાહ્મણોના ઉત્સવોમાં પગલે પગલે સ્નાન આવે તેમ જૈનધર્મના કોઇ પણ સમારંભ કે ઉત્સવમાં એક વરઘોડો અને એકાદ મ્હોટું જમણ તો જરૂર હોય. જમણવાર અને વાજા એ બન્નેની અતિશયતાઓ આપણે ગળે કયારથી વળગી એ નથી સમજાતું. મુનિ મહારાજ ગામમાં પ્રવેશવાના હોય તો સામૈયાની સ્વારી કરવી પડે. પોથી–પાનાં પધરાવવાં હોય ત્યારે પણ ત્રાંસાને શરણાઇ વિના ન ચાલે. એ જ પ્રમાણે ઉત્સવો યોજાય એટલે જમણવારો પણ એની પાછળ અનુસરવાનાં. આપણી શકિત અને દ્રવ્યનો પણ આ બધામાં ઘણો વધારે દુરૂપયોગ થાય છે, એ હકીકતથી કોણ અજાણ છે ?

પાટણમાં જે શતાબ્દિ મહોત્સવ ઉજવવાનો છે તે સંબંધમાં જમણવાર વિગેરેની પાછળ વધારે પડતો ખર્ચ થાય એવો ભય રાખવામાં આવે છે. મર્યાદિત મહેમાનો આવે એમનું સ્વાગત તો જરૂર થવું જોઇએ. એમને ઉપવાસ કરાવવા એમ તો કોઇ જ નથી કહેતું. મતલબ એ છે કે એમાં પ્રમાણ જળવાવું જોઇએ.

કોઇ શ્રીમંત ગૃહસ્થની, કોઈ રાજા–મહારાજાની કે કોઇ મંદિર-તીર્થની શતાબ્દિ ઉજવાતી હોય તો શ્રીમંતાઇનો આડંબર બતાવવા, જમણ વિગેરેની પાછળ છુટે હાથે ખર્ચ કરવામાં આવે તો મને–કમને પણ એ નીભાવી લઇએ. પરંતુ જે વખતે એક સંયમી, સત્યશોધક, જ્ઞાનના ઉપાસકની શતાબ્દિ ઉજવાતી હોય ત્યારે શ્રીમંતાઇના પ્રદર્શન અશોભનીય થઈ પડે.

મહાપુરૂષોના સ્મારક પણ એમની આંતરિક તપસ્યાને અને સાધનાને શોભે તેવાં જ થવાં જોઇએ. શ્રીવિજયાનંદસૂરિની શતાબ્દિને બાહ્ય આડંબરો, ઠઠેરાઓ કે ખોટાં ખર્ચો વડે આપણે અભડાવવી ન જોઇએ. એમના જીવન કાર્યની સાથે, એમના જીવનસંદેશની સાથે ભળી જાય એ રીતે જ એ સ્વર્ગસ્થ આચાર્યની યાદગીરી યોજાવી જોઇએ.

જે મહાપુરૂષે પંજાબ, મારવાડ–મેવાડ અને ગુજરાત–કાઠીયાવાડની અનેકવિધ વિટંબણાઓનો સામનો કરી પોતાની વિહાર સીમા વિસ્તારી, જેમણે સત્યની ઉપાસના–આરાધના અર્થે પોતાના વ્હાલા વાડાનો, સર્પ જેમ કાંચળી છોડે તેમ ત્યાગ કર્યો અને જેમણે અહોનિશ શાસ્ત્રીય ઉદાર ઉપદેશનો જ પ્રચાર કર્યો. એમના સ્મારકમાં મ્હોટાં જમણવારો કે આંજી નાખનારા દેખાવોને શી રીતે સ્થાન મળે ? એવા કૃત્રિમ આચરણોથી એ સ્વર્ગસ્થ આત્માને શાંતિ શી રીતે પ્રાપ્ત થાય ?

શ્રી આત્મારામજી મહારાજને પોતાને જ કદાચ પૂછવામાં આવે કે આપની શતાબ્દિ શી રીતે ઉજવી હોય તો આપને સંતોષ થાય ? એવી એક કલ્પના કરીએ. તેઓ હૈયાત હોય તો કદાચ જયંતિ ઉજવવાનો સખત વિરોધ કરે અને આપણને શિરોમાન્ય રાખવો પડે એ એક વાત જવા દઇએ. પરંતુ જો આપણામાં થોડી પણ તર્ક કે વિવેકશકિત હોય તો એ સ્વર્ગસ્થ પુરૂષને શું પસંદ હતું, શું નાપસંદ હતું એનો નિર્ણય તો સ્હેજે કરી શકીએ. એમના નામે જમણવારોમાં, ગરીબ જૈન સમાજનું દ્રવ્ય વેડફાય તો તેઓ સાંખી શકે નહીં એમ માનવાને આપણી પાસ ઘણાં સબળ કારણો છે.

બાહ્ય આડંબર વિષે એમને અભાવ હતો, એમનો પ્રિય વિષય અધ્યયન અને સંયમશુદ્ધિનો હતો. એમના જવલંત ઉપદેશો અને એમણે રચેલા ગ્રંથોમાં એમની અભ્યાસવૃત્તિ જૈનશાસન સંબંધી જ્વલંત શ્રધ્ધા પ્રકટ પણે દેખાઇ આવે છે.

શતાબ્દિ–ઉત્સવમાં પણ એ ભાવનાને જ પ્રધાનપણે સ્થાન મળવું જોઇએ. સામાન્ય શ્રીમંત કે રાજવીની શતાબ્દિને જે ધમાલ શોભે તે આ આધ્યાત્મિક અને જ્ઞાનીની શતાબ્દિને ન શોભે.

અમે તો એટલે સુધી કહીએ છીએ કે જ્યાં જ્યાં જ્ઞાનનો પ્રચાર છે, જ્યાં જ્યાં નિડરતા અને સ્વતંત્ર વિચાર શ્રેણી છે. જ્યાં જ્યાં બંધનમુકિત છે ત્યાં ત્યાં શ્રી આત્મારામજી મહારાજના આત્માના આશીર્વાદ વરસે છે. સંકુચિતતા, પામરતા, ગતાનુગતિકતા એ યુગ પુરૂષને પ્રિય ન હતી. સ્થાનકવાસી સંપ્રદાયમાં સંકુચિતતા ભાસી એટલે તો એમણે સિંહની જેમ ત્રાડ પાડી પોતાનો માર્ગ સાફ કરી વાળ્યો, સાધુવૃંદમાં પામરતા ભાસી એટલે તો એમણે પોતાના જ વડીલો–ગુરૂઓ સામે બળવો પુકાર્યો અને ગતાનુગતિકતાના ખાબોચીયામાં ગંધાઇ ઉઠેલાં પાણી નિહાળ્યા એટલે તો એ ઉલેચી નાખવા કેડ બાંધી.

એવા પુરૂષની શતાબ્દિમાં મ્હોટાં જમણવારો ન છાજે, વાજા ગાજા ન છાજે, એક પાઇનો પણ વ્યર્થ વ્યય એમના અદૃશ્ય આત્માને અકળાવી દે. જ્ઞાનમંદિર, જ્ઞાન પ્રચાર, જ્ઞાનની યુગાનુરૂપ આરાધના એ જ એમની સાચી શતાબ્દિ છે. એ જ એમનું અમર –અજોડ સ્મૃતિ મંદિર છે.

---

**( ચંદ્રશ્રીની શિષ્યા** .......પૃષ્ઠ........૪ થી ચાલુ )

"રેખા ! એમ નારાજ ન બન. જયારે સંયમ ઉદયે આવશે ત્યારે બધું અનુકુળ થઇ જશે. ચાલ હમણાં એ ભૂલી જા. હજુ તો ચાર ગાઉ બાકી છે. ઉઠ તો !"

રેખા ઉઠી. પાણીનો મોરીઓ હાથમાં લીધો અને રોહીણીશ્રીની સાથે ચાલવા માંડયું. એ ન્હાના ગામ વચ્ચેથી જતા રસ્તા પર થઇ તેઓ તે ગામની બ્હાર નીકળી રસ્તે પડયાં. એટલે રેખાએ પ્રશ્ન કર્યો.

"શુ આપને શંકા છે કે હું ત્યાગ ધર્મ નહી પાળી શકુ ?"

"ના. એમ તો નહી જ, પરંતુ એટલું ખરૂં કે વૈરાગ્ય વિના ત્યાગ તેના સાચા સ્વરૂપમાં ટકતો નથી. અને સંસારના મૃગજળ સમા સુખોનું સાચું સ્વરૂપ સ્હમજ્યા–અનુભવ્યા વિનાનાને જે વૈરાગ્ય આવે છે, તે સાચા વૈરાગ્યને બદલે વૈરાગ્યનો આભાસ માત્ર હોય છે એમ ઘણી વખત બને છે."

રોહીણીશ્રીએ સૌમ્ય ભાવે ઉચ્ચાર્યું: "અને સંસારના કડવા ઘુંટડા પીધા પછી ત્યાગ–સંયમ માર્ગ કેવો મીઠો લાગે છે. તે જાણવું હોય તો એક વિતક કથા હું કહું."

"ભલે. સંભળાવો" રેખાએ ઉત્સાહમાં આવી કહ્યુ".

"જો સાંભળ." રોહીણીશ્રી કથાની શરૂઆત કરે છે. વિહાર આગળ વધે છે... ... ... ... ... **ચાલુ.**

# ચોપટાની ચોવટ.

( ગતાંકથી ચાલુ

કાકા—શું ?

ભણશાળી—પેલા હેમુ મહેતાએ સૌની નામરજી છતાં એની દીકરી વિમળાને મેટ્રીક સુધી ભણાવી. એ વિમળાએ નાનપણમાં થયેલ સગપણ તોડી નાખી એક કાઠીઆવાડી નાગર સાથે પરણી ગઇ.

કાકા—ક્યારે ?

ભણશાળી—કાલ રાતે લગન થયાં. આજે મહેતાને ત્યાં તાર છે. મહેતા મેમાઇ છે.

કાકા—હળાહળ કળીયુગ આવી પહોંચ્યો 'દીકરી ને ગાય દોરે ત્યાં જાય' એના બદલે કરેલ સગપણ તોડી વાણીયાની દીકરી નાગરને જાય! પણ એમાં એને શો દોષ દઇએ! મહેતાનો જ વાંક છે. હું ઘણીવાર એને કહેતો—અલ્યા! રહેવા દે. આ દીકરીને ઘણું ભણાવે છે તે પસ્તાઇશ. ભણાવો! ભણાવો! છોડીયોને.

નવનીત—તમે ભણતરને શું કરવા વગોવો છો. એ ભણતરે જ એને ઉગારી લીધી.

કાકા—નવનીત! તું પણ બહુ દોઢ ડાહ્યો જણાય છે. ભણતરે એને ઉગારી લીધી કે એના મા બાપનું નાક કપાવી નાંખ્યું ?

નવનીત—એમાં નાક શું કપાવ્યું ?

કાકા—એના વડીલોએ કરેલ સગપણ તોડી નાગરને પરણે. એ નાક ન કપાવ્યું તો બીજું શુ ?

નવનીત—તમને ખબર છે? વિમળાનું બચપણમાં જે પૈસાદારને ત્યાં સગપણ કરેલું તે છોકરાને કેટલાંય વર્ષ થયાં આંચકી આવે છે. એક આંખે કાણો થયો છે. મહિને પાંચ રૂપેડી કમાવાની તાકાત નથી. ભાંગ ગાંજાનું વ્યસન વળગ્યું છે. ભણતરમાં કાળા અક્ષરને કુટી મારે છે. આવા અભણ—ગંજેરી ને રોગીની સાથે લગ્ન કરી જીવનને ધૂળધાણી કરવા કરતાં ગ્રેજ્યુએટ યુવાન સાથે લગ્ન કરવાની હિમ્મત કરી એ બદલ એને ધન્યવાદ આપવો જોઇએ. આપણે રાજી થવું જોઇએ. છતાં માલીકશાહી—વડીલશાહીના દોરે એ સ્વતંત્રતા આપણાથી ન સહન થાય તો મુંગા રહીએ પણ નાકના ઓઠે ખોટાં ગુલબાનો ન ઉડાડીએ.

કાકા—એમાં અમારે શું ? એના બાપને પસ્તાવું પડશે! પોકે પોકે રોતો હશે! ન્યાત પૂછશે ત્યારે જવાબ દેવો ભારે પડશે. દીકરા ક્યાં ઉતારશે દીકરા ?

નવનીત—એના બાપને કે માને કોઇનેય પસ્તાવો થતો નથી. એમને ઘેર તો સૌ હર્ષમાં મહાલે છે. ખુદ મહેતાએ જ કન્યાદાન દીધું છે. સૌની સંમતિથી આ થયું છે, ન્યાતની એને લગારે પરવા નથી. તેમ ન્યાતમાં દીકરા ઉતારવાનો એને મોહ નથી. એ તો એના બાળકોને લાકડે માંકડાં વળગાડી દઇ પરણાવવાના લહાવા કરતાં એ ભણાવવાના—કેળવવાના લહાવાને મહામૂલો લહાવો સમજે છે—સાચો લહાવો સમજે છે. આવો સાચો લહાવો લેવાનું આખી સમાજને સુજે તો દીકરીઓના ભોગ અપાતા અટકે. કેળવણી આગળ ધપે. ને બદસુરત સમાજ ખુબસુરત બને.

ત્યાં તો બાસઠ વર્ષની ઉમ્મરે બાર વર્ષની બાળા સાથે થોડા જ માસ પર ફેરા ફરનાર, મંદિરના મફતીયા કેશર સુખડનું ઢબ્બુ જેવડું કપાળમાં ટીલુ તાણનાર મનસુખ મામો તાડુકી ઉઠયો—

આજ કાલનાં છોકરાં માથે ચડી બેઠાં છે. ન્યાત જાતને ઉંચે મૂકવા માગે છે. દશા, સાળવી, સાંડેસરા, ભાવસાર, છીપા ને પટેલ બધાંને એક પંગતે બેસાડવા માગે છે, કાલે બીજાઓને બેસાડવાની વાત કરશે. ચાંપતા ઉપાય નહિ લ્યો તો વંઠી જશે વઠી ? જ્યારે ઢીલું મૂક્યું છે ત્યારે નાના મુંઢે આટલી વાત કરે છે ને ? શું હાંભળ્યા કરો છો ?

તરત જ એક યુવાને બીજા ન સાંભળે તેમ આસ્તેથી મામાને ચેતવ્યા. " રહેવા દ્યો......મોંહ ગંધાય છે " મામા ચેતી ગયા ને ડાવકા થઇ મુંગા રહ્યા.

એક યુવાન—મહેતાએ પોતાની દીકરીને મોતના મોંમાથી બચાવવા કેળવણી આપી બીજે પરણાવી તેમાં આપણે આટલી પંચાત શી?

કાકા—એ તારી ચતુરાઇ ભરેલી મોતની ને વગર મોતની વાતો રહેવા દે!

નવનીત—કાકા! એ ચતુરાઇ નથી કરતો. બરાબર કહે છે.

કાકા—શું કપાળ બરાબર કહે છે.

નવનીત—જો એને કેળવણી આપવામાં ન આવી હોત તો સ્વતંત્ર બુધ્ધિથી વિચાર કરવાની શકિત ખીલત નહિ. એટલે તમે કહો છો તેમ "દીકરી ને ગાય દોરે ત્યાં જાય" તે પ્રમાણે તેને પેલા રોગીયા સાથે પરણવું પડત. અને જેમ અનેકનાં જીવન ખારાં ઝેર થાય છે તેમ એના સંસારને આગ લાગત અને સરવાળે વિમળા કમોતે મરત કે રંડાત. જ્યારે કેળવણીએ એને વિચાર કરતાં શીખવ્યું. ને પિતાની સલાહથી લાયકાતના ધોરણે નાગર યુવાન સાથે લગ્ન કર્યું, એને એના જીવનનો વિચાર કરવાનો અધિકાર ખરો કે નહિ ? નકામી પારકાઓને આટલી હાયપીટ શી ?

ત્યાં તો મામો બોલી ઉઠયો—આ બધાં પારકાં ?

નવનીત—તમારે કાંઇ સગું વહાલું ? શાથી લોકોની ખોટી રીતે નિંદા કરી કેળવણીને ઉતારી પાડો છો ? કંઇક સમજો. જમાનો પૂર વેગથી દોડયો આવે છે. એની સામે થશો તો તણાઇ જશો.

ત્યાં તો મનસુખ મામા ફરી વાર ડાચું ફાડી દુર્ગંધ ફેલાવે તે પહેલાં જ મગન કાકાએ વાળુનો વખત થઇ ગયો છે ઉઠો! ઉઠો! કહી ચોપટાની ચોવટ સંકેલી લીધી ને સૌ વિખરાયું.

—અપૂર્ણ.

# ચન્દ્રશ્રીની શિષ્યા.

—: લેખક :—
'સુધાકર'

"...મ્હેં દીક્ષા લેવાનો નિશ્ચય કરી જ નાખ્યો છે. તે જાણ્યા પછી મ્હારાં વ્હાલસોયાં માતા પિતા પણ હવે તો મ્હારા વિચારને અનુમોદના આપી રહ્યા છે."

"જેને જન્મ આપ્યો તેનું કલ્યાણ વાંચ્છવું એ જ માતા પિતાનો ધર્મ છે. પણ......"

"પણ શું ?"

"કંઈ નહી."

"કંઇ નહી, એમ શા માટે ? શું આપને હજુ પણ મ્હારા નિશ્ચયમાં શંકા આવે છે ?"

"ના, ના, એમ નહી, પણ......પણ હું એક સાધ્વી છું. દીક્ષાની ભાવના સેવનારને પ્રોત્સાહન આપવું તે જ મ્હારો ધર્મ છે. પરંતુ ત્હારા જેવી એક નાદાન કુમારિકા આ વિકટ પન્થ સ્વીકારે તે મ્હારા હૃદયને નથી રૂચતું એટલું જ."

"વાહ ! આટલી યુવાન વયે ત્હમે દીક્ષા લઈ શકો. પાળી શકો. મ્હારા માટે આ શંકા ?! મ્હને એ નથી સ્હમજાતું કે ત્યારે ત્હમે શા માટે દીક્ષી લીધી ?"

"પ્રશ્ન બરોબર છે, પણ જે ત્યજ્યું તેને યાદ કરવું તે ત્યાગી ધર્મથી વિરૂધ્ધ છે. છતાં ટુંકામાં એટલું કે : 'જગતના ઝંઝાવાતોથી ત્રાસીને."

❖ ❖ ❖

સાધ્વી ચંદ્રશ્રીએ જ્યારે રાજનગરથી કાર્તિકી પૂર્ણિમા પછી ત્રીજે દિવસે વિહાર કર્યો ત્યારે તેમની ભકત શ્રાવિકાઓનો સારો એવો સંઘ તેમને દૂર દૂર સુધી વળાવવા માટે સાથે નીકળ્યો હતો. એ શ્રાવિકાસંઘમાં પ્રૌઢ સધવાઓ, યુવાન વિધવાઓ અને કુમારિકાઓ પણ હતી. અને એ કુમારિકાઓમાં રેખા નામે એક યુવાનીના ઉંબરમાં પગ મુકતી કુમારિકા હતી. ન્હાનપણથી જ સાધ્વીઓના સ્હવાસમાં રહેવાથી અને ઘરનું વાતાવરણ ધર્મચુસ્ત હોવાથી સંસારનો પવન ત્હેને લાગ્યો ન હતો. ન્હાનપણથી જ જ્યારે જ્યારે આડોશી પાડોશી કે સંગાવ્હાલાં તેના વિવાહની વાત કરતાં ત્યારે તે કહેતી કે : "હું તો દીક્ષા લેવાની છું" પરંતુ ધર્મપ્રેમી હોવા છતાં, પુત્રીને પરણીને સુખી થએલી જોવાની ઇચ્છા કયા માતા પિતાને નથી હોતી ? રેખાના માતા પિતાએ પણ જ્ઞાતિના એક છોકરા સાથે તે જરા મ્હોટી ઉમ્મરની થતાં તેનું સગપણ કરી નાખ્યું હતું. છતાં રેખાની ઇચ્છા દીક્ષા લેવાની જ હતી. આ દરમીઆન સાધ્વી ચંદ્રશ્રીએ રાજનગરમાં ચોમાસું કર્યું. રેખા હંમેશાં ત્હેમની પાસે જતી આવતી. ચંદ્રશ્રી પાસે જે પાંચ શિષ્યાઓ હતી. તેમાંની એક રોહીણીશ્રી નામની શિષ્યા તરફ રેખાનું દીલ આકર્ષાયું. નિત્યની આવશ્યક ક્રિયાઓમાંથી સમય મળતાં વાંચન, મનન અને નિદિધ્યાસનમાં રત રહેતી શાન્ત કારૂણ્યમૂર્તિ રોહીણીશ્રી પાછળ રેખા ઘેલી બની. રેખાની એ ઝંખના હતી કે તે રોહીણીશ્રીના સતત સહવાસમાં રહે. પણ રોહીણીશ્રીની તટસ્થ વૃત્તિ તેવી અનુકુળતા મેળવવામાં અડચણ રૂપ થતી. સહવાસ, વાતચીત ઇત્યાદિનો જેટલો લેવાય તેટલો લાભ ચાતુર્માસ દરમીયાન ત્હેણે લીધો હોવા છતાં રોહીણીશ્રીના આકર્ષણે તે પણ શ્રાવિકા સંઘમાં જોડાઇ હતી.

સામાન્ય રીતે વિહારમાં બને છે તેમ સાધ્વીઓ અને શ્રાવિકાનાં ટોળાં પોતાને અનુકુળ પડે તેમ આગળ પાછળ ચાલતાં અને નિશ્રિત સ્થળે સૌ સાથે થઇ જતાં. આ ક્રમમાં રોહીણીશ્રી અને રેખા હંમેશાં આગળ જ રહેતાં. આમ સતત ચાલતા વિહારમાં એક દિવસ રેખા અને રોહીણીશ્રી બહુ આગળ નીકળી ગયાં. અને એક ન્હાના ગામડાની નજદીક આવી પહોંચ્યાં. ગામની ભાગોળે એક ઘોર ગંભીર વડલો પોતાની શાખા પ્રશાખાઓ પ્રસારી ઉભો હતો. પાસે જ વડલાના આશ્રયે આવીને વસ્યું હોય તેમ એક ન્હાનું ગ્રામ્ય દેવતાનું મંદિર ઉભું હતું. તેના વિશાળ ઓટલા પર બંને જણ બેઠાં અને વાતોએ વળગ્યાં. રેખાનો એ આગ્રહ હતો કે રોહીણીશ્રી તેને પોતાની શિષ્યા બનાવવાનું કબુલ રાખે. રોહીણીશ્રીને એ વાત કબુલ ન હતી. આ હંમેશનાં ઝગડાનો અંત લાવવાની ખાતર જ રેખાએ આજે પોતાની દીક્ષાની વાત છેડી. અને રોહીણીશ્રીએ તેમાં સંમતિ નહી બતાવવાથી તેણે છેલ્લે સીધો પ્રશ્ન પુછ્યો. સાધ્વીએ પોતાના વર્તમાન વેષને ઉચિત ટુંકો જવાબ વાળ્યો. પણ રેખાને સંતોષ ન થયો. તેણે કહ્યું :—

"આપના એવા ઉડાઉ જવાબોથી સ્હમજી જાઉં એવી હું છેક ભોળી નથી. છેલ્લું કહું છું કે—મ્હેં તો આપને જ મનથી ગુરૂ માન્યાં છે. દીક્ષા લેવી તો આપની જ પાસે બીજા પાસે નહી."

"તથાસ્તુ !" સાધ્વીએ સ્હેજ હસીને મર્મમાં ઉચ્ચાર્યું.

"મ્હને નથી સ્હમજાતું કે ત્હમે શા માટે મ્હને આટલી બધી રખરખાવો છો ?" ખસીઆણી પડેલી રેખાએ ઢીલા બની પૂછ્યું.

"મ્હને પણ એ નથી સ્હમજાતું કે જ્હેની સાથે ત્હારો વિવાહ થયો છે, તે યુવાન બધી રીતે લાયક છે, એમ તું કહે છે. છતાં તને આ ધૂન કેમ લાગી છે?" રોહીણીશ્રીને લાચારીએ પોતાના વિહિત આચારની મર્યાદા ઓળંગવી પડી.

"પણ તે તો મ્હને સ્હમજાતું હોય તો હું ત્હમને કહું ને ?—મ્હને માત્ર એમ લાગ્યા કરે છે, કે હું દીક્ષા લઉં તો કેવું સરસ !" એમ કહી નિર્દોષ રેખા આતુર નયને રોહીણીશ્રી તરફ તાકી રહી.

રોહીણીશ્રીએ રેખાના નિર્દોષ ચ્હેરાને નિહાળ્યો. તેની આંખોમાં તેને નરી નિર્દોષ સરળતા તરવરતી દેખાઇ. સંસાર શું છે ? કેવો છે ? તેના ભાન વિનાની, સંયમનો માર્ગ તલવારની ધાર પર ચાલવા કરતાંય વિકટ છે. તેનાથી અજાણ એવી આ બીન અનુભવી કુમારિકા તરફ તેને અનુકંપા ઉપજી. તે ઉભી થઇ. અને તેના ચિત્તને બીજે દોરવા આસ્તેથી તેના વાંસે હાથ ફેરવી બોલી.

( અનુસંધાન માટે જુઓ પૃષ્ઠ ૨ જું )

# આઝાદ મંજીલ

**ન.જોઈતી ન્હાની ડખલગીરીઓ જ્યહારે છાત્રાલયના સત્તાવાહકો કરે છે ને ઉગતા બાળકોને નિયમબધ્ધ રસ્સી કરી જકડી જડ કરે છે ત્યહારે એ છાત્રાલયો એક કરૂણ ચિત્ર રજુ કરે છે......અને એ કરૂણ કથામાંથીય લેખક હાસ્યનું એક ચિત્ર દોરે છે.**

**સામાન્ય નિયમ તો સૌને ગમે. પણ શિસ્તને નામે સત્તાના ઘંટારવ થાય ત્યહારે નિયમન રસાતળ જાય એમ બાળક ઇચ્છતો થઇ જાય છે. અને બીલકુલ આઝાદ ને નિયમનહિન જ્યહાં ધારાધોરણ હોય નહિ, હુકમ હોય નહિ અને કોઇ હેરાન ન કરે એવા છાત્રાલયને બાળક વાંચ્છે છે........બાળકનું એ આઝાદ કલ્પના ચિત્ર આ 'આઝાદ મંજીલ'માં લેખક રજુ કરે છે.**

**'આઝાદ મંજીલ' વાસ્તવિક ન હોઇ શકે–એ તો ઉપહાસ ચિત્ર છે આજના છાત્રાલયોનું....................તંત્રી.**

**સ્વરાજ્ય ! સ્વરાજ્ય !! સંપૂર્ણ સ્વરાજ્ય !!!**

**ઇન્કીલાબ ઝીન્દાબાદ !**

નીડર જડબાતોડ, ખખડધ્વજ, સંપૂર્ણ સ્વતંત્રમતવાદી દેશનેતાઓ અને સમાજસેવકો તૈયાર કરવાની એક આઝાદ યોજના !

**વિદ્યાર્થી આલમને ખુશ ખબર !**

વર્ષોથી કચરાતી, પીસાતી, દબાતી, રીબાતી, ગુંગળાતી અને લોહીનું પાણી કરતી વિદ્યાર્થી આલમને સ્વતંત્રતા–સંપૂર્ણ સ્વતંત્રતા અને આઝાદી ભોગવવાની સંપૂર્ણ છૂટ પૂર્વક તાલીમ લેવાની એક મહાન્ યોજના !

છાત્રાલય સંમેલનો અને છાત્રસંમેલનોમાં અનેક ચર્ચાઓ, સંવાદો અને વિસંવાદો કરી કરીને થાકયા તોય જે પડી ગુંચ નથી ઉકેલાતી......સમર્થ શિક્ષણશાસ્ત્રીઓ, પ્રચંડ કેળવણીકારો, અનુભવી છાત્રપતિઓ અને દીર્ઘદષ્ટિ નિયામકોને જેની ભાંજગડ કરતાં કરતાં માથે પળીઆં આવ્યાં છતાંય જે કોકડાં ઉકેલાતાં નથી પણ ગુંચવાતાં જ જાય છે એવા છાત્રાલયજીવનના ઝટીલ પ્રશ્નોનો આબાદ ફડચો !

આ યોજનામાં વિદ્યાર્થીઓનું સ્વમાન અને સ્વત્વ, સ્વતંત્રતા અને વ્યક્તિત્વ, વિકાસ અને વિનિમય સચવાય અને તેમ છતાંય સંસ્થામાં જરાએ ઘર્ષણ કે ગજગ્રાહ ઉપસ્થિત ન થાય એવી ગોઠવણ રહેશે.

આ યોજનાના–સંસ્થાના મુખ્ય બે વિભાગ રહેશે–

૧ આઝાદ છાત્રાલય. ૨ આઝાદ વિદ્યાલય.

સમગ્ર આઝાદ ગુરૂકુળની કાર્યવાહી નીચે મુજબ રહેશે–

૧ ગુલાબી ઠંડીમાં વિદ્યાર્થીઓને ઉંઘવું હોય ત્યાં સુધી ઉંઘવાની અને ભર ઉનાળાની ગરમીમાં આળોટવું હોય ત્યાં સુધી આળોટવાની છુટ રહેશે. અર્થાત્ રાતના કે દિવસનાં ઉંઘવાની, વાંચવાની, દોડવાની, ટોળટપ્પાં કરવાની, નાચવા કુદવાની, વાર્તાવિનોદ, રાત્રિ પ્રવૃત્તિ તથા આનંદોત્સવ કરવાની સંપૂર્ણ છુટ રહેશે.

લ્હેંજ્જતદાર ઉંઘ તોડનાર નિંદશત્રૂ ગૃહપતિઓ તેમજ મૃત્યુઘંટ જેવા રણકાર દેતો ઘંટ કે ટોકરી આ ગુરૂકૂળમાં નહિં જ હોય.

૨. સેકન્ડ પહેલાં વાઘની માફક ઘુરકતા, વાનર માફક દાંતીઆં કરતા, રાક્ષસ માફક ત્રાસ આપતા અને મારતા તેમજ ગલુંડીઆં માફક રમાડતા ગૃહપતિઓ બીજી જ સેકન્ડે આંખો મીંચી નવો સ્વાંગ સજી અને મોંપર નવો ભાવ લાવવા પ્રયત્ન કરી દંભી અને ઓફીશ્યલ પ્રાર્થના કરવા મંડી જાય છે અને દરેક વિદ્યાર્થીઓને મને કમને તેમાં જોડાવું પડે છે. એવો ધમંડ અને ઢોંગ આ આઝાદ છાત્રાલયમાં હરગીજ નહિં પોષાય...અર્થાત્ આવી અગર કોઇ પણ પ્રકારની પ્રાર્થના અહિં નહિં હોય.

૩. આજકાલ છાત્રાલયોમાં કસરત માટે વિદ્યાર્થીઓ પર જે અમાનુષી જુલ્મ ગુજારવામાં આવે છે તે અમારે ત્યાં નહિ હોય... લાઇનસર ઉભા રાખી મને કમને સૌને દંડ, બેઠક, લાઠી, લેજીમ અને ડ્રીલ વગેરે કરાવવાનાં નાટકો અમારે ત્યાં નહિ હોય...કારણ કે જાલીમ શિસ્ત–ડીસીપ્લીનને દેશવટો આપવા માટે કસરતને દેશવટો આપે જ છુટકો છે.

આટલાં વર્ષો સુધી કચવાતે મને અને પરાણે કસરત કરાવીને, મારીને મીયાં બનાવવા જેવું કરીને સંસ્થાઓએ કેટલા ખખડધ્વજ પહેલવાનો નિપજાવ્યા ?! તેનો કોઇ હિસાબ આપશે ?!

૪. દાતણ જેવી નજીવી બાબતમાં પણ ગૃહપતિઓ ઓર્ડરો જ છોડે છે કે 'ફરતા ફરતા દાતણ ન કરો' 'રૂમમાં દાતણ ન કરો' 'પથારીમાં દાતણ ન કરો' 'અમુક જ જગ્યાએ દાતણ કરો'...... આવી બાબતમાં આટલું બધું નિયમન શું ?!

અમારે ત્યાં આમાં સ્વતંત્રતા હોય તેમાં નવાઈ જ શી ?! દરેક પોતાને મરજી પડે તે સ્થાને, મરજી પડે તે સમયે, ઉઠતાં, બેસતાં, કે સુતાં સુતાં, લઘુશંકા કે વડીશંકાએ જતાં આવતાં, પલંગમાં પડયા પડયા કે રૂમમાં ફરતા ફરતા પણ દાતણ કરી શકશે......સૌને એક હાથ લાંબાં, મનપસંદ, જાડાં દાતણ પુરાં પાડવામાં આવશે...ઉપરાંત પાઉડર, દંતમંજન અને ટુથપેસ્ટ પણ પુરાં પાડવામાં આવશે.

૫. અમારે અહિં મુંડો કરાવવાની, ધારી કઢાવવાની, ચહેરો કઢાવવાની, ચોટલી રાખવાની, દાઢી રાખવાની અગર કઢાવવાની, કલીનશેઇવ અને ફ્રેન્ચકટની, સાદા સરખા બાલ રાખવાની તેમ જ ફેશનેબલ બાલ કપાવવાની અને ભભકભર્યાં તેમ જ છુટાં જટીયાં રાખવાની સંપૂર્ણ છુટ રહેશે.

૬. અમારે ત્યાં કપડાં હાથે ધોવાની, છાત્રાલયમાં ધોવડાવવાની, ધોબી પાસે ધોવડાવવાની, વોશીંગ કું. માં કે લોન્ડ્રીમાં ધોવડાવવાની અને સાદી, કડકડતી તેમ જ ચળકતી ઇસ્ત્રી કરવા–કરાવવાની સગવડ રહેશે.

૭. અમારે ત્યાં ટબબાથ, ગરમ-ઠંડા પાણીના હોજબાથ, ડોલબાથ, દેગડીબાથ. અને નળબાથ, સેન્ટવોટરબાથ, બાથંબાથ અને દેશી-વિદેશી તમામ પ્રકારના બાથની સંપૂર્ણ સગવડ રહેશે.

૮. અમારે ત્યાં સવારમાં જોઇએ તેટલું દૂધ, કડક–મોળી ચા, મનગમતો નાસ્તો, પૉઉબીસ્કીટ, રોટલો–છાશ, ગોળ–ભાખરી અને માતર તેમ જ શીરો નાસ્તામાં મળી શકશે.

૯. અમારે ત્યાં ભોજન સંબંધે ફરીઆદ કરવાનું કાંઇ કારણ ન રહે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. દરેક વિદ્યાર્થીના ભાવાભાવ -અનુકૂળતા જાણી લઇ તે મુજબ ગરમાગરમ મનગમતાં ભોજન પુરાં પાડવામાં આવશે.

આ માટે ખાસ કુશળ–નિપૂણ સીનીયર ટ્રેઈન્ડ, સભ્ય રસોયાઓની મનપસંદ યોજના કરવામાં આવશે. ઘેર મા, બ્હેન કે પત્નિ જે હોંસ, ભાવ, ઉમંગ અને રસભેર ન પીરસી શકે કે ન જમાડી શકે તે કરતાં વધુ હોંસે, ખાસ તૈયાર કરેલાં ભોજન પીરસશે, જમવાની વ્યવસ્થા જેવું કંઇ નહિં રહે......અબોટીયાં પહેરીને. પાટલુન પહેરીને, સુટ પહેરીને, બુટ પહેરીને, મસ્તકાલ કાર પહેરીને કે ઉઘાડે માથે, પાટલા પર કે ભોંય પર બેસી, યા ખુરસી ટેબલ પર બેસી કોઇ પણ પ્રકારે ભાજન લઇ શકાશે.

ખીચડી કઢીથી માંડીને દૂધપાક–પુરી, ઢેબરાંથી માંડીને પોરણપોળી, શીરાથી માંડીને ઘેબર સુધીનાં વિધવિધ પ્રકારનાં ભોજન, ભજીઆં, ફરસાણ અને રાયતાં દરેક પોતપોતાની પસંદગી અનુસાર પેટ પુર આરોગી શકશે.

ભોજન પ્રસંગે પરાણે શાંતિ જળવાવવા એરંડીયું પીધા જેવું મોં લઈ ફરતા આપખુદ અને જાલીમ ગૃહપતિઓને બદલે હસમૂખા અને મોજીલાઓને ચારે તરફ ફરતા જોશો. આ સમયે આજના થીજી ગએલ કાદવ જેવા વાતાવરણને બદલે આનંદ, કીલકીલાટ અને ઉલ્લાસમય વાતાવરણ જોશો. તે ઉપરાંત ત્યાં બેસવાની, વાતો કરવાની, ઘોંઘાટ કરવાની, મિત્રને ધબ્બો કે ધીમો તમાચો લગાવવાની પણ સંપૂર્ણ સ્વતંત્રતા રહેશે. મનમાં હસવાની, ખડખડાટ હસવાની, જમતાં જમતાં ઉભા થવાની અને ફરવાની સંપૂર્ણ સ્વતંત્રતા અનુભવી શકાશે.

ભોજન બાદ છાશથી માંડીને આઇસવોટર ઠંડા અને સુગંધીદાર પાણી સોડા લેમન, રાસબરી, જંજીર, સરબત, ગરમ પાણી સવા અને વરીઆળીનાં પાણી આદિની મનપસંદ સગવડ રહેશે. તે ઉપરાંત મનમોજી ફળાહાર પણ મળી શકશે.

૧૦. આ સંસ્થા સંપૂર્ણ સ્વતંત્રતામાં માનતી હોવા છતાં આજના ચાલુ–કહેવાતા ધર્મોમાં માનતી નથી–કારણ તેથી કોમીવાદ વધે છે. તેથી વિદ્યાર્થીઓને તે બાબતમાં પોતપોતાના વિચારો માટે સ્વતંત્રતા રહેશે. આમ છતાંય અમે કોઇ પણ નિયમતમાં ન માનતા હોવા છતાંય એક નિયમ તો કરવો જ પડે છે કે આ સંસ્થામાં કોઇ પણ પ્રકારના ક્રિયાકાંડના ઢોંગ નહિં આચરી શકાય.

અમારો એ પણ અનુભવ છે કે ધર્મ એ આત્મામાં ઉગતી વસ્તુ છે. તેને કોઈ પર પરાણે લાદી ન જ શકાય. ક્રિયાકાંડ અને અભ્યાસથી–ગોખણપટ્ટીથી તે ઉમેરી ન શકાય. આ નૂતન અને સનાતન સત્યમાં અમને સંપૂર્ણ શ્રદ્ધા હોવાથી ઉપરોક્ત નિયમ કરવાની અમને જરૂર જણાઇ છે.

૧૧. નાટક, સીનેમા, એમેચ્યોરકલબ, ટોકીઝ આદિ શ્રમહારક છે. અને તે વિધવિધ પ્રકારનું જ્ઞાન આપી ગમગીની દૂર કરે છે. નવિન દુનીયાનાં દર્શન કરાવી સંસારના ગહન પાઠ પઢાવે છે. ઉપરાંત અનેક પ્રકારની તાલીમ આપે છે. તે વેદીઆ બનતા વિદ્યાર્થીઓમાં અને મેતલાઓમાં નવચેતન અને નવપ્રાણ પુરે છે. વિદ્યાર્થીઓમાં સાહસ, શૌર્ય અને વીરત્વની ચીનગારીઓ મૂકે છે. નીતિનાં નવદર્શન કરાવે છે. જીવનવનમાં અવનવી રીતે જળસિંચન કરી પ્રેમપુષ્પ–પત્ર અને વૃક્ષ ઉગાડે છે. નવયુગના **નવમંદિર** સમા અને નવયુવાનોના **નવદેવ** સમા એ નાટક સીનેમાઓની ઇચ્છા પડે અને ભાવ થાય ત્યારે ત્યારે મુલાકાત લેવાની સંપૂર્ણ છૂટ રહેશે.

તેના ઉપરોકત લાભો હોવા ઉપરાંત સ્વાશ્રયી વિદ્યાર્થીઓને માટે તાલીમ મેળવી કમાણી કરવાનું પણ એ સુંદર સાધન બની શકે તેમ છે તેથી અમે તે માટે પણ ઉત્તેજન આપવા ભાવના સેવીએ છીએ.

વિદ્યાર્થીઓ પોતાના પગભર ઉભા રહી શકે તે માટે તેમ જ આનંદ પ્રમોદ કરી શકે તે માટે એમેચ્યોરકલબો કાઢવાની અને ટોકીઝના પાત્રો બની એ રીતે અર્થોપાર્જન કરવાની દરેકને છુટ રહેશે......આ રીતે સ્વાશ્રયી બનનાર વિદ્યાર્થીઓ પોતાની આવકના ૧૦ ટકા આઝાદ છાત્રાલયના આઝાદ ફંડમાં આપશે જ એમ માનવામાં આવે છે.

સંસ્થામાં રેડીઓને સ્થાન રહેશે અને તે નિરંતર ચાલુ રહેશે: જેથી વિદ્યાર્થીઓ મરજીમાં આવે તે સમયે ચાલુ કાર્યક્રમ મુજબ સંગીત, સમાચાર, રેકર્ડ આદિનો લાભ ઉઠાવી શકે.

૧૨. કેટલાંક છાત્રાલયોને 'યુનિફોર્મ'નો મોહ લાગ્યો છે. પરિણામે એક જ રંગનાં, એક જ જાતનાં, એક જ આકારનાં અને એક જ ફેશન અને કટનાં લુંગડાંથી વિદ્યાર્થીઓને મઢવામાં આવે છે. આ પ્રશ્ને વિદ્યાર્થી આલમની પોશાક પસંદગીની સ્વતંત્રતા હરી–લૂંટી લીધી છે અને વિદ્યાર્થીઓની કળા પ્રદર્શન કરવાની શકિત પર તરાપ મારી છે. ગરજના માર્યા વિદ્યાર્થીઓએ નીચે મુંડીએ આજસુધી આ જુલ્મ અનુભવ્યો છે અને પરિણામે તેમનાં વ્યક્તિત્વ અને સ્વતંત્રતા છુંદાયાં છે.

અમે એ પદ્ધતિને તિલાંજલી આપી છે. વિદ્યાર્થીઓમાં કળાપ્રિયતા વધે, સુક્ષ્મ અને વેધક દૃષ્ટિ નિષ્પન્ન થાય તે માટે દરેક વિદ્યાર્થી પોતપોતાને મનપસંદ પોશાક, મનપસંદ ફેશન અને કટ અનુસાર રાખી શકશેઃ માત્ર શરત એ રહેશે કે કોઇ બે વિદ્યાર્થીનો પોશાક સમાન ફેશન, સમાન કટ કે સમાન રંગનો રહી શકશે નહિં.

૧૩. અમને મનુષ્ય આત્મામાં સંપૂર્ણ વિશ્વાસ અને શ્રધ્ધા છે, મનુષ્ય ખરાબ કે નાલાયક હોઈ જ ન શકે. આ મહાસત્યને અવ-

ગણીને કેટલાંક છાત્રાલયો પ્રાવેશીક પરીક્ષા કે યોગ્યાયોગ્યતાની બીજી કસોટી કરે છે અને મર્યાદિત સંખ્યામાં જ વિદ્યાર્થીઓને દાખલ કરે છે. પરિણામ એ આવે છે કે અનેક વિદ્યાર્થીઓ નિરાશ થઇ ફાંફાં મારતા થઈ જાય છે. જેઓ પ્રવેશ પામે છે તેઓ ઉંચે ઉડવાના શક્તિ મેળવવાને બદલે—મહાન્ બનવાને બદલે વામનજી બની જાય છે.

આ કારણને લઇને અમે પ્રાવેશિક પરીક્ષાઓ તો શું પણ આઝાદ વિદ્યાલયના અભ્યાસમાં પણ કોઈ પણ પ્રકારનુ નિયમન કે પરીક્ષા રાખવા નથી ઇચ્છતા......એટલું જ નહિં પણ વિદ્યાર્થીઓની ઇચ્છા થતાં ઉપરના ધોરણમાં પ્રમોશન મળી શકે તેવી વ્યવસ્થા રાખવા માગીએ છીએ.

૧૪. આઝાદ વિદ્યાલયની સામાન્ય માસીક ફી રૂ. ૧૦) રહેશે. તે ઉપરાંત દરેક વર્ગમાં જેમ જેમ ઉપરના ધારણે ચડતા જશે તેમ તેમ ધોરણ દીઠ માસીક રૂા. ૨) ફીનો વધારો થયા કરશે... આને માટે સ્વતંત્રતાના ઉપાસક, પોતપોતાના વિષયમાં ખાસ તૈયાર થયેલા, તે તે વિષયના ખાં, વિદ્યાર્થીઓની મરજી પડે તે વિષય અને તે પધ્ધતિએ શીખવી શકે એવા અધ્યાપકોની ખાસ નિમણુંક કરવામાં આવશે.

૧૫. નાણાં આપી નિશદીન ધોંચપરોણા કરનાર, પાઇએ પાઇનો હિસાબ માગી તેલ કાઢનાર, અભ્યાસનું પરિણામ, વિનય વિવેક, શિસ્ત, સભ્યતા, ધાર્મિક સંસ્કાર અને ખુશામતની આશા રાખતા ધનિકો, સમાજના આગેવાનો—ગૃહસ્થો. દાતાઓ સમાજનેતાઓ અને સમાજશાસ્ત્રીઓની જરા પણ ડખ્ખલ સહન કરવા આ આઝાદ છાત્રાલય તૈયાર નથી...આવાઓના હાથમાં સમાજના આદર્શ આઝાદ વિદ્યાર્થીઓના આઝાદ વિકાસનો ભોગ આપવા પણ આ આઝાદ છાત્રાલય તૈયાર નથી. તેથી ગરીબ અને તવંગર દરેક પ્રકારના વિદ્યાર્થીઓ આ છાત્રાલયનો સંપૂર્ણ લાભ ઉઠાવી શકે તે માટે દરેકે પોતપોતાને મનપસંદ સાધન સગવડનો ઉપભોગ કરવાના પ્રમાણમાં દરેક જાતનો ખર્ચ આપવાનો રહેશે જ.

૧૬. આરોગ્ય સચવાય તે માટે દેશી વૈદ્ય અને નિષ્ણાત ડોકટર રોજ એક વખત વિદ્યાર્થીઓની મુલાકાત લેશે. એટલે વિધવિધ પ્રકારના ચૂર્ણો, ભસ્મો, રસાયણો, પાઉડરો આદિ મળી શકશે.

૧૭. નૂતન કેળવણીકારો અને નૂતન માનસશાસ્ત્રીઓના મતને સંપૂર્ણ મળતા થઇ આ આઝાદ છાત્રાલય અને આઝાદ વિદ્યાલયમાં કોઈ પણ પ્રકારની માનસિક, શારીરિક કે આર્થિક શિક્ષા કરવામાં નહિ આવે; આ સંસ્થામાં સહશિક્ષણ આપવામાં આવશે એટલુંજ નહિં પણ પસંદગી લગ્નમાં સંસ્થા પુરેપુરો સાથ અને સહકાર આપશે.

૧૮. પ્રવાસ માટે વિદ્યાર્થીઓ મનપસંદ વાહનમાં ગમે ત્યાં જઇ શકશે. ગાડાથી માંડીને એરોપ્લેન સુધીના તમામ વ્યવસ્થા રહેશે. સૌ પોતાને મનગમતા વાહનનો ઉપયોગ કરી શકશે...આઝાદીના સ્થાનો—વન, ઉપવન, રણ, ગિરિશિખરો, ગુફાઓ, નદીઓ. સરોવરો, હિમાચ્છાદિત શિખરો, ડાકઘર અને ચીડીયાખાનાં આદિની મુલાકાત અને અનુભવ લેવાની સંપૂર્ણ સ્વતંત્રતા રહેશે.

૧૯. અમારે ત્યાં વિદ્યાર્થીઓને પોતાનાં બેડીંગ, પુસ્તકો, કપડાં અને સરસામાન વ્યવસ્થિત ગોઠવવાની, ગમે તેમ રાખવાની, વેરંછેર કરવાની, તોડવા—ફોડવાની, રીપેર કરાવવાની કે નિત્ય નવીન લાવવાની સંપૂર્ણ છુટ રહેશે.

૨૦. નિવાસગૃહ તથા વિદ્યાલય વિદ્યાર્થીઓની ઓછામાં ઓછી લઘુમતી પસંદ કરશે તેવા શહેર કે ગામડામાં, ખુલ્લા મેદાનમાં કે ઝાડના છાયા નીચે, ખુલ્લા હવા ઉજાસવાળા મકાનમાં કે છતે મધ્યાન્હે વિદ્યુત રોશનીથી અજવાળું મેળવી શકાય તેવા સ્થળે ખોલવામાં આવશે....વિદ્યાર્થીઓ એક, બે, ત્રણ કે ચાર પોતપોતાની ઇચ્છા મુજબ સાથે કે એકલવાયા રહી શકશે, આ ઉપરાંત તેઓ અન્ય મિત્રો કે સંબંધીઓને પણ પોતાની સાથે રાખી શકશે.

વિદ્યાર્થીઓને ટેબલ, ખુરશી, પલંગ, બીછાનું, શેતરંજી, ચાદર, મચ્છરદાની. ટીસેટ. મીલ્કપોટ, અરિસો, કામ્બ, સેન્ટ, લવંડર, તેલ પાઉડર, ક્રીમ, ટુથપેસ્ટ, દંતમંજન, પંખા, ઇલેક્ટ્રીકફેન, ઇન્ક, કલમ, ખડીઆ, ચાક, બ્લેક બોર્ડ, કાગળ, કાર્ડ, કવર, ટીકીટો, જુદા જુદા પ્રકારનાં સાબુ, પીણાં, ભોજન, ફળાહાર, ચુર્ણો, ઔષધીઓ, રસભસ્મો, બ્યુગલ—સીટીઓ, રહેવાના ઓરડા, દાતણ, જુદા જુદા પ્રકારના પાણી આદિ વસ્તુઓના ઉપભોગના પ્રમાણમાં જુદા જુદા ચાર્જ કરવામાં આવશે. કોઇપણ વિદ્યાર્થીને એકી સાથે નાણાં ચૂકવવાનું મુશ્કેલ ન બને તેટલા માટે સાંજના વાળુ—સપરબાદ મોં લુછતી વખતે જ હંમેશના હંમેશ આ બીલ વસુલ કરવામાં આવશે. દરેક જાતનાં ચાર્જનું લીષ્ટ સંસ્થામાં દાખલ થવા ઇચ્છનાર વિદ્યાર્થી જવાબ માટે ટીકીટ મોકલીને મેળવી શકશે.

> સ્વતંત્રતા ઇચ્છો છો ? તો આ સંસ્થામાં આજે જ દાખલ થાઓ
> સ્વરાજ્ય માગો છો ? તો આ સંસ્થામાં આજે જ નામ નોંધાવો.
> ગૃહપતિઓની નાદીરશાહીથી ત્રાસ્યા છો ? તો આ સંસ્થામાં આજે જ નામ નોંધાવો.
>
> કાયદા—કાનુન, બંધારણ અને શિસ્તના ચીમટાઓથી ત્રાસ્યા છો ? તો આજે જ આ સંસ્થામાં નામ નોંધાવો.

અમે વિદ્યાર્થીઓ પાસેથી શિસ્ત, કાયદાપાલન, સભ્યતા, ડ્રીલ, કસરત, સ્વાશ્રય, જાત મહેનત, નિયમિતતા, સહકાર આદિની માગણી કરતા નથી. અમારે ત્યાં માત્ર એજ નિયમ છે. (૧) ક્રિયાકાંડ ન કરવો. (૨) રોજે રોજનાં બીલ વસુલ આપવાં.

આપ જોઇ શકશો કે કોઇ પણ સંસ્થા કરતાં ઓછામાં ઓછાં નિયમો અમારી સંસ્થામાં છે......મહાન નૂતન્ શિક્ષણશાસ્ત્રીઓ અને મહાન્ નૂતન કેળવણીકારોના મતને માન આપી અમે નિયમોનું ભારણ કાઢી નાખ્યું છે. એ સૌ કોઇ સ્પષ્ટ પણે જોઈ શકશે. વર્ષોના અનુભવ મંથન અને જ્ઞાનમંથનનું આ નવનીત છે.

આઝાદ મતવાદી વિદ્યાર્થીઓ હવે ઢીલ કેમ કરે ? સ્વરાજ્ય અને સંપૂર્ણ સ્વતંત્રતા ઇચ્છનાર તે અનુભવવાની તક કેમ ગુમાવે?

બરાબર વાંચો; બરાબર વિચારો; બરાબર શોધો; બરાબર અમલ કરો.

પોતપોતાના હાથ નીચે આવેલા શિસ્તધ્વંસક, વિનય અને વિવેકહીન, તેજ યા પ્રભાવશાળી, લાડકવાયા કે નમાયા, રખડુ-તોફાની કે ગુંડા ગણાતા, ઓરમાન માવાળા, પરદેશવાસી મા બાપ વાળા દરેક પ્રકારે સ્વતંત્રતામાં માનનાર અને વિચરનાર વિદ્યાર્થીઓ પૂરા પાડનાર ગૃહપતિઓને, શિક્ષકોને અને માબાપોને ભરપૂર કમીશન ! કેમીશનની શરતો માટે ટપાલની ટીકીટો બીડી પૂછાવો.

આઝાદ છાત્રાલય અને વિદ્યાલય દરેકમાં ઓછામાં ઓછા ૫૦) વિદ્યાર્થીઓની દાખલ થવાની અરજી સાથે દરેકના રૂ. ૧૦૦) અનામત આવશે તો આ સંસ્થા શરૂ કરવામાં આવશે.

આઝાદ છાત્રાલય કે વિદ્યાલયમાં દાખલ થવા ઇચ્છનાર વિદ્યાર્થીઓએ તેમ જ તે સંબંધમાં વધારે માહિતી ઇચ્છનાર શિક્ષકો, ગૃહપતિઓ, માબાપો અને વાલીઓએ જવાબ માટે ટીકીટો બીડી નીચેના શીરનામે લખવું.

| | |
|---|---|
| ફાટીપાળ દરવાજા બહાર,<br>પાટણ.<br>( ઉ. ગુજરાત ) | **બિરાદર,**<br>**"ભાવિ આઝાદ મંજીલ"**<br>C/o: **શાન્તિલાલ એમ. સાઠંબાકર** |

# સ ❖ મા ❖ ચા ❖ ર

## જૈન વિધવાના પુનર્લગ્ન

જાલના ( નિઝામ સ્ટેટ ) ના રહીશ શેઠ રૂપચંદજી ખુબચંદજીના લગ્ન આકોલા ( બીરાર ) વિધવા વિવાહ આશ્રમમાં રહેતી વિધવા બાઇ કેશરબાઇ સાથે શ્રી રામધનજી બઇનાનના પ્રમુખપણા નીચે જૈન વિધવાશ્રમના મકાનમાં તા. ૮–૨–૩૬ ના રોજ થયાં છે. બંને ઓસવાળ જ્ઞાતિના છે. આ લગ્નમાં આકોલાના સંભાવિત ગૃહસ્થોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. વર–વધુને સરઘસના આકારમાં ગામમાં ફેરવવામાં આવ્યા હતા. વરરાજા તરફથી આશ્રમને રૂા. ૫૦૦) તથા બીજા ખાતાઓને રૂા. ૧૦૦) મળી રૂા. ૬૦૦) ની ભેટ આપી હતી.

## આદર્શ લગ્ન

અમદાવાદના જાણીતા આગેવાન શેઠ પ્રતાપસિંહ મોહોલ્લાલ-ભાઇના સુપુત્રીના લગ્ન કલકત્તા નિવાસી શ્રી બહાદુરસિંહજી સિંઘીના સુપુત્ર રાજેન્દ્રસિંહજી સિંઘી સાથે તા. ૧–૨–૩૬ ના રોજ અમદાવાદ ખાતે થયા છે.

## આંતરજાતીય લગ્ન

ગુડાબાલોતરા (મારવાડ) નિવાસી શાહ ફોજમલજી સદાજી નામના પોરવાડ જૈન યુવકના લગ્ન મ્હૈસુર જિલ્લાના હાસન ગામના દિગમ્બર જૈન દેવેન્દ્રપ્પાની કન્યા શ્રી રાજેમતી સાથે થયા છે.

## બાળાનું રૂ. ૩૦) હજારમાં વેચાણ.

દેલદર ગામ (મારવાડ) ના વતની અને મુંબઇમાં પેઢી ચલાવતા લગભગ ૫૬ વર્ષની ઉમરના એક મારવાડી ગૃહસ્થ ઘર ભંગ થતાં શ્રીમંતાઇના જોરે એક કુમળી બાળા સાથે લગ્ન કરવાની લાલસાએ રૂ. ૩૦) હજારમાં સાટું નકકી કર્યું છે. અને વાત પણ બહાર એમ આવી છે કે આ વૃદ્ધ વર (!) રાજા લગ્નનું કામ ફાગણ વદી ૮ પહેલાં આટોપી લેવા ધારે છે. મારવાડી પંચ જાગૃત થઇ આ વૃદ્ધલગ્નને અટકાવી વૃદ્ધલગ્નની વેદીમાં હોમાતી કુમળી–ગભરૂબાળાને બચાવે, યુવાનોએ પણ આ લગ્ન અટકાવવા કટિબધ્ધ થવું જોઈએ.

## બાળશિષ્યને લાઠીનો માર.

કરાંચીમાં બિરાજતા સ્થા. કોન્ફરન્સ તથા તેમના ગુરૂએ બહિષ્કાર કરેલ સ્થા. સંપ્રદાયના ઘાસીલાલજી નામના સાધુ કે જેમની પાસે એક બાર વર્ષનો બાળશિષ્ય છે. તેને ઘાસીલાલજી પોતાના ભકતો મારફતે તેમજ પોતે લાકડીથી સખ્ત રીતે માર મારી ત્રાસ આપે છે. તે ત્રાસથી તથા ભૂખના દુઃખથી કંટાળી દીક્ષાના ઉપકરણોને અપાસરામાં પડતા મૂકી શ્રી કાનજીભાઇને ત્યાં નાશી ગયો હતો. આવી રીતે બે ત્રણ વખત નાશી જવા છતાં પાછાં તે બાળશિષ્યને પકડાવી પોતાની પાસે રાખી સખ્ત ત્રાસ આપવો શરૂ કરેલ છે. કસાઇખાને જતી ગાય જેવા આ બાળ સાધુને કરાંચીના ગૃહસ્થો તેમજ યુવકો છોડાવવા પ્રયત્ન કરશે. અને આવા દયાહિન સાધુને યોગ્ય નશીયતે પહોંચાડશે કે જેથી બીજા સાધુઓ પણ આવું દયાહીન વર્તન કરતા અટકે.

## સુધારક લગ્ન

અમદાવાદના વતની અને મુંબઇમાં રહેતા શ્રી વજુભાઇ હઝરતના પુત્રી શ્રીમૃણાલિની હઝરત જેઓ નાગર છે તેમણે તાજેતરમાં મુંબઇ ખાતે અમદાવાદના વતની અને જાણીતા મીલ માલેક શેઠ હીરાલાલ ત્રીકમલાલના પુત્ર ચંદુલાલ બેન્કર સાથે લગ્ન કર્યાં છે.

## ગરીબ બાળાઓનો સાચો વાલી

સીકંદરાબાદ (નીઝામ)ના ધનવાન વેપારી ઉપાલાનાગભુલમે ૧૮ ગરીબ હિન્દુ કોમની કન્યાઓને પોતપોતાની જ્ઞાતિના યુવાનો સાથે લગ્ન કરાવી આપી તે કન્યાઓનાં સાચા વાલી બન્યા છે. આ કાર્ય માટે તેમને ધન્યવાદ ઘટે છે.

## હિન્દુ–પારસી લગ્ન.

પુનામાં એક જાણીતા હિન્દુ ડોકટરે એક પારસી કોમની યુવતી સાથે સિવિલ મેરેજ એકટ અનુસાર લગ્ન કર્યું છે.

## હરિજન ઉદ્ધારાર્થે રૂ. ૩ લાખ.

લાહોરની નાનક સાહેબ ગુરૂદ્વારા પ્રબંધક સમિતિએ હરિજન ઉધ્ધાર માટે ત્રણ લાખ રૂપીઆની રકમ જુદી કાઢી છે. એમ જણાય છે.

## વિધુરોએ વિધવા સાથેજ પરણવું.

બંગાળના શ્રી સૂર્યકુમારે વડી ધારાસભામાં એવું બીલ રજુ કરવાની નોટીસ આપી છે કે કોઇ પણ વિધુર કુંવારી કન્યાને પરણી શકશે નહિ. વિધુરોએ વિધવા સાથે જ લગ્ન કરવું. આ બીલ ધારાસભામાં પસાર થાય તો કેટલી કુમળી બાળાઓના ભવ બગડતા મટે અને વિધવાઓ ઠેકાણે પડે. આ બીલ પાસ થવાની ખાસ જરૂર છે.

## હિન્દુ–મુસ્લિમ લગ્ન

મિસ શશિલેખા ભંડારકરે બલરામપુર પસ્ટેટના કન્સોલીશન ઓફીસર ઇકબાલ અહમદશાહ સાથે ઇન્દોરમાં સ્નેહ લગ્ન કર્યું છે. બંને લખનૌમાં સાથે ભણતા હતા ત્યારથી પરિચય થયેલો. મીસ ભંડાકર બનારસની ગર્લ્સ સ્કુલમાં શિક્ષિકા છે. અને ઇન્દોરના માજી દિવાન વી. પી. ભંડારકરના પુત્રી અને હાલના ચીફ એન્જીનીઅર જી. પી. ભંડારકરના ભત્રીજી થાય છે. આવીજ રીતે મીસ ભંડારકરના ફોઇ માલતીબાઇએ પણ એક મુસ્લિમ સાથે લગ્ન કર્યું હતું.

## જામનગરમાં આંતરજાતિય લગ્ન.

ડો. કાલીદાસ બી. વિભાકરના પુત્રી અને સ્વ. નૃસિંહરાવ બી. વિભાકરના ભત્રીજી મીસ સ્નેહસુધાનું લગ્ન જામનગરના એક આગેવાન વપારી શેઠ લક્ષ્મીદાસ ઉત્તમચંદના પુત્ર અનંતરાવ સાથે બ્લેવેટસ્કી લોજમાં આર્યસમાજની વિધી પ્રમાણે કરવામાં આવ્યું છે. મિસ સ્નેહસુધા સોરઠીઆ વણિક જ્ઞાતિના છે. વરની ઉમર વર્ષ ૨૭ અને વધુની ઉમર ૨૦ વર્ષની છે. આ લગ્નમાં ઘણી કોમના આગેવાન સ્ત્રી પુરૂષોએ હાજરી આપી હતી.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી, ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

સંગઠ્ઠન. Regd No. B.3220

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૨૦ મો.
રવીવાર તા. ૧-૩-૩૬

## રાજનગરે

## જૈન યુવક પરિષદ.

શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન યુવાન આલમનું દ્વિતીય અધિવેશન, રાજનગરમાં ચૈત્ર શુદી ૧૨-૧૩-૧૪, એપ્રીલ તા. ૩-૪-૫ શુક્ર, શનિ ને રવિવારના રોજ ભરાય છે. એ સૌ યુવાન નોંધી લે. એ એને માટે કર્ત્તવ્ય બજાવવાના દિવસો છે.

**યુવાન બિરાદરો !**

આપણી સમાજની સ્થિતિ દિવસે દિવસે ભયંકર બનતી જાય છે. રૂઢીની જંજીરો સમાજને ભીંસી રહી છે. અંધશ્રદ્ધા ને વ્હેમ સમાજને પાંગળાં બનાવી રહ્યાં છે. કહેવાતા ધર્મધુરંધરો ધર્મના નામે અનેક ધત્તીંગો ચલાવી સમાજના પૈસાનું પાણી કરાવી રહ્યા છે. બેકારીનું ભૂત સમાજને વળગી ચૂક્યું છે. કેળવણી વિના સમાજ અંધકારમાં ગોથાં ખાઈ રહ્યો છે. જ્ઞાતિ સંસ્થાઓ સમાજના વિકાસને રૂંધી રહી છે. સમાજ શરીરને અનેક ભૂતાવળો વળગી છે.

### એ તું જોયા કરીશ ?

**કે:—**

એ ભૂતાવળોમાંથી સમાજ શરીરને મૂક્ત કરી સશક્ત બનાવવા કમર કસીશ ?

**બિરાદર !**

જો તારે સમાજને સુદૃઢ બનાવવી હોય, તેનામાં પ્રાણ રેડી નવસર્જનનાં મંડાણ કરવાં હોય તો ભાગ્યની ભૂતાવળને દૂર કરી નવયુગની નોબતો ગડગડાવા રાજનગરે યુવક પરિષદમાં ઉતરી પડ.

❖ ❖ ❖ ❖

સમાજમાં પેઠેલા સડાને નાબુદ કરવા યુવાન સિવાય કોણ સામનો કરી શકશે ?

**ઉઠ:—**

### સમય તને સાદ કરે છે.

તરુણ જૈન

—: તા. ૧–૩–૩૬ :—

## સંગઠ્ઠન.

સમસ્ત જગતમાં કોઈ પણ દેશ કે સમાજની ઉન્નતિ સંગઠ્ઠન વિના થઇ શકી જ નથી. સંગઠ્ઠન એ જ આગેકૂચનું નિશાન છે. આપણે અનેક વાર આપણા યુવાનોમાં સંગઠ્ઠન સાધવાના પ્રયાસો કર્યા– અખતરા અજમાવ્યા. છતાં જે પ્રકારનું સંગઠ્ઠન કરવા માગીએ છીએ તે પ્રકારનું સંગઠ્ઠન હજુ સુધી નથી કરી શકયા. જ્યાં સુધી આપણે આપણું વ્યવસ્થિત સંગઠ્ઠન ન કરી શકીએ ત્યાં સુધી આપણી ઉન્નતિ થવી અશકય છે. આથી યુવક પરિષદે યુવાનોના સંગઠ્ઠન પાછળ પ્રથમ લક્ષ આપવાની જરૂર છે.

ઠરાવોની હારમાળા, ને ભાષણો કરીને વિખરાઇ જવાથી સમાજમાં પેઠેલો સડો નાબુદ નહિ કરી શકીએ. ગત પરિષદે ઠરાવો કરી તેના કર્ત્તવ્યનો હવાલો મહામંડળને સોંપી પરિષદના દ્વાર બંધ કર્યાં તે પાછાં રાજનગરે ઉઘડે છે. એ હર્ષની વાત છે. રાજનગરે પણ તે પ્રમાણે કર્ત્તવ્યનો હવાલો બીજી સંસ્થાઓને સોંપી પરિષદના દ્વાર બંધ કરવામાં આવશે તો યુવાનોમાં સંગઠ્ઠન નહિ થાય. સડાઓ નાબુદ કરવા મોરચા નહિ બાંધી શકાય. સામનો ત્યારે જ થઇ શકશે કે પરિષદ એના દ્વાર ખુલ્લા રાખી પહેલું કામ યુવાનોને સંગઠ્ઠન કરવાનું હાથમાં લ્યે. વ્યવસ્થિત બંધારણસર જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ત્યાં યુવાનોને પરિષદના ઝંડા નીચે એકત્ર કરે. જ્યાં યુવાનો એકત્ર થયા–સંગઠ્ઠિત થયા ત્યાં વિજય યુવાનોનો જ છે.

સમાજ શરીરને સાધારણ દર્દ લાગુ નથી પડયું. તેના ઉપર જેની ઇચ્છા થાય તેણે હુમલા કર્યા છે અને કરે છે. આ સ્થિતિ નિવારવા પહેલી જરૂર યુવાનોએ એકત્ર થઇ ગામેગામ સંગઠ્ઠન બળ ઉત્પન્ન કરવાની છે. અમે ફરીથી કહીએ છીએ કે ત્રણ દિવસ માટે નહિ પણ કાયમ માટે જ્યાં સુધી આપણું સંગઠ્ઠન નહિ થાય ત્યાં સુધી આપણે ઠેરના ઠેર જ રહેવાના છીએ, આથી રાજનગરે એકત્ર થતા યુવાન બિરાદરોએ બીજાં કામો કરવા પહેલાં યુવાન સંગઠ્ઠન માટે કમર કસવાની જરૂર છે.

આપણા માટે ચૈત્ર માસ ખાસ મહત્ત્વનો છે. એ માસમાં યુવાન આલમ રાજનગરે એકત્ર થશે. મોજ મજાહ કરવા નહિ, ભાષણો ને ઠરાવો કરી વિખરાઇ જવા નહિ! પરંતુ જૈન સમાજના સળગતા પ્રશ્નો અંગે વિચારણા કરવા. એ વિચારણાને અમલી કાર્યમાં ફેરવવા સંગઠ્ઠનની પહેલી જરૂર પડશે. એટલે યુવક સંગઠ્ઠન સર્વ પ્રકારે મજબુત બનાવવા દરેકે દરેક યુવાને પોતાની શકિત અને સમય ખરચવો જ પડશે.

અમને ખાત્રી છે કે જેના અંતરમાં સમાજની હાલની સ્થિતિ સુધારવાની તાલાવેલી હશે તેવા યુવાનો આ અધિવેશનમાં ભાગ લેશે જ. અને મજબુત યુવક સંગઠ્ઠન જમાવશે. જેથી સંગઠ્ઠનના બળે જ જૈન સમાજના ઉત્કર્ષના વેગમાં જોમ લાવી શકાશે.

ગમે તે ભોગે સંગઠ્ઠન તો કરવું જ પડશે. એટલે દરેક યુવકને અમારી અંતરની ભલામણ છે કે સંગઠ્ઠનનો પવિત્ર મંત્ર તે ન વિસરે, તે વિના સાધ્ય સાધી નહિ શકાય.

---

**( ચંદ્રશ્રીની શિષ્યા** પૃષ્ઠ ૭ થી ચાલુ. **)**

સ્હાંજે કામકાજથી પરવારી રમાના બનેવી રમાને સાથે લઇ પોતાના સાસરે પહોંચી ગયા. સસરાને એકાંતમાં બોલાવી વાતનો સાર મેળવ્યો. અને ઉચિત શબ્દોમાં ઠપકો આપ્યો. ગમે તેવો ડાહ્યો હોય પણ જમાઇ સસરાને શીખામણ આપે અને ખાનદાન સસરો સાંભળી રહે ખરો! સસરાએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી કે "તમારે આ વાતમાં માથું ન મારવું." રમાના બનેવીએ સસરાને સ્હમજાવી લેવાનો પ્રયત્ન કરી જોયો. પણ તે એકના બે ન થયા. એટલે છેવટે તેમણે–રમાના બનેવીએ સંભળાવી દીધું.

"શેઠજી ત્હમારી ખાનદાનીનો વરઘોડો ચઢાવવાની જ ત્હમારી ઇચ્છા છે તો ભલે તેમ થવા દયો!" અને એટલું બોલી તે ઉભો થયો.

જમાઇને સારી રીતે પીછાણનાર સસરાએ જમાઇના છેલ્લા શબ્દોચ્ચારની સાથે જ પરિણામ કલ્પી લીધું. અને સમય ઓળખી, ગરમ બની, ચાલવા માંડેલા જમાઇને રોકી તે બોલ્યા:

"જરા ઉભા તો રહો, બસ, ત્હમે પણ આમ જ કરશો? ઢીલા બનેલા સસરાના કરૂણ અવાજે જમાઇને આગળ વધતો અટકાવ્યો. તેણે પાસે પડેલી ખુરસી પર સ્થાન લીધું.

"જરા બેસો, હું ચાહ લાવવાનું કહીને આવ્યો. એમ કહી રમાના પિતા ઓરડાની બ્હાર નીકળ્યા.

"રેખા, વિતક–કથાનો પ્રથમ અધ્યાય અહીં જ પુરો થાય છે." રોહીણીશ્રી શાન્તિનો શ્વાસ લેતા બોલ્યા.

"હવે રમાનું શું થશે?" રેખાએ પ્રશ્ન કર્યો.

"પરિણામ જાણવાથી કથાનો રસ ઉડી જાય છે. માટે ધીરજ રાખ!" એમ કહી સહસા રોહીણીશ્રી પાછળ નજર ફેરવે છે. અને થોડે જ દૂર ચંદ્રશ્રીને ઝડપથી આવતાં જોઇ રેખાને કહે છે: "આપણે પેલા ગામની ભાગોળે બેઠા અને કથાની ધૂનમાં ચાલવામાં ધીમા પડવાથી મ્હોટા મહારાજ આપણી લગભગ થઇ ગયા. હવે તો થોભીએ. અને તેમની સાથે જ વિહાર કરીએ."

બન્ને રસ્તાની બાજુ પર ઉભા રહે છે. —ચાલુ.

---

**આપણા સંગઠ્ઠન સિવાય નુતન યુગ નહિ સરજાય.**

# જ્યારે શાસ્ત્રો-શાસ્ત્રાર્થો ન્હોતાં—

સેયવીયા નગરીનો રાજા પરદેશી ઘણો જ પ્રચંડ, પ્રતાપી તેમ જ ભયંકર હતો. એના હાથ હંમેશા લોહીથી ખરડાયેલા જ રહેતા. પ્રાણીઓના સંહારમાં એને ખૂબ મોજ પડતી. માણસનું મૂલ્ય પણ એ મચ્છર કે માંખી જેટલું જ આંકતો. યુધ્ધ અને મૃગયામાં રાજા પરદેશી હાહાકાર વર્તાવતો એ તો ઠીક, પરંતુ એની રોજની રમત ગમત પણ નિર્દોષ મનુષ્યો અને પશુઓના રકતથી રંગાતી.

મનુષ્યના આકારમાં રાજા પરદેશી હિંસક વાઘ હતો એમ કહીએ તો અતિશયોકિત નહીં, ન્યૂનોકિત જરૂર થાય. પ્રજાજનો માનતા કે એને હિંસા, અત્યાચાર કરવાનો કુલ અખતીયાર છે. કારણ કે રાજા પરદેશી નરપતિ છે. પ્રજાનું પાલન કરે તો પ્રજાનું સદ્દભાગ્ય, બાકી રમકડા જેવી રૈયતના પાંચ-પચાસ સ્ત્રી-પુરૂષોને પ્રયોગની ખાતર કદાચ રહેંસી નાખે તો એની દાદ કે ફરિયાદ કઈ રીતે સંભવે ? રાજા જો અન્યાય કે અત્યાચાર ન ગુજારે તો પછી એ રાજા જ શા ખપનો ? સામાન્યં માણસ કરતાં રાજાનો અધિકાર અનેક ગણો વધારે હોય છે. રાજા તો ઇશ્વરાંશ ગણાય. એની આપખુદી સામે આંગળી સરખી પણ કેમ ઉંચી કરી શકાય ?

પરદેશી જેટલો ઘાતકી હતો તેટલો જ નાસ્તિક પણ હતો. અથવા તો નાસ્તિકતાના પરિપાક રૂપે જ એની ક્રૂરતા, નૃશંસતા ખૂબ ફુલી ફાલી હતી એમ પણ કહી શકાય. એને કોઇ સારો સલાહ-કાર ન હતો, કોઈ ઉપદેશક પણ ન હતો. ચિત્તસારથી નામનો પ્રધાન કવચિત્, અનુકૂળતા જોઇને નીતિનો નિર્દેશ કરતો. ગમે તેમ પણ ચિત્તસારથી, રાજાનો અનુચર હતો. રાજાને વાળવાનું એનું શું ગજું ?

રાજા પરદેશી આત્મા-જીવ જેવી કોઈ વસ્તુ નહોતો માનતો. જીવ ન માને તે પુણ્ય-પાપ કે પરલોક-પરમાત્મા જેવું તો માને જ શાનો ? અને જો એવું કંઇ જ ન હોય-માનવજીવન પરપોટા જેવું સ્વચ્છંદ-સ્વયંભૂ હોય તો પછી માણસે આક્રંદ કે અન્યાયથી શા સારૂ બ્હીતા રહેવું જોઇએ ? રાજા પરદેશી કશું જ ન્હોતો માનતો. સ્વચ્છંદ, વિલાસ એ જ એનું જીવન ધ્યેય હતું.

એટલામાં-એક દિવસે ભગવાન પાર્શ્વનાથની પરંપરાના, કેશી-કુમાર શ્રમણ નામના જૈનમુનિ, સેયવીયા નગરીના મૃગવન ઉદ્યાનમાં પાંચસો જેટલા શિષ્ય સમુહ સાથે આવી ચઢયા. ચિત્તસારથી, રાજા પરદેશીને, અશ્વક્રિડાના બ્હાને શ્રી કેશીકુમાર પાસે લઇ આવ્યો.

તાપસો અને શ્રમણોના ટોળાં હરતાં ફરતાં પરદેશી રાજાએ જોયાં હતાં પણ એ બધા ઢોંગી, દંભી જ હોવા જોઇએ એમ તે માનતો. જ્ઞાન પ્રત્યે એને આદર ન હતો, તપશ્ચર્યા પ્રત્યે એને આક-ર્ષણ પણ ન હતું. શ્રી કેશીકુમાર અને એમના અનુયાયીઓની સહિષ્ણુતા તથા તપશ્ચર્યા જોઇ રાજા પરદેશીને કંઇ કુતૂહળ જેવું પણ ન લાગ્યું. સાધુઓ વિષે એને મૂળથી જ સદ્ભાવ ન હતો.

ચિત્તસારથીના આગ્રહથી તે રાજા, કેશીકુમાર પાસે ગયો તો ખરો, પણ ન એણે હાથ જોડયા કે ન સ્હેજ માથું સરખું યે વિવે-કની ખાતર નમાવ્યું. જ્યાં પહોંચ્યા પછી હજારો માણસો નમી-નમીને વંદન કરતા ત્યાં તે અક્કડની જેમ ઉભો રહ્યો.

કેશીકુમારે, પરદેશી રાજાના અન્યાયોની કેટલીક વાતો સાંભળી હતી. સામે અક્કડ બની ઉભેલો માનવી એ પોતે જ પરદેશી રાજા હતો એ વિષે પણ એમને કંઇ શક ન હતો. મુનિજીની મુશ્કેલી એ હતી કે જે માણસમાં જીજ્ઞાસા જેવી કે વિનય જેવી કોઇ લાગણી જ ન હોય તેની સાથે શી ચર્ચા કરવી ? જેને ઉપદેશક તરફ બહુ-માન નથી, જેની જીજ્ઞાસા પણ સાવ બુઠી બની ગઇ છે તેને બોધના બે શબ્દો પણ શી રીતે સંભળાવવા ? પત્થરમાં બીજ વેરવા જેવી જ એ એક નિષ્ફળ ક્રિયા નથી ?

પણ કેશીકુમાર નિર્ભય હતા. પરદેશીને ગમે તે લાગે, વિનય તો શીખવવો જ જોઇએ. સીધી રીતે વિનયનો બોધ આપવાને બદલે. રાજા પોતે જે પ્રશ્ન સમજી શકતો હોય-જેમાં રાજાને પોતાને રસ હોય એવો પ્રશ્ન પૂછયો:

"રાજન્, ભલા કોઇ વ્યાપારી દાણચોરી કરે તો તમે શું કરો ?

દાણ તો રાજ્યની મુખ્ય મહેસુલ ગણાય. દાણચોરી થવા ન પામે એટલા સારૂ તો રાજકર્તા નાકે-નાકે પાકો બંદોબસ્ત રાખે છે. દાણ ભર્યા વિના જો કોઇ વ્યાપારી વેપાર કરે તો એને હેડમાં પૂરવો એવું રાજાનું સખત ફરમાન પણ હતું. રાજાએ જવાબ આપ્યો: "હું એ વેપારીને આકરી સજા કરૂં."

રાજાનું દાણ અને મુનિજનોનો વિનય, લગભગ એક સરખી વસ્તુછે એમ કેશીકુમારે રાજાને ઠસાવ્યું. વિનય કે વિવેક સંબંધી પાંચ-પચીસ શાસ્ત્રીય શ્લોક કરતાં, બે-ચાર ઉપાખ્યાન કરતાં પણ શ્રી કેશીકુમારની આ યુકિત કેટલી અસરકારક તેમજ આલ્હાદક લાગે છે ?

પરદેશીને, કેશીકુમાર ગણધર સન્માર્ગે દોરવા માગતા હતા. જીવ, પાપ, પુણ્ય, પરલોક વિગેરે આવશ્યક વસ્તુઓ સમજાવવા માગતા હતા પણ એમની મ્હોટી મુશ્કેલી એ હતી કે એ વખતે એમની પાસે આજના જેટલા શાસ્ત્ર ન હતા-શાસ્ત્ર હોય તો પણ શાસ્ત્રની પંકિતઓ ઉચ્ચારવાથી કોઇ હેતુ સધાય એમ ન હતું. કેશીકુમાર અને પરદેશીના સંવાદમાં, પૂર્વે મુનિવરો કેટલી સરળતાથી -બુદ્ધિગમ્ય યુકિતઓથી ઉધ્ધત જેવા પુરૂષોના દીલમાં શ્રદ્ધાનો સંચાર કરતા અને એ યુકિતઓમાં એમની પ્રતિભાશકિત કેવી ચમકી ઉઠતી તે બધું પ્રથમ દૃષ્ટિએ જ દેખાઇ આવે છે.

આજે-લગભગ અઢી-ત્રણ હજાર વર્ષ પછી, ભલે એ સંવાદ સામાન્ય ભાસે પરંતુ જે વખતે આત્મા અને દેહની ભિન્નતા પૂરી સમજાઇ ન્હોતી-પુણ્ય પાપ જેવા પ્રશ્નો માનવમતિને મુંઝવી રહ્યા હતા-પંડિતો પણ ધર્મબુદ્ધિમાં બાળક જેવા લાગતા તે વખતે કેશીકુમાર જેવા ગણધરો કેવું ઉંડું મંથન ચલાવતા અને એ મંથન-માંથી પ્રાપ્ત થતું નવનીત શ્રદ્ધાળુઓને કેવી છટાથી સમર્પતા તે આ સંવાદના એક એક શબ્દમાં દેખાઇ આવે છે.

આત્મા છે, દેહ છે અને બન્ને ભિન્ન ભિન્ન છે એમ આજે આપણે ઉંઘમાં પણ બોલી નાખીએ છીએ અને જો કોઇ સ્હેજ અશ્રદ્ધાળુ હોય તો એને ઉંધડો લેવા સારૂ આપણે શાસ્ત્રો–ગ્રંથો–ટીકાઓનું એક મ્હોટું સૈન્ય પણ ઉભું કરી શકીએ છીએ. આજે તો શાસ્ત્રોની માન્યતામાં જ આસ્તિકતા બધી સમાઇ જાય છે. યુક્તિ અથવા બુદ્ધિગમ્ય દલીલને આજે કેવળ બુદ્ધિવિલાસ માનવામાં આવે છે.

શાસ્ત્રો ચિંતનમાં સહાય કરે, ભોંયરામાં પ્રકાશના દીપકની જેમ સાચો માર્ગ સૂઝાડે. પરંતુ અમે કહીએ છીએ તે જ શાસ્ત્રો માનો, અમે કહીએ છીએ તે જ અર્થ સ્વીકારો. એવી અહંભાવવાળી વાણી ઉચ્ચારવાનો આપણને શું અધિકાર છે ? શાસ્ત્રોને નામે નવા કલહ પેદા કરવાનો, શાસ્ત્રને નામે વિખવાદ કેળવવાનો કે કોઇનો પણ તિરસ્કાર કરવાનો કોઇએ થોડો જ પરવાનો આપ્યો છે ?

રાજા પરદેશી અને કેશીકુમારવાળા સંવાદમાં ક્યાંઇ શાસ્ત્રનો અહંકાર કે અભિનિવેશ નથી. ભગવાન પાર્શ્વનાથની પરંપરામાંથી મેં મેળવ્યું છે અને તે તમારે કબૂલ રાખવું જ જોઇએ. એવી મતલબનો કાંઇ ધ્વનિ પણ એમાંથી નીકળતો. શાસ્ત્રના સિદ્ધાંત જેમણે પચાવ્યા છે, લોક કલ્યાણ અર્થે જેમણે પોતાની વાણીને સંયત અને સાદી બનાવી છે. એવા પુરૂષની કથની કેટલી મધુર–હૃદયંગમ હોય છે તેની પ્રતીતિ આ સંવાદ કરાવે છે.

એ સંવાદ આપણામાં ખૂબ જાણીતો છે. અહીં તેનું પુનરાવર્ત્તન કરવાની જરૂર નથી. નમુના ખાતર થોડો ભાગ અહીં ઉધ્ધૃત કર્યો છે.

**રાજા:** નર્ક હોય અને ઘાતકી માણસો નર્કે જતા હોય તો મારા દાદા એ નર્કમાં જ જવા જોઇએ. કારણ કે તેઓ ક્રૂર, હિંસક હતા, મને, મારા ભલાને ખાતર મારા દાદાએ નર્કમાંથી કેમ કંઈ સંદેશ ન મોકલ્યો ?

**શ્રમણ:** તમારી રાણીના અંતઃપુરમાં કોઇ પરપુરૂષ પ્રવેશ કરે અને પછી પકડાય તો તમે એને શું કરો ?

**રાજા:** એવાને તો પ્રાણદંડ જ હોય.

**શ્રમણ:** પણ જો તે એમ કહે કે ઉભા રહો, પહેલાં હું મારાં સગાં–સંબંધીઓને મળી આવું. પછી તમને ફાવે તે સજા કરજો, તો તમે એને છૂટો મૂકો ખરા ?

**રાજા:** બીલકુલ નહીં.

**શ્રમણ:** તમારા દાદાની પણ એ જ સ્થિતિ છે, તમને એ સંદેશો શી રીતે મોકલે ?

**રાજા:** પણ મારી માતા તો ધાર્મિક હતી. એણે સ્વર્ગમાંથી મને કેમ કંઇ ન કહેવરાવ્યું ?

**શ્રમણ:** તમે સુગંધી દ્રવ્યોથી સ્નાન કરી, નવા વસ્ત્રાભરણ સજી બ્હાર જતા હો તે વખતે તમને કોઇ કહે કે આ પાયખાનામાં પધારો, તો તમે જાઓ ખરા ?

**રાજા:** નહીં જ.

**શ્રમણ:** તો પછી તમારી માતા તમને મળવા કેમ આવે ?

એ પછી સંવાદ મહત્વના પ્રશ્નો તરફ ઢળે છે. પરદેશી રાજા વાતવાતમાં અટપટી આશંકાઓ ઉભી કરે છે. ત્રણ–ત્રણ પેઢીઓથી પોષાતી અશ્રધ્ધા–નાસ્તિકતાનું તે રસ ભરી રીતે સમર્થન કરે છે. પરંતુ કેશીકુમાર, એવી આડી અવળી શંકાઓથી ગભરાતા નથી–સંક્ષુબ્ધ પણ નથી બનતા. તેઓ તો જાણે કે પોતાની દુકાનમાંનો અમૂલ્ય માલ, કોઇ સારા ગ્રાહકની પાસે એક પછી એક ખુલ્લો મૂકતા હોય એવો ઉલ્લાસ અનુભવે છે. એક એકથી ચઢીયાતો મુદ્દો ખોલી બતાવે છે.

જીવ. દેહ, પરલોક જેવી વસ્તુઓની વિચારણા પાછળ એમણે કેટકેટલાં દિવસ–રાત ખર્ચ્યાં હશે ? બુદ્ધિ તથા પ્રતિભાને ચોતરફથી કેટલી કસી હશે ? જે વખતે ધર્મોપદેશકને, શંકા માત્રના સમાધાન, પોતાની અંદરથી ઉપજાવવા પડતા હશે, અતિ ગૂઢ સમસ્યાઓ કેવળ યુકિત તથા તર્કની સહાયથી ઉકેલવી પડતી હશે તે વખતે એમની પ્રતિભા અને સંયમની શકિતનો પણ કેટલો વિકાસ થતો હશે ?

આજે તો આપણને જ્યારે જોઇએ ત્યારે તૈયાર સમાધાનો મળી શકે છે. કોઇ સમાધાન પચાવવાની પણ ભાગ્યે જ તકલીફ પડે છે. પરંતુ જે વખતે શાસ્ત્રો ન્હોતાં કિંવા તૈયાર સમાધાનો ન્હોતાં અને પગલે પગલે પ્રશ્નોની પરંપરા ઉઠતી તે વખતે શ્રી કેશીકુમાર જેવા શ્રમણો, કેટલી શાંતિથી, કેટલી ધીરજથી અને કેટલી સહાયતાથી જનતાને ઉપદેશતા હશે તેમ જ શ્રમણ સંસ્કૃતિનો આદર્શ એ વખતે કેટલો ઉન્નત તેમજ નિર્મળ હશે તે આ સંવાદના અવશેષ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ.

ગ્રંથો, શાસ્ત્રો, વિવેચનો વિગેરેએ આપણા માનસિક વિકાસ આડે આવરણો ઉભા કર્યા છે. પ્રતિભા પંગુ જેવી બની બેઠી છે. પ્રાચીન સમયમાં એક યાત્રિક જો દૂર દેશમાં જઇ હીમેખીમે પાછો વતન આવે તો તેનું સૌ કોઇ સન્માન કરતું. કારણ કે એ વખતે યાત્રાનો માર્ગ ઘણો કઠીન, વિકટ તેમજ વિઘ્નસંકુલ હતો. એ કઠીનતાઓ અને વિઘ્નોની સામે ટકી રહેવામાં, યાત્રિકને ઘણું બળ, સાહસ, બુધ્ધિમત્તા કેળવવાં પડતાં. આજે તો યાત્રિક, જમી પરવારીને સાંજે રવાના થાય તો કદાચ બીજી જ સવારે યાત્રાના સ્થાને પહોંચી જાય. અને વગર તકલીફે પાછો ઘેર પણ આવી પહોંચે. આજની યાત્રા વસ્તુતઃ યાત્રા જ નથી. યાત્રાના શ્રમજન્ય આનંદને બદલે વધુ તો યાત્રાના અભિમાનને તે પોષે છે. શાસ્ત્રોના અભ્યાસ સંબંધે પણ લગભગ એમ જ બન્યું છે. એક એક સિધ્ધાંતને પચાવવા માટે જે પરિશ્રમ અને અવકાશ જોઇએ તે ભાગ્યે જ ક્યાંઈ જોવામાં આવે છે, કેશીકુમાર શ્રમણે, શાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંતો કેટલા શ્રમથી પચાવ્યા હશે તે તેમની શાંત, સહજ, પ્રાસાદિક નિરૂપણા બતાવી આપે છે. સિધ્ધાંતો શાસ્ત્રાર્થ માટે હોય તો તેમણે પરદેશી રાજાને આગમ કે શ્રુતની પંકિતઓથી મુંઝવી નાખ્યા હોત. પરદેશી કદાચ, ધોયેલા મૂળા જેવો પાછો ફરત. કંઈ શિક્ષણ સંસ્કાર ન લઇ જાત, પણ શ્રમણવરનું અગાધ પાંડિત્ય જોઇ વિસ્મયં વિમુગ્ધ તો જરૂર બનત.

શાસ્ત્રો એટલા સહજ ન્હોતા તેથી શાસ્ત્રાર્થો પણ એ વખતે સહજ ન્હોતા. રેલગાડીઓ ન્હોતી તેથી રેલગાડીમાં થતા ઝગડા પણ ન્હોતા. શાસ્ત્રો વધ્યા, ગીતાર્થો વધ્યા, સકલાગમ રહસ્ય વેદનારાઓ વધ્યા અને સાથે સાથે એક નવો મુસાફર પોતાના ડબામાં આવતો

( અનુસંધાન માટે જુઓ પૃષ્ઠ ૬ ઠું )

# જૈનો અને સંગીત.

<u>અવતરણ</u>

"સંગીત શું ખરેખર રત્નાકર છે. હિંદી સંગીતનું ઉંડાણ માપવું કે સીમાઓ દોરવી અશકય છે. એ સર્વગ્રાહી સાગરમાં બધી જ શકયતાઓ છે. તે ગગનને ચુમતા ઉછાળાઓ પણ ભરે છે અને ઉર્મિય ન ઉછળે એવી સમાધી પણ ધારણ કરી શકે છે. કિનારાની ભૂમિને તરબોળ કરતી ભરતી પણ તેમાં ચડે છે. ઉત્સાહ નીચોવાયલી નિરાશા સમી ઓટ પણ તેમાં આવ છે. તે બળપૂર્વક ઘુઘવે પણ છે અને આછી હલકે રમતાં મોજાંનો કર્ણપ્રિય ખળખળાટ પણ યોજી શકે છે.

હિંદી સંગીતની ઉદારતા પણ હિંદ સરખી અનવધિ છે. તે સહુને પોતાનામાં સમાવી દે છે. હિંદ જેટલું હિંદુઓનું છે તેટલું જ મુસલમાનોનું પણ છે. સંગીતમાં તો એ ધર્મ ભેદ પણ ભુંસાઇ જાય છે. અને હિંદુ મુસલમાન એક બની જાય છે. ત્રિકાળ સંધ્યા કરતો અગ્નિહોત્રી સંગીતાચાર્ય એક મુસલમાનને શિષ્ય બનાવી સંગીતની સઘળી કૂંચીઓ તેને શીખવે છે. એક નીમાઝી ઉસ્તાદ કોઇ પણ હિંદુને શાગીર્દ બનાવી ગાયન વાદનની સઘળી નાઝુકી તેની પાસે ખુલ્લી કરી દે છે. કળા એ ન્યાત, જાત અને ધર્મપથથી પર રહેલું તત્ત્વ છે." —**રમણલાલ. વ. દેશાઇ**

<u>**પ્રસ્તાવિક.**</u>

જૈનો અને સંગીત ! બંને એક બીજાંથી કેટલાં વિભિન્ન ! કેટલાં દૂર ! જૈનોને સંગીતની સાથે અથવા સંગીતને જૈનોની સાથે કંઇ સબંધ છે કે ?

આ પ્રશ્નોની વિચારણા હાલ અગત્યની છે. આ લેખનો ઉદ્દેશ એમ નથી કે બધાએ સંગીતાચાર્ય બની જવું.

જૈનત્વ એટલે અભેદ એકતા અને વિશ્વબંધુત્વની ભાવના. સંગીતમાં પણ તેવા જ ગુણો રહેલા છે. સંગીત મનુષ્યને શાંત બનાવે છે–સ્થિર બનાવે છે. સંગીત એ જીવનસિધ્ધિને મેળવવાનું સાધન છે. મનુષ્યને આધ્યાત્મિક જીવન તરફ દોરે એ જ સાચું સંગીત.

સંગીત એ પ્રાચીન વિદ્યા છે. વેદકાળ જેટલી એ જુની છે. નાટક આદિના વખતમાં તેની ઉત્પત્તિ થઇ એમ મનાય છે.

સંગીતને પાંચમો વેદ કહેવામાં આવે છે. બીજાં શાસ્ત્રો જેટલું અને જેવું એનું પણ સ્વતંત્ર શાસ્ત્ર છે. એ વિદ્યા અપાર છે, સંગીતનો કયાં કિનારો આવે છે તે હજી સુધી કોઈ કહી શકયું નથી. સંગીત–સાગર કોઇ તરી શકયું નથી.

પરરાજ્યોના આક્રમણોથી જેમ ધર્મ, સમાજ અને રાષ્ટ્ર આદિમાં શિથીલતા આવી, છિન્નભિન્નતા આવી, તેમ સંગીતમાં પણ થયું. પણ હિંદના સુભાગ્યે એ વિદ્યા જેમની તેમ અખંડિત જળવાઇ રહી છે.

સંગીતમાં અલૌકિક શકિતઓ રહેલી છે, હિંસક પશુઓને તે શાંત બનાવે છે. ઝેરી નાગને પણ તે ભાન ભૂલાવે છે. રાગ–રાગણીઓમાં અદ્દભૂત ચમત્કારો રહેલા છે. દાખલા તરીકે–મલ્હાર રાગ ગાવાથી વરસાદ વરસે છે. દીપક રાગથી દીવા પ્રગટે છે. સારંગ રાગ વરસાદ અટકાવે છે. વગેરે......વગેરે.

વિજ્ઞાનના આ જમાનામાં આ ચમત્કારોની વાત ગળે ઉતરવી કદાચ મુશ્કેલ થઇ પડશે. પણ આ હકીકત સત્ય છે. તેના અનેક પુરાવાઓ મળી આવે છે. તેની ઉપાસના પાછળ કઠીન તપશ્ચર્યા જોઇએ. અખૂટ શ્રધ્ધા હોય તો જ તેવા ચમત્કારો સંભવે.

સંગીત વિષેની આટલી જરૂરી પ્રસ્તાવના બાદ આપણને એટલે જૈનોને આપણા જીવનમાં–સમાજમાં સંગીતની કેટલી જરૂરીઆત છે તે સંબંધી વિચાર કરીએ.

<u>સંગીત</u>

જીવનમાં અંતમુર્ખ થવાના ધ્યેયમાં સંગીતને સાધનરૂપ માની આપણા પૂર્વના ત્યાગીઓ જેવાં કે, આનંદઘનજી, ચિદાનંદજી, યશોવિજયજી, આત્મારામજી, બુદ્ધિસાગરજી અને અજીતસાગરજી આદિ ઘણા મુનિમહારાજોએ અને જૈન વિદ્વાનોએ અધ્યાત્મ રસમાં ઉંડા ઉતરી, પ્રભુ ભકિતમાં લીન બની, જગતના કલ્યાણને માટે અગણીત પદો રચ્યાં છે–ગાયાં છે. એ ઉત્તમ પદોને ગાતી વખતે મનુષ્ય ભકિતમાં મસ્ત બની, આ ઉપાધિજન્ય દુનીયામાંથી પર હોય એવી સ્થિતિ અનુભવે છે.

<u>આપણું સ્થૂળ સંગીત.</u>

કબુલ કરવું પડશે કે આપણા જીવનમાં સંગીતનું સ્થૂળ સ્વરૂપ તો ઉતર્યું છે. આપણા મંદિરોમાં સ્ત્રી, પુરૂષ, બાળક કે વૃદ્ધ. સર્વે સ્તવન–ભજન રાગથી–આલાપથી ગાય છે. ચૈત્યવંદન, થોય (સ્તુતિ) સજ્ઝાય, ગહુંલી, સ્તવન વગેરે સંગીત નથી તો શુ છે ? તો ઉપાશ્રયમાં પણ કયાં નથી ? સાધુઓ વ્યાખ્યાન વાંચે છે તે પણ એક પ્રકારના આલાપથી જ, પ્રતિક્રમણ આદિ ગંભીર વિધિઓમાં પણ સંગીત કયાં નથી ? પૂજાઓ અને ભાવનાઓમાં પણ રાગ–રાગણીઓ કયાં ઓછી છે ? આપણા પૂર્વાચાર્યોએ દરેક પૂજાઓ ઉત્તમ રાગોમાં ગોઠવી છે. એઓએ ધર્મની એની એ જ વાત શા માટે સંગીતમાં વર્ણવી–ઉપદેશી અને વિધિ કે ગદ્યમાં ન ગોઠવી ? સંગીતની અસર તો તેમનો પુરતો અભ્યાસ હોવો જોઇએ અને તેથી જ પદ્યની યોજના ઘડી હશે.

લગ્ન, વરઘોડા અને બીજી ધાર્મિક ક્રિયાઓમાં પણ સ્ત્રીઓનું સંગીત કયાં ઓછું છે ? ત્યારે મરણ પાછળના રોવા–કુટવામાં પણ સંગીત કયાં નથી ? આપણા જીવનમાં અને જીવનની દરેક પ્રવૃત્તિઓમાં સંગીત ગુંથાઇ ગયેલું માલમ પડશે. જો આપણે બારીકીથી વિચાર કરીશું તો.

જે વસ્તુ આપણા જીવનમાં ઓતપ્રોત થઇ ગઇ હોય: જાણ્યે કે અજાણ્યે જેણે આપણા હૃદયમાં સ્થાન જમાવ્યું હોય તે વસ્તુને આપણે ન જાણીએ અને જાણવા પ્રયત્ન પણ ન કરીએ તો તે આપણી ભુલ નથી ? આપણા જીવનમાં સંગીત તો છે જ, પણ તેના સ્થૂળ સ્વરૂપે. આપણે સંગીતનો સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કર્યો જ

નથી. દરેક વિધિઓમાં સંગીતનો સમાવેશ હોવા છતાં આપણા શાસ્ત્રપ્રણેતાઓએ, આપણા વર્તમાન ઉપદેશકોએ સંગીતના એ દિવ્ય શાસ્ત્રને સમજવા–સમજાવવા પ્રયત્ન કેમ નહિં કર્યો હોય એ કળાતું નથી. એ શાસ્ત્રની આટલી બધી ઉપેક્ષા કરી આપણે તેને અન્યાય નથી કર્યો ?

ખરી વાત તો એ છે કે આપણે સંગીતની મહત્તા સમજ્યા જ નથી. એ સમજણ ગુજરાત–કાઠીઆવાડ કરતાં મહારાષ્ટ્રમાં વિશેષ છે. દક્ષિણીઓએ સંગીતને જરૂરનું માની ઘેર ઘેર એનો અભ્યાસ સ્વાભાવિક માન્યો છે.

કહેવાય છે કેઃ ગુજરાતીઓને સંગીતની કિમ્મત નથી. આ આક્ષેપ સત્ય છે.

મહારાષ્ટ્રમાં સંગીતને ઉચ્ચ ભૂમિકાએ લાવનાર કોઈ હોય તો તે નાટક મંડળીઓ જ છે. અને ગુજરાતમાં સંગીતને અધોગતિએ પહોંચાડનાર જો કોઇ હોય તો તેની નાટક મંડળીઓ જ છે.

હવે આપણા રહ્યા સહ્યા શાસ્ત્રીય મનાતા સંગીત તરફ દૃષ્ટિપાત કરીએ. શાસ્ત્રીય સંગીત તે પૂજાઓ અને ભાવનાઓ. અસલના વખતમાં આપણા શ્રાવકોમાં ઘણા ઘણા ગાયકો થઇ ગયા એમ કહેવાય છે. પુજાઓ ભણાવવાની એમની પધ્ધતિ જોઇ ભલભલા ગવૈયાઓ ઠંડા થઇ જતા. અત્યારે શાસ્ત્રોકત પધ્ધતિએ ગાવા વાળા જૈનોમાં કેટલા છે ? હાલ તો આપણે ભોજકો ઉપર જ આધાર રાખવો રહ્યો છે. એમની અપવિત્રતાથી કેટલીય આશાતનાઓ થતી હશે. તેનો ખ્યાલ આપણને છે કે ? અને અત્યારે તો ભોજકોનો દોર આપણા ઉપર એટલો બધો તીવ્ર થયો છે કે એમની મરજી મુજબ અને એમની ફુરસદે આપણે પુજાઓ ગોઠવવી પડે છે. જાણે કે તેમના વિના પુજા શરૂ થાય જ નહિ.

એ ભાડુતી સંગીત બંધ થાય અને શ્રાવકો પોતે જ પોતાના વારસોમાં એ કળાના સંસ્કાર બીજ વાવે એવા પ્રયાસ થવાની જરૂર છે.

બીજી એક વાત ખાસ યાદ રાખવાની જરૂર છે કે આપણા સ્તવનો–ભજનોના રાગો કોઇ શૃંગારિક નાટકોના વિકારવાળા ગાયનોના રાગો ઉપરથી ન લેવાયા હોવા જોઇએ.

દાખલા તરીકે–" ભારી બેડાં ને હું તો નાજુકડી નાર " આ રાગના સ્તવન ગવાતી વખતે સાંભળનારને પહેલાં "સત્તાનો મદ"નો બેલ યાદ આવે, પછી "ભમ્મરીઓ કુવો" યાદ આવે અને પછી શૃંગાર અને વિકાર મિશ્રિત અભિનય યાદ આવે. વીતરાગના મંદિરોમાં આવા રાગો શોભે ખરા કે ?

આ બિભત્સ સંગીત છે. હાલમાં ઘણા યે થઇ બેઠેલા કવિકુલકિરિટો (જે ઇલ્કાબો શ્રી ટાગોર અને શ્રી ન્હાનાલાલને પણ નથી મળ્યા) વીતરાગના મંદીરમાં વિકારભાવના પોષવાની ચેષ્ટાઓ કરે છે. એ અસભ્ય છે. અને સમાજે એવા કાવ્યો ગવાતાં અને પ્રસિધ્ધ થતાં બંધ કરાવવાં જોઇએ.

મેં આગળ જણાવ્યું તે પ્રમાણે આપણા નાટકો અને સિનેમાઓમાં શૃંગારને જ પ્રધાનપદ અપાતું હોવાથી અને તેથી તેના ગાયનો પણ વિકારજન્ય હોવાથી આપણને એવા રાગોના સ્તવન ગમે એ સ્વાભાવિક છે. પણ જેને શાસ્ત્રીય સંગીતનો અભ્યાસ કરવો હોય તેને આનંદઘનજી આદિ અસલના મુનિઓના ભજનો અને સ્તવનો જોવા જ પડશે. કારણ કે તેમના પદો શુધ્ધ રાગોમાંજ ગોઠવાએલાં છે.

થોડા સમય પહેલાં ગવૈયાને હલકો ગણવામાં આવતો. સંગીત ગાનાર કે શીખનાર વંઠી ગયેલા મનાતા. પણ આજે એ પરિસ્થિતિ સાવ પરિવર્તન પામી છે. સંગીતાચાર્યની કિંમત સમાજ આજે આંકતા શીખ્યો છે. સંગીતનું બહુમાન થાય છે. એ કળાનું પૂજન થાય છે. શ્રધ્ધાપૂર્વક ઉપાસના પણ થાય છે. સંગીતનો શોખીન આવકાર પામે છે. મહારાષ્ટ્રની જેમ એકલા જૈનોમાં નહિ પણ આખાયે મહાગુજરાતમાં સંગીત ઘેર ઘેર પ્રતિષ્ઠા પામે એ સમય આપણે ક્યારે જોઇશું ? એ સમય આવશે ત્યારે જ ગુજરાત ઉપરથી સંગીતની અવગણનાનું કલંક ભૂંસાશે. —**"શાન્તિકુમાર"**

( અનુસંધાન પૃષ્ઠ ૪ થી ચાલુ. )

જોઇ, બીજા ઉતારૂઓ ઘુરકીયાં કરે તેમ શાસ્ત્રીઓમાં પણ ઘુરકા ઘુરકી ચાલવા લાગી.

પાદવિહાર કરતા યાત્રિકો, બીજા યાત્રિકનું પોતાના સહોદર જેટલું સન્માન કરતા. એમના કૂશળ વર્તમાન પૂછતા અને માર્ગમાં ક્યાં–કેવા પ્રકારની વિટંબણા આવે છે. તેના ખુલાસા મેળવી પોતાનો અનુભવ ભંડાર વધારતા. શાસ્ત્રરસિકો પણ એ જ રાજમાર્ગે ચાલતા. પોતાના જ્ઞાનનું ભાગ્યે જ કોઇને અભિમાન રહેતું. એમના બુદ્ધિના દ્વાર સદા ખુલ્લા જ રહેતા. સૌનાં મનન ચિંતન શાંતિથી સાંભળતા. વિચારોની આપ–લે કરતા અને તર્કશુધ્ધ, બુદ્ધિગમ્ય યુકિતઓની સરાણે સિધ્ધાંતમાત્રને કસી જોતા.

કેશીકુમાર શ્રમણે, પરંપરાગત વારસામાં મળેલા જ્ઞાનને યુકિત તથા તર્કથી અલંકૃત કર્યું હતું. માતા જેમ જેમ સમયે સમયે બાળકને દૂધ પાય તેમ તેમણે એ સમયની દુર્બોધ સમસ્યાઓનો ઉકેલ રાજા પરદેશીના ગળે ઉતાર્યો. રાજાના પોતાની શંકાઓથી ખીજવાઇ જવાને બદલે જાણે એની નિરાધાર યુકિતઓમાં ઉંડો સંતોષ અનુભવતા હોય એમ આપણને લાગે છે. રાજા જે વખતે એવા મનોરથ સેવતો હોય છે કે ચોકકસ યુકિતની સામે મુનિ નિરૂત્તર બની જવા જોઇએ. તે જ વખતે, સામેથી આવતી પ્રબળતર યુકિતની સામે ભાંગીને ચૂરા બની જતી પોતાની યુકિતને નિહાળી એ પોતે જ નિરૂત્તર અને ઝંખવાણો પડી જતો હોય એવું દૃશ્ય આપણી આંખ આગળ ખડું થાય છે.

રાજા ઘાતકી હતો, પણ એ ઘાતકીપણામાં એવું બાલોચિત કુતૂહળ તો હતું જ એમ તેની દલીલો બોલે છે, બાળકને ઘડીયાળ આપો. ઘડીયાળમાં કોણ બેઠું ટક–ટક કરે છે તે જોવાનું તેને કુતૂહળ થશે. કીંમતી ઘડીયાળના એ ભાંગીને ભુકકા કરશે. યથામતિ કંઇક નવું જાણવાનું મેળવશે. પરદેશી, પણ જીવ કયાંથી આવે છે, કયાં જાય છે, કેમ રહે છે એ જોવા મનુષ્યોના વધ કરશે, એને કંઇ કળાતું નહીં, એટલે એની નાસ્તિકતા વધુ ધારદાર બનતી.

શ્રી કેશીકુમારે એવા ઘાતકી નરપતિનો તિરસ્કાર કર્યો હોત તો ? એની પોતાની જ શૈલીમાં પ્રેમભાવે જવાબ વાળવાને બદલે, પોતાના પાંડિત્યનું પ્રદર્શન કર્યું હોત તો ? તો પરદેશીનો હૃદય પલટો અસંભવિત બનત.

જેમણે સહજ–સરળ, સુબોધ વાણીમાં શાસ્ત્રના અતિ ગૂઢ સિદ્ધાંત સમજાવ્યા. ક્રોધ કે નિરાશા સંભવે એવે પ્રસંગે પણ જેમણે પોતાનો સંયમ અને વાત્સલ્ય બતાવ્યા તેમ જેણે આગ્રહ–અભિનિવેશનો ત્યાગ કરી, આખરે યુકિતશુધ્ધ સત્ય સ્વીકાર્યું, અને પોતાનો માનવજન્મ સફળ કર્યો. એ બન્ને–શ્રમણ કેશીકુમાર અને રાજા પરદેશી પણ અભિવંદનને યોગ્ય છે. —**"સુશીલ"**

# ચન્દ્રશ્રીની શિષ્યા.

—: લેખક :—

'સુધાકર'

( ૨ )

દ્વાપરમાં ત્હારા જેવી એક નિર્દોષ કુમારિકા હતી. તેનું નામ રમા. રમાના માતા પિતાને જે ચાર પુત્રીઓ હતી ત્હેમાં તે છેલ્લી હતી. આપણામાં વડીલોપાર્જીત મિલ્કત ઉપર જીવન ગુજારતા માણસોને ખાનદાન કહેવામાં આવે છે. રમાના પિતા તેવા પ્રકારના ખાનદાન હતા. ત્હેમને જાતે કમાવાની ચિંતા ન હતી. તેમ કોઇ ધંધાનો ખાસ અનુભવ પણ ન હતો. કહો કે તેઓ નિરૂદ્યમી હતા. સ્હવારથી સ્હાંજ સુધી ત્હેમની ખાનદાનીને છાજતી રીતે જીવન કેમ વિતાવવું ત્હેની જ સતત ઉપાધિમાં રહેતા રમાના પિતાને બહુ જ મોડી ખબર પડી કે બેઠાં બેઠાં ખાવાથી, ખાનદાનીને છાજે તેવા ઠાઠ અને ભપકો રાખવાથી અને વિવિધ પ્રસંગોએ જનતાની વાહ વાહ મેળવવા પાણી માફક ધન વાપરવાથી કુબેરના ભંડારો પણ ખુટી જાય છે. મોડું સ્હમજાયું. પણ ખાનદાનીનો, મોટા કુળનો મોહ ન છુટયો. અને સામાન્ય માણસ પણ જે માર્ગે જતાં અચકાય તે માર્ગ તેમને ગ્રહણ કરવો પડયો. રમાની બે મ્હોટી બ્હેનોને તેમણે અનુક્રમે પરણાવી દીધી હતી. પણ ત્રીજી પુત્રીને પરણાવવાના પ્રસંગે તેમની ત્રીજોરીનું તળીઉં દેખાઇ ચુકયું હોવા છતાં લગ્નોત્સવ ભપકાથી ઉજવી પોતાની ખાનદાની સાચવી રાખવાનો તેમણે પ્રયત્ન કર્યો. ગજા ઉપરાંત કરેલો ખર્ચ અને તેમની જ્ઞાતિએ ટાળી મુકેલા એક મ્હોટી ઉમ્મરના મુરતીયાની ત્હેમણે કરેલી પસંદગી: એ જોઇ લોકો કહેતા હતા કે જરૂર આમાં દાળમાં કૈંક કાળું છે. અને ઘણી વખત લોક જીભ ખોટી નથી પણ હોતી. ખેર, એ સમય ઉકલી ગયો. અને બીજાં પાંચ વર્ષ વિત્યા. આ દરમીઆન બધી રીતે રમાના પિતા ઘસાઇ ચુકયા હતા. અન્તે તેમણે પોતાની ખાનદાની નિભાવવા અને પેટનો ખાડો પુરવાની ખાતર રમાને માટે કોઇ શ્રીમંત મુરતીયાની શોધ કરવા માંડી.

ઘણી વખત નૈતિક પતનને માર્ગે કૂચ કરી રહેલાને જાણે કુદરત મદદ આપતી હોય તેવા બનાવો બને છે. આ પ્રસંગમાં પણ તેમ જ બન્યું. અને રમાના પિતાને તેવું કુળ મળી ગયું. ત્રણ ત્રણ પત્નિઓને વળાવી ચુકેલા, ઉમ્મરમાં અડધી સદી લગભગ પહોંચેલા એક શ્રીમાન કોઇ લાયક કુમારિકા મળી જાય તો ફકત પોતાની પાછળ મિલ્કતના વારસદાર તરીકે એકાદ પુત્રને મુકી જવાની માત્ર એક જ ઇચ્છાથી લાડ કરવા તૈયાર હતા. વળી રમાનું માર્દવતાભર્યું સુરેખ સૌન્દર્ય કોમળ પરંતુ સુદૃઢ દેહ લતાઃ અને ખીલતા મુગ્ધ યૌવન ચમકારઃ એ શ્રીમાનની ઇચ્છા ન હોય તો પણ તેમને લલચાવે તેવાં હતાં. શ્રીમાન લાચાર બન્યાઃ છુપા કરાર થયા, થેલીઓ ત્રીજોરીમાં મુકાઇઃ અને લગ્ન લેવાયાં.

ચકોર રમા આખી ઘટના જાણી ગઇ. તે બાળહરિણી સફાળી તેની મ્હોટી બ્હેન પાસે દોડી. હૃદય ઠાલવ્યું. અને "મ્હોટી બ્હેન ! બાપુને ત્હમે ન સ્હમજાવો !" એમ કહેતી રડી પડી.

રમાની વાત સાંભળી મ્હોટી બ્હેનને પણ દુઃખ થયું. પણ શું કરવું તેની સુઝ ન પડી. તેણે માત્ર રમાને આશ્વાસન આપ્યું: "રમા, બ્હેન ! આમ અકળાય છે શા માટે ? તું અહીં જ રહે. તારા બનેવીને હું વાત કરીશ."

"મ્હારા બનેવી પણ હવે શું કરવાના છે ! મ્હને તો એ સંસાર માંડવા કરતાં મૃત્યુ વધારે વ્હાલું લાગે છે" રમા કંપતા અવાજે બોલી.

"રમા, રમા ! તું આ શું બોલે છે ?" મ્હોટી બ્હેન વાતને ટુંકી કરવા જરા કડક બની બોલી: "જરા વધારે ભણી એટલે વધારે પડતું બોલતાં જ આવડે છે. બીજો કૈં વિચાર છે ?"

"બધો ય વિચાર છે. જે પાનેતર પહેરતાં જ રંડાપો રોકડો લખાયો છે, તે પાનેતર પહેરવા કરતાં સળગતી ચિતાની લાલ જ્વાળાઓમાં સ્નાન કરવું તે શું ખોટું છે ?!" રમાના રડમસ ચ્હેરા પર ક્રોધ છવાયો. તે આકળી અને ઉતાવળી બની હતી. તે શું બોલે છે તેનું તેને ભાન ન હતું.

"બસ ! બહુ થયું ! બોલવામાં જરા ભાન રાખ !" મ્હોટી બ્હેનનો સત્તાવાહી અવાજ ગાજ્યો: "હવે જો એક પણ અમંગળ શબ્દ બોલી છે તો જીભે ડામ જ દઇશ. સ્હમજી !" એમ બોલી રમાની મ્હોટી બ્હેન કરડી આંખે રમા તરફ તાકી રહી. ભાન ભૂલેલી રમાએ જબાન પરથી કાબુ ગુમાવ્યો. અને બોલી:

"ડામ શા માટે ? અફીણ જ ઘોળીને આપો ને, હું ખુશીથી ગટગટાવી જવા તૈયાર છું."

"રમા, અફીણ ઘોળવાની શી જરૂર છે ? દીક્ષા જ લઇ લ્યે ને ! પછી જોઇ લે મઝા ! આ ત્હારી ભકતાણી બ્હેન તને દુધના કટોરા વ્હોરાવવા અધીરી બનશે," એમ બોલતા રમાના બનેવી ઓરડામાં દાખલ થયા. અને તેમના સ્વભાવ મુજબ ખડખડાટ હાસ્યથી ઓરડાને ગજાવી મુકયો. બ્હારથી આવનાર રમાના બનેવીને શું બન્યું છે તેની ખબર ન હતી. ત્હેણે તો સ્વાભાવિક વાત સ્હમજીને રમાને રાજી કરવાનો પ્રયત્ન કર્યો. પણ રમાની મ્હોટી બ્હેનથી ન રહેવાયું તે તાડુકી ઉઠી: "પ્રત્યેક વાતમાં એ છોકરીને આમ જ ચઢાવીને ત્હમે ફટવી મુકી છે જ્યારે ને........"

"એમ હશે. પણ જરા કહે તો ખરી કે વાત શું બની છે." રમાની મ્હોટી બ્હેનને બોલતી અટકાવી તેના બનેવી બોલ્યા: "મ્હને ચઢાવી મારતાં આવડે છે, અને તને માત્ર રુવાબ કરતાં આવડે છે એટલે જ બિચારી રમા દરેક રીતે સરખી રહે છે ને !"

પતિને વધુ નારાજ ન કરવાના ઇરાદાથી રમાની મ્હોટી બ્હેન શાન્ત બની. અને થોડી વાર રહી તેણે રમાએ કહેલી બધી હકીકત કહી સંભળાવી. વાત સાંભળી રમાના બનેવીનું લોહી ગરમ બન્યું. તે બોલ્યા:

"રમા ! વાત છેલ્લી સ્થિતિએ પહોંચી ગઇ છે. પરંતુ ત્હારા ખાતર મ્હારાથી બનશે તે બધું કરી છુટવાનું હુ તને વચન આપું છું." એમ કહી રમાને આશ્વાસન આપ્યું: "ગાંડી, આમ અકળાય છે શું કામ. શાન્ત થા !"

(અનુસંધાન માટે જુઓ પૃષ્ટ ૨ જું)

## સમાચાર.

**જાહેર ભાષણ.**

અમદાવાદ ખાતે ઇસ્ટરના તહેવારમા મળનાર યુવક પરિષદના અધિવેશનને અંગે "અમદાવાદના જૈન યુવાનોનું કર્ત્તવ્ય" એ વિષય ઉપર શ્રી મુંબઈ જૈન યુવક સંઘના માનદ્ મંત્રી શ્રી મણિલાલ એમ. શાહે તા. ૧૯-૨-૧૯૩૬ ના રોજ અમદાવાદ-હંસરાજ પ્રાગજી હૉલમાં ડૉ. નગીનદાસ દોલતરામના પ્રમુખપણા નીચે ભાષણ આપતાં તેઓએ આગળની પરિષદના પોતાના અંગત અનુભવોનું અસરકારક વિવેચન કરી અમદાવાદના જૈન યુવાનોને આ અધિવેશન અંગેનું પોતાનું કર્ત્તવ્ય સમજાવ્યું હતું. આ પછી શ્રી મુળચંદ આશારામ વૈરાટી, શ્રી ભોગીલાલ રતનચંદ કવિએ ટુંક વિવેચનો કર્યાં હતા. ત્યાર બાદ ધીરજલાલ ટોકરશી શાહે સ્વાગત સમિતિમાં નામો નોંધાવવાની અપીલ કરતાં તે વખતે ૨૬ નામો નોંધાયા હતા.

### — કરાંચીની ટપાલ —

—ખબર મળે છે કે વડીલોનાં રૂસણાં શરૂ થયાં છે, આંખો રાતી બની છે. સમજાવટ-પતાવટથી છોકરાંઓ મુનિ ઘાસીલાલજી પાસે જતાં નહિ અટકે તો તેમને ઘર બહાર કાઢી મૂકવાની ધમકીઓ પણ અપાઇ છે.

—કાન્તિલાલ નામના ૧૬ વર્ષની ઉમ્મરના છોકરાને સ્થા. મુનિ ઘાસીલાલજી ગુપ્ત દીક્ષા આપવાની ખટપટમાં છે. ત્યાંના યુવકો ખૂબ મક્કમ વલણ બતાવી રહ્યા છે. અને કદાચ આ થતી અયોગ્ય દીક્ષાને અટકાવવાની જરૂર પડે તો સત્યાગ્રહ કરે એવાં પણ ચિન્હો જણાય છે.

—મુનિ ઘાસીલાલજીએ સીટિમાંથી ઉઠાંતરી કરીને ગુજરાતનગર (કરાંચીનું પરૂ)માં અડ્ડો જમાવ્યો છે. મને-કમને આહાર-પાણી લેવા સીટિમાં જવું પડે છે. યુવકો ઇચ્છે છે તેમનો વિહાર.

**એકવીશ હજારનું બાવલું.**

શાસન સમ્રાટ્‌ની પદવી ધારક આ૦ વિજય નેમિસૂરિનું એકવીશ હજારના ખર્ચે પુતળું તૈયાર કરવા મી૦ મહત્તરેને ઓર્ડર અપાયો છે. ને તેઓ આચાર્યશ્રીની જાડાઇ, પહોળાઇ, લંબાઈ વિગેરેના માપનો નકશો પણ લઈ ગયા છે. જે તૈયાર થયેથી અમદાવાદના કોઇ ઉપાશ્રયમાં કે લાખ-બે લાખના ખર્ચે ગુરૂમંદિર ઉભું કરી તેમાં તે પુતળું પધરાવવામાં આવશે. ભક્તો ધન્ય માનશે. અને ગુરૂજી રાજી રાજી થશે.

**મહામંત્રી તરીકે–**

શ્રીમતી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના મહામંત્રીની જગ્યા ખાલી પડતા શ્રી જૈન યુવક મહામંડળના મંત્રી ને જૈન યુગના તંત્રી શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીની મહામંત્રી તરીકે કોન્ફરન્સની ઑલ ઇન્ડિયા સ્ટેન્ડીંગ કમીટિની મીટિંગ મળતાં સુધી રહેવાની શરતે વરણી કરવામાં આવી છે.

### — પાટણના અવનવા. —

—પાટણ ફોફળીઆવાડામાં રહેતા યંગમેન્સ જૈન સોસાયટીના એક સભ્ય, જેમની ચાળીશ વર્ષની ઉમ્મર છે. તેમનું સગપણ પાનસર પાસેના એક ગામમાં કોઈ જૈનની દશ વર્ષની ઉમ્મરની બાળા સાથે થયેલ છે. લગ્ન વૈશાખ માસમાં થવાનું સંભળાય છે. પાટણ જૈન યુવક સંઘ આ દશ વર્ષની બાળાને બચાવવા પ્રયત્ન કરશે ?

—પાટણે શતાબ્દિ ઉજવવાના કરેલ નિર્ણય પછી સંઘ-સોસાયટીના સમાધાન માટે પાટણ ને મુંબઇમાં વસતા પટણીઓ વચ્ચે કંઈ ખેંચાતાણ થતાં પાટણના સંઘપતિ તરફથી મુંબઇ અઢાર ભાઈઓને તેડાવવાના સંદેશા આવતાં બાબુસાહેબ બાલાભાઇએ ફાગણ શુદી ૭ના રોજ મુંબઇમાં વસતા પટણી ભાઇઓની જાહેર સભા બોલાવેલી જેમાં ખુબ ચર્ચા બાદ લગભગ ૩૫ ભાઇઓને પાટણ જવાનો ઠરાવ પાસ કરવામાં આવેલો, જેની રૂએ ફાગણ શુદી ૮ ના રોજ ૨૨ ભાઇઓ પાટણ ગયેલા.

છેલ્લા સમાચાર એમ મલે છે કે, શતાબ્દિ પાટણ બદલે વડોદરા ઉજવાશે ને સુલેહ માટે ગયેલ ભાઇઓ ગયા તેવા પાછા ફર્યાં છે.

**પ્રશંસનીય લગ્ન–**

આંખના જાણીતા ડો. ચીમનલાલ શ્રોફના ભાઇ ધીરજલાલના લગ્ન તા. ૧૮-૨-૩૬ ના રોજ દિગમ્બર સમાજના આગેવાન ભાઇ ચુનીલાલ હેમચંદ જરીવાળાના પુત્ર ભાઇ અમરચંદની પુત્રી મંજુલાબ્હેન સાથે થયા છે. તેવાં જ બીજા એક લગ્ન આ પત્રના તંત્રી ભાઇ તારાચંદ એલ. કોઠારીના લગ્ન, સ્થાનકવાસી સમાજના આગેવાનની પુત્રી ચંદ્રપ્રભા સાથે તા. ૧૫-૨-૩૬ ના રોજ થયાં છે. આવાં લગ્નો શ્વેતામ્બર. દિગમ્બર નેં સ્થાનકવાસી, જૈન સમાજના ત્રણે ફીરકાને ઐક્યની સાંકળમાં સહાયભૂત છે.

**ગુપ્ત રીતે દીક્ષા–**

વાંકાનેર (કાઠીઆવાડ)માં દેરાસર ઉપર ધ્વજદંડ તથા દેવ-દેવીઓની પ્રતિષ્ઠા કરાવવા માટે સંઘે આ. વિજયનીતિસૂરિને આમંત્રણ કરતાં તેઓ શિષ્ય-પ્રશિષ્યોના પરિવાર સાથે દિ: ૧૫ થી આવેલ છે, તે પ્રસંગે શાંતિસ્નાત્ર વિ. ઉત્સવો ગોઠવવામાં આવેલ, તેની પૂર્ણાહુતિ ફાગણ શુદી ૫ને ગુરૂવારે હતી. તે પ્રસંગે ચાલતી ક્રિયાની વચ્ચમાં સંઘને પુછ્યા કે જાણ કર્યા સિવાય એક યુવકને થોડાં બાળ રખાવી શીરમુંડન કરાવીને સાધુનાં કપડાં પહેરાવી ઉભો રાખવામાં આવેલ. જ્યારે સંઘ સમક્ષ તેના વાલી તરીકે તે યુવકના માથા ઉપર વાસક્ષેપ નાખવા શેઠ પાનાચંદ ચત્રભુજને જણાવ્યું. શેઠને કે કોઇને આ બાબતની કાંઇપણ ખબર પડી નહિ. એટલે શેઠે વડી દીક્ષા માની સાધુ વેષવાળા યુવકના માથા ઉપર વાસક્ષેપ નાખ્યો. જ્યારે તેનું નામ કુસુમવિજય રાખી પં. કલ્યાણવિજયના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યો ત્યારે જ સૌને ખબર પડી કે આ યુવકને સંઘની રજા વિના કપડાં પહેરાવી સાધુ બનાવવામાં આવેલ છે. હાલમાં તેમની પાસે બે પુરૂષ અને એક બાઇ દીક્ષાના ઉમેદવાર છે. મહોત્સવ પૂર્વક તે બાઇને દીક્ષા લેવાની છે એવી વાત બહાર આવી છે. આચાર્યો દીક્ષા આપવામાં કેવાં દંભી નાટકો ભજવે છે તેનો આ એક વધુ દાખલો.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી, ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

સાવધાનીનાં સૂર.

Regd No. B.3220

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧–૮–૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૨૧ મો.
રવીવાર તા. ૧૫–૩–૩૬

## વીરાંગના બ્હેન શ્રી કમળા નહેરૂને



## અંજલી.

—: સોરઠા :—

શકિતનો અવતાર, ગૌરવ નારી જાતનું;
તું જાતાં અમ તેજ, કમળા દે' ઝાંખું થયું. ૧

ભારતને ઇતિહાસ, શહિદોનાં સ્મર્ણો ભર્યાં;
નેહરૂ કુળના ત્યાગ, ઉજ્જ્વળ એ સ્મર્ણો કર્યાં. ૨

બંધન માતૃભૂમિ તણાં, એ કુળ લાગ્યા કારમાં;
તજી અમીરી તેગ, સ્વાંગ ફકીરીના ધર્યાં. ૩

જપતા મંત્ર સ્વરાજ, સ્વર્ગે "મોતી" સંચર્યાં;
રોમે રોમે રંગ, જવાહીરને ભરતા ગયા. ૪

આઝાદી એ ધ્યેય, એ હોતા શિર છો કટે;
સ્વાધીનતાની ત્રાડ, તેં દીધી રાવી તટે. ૫

ચૌદ વરસ વનવાસ, શ્રી રામે જીવન કસ્યું;
એ આદર્શો કાજ, યૌવન તેં જેલે ઘસ્યું ૬.

કમળા–જવાહર જોડ, રામ–સીતા શી શોભતી;
એમાં પડતાં ખોટ, અમને તારી સાલતી. ૭

કમળાનું કલ્પાંત, બે આંખોમાં કર્ણ કરે;
નેહરૂ કુળના ત્યાગ (પર) વ્હી નયનો નીરે ઝરે. ૮

ક્ષત્રાણી શૂરી સમી, સાથ પતિનો તેં સહી;
જીવન ભરમાં જુદ્ધ, આઝાદીનાં તું લડી. ૯

દુર્બળ થાતાં દેહ, મોહ ધર્યો ના સાથનો.
સ્વરાજનો સંગ્રામ, પળ ના રોકયો નાથનો. ૧૦

પડી પથારીમાં ય, ઝામે પૂર્યાં જવાહીરને;
પૂર્ણ પ્રતિજ્ઞા થાય, તો સજશું સંસારને. ૧૧

એ આશાની હોડ, પૂરી કરવા ના રહી;
એંધાણો અવશેષ—નાં દઇને ગઈ બેનડી ! ૧૨

❖ ❖ ❖ ❖

હોમાવા એમ હાડ, અમ દીલમાં પ્રેરો પ્રભુ !;
મણિમય કાજ સ્વરાજ, એ કમળાને અંજલી.

અર્પનાર—
મણિલાલ જયમલ શેઠ.

તરુણ જૈન —: તા. ૧૫-૩-[illegible]

# સાધર્મીઓનાં સૂર

:: [illegible] ::



જૈન ધર્મનો સૂર્ય જ્યારે મધ્યાહ્નમાં તપતો હતો, ત્યારે કરોડોની સંખ્યા એ ધર્મના અનુયાયીઓની હતી. હિન્દુસ્થાનનાં નાનાં મોટાં નગર અને ગામડાંઓમાં તેનો વસવાટ [illegible] જૈનો સાચું જૈનત્વ [illegible] ને આચરતા, એમ કહીએ તો સહ-રંગત [illegible] નહિ ગણાય.

[illegible] ને શબ્દોની મારામારી [illegible] પરિણામે [illegible] થયા. નાતો અને ગચ્છો સ્થપાયા. સ્વાર્થી આગેવાનોએ [illegible] સમાજને છિન્નભિન્ન કર્યો. સાચું જૈનત્વ બોલવામાં [illegible] જ રહ્યું. ઉપરથી એક બીજાના શત્રુ બની [illegible] ગણાવી. સ્વાર્થીઓએ પોતાના ચોતરાં મજબુત [illegible] ત્યાં સુધી વિષ પાયાં કે અન્યધર્મીને પાણી [illegible] ધર્મ પાળતો હોય, પિતા મહાવીરનો ચુસ્ત [illegible] તેને પાણી ન અપાય. આના પરિણામે અનેક જૈનો [illegible] છોડી અન્ય ધર્મમાં ભળ્યા. કરોડોમાંથી અગીયાર લાખ [illegible] શ્વેતાંબર, દિગમ્બર અને સ્થાનકવાસીના ત્રણ ફીરકામાં. પછી જાહોજલાલી ઘટે કે વધે? ઘટે જ

આ પ્રમાણે ત્રણ ફીરકામાં વહેંચાયેલા જૈનો [illegible] અંદર અંદર લડી ઝગડીને કોર્ટ, દરબાર ચડીને [illegible] રહ્યા. એ કોઇ પણ સમજુ જૈનને સાલ્યા વિના રહે એવું નથી.

શ્વેતામ્બર દિગમ્બરોએ તીર્થોના [illegible] માટે [illegible] લાખો રૂપીઆનું કોર્ટદ્વારા પાણી કરી [illegible] છે. [illegible] આગેવાનો અને જેઓ પોતાના અને પરના કલ્યાણ માટે સંસારને છોડી સાધુ બન્યા છે, પંચ મહાવ્રત [illegible] છે એવા કહેવાતા પંચ મહાવ્રતધારી સાધુઓ પણ કોમને [illegible] માટે [illegible] ઉશ્કેરણી કર્યા જ કરે છે. અને એક જ પિતાના પુત્રો એક બીજાથી દૂર ને દૂર થતાં જાય છે છતાં કોઇની આંખ ઉઘડતી નથી.

મૂર્તિપૂજક શ્વેતામ્બરો અને સ્થાનકવાસીઓને ભૂતકાળમાં લડાવવાના ઇતિહાસે અનેક પ્રસંગો નોંધાયા છે. એવો એક પ્રસંગ હાલમાં સંતબાલ નામના એક સાધુએ લોંકાશાહનું [illegible] ચરિત્ર જાહેર પેપરમાં લખવા માંડયું. અને તેના ભક્તોએ તેની મહત્તા સાથે અન્ય વાતો અંગે પણ કલમ ચલાવી. એટલે મૂ. શ્વેતાંબરો અને સ્થાનકવાસીઓ વચ્ચમાં અરસપરસ પેપરોમાં લખાણો ચાલ્યાં [illegible] ખળભળાટ જામ્યો. [illegible] ઠેર ઠેર [illegible] કાઢી [illegible] તેવી [illegible] પરિણામ એ જ આવે. આવી જાતના કલહો ઉત્પન્ન થાય તે [illegible] પોતાનું [illegible] અને [illegible] ગુમાવે [illegible] માં [illegible]

મૂ. શ્વેતામ્બર [illegible] સમાજની [illegible] દાવો [illegible] રાખે છે. [illegible] ચિન્તન [illegible] માર્ગની [illegible] સંસાર સાથે [illegible] નથી. સ્વ-પર કલ્યાણ માટે જેણે ભેખ લીધો છે તેવા કહેવાતા સાધુઓ પણ સાચા સાધુમાર્ગને ઉંચો મૂકી સમાજમાં મનગમતા ઉલ્કાપાતો મચાવે [illegible] છતાં [illegible] માં પોતાનો જ વિજય જુએ છે. એ વિજય જોનારાઓ જરા શાંતિથી વિચારે કે તેઓ એ વિજયના મદમાં [illegible]

જે ધર્મની પતાકા ભારતવર્ષમાં ફરકતી હતી તે પતાકા પણ [illegible] અનેક સંકટો વેઠી સારાયે ભારતવર્ષમાં વિચરી જૈન ધર્મનો ઝંડો ફરકાવતાં તેનાં વારસો આજે ગુજરાત અને બૃહદ્ ગુજરાતમાં જ મોજ મહાલી રહ્યા છે. એમનામાં શિથિલતા, ભીરૂતા ને ખુશામતે વાસ કર્યો છે. કાયા સુંવાળી બની છે એટલે આછાં મુલાયમ વસ્ત્રો અને સ્વાદિષ્ટ ભોજનોએ એમની સ્થાનથી એમને પટકયા છે, ત્યાં એ બિચારા સુંવાળા જીવો પૂર્વાચાર્યોના પંથે ચાલી શું રીતે [illegible] એમની આશા [illegible] જ [illegible] છે [illegible] એમની [illegible] મહેલાતને રક્ષવા, આપણને અંદર અંદર લડાવતા જ એ મનમાન્યુ કરી શકે.

જે પૂર્વાચાર્યોએ જૈન સમાજના કલ્યાણ માટે અનેક પ્રયત્નો કરેલાં, તે પૂર્વાચાર્યોમાં [illegible] શિથિલ સાધુઓને [illegible] પડી નથી. [illegible] કંગાલીઅત ભોગવી રહી છે. કેળવણીના સાધન વિહોણી બની છે. શારીરિક શક્તિએ તૂટી ગઇ છે. બીજી સમાજની હરોળમાં ઉભા રહેવાને તેની શક્તિ [illegible] છતાં તેના [illegible] તેમની ગોલમાલા ને વાહવાહ સિવાય કશીયે પડી નથી.

સમાજની આ સ્થિતિ કોનાથી અજાણી છે? છતાં જેઓ સમાજને બોજારૂપ છે તેઓને સાચા રાહે લાવવા સમજાવવાની જરૂર છે. અને કદાગ્રહને વશ થઇ ન જ સમજે તો એમની આશાઓ છોડી દઇ સમાજના યુવાનોએ સમાજ ઉન્નતિ માટે તેમની દરકાર કર્યા સિવાય કામે લાગી જવાની જરૂર છે.

વૃદ્ધ હોય [illegible] હોય [illegible] હોય કે પુરૂષ હોય [illegible] રમાં સમાજના લાગેલા રોગ માટે વેદના થતી હોય તેઓ [illegible] સાધુઓ અને પદવીની જાળમાં ન ફસાતાં સમાજહિતના માર્ગો ગ્રહણ કરે, સાથે સંગઠન [illegible] તો જ સમાજ [illegible] ઉન્નતિના માર્ગો સરળ બને, અને [illegible] ના [illegible] સમયને અનુકુળ સુધારણા થઇ શકે. આ વસ્તુ કઠણ નથી. દરેક આત્મસાક્ષીએ સમાજ [illegible] સમાજ ઉન્નતિ [illegible] નથી. [illegible]

# ભાવિનું કથન.

જૈન સમાજને રોગ થયો છે. કોણ જાણે કેમ, પણ સારો ય સમાજ આજકાલ માંદો પડયો હોય એમ લાગે છે.

ધર્મના અધ્યક્ષોના મિનારાઓ ઠેર ઠેર જમીનદોસ્ત થતા જણાય છે. પુનિત ગણાતા આચાર્યોનાં ધંધાઓનાં ચારેકોર ચિરાડીયાં ઉડે છે. સાધુશાહીનાં સિંહાસનો ડગમગવા લાગ્યાં છે. સાધુ બાવાઓની સેહમાં દબાયેલી જૈન પ્રજાઓ વચ્ચે જાગૃતિનાં સોણલાં ઉભરાયાં છે. ભયભીત મૂનિરાજો, ખાનાખરાબી વચ્ચે બેબાકળી દશા અનુભવે છે.

યોગી બાવા, અને સાધુઓનાં મનોરથો તળે ધરતીનું કલેજું કચરાતું જણાય છે. મંગળગીત કયાંયે નથી. મરસિયાઓ ચોમેર જામ્યા છે. નિરાશા, રૂદન અને હૈયાહોળી, એ આજનું શબ્દચિત્ર છે. આવતી કાલનો જૈનશ્રાવક પૂછશેઃ દેવો કયાં ગયા હતા ? સાધુઓ ધર્મભ્રષ્ટ તો નથી થયા ને ?

જગતને પોતાનાં જરીપુરાણાં જાદુ વડે છાંટી નાખનારા પંડિતો પંડિતાઇ કરે છે. પણ ખૂટેલાં પૂન્ય પછીનાં એ જ્ઞાન પરપોટાઓ ફટાક ફટાક ફુટતા દેખાય છે. ક્ષમા, દયા, પ્રેમ અને સેવાનાં જે ભંડારોએ ગઇ કાલે જગતને જીત્યું. એ બધાંય ભંડારો આજે હવાયેલા, લુંટાયેલા, સળગેલા લાગે છે.

કુદરતના કાનુનોને મુનિઓનું અભિમાન અડવા ગયું. તો ગુલાંટ ખાઇને પાછું આવ્યું છે–વિજ્ઞાને માંથું ઉચકયું–વરૂણની એક જ ફુંકે ગરીબડી પ્રયોગશાળાઓ જમીનદોસ્ત બની છે. સિકંદરોના હણહણાટને જમીનના એક જ આંચકાએ સિંહાસનોની કણકી કરી છે. કોઇ સાહસવીરોએ પણ જો સમયદેવની સામે સળવળાટ કર્યો છે તો કુદરતની કેવળ એક જ સુરંગ–ને સાહસ વીરો સાફ થયા છે.

છતાં ય જૈનોના જગતને સાન કયાં છે ? મુનિઓનો મોહ અને અભિમાનને પણ માઝા અને મર્યાદા કયાં છે ? દામોદરલાલજીનો ગઇ કાલનો ઇતિહાસ એમને અટકાવતો નથી. પ્રભુની આ ધરતી ઉપરનાં સ્વર્ગ–નર્કો સાથે તેમને નિસ્બત નથી. જગતમાં તેમને શાન્તિ ખપે છે ! વૈદ્યો, હકીમો અને ડોકટરો આવો, ત્હમારી પાસે શાન્તિ પેદા કરવાનું ઔષધ હોય તો ? શું જોઇએ છીએ આ શ્વેત વસ્ત્રધારીઓને ? મહારાજોને ધર્મનું અભિમાન સાચવવું છે કે આ દેશના સંઘપતિઓને અથડાવી સુખે સુવાનો સંતોષ સેવવાનો છે ? કાળાંતરે ન બનવાની વાતો કેવળ હઠીલાઇથી જ બનાવી લેવાને અધીરા થયેલા મુનિરાજોને આ બધી વાતો કોણ, શી રીતે, અને કયાંથી સ્હમજાવે !

પરસ્પર વ્હેમ વધતો જાય છે. શંકા કુશંકાના વાદળો ગાઢ અને ઘેરાં બને છેઃ મિત્રો અને શત્રુઓનાં ગુણાકાર મંડાય છે. ઇર્ષ્યા, દ્વેષ ને ઝેરનાં ભંડારો ભરાય છે. એક હાથમાં કલસ ને બીજા હાથમાં ધર્મ સાથે દુનીયા શાન્તિ અશાન્તિ વચ્ચે અકળાતી દેખાય છે.

મૂનિરાજોની મહત્તા ડોલવા લાગી છે. આ વાત જો ખોટી હોત તો રક્ષણની ભીખ માગવાને મહારાજોની જમાત શા સારૂ નિકળત ? વીસમી સદીના એ નિર્માલ્ય બાવાઓ !!! રક્ષણ માગે તે શાધુ શાનો ! પણ સાધુઓ ચારિત્રને પૂજતા, સત્ય પાછળ મરી ફીટતા. જનકલ્યાણે (પંડેપંડનાં માથાં કાપી જગ ઓશીકે મૂકી દેનારા) જાન આપતા. એ દિવસો મહાવીરના, ને ભગવાન આદિનાથના હતા.

જમાનો બદલ્યો. ને વિધાતાએ સાધુઓને રમકડાં (Toys) બનાવ્યાં. તે દિવસથી માંડીને આજ સુધી ધર્મસૂત્રોના ઢગલાના ચોકિયાતો તરીકે જીવવાંમાં જ ભારતવર્ષના ઝંડાધારીઓએ મોજ માની છે. પુરૂષાર્થ તેઓને આજે પરાયો લાગે છે. સ્વબળ અને સ્વકર્મ–પોતાનાં તેજે જ પ્રકાશવાનો ધર્મ, ધર્મગુરૂઓએ કયારનોય ભસ્મિભૂત કર્યો છે. નવાઇ છે સાધુઓ રક્ષણ માગે છે તેમાં !

સાધુઓ રક્ષણ માગે છે. કારણ કે પોતાના અલકમલકના અનાચારો તેઓને છાના રાખવા છે. આપખુદીની આવરદા મહારાજોને અમર કરવી છે. જૈન સમાજ રૂપી કામધેનુનાં આંચળ નીચોવીને તેઓને મસ્ત ફરવું છે. દુનીયાને અંધારામાં રાખીને, પોતાની આસપાસ તેઓને લાલ–લીલો પ્રકાશ પાથરવો છે.

પણ સાધુઓ રખે માને કે "રક્ષણ" મેળવીને તેઓ નિશ્ચિંત બનશે. ભાવિનું કથન છે કેઃ જે દિવસો હવે આવે છે તેમાં જ્ઞાનના દિવડાઓ પ્રગટશે. એ સાધુઓ જ એ દિવસે પૂજન પામશે. જૈનોનાં નહિ પણ સમસ્ત સંસારનાં ચર્ણામૃત પીને પાવન બનશે. તેઓ જ તે દિવસે સાચી વંદના પામશે, જે પ્રજાને વંદીને વંદનીય બનશેઃ ને તેઓનું જ જીવતર તે દિવસે ધન્ય થશે. જે પ્રજાને ધન્યભાગી બનાવીને ભાગ્યશાળી બનશે.

**સકલ લોકમાં સૌને વંદે, નિંદા ન કરે કોની રે—**
**ભણે નરસૈયો—**

**"સત્યવકતા"**

---

**પાટણ.**

પાટણ અને મુંબઇમાં વસતા પટણીઓ વચ્ચે મંત્રણાઓ પછી શતાબ્દિ મહોત્સવ ઉજવવાનો નિરધાર થયો. મુંબઇમાં વસતા પટણીઓએ નાણાં એકઠાં કરવાં એક કમીટિ નીમિ. નાણાં એકઠાં કરવાની શરૂઆત થઇ. તળ પાટણમાં શતાબ્દિને દરેક રીતે સફળ બનાવવાં કમીટિઓ નિમાઇ. સૌએ કામકાજ શરૂ કર્યું. ત્યાં મુંબઇની સમિતિએ સુલેહનું રણશીંગું ફુકયું. અને નાણાં એકઠાં કરવાને બદલે એ આગ્રહ થયો કે પહેલાં સુલેહ પછી શતાબ્દિ, જેના પરિણામે મુંબઇ અને પાટણ વચ્ચમાં દોડાદોડી થઇ, મંત્રણાઓ થઇ, પણ સોસાયટીના દુરાગ્રહથી એ મંત્રણાઓ પડી ભાંગી. સોસાયટીના આગેવાનો પાટણના સંઘપતિને 'સંઘપતિ' તરીકે માનવાની ના પાડે છે. જ્યાં આટલી હદ સુધીનો દુરાગ્રહ હોય ત્યાં સુલેહ થવી મુશ્કેલ બને તેમાં નવાઇ શું ?

આ પરિસ્થિતિ છતાં જેઓની સાથે જાહેરમાં ખાવાપીવાનો બ્યવહાર બંધ હતો તે પાટણના શ્રી સંઘે બે જણ સિવાય બાકીનાં બધાં માટે છૂટો કરી પોતે ઉદારતા દાખવી છે એ પ્રશંસનીય છે. છતાં એ સંઘના અગ્રણીઓને અમે વિનવીએ છીએ કે તે દાખવેલ ઉદારતામાં બે જણને બાકી રાખવાથી ખામી રહે છે. અનેકના દીલમાં ડંખ રહે છે. એ ડંખ નાબુદ કરવા, સંઘની મહત્તા અને સંઘનું સંગઠન મજબુત બનાવવા એ બે ભાઇઓ પ્રત્યેનો પ્રતિબંધ ન ઉંચકી લ્યો ?

# —: રાજીનામું :—

જીંજા-કંપાલા. (બ્રિટિશ ઇસ્ટ આફ્રિકા.)
તા. ૨૩ મી ફેબ્રુવારી ૧૯૩૬

**શ્રી વિશા શ્રીમાળી જ્ઞાતિ સમસ્ત જોગ,**

**મુ. ચીતળ** (કાઠીયાવાડ)

સેવામાં લી. વીરચંદ પાનાચંદ શાહના ઘટિત વાંચશો. વિ. હું ત્રણ માસથી અહીં આફ્રીકાની મુસાફરીએ આવ્યો છું. મારા આ પ્રવાસ દરમ્યાન આપણા દેશ અને આપણી જ્ઞાતિઓ વિષે મને બહુ વિચાર કરવાનો સમય મળ્યો છે.

આપણો દેશ અધોગતિએ પહોંચ્યો છે અને આપણો સમાજ છિન્ન ભિન્ન થઇ ગયો છે તે વાત સૌ કોઇ જાણે છે અને કબુલ કરે છે. બીજાં પ્રગતિમાન દેશોની હરોલમાં આપણું સ્થાન જ નથી તેના અનેક કારણોમાં એક કારણ આપણા દેશની જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓ છે. એક જ્ઞાતિનાં માણસોની મુશ્કેલી કે દુઃખો બીજી જ્ઞાતિનાં માણસોને જણાતાં નથી. અને આપણે સૌ સમગ્ર ભારત દેશનાં અવિભકત અંગો છીએ એ ભાવના જ મૃતપ્રાય થઇ ગઇ છે.

પ્રેમ, દયા અને અહિંસા માત્ર આપણા શબ્દોમાં જ છે અને વર્તનમાં દેખાતી નથી. એટલા આપણે વહેંચાયેલા અને રીઢા થઇ ગયા છીએ. આ જ કારણથી આપણો વિકાસ રૂંધાતો ગયો છે.

આપણો જૈન ધર્મ પણ આધુનિક જ્ઞાતિસંસ્થાઓને સ્વીકારતો નથી. ત્યાં પણ આપણું જીવન વિરોધી અને અસંગત બન્યું છે. કોઇ પણ દેશ કે સમાજમાં જ્ઞાન રૂપી જલસિંચન અટકે છે ત્યારે સમાજશરીર રૂપી વૃક્ષ સુકાવા અને કરમાવા માંડે છે. આમાં આપણે કોઇ વ્યકિતનો દોષ કાઢવા કરતાં રૂઢિની પરંપરા બદલવાની સમાજની કાયરતાનો દોષ કાઢીએ તો કોઇને અન્યાય નહિ થાય. કોઈ પણ રૂઢિને બદલવા માટે જવાબદાર માણસોએ બહાર આવવું જોઇએ. નૈતિક હિંમત દાખવવી જોઇએ. અને તેનાં જોખમો ખેડવા તથા પરિણામો સહન કરવા હંમેશાં તૈયાર રહેવું જોઇએ. કેટલાંક માણસો અન્ય ક્ષેત્રોમાં બહાદુર હોવા છતાં ચાલતી આવેલી પ્રણાલીકાની બાબતમાં અંગત સંબંધો, તેમને તેમ કરતાં એટલાં નિર્બળ બનાવી દે છે કે તે ભાર અને અપયશ ભાવિ પ્રજા ઉપર મૂકીને તેઓ ચાલતા થાય છે. છેલ્લાં ઘણાં વર્ષોથી આ સ્થિતિ આપણે નિહાળી રહ્યા છીએ. હવેની પ્રજા સમસમી રહી છે. તેઓ કોઈ પ્રયોજક શોધે છે. અને તે તેમને જરૂર મળી રહેશે. હવે આપણે થોડા જ સમયમાં સમાજનું જબરજસ્ત પરિવર્તન જોઇશું.

દેશમાં પેટા જ્ઞાતિઓ અને જ્ઞાતિઓ જેટલા પ્રમાણમાં ઓછી થશે અને વેળાસર ઓછી થશે તેટલું દેશનું સંગઠન વહેલું અને મજબુત થશે, સામાજિક, આર્થિક અને રાજકારણી બંધનોમાંથી છૂટવા માટે આપણે તેમ કર્યે જ છૂટકો છે. સારા કાર્યમાં પણ કયાંકથી અણધાર્યું થોડુંક અનિષ્ટ આવી જશે. પણ તેથી ભડકી ઉઠવાનું કે ડરી જવાનું કારણ નથી. આપણા સમાજનું સંસ્કરણ અનિવાર્ય છે. જેમ જેમ સંસ્કારી, ચારિત્રશાળ, પ્રતિષ્ઠિત અને નિર્ભય વ્યકિતઓનો સાથ મળશે તેમ તેમ આ કાર્ય વિશેષ ગતિમાન બનશે.

જો મારે સારી યથાશકિત યથામતિ સેવા દેશને ચરણે ધરવી હોય તો મારે વિશાશ્રીમાળી જ્ઞાતિમાંથી રાજીનામું આપવું જોઇએ. જ્ઞાતિનાં જે જે ભાઇ બહેનોને હું જાણું છું તેઓની સાથેનો મારો વ્યકિતગત સંબંધ મટી જતો નથી. એટલું જ નહિ પણ તેઓની સાથેનો સંબંધ વિશાળ સમાજની ભાવના સાથે વિશાળ બનતો જશે.

મારૂં આ રાજીનામું આપને મોકલી આપું છું. તેની નકલ ગોહેલવાડી વિશાશ્રીમાળી જ્ઞાતિને—પાલીતાણા મોકલી દઉં છું. તેનો આપને અને પાલીતાણાની ગોહેલવાડી વિશાશ્રીમાળી જ્ઞાતિને યોગ્ય લાગે તેમ ઉપયોગ કરશો.

એક વાત હું આપને જણાવી દેવાની રજા લઉં છું કે આ રાજીનામું મારા પોતાના પુરતું છે. મારા બીજા ભાઇઓને આ રાજીનામા સાથે કાંઇ સંબંધ નથી.

લી૦ સેવક,

**વીરચંદ પાનાચંદ શાહ.**

---

# = ખુલાસો =

**તરૂણ જૈનના તંત્રીશ્રી,**

આપના પત્રના તા. ૧૫ ફેબ્રુઆરી તથા તા. ૧ લી માર્ચના અંકમાં સમાચારની કોલમમાં કરાંચીના જે સમાચાર પ્રગટ થયા છે તે ઘણી જ ગેરસમજુતી ફેલાવનારા છે. પૂજ્ય મહારાજશ્રીઘાસીલાલજીએ પોતે તેમજ અન્યભકતો દ્વારા બાલશિષ્યને લાકડીથી સખ્ત રીતે માર માર્યાના સમાચાર તદ્દન ઉપજાવી કાઢેલા છે. તેવી વાત કાંઇ બની જ નથી ફકત કોઇ ઇર્ષાળુ વ્યકતીએજ તે વાત ઉપજાવી કાઢેલી છે. કાન્તીલાલની દીક્ષા, યુવકોની મકકમ વલણ અને સત્યાગ્રહની વાતો પણ સત્યથી તદ્દન વેગળી છે. હા, કાન્તીલાલ નામના એક ભાઇને દીક્ષા લેવા વીચાર છે. પોતાના એ વીચારોમાં છેલ્લાં બે વર્ષ થયાં તે મક્કમ છે. પ્રથમ ચાતુર્માસ કરી ગયેલા પૂજ્યશ્રી કુલચંદ્રજી મહારાજે તેમ જ અત્યારે બીરાજમાન શ્રીઘાસીલાલજી મહારાજે જ્યાં સુધી તે ભાઇ દીક્ષાને યોગ્ય પરિપકવ ન થાય ત્યાં સુધી દીક્ષા આપવાં સ્પષ્ટ નકાર ભણ્યો છે. સમસ્ત જૈન જનતા તેથી સદંતર વાકેફગાર છે. આમ હકીકત છે. તો પછી મક્કમ વલણ અને સત્યગૃહની વાત જ કયાં રહી? હું પોતે યુવક છું, આહીંની સર્વ યુવક પ્રવર્ત્તીના પ્રવાહથી વાકેફગાર છું. આહીં તેવો કશો ઉહાપોહ છે જ નહિ તેની આપને ખાત્રી આપું છું.

પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ ગુજરાતનગરથી ફરી પાછા અત્રે આવી ગયા છે. જૈન તેમજ જૈનેતર જનતા સારી સંખ્યામાં તેઓશ્રીના ઉપદેશનો લાભ લઈ રહેલ છે. અત્રેના સંઘનો મજબુત આગ્રહ છે કે મહારાજશ્રી દ્વિતીય ચાતુર્માસ અત્રેજ કરે. મહારાજશ્રી હજુ ખાસ ચોકકસ નિર્ણય પર આવ્યા નથી.

આહીંના જૈન જગતના આવા શાંત વાતાવરણમાં અમુક બે ચાર વ્યકિતઓ ઇર્ષા ભાવથી પ્રેરાઇને જ ધર્મ અને ધર્મગુરૂ વીરોધી નહિ ઇચ્છવા જોગ પ્રવર્તી કરી રહેલ છે. જેમાં તેઓને કોઇનો મુદલ સાથ નથી. ધર્મ કે ધર્મગુરૂમાં તેઓ મુદલ માનતા નથી. આહીંનો યુવક વર્ગ પણ તેઓની આ પ્રવર્તીને સખ્ત રીતે વખોડી રહ્યો છે. સંઘની જનરલ મીટીંગની સત્તાથી પ્રમુખે પણ આ બાબત સત્તાવાર નિવેદન બહાર પાડયું છે જેની નકલ આ સાથે બીડી છે તે વાંચી આપ સમજી શકશો કે આપને આહીંથી મોકલાતા સમાચારોમાં કશી સચ્ચાઇ નથી.

આશા છે કે તરૂણજૈનમાં ઉપલો ખુલાસો બહાર પાડી આંહીની જૈન જનતાને સંતોષ આપશો. લી. **વૃજલાલ અમરશી શાહ**

# અશાન્તિ–મહોત્સવ.

સમાજ-ચીતા ભડભડ બળે છે,
અંગાર તેના તળ ઉછળે છે;
સળગી ગયેલાં શબ ત્યાં મળે છે,
દેખાવ ચિત્તની શાન્તિ હરે છે.

કોઇ પણ શુભ કે સ્મરણીય પ્રસંગને સામુદાયીક રીતે ઉજવવામાં આવે તેનું નામ "મહોત્સવ."

એવા મહોત્સવો ઘણાં પ્રકારનાં હોય છે. કોઇ સંસ્થાને ઘણા વર્ષો થઈ ગયાં હોય, કે કોઇ મહાપુરૂષને પચાશેક વર્ષ થયાં હોય, ત્યારે સુવર્ણ મહોત્સવ, હિરક મહોત્સવ, એવા એવા અનેક પ્રકારનાં મહોત્સવો યોજાય છે. અને તે સંસ્થા કે પુરૂષના જીવનની ઉજ્જવળ કારકીર્દી ને અંગે જ એવા મહોત્સવો રચાય છે.

જૈનોમાં પણ એવા મહોત્સવો ઉજવવાની પદ્ધતિ જુના કાળથી ચાલી આવે છે. ઉજમણાં, અઠ્ઠાઇ ઓચ્છવ, દીક્ષા મહોત્સવ, પદવી પ્રદાન મહોત્સવ, શાન્તિ સ્નાત્ર મહોત્સવ આદિ અનેક પ્રકારના મહોત્સવો યોજાય છે.

આ ઉજવણી કાંઇ આજકાલની નથી. ઘણા લાંબા કાળથી એવા ઉત્સવો રૂઢીની પેઠે યોજાતાં આવ્યાં છે. જેમ કારણ વિના કોઇ પણ કાર્ય સંભવતું નથી, તેમ જરૂરીઆત વિના કોઇ પણ મહોત્સવો ઉત્પન્ન થતા નથી. જરૂરીઆત ખલાસ થયા પછી પણ નિયમની પેઠે તેવા ઉત્સવો ચાલ્યાં આવે છે.

આપણાં રાષ્ટ્ર અને સમાજ કે આપણા જીવન તરફ દ્દષ્ટિપાત કરીશું તો માલમ પડશે કે આપણે એવાં ઘણાંયે જરૂરીઆત વિનાના, ચાલ્યા આવતા રિવાજોની શૃંખલાઓમાં જકડાએલાં છીએ. અને એ શૃંખલાઓ એટલી બધી મજબુત હોય છે કે તેને તોડીને બહાર નીકળવા માટે ઘણા બળની જરૂર પડે છે.

જેમ શિયાળો જતાં ગરમ કપડાંની જરૂરીઆત મટી જાય છે. તેમ તેવા રિવાજો પણ જરૂરીઆત પછી અસ્ત થવાં જોઇએ એ સાદી સમજ જ્યારે પણ માનવીના હૃદયમાં દૃઢ રીતે સ્થપાશે ત્યારે અને ત્યારેજ, એ મજબુત શંખલાઓ આપોઆપ જ તૂટી પડશે.

અસલના વખતમાં જ્યારે દેશમાં અશાંતિનો ઉપદ્રવ થતો ત્યારે તે વખતના મહાપુરૂષો પોતાના ત્યાગ, આત્મબળ અને મંત્રના પ્રભાવથી દેવતાઓને બોલાવતા અને એ ઉપદ્રવ શાન્ત થઇ જતો. એમ આપણા શાસ્ત્રો કહે છે. એ ઉત્સવ "શાન્તિ સ્નાત્ર મહોત્સવ" તરીકે ઓળખાય છે.

આ મહોત્સવોને માનવો મંડળ કે સમાજ રૂપે એકત્રીત થઇ ઉજવે છે. પણ કોઈના ઉજવ્યા સિવાય, કોઇ પણ મંડળના હાથ સિવાય, દુનીયાના એકેએક માનવીને ઘેર એક જ મહા-ઉત્સવ ઉજવાઇ રહ્યો છે અને તે **"અશાન્તિ–મહોત્સવ"**

આખી દુનીયામાં ઉજવાઇ રહેલા આ ઉત્સવમાં જૈનો જરાએ નિર્લેપ રહે ખરા કે ? આજે પ્રત્યેક જૈનને ઘેર અશાંતિ મહોત્સવ ઉજવાઇ રહ્યો છે. અનેક ઉપદ્રવોએ પ્રત્યેકના હૃદયમાં સ્થાન જમાવ્યા છે. એ ઉપદ્રવો ધર્મમાંય પેઠાં છે અને સમાજમાં પણ ઘુસ્યાં છે. અને માનવીના જીવનને અશાંત બનાવ્યું છે.

જૈન સંઘમાં મુખ્યત્વે બે વિભાગો છે. એક ત્યાગી અને બીજો સંસારી. એ સંઘની વ્યવસ્થા એવી છે કે ત્યાગી વર્ગની સત્તા સંસારી વર્ગ ઉપર અને સંસારી વર્ગની સત્તા ત્યાગી વર્ગ ઉપર હોય છે. એટલે કે પરસ્પરની જવાબદારી પરસ્પર ઉપર અવલંબે છે. જો કે સંસારી વર્ગની ઉન્નતિ તો હંમેશાં ત્યાગી વર્ગ ઉપર જ અવલંબીત હોય છે. કારણ કે ઉન્નતિના માર્ગો સાધુઓએ જ ઉપદેશવાના હોય છે. અને સાધુઓ જ શ્રાવકોને દોરે છે એ કહેવું ખોટું નથી. આ કારણોથી પહેલાં આપણે ત્યાગી વર્ગમાં ઘુસેલી હાલની અશાંતિનો વિચાર કરીશું. તો ભવિષ્યમાં બહુ ઉંડા ઉતરવાની જરૂર નહિ પડે. કારણકે અત્યારે તો એમની અશાંતિ, સડો, પાખંડ, દંભ વગેરે સમાજ સમક્ષ ખુલ્લાં થઇ ગયાં છે. ત્યાગમાર્ગમાં આવેલી એમની શિથિલતા કોનાથી અજાણી છે ? ધર્મને નામે ભોળા શ્રાવકોને ભોળવી પોતાની જ પ્રતિષ્ઠા વધારવાના પાખંડ ક્યાં છુપાં રહ્યાં છે ? નાના–નાના બાળકોને મૂંડી, નસાડી, ભગાડી, સગાં સ્નેહિઓમાં મારામારી કરાવી અને વખતે વખતે એ ઝગડાઓ કોર્ટ સુધી પહોંચાડી એમને તો ધરણી ધ્રુજાવવી છે ને ?

"સ્વ–પર કલ્યાણ સાધે તે સાધુ" જગતના પ્રત્યેક જીવ પ્રત્યે સમભાવ કેળવવો અને વિશ્વબંધુત્વની ભાવના ફેલાવવી એ એમનુ કર્તવ્ય. અને એ જ સાધુ શ્રાવકને દોરી શકે.

હાલમાં વિશ્વબંધુત્વની ભાવનાનો દાવો કરનારા આપણા ત્યાગીઓ પોતાના જ વર્ગમાં જ્યાં સમભાવ ન કેળવી શકતા હોય, એક જ મહાવીરના શિષ્યો પોતાના ધર્મબંધુઓનું સંગઠ્ઠન ન સાધી શકતા હોય, અરે, બોલવા–મળવાનો વ્યવહાર સુદ્ધાં પણ ન રાખી શકતાં હોય, એવા ત્યાગીઓ બીજાઓનું શું ધુળ કલ્યાણ કરવાના હતા ?

થોડા સમય પહેલાં, સાધુઓએ પોતાનું સંગઠ્ઠન કરવા અમદાવાદમાં સંમેલન ગોઠવ્યું હતું. તેમનામાં રહેલા કલહ દ્વેષની તો વાત જ ન કરવી ! એ સંમેલન એકત્રીસ દિવસ સુધી ચાલ્યું. જો કે અખિલ હિંદની મહાસભા કે જેને આખા દેશનું ભાવિ વિચારવાનું છે, તેનું સંમેલન તો ફક્ત ત્રણ જ દિવસ ચાલે છે. સંમેલનના પરિણામની નિષ્ફળતા વિષે વિચાર કરીએ તો એમ જ લાગે કે એ સંમેલન ન થયું હોત તો સમાજને શું નુકશાન થવાનું હતું ? વારૂ, જે નામનાયે સુધારા થયા હતા તેનું પણ આ ધર્મના ઇજારદારોએ ખુન નથી કર્યું ?

આ આપણા ત્યાગી વર્ગના અશાન્તિના ઉપદ્રવને દૂર કરવા સારૂ, દેવતાઓને બોલાવવા માટે કોઈ શાન્તિ–સ્નાત્ર કરશે કે ?

( અનુસંધાન માટે જુઓ પૃષ્ઠ ૭ મું. )

# ચન્દ્રશ્રીની શિષ્યા.

—: લેખક :—

'સુધાકર'

( ૩ )

"હવે તો પહેલી કથા આગળ ચલાવશોને !...રમાનું શું થયું ?"

ત્રણ દિવસની સ્થિરતા બાદ......તીર્થસ્થળેથી જ્યારે ચંદ્રશ્રીએ વિહાર કર્યો. અને વિહારમાં રોહીણીશ્રી અને રેખા જ્યારે એકલાં પડયાં ત્યારે રોહીણીશ્રીને ઉદ્દેશી રેખા બોલી:

"બીજું શું થવાનું હતું. રમા પરણી ગઇ."

"એમ કેમ બન્યું ?"

કથાની રસીયણ રેખાને એ ખ્યાલ ન હતો કે રોહીણીશ્રીના તપ:તેજથી ઝળકતા ચ્હેરા પર વિષાદની ઘેરી છાયા પથરાઇ હતી.

"જો, સાંભળ" એમ કહી રોહીણીશ્રીએ આગળ ચલાવ્યું: "રમાના પિતાએ નીચે ઉતરી બે કામ કર્યા: એક રમાને બે કપ ચાહ તૈયાર કરી ઉપર લાવવાનો હુકમ કર્યો. અને બીજું કબાટમાં સંતાડી રાખેલું એક પડીકું અને એક કાચના પ્યાલામાં પાણી લીધું. તેઓ ઉપર આવ્યા અને જમાઇની સ્હામે બેસી ઉતરી ગયેલે ચ્હેરે બોલ્યા:

"મ્હારી પરિસ્થિતિ ત્હમે જાણો છો. મ્હેં જે કર્યું છે. તે કરવાથી મ્હને આનંદ નથી આવતો. પરંતુ હવે જે થઇ ગયું તે થઇ ગયું. મ્હારી અને મ્હારા કુળની આબરૂ ત્હમારા અને રમાના હાથમાં છે." એમ કહી તેઓ દયામણા ચ્હેરે જમાઈ તરફ જોઇ રહ્યા.

રમાના બનેવીને સસરા ઉપર ક્રોધ તો ખૂબ ચઢયો હતો. પરંતુ તેમના આજીજીભર્યાં શબ્દો સાંભળી અને ઉતરી ગયેલો ચ્હેરો જોઇ તેનો ક્રોધ જરા નરમ પડયો. તે બોલ્યા:

"મુરબ્બી ! ચડતી પડતી તો સૌને આવે છે. પણ પોતાના પેટના સંતાનની જીંદગી કેવા જોખમમાં મુકાય છે, તેનો પણ જરા વિચાર કરવો જોઇએ ને !"

"મ્હારા સંજોગો એવા છે ત્યાં હું શું કરૂં ?" રમાના પિતા લાચારી બતાવતાં બોલ્યા.

"ના જી, સંજોગોનો ઉકેલ થઇ શકે છે. પરંતુ મનુષ્યને કીર્ત્તિ અને ધનની લાલસા જ આવા માર્गે દોરી જાય છે." રમાના બનેવી બોલ્યા: "અને હજુ પણ સમય વીતી નથી ગયો. ત્હમારી ઇચ્છા હોય તો રમાના લગ્નનું ખર્ચ હું ઉપાડી લેવા તૈયાર છું."

રમાના પિતાના ગળે આ ઘુંટડો ન ઉતર્યો, કારણ કે તે કડવો હતો. વળી જમાઇના ઓશીંગણ બનવાનો સવાલ હતો. તેમણે કહ્યું: "હવે મ્હારી ઉપર મહેરબાની રાખો. અને જે થયું છે. તે થવા દ્યો. નહી તો......" એમ કહી રમાના પિતા અટકે છે.

"નહી તો ?" રમાના બનેવીએ પ્રશ્ન કર્યો.

"નહી તો મ્હારા માટે બે જ માર્ગ છે..." એટલું બોલે છે ત્યાં રમા ચાહના કપ લઇ આવી પહોંચે છે. એટલે રમાના પિતા બોલતા અટકી જઇ ઉભા થઇ. કપ મૂકી પાછી વળતી રમાને રોકી તેમણે ઓરડાના બારણાં બંધ કર્યાં. અને પછી રમા અને તેના બનેવીને ઉદ્દેશી તેમણે કહ્યું:

"જૂઓ, તમારે હવે જે કરવું હોય તે ભલે કરો, મેં ભૂલ કરી. પાપ કર્યું. એથીય આગળ વધી તમારે જે કહેવું હોય તે કહો. પણ જે કર્યું છે, તે કર્યું છે. હવે અન્યથા થનાર નથી. હું કહી ચુકયો છું કે મ્હારી અને મ્હારા કુળની આબરૂ ત્હમારા બન્નેના હાથમાં છે. હવે મારી પાસે બે જ માર્ગ છે. એક તો ત્હમે અને રમા મ્હારી વિરૂદ્ધ જઇ મ્હારી ફજેતી કરો તે જોવી. અને બીજી એ કે સદાને માટે આ દુનિયામાંથી મ્હારે વિદાય લેવી." રમાના પિતા ગળગળા બની બોલ્યા. "મ્હારી ફજેતી થાય તે મ્હારાથી નહી જોવાય. એટલે હું તો મૃત્યુ જ પસંદ કરૂં છું. લ્યો ! આ અફીણ અને આ પ્યાલો. ત્હમારા હાથે મને તે ઘોળી આપો. અને બ્હેન રમા !...દીકરી, ત્હારા હાથે જ એ પ્યાલો આ અભાગી પિતાને પાઇ સદાને માટે શાન્તિ આપ ! એ એક જ મ્હારી ઇચ્છા છે" રમાના પિતાના અવાજમાં રૂદન હતું. આંખમાં આંસું હતાં. હાથમાં અફીણ અને કાચનો પ્યાલો હતો.

રમા અને તેના બનેવી બંને અવાક્ બન્યાં રમાના બનેવીને આ નાટકીય દેખાવની પાછળ રહેલી કરૂણતાએ નરમ બનાવ્યો. અને રમા તો આ દેખાવ જોઇ; આ શબ્દો સાંભળી આભીજ બની ગઇ. તેના નાનકડા મગજમાં કૈં કૈં ખરા ખોટા વિચારોની ઉથલ-પાથલ થઇ ગઇ. તેનાથી રડી જવાયું. પિતા ઉપર તેને દયા છૂટી. તેનાથી બોલી જવાયું:

"પિતાજી, બસ કરો." આવતાં ડુસકાંને રોકી, આંસું લ્હોતી તે બોલી. "હવે આ વાતને અહીં જ અટકાવો. ઓરડાની આ ચાર દિવાલ વચ્ચે જ એને દફનાવી દ્યો. તમને અફીણ ઘોળી પાવા કરતાં આ સંસારનાં કડવા ઘુંટડા પીવાનો હું વધારે પસંદ કરૂં છું." એમ કહી તે નીચે બેઠી. અને પિતાના પગે હાથ મૂકી બોલી: "મ્હારા બનેવી ત્હમારી ફજેતી થાય તેવું કોઇ પણ પગલું નહી ભરે તેની હું તમને ખાત્રી આપું છું. અને વગર આનાકાનીએ ત્હમારી આજ્ઞાને આધીન બનવાની હું પ્રતિજ્ઞા કરૂં છું."

આટલું કહી રોહીણીશ્રી અટકે છે. અને આંતર–બાહ્ય તપ વડે હૃદય અને મનને વીતરાગના તરફ વાળવા છતાં પ્રસંગ પરંપરાની સ્મૃતિ તેની આંખને ભીની બનાવે છે. પરિશ્રમથી વળેલા પરસેવાના બિંદુઓ સાથે આંખમાંથી ખરી પડેલું કો એકલ અશ્રુબિંદુ મળી જાય છે. રેખા તેનાથી અનભિજ્ઞ રહે છે અને રોહીણીશ્રીને કથા કહેતાં બંધ થયેલાં જોઈ તે પ્રશ્ન કરે છે:

"હાં, પછી શું થયું ?"

"પછી બીજું શું થાય !" એમ ધીમેથી ઉચ્ચારી જરા ગળું ખંખારી રોહીણીશ્રી આગળ ચલાવે છે. " ઓરડાની ચાર દિવાલ વચ્ચે થયેલી વાતો ત્યાં જ દટાઈ. લીધેલી તીથિએ રમાનું લગ્ન

થઇ ગયું. રમા સાસરે ગઈ. અને ધીમે ધીમે તેણે સંસારની ઘટમાળમાં પોતાનું ચિત્ત પરોવ્યું. હીરા-મોતી અને હેમના દાગીના અને વિવિધ વસ્ત્રોના શણગાર સજી મ્હાલતી રમાને સમાજે ભાગ્યશાળી ગણી. માતાપિતાએ પુત્રીને સુખી થયેલી માની : એકલું રમાનું જ હૃદય જાણતું હતું કે તેને સ્નેહની હુંફને બદલે વાસનાની ભડભડ બળતી જવાળાઓમાં સ્નાન કરવાનું પ્રાપ્ત થયું હતું...."

"મ્હારે એ નથી જાણવું." રેખા વચમાં જ બોલી ઉઠી : "રમાનું શું થયું તે કહો"

રેખા વચમાં બોલી ઉઠવાથી રોહીણીશ્રી આગળ બોલતાં અટકી ગયાં. ધીમેથી શાન્તિનો શ્વાસ લીધો. અને અસ્વસ્થ બનતા મન ઉપર કાબુ મેળવી બોલ્યા :

"એમ ઉતાવળી ન બન." એમ કહી જરા ગળું ખંખારી તેમણે કહ્યું: "જો સાંભળ !; આગળ મ્હેં કહ્યું છે તેમ રમાના પતિની ઉમ્મર લગભગ પચાસે પહોંચવા આવી હતી. તેમના નિકટના સગામાં માત્ર એક:ભત્રિજો અને તેની વહુ બે જ હતાં. કાકાની મિલ્કત પર તરાપ માંડી બેઠેલા ભત્રિજાને કાકાએ લીધેલા પગલા તરફ અણગમો હોવા છતાં તેણે લગ્નમાં આગળ પડતો ભાગ ભજવ્યો હતો. લગ્ન થયા પછી રમા સાસરે આવતાં ભત્રિજાએ અને વહુરાણીએ નવી કાકીને સ્નેહભીના પૂજ્યભાવથી સત્કારી લીધાં. આ સત્કારમાં કેવળ સ્વાર્થ હતો. ભાવીની કો ભયંકર રમત હતી. તેનો ખ્યાલ રમાને ક્યાંથી હોય !

દિવસો વિત્યા. રમાનું મન જરા સ્થિર બન્યું. એટલે અનુભવી પતિદેવે પોતાના ભત્રિજા અને ભત્રિજાવહુ સબંધમાં જાણવા યોગ્ય સઘળી હકીકતોથી રમાને વાકેફ કરી. એ બન્નેથી ચેતતા રહેવાની સૂચના આપી. વળી પોતાની પાસે શું મીલ્કત છે. તેની શું વ્યવસ્થા કરી છે. તેનાથી રમાને ધીમે ધીમે તેમણે માહીતગાર બનાવી. ભણેલી અને ચકોર રમાને આ બધી હકીકતો અને વિગતો સ્હમજવામાં ઝાઝી મુશ્કેલી ન લાગી. બે ત્રણ વર્ષમાં તેણે બધું જાણી લીધું.

અને સાથે સાથે શ્રીમાનના અંતરની એક જ ઇચ્છા અને જીવનની મહદ્ આશા ફળવતી બની. રમાને શ્રીમંત આવ્યું. યથા સમયે પુત્રનો પ્રસવ થયો. શેઠે આનંદ માન્યો અને સારો ખર્ચ કરી સમાજને પણ આનંદનો ભાગીદાર બનાવ્યો. પરંતુ આ આનંદ એ તેમના જીવનનો છેલ્લો જ આનંદ નિવડયો. પુત્ર બે માસનો થાય તે પહેલાં જ એક દિવસ શેઠ ઉપાશ્રયેથી વ્યાખ્યાન સાંભળી ઘેર આવ્યા. અચાનક તેમની તબીઅત અસ્વસ્થ બની: કંઇ પણ ઉપચારો લેવામાં આવે તે પહેલાં જ તેમનું હાર્ટ–ફેલ થયું –શેઠ અવસાન પામ્યા.

" હેં !......" રેખા ચોંકી ઉઠી બોલી: "બિચારી રમા વિધવા !"

"હા." રોહીણીશ્રીએ તટસ્થ ભાવે ઉચ્ચાર્યું: "અને વિતક કથાનો બીજો અધ્યાય પણ અહીં જ સમાપ્ત થાય છે."

રમા અને રોહીણીશ્રી બંને આગળ પાછળ ચાલતાં હતાં. બંને મૌન હતાં.

—ચાલુ.

(અશાન્તિ–મહોત્સવ પૃષ્ઠ ૫ માંનું ચાલુ.)

જ્યાં પોતાના જ જીવનમાં અશાન્તિનો ઉકરડો ભરાયો હોય, ત્યાં શ્રાવકો પાસે શાંતિના મહોત્સવો કરાવવાથી શું વળશે ?

હવે આપણે શ્રાવકોની સ્થિતિનો વિચાર કરીએ તો આપણને એ સ્થિતિ સાફ સાફ દેખાય છે કે ; આખાયે સામાજમાં અશાંતિની આગ ભડભડ સળગી રહી છે. એ આગમાં તો કેટલીયે બહુ મૂલ્ય વસ્તુઓ ઝડપાઇ રહી છે. એણે સમાજ રૂપી શરીરના કેટલાંયે અંગોને બાળીને ખાખ કરી નાખ્યાં છે.

દિવસે દિવસે રોટલીના ફાંકા પડતા જાય છેઃ નોકરીઓમાંથી છુટા છેડા થતા હોય છે. મેટ્રીક અને બી. એ. સુધી ભણેલાઓ નોકરીના ફાંફાં મારતા હોય છે. અને તેથી સંસાર વ્યવહાર ચલાવવા અશક્ય થઇ પડયાં હોય છે અને ખરેખર જ્યારે સમાજનો શ્રીમંત વર્ગ પૈસાનો નકામો અને નિરર્થક વ્યય કરી રહ્યો હોય ત્યારે એ આગમાં વધુ ઘી હોમાય અને આગનું સ્વરૂપ વધારે ઉગ્ર બને એ સ્વભાવિક છે.

પરંતુ એમાં શ્રીમંતોનો પણ વાંક નથી. કારણ કે એ પૈસાનું પાણી કરાવવાની જવાબદારી તો આપણા ત્યાગી વર્ગ ઉપર જ છે. એઓએ ધર્મને નામે એવું અંધશ્રધ્ધાભર્યું વાતાવરણ ઉભું કર્યું છે કે ધર્મઘેલાઓને બીજું કંઇ સુઝે જ નહિં. અને આમ ખર્ચ કરવાથી જ મોક્ષ " મફત " મળી જશે, એવી 'લાલચ આપેલી હોવાથી એ શ્રીમંતો પોતાની મિલ્કતમાંથી પોતાના ભાઈ ભાંડુઓ માટે એક દમડી પણ નહિ ખરચતાં ઉંધે રસ્તે ખરચી નાખી ઉલટા તેમને વધારે ને વધારે બેકારીની આગમાં ફેંકી રહ્યા છે.

લગ્ન ક્ષેત્રમાંથી તો કેટલીય જ્વાળાઓ પ્રગટે છેઃ બાળલગ્ન, વૃદ્ધલગ્ન, વિધુર લગ્ન, બારમા વિગેરેના તો ઉકેલ કયાંથી આવે ? વિધવાઓના આંસું લુંછવાની સમાજને કયાં ફુરસદ છે ? પુનર્લગ્નનો પ્રશ્ન તો પાંખો ફફડાવતો સામે જ ઉભો છે ને ? અને કેળવણીની બાબતમાં તો આપણે કોરા કાગળ જેવા જ છીએ ને ? આ "જવલંત જ્વાળા" દરેકને ભરખી લેવા ઘુરકી રહી છે. અશાન્તિના આ ભિષણ તાંડવના મહોત્સવો કેટલા ભયાનક છે ? એ આગને ઠારવાની તાકાત કોઇનામાં છે કે ? એ જ્વાળાને બુઝાવવા કયું શાંતિ સ્નાત્ર કામ લાગશે ?

એવા હજારો શાન્તિ મહોત્સવો થાય અને અબજો રૂપીઆના પાણી થાય તો પણ આ અશાન્તિમહોત્સવ ઠરવાનો નથી. અને જગતને શાન્તિ વળવાની નથી.

ક્રાન્તિવાદીઓની એવી કલ્પના છે કે: "એ આગને જેટલી બળે તેટલી બળવા દયો. એની રાખ થશે અને એ રાખમાંથી જ એક નવું જ તત્ત્વ પેદા થશે કે જે જગતને કલ્યાણકારી થઇ પડશે.

—"શાન્તિકુમાર"

# દાનવીર જૈન આગેવાનનું અવસાન.

પાટણનિવાસી બાબુ જીવણલાલજી પનાલાલજી એક અઠવાડીયામાં ન્યુમોનિયાની બિમારી ભોગવી તા. ૧૨ માર્ચ ગુરૂવારે મલબારહીલપર પોતાના બંગલામાં અવસાન પામ્યા છે.

જૈન સમાજના ધનાઢ્ય વર્ગમાં તેઓ અગ્રસ્થાન ભોગવતા. તેવું જ અગ્રસ્થાન જૈન સમાજને કેળવણીનું સાધન પૂરૂં પાડવામાં ભોગવતા.

પાયધુની પર આવેલ બાબુ પનાલાલજી જૈન હાઇસ્કુલને તેમના પિતાના વીલમાંથી ખર્ચ માટે લગભગ વીસ હજાર મળતા. છતાં તે સ્કુલને આદર્શ સ્કુલ બનાવવા બાબુ સાહેબ પોતાના તરફથી વાર્ષિક ખર્ચમાં બીજા ચાલીસ હજાર આપતા. જેના પરિણામે સ્કુલ ઉંચી કક્ષામાં મુકાઈ છે. અને જેનો લગભગ આઠસો વિદ્યાર્થીઓ હંમેશાં લાભ લે છે.



આ સિવાય સ્કુલને બીજી વાર મકાન બનાવી આપવામાં એક લાખ, બનારસ યુનિવર્સિટીને એક લાખ અને જુદાં જુદાં કેળવણીને લગતાં ખાતાંઓમાં પોણો લાખ અને ચાલીસ હજારને વ્યાજ તરીકે ગણીએ તો જૈન સમાજ અંગે તેમની દશ લાખની જાહેર સખાવત ગણાય.

તેમણે જે વીલ કર્યું છે તે બહાર આવ્યું નથી છતાં લાગતા વળગતાઓ પાસેથી એ સમાચાર મળે છે કે બાબુ સાહેબના વીલમાં જે સખાવત કરવામાં આવી છે. તેમાં મોટો ભાગ જૈનસમાજની કેળવણી અંગે જ છે. અને જ્યારે તે વીલ બહાર પડશે ત્યારે પ્રશંસાપાત્ર ઠરશે. સાથે એમ પણ સંભળાય છે કે વીલમાં દશ લાખ જેવી બાદશાહી રકમ હાઇસ્કુલને આપવામાં આવી છે, બીજા પંદરથી વીસ લાખની સખાવતમાં પણ મોટો ભાગ કેળવણી માટે જ છે.

તેઓ કેળવણીના હિમાયતી હતા. અને કેળવણીમાં સારો રસ લેતા એટલે કેળવણી પાછળ આવી બાદશાહી રકમ કાઢી હોય તો લગારે નવાઈ જેવું નથી. અમને તો બનવા જોગ જ લાગે છે.

આજ કાલ આપ સગવડ માટે લાખોના ખર્ચ કરનાર, સમાજ કે દેશ માટે બડી બડી વાતોમાં જ સંતોષ માનનાર વાતોડીયાઓએ બાબુસાહેબના જીવનનો ધડો લેવા જેવું છે. તેઓ જેવા ધનિક હતા ને પોતાની સગવડ માટે હજારો ખરચતા. તેમ પોતાની સમાજના હિત અર્થે હજારો ને લાખો ખરચતા ને લાખો કાઢી ગયા. એ દરેક ધનિક સમજે ને બાબુસાહેબની પેઠે કર્ત્તવ્યમાં મૂકે તો જૈન સમાજને શાની ઉણપ રહે ?

મર્હુમ મીલન સ્વભાવના ને સાદા હતા. તેમના દુઃખદ અવસાનથી જૈન સમાજે દાનેશ્વરી ને બાહોશ આગેવાન ગુમાવ્યો છે.

# સમાચાર.

**સાંગલીનો પશુવધ યજ્ઞ**—આવતા ચૈત્ર શુદીમાં સાંગલી મુકામે જે પશુયજ્ઞ થનાર છે તે સામે વિરોધ દર્શાવવાને અને યજ્ઞમાં પશુઓના બલીદાનો આપતા અટકાવવા સાંગલીના રાજાસાહેબને વિનંતિ કરવાનું પ્રચારકાર્ય ગુજરાત—કાઠીયાવાડને માટે અમદાવાદની શ્રી દયા પ્રચારિણી સભાએ ઉપાડી લીધું છે. અને ગુજરાત—કાઠીઆવાડના દરેક મોટા શહેરોમાં ઉપરોક્ત બાબત પ્રચારકાર્ય કરવા માટે વિનંતિ પત્રો મોકલવામાં આવ્યા છે.

**જૈન વિમાની**—મદ્રાસથી મુંબઇ સુધીની ૧૫૨૦ માઇલની હવાઇ વિમાનોની હરિફાઇમાં પ્રથમ આવનાર મીશ્રીચંદ જૈને પોતાનું વિમાન કલાકની ૧૫૦ માઇલની સરેરાસ ગતિએ ઉડાવ્યું હતુ.

**મહાવીરજયંતિની રજા**—શ્રીમાન કોટા નરેશે કોટા સ્ટેટ ખાતે મહાવીર જયંતિની રજા કાયમી રીતે પાળવાનો હુકમ બહાર પાડ્યો છે.

**પરિષદની તારીખમાં ફેરફાર**—શ્રી જૈનયુવક પરિષદનું દ્વિતીય અધિવેશન એપ્રીલ માસના પહેલા અઠવાડીયામાં અમદાવાદ મુકામે ભરવાનો પાકો નિર્ણય થઇ ગયો હતો અને તારીખો પણ નક્કી કરી બહાર પાડવામાં આવી હતી, પરંતુ વડોદરામાં શ્રી વિજયાનંદ સૂરીશ્વરજીની શતાબ્દિ ઉજવાતી હોવાથી તે તારીખોમાં ફેરફાર કરી હવે જુન માસના પહેલા અઠવાડીયામાં ભરવાનો ઠરાવ કર્યો છે.

## મારવાડના વર્તમાન

**ફિરકાભેદ વિનાના લગ્નો**—કોટના શાહ જસરાજજી રેતનચંદજી પોરવાડના લગ્ન મ્હૈસુરના શાહ બ્રહ્માપ્પા દિગમ્બરની કન્યા સાથે સાદાઇથી ને ટુંક ખર્ચમાં કરવામાં આવ્યા છે, આ પ્રાંતમાં તેમણે આ પહેલ કરી છે.

—દિયાલપુરના શાહ જસરાજજી ગોવાજી પોરવાળના લગ્ન જલગાંવના શાહ શાંતિલાલજી દેવીચંદજી ઓસવાળની કન્યા સાથે કરવામાં આવ્યા છે.

—ગુઢાબાલોતરાના વતની શાહ હીરાચંદજી પુનમચંદજી પોરવાડના લગ્ન ગાંવડુમકુરવાળા શાહ અનંત રાજપ્પાની પુત્રી કાંતા સાથે બેંગલોરસીટીમાં ધામધુમ પૂર્વક કરવામાં આવ્યા છે. મ્હૈસુર જીલ્લામાં આ છઠું લગ્ન છે.

**ઓડીટ કરવામાં આવશે**—મુંબઇ શ્રી નેમિનાથજીના દહેરાસરના માજી ટ્રસ્ટીઓના હાથના હિસાબના ચોપડા ઓડીટ કરવાનો ઠરાવ શ્રી નગરસાથ મૂર્તિપૂજક સંઘની સભામાં સર્વાનુમતે પાસ કરવામાં આવ્યો છે.

પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી, ૧૩૪—૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે ૨૬—૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

કય્હાં લગી સ્હેશો ?

Regd No. B.3220

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૨૨ મો.
બુધવાર તા. ૧-૪-૩૬

## તારુણ્યતાના રાહ.

તારુણ્ય ત્હારા પથ ગૂઢ ન્યારા
ગીરી છાંય શીળી વળી વારિધારા.
ઝબકે ઉષામાં નવરશ્મી પુંજે
અમી જ્યોત ઝાંખી જગની કરે એ. ૧

સ્થળ કોઈ એવા યુગ કાંપ જામે
ડગ એક ભરતા શૂળ સ્પર્શ થાયે
મરૂભોમના એ નવ કો' પ્રદેશે
જીવન અકારૂં વિષ દેહ વ્યાપે. ૨

એથી અકારા જગ બંધનો આ
માયા સ્વરૂપે નૃત્ય રૂદ્ર કરતા
લક્ષ્મી પીપાસા, મનમસ્ત, મેલાં
ક્રુર કો' વિકારે મનુઓ ફસાતા. ૩

આશા ભર્યા ઓ ! નવયુગ સ્રષ્ટા !
જો જે પ્રથમ તું ડગ એક ભરતાં
જુગ જુગ જુનાં ઉર કો' પ્રવાહે
અમૃત સીંચ્યા નથી એહ કાળે ? ૪

તારુણ્ય જીવન મધુલ્હાણુ ન્યારી
આશા અનેરી ઉર કો' સુહાવી
ઝબકે ક્ષણીકે નિજ તેજ વ્યાપે
કો' કાલ સ્વપ્ના મહીં સત્ય ભાસે. ૫

જાતાં પ્રથમ એ સ્થળ એકલો હા ?
વેણો મધુરાં સુણશે બહુધાં
માને કદી એ ઉર સ્થાન આપે
તાત્પર્ય સાચું અવલોકજે તું. ૬

સહુ શૃંખલા એ જડ વિપદોની
રહેંસે જગતને ક્રુર મોત આણે
નિજ શ્રેય સાધક બની વીર નિર્ભય
નિર્મોહ શસ્ત્રે જીતજે બલા એ. ૭

જીવન રસીલું મધુ સૌમ્ય પ્રેર્યું
આદર્શ વિભૂતિ સમ એ સજેલું
તારુણ્યતાની નવ કો' વસંતે
મ્હોરાવજે તું નવસૃષ્ટિ માંહી. ૮

નવ કોઈ શકિત ઉર દીવ્યધારી
આદર્શ, આશા, પ્રતિભા વીકાસી
મરૂભોમને આ નવસૃષ્ટિ રૂપે
સર્જી વીહરવું નવ પાથ ત્હારે. ૯

"મંજુલ કુમાર"

# ત રુ ણ જૈ ન

—: તા. ૧–૪–૩૬ :—

## ક્યહાં લગી સ્હેશો ?

તાજેતરમાં અખબારો ખૂબ ચોંકાવનારા સમાચારને પ્રસિદ્ધિ દઇ રહ્યાં છે. થોડા દિવસોપર એક કવિકુળકિરીટને નામે પ્રસિદ્ધ થએલા સાધુએ કોઈકની ગળચી દાબવાનો બામણવાડા ગામમાં પ્રયાસ કર્યો. એણે તાળાં તોડયાં. એણે બીજા સાધુઓને ગાળો દીધી. ગળચી દાબવાના એણે કરેલા હુમલા પર ડોકટરનો ગંભીર આરોપ મૂકતો અભિપ્રાય આવ્યો. કેસ મંડાયો–ને ભીનો સંકેલાયો.

કેસની વિગતોમાં ઉતરવું અમને લાજમ નથી લાગતું. અમને આજના સાધુઓની અંતરગત હાલત જાણતા હોવાથી આવા સમાચાર ચોંકાવનારા પણ નથી લાગ્યા. અમારો તો સાવ સ્પષ્ટ અભિપ્રાય છે કે આજની સાધુસંસ્થાપરની ઢાંકપીછોડી ઉંચકી લ્યો તો સમાજમાં નીચલા થરમાં રોજેરોજ જણાય છે ત્હેવી જ, મવાલીયત, દાદાગીરી, ગુંડાશાહી, દ્વેષ ને વ્યભિચાર ખદબદતાં જણાશે અને માનવતા આપણામાં બાકી રહી હશે તો આવી સંસ્થાને નિભાવવામાં કરેલી મદદગારી આપણાં પશ્ચાતાપનું કારણ બનશે.

કોઇક કોઇક અકસ્માતોથી આ ચાદર ક્યહાંય ક્યહાંય ચીરાય છે–અંદરની કલંકરૂપ હકિકત પ્રકટે છે ત્યહારે ત્યહારે આપણા સંઘના અગ્રણીઓ ભયંકર બેદરકારી સેવે છે અને 'આપણે શું ?' કહી એમના સ્થાનની અવિમળતા જાળવી બેસે છે. અમે આજે ગંભીર પણે આક્ષેપ કરીએ છીએ કે આજની આ વિકૃત સાધુસંસ્થા અમારા પ્હેલી હરોળના અગ્રણીઓની બેદરકારીનું જ ફળ છે.

પણ જહેને સ્થાન સાચવવાની જ પડી છે એને અમે કૈં પણ કહીને કશી અગત્યતા આપવા નથી માગતા. અમે તો અમારા સામાન્ય ભાઇ–બ્હેનોને પૂછીએ છીએ: તહમે આ અત્યાચાર ધર્મને નામે ક્યહાં લગી સ્હેશો ? આ અંધશ્રદ્ધા ક્યહાં લગી સહશો ને રીબાશો?

સ્વાંગને પૂજવાનું હવે છોડો. સાધુતાને માન આપો. એમના ત્યાગના, એમના તપના માર્ગ સરળ કરી આપો, એમને વંદન કરો. પૂજાના એમને અર્ધ્ય આપો.

અને જ્યહાં ગુંડાશાહી, કેવળ આળસવૃત્તિ, દંભ ને માત્ર વ્યાપારવૃત્તિ કે અનાચાર જણાય ત્યહાં એમની સાન ઠેકાણે લાવો, એમના પર મુકર્દમા માંડો, સંઘબળથી બહિષ્કાર કરો. એમનાં કપડાં ખૂંચવી લો.

જરાક તકલીફ પડશે પરન્તુ વધતો સડો એથી અટકશે. કોઇકના અકલ્યાણની રૂકાવટ થશે. અને એમ થશે તો આત્મસંતોષ તહમને વધશે.

**સુલેહ.**

શ્રી વિજયાનંદસૂરીશ્વરજીની શતાબ્દિ પાટણમાં ઉજવવાના પટ્ટણીઓએ કરેલ નિર્ણય પછીથી સમગ્ર જૈન કોમ માનતી કે શતાબ્દિ પાટણમાં ઉજવાશે.

શતાબ્દિ ઉજવવા પટ્ટણીઓ કામે લાગ્યા પૈસા એકત્ર કરવા મુંબઈમાં વસતા પટ્ટણીઓએ કમીટિ નીમી. કમીટિએ નાણાં એકત્ર કરવા સાથે સંઘ–સોસાયટીમાં સુલેહ ખાતે પાટણ સંદેશા શરૂ કર્યા. પાટણ ને મુંબઇમાં સભાઓ ભરાઇ. અનેક મંત્રણાઓના પરિણામે લગભગ પચીસ ભાઈઓ પાટણ ગયા. સંઘ સાથે ચર્ચાઓ થઇ. પરિણામ કશું ન આવ્યું. કારણ કે જેના દેખાડવા ને ચાવવાના જુદા છે, જેના દોરી સંચાર રામવિજય જેવા વેષધારીઓના હાથમાં છે; તે સોસાયટી શી રીતે સુલેહ કરે ? તેને તો એને માનેલા એના ગુરૂદેવ પડદા પાછળ ઉભા રહી જે કહે તે જ કરવાનું. પછી સુલેહ ક્યાંથી થાય ? છતાં 'જૈન ચર્ચા'નો લેખક સુલેહ ન થવાનો આખો ટોપલો શ્રી વિજયવલ્લભસૂરિના માથે ઢોળે છે. તે બિચારો એમ સમજે છે: હું જેમ કાગળ ઉપર ચિતર્યે રાખીશ તેમ સમાજ માની લેશે. એ સમજે કે સમાજ એવી ભોળી કે મૂર્ખ નથી; કે એવા લેખોને મહત્ત્વ આપે. એને તો એવા લેખોની કશી કિમ્મત નથી. એ ચર્ચામાં ન ઉતરતાં અમે એમ કહેવા માગીએ છીએ કે:–

દરેક માણસ સુલેહ ઇચ્છે. સુલેહમાં જ સમાજની આબાદી છે. સુલેહસંપથી જ ઉન્નતિ છે. છતાં જુઠ્ઠાણા ફેલાવવાથી સુલેહ થતી નથી. ખોટાં તુતો ફેલાવવાથી સુલેહ થતી નથી. નોખે પર આવી જવાથી સુલેહ થતી નથી. પણ એક બીજાનાં મન પિગળે તો જ સાચી સુલેહ થાય. બાકી સંઘ ગમે તેટલું નમતું મૂકે પણ સોસાયટી કડક જ રહે તો સુલેહ થશે ? સાચી સુલેહ નહિ થાય. કોઇ એમ કહેતું હોય: સોસાયટી દરેક રીતે સુલેહ કરવા તૈયાર છે તો એ વાત માનવાની અમે ચોખ્ખી ના પાડીએ છીએ.

જેઓ સંઘપતિનો સ્વીકાર કરવાની ચોખ્ખી ના પાડે એટલે સંઘપતિએ બોલાવેલ સંઘમાં આવવાની ના પાડે. શતાબ્દિ અંગે ગુલાબચંદજી ઢઢ્ઢા જેવા જૈન સમાજના પીઢ આગેવાન પાટણ ગયેલા ત્યારે પાટણના સંઘે કોરે કાગળે સુલેહ માટે મત્તુ આપવાની બાંહેધરી આપેલી છતાં સોસાયટીએ ઘસીને ના પાડી. આ સુલેહના લક્ષણ છે ?

આ સ્થિતિમાં પટ્ટણી બિરાદરો સમજે કે સોસાયટીના માનસમાં અણુમાત્ર પલટો થયો નથી. તેના કહેવાતા ગુરૂઓ શાસનની નિંદા થાય, હેલણા થાય તેવાં (સાધુસમ્મેલનના ઠરાવોની અવગણના કરનારાં) કૃત્યો કર્યે જ જાય છે. એમને તમારી સાથે હાથ મીલાવવાની કશીએ પડી નથી. છતાં તમે મોટું દીલ દાખવીને–ઉદાર બનીને–તેમનો ગુન્હો માફ કરીને તેમને લઇ લેવા માગો છો તે તમારી મ્હોટાઇ છે. પણ 'ખેંચ પકડ જોર આવે' તેમ સોસાયટીની વલણ દેખાય છતાં શાણા માણસો સંઘના સંગઠ્ઠનને ધોકો પહોંચે તેવી પ્રવૃત્તિ થોડી જ આદરે ?

કોઇ એમ ન સમજે કે અમે સુલેહના વિરોધી છીએ. અમે તો સુલેહના જ હિમાયતી છીએ. પણ અરસપરસ લાગણી વિના એક પક્ષ ઉપર દબાણથી સુલેહ કરાવવાથી અગ્નિ બુઝાશે નહિ. અમે ફરીથી કહીએ છીએ કે સોસાયટી સુલેહ ઇચ્છતી હોય, એને સમાજમાં મચાવેલા ઉલ્કાપાત માટે અંતર ડંખતું હોય અને પશ્ચાતાપ એનામાં જણાય તો શ્રી સંઘે તમામ ગઇ ગુજરી ભૂલી જઇ અરસપરસ ભેટી લેવામાં જ શોભા છે.

# વિનાશની ચીનગારીઓ.

સમાજની ઉપર દેખાતી શાંતિ નીચે અસંતોષની જવાળા પ્રજળી રહેલ છે. સમયના વહેવા સાથે જનતાની વિચાર શ્રેણીમાં નૂતન સ્થીતિજન્ય વિચાર પ્રવાહો વહ્યા કરે છે; આ વિચારોથી થતા ફેરફારો; પલટાતી પરિસ્થીતિ આપણાં જીવનક્રમમાં એવી ઓતપ્રોત થાય છે કે કોઈ મહા સામાજીક ઉલ્કાપાત ન થાય ત્યાં સુધી આ ફેરફારો આંખ આગળથી સરી જતા દેખાવ જેવા જ જણાય છે. આજની પરિસ્થિતિ ઉપર એક વેધક દૃષ્ટિ નાખો. તમને દેખાશે કે આજે જનસમુહમાં ભૂખમરો; ગરીબી અને બેકારી ત્રાસ વર્તાવી રહ્યાં છે. અસંખ્ય જનસમૂહને જન્મથી તે મૃત્યુ સુધીમાં, સાચું જીવન જીવવાની તકો નથી મળતી અને તેથી તેઓના જીવનમૂલ નથી મૂલવાતાં. આમ અમાપ જન-શકિત બીન ઉપયોગી બની વેરાય જાય છે. મનુષ્યજીવનની પ્રાપ્તિ શું ? એક સામાન્ય મનુષ્યને આ પ્રશ્ન પૂછો. તમને જવાબ મળશે કે તે પ્રાપ્તિ તે સુખ, અને સુખ આજે મળતું હોય તો માણસ તે સુખ કાલ ઉપર મુલ્તવી નહિ રાખે. તેમ સૌ કોઇને પોતાની ભવિષ્યની કે બીજા ભવની સ્થિતિ કરતાં વર્તમાન જીવન જીવવાની વિશેષ ઈચ્છા હોય છે. આજની સામાજીક રચના જ એવા પ્રકારની છે કે મનુષ્ય એ એક સંજોગાધીન પ્રાણી બની ગયું છે. આજે તમારી નજર સમક્ષ એ પ્રકારના ચિત્રો ખડાં થશે. એક બાજુ વિલાસ, વૈભવ, વિવિધરંગી જીવન જીવતા અને તે રીતે સંપૂર્ણ પરિગ્રહી જીવનમાં રચ્યો પચ્યો રહેતો ધનિક વર્ગ, બીજી બાજુ અન્ન–વસ્ત્ર માટે પણ પરાવલંબી તેવો રોજી વગરનો ગરીબ વર્ગ. એક બાજુ શ્રીમંતાઈથી મલકાતો આળસુવર્ગ. બીજી બાજુ કામ કરવું છે પણ કામ નથી મળતું તેવો બેકાર વર્ગ. એક બાજુ આલીશાન ઇમારતો અને સુંવાળા વસ્ત્રોથી રક્ષાતો ધનિક. બીજી બાજુ જીર્ણ ઝુંપડાઓ અને ફાટયા તુટયા વસ્ત્રોથી ઢરડાતી જીંદગીવાળો ક્ષીણ દેહી દલિત વર્ગ.

આર્થિક અસમાનતા, મૂડીવાદથી ઉત્તેજીત સામાજીક અને રાજકીય રૂઢિચૂસ્તપણું. બીન મૂડીવાદી વર્ગ ઉપર આથી થતા રાજકિય અને સામાજીક અન્યાયો, તેથી તેમને જીવન વિકસાવવાની મળતી ઓછી તકો, તેમનાં રહ્યા સહ્યા સાધનોનું પણ થતું આર્થિક શોષણ, અને પરાશ્રયી બનતું જીવન આ બધા વિનાશના તત્ત્વો છે. જ્યાં જ્યાં ક્રાન્તિના બળો અને રૂઢિચૂસ્તપણાના બળો વચ્ચે નીકટપણું, સમાધાની થયેલ છે ત્યાં ઉલ્કાપાત આઘો ગયો છે, અને જ્યાં એ વચ્ચે ખેંચાખેંચી થઈ છે ત્યાં પ્રજાદેહનાં એકી પ્રયત્ને સામાજીક પુનરૂત્થાન થયું છે. રાજકિય ક્ષેત્રમાં આવો ઉલ્કાપાત આપણને ફ્રાન્સ, સ્પેન, ગ્રીસ વિ. દેશોમાં માલમ પડે છે. જ્યારે ઇંગ્લંડ હમ્મેશ નવાં બળોનો યોગ્ય રીતે સામ્નો કરતું આવ્યું છે. નવાં બળો, નવા વિચારો, નવી શકિતઓને પારખવી અને તે મુજબ પરિવર્તન માટે પ્રયત્નશીળ બનવું તે સામાજીક શાંતિ અને પ્રગતિ માટે જરૂરી છે. અત્યાર સુધી એવો વખત હતો કે જ્યારે સમાજના અમૂક વર્ગની ભાવનાઓ કચડી શકાતી. આજે પ્રજાનું આખુંએ માનસ બદલાવા માંડયું છે. આજે પ્રત્યેક વ્યકિત પોતાના હકકો, પોતાની શકિત અને પોતાની પરિસ્થીતિથી વાકેફ થવા માંડયો છે. આજે રસ્તામાં કચરો સાફ કરતો ભંગી પણ આ વિચારના મોજાંથી ભીંજાયો છે. અને દુનીયામાં વિચારબળ જેવું બીજું કોઇ મહાબળ નથી. એ વિચારબળનો કંપ ધરતીકંપ કરતાં વિશેષ ભયંકર હોય છે. એ વિચારબળે તો સામ્રાજ્યો છિન્ન ભિન્ન કર્યાં છે. સામ્રાજ્યવાદ કે સામ્યવાદ આ બધા તો ફકત નામો છે. ખરૂં હાર્દ સમજવા માટે મનુષ્યજીવનનો, તેની જરૂરિઆતોનો અને તેની ફેરફાર પામતી પરિસ્થીતિનો અભ્યાસ કરવો જોઈએ.

દૃષ્ટાંતરૂપે–આપણી જ્ઞાતિઓ જુઓ. કારણવશાત્ અમૂક સમયે આવા વર્તુલો રચાયાં. તેના રક્ષક તરીકે આપણે અમૂક વ્યકિતઓને મૂખીઓ નીમ્યા. આજે આ જ્ઞાતિઓ એક હત્યુ સત્તાના અને જોહુકમી તેમજ અન્યાયના વાડા બન્યા છે. આજે જ્ઞાતિપટેલોમાં સમાજના નેતૃત્વની ભાવના કરતાં સામાજીક ધનની વિશેષ તૃષ્ણા રહેલી છે. તેમના વહીવટોમાં અંધારા હોય છે. તેમની ભાવનાઓ સત્તરમી સદીની હોય છે. આ પરિસ્થીતિ સામે જ્યારે વિવિધ બળો ભેગા થશે ત્યારે એ વિનાશની ચીનગારીઓમાંથી એવો ભડકો થશે કે આખાએ સમાજનું બંધારણ નવીન સ્વાંગ ધરશે.

આજના અંધકારમાં આવી વિનાશની ચીનગારીઓ થઇ રહી છે અને જ્યારે અંગાર ધખશે ત્યારે આપણે ચોકકસ નવો પ્રકાશ ભાળીશું.

શ્રી નાનાલાલ દોશી.

# ?

"જયવંત જીવન જગમાં જહેનાં,
ગુણગાન કરે દેવો પણ ત્હેનાં—જયવંત.
'આત્મન્'

પ્રત્યેક મહાપુરૂષની જન્મ કે સ્વર્ગારોહણ તીથિએ જે મહોત્સવો ઉજવાય છે. તેની પાછળ સાચી ભાવના એ જ હોઇ શકે કે, તે મહાપુરૂષના જીવનકાર્યનું સ્મરણ કરી તેમાંથી પ્રેરણા મેળવી જનતા પ્રગતિના માર્ગે એક પગલું આગળ માંડે, આજે ઉજવાઇ રહેલી જયંતિઓ અને શતાબ્દિ મહોત્સવની પાછળ પોકળ પ્રદર્શનો સિવાય બીજી કોઇ ભાવના મૂર્ત્તિમંત થતી જણાય છે ખરી ?

શ્રીમદ્ આત્મારામજી શતાબ્દિ મહોત્સવ ઉજવવાનાં રણશીંગાં કેટલાંય વખતથી વાગી રહ્યાં હતાં. આ લખાણ બહાર પડશે ત્યારે એ મહોત્સવની પૂર્ણાહુતી થઇ ચુકી હશે. અને હવે આ ચુંથણાં શા માટે ? એ પ્રશ્ન જરૂર સ્વાભાવિક છે. પરંતુ કોઇ રખે માને કે એ મહાપુરૂષની ઉજ્જવળ કીર્ત્તિને જરા પણ ઝાંખપ લગાડવાની આ પ્રવૃત્તિ છે. આ લેખનો હેતુ એ છે, કે આપણે એ મહાપુરૂષના જીવનકાર્યને યત્કિંચિત્ પણ સ્હમજવાનો પ્રયત્ન કર્યો છે ખરો ?

❖ ❖

શતાબ્દિ મહોત્સવ ઉજવવાની વાત કોણે ઉપસ્થિત કરી એ પ્રશ્નને બાજુ પર રાખીએ તો પણ વર્ત્તમાનપત્રોમાં થયેલી ઉહાપોહથી એટલું સ્હમજી શકાય છે કે 'મહોત્સવ' પૂર ભભકાથી ઉજ્વવાનું બીડું પ્રથમ પાટણે ઝડપ્યું, પરંતુ કમનસીબે ત્યાંના સ્થાનિક કલેશે મહોત્સવને વડોદરાની ટીકીટ કાઢી આપી.

જૈન સમાજમાં—અને પાટણ જેવા જૈનપુરી ગણાતા શહેરમાં એવો કોઇ મૂઢ માનવી વસતો હશે ખરો કે જેના હ્રદયમાં શ્રીમદ્દના મહાન જીવન કાર્ય તરફ પૂજ્યભાવ ન હોય ! ? અને એ કેટલું શોચનીય છે કે શ્વે. જૈન સમાજમાં છેલ્લા પચ્ચાસવર્ષનાં ઇતિહાસમાં જેની જોડી મળવી મુસ્કેલ છે. તે મહાપુરૂષના ગુણગાન ગાવામાં, તેમના જીવનમાંથી પ્રેરણા મેળવી પ્રગતિ તરફ કેમ કૂચ કરવી તેની વિચારણા કરવાના કાર્યમાં આપણા અંગત રાગદ્વેષને આપણે વિસારી નથી શકયા. અને છતાંય આપણો દાવો છે કે; **"અમે જૈન છીએ"**

પાટણ તેના ધનાઢયો માટે, વિદ્વાનો માટે અને વીર મુત્સદ્દીઓ માટે ભૂતકાળમાં ગૌરવશીલ હતું. અને એ ભૂતકાલીન ગૌરવ માટે વર્તમાનકાળમાં પાટણના પુત્રો જરૂર અભિમાન લઇ શકે છે, પણ એટલું યાદ રાખે કે આજે જૈન પાટણમાં ધનાઢયો હશે. પણ તેની વિદ્વતા અને મુત્સદ્દીગીરી તો પરવારી ચૂકી છે. અને એટલે જ પાટણે ચેતવાની જરૂર છે. મહોત્સવ પાટણ ઉજવાય કે વડોદરા ઉજવાય તેમાં બહુ ફેર નથી પડતો. પરંતુ જે પ્રસંગ પરંપરા બની ગઇ છે તે પટ્ટણીઓ માટે સૂચક છે. એટલું તો પટ્ટણીઓનો રોષ વ્હોરી લઇને પણ હું કહેવા માગું છું. અલબત્ત, પાટણમાં પ્રવર્તતી સ્થિતિ જૈનપુરી ગણાતા પ્રત્યેક શહેરમાં પ્રવર્તે છે એટલું એ આશ્વાસન લઇ શકે છે.

❖ ❖ ❖

મહોત્સવ વડોદરા, મુંબઇ અને સર્વસ્થળોએ ઉજવાયો હશે પણ ઉત્સવસમિતિએ જે ફંડ એકત્ર કર્યું છે તેનું શું ? આ એક જ મહોત્સવને મધ્યબિંદુ બનાવીને જૈન સમાજના ધનાઢયો, વિદ્વાનો અને સમાજ સેવકો ધારે તો જૈન સમાજને પ્રગતિના માર્ગે તો જરૂર મૂકી શકે છે. માત્ર જરૂર છે ભૂતકાળમાંથી પ્રેરણા લઇ શકે; દૂર દૂર ક્ષિતિજપર ડોકીયાં કરતા ભવિષ્યને સ્હમજી શકે; અને વર્તમાનકાળના અનેક જટીલ પ્રશ્નોને સ્હમજી શકે—ઉકેલી શકે. એવી વેધક—આર્ષ દ્દષ્ટીની, અને વર્તમાન જૈન જગતની આ છિન્ન ભિન્ન દશા અને અવનતિની ભયંકર ગર્તા તરફનું ત્વરિત ગતિએ થઇ રહેલું પ્રયાણ: એ આ આર્ષદ્દષ્ટિના અભાવને જ આભારી છે. તેની કોણ ના પાડી શકે તેમ છે ?

❖ ❖ ❖

શ્રીમદ્ આત્મારામજીએ અમેરિકા—ચિકાગોની વિશ્વધર્મ પરિષદમાં શ્રી. વીરચંદ રાઘવજીને મોકલ્યાને આજે લગભગ અડધી સદીનાં વ્હાણાં વાયાં. જૈન સમાજે એ દિશામાં શુ કર્યું. ? ચારે તરફથી પોકાર પાડીને જણાવવામાં આવે છે કે "જૈનધર્મ—વિશ્વધર્મ બની શકે તેવાં ઉદાત્ તત્ત્વોથી ભરપુર છે. છતાં આપણે શું જોઇએ છીએ ? પ્રત્યેક પ્રભાતે જૈન જનતાનો દરેક રીતે હ્રાસ થઇ રહ્યો છે" બંધીયાર પાણી સૂર્યના તાપથી સૂકાય: જમીનદ્વારા તેનું શોષણ થાય: અને આજુબાજુ વસતી જનતાના ઉપયોગથી ઓછું થાય એ સ્હમજવા છતાં તળાવનું પાણી ઘટતું જાય છે. એ ફરીયાદ કર્યા કરવાથી શું વળે ? કાં તો પાતાળ ફોડી જીવતા પાણીની શેરોને આમંત્રવી જોઇએ. યા તો ઉન્નત શૃંગોપરથી વહી રહેલાં ઝરણાંઓને તેમાં વાળવાં જોઇએ. અને જેમ જેમ જરૂર જણાય તેમ તેમ મર્યાદાને વિશાળ બનાવવાનો પ્રયત્ન કરવો જોઇએ. જૈનત્વ ઓસરતું જાય છે. એવી ફરીયાદ કરનારાઓને મ્હારો આ જવાબ છે.

❖ ❖ ❖

જૈનધર્મ અને જૈનધર્મ પાળનારો સમાજ ધીમે ધીમે એવી સંકુચિત મર્યાદામાં કેદ બન્યો છે કે જ્યાં પ્રગતિ કે પ્રકાશને સ્હેજ પણ અવકાશ છે જ નહિ. અને આ સ્થિતિને માટે મ્હારી દ્દષ્ટિએ એ એક જ વર્ગ જવાબદાર છે, કે જેને જૈનજનતા 'સાધુ સંસ્થા' જેવા પવિત્ર નામથી સંબોધે છે, અને એટલે જ આ મહોત્સવ નિમિત્તે જે ફંડ એકત્ર થાય તેનો ઉપયોગ એ જ થવો જોઇએ કે જેથી સાધુ સંસ્થાની પવિત્રતા પુનઃ સ્થાપિત થાય. તેમની વિહારની મર્યાદા ગુજરાત મટી આખું ભારતવર્ષ બને. ઉપદેશની મર્યાદા ઉપાશ્રયની ચાર દિવાલો તોડી વિશ્વના ચોકમાં ઉભવા જેટલી વિશાળ બને. અને ભંડારો અને જ્ઞાનશાળાઓમાં રૂંધાઇ રહેલું એ જ્ઞાન અભ્યાસ, સંશોધન અને વર્તમાનકાળની વિવેચન પદ્ધતિએ તૈયાર થઇ એક તરફ તે વિશ્વસાહિત્યમાં રજુ થાય. અને બીજી તરફ તે લોક ભોગ્ય બને તેવું તેને સ્વરૂપ અપાય અને આટલું થશે ત્યારે જ જૈન જગતના જટીલ ગણાતા પ્રત્યેક પ્રશ્નોનો ક્રમે ક્રમે ઉકેલ આવશે. અને જૈન જગતની રડતી સુરત પર તન્દુરસ્તીની સુરખી ચમકશે એ નિઃશંશય છે.

❖ ❖ ❖

# સ્થંભ ધ્રુજ્યા તો ?

સાધુ ધર્મે જ્ઞાન-મિમાંસા,
આજ દીસે છે માન–પિપાસા;
સ્થંભ ધ્રુજ્યા તો ?

હજ્જારો વર્ષો પૂર્વે એક ભવ્ય અને વિશાળ મકાન હતું. કાળક્રમે એ મકાન જીર્ણ થઈ ગયું. તેની દીવાલો અને સ્થંભો જુદે જુદે ઠેકાણેથી તુટવાં લાગ્યાં. એવા ખંડેર સરખા મકાનની અંદર ઠેર ઠેર કાદવ–કીચડ માલમ પડતો. ગંદકી અસહ્ય થઇ પડી. તેનો કયો ભાગ ક્યારે તુટશે એ કહી શકાય એમ ન હતું. તો પણ એ મકાનની માલીકીનો દાવો કરવાવાળા પોતાની માલીકી જતી રહે એ બ્હીકે–એ મૃત્યુ સૂચક દશામાંથી પણ–એ મકાન ખાલી નહિ કરવાનો હઠાગ્રહ લઈ બેઠા હતા. બીજા મકાનવાળાઓ અને રસ્તે ચાલતા મુસાફરો એમને એ સ્થિતિનું ભાન કરાવવા જતા તો તેઓ, એઓની દૃષ્ટિએ 'પાગલ' ગણાતા.

❖ ❖ ❖

પ્રારબ્ધ યોગે કોઇ પરમ પુરૂષ પાકયો. અને એણે એ મકાનને ફરીથી સુંદર રીતે સમરાવ્યું. એની ભવ્યતા અને વિશાળતાને અસીમ વધારી દીધી. સૌ કોઇને એ મહાનમાં રહેવાની છુટ હતી. એનો કોઇ માલીક ન હતો. સંસાર સમસ્તથી કંટાળેલા માનવીઓને ત્યાં આરામ મળતો. એ મકાનની બાહ્ય કારીગરી અને બાંધણી જોઇને જગત્‌ના ભલભલા શિલ્પકારો મુગ્ધ થઇ ગયાં.

❖ ❖ ❖

એ વાતનેય આજે પચ્ચીસો વરસો થઇ ગયાં. એમાંય જીર્ણતાએ પ્રવેશ કર્યો છે. કોઇ કોઇ ઠેકાણેથી દીવાલો તુટતી જાય છે. કાદવ ભરાવા માંડયો છે. એ ગંદકીમાંથી ઝેરી જંતુઓ ઉત્પન્ન થવાં લાગ્યાં છે. અંદર રહેલાઓએ એ મકાનની માલીકી પોતાની કરવા સારૂ અંદર અંદર ઝગડવા માંડયું છે, બહારનાઓને તો સ્થાન કયાંથી જ હોઇ શકે ? એમાંથી આરામ ઓસરી ગયો છે. સ્નેહભાવ સળગી ગયો છે. તોયે બાહ્ય જગતને 'પાગલ' લેખનારા આ 'શાણાઓ' અંદર કેમ રાચતા હશે ?

અચાનક એક ખૂણામાંથી ધુણી નીકળે છે. આગ લાગી. સળગતી જવાળાઓનો પ્રકાશ દૂર દૂર દેખાવા લાગ્યો. બહારનાઓએ બૂમાબૂમ કરી મૂકી. ત્યાં જોયું તો અંદર રહેલા ગાંડાઓએ નાચવા માંડયું હતું. દીવાનાઓ આનંદમાં આવી જઇ કુદાકુદ કરી રહ્યા હતા. એવો કોઇ અનેરો ઉત્સવ ઉજવી રહ્યા હોય એમ લાગતું હતું. આ માનવીઓને સળગી જવાનો ભય નથી ! સદ્ભાગ્યે કેટલાક ડાહ્યા પુરૂષો બહાર નીકળી જવાથી બચી ગયાં છે. બહારના 'મૂર્ખ' માનવીઓ એ આગમાંથી બચાવવા આ 'ડાહ્યા'ઓને સમજાવેછે. અંદર રહેલા 'ડાહ્યા' માનવીઓ જવાબ આપે છે. "તમે તે કેવા મૂર્ખા છો ? આટલે દિવસે અમને માંડ માંડ મોટા દીવાઓ જોવાના મળ્યા તો તમને અદેખાઈ આવે છે ? અમે એવા પાગલ નથી કે આવો પ્રકાશ મૂકીને બહાર આવીએ."

આગનું સ્વરૂપ જ્યારે ઉગ્ર બન્યું. ભયાનક જવાળાઓનો વિસ્તાર વધવા માંડયો. બહાર નીકળી આવેલાઓએ નિઃશ્વાસ મૂકયો:–"મકાન તો હમણાં જ જોતજોતામાં બળીને 'ખાખ' થઇ જશે. પરંતુ અંદર રહેલા બિચારા આપણા બાંધવોનું, હાય ! શું થશે ?"

❖ ❖ ❖

ભગવાન્ પાર્શ્વનાથ પછીથી જૈનધર્મરૂપી મકાન જીર્ણ થવા આવ્યું, તેમના અનુયાયીઓ વિલાસ તરફ ઢળવા લાગ્યા. ત્યાગમાર્ગમાં અત્યંત શિથિલતા આવી. જૈનધર્મ નષ્ટ પ્રાયઃ થવા લાગ્યો.

❖ ❖ ❖

પરમયોગે ભગવાન્ મહાવીરે એ જીર્ણ મકાનનો ઉદ્ધાર કર્યો. અહિંસાનો ધ્વજ સર્વત્ર ફરકતો કરી દીધો. બુઠ્ઠા થઇ ગયેલા સત્યના શસ્ત્રોને ચમકતા કરી દીધા. પ્રેમથી પ્રાણી માત્રના હૃદયને જીતી લીધાં. એ મકાન હવે 'મકાન' રહ્યું નહોતું–જગતનો વિશાળ 'ચોક' બન્યો હતો. સૌ કોઇને એમાં આરામ મળતો. આત્મ કલ્યાણના દરવાજાઓ ત્યાં ખુલ્લાં થઇ ગએલાં માલમ પડયાં. સમસ્ત સંસારના કલ્યાણને સારૂ એણે યોજેલા સુંદરતમ સિદ્ધાંતો જોઇને અન્ય ધર્મ ધુરંધરો ઝાંખા પડવા લાગ્યા.

❖ ❖ ❖

એ વાત પર આજે પચ્ચીસો વરસોનાં વ્હાણાં વહી ગયાં છે. આજે જનસમાજ કઈ દિશામાં છે ? એ સમાજના શરીરમાં કેટલો સડો પેઠો છે ? એમાંની મલીનતા એ સમાજના કેટલાંય અંગોમાં ઝેર પ્રસરાવ્યું છે ? માનવી હૃદય આટલું બધું સંકુચિત કેમ બનતું જાય છે ? જૈનધર્મના વિશાળ ગણાતા ચોકમાં આજે કેમ નાના નાના વિભાગો પડતા જાય છે ? ચારે બાજુએ કુસંપની આગ કેટલા જોરથી સળગી રહી છે ?

એ ભયંકર આગને પ્રકાશ માનનારા–શાસનનો 'ઉદ્યોત' સમજનારા અમે દીવાનાઓ સાચી વસ્તુ સ્થિતિ કયારે સમજશું ?

જૈનશાસનના પાયા ડગમગવા લાગ્યા છે. કોઈ કોઇ બાજુએથી તેની દીવાલો તુટવા માંડી છે. પડુ પડુ થઇ રહેલા એ મકાનનો આધાર તેના સ્થંભો–સાધુઓ પર છે. એ સ્થંભોની સ્થિરતાથી અમે અમારી જાતને બચાવી શકીશું એવી શ્રદ્ધા રાખી હતી. પણ આજે તો સ્થંભોય ધ્રુજવાની તૈયારી કરતા જણાય છે. અને એ–**'સ્થંભ ધ્રુજ્યા તો ??**

"**શાન્તિકુમાર**"

---

એક વખત એવો હતો કે જ્યારે શ્રીમદ્ વલ્લભવિજયજીની જાહેર પ્રવૃત્તિની વિશિષ્ઠ વલણને લઇને ઘણાએ એમના માટે બહુ મોટી આશાઓ બાંધી હતી. કોણ જાણે કેમ હમણાં હમણાંની તેમની પ્રવૃત્તિ નિહાળતાં તેઓશ્રી મને રૂઢીચૂસ્તતા તરફ ઢળતા જતા હોય એમ લાગે છે. છતાંય તેમની સહૃદયતા–ભદ્રિકતા માટે મને માન હોઇ તેમને એક બે સૂચક પ્રશ્નો પુછી લઉં.

પંચ પરમેષ્ઠિનમસ્કારમંત્રમાં આચાર્યનું પદ ત્રીજું છે. આપના નામની આગળ એ શબ્દોનો ઉપયોગ થઇ રહ્યો છે. વર્તમાનકાળે મુંઝાએલા જૈન જગતને આપના કોઈ વિશિષ્ઠ જીવન કાર્યથી પ્રેરણા આપવાનું પુણ્યકાર્ય આપ કરશો ? શ્રીમદ્દનું નામ જોડી એકત્ર થયેલ ફંડનો ઉપયોગ ભવિષ્યના ઇતિહાસકારને જેની નોંધ લેવી પડે એવા કોઈ કાર્યમાં થાય એવી આપ પ્રેરણા આપશો ? અસ્તુ !

Fedist

# ઔદ્યોગિક શિક્ષણની જરૂર.

ઉંચી ડીગ્રી પ્રાપ્ત કરનાર કૉલેજના વિદ્યાર્થીઓ; જેઓ મેટ્રીક, બી. એ. વિગેરે થયેલા જેટલા પરીક્ષાઓની ચિંતાથી ત્રાસ પામતા નથી. તેથી અધિકગણી ચિંતા પરીક્ષા પછી શું કરીશું ? એ વિચારણાથી થાય છે. ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓના જીવન અશિક્ષિત મનુષ્યોના જીવનની અપેક્ષાએ મોજ, શોખ આદિથી અધિક ખર્ચાળ હોય છે, તેથી તેમનામાં અશિક્ષિત મનુષ્યો કરતાં બેકારી વિશેષ પ્રમાણમાં હોય છે. તેનું કારણ તેઓનું ખર્ચાળ જીવન, બીજી બાજુ આર્થિક અવસ્થા તદ્દન ખરાબ. આવાં કારણોને લીધે અશિક્ષિત વર્ગ કરતાં શિક્ષિતવર્ગની વેદના દિન પ્રતિદિન અધિકાધિક વૃદ્ધિ પામતી જાય છે. અને પરિણામે તે મહાન્ મુશ્કેલીઓમાં આવી પડે છે. તેનાથી કોઇ પણ પ્રકારની મજુરીનું કાર્ય થઇ શકતું નથી. તેમ જ વ્યાપારાદિ ક્ષેત્રોમાં પણ તે અનભિજ્ઞ હોવાથી; તેઓ તે ક્ષેત્રોમાં ઝુકાવી શકતા નથી. ઉચ્ચ શિક્ષણ મેળવવામાં તેમનાં કેટલાંક વર્ષો પસાર થઇ જાય છે. એટલે તેમની પાસે સમય અને સંજોગોનો અભાવ રહે છે. આવાં આર્થિક મંદીના ભયંકર વાતાવરણમાં અનુભવહીન, પરિશ્રમથી ડરી જનાર ઉચ્ચ શિક્ષણધારીઓ શું કરી શકવાના હતા ?

અહિં કોઇ એવો પ્રશ્ન કરે કે:–"ઉચ્ચ શિક્ષણ ત્યારે બંધ કરવું ? મનુષ્ય જીવન શું રોટી માટે સર્જાયું છે ? મનુષ્યમાં રહેલી દૈવિક શક્તિઓ કે જેનો સંબંધ ઉચ્ચ શિક્ષણ સાથે છે તેનો શું વિરોધ કરવો ?" તેના જવાબમાં એટલું જ કે: તે ઉચ્ચ શિક્ષણનો વિરોધ થઈ શકે જ નહિ. પણ તેમાં સમયાનુસાર એટલો સુધારો કરી શકાય કે વિદ્યાર્થીઓના જીવનમાં, તેમની રહેણી કરણીમાં અને ખર્ચાળ જીવનમાં, તેઓને સાદાઇ અને ગ્રામ્યજીવન તરફ દોરી શકાય, જો કે ખર્ચાળ વાતાવરણમાંથી ગ્રામ્યજીવન તરફ વળતાં શરૂઆતમાં તેઓને કષ્ટનો અનુભવ કરવો પડે. પણ તે કષ્ટસાધ્ય ગ્રામ્યજીવન ગાળતાં તેઓના વિદ્યાર્થીજીવનના અંગેના ખોટાં ખર્ચો બચે. માતા પિતાઓ તેઓના આર્થિક બોજામાંથી કાંઇક અંશે મુક્ત થાય. અને આવા સાદાઇ ભરેલા ગ્રામ્ય જીવનથી તેઓને સહાયતાની અપેક્ષા હોય તો તે પણ સરળતાથી મળી શકે– અને એક ખર્ચાળ વિદ્યાર્થીના જીવનનાં ખર્ચો ઓછાં થવાથી બીજા વિદ્યાર્થીઓને પણ સહાયતાનો લાભ આપી શકાય.

ગ્રામ્યજીવન ગુજારવાથી તેઓનાં જીવન એટલાં સહિષ્ણુ થઇ જશે કે કદાચ બેકારીનો સામનો કરવો પડશે તો તેને દુઃખનો અનુભવ વિશેષ દુઃખદાયી નહિ લાગે.

આવા પ્રકારનું સરળ જીવન વ્યતિત કરવા વાળા ઉચ્ચ શિક્ષણધારી મનુષ્યો કોઇ પણ પ્રકારનું કામ કરવા ધારે તો તે સહેલાઇથી કરી શકે, અને તેઓનાં જીવનનિર્વાહની ચિંતાનું કારણ પણ ન રહે.

હાલના સમયમાં મુખ્યત્વે કરીને પ્રથમ કાર્ય એ કરવાનું જણાય છે કે:– ઉચ્ચ શિક્ષણ મેળવવાને માટે "ઔદ્યોગિક વિદ્યાલયો"ની સ્થાપના થવી જોઇએ. જેથી કરીને ઉચ્ચ શિક્ષણ મેળવવાને માટે વિદ્યાર્થીઓને પોતાની શક્તિઓ જે વિદેશી ભાષા શીખવા ખરચવી પડે છે; તેનું ફળ એ આવે છે કે જે પ્રકારનું જોઇએ તે પ્રકારનું ઉચ્ચ શિક્ષણ ઘણાં થોડાં જ વિદ્યાર્થીઓ મેળવી શકે છે. અને તે પણ કષ્ટસાધ્ય બની જાય છે. તે શિક્ષણ મેળવ્યા પછી મનુષ્યો બીજાં કામો માટે શક્તિ અને સમયનો ઉપયોગ કરી શકતા નથી. જો તેઓને માતૃભાષામાં ઉચ્ચ શિક્ષણ આપવામાં આવે તો તે શિક્ષણ પ્રાપ્ત કરવામાં લાંબા સમયનો ભોગ આપવો પડતો નથી–નકામો વ્યર્થ કાળક્ષેપ કરવો પડતો નથી. અને સહેલાઇથી ટુંક સમયમાં જ પ્રાપ્ત કરી શકે છે. જો માતૃભાષામાં શિક્ષણ અપાતું હોય તો સોળવર્ષની ઉમ્મર થતાં સુધીમાં તે એટલું પ્રાપ્ત કરી શકે કે તેઓમાં વિચારકતા, અને દેશ–કાળની પરિસ્થિતિનું જ્ઞાન સારી રીતે આવી શકે. આવી રીતે થોડા પરિશ્રમમાં ઉચ્ચ શિક્ષણ મેળવી શકાય છે. અને તેથી શિક્ષિત વર્ગોમાં ઘર કરી બેઠેલી બેકારી પણ ઓછી થઇ જાય છે. આજકાલના ખર્ચાળ વાતાવરણમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાને માટે જે આર્થિક ભોગ આપવો પડે છે તે આપવો ન પડે. અને જે આર્થિક બચાવ થવા પામ્યો હોય તે, જે વ્યાપારીક ક્ષેત્રમાં કાર્ય કરવું હોય તેમાં તેનો ઉપયોગ પણ કરી શકાય છે. સાથે શિક્ષણ પ્રાપ્ત કરવામાં જે વર્ષો નકામાં ગાળવાં પડે છે તેનો બચાવ થઈ વ્યાપારિક ક્ષેત્રમાં પ્રવેશ કરવાનાં કામમાં તેનો ઉપયોગ થઇ શકે છે.

જો કે આ યોજનાથી સર્વત્ર–દેશવ્યાપી બેકારી કાંઇ એકદમ ઓછી થવાની નથી. પણ અત્યારનો શિક્ષિત વર્ગ જે બેકારીના કષ્ટો અનુભવી રહ્યો છે તેમાં તો અવશ્ય કાંઇક અંશે બેકારીનાં કષ્ટો ઓછાં થવાનાં તે નિઃસંશય છે.

બેકારી જેવી દેશવ્યાપી સમસ્યાઓનો ઉકેલ કરવાનું કાર્ય આપણા જ હાથમાં છે. તેમાં બીજાની મદદની મારી માન્યતા પ્રમાણે લાંબી અપેક્ષા રહેતી નથી. જો દેશહિતનો પ્રશ્ન લક્ષ્યમાં લઇ આપણા સૂત્રધારો એ દિશામાં પ્રયત્ન કરે તો ટુંક સમયમાં બેકારી કાંઇક અંશે નાબુદ થાય.

આને માટે શક્ય તેટલી ઔદ્યોગિક પ્રવૃત્તિ કરવી જોઇએ. અને આર્થિક બળનો ઉપયોગ અન્ય કોઇ કાર્યોમાં ન કરતાં ઉદ્યોગ ક્ષેત્રમાં જ કરવો જોઇએ. જેમ જેમ ઉદ્યોગની વૃદ્ધિ પામતી જશે, તેમ તેમ શિક્ષિત વર્ગોને કાર્ય મેળવવામાં સરળતા પણ થતી જશે.

દરેક પ્રકારની પરિસ્થિતિઓમાં આજકાલ એટલા વેગથી પરિવર્તન થઈ રહ્યું છે કે જે કાર્ય ગઇ કાલે સુંદર દેખાતું હતું તે આજે ચિંતાજનક બની જાય છે. શિક્ષણ સમસ્યા પણ તેવા જ પ્રકારની થઇ રહી છે. આ પ્રશ્ન વિકટ હોઇ વિચારણીય છે.

શિક્ષણ અને બેકારી તરફ લક્ષ્ય આપવા તરફ બેદરકારી સેવવામાં આવશે તો કદાપિ પણ ઉન્નતિ થવાની નથી. તેમ જ પ્રગતિને જબ્બર ધક્કો પહોંચશે. અને બેકારીમાંથી બચવાને બદલે સામા તેવા વિકાળ મુખમાં ફસાતા જઇશું.

બેકારી ટાળવાને માટે સૌથી સરસ અને અત્યુત્તમ માર્ગ તો એ છે કે દરેક સ્થળોએ "ઔદ્યોગિક" સંસ્થાઓ ખોલી તે દ્વારા ઔદ્યોગિક પ્રવૃત્તિ વિશેષ પ્રમાણમાં થાય. અને ઔદ્યોગિક શિક્ષણ આપી ભારતવર્ષને ઔદ્યોગિક ક્ષેત્રનું મહાન્ કેન્દ્ર બનાવે.

બેકારીનો સદંતર નાશ કરવા માટે સમાજના સૂત્રધારો ! કાંઇ પણ લક્ષ્ય ઔદ્યોગિક ક્ષેત્ર તરફ દોડાવશો ખરા કે ?

**શિવલાલ ઝવેરચંદ સંઘવી.**

# બ્રાહ્મણ–જૈન આંતરજાતીય લગ્ન.

મુંબઇ, તા. ૨૮ મી માર્ચ હીન્દુ સમાજમાં લગ્નનો બનાવ સાધારણ રીતે મહીનાઓની તૈયારીઓ માગે છે. એ ઉપરાંત લગ્નનો લ્હાવો લેનારા વરવધુના માતા પીતાઓને પણ લગ્ન જેવા મહાભારત કાર્ય માટે કાગળો અને કંકોત્રીઓ લખી બધાં સગાવ્હાલાઓને એકઠાં કરવાં પડે છે. પરંતુ ઉપર મુજબની કોઇ પણ તૈયારીઓ વગર સમાજના જુનવાણી બંધનોનો શીરચ્છેદ કરી, લંડનથી ગયા આઠવાડીયામાં વીમાન મારફત કવેટા ધરતીકંપના બાંધકામ સંબંધમાં હીન્દ આવેલા એક બ્રાહ્મણ યુવક અને મુંબઇમાં વસ્તી ભાવનગરની જૈન યુવતીયે ગયા શુક્રવારે મુંબઇમાં આંતરજાતીય લગ્ન કર્યાં છે.

આ લગ્નની વિગત એવી છે કે, ભાવનગરના બ્રાહ્મણ જ્ઞાતીના આગેવાન સુપ્રસિદ્ધ શ્રી હરગોવિંદ અજરાગર પંડયાના પૌત્ર અને દક્ષીણામૂર્ત્તિવાળા શ્રી. હરભાઇ ત્રીવેદીના ભત્રીજા શ્રી અનંત પંડયા કે જેમણે અમેરીકાની વિદ્યાપીઠમાં ઇજનેરી લાઇનની ઉંચી ડીગ્રી સંપાદન કરી છે અને હાલમાં લંડનની એક ઇજનેરી પેઢીમાં કામ કરે છે; તેઓ ગયે અઠવાડીએ વિમાની મેલમાં હીન્દ આવ્યા અને ગયા શુક્રવારે બપોરે મુંબઇમાં વસ્તા ભાવનગરના જાણીતા જૈન શહેરી શ્રી હીરાલાલ અમૃતલાલ શાહના પુત્રી શ્રી લીલાબેન સાથે આંતરજાતીય લગ્ન સંબંધથી જોડાયા.

શ્રી અનંત પંડયા અને લીલીબેનના લગ્નની બધી ક્રીયાઓ વીજળી વેગે બની ગઇ, અને વધુ આશ્ચર્ય પમાડે એવી વસ્તુ તો એ છે કે, આ નવપરિણીત દંપતિ લગ્નનાં બીજે જ દીવસે મેઇલબોટ એસ. એસ. "મુલ્તાન" મારફત ઇંગ્લેંડના માર્ગે ઉપડી ગયાં છે.

ઇંગ્લેન્ડને માર્ગે ઉપાડી જતા આ દંપતિની સ્ટીમર ઉપર જ્યારે "સમાચાર" ના પ્રતીનીધીએ મુલાકાત લીધી, ત્યારે શ્રી અનંત પંડયાએ જણાવ્યું હતું કે 'અમારા લગ્ન સંબંધી હું કોઇ પણ જાતથી પ્રકાશ પાડવા માગતો નથી એટલું જ નહીં પરંતુ તમારા પત્રદ્વારા અમારા લગ્નની જાહેરાત થાય એવું કરતા નહી.'

શ્રી. પંડયાની ઉપરની વર્તણુંકનું કારણ પુછતાં પ્રતીનીધીએ જણાવ્યું હતું કે, "આપના જેવા પશ્ચિમનું શિક્ષણ લીધેલા અને સુધરેલા જુવાનો લગ્નસુધારાનું અનુકરણશીલ પગલું ભરવા પછી વર્તમાનપત્રો દ્વારા તેની સમાજ ઉપર અસર કરનારી જાહેરાત થાય તેને અટકાવવાનો પ્રયત્ન શા માટે કરે છે?

શ્રી. પંડયાએ અધુરો જવાબ આપતાં જણાવ્યું કે, ગમે તે હોય પરંતુ એવાં કેટલાંક અંગત કારણો છે કે જેથી કરીને મારા આ લગ્નની જાહેરાત મને ઠીક નથી.

લગ્ન સંબંધથી જોડાનાર જૈન બાળા શ્રી. લીલાવતીએ મુંબઇ યુનીવર્સિટીની ઇન્ટરની પરીક્ષા પરમ દીવસે જ આપી છે અને ઇંગ્લેંડમાં વધુ અભ્યાસ કરવાનો ઇરાદો રાખે છે.

આ નવદંપતીની વિદાય વખતે સગા સંબંધીઓ અને મીત્રવર્ગની મોટી મંડળી બેલાર્ડપીયર ઉપર શનિવારે હાજર રહી હતી.

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘના શતાબ્દિ સમિતિને અભિનંદન.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તા: ૨૩–૩–૩૬ ના રોજ વડોદરા શ્રી આત્મારામજી જન્મશતાબ્દિને અભિનંદન આપવાનો નીચે મુજબ તાર કરવામાં આવ્યો:–

**"આશા રાખીએ છીએ કે જૈન સમાજ આત્મારામજી મહારાજના વિચારો ગ્રહણ કરે. અને મહારાજની માફક નિડરતા કેળવે એવા સાહિત્યનો ફેલાવો કરવા ભલામણ કરીએ છીએ."**

સેક્રેટરી,
**શ્રી મુંબઇ જૈન યુવક સંઘ**

## જાહેર ખુલાસો.

પુનાથી:–શેઠ શિવનાથ લુંબાજી ખુલાસો કરતાં જણાવે છે કે:–

મુંબઇ 'જયભારત' પત્ર તા. ૬–૩–૧૯૩૬ ના ડી. એડીસન અંકના પેજ ૩ ના કોલમ ત્રીજામાં "દીક્ષા લીધી" એ હેડીંગ નીચે એમના ખબરપત્રીએ મોકલેલ ખબર: અમારા પુત્ર ચીમનલાલની દીક્ષા બાબત –"તા. ૫ પાલીતાણામાં કલ્યાણભુવનની ધર્મશાળામાં રહેતા પં. સુખસાગરજીએ પુનાના રહીશ શીવનાથ લુંબાજીના પુત્ર ચીમનલાલ જેમની વય ૨૦–૨૨ વર્ષ જેટલી થવા જાય છે તેમને સંમતી પૂર્વકની દીક્ષા આપી છે નવદીક્ષીત ચીમનલાલે વિમળગચ્છના સંધાડાવાળા મુની કલ્યાણવિમલ સાહિત્ય રસીકના શીષ્ય બન્યા છે. તેમનું નામ ચંદ્રવિમળ રાખ્યું છે" આ પ્રમાણે જે હકીકત છપાઇ છે. તે હકીકતમાં "તેમને સંમતિપૂર્વકની દીક્ષા આપી છે" એ શબ્દો ઉપરથી દીક્ષા આપવાના કામમાં અમારી અને અમારા કુટુંબના બીજા માણસોની સંમતિ છે એવો અર્થ નીકળે છે તેથી ખુલાસો કરવાની જરૂર છે. દીક્ષા આપનાર પંન્યાસજી સુખસાગરજી અને કલ્યાણવિમળજી આ બેની અને અમારી કોઇ દિવસ ઓળખાણ નથી, અને પત્ર વ્યવહાર નથી તેમ અમો તથા અમારા કુટુંબના કોઇ પણ માણસોએ દીક્ષા લેવાના માટે બીલકુલ સંમતિ આપી નથી, દીક્ષા લેનાર અમારો પુત્ર ચીમનલાલ (ખરૂં નામ શાંતિલાલ) ઘણા દિવસથી અમારા ઘરમાં રહેતો નથી. અમારા વિચાર પ્રમાણે વર્તતો નથી તેથી દીક્ષા લેવાનું કામ તેણે કરેલું હશે તો તેણે પોતાની જવાબદારી ઉપર કરેલું છે. અમો અગર અમારા કુટુંબના માણસો કોઇ પ્રકારે જવાબદાર નથી. તા. ૨૬–૩–૩૬ ઇસ્વી.

# સમાચાર.

**દીક્ષા છોડી સંસારી બન્યો:**–અમદાવાદ, કાળુપુરમાં કાળુશીની પોળમાં રહેતા રમણલાલ ડાહ્યાભાઈ નામના યુવાને આસરે દોઢ માસ પહેલાં ઘેરથી નાશી જઇ છાણી મુકામે મુનિ રામવિજય પાસે દીક્ષા લીધી હતી. આ દીક્ષા તેના માબાપની સંમતિ વિના આપવામાં આવી હતી. તે સાધુ થયા પછી કંટાળી ગયો હતો. અને નાસવાની તક શોધતો હતો, દરમીયાન એકાએક તે સાધુવેશ છોડી દઇને પાછો અમદાવાદમાં આવતા જૈનોમાં ભારે સનસનાટી ફેલાવા પામી છે. હાલમાં તે પોતાના પિતાને ત્યાં રહે છે. આવો જ બીજો કિસ્સો ઝવેરીવાડમાં રહેતા એક યુવાને દીક્ષા લીધેલ તેણે પણ દીક્ષાનો ત્યાગ કર્યો છે.

**અમદાવાદમાં પુનર્લગ્ન:**–અમદાવાદમાં જ્યોતિસંઘમાં શિક્ષણ લેતી વિધવા બેન કસ્તુરીએ તા. ૨૬ ની રાતના એક વીશા શ્રીમાળી જૈન શાંતિલાલ પુરૂષોત્તમ સાથે લેડી વિદ્યાગૌરીના બંગલે પુનર્લગ્ન કર્યું છે. શ્રીમતી કસ્તુરી રોહગામના વતની અને જ્ઞાતિએ વીશા ઓસવાળ જૈન છે. આ લગનથી જૈન સમાજમાં ભારે સનસનાટી ફેલાઇ ગઇ છે. મી. શાંતિલાલે ઇન્ટર સુધી અભ્યાસ કર્યો છે. અને રતનપોળમાં કાપડની દુકાને બેસે છે. તેઓ લગ્ન કરી મુંબઇ તરફ ઉપડી ગયા હોય તેમ જણાય છે.

**ઓસવાળ જ્ઞાતિમાં સુધારક લગ્ન:**–નાગપુરખાતે નાગપુર અને યવતમાલના જાણીતા બેંકર સુરજમલ સુરાણાના પુત્ર મી. પ્રેમકરણ સાથે ભુસાવળના શેઠ પુનમચંદ નાહટાના પુત્રી પદમા કુમારી પુરાણી પ્રણાલિકા પડદા પધ્ધતિનો ત્યાગ કરી લગ્નગ્રંથીથી જોડાયાં છે. ઉભય પક્ષ તરફથી ધર્માદા ખાતાંઓમાં રૂ. ૧૦૦૧) આપવામાં આવ્યા હતા. જે પ્રસંગે પુરાણી પ્રણાલીકાને તિલાંજલિ આપવાને લગતાં પ્રવચનો થયાં હતાં.

**જૈનમંદિરમાં ચોરી:**–જબલપુર તા. ૨૭મીના રોજ દિગમ્બર જૈનમંદિરમાંથી તીર્થંકરોની પાંચ કિમતિ મૂર્તિઓ તેમજ રૂપાના વાસણોની ચોરી થઇ હતી. એમ જણાય છે કે ચોકીદારની ગેરહાજરીનો લાભ લઇને ચોરો મંદિરના પાછલા બારણેથી પેસી પંદરેક તાળાંઓ તોડયા પછી લૂંટ ચલાવી હતી. મંદિરની તીજોરીને બંદુકથી તોડવાનો પ્રયત્ન કર્યો પણ તેમાં નિષ્ફળ નિવડવાથી ઉપરની મૂર્તિઓ તથા ચીજો લઇ ચાલ્યા ગયા હતા. આ બનાવ પ્રત્યે રોષ દર્શાવવા સ્થાનિક જૈનોએ સંપૂર્ણ હડતાલ પાડી છે. પોલિસ ચાંપતી તપાસ કરી રહી છે. આવો જ એક કિસ્સો તા. ૨૫ મીએ મુંબઇમાં ભાયખાલા પર આવેલાં મોતીશાના જૈન શ્વે. મંદિરમાં બન્યો હતો. ઝવેરલાલ છોટાલાલ નામનો સખ્સ મંદિરમાં દર્શન કરવાને બ્હાને ઘુસ્યો હતો અને મૂર્તિ ઉપરની ચાંદીની પ્લેટ વજન આશરે સો તોલાથી વધુ અને આશરે રૂ. ૧૫૦ ની કિમતની ઉપાડી લીધી હતી. મૂર્તિ ઉપરની ચાંદીની પ્લેટ ઉપાડતાં તેના પર એક સખ્સની નજર પડી હતી. તેણે બૂમ પાડતાં તે પ્લેટને બાજુના કંપાઉંડમાં ફેંકી દઇ નાસવા જતાં રામોશીએ તેને પકડી પોલિસને સ્વાધીન કર્યો હતો. કોર્ટે તેને તકસીરવાર ઠરાવી આગળ નવસારી અને ગણદેવી ખાતે ચોરીની સજા થયેલ હોવાથી તેમ જ ચોરીનો મુદ્દો મળવાથી એક માસની સખ્ત કેદની સજા કરી છે.

**પટણી વી.શ્રી.ન્યાતનું બંધારણ!**– મુંબઈમાં વસતા પાટણી જૈન વીશા શ્રીમાળી ભાઇઓએ તા. ૧૫–૩–૩૬ ના રોજ પહેલવહેલી એક મીટિંગ મેળવી પોતાની ન્યાતનું બંધારણ ઘડવા એક કમીટિ નીમેલી. કમીટિએ એ ખરડો તૈયાર કરી પાસ કરાવવા હીરાબાગમાં એમની ન્યાતની મીટિંગ બોલાવેલી. પરંતુ મીટિંગના મોટા ભાગને ખરડો નહિ ન્યાતનો કે, નહિ મંડળનો, પણ દુધ દહીયા જેવો લાગવાથી આખો ખરડો મીટીંગે નામંજુર કરી સૌ મધ્યરાતે વિખરાયા.

**આંતરજાતીય લગ્ન:**–મહેમદાવાદના વતની કનૈયાલાલ ગાંધીએ ગમનગૌરી નાથાલાલ નામની યુવતિ સાથે ધોળકામાં લગ્ન કર્યું છે. વર દશાનાગર વણિક અને કન્યા દશા પોરવાડ વણિક જ્ઞાતિના છે.

**જૈન આરોગ્ય ભુવન:**–સુરતથી બોરીવલી સુધીમાં હિન્દુઓ માટે એક પણ આરોગ્ય ભુવન ન હોવાથી ઝવેરી નગીનદાસ વીરચંદ તથા તેમના બંધુ મગનલાલ વીરચંદ તરફથી વલસાડ–તીથલરોડ પર ચોવીશ હજારના ખર્ચે બંધાવી, તેનું નામ 'ઝવેરી આરોગ્ય ભુવન' રાખી તા. ૨૭–૨–૩૬ ના રોજ ધરમપુરના મહારાજાના હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું છે અને તેનો લાભ દરેક હિન્દુકોમના સાધારણ વર્ગ લ્યે તેવી ઇચ્છા ધરાવે છે.

**ના૦ ગાયકવાડ તરફથી પ્રીતિભોજન:**–વડોદરા ઇન્દુમતિ મહેલના ચોગાનમાં ના. ગાયકવાડ મહારાજા તરફથી હરિજનોને પ્રીતિભોજન આપવામાં આવ્યું હતું. આ વખતે હરિજનો સાથે રાજ્યના અધિકારી વર્ગે સહભોજન લીધું હતું.

**જૈન સુધારકો સાવધાન!:**—શાહ મોહનલાલ પાનાચંદ (મુંબઇ) લખી જણાવે છે કે: હાલમાં જૈન વીશા શ્રીમાળી જ્ઞાતિમાંથી થોડા એક સુધારક ગૃહસ્થોએ જ્ઞાતિમાં ચાલી આવતી અવ્યવહારૂ થઇ પડેલી જુની પ્રણાલીકામાંથી છૂટવા પોતાની જ્ઞાતિમાંથી રાજીનામું આપેલ છે. જુની અવ્યવહારૂ પ્રણાલીકા કોઇ રીતે ચલાવી શકાય તેમ નથી. અને તેનો તો નાશ કર્યે જ આપણો છૂટકો છે. પરંતુ રાજીનામું આપવાની પ્રથા અસરકારક નિવડશે નહિ. પણ જ્ઞાતિની અંદર રહી સંગઠન કરી વ્યવહારૂ સુધારાનો અમલ કરી વ્યવસ્થિત બંડ જગાવી અવ્યવહારૂ થઇ પડેલી જુની પ્રણાલીકાને પોષનાર જ્ઞાતિશબ્દનો નાશ કરો.

**શ્રી મહાવીર જયંતિ:**– ચૈત્ર શુદી ૧૩ ના રોજ શ્રી મહાવીર સ્વામિના દહેરાસરે પં. ઋદ્ધિમુનિજીના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવી હતી જેમાં શ્રીમુંબઈ જૈન યુવક સંઘના માનદ મંત્રી મણીલાલ મોહોકમચંદ શાહે મહાવીરના સાધુજીવન અંગે સુંદર શબ્દોમાં વિવેચન કર્યું હતું. તેમજ બીજા વકતાઓ તથા પ્રમુખે પણ વિવેચનો કર્યાં હતાં. બપોરે શાંતિનાથજીના દેરાસરે જયંતિ નિમિત્તે કુ. દેવકાંબેને સુંદર રાગ રાગણીથી પૂજા ભણાવી હતી.

અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી, ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

આ અંકનો

# "શ્રી મહાવીર જૈન સમાજ."

## આ સમાજ શું કરવા માંગે છે:—

(૧) નાનાં નાનાં તડો, ન્યાતો તથા વાડાઓનો ભેદ કાઢી નાંખી આખી જૈન કોમમાં પરસ્પર રોટી બેટી વ્યવહાર સ્થાપવા માંગે છે.

(૨) જૈનોનું છિન્ન ભિન્ન થએલું બળ આખી કોમને એકત્ર કરી સંગઠીત ક્રમશ અને સંઘ બળ કેળવવા માંગે છે.

(૩) જૈનોની ઘટતી જતી સંખ્યાનાં કારણો અટકાવી તેની વૃદ્ધિનાં દ્વાર ખુલ્લાં કરવા માંગે છે.

(૪) જૈન કોમના આર્થિક અભ્યુદયની આડે આવતા ખોટા અને ખરચાળ જુના રીવાજો નાબુદ કરી તેને ઠેકાણે કોમની આર્થિક ઉન્નતિ દિન પ્રતિદિન વધતી જાય એવા રીવાજો સ્થાપવા માંગે છે.

(૫) આખી કોમમાં પરસ્પર સહકાર જગાવી ઉપયોગી સંસ્થાઓને મદદ મળે તથા જરૂરી પ્રવૃત્તિઓ મ્હોટા પાયા ઉપર થઇ શકે અને સમગ્ર કોમને લાભ પહોંચાડી શકે એવી વ્યવસ્થા કરવા માંગે છે.

(૬) આપણી માતૃભૂમિના અભ્યુદયમાં "જૈન કોમ" પોતાની સંસ્કૃતિનો યોગ્ય ફાળો આપી શકે તે સારૂ કોમને તૈયાર કરવા માંગે છે.

(૭) આખા ભારતવર્ષના વ્યાપારિક વિષયના ઇતિહાસમાં આપણે જે ભાગ ભજવ્યો છે, તેમાંથી આપણી ખસતી જતી સ્થિતિ અટકાવી પુનઃ તે સ્થિતિ પ્રાપ્ત કરવા આખા સમાજમાં પ્રેરણા પુરવા માંગે છે.

આપણને કદાચ એમ લાગશે કે આ હેતુઓ ઘણાજ સારા છે. પણ તેને પાર પાડવા માટે આ સમાજ એવા કયા ઉપાયો સુચવે છે, જેથી એ હેતુઓ સાધ્ય થઇ શકે? માત્ર શુભ હેતુઓની ઇચ્છાથી તે સાધ્ય થતા નથી. આ સમાજ તે હેતુઓની પાછળ સંઘ બળની સુઘટીત યોજના અને વ્યવસ્થા જલદી કરવા માંગે છે, જેથી કોમનો દરેક માણસ કોમના અભ્યુદયની આડે શું શું આવે છે, તેનો મનન પૂર્વક પોતે વિચાર કરતો થઇ જાય અને તે દુર કરવાને દ્રઢતાથી અને હિંમતથી પોતે પ્રયત્ન કરતો થઇ જાય.

આપણી કોમ તરફ જોતાં માલુમ પડશે કે જે સમાજ મોખરે હતી, જેનામાં ઘણું ચૈતન્ય, સાહસ, ડહાપણ અને સમૃદ્ધિ હતાં તે આજે દિનપ્રતિદિન સંકુચિત, નિર્માલ્ય, અને શક્તિહીન થઇ પોતાની

સંખ્યા, શક્તિ અને સમૃદ્ધિ ગુમાવતી જાય છે અને પાછળ પડતી જાય છે. આનાં મુખ્ય કારણો તરીકે સમાજનાં જીવન તત્વનો નાશ કરનારી ત્રણ ખામીઓ નજરે પડે છે જેવી કે:—

(૧) દિનપ્રતિદિન બળવાન બુદ્ધિશાળી અને સાહસિક પ્રજા ઉત્પન્ન થાય એવી લગ્ન વ્યવસ્થાની ખામી.

(૨) યોગ્ય કેળવણીનો તથા સ્વતંત્રતાનો અભાવ.

(૩) ન્હાની બાબતોમાં ઉભા થતા મત ભેદથી, કેટલાકોના નાશવંત અહંભાવથી ઉત્પન્ન થયેલો અને આખા સમાજમાં પેસી ગયેલો કુસુંપ દુર કરવાની અશક્તિ આ ત્રણ બાબતોમાં પણ પ્રથમ જે બાબત છે, તે મુખ્ય દરજ્જો ભોગવે છે અને એ ખામી દુર થતાંની સાથે બીજી ખામીઓ દુર થશે. એ દુર કરવી એ આ "મહાવીર જૈન સમાજ" નો મુખ્ય હેતુ છે.

આખી કોમની ઉન્નતિનું આ પ્રથમ પગથીયું છે, આ જમાનામાં કોઇ પણ સમાજ, તેનાં બન્ને અંગો પુરૂષ અને સ્ત્રી કેળવાયા સિવાય ઉંચો આવી શકેજ નહી. જે સમાજનો સ્ત્રી વર્ગ પાછળ હોય—કેળવણી વગરનો હોય, કુદરતી, શારીરિક તથા માનસિક વિકાસથી દુર હોય તે સમાજ કઇ રીતે આગળ આવી શકે અને ભવિષ્યની તથા હાલની પ્રજાની ઉન્નતિ કેવી રીતે થાય?

સ્ત્રી જીવનનાં વિકાસ અર્થે એ તદ્દન જરૂરનું છે કે તેમને સારી કેળવણી મળે, તેમનો સ્વાભાવિક, શારીરિક અને માનસિક વિકાસ થાય અને તેમને લગ્નની પસંદગી માટે આખી જૈન કોમમાં વિશાળ ક્ષેત્ર મળે. હાલ સ્ત્રીઓના જીવનને આપણા સંકુચીત ક્ષેત્રમાં રોકી તેમની મરજી વિરૂદ્ધ લગ્ન કરી પુરૂષોના સ્વાર્થ ખાતર તેમનો ભોગ પછી લઈ શકો નહી. વળી સમાજ ઉન્નતિની દ્રષ્ટિએ પણ અગત્યનું છે કે ઉત્તમ ઉત્તમ સ્ત્રી પુરૂષનાં જોડાં બંધાય. તેમ બને તોજ જૈન સમાજની ભવિષ્યની પ્રજા ઉન્નત થાય. આથી સુખી સંતોષી સંસારી જીવન ઉપરજ ભવિષ્યની પ્રજાની ઉન્નતિનો આધાર છે. જ્યાં સુધી આપણામાં ન્હાની ન્હાની ન્યાતો–તડોના વાડાઓ છે ત્યાં સુધી આમ બનવું અસંભવિત છે, તેમ સ્પષ્ટ દેખાય છે, તેથીજ સાંકડાપણું ધરાવતી ન્યાતો–તડો–વાડાઓ કાઢી નાંખી આખી જૈન કોમનું દ્રષ્ટિ બિંદુ વધારે વિશાળ બનાવવાનો આ સમાજનો હેતુ છે.

આપણી કોમની સંખ્યા દિન પ્રતિદિન ઘટતી જાય છે, સોળ લાખ ઉપરથી બાર લાખ અને બાર લાખ ઉપરથી બધા મળી હાલ દશ લાખ ઉપર હવે આવી લાગ્યા છીએ. એનું કારણ ન્હાનાં ન્હાનાં અસંખ્ય તડો ન્યાતો પંચોના સાંકડાપણાંના નાશકારક વિચારોને લઈ રીવાજોમાં ફસાએલા રહીએ છીએ. અને તેથી કેટલાક માણસો કંટાળીને જૈન સમાજમાંથી અન્ય સમાજમાં પ્રવેશ કરે છે.

બાળલગ્ન–વૃદ્ધવિવાહ–કજોડાં–કન્યાવિક્રય–સાટાં તેખડાં–ખોડખાપણવાળાં લગ્નો–શકત અને રોગીઓનાં લગ્નો, આવાં અયોગ્ય લગ્નોથી સ્ત્રી પુરૂષોમાં અકાળ મરણો, વિધવાઓની મ્હોટી સંખ્યા, બાળકોનું મ્હોટું મરણ પ્રમાણ, ગરીબાઇથી વ્યાધિ–ગ્રસ્તતા એ બધાનાં મૂળ ન્યાતોના નાનાં વાડાઓથી છે. ઘણા માણસોએ એ કન્યાની લેવડ દેવડનાં સંકુચિત નાનાં ક્ષેત્રોને લઇ જૈન ધર્મનો ત્યાગ કરેલો છે. જે તડમાં કન્યાની ઘણીજ અછત હોય છે તે તડના માણસોને અંદર અંદર સગા સંબંધીઓમાં લગ્નો કરવાં પડે છે અને તેથી પણ પ્રજાની અધોગતી થાય છે. સમાજ શાસ્ત્રનો એવો સિદ્ધાંત છે કે જુદી જુદી જાતનાં ઉત્તમ ગુણો ધરાવનાર સ્ત્રી પુરૂષોનાં લગ્નો કરવામાં આવે, તેમ પ્રજા ઘણી ગુણોવાળી અને ચઢીઆતી થાય અને એકની અપુર્ણતા બીજાથી પુર્ણ થાય અને તેથી વીકાસ થાય આ સિદ્ધાંતનો અનુભવ સમજુ કેળવાએલા અને શાસ્ત્રોના અભ્યાસીઓને ઘણોજ થએલો છે અને તેનાં સારાં પરીણામ આવેલાં છે. વનસ્પતીથી મનુષ્ય સમાજ સુધી આ નિયમ સારો લાગુ પડે છે, તેવું દાખલાઓથી અનુભવ સિદ્ધ થયું છે. માટે કોઇ પણ જાતના ન્યાતી ભેદભાવ વગર આખી સમગ્ર જૈન કોમમાં કન્યાઓની લેવડદેવડની છુટ થવી જોઇએ. તેથી આખી જૈન કોમમાં દેશદેશાંતરના ભેદભાવો તથા ન્યાત જાતના ભેદોનો નાશ થઇ જૈન કોમ સુદૃઢ તથા સંગઠીત થઈ ઉપરનાં સિદ્ધાંત અનુસાર જૈન પ્રજા પ્રગતીમાન અને ઉન્નતીના માર્ગે ચાલતી થાય. એ હેતુ સિદ્ધ થાય તે આ સમાજનું કર્તવ્ય છે.

આપણામાં રૂઢીનાં અનેક બંધનોવાળી અને ફરજ્યાત ખર્ચા કરવાનો અનેક રીવાજોવાળી ન્યાતો અને જાતોમાં આપણી મનોવૃત્તિ રચીપચી રહે છે તેથી ત્યાં ઉંચ નીચના ખોટા ખ્યાલોથી આખી કોમ છીન્નભીન્ન થઈ ગઇ છે અને તેનેજ પરિણામે આપણી વસ્તીનો તથા જાહોજલાલીનો નાશ થયો છે.

એકજ જૈન વસ્તીવાળા ગામડામાં અગર શહેરમાં પણ જુદી જુદી ન્યાતો તડો અને વાડાઓને લઈ તેમનામાં પણ કન્યાની લેવડદેવડ કરતા નથી તેથી સમાજમાં એકબીજાને જુદાપણું તથા ઉંચનીચના ભેદો લાગે છે. તેથી સમાજ ઉન્નતીના સામાન્ય કાર્યમાં એકતા અને એકદિલી બંધ થઇ ગઇ છે. અને આવા ભેદોને લઇ આર્થીક ઉન્નતિના તેમજ કેળવણી વીગેરે કોમી ઉદ્ધારના સામુદાયીક પ્રયત્નો થતા ઘણાજ અટકી ગયા છે. તેના પરિણામે કોમની બેકારી તથા ગરીબાઇ ઘણી વધતી ગઇ છે તથા એક મ્હોટો ભાગ જુગાર સટા તરફ વળી ગયો છે અને પાયમાલ થઇ ગયો છે.

જૈનોની ઉન્નતી અને અસ્તીત્વ ઇચ્છતા જૈન સુધારકોને અમારી હાકલ છે કે ઉપરની હકીકતથી તમોને ખાત્રી થતી હોય કે આપણે જૈન સમાજના ઉદ્ધાર માટે એકઠા થવાની જરૂર છે તો હવે વિલંબ નહી કરતાં આ સમાજના કામમાં જોડાશો અને દાખલ થવા માટે આ સાથે જણાવ્યા મુજબનું ફોર્મ ભરી મોકલાવી આપશો. વાર્ષીક લવાજમ રૂપીઓ એક છે. (કોઇ પણ જૈન સ્ત્રી પુરૂષ ૧૬ સોળ વર્ષ ઉપરનાં મેમ્બર થઇ શકે છે) યોગ્ય સંખ્યામાં મેમ્બરો મળી ગયા પછી હાલનું કામચલાઉ બંધારણ, થએલાં મેમ્બરોને બોલાવી ઘટતા ફેરફારો સાથે નકી કરવામાં આવશે.

લગ્ન ક્ષેત્ર વિસ્તાર સમિતિના સભ્યો મેમ્બરો.

અમીચંદ છગનલાલ શાહ, મંત્રી.
ઠે૦ રામપુરા, ડુંકી, સુરત.

મણીલાલ વાડીલાલ નાણાવટી, મંત્રી.
ઠે૦ લુવાર સ્ટ્રીટ, વીઠ્ઠલ સાયના બીલ્ડીંગ નં. ૨,
મુંબઈ ૨.

પરમાનંદ કુંવરજી કાપડીઆ,
મણીલાલ એમ. શાહ,
અમીચંદ ખેમચંદ શાહ.
વીરચંદ પાનાચંદ શાહ,
ચંદુલાલ બાલાભાઇ નાણાવટી,
મણીલાલ નગીનદાસ પરીખ,
બાપુભાઈ પ્રેમચંદ શાહ,
મણીલાલ મગનલાલ દલાલ વીગેરે.

---

સ્થળ:
તારીખ:

**શ્રી મહાવીર જૈન સમાજના મંત્રી જોગ,**

**સુજ્ઞ મહાશય!**

સવિનય વિજ્ઞપ્તિ કે આપના મંડળનો ઉદ્દેશ મને માન્ય છે અને દાખલ ફી રૂા. ૧) આ સાથે હું મોકલું છું, તો મને આપના મંડળમાં દાખલ કરવા કૃપા કરશો.

લી૦

સ્ત્રી કે પુરૂષ

ઉમ્મર

સંપ્રદાય

અપરિણીત કે પરિણીત કે વિધુર / વિધવા

વર્તમાન પ્રવૃતિ.

વર્તમાન સંતતિ (પરિણીત કે અપરિણીતની વીગત સાથે)

વર્તમાન પ્રવૃતિસ્થળ

પુરૂ ઠેકાણું

વિશેષ નોંધઃ–(પોતાને લાગુ પડતા જ્ઞાતિ ચોળ કે તડની વિગત તથા જ્ઞાતિ વિરોધને લગતું કાંઇ પગલું ભર્યું હોય તેની વિગત.)

---

શ્રી મહાવીર પ્રી. વર્કસ, ધનજી સ્ટ્રીટ મુંબઈ ૩.

ક્યહાં છીએ ?

Regd No. B.3220

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૨ આના.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૨૩-૨૪
શુક્રવાર તા. ૧-૫-૩૬

## આચાર્યો ભલે બનો.

એક, બે......અનેકને આચાર્યો બનવાનો હમણાં મોહ લાગ્યો છે. ત્યાગ વિર ગણાતા એ પદવીને માટે તલસતા તરફડતા જણાયા છે. સુધારક મનાતા પત્રો આ 'આચાર્ય'તાની અણઘટતી અને અસ્થાને થતી લ્હાણ પરત્વે રોષ દર્શાવી રહ્યા છે. જૂનવાણી પત્રો થતા આચાર્યોનાં વખાણ કરતાં થાકતા નથી.

'અમે ચૂપ કેમ છીએ ?'–મિત્રો પૂછે છે. અને એ બરાબર છે. આવા પ્રશ્ન પરત્વે ન અમે ચૂપ રહી શકીએ; ન અમે ઉદાસિનતા સેવી શકીએ.

નવિન રંગો પકડીને પારખવા મથતા અમે 'તરૂણ જૈનો' અને–આચાર્યતાના વિલાસને–નવા દૃષ્ટિ કોણે નિરખીએ છીએ. અને એને નિર્માલ્ય સાધુતા'માંથી શ્રદ્ધા હિન બનાવનાર પગલા તરીકે આવકારીએ છીએ......તંત્રી.

હમણાં હમણાં જ્હેણે આચાર્યપદ વેડફવા માંડયાં છે એમને અમે ધન્યવાદ આપીએ છીએ. અમારૂં કાર્ય એટલું સરળ કરી દેવા બદલ અમો એમના ખૂબ ખૂબ આભારી છીએ.

સ્હમજાતું નથી ? કાં ? આજની સાધુતાની હાંસી થાય, લોક નજરે એમનો, એમણે લીધેલી ઉપાધિઓનો વધુને વધુ ઉપહાસ થાય તો એટલા પ્રમાણમાં એમનું મહત્વ ઓછું થાય. એટલા પ્રમાણમાં ધર્માંધતા ઘટતી જાય. અને આજની વેવલી ધર્માંધતા મીટાવવાના અમારા યજ્ઞમાં અમને એમનો સહકાર મળે.

નામની પાછળ ૧૦૦૮ લખો, જોઇએ તો પાંચ પચિસ મીંડા વધતાં લખો. એક કે એકવીસ 'શ્રી' લખો; જોઇએ તો પંન્યાસ બની બેસો કે જોઇએ તો આચાર્ય બની બેસો–એ સૌ, આ બધ્ધું જ નકામું છે. માનવી તરીકે જ હવે ત્હમારૂં મૂલ્યાંકન થવાનું છે. માનવી તરીકે જ માનવીના ગુણોથી કસોટાઇને જ લોકો ત્હમને માન દેવાના છે.

નજર સમક્ષ જ જૂઓને, સર, રાવબહાદુરો કે ખાનબહાદુરો ટકાના ત્રણ શેર થઈ પડયા છે. આજે કોઈ એમનો ભાવ પૂછતું નથી.

આંતર અવલોકન આદરો તો આજના સાધુતાના સ્વાંગની ભભક પાછળ અંજાવાની ઘણા ના પાડશે. અને સાધુ તરીકે ત્હમને રોટી આપીને ત્હમારા પાપ માર્ગો સરળ કરવાની જવાબદારીનો ઇન્કાર કરવાની ભાવનાય વધતી જાય છે. ત્હમારા પ્રત્યે અમને હવે ભાવ નથી. ત્હમારી ઉત્તમતા વિષેની અમારી શ્રદ્ધા હવે રહી નથી. એટલે જ ત્હમે પંન્યાસ થઇ બેસો કે આચાર્ય બની બેસો એની અમારે મન કંઇ ચિંતા નથી. આજની નબળી સાધુતાના ઉપહાસના એક કારણરૂપે અમે એને વધાવીએ છીએ.

ફરી એકવાર આચાર્ય પદને વાયડું બનાવી આચાર્યપદ્વિ આપનારાઓને અમે ધન્યવાદ આપીએ છીએ.

બની શકે એટલા સાધુઓ મુંડો, બેકારોને એથી ફાયદો થશે. ઉપાધિઓ બક્ષો અને પોલો ઉઘાડી પડશે. અને આ સૌથી વર્ષો જૂની શ્રદ્ધાં જહે આજે ઘસાતી જાય છે ત્હે નિર્મુળ થશે. સુધારકોનો માર્ગ એટલો સરળ થશે. નવી દૃષ્ટિ, નવા માર્ગો, નવાં મૂલ્યો જીવનને નવપલ્લવિત કરશે.

ત ❖ રુ ❖ ણ ❖ જૈ ❖ ન

—: તા. ૧–૫–૩૬ :—

## ક્યહાં છીએ ?

'માત્ર ઉમેદ છે કે 'તરુણજૈન' અણનમ રહી, સૌ અંધકાર હિતેચ્છુને ડારતું રહે. તેજઃપુંજ બની અજ્ઞાનબંધુઓને પ્રકાશ પૂરો પાડતું રહે, અને કુકકટની રસમથી નવયુગની નેકી પૂકારતું રહે.'

'તરુણ'ના વર્ષાન્તે વર્ષભરની કારકીર્દીની આલોચના કરતાં પ્હેલા અંકમાં ભાવેલી આ ભાવના નજરે પડે છે. અને એના ભાવના પંથેથી 'તરુણ' ચળ્યું નથી એ હકિકતથી 'તરુણ જૈન સમીતિ' સંતોષ સેવે છે.

કાર્ય કરવાનું એટલું બધું પડયું છે કે થોડુંક કર્યાથી ઘણું કર્યાનો સંતોષ માણવો એ નરી મૂર્ખાઇ છે. તાકાત છે, વિચારણા છે, બુદ્ધિ છે તો કર્તવ્યના ક્ષેત્રને સિમા નથી. એટલે 'હાશ' કરીને થાક્યાનો ડોળ નહિ કરવો જોઇએ.

'તરુણ જૈન સમીતિ' એણે કલ્પેલાં કાર્યોમાંથી બહુ જ થોડું કરી શકી છે. એટલે 'આત્મસંતોષ'નો દંભ એ નહિ કરે. કોઇયે જુવાન એના કલ્પનાના ક્ષિતીજ લગી નથી પ્હોંચી શકતો અને એ પ્રમાણે ધારી હતી તેટલી સમાજની સ્થીતિ પલટવાની 'તરુણ'ની નેમ સધાઈ નથી.

હજુય સાધુઓની લુંટ લોકોથી પૂરી સ્હમજાઇ નથી અને એથી લુંટારા સાધુઓને વધુ લુંટતા અટકાવાયા નથી. હજુએ ભૂખે મરતા જૈન બાળકોને ભોગે મંદિરમાં ધરાતા પૈસા અમુક માલેતુજારો વ્યાજે ફેરવલા અને એમાંથી લાભ કમાઇ મોટરો ફેરવતા ફરી રહ્યા છે. હજુય તિર્થંકરોના ઉપદેશોનું ખુન કરીને જર-જવાહિરથી તિર્થંકરોને અભડાવવાના ચાલુ રહેલા પાપનું પ્રાયશ્ચિત આપણે નથી કર્યું. હજુય પરલોક ભાવના પર શ્રદ્ધા ચોંટાડીને આલોકનાં જીવન આપણે રસહિન બનાવતા રહ્યા છીએ. કિડી, મંકોડી બચાવવાની આપણી અહિંસક ભાવના ત્યહાંથી વિકસીને માનવબાળોને બચાવવા લગી હજુ પ્હોંચી નથી. દાનની સાચી દિશા હજુ આપણને સુઝી નથી. અંધકારે હજુ આપણે અથડાયા કરીએ છીએ. પ્રકાશ રોકીને હજુ સડયા કરીએ છીએ. વ્હેમની જીવાત હજુ આપણા કલેવરને કોરી રહી છે. અને હતા ત્હેવાને ત્હેવા જ વિચારે ને વર્તને આપણે વામન રહ્યા છીએ. વર્ષો વિત્યા છતાં આપણે પ્રગતિ નથી સાધી શકયા.

એટલે કે થોડાક વિચાર પરિવર્તનનો અંશ જતાં આપણે કાંઇ નથી કર્યું.

આજની આ પરિસ્થીતિ છે. એ મીટાવવી જોઇશે એટલે વર્ષાન્તે વિદાય લેતી વેળાએ 'તરુણ જૈન સમીતિ' કરવાનાં આ કાર્યો તરફ આંગળી ચિંધવાનો સંતોષ માણી 'તરુણ'ના વાચકોની રજા લ્યે છે. અને 'તરુણ'માં રહેલી ઉણપો નિભાવી લેવા બદલ એના પ્રત્યેક વાંચકને આભાર મોકલે છે. **'તરુણ જૈન સમીતિ'**

## ફરી અંગત્

'તરુણ' ના પ્હેલાં અંકમાં 'જરા અંગત્'ની નોંધ મ્હેં લખી ત્યહારે લખેલું 'કાલને વિશે કોણ ચોકકસ છે? અને ભાવિ કોનું નિશ્રિત છે? એટલે મ્હારાથી શું થઇ શકશે એ કહેવાનું હું સાહસ ખેડતો નથી'.

અને મ્હને લાગે છે કે એ સાહસ નહિ કરવામાં હું વ્યાજબી ઠર્યો છું.

'તરુણ'ના તંત્રી પદે આવ્યા છતાં જૈન પ્રશ્નો મ્હને બહુ રસ ન લગાડી શકયા એટલે કર્ત્તવ્યની ઝંખના છતાં તંત્રી પદ હું બરાબર નહિ સંભાળી શકયો. જહે કરવું જોઇતું હતું તે હું ન કરી શકયો. જહે ફરજ બજાવવી જોઇતી હતી ત્હેમાં હું ઉદાસીન રહ્યો.

પણ કુદરતનો એક કાનુન છે, જહેની એક આંખ કાણી છે ત્હેની બીજી આંખમાં છત્રીશ લક્ષણાની મહાશકિત પૂરી છે. જહે પગે લંગડો જન્મ્યો છે એના બીજા પગમાં એક પગે ચાલવાની તાકાત મૂકી છે. જહે બ્હેરો છે એની જોવા–સ્હમજવાની શકિત બેવડાઇ છે. જે આંધળો છે એનામાં સાંભળવાની કોઇ અતિ તિક્ષ્ણ શકિત સિંચવામાં આવી છે.

આમ 'ફરજ ચૂકયા' તંત્રીની ઉણપ 'સતત્ ફરજ સેવી' પ્રકાશક થી પૂરાઈ છે ને 'તરુણ'ને આંચ નથી આવી.

શ્રી અમીચંદ શાહનો આ સ્થળે હું ખૂબ ખૂબ આભાર માનું છું. આભારના આ શબ્દો વ્યકત કરીને એમણે મ્હારા પ્રત્યે બતાવેલી ઉદારતા અને 'તરુણજૈન' પ્રત્યેના એમના પ્રેમની હું પ્રશંસા કરૂં છું.

નવી ચૂટણી હવે થશે એટલે જૂનિ સમીતિ વિદાય લેશે. એટલે મ્હારા વાંચકોને 'તંત્રી' તરીકેની છેલ્લી સલામ આપી હું વિદાય લઉં છું **તારાચંદ.**

## આગામી જૈન યુવક પરિષદ.

### હોદ્દેદારોની થયેલી ચુંટણી.

અમદાવાદ ખાતે જુન મહિનામાં મળનારી દ્વિતીય જૈન યુવક પરિષદની સ્વાગત સમિતિની જનરલ મીટિંગ તા. ૨૯–૪–૩૬ ને રોજ ગાંધીરોડ, રોયલ જવેલરી માર્ટમાં શ્રી પોપટલાલ શામળદાસ શાહના પ્રમુખપદે મળી હતી. જે વખતે નીચેના હોદ્દેદારોની સર્વાનુમતે ચુંટણી થઇ હતી–ડૉ. કેશવલાલ મલુકચંદ પરીખ, ધીરજલાલ ટોકરશી શાહ–મહામંત્રીઓ, ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી–મંત્રી મંડળ તથા સ્વયંસેવક કમીટિ. ફોટોગ્રાફર કાન્તિલાલ મગનલાલ–મંત્રી પ્રચાર કમીટિ. ડૉ. નગીનદાસ દોલતરામ શાહ–મંત્રી ઉતારા–ભોજન કમીટિ.

દરેક મંત્રીએ પોતપોતાની કમીટિ રચી લેવાનું નકકી કરવામાં આવ્યું હતું. પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી આવતા અઠવાડીયા ઉપર મુલતવી રહી હતી. પરિષદના કામકાજની તૈયારીઓ શરૂ થઇ ગઈ છે.

# એક પત્ર !

**વિલાસ !**

ગઇ કાલ રાતના ત્હમારો પત્ર મળ્યો. આંસુએ રસાએલા અક્ષર ઉકેલતાં ઠીક શ્રમ પડયો. શા સારૂ? શા સારૂ નિરર્થક આંસુ વહાવી નિર્બળ બનો છો ?

આજથી એક વર્ષ પ્હેલાં, બરાબર ગયા વૈશાખે જ પશ્ચાતાપનો એ પ્રવાહ વહાવવાનો પરિશ્રમ ત્હમે લીધો હોત તો એ સાર્થક થાત. કદાચ એ વેળાએ મ્હેં ત્હમને ક્ષમાય દીધી હોત પરંતુ આજે એક વર્ષ વચમાં તો ત્હમારા પ્રત્યેના મ્હારા પ્રેમની ધાર સાવ બુઠ્ઠી થઇ છે. લાગણી ઘસાઈ ગઇ છે. અને સહાનુભુતિની માત્રા પણ ભસ્મિભૂત થઇ છે.

આપણા લગ્નનો દિવસ આપણે માટે ભારે બદબખ્ત નિવડયો. પેલા નરસીંહભાઇ પટેલ કહે છે ત્હેમ લગ્ન એ પ્રપંચનો દિવસ નિકળ્યો. આંતરગત્ બુરાઇઓ છૂપાવીને, ઉપરથી ભાવોનું પ્રદર્શન કરીને ત્હમે મ્હને ઘેર્યો. લાગણી વિવશ અને બિન અનુભવી એવો હું ત્હમારા ભાવને પ્રમાણિક સ્વરૂપ સ્હમજીને કબુલ થયો. અને લગ્ન થયા પછી એટલે કે Sit reserve કરાવીને ત્હમે ત્હમારા મૂળ સ્વરૂપમાં પ્રકટયાં.

થોડીક વાર તો મ્હને ભ્રમ થયો. મ્હારામાં છૂપાયલી Orthodoxy ની અદેખાઇથી મ્હારાં ચક્ષુ પીળાં ન્હોતાં બન્યાં ને ? ખૂબ ચોકસાઇથી મ્હારૂં અંતર અને ત્હમારી વર્તણુક હું તપાસી ગયો. હું દુ:ખી બન્યો. હું રડયો ને રાતોની રાતો ઉજાગરામાં પસાર કરી.

હળવાથી શરૂ કરીને કડક કહેવાય ત્હેવી ત્હમને મ્હેં સુચનાઓ આપી. મ્હારી સુચનાઓનો અર્થ હું અદેખો પતિ છું ને ત્હમારા માર્ગને રૂંધી નાખવા માગું છું અને ત્હમારી સ્વતંત્રતા, ત્હમારા દોસ્તો મ્હારાથી સહાતાં નથી એમ ત્હમે કર્યો. અને અતિ સ્વભાવિક રીતે બંડખોર એવાં ત્હમે બેવડા જોરથી ત્હમારી સ્વતંત્રતા—જ્હે અનીતિનું સ્વરૂપ હતું તે સાચવવાં મથ્યાં.

સગાંનો સંબંધ, લોકલાજ ઇ. તત્વો મ્હને થોડોક વખત તો ડારી રહ્યાં......પણ એ બધ્ધાંની ઉપરવટ થઇને આખરે એ અસહ્ય બન્યું. અને ત્હમારાથી સદાને માટે જૂદા પડવાનો ન્હારો નિર્ણય મ્હેં ત્હમને જણાવ્યો.

એ નિર્ણય કરતાં પ્હેલાંના દિવસો પ્રેમ અને તિરસ્કારની વચ્ચે ઝોલાં ખાવામાં મ્હેં કહાડયા. ત્હમારાથી છૂટા પડવાનો પ્રશ્ન ત્હયારે મ્હને કમકમાવતો હતો. ત્હમારી સાથે રહેવાનો પ્રશ્ન મ્હને રીબાવતો હતો. બે દોજખમાંથી એક મ્હારે પસંદ કરવાનું હતું. અને કમકમાવતું છુટા પડવું મ્હેં પસંદ કર્યું. રીબાવા કરતાં એ મ્હને હળવું લાગ્યું.

ગુસ્સાના આવેશમાં ત્હમે કબુલ થયાં. અને ત્હમે ચાલી નીકળ્યાં. હવે ત્હમે લખો છો ત્હેમ ત્હમે માન્યું હશે કે આટલા અપૂર્વ પ્રેમથી હું ત્હમને ચાહું છું એટલે હારી, થાકીને હું ત્હમને પાછાં આમંત્રીશ.

હું ત્હમને કહેતો તે કદાચ ત્હમને હવે સાચું લાગ્યું હશે. તૂટેલા સંબંધો સાંધવાનો હું કદિ પ્રયાસ કરતો નથી. કારણ કે તૂટયું હોય ત્યહાંથી વગર નીશાન રહે સંધાતું નથી.

આજેય, આજેય હું ત્હમને એટલો જ ચાહું છું જ્હેટલો લગ્નની પ્હેલી રાત્રે ચાહતો હતો. ત્હમે કદાચ એ નહિ માનો. પરંતુ આપણા માધુને કોઇક વેળા અહિં આવો તો પૂછશો. તો એ કહેશે કે એનાં શેઠાણીની તસ્વીર જોઇને શેઠ કલાકોના કલાકો કેમ આંસુ સારે છે!—પણ કારમી એકલતા હું કેમ કરી વિતાવું છું એ લખી હું ત્હમને દુ:ખી કરવા નથી માગતો.

મ્હને ફરી પરણવાની સુચના ત્હમે કરો છો એમાં રહેલા સ્વાર્થ ત્યાગની અને ત્હમારી ભલાઇની હું કદર કરૂં છું. લાગણીઓ આ રીતે વ્યકત કરવા બદલ હું ત્હમારો આભાર માનું છું. જમુકાકા અને વિનુફઇ જ્યહારથી ત્હમને વિદાય કર્યાં ત્યહારથી મ્હને બીજી પરણાવવા આગ્રહ કરી રહ્યા છે. એક મ્હને ગમે ત્હેવી છોકરી પણ એમણે મ્હને સુચવી હતી. મ્હને એ છોકરી ગમે છે—હું એને બ્હેન બનાવી શકું—પત્નિ નહિ.

વાસ્તવિક વિલાસ ગમે ત્હેવી હોય, કલ્પનાની મનોરમ્ય વિલાસને હું પરણ્યો છું. અને હું એનાથી છુટો પડી શકું નહિ. તસ્વીરે એને મૂર્તિમંત કરીને, હૃદયપર એને સ્થાપીને કલ્લાકોના કલ્લાકો હું રડું છું ને હસું છું.

આમ છે એટલે મ્હને વધુ દુ:ખી જોવાની ત્હમને લાલસા ન હોય તો કૃપા કરી મ્હને આવું સુચંન ના કરશો.

ત્હમે મ્હારી પાસે માફી માગો છો ના? મ્હારા હૃદયે તો ત્હમને દુ:ખી જોયાં ત્યહારથી માફી બક્ષી છે. અને હું ત્હમારૂં કલ્યાણ ચાહું છું. મ્હારૂં મગજ ત્હમને માફ કરવા સાફ ના કહે છે. એટલે જ ત્હમારા આટલા પશ્ચાતાપને ન સ્વીકારીને હું ત્હમારી સાથે નહિ જ રહેવાની મક્કમતાને વળગી રહ્યો છું.

કાંઇકિ પીવાની, કાંઇક કરી નાખવાની ત્હમારી ડરામણી મ્હને અસર નથી કરતી એ જણાવીને આ પત્ર હું પૂરો કરૂં છું. પત્નિ તરીકે નહિ એક મિત્ર તરીકે ત્હમે મ્હને મળ્યા કરશો તો મ્હને વાંધો નથી.

ત્હમારો—હતો તે

વેન્દેન.

## શ્રી "જૈનજયોતિ"ની ભૂલ.

**અમદાવાદથી પ્રસિધ્ધ થતા ભાઇબંધ "જૈનજયોતિ" પત્રના તંત્રીશ્રીએ તા. ૨–૫–૩૬ના અગ્રલેખમાં જણાવ્યું છે કેઃ શ્રી રામવિજયજીની આચાર્ય પદવી વખતે હાજર રહેલા ગૃહસ્થોમાં શ્રી રણછોડભાઇ રાયચંદ હતા. તેમ લખેલ છે. ચોકકસ તપાસ કરતાં જણાય છે કે તેઓશ્રીએ આચાર્ય પદવીની કોઇ પણ પ્રકારની ક્રિયા તેમજ વરઘોડા સુધ્ધામાં હાજરી આપેલ નથી. માટે ભાઇબંધ 'જૈનજયોતિ'ના તંત્રીશ્રી આ થયેલ ભૂલ તેમના આવતા અંકમાં સુધારી લેશે.**

# ભૂત અને વર્ત્તમાનકાળ વચ્ચે....!

## જૈન સંસ્કૃતિમાં થયેલ અજબ પરિવર્ત્તન.

આજે દરેક સ્થળેથી જૈનોમાં હ્રાસ થવાની બુમરાણો પડે છે. દિવસે દિવસે જૈન કોમમાં કુદકે ને ભૂસ્કે ઘટાડો થઇ રહ્યો છે, શ્રીમંત અને મુત્સદ્દી ગણાતી કોમમાંથી શ્રીમંતાઇ અને મુત્સદ્દીગીરી પરવારી ગઈ હોય તેમ જણાય છે. જે જાહોજલાલી થોડાંક વર્ષો પહેલાં હતી તે વર્તમાન સમયમાં અદૃષ્ય થઇ ગઇ છે. ભૂતકાળ અને વર્તમાનકાળની વચ્ચમાં જૈન સંસ્કૃતિમાં કેટલું બધું પરિવર્તન (વિકૃતપણું) થયું છે તે આપણે તપાસીએ.

**શ્રમણ સંસ્થાઃ**–ભૂતકાળના શ્રમણો–સાધુઓમાં જીનકલ્પી અને સ્થવિરકલ્પી એમ બે પ્રકાર હતા, તેઓ ગ્રામાનુગ્રામ વિચરતા હોવાથી અપ્રતિબદ્ધવિહારી ગણાતા હતા, તેઓનો ઉદ્દેશ એક પક્ષીય નહોતો. એક ગામમાં તેઓના પડાવ નહોતા પડતા. તેઓને માટે આલીશાન ઉપાશ્રયો નહોતા પણ ગામ બહાર ઉદ્યાનમાં જ ઉતરતા અને જગતના વિશાળ ચોકમાં ઉપદેશની અમૃતમય ધારાઓ વહેવરાવતાં. આહાર–પાણી વિગેરે પણ શુષ્ક હતાં. તપશ્ચર્યા ને વૈયાવચ્ચના રંગો તેઓનીરગેરગમાં પૂરાયાં હતાં. જ્યારે વર્ત્તમાનકાળમાં તેમના જ સંતાનીય– તેમનો જ વેષ ધરનારા શ્રમણો; બંને કલ્પોમાંથી નિવૃત્ત થઈ ગયા છે, અપ્રતિબદ્ધવિહારને બદલે જ્યાં મુકામ કર્યો ત્યાં જ; ત્યાંના શ્રાવકોની સ્થિતિ તપાસ્યા વિના ટોળાંના ટોળાં ધામા નાખી 'માન ન માન મેં તેરા મેમાન' બની પડયા પાથર્યા રહે છે. ઉદ્યાનને બદલે ગીચ વસ્તીના સમુદાયમાં આવેલા ગૃહસ્થોના મકાનો કરતાં પણ ચડીયાતા આલીશાન બંગલા જેવા ઉપાશ્રયમાં વાસો વસી રહ્યા છે. ઉપદેશધારા જગતના ચોકને બદલે ઉપાશ્રયની ચાર દિવાલોમાં પોતાના માનેલા ભકતોમાં વરસાવી રહ્યા છે. આહાર-પાણી અંગે તો પૂછવાનું જ શું ? જ્યાં સૂર્યોદય પણ ન થયો હોય; ત્યારથી જ ચાહ–પાણી ને નાસ્તા માટે પાતરાંઓ ખખડાવી રહ્યા હોય છે. ગોચરીના દોષોને તો અભરાઇ ઉપર જ ચડાવી દીધા છે, અને શુષ્ક આહારને બદલે છએ વિગયથી લચપચતા આહારો લાવી તે ઉપર હાથ મારી રહ્યા છે. તપશ્ચર્યા જે કાંઈ કરવામાં આવે છે તે આત્મશુદ્ધિ માટે નથી હોતી; પણ બાહ્ય જગતને દેખાડવા માટે ને 'તપસ્વી'નું ટાઇટલ મેળવવાને માટે જ હોય છે. વૈયાવચ્ચના નામે તો મોટું મીંડું હોય છે. જ્યાં એક બીજાના સંઘાડાના સાધુઓ ભૂલે ચૂકયે મળ્યા હોય તો ધુરકીયા શરૂ થાય ત્યાં વૈયાવચ્ચની વાત રહી જ કયાં ? અને પરિગ્રહનું તો પૂછવાનું જ રહ્યું નથી. ખરેખર ભૂતકાળના શ્રમણસંઘોના ચરિત્રો વાંચતાં–સાંભળતાં અને વર્ત્તમાનકાળના શ્રમણ ( ! ) સંઘોના જીવન તપાસતાં અરેરાટી અને કમકમાટી ઉત્પન્ન થાય છે. અને એમ જ થાય છે કેઃ–શું આ પ્રભુ મહાવીરના સંતાનીય હશે ? પ્રભુ મહાવીરના નામે × × × × હશે ? સાધ્વી સંસ્થાઓને માટે તો ઉલ્લેખ કરવા જેવું જ રહ્યું નથી. અર્થાત્ વર્ત્તમાનકાળમાં તેની હૈયાતિની જરાયે સમાજને જરૂર હોય તેમ જણાતું નથી.

**શ્રાવકસંસ્થાઃ**–ભૂતકાળમાં શ્રાવકોને શાસ્ત્રકારોએ **'समणोवासगाओ'** (શ્રમણોપાસકો)ના જ સંબોધનથી સંબોધ્યા છે. તે પાઠો દરેક આગમોમાં છે, ત્યાં 'જૈન કે શ્રાવક' એવા શબ્દનો ઉલ્લેખ જણાતો નથી. છતાં આપણે માની લઇએ કે બંને શબ્દો હશે. તે બાબતમાં લાંબા ઉંડા ન ઉતરતાં શ્રાવક કોને કહે છે તે તપાસીએઃ–ભૂતકાળમાં શ્રાવકો અગીયાર પડીમા વહન કરતાં, દ્રવ્ય ન્યાયથી ઉપાર્જન કરતાં, શ્રદ્ધામાં તો મેરૂપર્વતને પણ ડગાવે તેવાં હતાં, આવશ્યકીય વ્યવહારિક અને ધાર્મિક કરણીમાં જરા પણ પ્રમાદી નહોતાં રહેતાં, તેને માટે તો પ્રભુ મહાવીરે સ્વમુખે દર્શાવેલ 'ઉપાશકદશાંગ' સૂત્રની ગુંથણી-રચના કરી. તે વખતે લાખો–કરોડો શ્રાવકો હતાં છતાં તેમાંથી માત્ર દશ જ શ્રાવકોને પ્રથમ પંકિતએ મૂકયા. જ્યારે વર્ત્તમાનકાળમાં શ્રાવક કે જૈન એ બે શબ્દો માત્ર નામના જ રહ્યાં છે. કર્તવ્યમાં તો તદ્દન શૂન્યતા જ ધુસી ગઇ છે. 'પડિમા' શું વસ્તુ છે તેનો તો તેઓને સ્વપ્નેય પણ ખ્યાલ નહિ હોય. દ્રવ્યોપાર્જનમાં ન્યાયને નેવે મૂકી અન્યાયથી જ ઉપાજર્ન કરવાં લાગ્યાં છે. શ્રદ્ધા તો ડગમગી ગઇ છે. જ્યાં માનસિક સ્થિરતાનો અભાવ હોય ત્યાં શ્રદ્ધાનો વાસ જ હોય કયાંથી ? વ્યવહારિક કાર્ય આજીવિકા પુરતું અને ધાર્મિક કાર્ય આડંબર રૂપે જ થાય છે. દેરાસરમાં જઇ કપાળમાં મફતીયા કેશરનો ચાંદલો કરી આવ્યાં કે (તેઓની રહેણી કરણી વિગરેની કાંઇ પણ વિચારણા ન કરતાં) 'શ્રાવક. જૈન કે વાણીઆ'ની છાપ પડી જાય છે. આજના શ્રાવકોને સત્ય ધર્મપ્રવૃત્તિ શુષ્ક લાગે છે. કીર્તિને માટે–નામના મેળવવા માટે અથવા ગમે તે ગણો, તેની પાછળ મોટાં–મોટાં ઉજમણાઓ કરશે. સંઘો કાઢશે અને સ્વામિવાત્સલ્યો કરશે. પણ જો તેઓની પાસે કોઇ સીદાતો શ્રાવક જશે તો આંગણેથી જ હડધૂત કરી કાઢી મૂકશે. કેમકે એક સાધર્મિને જમાડવાથી કીર્તિ ન મળે. સ્વામિવાત્સલ્યને નામે કેટલાંય સાધર્મિઓને કિનારે મૂકી પોતાના માનેલા શ્રાવકોને જમાડી વાહ વાહ બોલાવવાથી કીર્તિ મળે.. શું આ ખરૂં સાધર્મિવા સલ્ય છે? એક પણ જૈનનો સંતાન અન્ન–વસ્ત્ર વિનાનો હોય, તેના ઉધ્ધાર તરફ ધ્યાન ન આપતાં આવાં જમણો કરે; તે જમણો–સાધર્મિવાત્સલ્યો નથી. પણ તેઓની ખોટી કીર્તિના કોટડાં છે. દરવરસે ધાર્મિક ક્રિયાઓના બહાને; દરેક સ્થળેથી લાખો રૂપીયાના ખર્ચા કર્યાનાં સમાચારો પેપરોમાં વાંચીએ છીએ. પરંતુ તે ખર્ચ કરાવનારાં કહેવાતા ધર્મગુરૂઓને સમાજના જીવન્ત પ્રાણસમા શ્રાવકોની ઉન્નતિ કરવાનું કેમ નથી સૂઝતું ? કયાંથી સૂઝે ? તેઓને પારકે પૈસે પરમાનંદ કરી; નામના મેળવી; સમાજમાં 'મોટા ભા' થવું છે. હવે તો ભૂતકાળના શ્રાવકોના ચરિત્રો તપાસી વર્તમાનકાળના શ્રાવકોને તે કોટીમાં લાવવા માટે સતત્ પ્રયત્ન કરવો જોઇએ.

**આગમવાચનાઃ**–ભૂતકાળમાં મહર્ષિ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણે વીરનિર્વાણ બાદ ૯૮૦ વર્ષે વલ્લભીપુરમાં; તે સમયના સમર્થ આચાર્યોને એકત્રિત કરી તેમની સન્મુખ હઠ–કદાગ્રહ રાખ્યા વિના આગમોની વાચના અને તેને પુસ્તકારૂઢ કર્યાં ત્યાર બાદ કેટલાંક વર્ષો વિત્યાં પછી હીરવિજયસૂરિ જેવા શાસનના મહાન્ સ્થંભોએ

પર્ષદા–સભા સન્મુખ આગમો વાંચ્યા હતા, વાંચતા હતા. તે વખતનો શ્રોતાગણ પણ જ્ઞાન પૂર્ણ હતો. જે જે વાચનામાં ઉલ્લેખ આવે તેનું રહસ્ય જાણતો, અંતરમાં ઉતારતો ને વર્તનમાં પણ મૂકતો હતો. તે વખતે 'આગમો' એક મહાન્ ઉચ્ચ કોટીના અને પરમ પૂજનીક ગણાતા, તેનું સક્રિય સન્માન થતું. ત્યારે વર્ત્તમાનકાળના શ્રમણો; જેને સંસ્કૃત કે પ્રાકૃત ભાષાનું પુરૂં જ્ઞાન પણ ન હોય તેવા જ્યાં ત્યાં ચાતુર્માસની સ્થિરતા કરે ત્યાં ત્યાં પોતાની મહત્તા ને, વિદ્વતાનો આડંબર દેખાડવા માટે 'ભગવતીજીસૂત્ર'જેવા મહાન્ સૂત્રની વાંચના કરે, શ્રોતાવર્ગ હાજી હા કરે, કદાચ તે વાંચના સાંભળી આવનાર શ્રોતાઓને પૂછવામાં આવે કેઃ તમે શું સાંભળી આવ્યા? ત્યારે સ્પષ્ટ જણાવશે કે મહારાજે વાંચ્યું ને અમે સાંભળ્યું. અમને કાંઇ સમજણ ન પડી. આનો અર્થ શું? જ્યાં કોઈ પણ પ્રકારનું જ્ઞાન નથી તેવા મનુષ્યોને સાદા–સીધા ઉપદેશની જ જરૂર હોયછે, નહિ કે આગમોના વાંચનની, વર્તમાનકાળીન મહાત્માઓ સ્થળે સ્થળે ભગવતીજી જેવા સૂત્રની વાંચના શરૂ કરી; અધીંમૂકી ચાતુર્માસ પૂર્ણ થયે ગચ્છંતિ કરી જાય છે. બીજે ચોમાસે બીજા જે શ્રમણો આવે તે ફરી ભગવતીજી શરૂ કરે અને [illegible] મૂકે. આ તે શું આગમ વાંચવા-ની રીત છે ખરી? શ્રાવકો પાસે તો તેમના શ્રાવકધર્મનું રહસ્ય સમજાવવા, તેમના કર્તવ્યોનું ભાન કરાવવા, તેમના માટે જ સ્પેશ્યલ બનાવેલ 'ઉપાશકદશાંગ' શા માટે નથી વાંચતાં? અત્યારના સમયમાં ખરી આવશ્યકતા તો તેમને શ્રાવકપણામાં સ્થિર કરવાની છે અને તે માંટે 'ઉપાશકદશાંગ' વાંચી. સમજાવવાની જરૂર છે. અથવા તો તે વ્યાખ્યાતા શ્રમણો પોતે શાસ્ત્રોકત રીતિએ શ્રમણપણું પાળે છે કે નહિ તે જણાવવા માટે 'આચારાંગ' સૂત્ર વાંચવું જોઇએ; જેથી શ્રોતાઓ પણ સમજે કે આગમ વાંચનાર અમારા મહાત્મા (!) પોતે શાસ્ત્રમાં દર્શાવ્યા પ્રમાણે વર્તે છે કે નહિં? પણ તે વાંચી શકે જ શી રીતે? તેમને તે વાંચવાથી પોતાની ચલાવેલી પોલ અને આડંબર ઉઘાડા પડી જાય અને સમાજમાંથી સ્થાન ભ્રષ્ટ થવાય. હમણાં કેટલાંક સમયથી પૂર્વોદ્ધૃતકલ્પસૂત્ર, જે સાધુ આચાર માટેજ છે. અને તીર્થંકર, ગણધર કે મહાપુરૂષોનું ફરમાન સાધુ પર્ષદામાં જ વાંચવાનું છે, પણ અત્યારે તો શ્રાવક-શ્રાવિકા પરિષદમાં વાંચવાની પ્રથા પડી ગઇ છે અને તે પણ પંજાબમેલની ઝડપે. જાણે પોતાને માથે ફરજ બજાવવાની કેમ ન આવી હોય! તેમ ફરજમાંથી મૂકત થવા માટે જ. તેમાં ન પડે સમજણ, શંકા થાય તો પણ પૂછવાનો કે સમજવાનો શ્રાવક–શ્રાવિકાઓને અધિકાર જ નહિ. તેમાં પણ શ્રોતાઓમાં એક એવા પ્રકારનું વ્હેમનું ભૂત ઘુસાડી દીધું છે કે જે કોઈ એકવીશવાર કલ્પસુત્ર સાંભળે તો તે ત્રીજા ભવે મોક્ષે જાય, હું વાંચનાર મહાત્માને પૂછું છું કેઃ તમે તમારા જીવનમાં કેટલી વાર વાંચ્યું હશે? તમારી પાસે કે અન્ય પાસેથી શ્રોતાઓએ કેટલી વાર સાંભળ્યું હશે.? તેમાંથી કેટલાંને મોક્ષે અને સ્વર્ગે મોકલ્યા? વર્તમાનકાળીન મહાત્માઓ! તેનો જવાબ આપશો ખરા કે? હવે આ વર્ત્તમાન–વીસમીસદીના કાળમાં ઘુસાડી દીધેલા વ્હેમના ભૂતને ભગાવી દઇ; બુદ્ધિનો સદુપયોગ કરી; હાજીયાપણું છોડી દઇ સત્યની રાહેજ ચાલવાની જરૂર છે.

**પદવી ઘેલછાઃ**–ભૂતકાળમાં ભદ્રબાહુ, સંભૂતિવિજય, હીરસૂરિ, હેમચંદ્રાચાર્ય, આનંદઘનજી ને યશોવિજયજી જેવા શ્રુતજ્ઞાનીઓ, વચનસિદ્ધિવાળા, અને સમર્થ મહાપુરૂષો થઇ ગયા. તેમાં કેટલાંક મહાત્માઓએ આગમોના ઉદ્ધારો કરાવ્યા છે. કેટલાંક ષડદર્શનશાસ્ત્ર પારગામી હતા, કેટલાંક છંદ–કાવ્યના શાસ્ત્રોના જાણકાર હતાં તેમનાં બનાવેલાં સ્તવનો, પદો જે અધ્યાત્મગર્ભિત, અને આત્મસિદ્ધિની શ્રેણીએ ચડાવવામા સોપાનરૂપ વિદ્યમાન છે. છતાં તેઓમાં કોઇ 'આગમોદ્ધારક' કોઈ 'સકલાગમ રહસ્ય વેદનારા', કોઇ + + + નૃપ પ્રતિબોધક' કે 'કવિકુળકિરીટો'ની ઉપાધિજન્ય ઉપધિમાં નહોતા સંડોવાયા. નહોતી તેમણે તે મેળવવાની આકાંક્ષા સેવેલી, જ્યારે વર્તમાનકાળમાં ભણતરમાં અધુરા, જીભના ચબરાક ને વર્તનમાં આડંબરી થયા કે તરત જ પદવીની ઘેલછા લાગી જ છે. અને તે પદવી મેળવવા ધનાઢ્ય અંધભકતો સાધી રાખી તેમની પાસે લાખો રૂપીઆનો ધૂમાડો કરાવી; એકાદ પદવીનું પૂંછડું મેળવી ચોમાસું ઉતર્યે ગુણા માપી જાય છે. પાછળ લાખો રૂપીયા ખર્ચનાર વ્યકિત કપાળે હાથ કુટી બેસી રહે છે. શું આ બધા વિધિ–વિધાનો શાસ્ત્રકત રીતિએ કરવામાં આવે છે. છે કોઇ શાસ્ત્રોકત રીતિએ સિદ્ધ કરનાર?

**ક્રિયાકાંડઃ**–ભૂતકાળના સમયમાં જ્યારે પાપ લાગ્યું જણાય. બીજાની દ્રષ્ટિએ તેમના દોષ દેખાતાં તેઓ જણાવે તો' ઇર્યાપથિકી' ભાવપૂર્વક ભણી લેતાં. અને પ્રતિક્રમણ તો છ આવશ્યકરૂપ સામાન્ય જ હતું. જેમ નાનાં બચ્ચાંઓને ખેલવાનો રબ્બરનો ફુગો આવે છે તે નાનો જણાય છે તેમ તેવી જ રીતની તે સમયની ક્રિયા ટુંકા રૂપમાં જ હતી, આત્મકલ્યાણ માટે જ હતી, જેથી તે ક્રિયાના આધારે કેટલાંએ આત્માઓ મોક્ષે અને સ્વર્ગે સિદ્ધાવ્યા છે. અપુનર્જન્મી થઈ અનંત સુખમાં મહાલી રહ્યાં છે, તે જ પ્રતિક્રમણ; હાલમાં ફુગાને ફુલાવતાં જેમ જેમ તે મોટો થતો જાય છે; તેમ તેમ તેમાં વર્તમાનકાળના આચાર્યોનાં બનાવેલાં કેટલાંક સુત્રો ઘૂસાડી દઇ તેને ફુગા જેવા સ્વરૂપનું બનાવી દીધું છે. અર્થાત્:–મશકમાં પવન ભરાતાં ફુલાય તેવી; પ્રતિક્રમણની ભૂતકાળની ક્રિયાને વર્તમાનકાળમાં ફુલાવી દીધી છે, આ બધું શાથી અને કેમ બન્યું? તેવો પ્રશ્ન પૂછતાં તેના ઉત્તરમાં કેવળીગમ્ય, કરી કાન આડા હાથ દઇ ઉભા રહે છે! આ બાબત જાણવા માટે કોઇએ ઉંડા ઉતરવાની તકલીફ લીધી છે? 'આગુસે ચલી આતી હૈ' તે ન્યાયે સમજ્યા–જાણ્યા વિના આંખો મીંચી તેની પાછળ કયાં સુધી ઘસડાશું?

ઉપરોક્ત બાબતો ભૂતકાળમાં કેવા પ્રકારની હતી, અને દિવસે દિવસે તેમાં વિકૃતપણું ઘુસવાથી વર્તમાનકાળમાં કેવા પ્રકારની થઇ છે? ભૂત અને વર્ત્તમાનની જૈન સંસ્કૃતિ વચ્ચે કેટલું મોટું અંતર પડી ગયું છે? આપણે અત્યાર સુધી કોઇ દિવસ ભૂતકાળ તપાસ્યો–વિચાર્યો છે? હાલ તો વર્ત્તમાનકાળના વ્હેણ સાથે વહી રહ્યા છીએ. આ વ્હેણ આપણને કયાં સુધી ઘસડી જશે, કઇ ખાડીમાં ફેંકી દેશે તેની વિચારણા કરી છે ખરી? જ્યારે જ્યારે ભૂતકાળ જણાવવામાં આવે ત્યારે ત્યારે પંચમકાળનો દોષ કાઢી લમણે હાથ દઈ બેસી રહીએ છીએ. આવી વિકૃતદશા કયાં સુધી અનુભવીશું? આપણે આપણા આત્માની ઉન્નતિ માટે ભૂતકાળ વર્ત્તમાનકાળ સાથે સરખાવી બુધ્ધિગમ્ય ઉપયોગ કરવો એ ખાસ મહત્ત્વની બીના છે. ભૂતકાળને

( અનુસંધાન જુઓ પૃષ્ઠ ૧૦ મું. )

## કિરણ.

ગચ્છ-મતમાં મૂકિત નથી પણ શ્રી જિનઆજ્ઞામાં મૂકિત છે.

આત્મકલ્યાણ સાધે તે સાધુઓ છે. રૂઢી જડતાને પોષે તે પામર પતિતો છે.

સમ્યકૃત્વ એ આત્માનો સ્વભાવિક ગુણ છે. જે ગુણે કરી આશ્રવના નિમિત્તો સંવ પણે પરિણમે છે.

સંપ્રદાય મોહ જ્યાં સુધી છે ત્યાં સુધી સંયમ ગુણમાં રમણતા થતી નથી જ.

જૈનદર્શનનું સાધ્યબિંદુ સંપૂર્ણ સ્વતંત્રતા ભણી જ છે. મૂડીવાદનું મહાન વિરોધી છે, નિર્ગ્રંથદશા એ મૂડીવાદના દુઃખોને દૂર કરવા જ દર્શાવેલી છે.

કોઇ પણ ગુણનો અતિરેક થતાં તે ગુણ આત્મધર્મની હાનિ કરે છે, અર્થાત્ ગુણ ભયંકર દુર્ગુણપણે પરિણમે છે.

સ્યાદ્વાદ એ વ્યવહારૂ માર્ગ છે. વ્યવહાર શુધ્ધિ વિના આત્મધર્મને પગથીએ પગ મૂકવો અશકય છે.

સર્વ શ્રેષ્ઠ જૈનદર્શનમાં કદી પણ કોઇ ગુણનો કયારેય પણ અતિરેક થયો નથી. અનુંકંપાગુણનો અતિરેક કરવાથી પણ આ જીવ અનેક દુઃખો પામે છે.

જૈનધર્મની અપૂર્વ આનંદદાયી અદ્ભૂતતા દયામાર્ગમાં જ છે.

પુરૂષાર્થ અને બ્રહ્મચર્યવડે અશકય અને અસંભવિત જણાતાં કાર્યો શકય ને સંભવિત બને છે.

પુરૂષાર્થવાદ એ ભાવ ક્રિયા માર્ગ છે, જે ક્રિયા માર્ગ કોટી કર્મોને ક્ષણ માત્રમાં ભસ્મ કરે છે.

અન્ય દર્શન કરતાં જૈનદર્શનની અનંતગણી શ્રેષ્ઠતા પુરૂષાર્થવાદને આભારી છે.

પુરૂષાર્થપ્રાપ્ત પરોપકારી મહાપુરૂષને મોક્ષ એક ઇંચ પણ દૂર નથી. અપ્રમત્ત નિર્ગ્રંથો પુરૂષાર્થવડે સમયે સમયે અનંતા કર્મોની નિર્જરા કરે છે.

જેમ જેમ પુરૂષાર્થની વિશિષ્ઠના તેમ તેમ જ્ઞાનમાર્ગની ઉગ્રતા, જ્ઞાનદશામાં ઉગ્ર સ્થિરતા તે ભાવ ચરણ-ચારિત્ર છે.

પુરૂષાર્થ વડે ભાવચરણવંત ભાવનિર્ગ્રન્થો અનંતા જન્મોના; અનંતા કર્મોને ક્ષણ માત્રમાં નષ્ટ કરે છે.

સુખ કે જ્ઞાનનો અંશ પણ પુરૂષાર્થ વિના પ્રાપ્ત થવો સંભવિત નથી. પુરૂષાર્થવાદની ઉગ્રતાથી જ આત્મદયા પ્રાપ્ત થાય છે. આત્મદયા વિહીન જીનકલ્પી અણગાર પણ સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર અનુભવી શકતા નથી.

અનંતા જન્મ-મરણ કરવાં પડે તેવાં કર્મો કરી ચુકેલાં ભાગ્યહીણ ભારે કર્મીઓ પણ સ્વલ્પ સમય ને સ્વલ્પ કાળમાં પુરૂષાર્થમય પરમાર્થ માર્ગ વડે પરમ વીતરાગ થઇ પરમપદ-મોક્ષપદ પામે છે.

પુરૂષાર્થમય ત્યાગમાર્ગથી જ્ઞાનદશા સુખે સુખે સાધ્ય થાય છે. જે જ્ઞાનદશા એ આસવા તે પરિસવા રૂપે પરિણમે છે.

કર્મવાદ એ લોકીયો માર્ગ છે, નિયતવાદ એ ગોશાલિક માર્ગ છે અને પુરૂષાર્થવાદ એ શ્રી મહાવીરનો માર્ગ છે.

એક ક્ષણ પણ પુરૂષાર્થ માર્ગમાં જે આત્માનું વીર્ય ઉલ્લસ્યું તે આત્મા નિયમા મોક્ષે જાય છે.

પુરૂષાર્થમય સિધ્ધ ભગવાન સમયે સમયે અનંતા સુખ અનુભવે છે. પુરૂષાર્થમય પરમ પુરૂષોને પુણ્ય હેય નથી તેમ ઉપાદેય નથી.

જ્ઞાનદશા વડે અલૌકિક ઉદાસીનતા પ્રાપ્ત થાય છે. જે ઉદાસીનતા સ્વસ્વરૂપમાં સ્થિર થવાથી અનંત સામર્થ્ય સમર્પે છે.

સમાજને જ્ઞાનસમૃદ્ધ કરવામાં જ સાચું સાહમિવચ્છલ છે.

જૈનદર્શન ગુરૂડમવાદનું મહાન શત્રુ છે. સ્વદયા અર્થે સુશિષ્યો કુગુરૂનો ત્યાગ કરે તો તેને ઉપદેશમાળા પ્રમુખ શાસ્ત્રો સ્પષ્ટ અનુમોદન આપે છે.

મૂડીવાદના ભગવાન મહાવીર મહાન્ વિરોધી હતા. શ્રી શ્રમણસંઘના વ્યવહારો મૂડીવાદનો નાશ કરવા સ્પષ્ટ પડકાર કરે છે.

હદપારનાં કાળાં કામ કરતાં ધર્મના ઝેરની કાળાશ અનંતગણી ભયંકર છે. જે ભયંકરતા ભવ્ય આત્માઓને પણ નર્ક ને નિગોદમાં લઇ જાય છે.

મુનિપણાની વિશિષ્ઠતા બાહ્ય જ્ઞાન કે બાહ્ય ક્રિયામાં નથી પણ અપૂર્વ સુખકારી આત્મદયામાં છે.

મૂડીવાદ એ માનવજાતનો મહાન્ શત્રુ છે. કોઇ પણ ધર્મ લાખો જીવોને રહેંસી ધનવાન ધર્માંધને ધર્માત્મા કહેતો હોય તો તે ધર્મ × × × × ગટર સામાન છે.

ધર્મ અર્થે પણ ધન પ્રાપ્ત કરવા શ્રીહરિભદ્રસૂરીશ્વરજી સ્પષ્ટ પણે ના કહે છે.

જે પોતાનું કલ્યાણ ઇચ્છતો હોય તેણે બીજાનું કલ્યાણ અવશ્ય કરવું.

પરદયા અને પરોપકાર વિના તીર્થંકરભગવાનના આત્માઓ પણ તીર્થંકર સ્વરૂપે થતા નથી.

પુનર્લગ્ન કરનાર પુરૂષ કે સ્ત્રી અને તેથી ઉત્પન્ન થયેલ મનુષ્ય તદ્ભવે (તેજ ભવમાં) મોક્ષે જાય છે, તેના અનેક દૃષ્ટાંતો જૈન સાહિત્યમાં છે.

વિધવા અને વેશ્યાના પુત્રો પણ વીતરાગમાર્ગની આરાધનાથી તદ્ભવે મોક્ષે જાય છે.

અનંતવીર્યવાન્ તીર્થંકરદેવો પણ પુરૂષાર્થ વિના પૂર્ણ શાન્તિ પામી શકતા નથી.

જ્ઞાન એ સર્વમાં વિશિષ્ઠ છે. અન્ય દ્રવ્ય કરતાં આત્મદ્રવ્યની અનંતગણી વિશિષ્ઠતા આત્મદ્રવ્યના જ્ઞાનગુણથી છે.

શ્રી જિનમાર્ગમાં એક પણ સ્વચ્છંદ અને પ્રતિબંધને સ્થાન નથી. સાધુપણું એ આત્મકલ્યાણ માટે છે. વાણીઆઓના ગુલામ થવામાં સાધુપણાની કોડીની પણ કિમ્મત નથી.

અબ્રહ્મચારી-શીલભ્રષ્ટને "સદ્ગુરૂ તરીકે માનવા તે અનુત્તર અજ્ઞાનતા છે. જે અજ્ઞાનતા અરિહંતભગવાનના આત્માઓને પણ નિગોદમાં લઇ ગયેલ છે.

સ્યાદ્વાદ સ્વરૂપે વિચારતાં શ્વેતાંબરશાસ્ત્રો અને દિગમ્બર આગમો એ બન્ને કલ્યાણના મૂળ રૂપ છે.

સ્વાર્થ ત્યાગ વિના સ્વપ્ને પણ જિનમાર્ગમાં પ્રવેશ કરવો અશકય છે. જિનમાર્ગ તે પરમાર્થરૂપ છે.

( અનુસંધાન જુઓ પૃષ્ઠ ૧૦ મું. )

## સંવત ૧૯૮૭ ના કારતક શુદી ૧ થી આસો વદી ૦)) સુધીનું સરવૈયું.

**જ**

૨૪૯૨–૦–૦ શ્રી આવક ખાતે જમા.

૨૨૨૨–૦–૦ ભેટના જુદા જુદા ભાઇઓ તરફથી આવ્યા.

૨૭૦–૦–૦ યુવક સંઘના સભ્યોના લવાજમના

૨૪૯૨–૦–૦

૩૯૦–૧૦–૦ શ્રી યુવક સંઘ પત્રિકાની આવકના.

૩૯૦–૧૦–૦ પત્રિકા લવાજમના વિગેરેના.

૧૬–૭–૩ જમનાદાસ અમરચંદ ગાંધી ખાતે જમા.

૨–૧૪–૩ શ્રી પ્રબુદ્ધ જૈન અંગે આવકના

આસો સુદી ૧થી વદી ૦)) સુધીમાં.

૨–૧૪–૩ લવાજમ તથા વેચાણના.

૨૯૦૧–૧૫–૬

ચીમનલાલ એમ પરીખ.
મણીલાલ મહોકમચંદ શાહ.
અમીચંદ ખેમચંદ શાહ.
રતિલાલ ચીમનલાલ કોઠારી.
માનદ્ મંત્રીઓ.

**ઉ**

૮૩૪–૧૫–૯ શ્રી પરચુરણ ખર્ચ ખાતે ઉધાર.
તાર, ટપાલ, પોસ્ટેજ, સ્ટેશનરી, ગાડીભાડું, બોર્ડ, પ્રચાર, ઓફીસભાડું નોકરોના પગાર વિગેરે પરચુરણ ખર્ચના.

૧૩૫૮–૦–૬ શ્રી યુવકસંઘ પત્રિકા અંગે ખર્ચના.
છપાઇ, કાગળ, બ્લોક, પોસ્ટેજ ખર્ચના.

૨૬–૧૪–૦ શ્રી જૈન યુવક પરિષદ ખાતે ઉધાર.
(ત્રણે ફીરકાની)

૨૩૧–૧૫–૦ શ્રી પ્રબુધ્ધ જૈન અંગે ખર્ચના.
ચોપડા, સ્ટેશનરી, ગાડીભાડું, કાગળો, કાર્ડો, હેન્ડબીલોની છપાઇ, અંક ૩ ની છપાઇ. પોસ્ટેજ વિગેરે પરચુરણ ખર્ચના.

૩૯૯–૧૨–૬ ગઇ સાલના તોટા ખાતે.

૨૮૫૧–૯–૯

૫૦–૫–૯ શ્રીપુરાંત બાકી.

૨૯૦૧–૧૫–૬

મેં આ ખાતાબુક તપાસી છે. અને મારી સમજ મુજબ બધું બરાબર છે. બધાં વાઉચર્સ તપાસ્યાં છે.

કાંતીલાલ ઇશ્વરલાલ મોરખીઆ.
ઓડીટર.
તા. ૧૫–૧–૩૨

## સંવત ૧૯૮૮ ના કારતક શુદી ૧ થી આસો વદી ૦)) સુધીનું સરવૈયું.

**જ**

૧૫૧૩–૦–૦ શ્રી આવક ખાતે જમા.

૩૧૧–૦–૦ મેમ્બરોના લવાજમના.

૧૧૪૫–૦–૦ ભેટના આવ્યા.
જુદા જુદા ભાઇઓ તરફથી.

૫૭–૦–૦ પર્યુષણ વ્યાખ્યાનમાળાના ભેટના.

૧૫૧૩–૦–૦

૩૫–૦–૦ સંઘવી શિવલાલ ઝવેરચંદ ખાતે જમા.

૬૪–૧૧–૦ શ્રી જૈન યુવક પરિષદ ખાતે જમા.

૫૮–૭–૬ મણીલાલ મહોકમચંદ ખાતે જમા.

૭૪–૮–૦ શ્રી પર્યુષણ વ્યાખ્યાનમાળા ચોપડી ખાતે જમા.

૫૫–૫–૦ શ્રી મહેન્દ્ર પ્રિન્ટીંગ પ્રેસ ખાતે જમા.

૫૦–૦–૦ ઝવેરી મણીલાલ હરગોવિંદદાસ ખાતે જમા,

૪–૮–૦ બાબુરાવ ગણપત ભાગવત ખાતે જમા.

૨૮૭–૭–૩ ગઇસાલના વધારાના.

૧૧૫૬–૨–૦ શ્રી પ્રબુધ્ધ જૈનની આવક ખાતે જમા.

૧૧૫૬–૨–૦ લવાજમ વિગેરેના.

૧૪૦–૬–૯ શ્રી નગીનદાસ સ્મારકફંડ ખાતે જમા.

૩૪૩૯–૭–૬

અમીચંદ ખેમચંદ શાહ.
મણીલાલ એમ. શાહ.
રતિલાલ સી. કોઠારી.
માનદ્ મંત્રીઓ.

**ઉ**

૬૮૮–૮–૦ શ્રી જાવક ખર્ચ ખાતે ઉધાર.
મકાન ભાડું, પગાર, છપાઇ, મુસાફરી, પોસ્ટેજ, તાર, પ્રચાર, સ્ટેશનરી, પર્યુષણ વ્યાખ્યાનમાળા વિ. ખર્ચના.

૨૭૪૪–૩–૯ શ્રી પ્રબુદ્ધ જૈનના ખર્ચ ખાતાના.
ગાડીભાડું, ટ્રામ, જાહેરખબર, ડેકલેરેશન, ફોલ્ડીંગ–રેપર, છપાઇ, કાગળ, પોસ્ટેજ, નોકરોના પગાર, બ્લોક, પેપરોના લવાજમ, લેખોની લખામણી વિગેરે ખર્ચના.

૩૪૩૨–૧૧–૯

૬–૧૧–૯ શ્રીપુરાંત બાકી.

૩૪૩૯–૭–૬

આ ખાતાબુક તપાસી છે અને મ્હારી સમજ મુજબ બરોબર છે. બધાં વાઉચરો તપાસ્યાં છે.

જીવતલાલ ચંદ્રભાણુ કોઠારી.
છગનલાલ એન. શાહ.
ઓડીટરો.
તા. ૧૮–૧૨–૩૨

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની તા. ૮-૭-૧૯૨૯ ને સોમવારના રોજ થયેલ સ્થાપનાથી તે સંવત્ ૧૯૯૧ ના આસો વદી૦)) સુધીનો દરસાલનો ઓડીટ થયેલો ને યુવક સંઘની જનરલ સભાએ પાસ કરેલો હિસાબ જનતાની જાણ માટે પહેલેથી કે સં. ૧૯૯૧ ના આસો વદી ૦)) સુધીના સાલવાર સરવૈયા નીચે મુજબ રજુ કરીએ છીએ.

—મંત્રીઓ.

## સંવત ૧૯૮૫ ના ચૈત્ર માસથી આસો વદી ૦)) સુધીનું સરવૈયું.

**જ**

૧૧૪૮-૦-૦ શ્રી આવક ખાતે જમા.
- ૭૯૮-૦-૦ મેમ્બરોના લવાજમના.
  - ૭૩૦-૦-૦ સં. ૧૯૮૫ ના.
  - ૬૮-૦-૦ સં. ૧૯૮૫ના આખર સુધીના.
- ૩૫૦-૦-૦ શ્રી ભેટ ખાતે જમા. જુદા જુદા ગૃહસ્થો તરફથી ભેટના આવ્યા તે.

૨૦૧૧-૧૪-૦ શ્રી રૂપીઆ ફંડ ખાતે જમા.

૩૧૫૯-૧૪-૦

**ઉ**

૯૩૨-૧૧-૩ શ્રી ખર્ચ ખાતે ઉધાર.
- ૩૦૦-૦-૦ પ્રચાર પત્રિકાના ખર્ચના.
- ૨૩૦-૫-૬ સ્ટેશનરી, પ્રીન્ટીંગ વિગેરે ખર્ચના.
- ૪૦૨-૫-૯ પરચુર્ણ ખર્ચના. જાહેર સભાઓ,તાર-ટપાલ વિગેરે.

૨૦૧૧-૧૪-૦ શ્રી મહાવીર જૈન વિદ્યાલયને ભેટ આપ્યા તે.

૨૧૫-૪-૯ શ્રી પુરાંત બાકી.

૩૧૫૯-૧૪-૦

નગીનદાસ જગજીવનદાસ શાહ.
પરમાનંદ કુંવરજી કાપડીઆ.
ઓધવજી ધનજી શાહ.
રતિલાલ ચીમનલાલ કોઠારી.
માનદ્ મંત્રીઓ.

આ હિસાબ અને વાઉચરો તપાસ્યા છે, અને મારી સમજ મુજબ તે બરાબર છે.

લી૦ શા. માણેકલાલ વાડીલાલ.
ઓ. ઓડીટર.

## સંવત ૧૯૮૬ ના કારતક શુદી ૧ થી આસો વદી ૦)) સુધીનું સરવૈયું.

**જ**

૨૧૫-૪-૯ શ્રી પુરાંતના ગઈ સાલના બાકી.

૯૧૫-૦-૦ શ્રી આવક ખાતે જમા.
- ૩૬૪-૦-૦ સભ્યોના લવાજમના.
- ૫૫૧-૦-૦ ભેટના. જુદા જુદા ગૃહસ્થો તરફથી.
- ૯૧૫-૦-૦

૫-૮-૦ શાહ મણીલાલ મહોકમચંદ ખાતે જમા.

૩૯૪-૪-૬ ગાંધી જમનાદાસ અમરચંદ ખાતે જમા.

૧૫૩૦-૧-૩

**ઉ**

૩૧૭-૧૨-૦ યુવક સંઘ પત્રિકાના જુના હીસાબના.

૩૩૬-૧-૦ શ્રી ખર્ચ ખાતે ઉધાર. મકાન ભાડું, તાર, ટપાલ, પગાર વિગેરે પરચુરણ ખર્ચના.

૮૭૪-૦-૦ યુવક સંઘ પત્રિકાના ખર્ચના. છપાઇ, કાગળ, પોસ્ટેજ વિગેરે અંક ૪૧ ના આસો વદી ૦)) સુધીના.

૨-૪-૩ ઘટના.

૧૫૩૦-૧-૩

જમનાદાસ અમરચંદ ગાંધી.
મણીલાલ મહોકમચંદ શાહ.
અમીચંદ ખેમચંદ શાહ.
રતિલાલ ચીમનલાલ કોઠારી.
માનદ્ મંત્રીઓ.

આ સરવૈયું મ્હેં તપાસ્યું છે. મ્હારી સમજ મુજબ તે બરાબર છે.

કાંતિલાલ ઇશ્વરલાલ મોરખીઆ.
શીવલાલ નરપતલાલ મણીયાર.
ઓડીટરો.

તા. ૩૦-૧-૧૯૩૧

## સંવત ૧૯૮૯ના કારતક શુદી ૧ થી આસો વદી ૦)) સુધીનું સરવૈયું.

**જ**

૨૨૭૧–૦–૦ શ્રી આવક ખાતે જમા.
 ૨૯૩–૦–૦ મેમ્બરોના લવાજમના.
 ૧૯૭૮–૦–૦ ભેટના આવ્યા.
 જુદા જુદા ભાઇઓ તરફથી ભેટના.

૨૨૭૧–૦–૦

૨૮૭–૬–૯ શ્રી નગીનદાસ સ્મારક ફંડ ખાતે જમા.
૦–૧૨–૦ શ્રી પર્યુષણ વ્યાખ્યાનમાળા ખાતે જમા.
૧૦–૦–૦ શ્રી જૈન યુવક મહામંડળ ખાતે જમા.
૦–૧૧–૦ શ્રી દીક્ષા નિયામક નિબંધ ખાતે જમા.
૬૪–૧૧–૦ શ્રી જૈન યુવક પરિષદ ખાતે જમા.
૫૦–૦–૦ ઝવેરી મણીલાલ હરગોવિંદદાસ ખાતે જમા.
૬૯૫–૦–૬ શ્રી પ્રબુધ્ધજૈનની આવક ખાતે જમા.
 ૬૯૫–૦–૬ લવાજમ, વેચાણ વિગેરેના.

૩૩૭૯–૧૦–૩

**જમનાદાસ અમરચંદ ગાંધી.**
**મણીલાલ એમ. શાહ.**
**અમીચંદ ખેમચંદ શાહ.**
**રતિલાલ સી. કોઠારી.**
માનદ્ મંત્રીઓ.

**ઉ**

૯૫૫–૯–૯ શ્રી ખર્ચ ખાતે ઉધાર.
 પોસ્ટેજ, તાર, સ્ટેશનરી, છપાઇ, ટ્રામ, મુસાફરી ખર્ચના, ફરનીચર, ફોટાના, મકાન ભાડું, નોકરોના પગારના, વિ. પરચુરણ ખર્ચના.
૧૩૯–૧૩–૩ મણીલાલ એમ શાહ ખાતે ઉધાર.
૩૩–૮–૦ શ્રી ફોટા ખાતે ઉધાર.
૨૦–૦–૦ લાલચંદ ભુદરદાસ ખાતે ઉધાર.
૪૩૯–૧૩–૩ ગઇ સાલના તોટા ખાતે ઉધાર.
૧૭૬૬–૩–૦ શ્રી પ્રબુધ્ધ જૈનના ખર્ચ ખાતે ઉધાર.
 ગાડીભાડું, ટ્રામ, ડેકલેરેશન, કાગળો, છપાઇ, ફોલ્ડીંગ, પોસ્ટેજ ખર્ચના, બ્લોક, નોકરોના પગાર વિગેરે પરચુરણ ખર્ચના.

૩૩૫૫–૦–૩
૨૪–૧૦–૦ શ્રી પુરાંત બાકી.

૩૩૭૯–૧૦–૩

આ ચોપડાનો હિસાબ વાઉચર્સો પ્રમાણે તપાસ્યો છે અને તે અમારી સમજ મુજબ બરાબર છે.

**છગનલાલ. એન. શાહ.**
**કાંતીલાલ ઇશ્વરલાલ મોરખીયા.**
ઓડીટરો.
તા. ૨૩–૧૨–૩૩

## સંવત ૧૯૯૦ ના કારતક શુદી ૧ થી આસો વદી ૦)) સુધીનું સરવૈયું.

**જ**

૭૨૫–૧૧–૩ શ્રી આવક ખાતે જમા.
 ૭૨૫–૧૧–૩ મેમ્બરોના લવાજમ તથા ભેટ વિ.
૧૭–૧૩–૬ મણીલાલ મહોકમચંદ શાહ ખાતે જમા.
૨૮૭–૬–૯ શ્રી નગીનદાસ સ્મારક ફંડ ખાતે જમા.
૦–૧૨–૦ શ્રી પર્યુષણ વ્યાખ્યાનમાળા ખાતે જમા.
૦–૧૧–૦ શ્રી દીક્ષા નિયામક નિબંધ ખાતે જમા.
૬૪–૧૧–૦ શ્રી જૈન યુવક પરિષદ ખાતે જમા.
૨૫–૦–૦ ઝવેરી મણીલાલ હરગોવિંદદાસ ખાતે જમા.

૧૧૨૨–૧–૬

**મણીલાલ. એમ. શાહ.**
**અમીચંદ ખેમચંદ શાહ.**
**રતિલાલ સી. કોઠારી.**
માનદ્ મંત્રીઓ.

**ઉ**

૭૬૩–૪–૬ શ્રી ખર્ચ ખાતે ઉધાર.
 ઓફીસ ભાડાના, નોકરોના પગારના, મહામંડળને ભેટ, તાર, ટપાલ, સ્ટેશનરી, છપાઇ, મુનિ સંમેલન અંગે પ્રચાર વિ. ખર્ચના.
૨૪–૪–૦ શ્રી જૈન યુવક મહામંડળ ખાતે ઉધાર.
૧૧–૦–૯ રતિલાલ સી. કોઠારી ખાતે ઉધાર.
૯–૮–૦ શ્રી ફોટા ખાતે ઉધાર.
૩–૧૦–૦ શ્રી તરૂણ જૈન ખાતે ઉધાર.
૧૦૦–૦–૦ શ્રી ભોજનશાળા કમીટિ ખાતે ઉધાર.
૧૯૫–૯–૬ શ્રી તોટા ખાતે ઉધાર.

૧૧૦૭–૪–૯
૧૪–૧૨–૯ શ્રી પુરાંત બાકી.

૧૧૨૨–૧–૬

આ ચોપડાનો હિસાબ વાઉચર્સો પ્રમાણે તપાસ્યો છે. અને તે અમારી સમજ મુજબ બરાબર છે.

**છગનલાલ એન શાહ.**
**કોઠારી જીવતલાલ ચંદ્રભાણ.**
ઓડીટરો.
તા. ૧૬–૧૨–૩૪

## સંવત ૧૯૯૧ના કારતક શુદી ૧ થી આસો વદી ૦)) સુધીનું સરવૈયું.

**જ**

૧૨૭૨-૧૧-૦ શ્રી આવક ખાતે જમા.
૧૯૬-૦-૦ મેમ્બરોના લવાજમના
૧૦૭૬-૧૧-૦ ભેટ ખાતાના.
જુદા જુદા ભાઇઓ તરફથી આવ્યા તે.

૧૨૭૨-૧૧-૦
૧૮૭-૬-૯ શ્રી નગીનદાસ સ્મારક ફંડ ખાતે જમા.
૨૫-૦-૦ ઝવેરી મણીલાલ હરગોવિંદદાસ ખાતે જમા.

૧૪૮૫-૧-૯

**મણીલાલ એમ શાહ.**
**અમીચંદ ખેમચંદ શાહ.**
માનદ્ મંત્રીઓ.

**ઉ**

૬૪૨-૩-૩ શ્રી ખર્ચ ખાતે ઉધાર.
પરચુરણ ખર્ચ, છપામણી, નોકરોના પગાર, પ્રચાર, પોસ્ટેજ, સ્ટેશનરી, મકાન ભાડાના, ભોજનશાળા કમીટિ. વિગેરે ખર્ચના.
૨૩૭-૧૪-૯ શ્રી તરૂણ જૈન ખાતે ઉધાર.
૩૩૦-૮-૩ મણીલાલ મોહકમચંદ શાહ ખાતે ઉધાર.
૧૧-૦-૯ રતિલાલ સી. કોઠારી ખાતે ઉધાર.
૨૩૩-૨-૯ શ્રી તોટા ખાતે ઉધાર.
૯-૮-૦ શ્રી ફોટા ખાતે ઉધાર.
૨-૦-૦ માણેકલાલ એ. ભટેવરા ખાતે ઉધાર.
૭-૮-૦ સંઘવી શિવલાલ ઝવેરચંદ ખાતે ઉધાર.

૧૪૭૩-૧૩-૯
૧૧-૪-૦ શ્રીપુરાંત બાકી.

૧૪૮૫-૧-૯

આ ચોપડાનો હિસાબ વાઉચર પ્રમાણે તપાસ્યો છે અને તે મારી સમજ મુજબ બરાબર છે.

**જેશંગલાલ પુનમચંદ શાહ.**
ઓડીટર.

તા. ૯-૧-૧૯૩૬

---

(**ભૂત અને વર્ત્તમાનકાળ વચ્ચે.** પૃષ્ઠ ૫ નું ચાલુ.)

ભુલી જઇ વર્ત્તમાનકાળની ધરેડમાં ધસડાયા કરીશું તો અવશ્ય મોટા ખડક સાથે અથડાઇ ચૂરેચૂરા થઇશું તે નિઃસંદેહ છે.

આ બાબતો સિવાય હજી 'પૂજા' 'સામાયિક' 'પૌષધ' 'મૂર્તિ પૂજા ને આંગી' વિગેરે ઘણી બાબતો ચર્ચવાની બાકી રહેલ છે. પણ સમયના અભાવે તે બાબતો ભવિષ્ય ઉપર ચર્ચવા વિચાર છે.

મારાં આ લખાણથી કેટલાંક રૂઢીચૂસ્તસમાજમાં અવશ્ય ફફડાટ થશે. 'નાસ્તિક' વિગેરે માનવંતા વિશેષણોથી નવાજશે. છતાં તેથી હતાશ થઇ સત્યવસ્તુનું પ્રરૂપણ ન કરવું તે મારી દૃષ્ટિએ અયોગ્ય લાગતાં ભૂત-વર્તમાનની સત્ય વસ્તુસ્થિતિ, સમાજની થતી અધોગતિ ટળી કોઇ પણ રીતે ઉન્નત દશામાં આવે તેથી જનતા સમક્ષ નિવેદન રૂપે જણાવી છે. યોગ્ય લાગે તે પ્રમાણે ગ્રહણ કરવું. ફાયદાકારક ઔષધ આપવું તે હિતસ્વીની ફરજ છે એમ સમજી જૈન સમાજના ચરણે આ કટુ ઔષધ ધરૂં છું. અસ્તુ !

**શિવલાલ ઝવેરચંદ સંઘવી.**

---

(કિરણ પૃષ્ઠ ૬ નું ચાલુ.)

જિનકલ્પી મહા મુનિરાજ આત્મજ્ઞાની ન હોય તો; અને અવિરતિ ગૃહસ્થ આત્મજ્ઞાની હોય તો જિનકલ્પી મુનિ કરતાં અવિરતિ ગૃહસ્થ અનંતગણો દયાવાન છે.

જ્યાં આત્મજ્ઞાન છે ત્યાં જ સર્વ શ્રેષ્ઠ દયા અને સર્વ શ્રેષ્ઠ બ્રહ્મચર્ય છે. અજ્ઞાન એ જ ભાવ અબ્રહ્મચર્ય છે. જે અબ્રહ્મચર્ય સમયે સમયે અનંતા ઘાતીકર્મબંધનું કારણ બને છે.

વ્યવહારશુધ્ધિની વિશિષ્ટતાથી જ લોકોત્તર નિશ્ચયધર્મ સુખે કરી પ્રાપ્ત થાય છે.

જિનમાર્ગમાં કહેલા પ્રતિબંધો બાલજીવોને હિતકારી છે પણ આત્મજ્ઞાનીઓને તે બંધન રૂપ છે.

જૈનશાસ્ત્રો પણ બાલજીવોને માટે છે. પ્રાજ્ઞ પુરૂષોને વિચારણીય.

**બ્રહ્મચારી જિનેન્દ્રવિજય.**

---

# મોક્ષ વાંચ્છના.

જન્મ-મરણ નહિ નામ તે મુક્તિ,
સુખ-દુઃખનું નહિ કામ તે મુક્તિ;
અનંત-શાશ્વત ધામ તે મુક્તિ,
'મુક્તિ' મુજે ન મળશે કે ?

શિશુવય સઘળી રમતે ગાળી,
યૌવનમાં શુભ કર્મ વિસારી;
ધર્મ ભૂલી કીધ કરણી કાળી,
પાપ પડળ શે ખુલશેરે !

સંત-સાધુમાં શ્રધ્ધા ના રહી,
વીર-વાણી જીરવાય નહિ;
આયુષ્ય આખું જાતું વહી,
જગ માયા કેમ ટળશે રે ?

પરભવમાં કંઇ પુણ્ય કરેલાં,
આ ભવ માનવદેહ વરેલાં;
પણ માનવ જન્મે પાપ ભરેલાં,
કહો કયાંથી મુક્તિ મળશે ?

આવી આયુષ્ય આરે ઉભો,
શુન્ય તણો સરવાળો કીધો;
અંતર ખૂબ પસ્તાવો કીધો,
મુક્તિ મને શે મળશે ?

"શાન્તિકુમાર"

# જીગરને જલાવી દેતાં જલસાઓ.

રાત્રીના સાડા નવ વાગ્યા હતા. ફાનસના આછા પ્રકાશમાં પુસ્તક વાંચતો હું બેઠો હતો: ત્યાં તો બારણું ખખડયું અને માજી, લલીતા બ્હેન અને નાની કુસુમ હર્ષાવેશથી અંદર ધસી આવ્યાં.

આજે લાલબાગમાં મોટો જલસો હતો. રામવિજયને આચાર્ય બનાવવાના હતા. તે નિમિત્તે આઠ દિવસ પહેલાંથી અઠ્ઠાઇ-મહોત્સવ ચાલતો હતો. દરવાજામાં પ્રવેશતાં તો આંખને આંજી દે એવી રોશની ઝળહળી રહી હતી. ઉપાશ્રયની અંદર જાતજાતનાં દેખાવો કરવામાં આવ્યાં હતાં. એક દેખાવ પાલીતાણાના ડુંગરનો ખ્યાલ આપી રહ્યો હતો: માટી અને લાલ-લીલા રંગની મદદથી ચણાયેલા ડુંગરની અંદર થોડું પાણી નાખી તેમાં માછલાં આદિ જલચર જીવોનાં રમકડાં તરતાં મૂકી શત્રુંજીનદીનો ખ્યાલ આપવામાં આવ્યો હતો. ડુંગર ઉપર વાઘ, વરૂ, સિંહ વગેરે હિંસક પ્રાણીઓના રમકડાં ડુંગરની ભયંકરતા દેખાડતા હતા. વચમાં વચમાં રંગીન ઘાસ નાખી ઘોર અરણ્યનું દશ્ય ચિતરવામાં આવ્યું હતું. મોતીશા આદિની નવટુંકોનો દેખાવ પણ ઠીક હતો. એવાં તો બીજા કેટલાંય દેખાવો રચવામાં આવ્યાં હતાં.

ઉપાશ્રયની વચમાં ભાવના ચાલતી હતી. ભાવના ભાવવાવાળા ભાડુતી ભોજકો હતા. પ્રભુની ભકિતની ખાતર નહિ...પણ વટની ભક્તિની ખાતર બે-ચાર જૈન સ્તવનો મોઢે કરી-રાગડા તાણી-ભોળા વાણીઆઓને ખુશ કરવામાં તેઓ પાવરધા હતા. બિચારા જૈનોને-પોતાના અમૂલ્ય સંગીતદ્વારા મોક્ષ અપાવવાનો-તેમનો ઉપકાર મોક્ષમાં ગયા પછી પણ ભૂલાય એવો નથી. મધ્યમાં ભોજકોના છોકરાઓને નાટકી ડ્રેસો પહેરાવી ભગવાનની સન્મુખ નાચ કરવા માટે ઉભા કરવામાં આવ્યા હતા. કોઈના હાથમાં કૃષ્ણ ભગવાનની વાંસળી હતી તો કોઇના હાથમાં ખંજરી હતી. તો કેટલાક છોકરાંઓ ઘુઘરા બાંધેલા પગને જમીનપર તાલથી પછાડી, ખાલી હાથના લટકા કરી તીણાં સ્વરે ગાતાં હતાં: ત્યારે એક મોટો છોકરો મોઢામાં રૂમાલ નાંખી કમ્મરથી નીચો વળી જાણે કે તેની વાંસળીથી સર્પ ડોલતો હોય તેમ 'મદારી નૃત્ય' કરતો હતો. ભગવાને કદાચ એ નૃત્ય ખાસ જોવા માટે આશા કરી હોય! ભગવાને એ નૃત્ય જોઈ, આફ્રીન થઇને તેને કંઈક ઇનામ આપ્યું હશે કે કેમ તે શી રીતે જાણી શકાય?

તબલાની છેલ્લી થાપ પડી અને એ નાચ બંધ થયો. અને બે જુવાનીઆઓ હાથમાં દાંડીયા લઇ ઉભા થયા. તેઓએ પહેલાં ભેગાં થયેલાં સ્ત્રી-પુરૂષો તરફ નજર ફેંકી અને પછી પ્રભુને પ્રણામ કરી રાસ શરૂ કર્યો. સાથે કાંસીજોડાનો રણકાર ચાલુ જ હતો. તાલની ઝડપ વધી. રમનારાઓએ ધોતીઆ ઉંચા લેવા માંડયા, પદ્ધતિ વિનાની કૂદાકૂદ શરૂ થઇ. નીચે બેઠેલાંઓએ દૂર દૂર ખસવા માંડયું. એક જણ હોંશિયારી બતાવવા નીચે બેસીને ખેલવા લાગ્યો. થોડીવારે બીજો પણ બેસી ગયો. પછી સુતાં-સુતાં રમવા લાગ્યાં. ખરો રંગ જામ્યો અને લોકોએ તાળીઓનો ગડગડાટ મચાવી મૂકયો. બહારનો કોઇ જોનાર હોત તો તેણે આ કળા-વિહિન રાસને આખલાની કૂદાકૂદની ઉપમા દીધી હોત! બૈરાંઓ છોકરાંઓને તેડીને ધકકો મારતાં મારતાં સૌથી મોખરે આવવા પ્રયાસ કરતાં હતાં તેમનો અને તેમનાં બચ્ચાંઓનો હરખ (હર્ષ) માતો નહોતો.

આપણી રંગભૂમિમાં રાજા સિંહાસનપર બેસે અને એના દરબારમાં વારાંગનાઓનું નૃત્ય-સંગીત ચાલતું હોય એવો દેખાવ હાલ થઇ રહ્યો હતો. રાજા ખુશ થઈને ઇનામ આપે તેમ ભગવાન પણ આપતા હશે કે કેમ. એ વિચાર ન કરીએ તો પણ એક વસ્તુ તો ચોકકસ જ છે કે: આવા ધત્તીંગોને પ્રભુ-ભકિતમાંથી કાઢી લેવામાં આવે તો તેમાંની દશમા ભાગની પણ ગીરદી ન હોય. જલસો ખતમ થયા પછી રોજ કંઇને કંઇ પ્રભાવના તો હોય જ. પ્રભાવના ગીરદીને પચાસગણી વધારી દે છે.

હાથમાં કળીના લાડુ લઇને સૌ ઘરમાં પ્રવેશ્યા. પેસતાંની સાથે જ માએ પૂછ્યું: "અલ્યા રમણ! તું ગયો નથી હજી સુધી?

કંઇ જાણતો ન હોઉં એમ મ્હેં પૂછ્યું: "કયાં?"

"લાલબાગ! નકામો બેઠો બેઠો ચોપડા ફેંદયા કરછ. તો ઘડીક દર્શન કરી આવતો હોય તો? જરા જો તો ખરો કે ત્યાં કેવું કેવું જોવાનું છે? અને ગીરદી તો જાણે માયજ નહિ!"

"એમ! એમ!" મ્હેં મશ્કરીથી પૂછ્યું.

"બા! એ તો દર્શન કરીને જ આવ્યા છે. એમને ભગવાનનું મોઢું નથી ગમતું." લલીતાએ મશ્કરીનો પ્રત્યુત્તર આપ્યો.

"ભગવાન કંઈ મારી નાખે છે! આજકાલના છોકરાઓ એવા બગડી ગયા છે કે......"

બાને આગળ બોલતાં અટકાવીને ગંભીર થઇને હું બોલ્યો: "અમે કેમ બગડીએ છીએ તે તું જાણે છે?"

"ના, કેમ?"

"જો, હું ત્હને આજનો જ દાખલો આપીશ. ત્હમે બધા જાણો છો કે રામવિજય મહારાજને આચાર્યની પદવીએ બેસાડવાના છે. હમણાં તો એ ડાહ્યા ડમરા થઇને બેઠા છે. ચાર પાંચ વરસ પહેલાંની વાત તો તું જાણે છે ને? કેટકેટલાંને તેણે નસાડયાં છે-ભગાડયા છે? જુવાન જોધ જેવાં છોકરાંઓને એકાએક છાનામાના મુંડી નાખી તેમનાં સગાં-વ્હાલાંઓને કેવા રઝળાવ્યા છે-રડાવ્યા છે. તે તું ભૂલી ગઇ? કેટકેટલું એણે તોફાન મચાવ્યું હતું? ખંભાતના કાંતિલાલની વાત વિસરાઇ ગઇ નથી. તુરતમાં જ પરણેલા એ કાંતિલાલની વહુના હૃદયને કેટલો આઘાત લાગ્યો હશે! એ તો કાલે પરણીને કાલે રાંડી! જીવનની આશાઓનું એના હૃદયમાં શું શું મંથન નહિ થતું હોય! એ સઘળી આશાઓના ચુરા કરનારને એણે શું શું શ્રાપ નહિ દીધા હોય! એમ કરવાનો તેનો શું અધિકાર હતો? મોક્ષના ઇજારા રાખી બેઠેલાઓના લક્ષણ આવાં

પાપી હશે ? તે દિવસે તું જ નહોતી કહેતી કે: "આ તો સાધુ છે કે પઠાણ ?" આજે એ ક્યાં ભૂલાઇ ગયું ?"

આ તો સાંભળીને ઠંડી જ થતી હતી. ફરાક બદલીને ન્હાની કુસુમ પણ મ્હારા સામું જોતી સામે બેસી ગઇ. મેં આગળ ચલાવ્યું.

"એકલા ખંભાતમાં જ નહિ પણ જ્યાં જ્યાં રામવિજયના પગલા પડ્યા છે ત્યાં ત્યાં બધે જ આવી હૈયા હોળી સળગી છે. એ આજે આચાર્ય બનીનેય શું ઉકાળશે ? આચાર્યના ગુણ–લક્ષણો અને લાયકાત એનામાં સંપૂર્ણપણે ખીલ્યાં છે ? આજે તો આચાર્યની પદવી ઘણી સસ્તી થઇ ગઇ છે"

"ભાઇ તમને ખબર છે કે નેમવિજય અને આણંદસાગર પણ એમના ચેલાઓને આચાર્ય બનાવવાના છે ?" વચમાં લલીતાએ યાદ આપી.

"હા ! હા !, હું જાણું છું. બધાં થઇને નવેક જણને એ પદવી અપાશે એમ મ્હેં સાભળ્યું છે. (થમાં નવના સત્તર). ઉપાશ્રયની ચારે દિવાલોમાં કૂદાકૂદ કરનારાઓ આચાર્ય થઇને જૈન સમાજનું શું દળદર ફીટાવવાના છે ! એ પદવીએ પધરામણી કર્યા પછી તેઓ જગતને રજ માત્ર પણ લાભ કર્તા થવાના છે ? ક્યાં અસલના વખતના શ્રી હીરવિજયજી, શ્રી આત્મારામજી, શ્રી વિજયધર્મસૂરિજી જેવા પ્રખર આચાર્યો અને ક્યાં આજના આ ખૂણામાં ભરાઇ રહેતા બાવાઓ ! એમને જગત્‌માં કોણ ઓળખે છે ! જગત્‌ના–જાહેર–ધાર્મિક ચોકમાં ત્હેમનું સ્થાન ક્યાં છે ? નાહકના ભોળા શ્રાવકોની લક્ષ્મી શા માટે વેડફાવી નાખતા હશે ! અને એમના નિમિત્તે થતા આ અઠ્ઠાઇ–ઓચ્છવોના જલસાઓ......!"

"પણ અઠ્ઠાઇ ઓચ્છવમાં શું ખોટું થાય છે ?" માને થોડુંક સત્ય તો સમજાયું પણ જુની માન્યતાના જોરે એમનાથી રહેવાયું નહિં.

"કોઇ આ જાણે તો ત્હમને નાસ્તિક જ ધારે" અંદર ભરાઇ રહેલા વિચારોને લલીતાએ આ પ્રમાણે મોકળા ર્ક્યા.

"હું નાસ્તિક નથી થયો તો હવે પૂરેપૂરો થઇશ. અને ત્હમને બધાંને પણ નાસ્તિક બનાવીશ."

આ સાંભળી ઘેલી કુસુમને હસવું આવ્યું. કોણ જાણે, શા માટે ? 'હવે હું ચાલુ વિષય ઉપર આવું છું' મારું ભાષણ આગળ વધ્યું.

"શાસ્ત્રમાં કશુંય ખોટું નથી. પદવી પ્રદાનનો ધર્મ પણ ખોટો નથી. અને અઠ્ઠાઇ મહોચ્છવો પણ ખોટાં નથી.: પણ આપણે જ ખોટાં છીએ. અને ધર્મને પણ ખોટા સ્વરૂપમા આચરીએ છીએ. એ ઓચ્છવોમાં નાટકી ઢંગ સિવાય બીજું શું છે ! બિચારા અજ્ઞાન છોકરાંઓને નચાવવામાં અને જુવાનીઆઓ કઢંગી રીતે દાંડીઆ રમતા કૂદાકૂદ કરે એમાં જ આપણે ભગવાનની ભક્તિ થતી માની છે. ભગવાનને આવા ભોગ–વિલાસ ગમતા હશે ! અરિહંતની મૂર્તિની કેટલી અવહેલના થાય છે તેનું આપણને જરાએ ભાન છે કે ! અને હું તમને પૂછું છું કે: આવા ધુમધડાકા અને લાલચમય લ્હાણી ન હોત તો ત્હમે ત્યાં જાત કે ? આપણને દંભ જ ગમે છે."

થોડી વાર શ્વાસ લીધો અને કુસુમે પાણી આપ્યું તે પીધું. પછી આગળ ચલાવ્યું. "અને શ્રાવકોની લક્ષ્મી પણ કેવા ઉંધા માર્ગમાં વપરાવવામાં આવે છે ! આજે કેટલાંય ભણેલાઓને નોકરી

(અનુસંધાન જુઓ......પૃષ્ઠ......૧૪ મું.)

# ૧૦૦૮ આચાર્ય શ્રી સાગર ભગલા સૂરી.

જાણે કે વાત એમ છે કે અમેરીકન મી. જીલેટે સેફ્ટી રેઝરની શોધ કરી. ને જાહેરમાં મૂકી ત્યારથી ભગલા નામક એક માનવી આચાર્ય (હાલના આચાર્ય શ્રી સાગરભગલાસૂરી)ના પૂજ્ય પિતાશ્રી વેલજી સાવ બેકાર થઇ ગયેલા. ભૂખમરાથી એમના પૂજ્ય પિતાશ્રીના થએલા અવસાન પછી એ હજામતની થેલીનો વારસો ભગલાને હાથ લાગ્યો. પણ એક તો સામાન સરંજામ બહુ જૂની ઢબનો અને વતુ કરવામાં ભગલો જરા ઓછો કુશળ એટલે જીલેટના સેફ્ટી રેઝરની હરિફાઇમાં એમનો દાણો આંજતો નહિ. પરિણામે એમને દિલે વૈરાગ વસ્યો. અને સાધુસંતોનો સમાગમ ઘણી વેળા મગજને અને કોઇ વેળા પેટને પણ આરામ આપે છે એ તત્વજ્ઞાન તારવીને મી૦ ભગલાએ સાધુ સંતોનો સમાગમ સેવ્યો. વખત જતાં એમના બાપના વેળાનો એક અજો મોચી જે બાટા બુટની હરિફાઇમાં હારીને જૈન સાધુ બની બેઠેલો એ મી૦ ભગલાને મળી ગયો. જૈન સાધુ થવાથી ખાવાની ચિંતા દૂર થશે. કપડાંની ચિંતા દૂર થશે. બધ્ધાં પુરૂષો અને સ્ત્રીઓ પણ પગે લાગશે. ઇત્યાદી સાધુતાના ફાયદાનું એણે વર્ણન કર્યું. જેના દિલમાં જૈનત્વ પ્રત્યે રાગ ઉત્પન્ન થતો હતો એવા મી૦ ભગલાએ જૈનધર્મ વિષે દીક્ષા અંગીકાર કરી ભગલાસાગર નામ ધારણ કર્યું.

પછી તો એ ભગલાસાગરે જૈનધર્મને વિષે ચારે દિશામાં ડંકો વગાડ્યો. અને સેંકડોની સંખ્યામાં મોચી, ઘાંચી, લુહાર ઈ૦ ના છોકરાઓને જૈનધર્મની દિક્ષા આપી હવી. પાંચવર્ષના બાળકના દિલમાં પણ એણે સારૂ ખાવા પિવાને વિષે ખાત્રી આપીને દિક્ષા આપવા માંડી. ઇતર ધર્મીઓ તરફથી ભગલાસાગરને નામે નિંદા થવા લાગી. પણ પોતીકા ધર્મવિષે કસોટી થતી હવી માનીને ભગભાસાગર એમના કાર્યમાં વજ્રલેપ જેવા બનીને અડગ રહ્યા.

આમ એમના તપનો પ્રભાવ અમેરીકન મી. જીલેટનાં સ્થિર આસનોને ડગાવી રહ્યો. એમણે જૈનધર્મના સિદ્ધાંત અનુસાર લોચ કરવાનો ઝંડો ફેરવ્યો અને મી૦ જીલેટની પ્રસરતી જતી પ્રવૃત્તિને જબ્બર ધક્કો લાગ્યો.

આવા આ મહાપુરૂષને પોતાની કોમ વિષે પાકેલો જોઇને અને પોતાના ઉદ્ધારક તરીકે માનીને સમસ્ત હજામોની જ્ઞાતિએ એકત્ર થઇને ભગલાસાગરને આચાર્યપદ્વિ સુપ્રત કરી. અને મુનિશ્રી ભગલા સાગર આચાર્ય શ્રી ભગલાસાગરસૂરીને નામે વિખ્યાત થયા.

ધર્મને વિષે જેની શ્રદ્ધા સુરજના કિરણ જેવી સોનેરી છે તે આચાર્ય શ્રી ભગલાસાગરસૂરીના જીવનનો વધુ ભાગ હવે પછી આવશે.

# શ્રી અમૃતલાલ કાળીદાસ શેઠને ખુલ્લો પત્ર.

**સાહેબ,**

આપ મુંબઇના શેરબજારના એક ડીરેકટર છો. ભારતીય શ્વે. જૈન સંઘની પ્રતિનિધિ સંસ્થા સમી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિ છો. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ટ્રસ્ટી છો શ્રી જૈન સ્વયંસેવક મંડળના પ્રમુખ છો અને સાથે વર્તમાનકાળે સુધારાના નામે રજુ કરવામાં આવતા વિચારોના પોષક પણ છો.

આપને એ યાદ હશે કે: શ્રી રામવિજયજીએ બાળદીક્ષાને નામે ચલાવેલી ભયંકર પ્રવૃત્તિ અને એ પ્રવૃત્તિના પ્રતાપે આખા સમાજમાં વ્યાપી ગયેલી આંતરકલહથી સમાજની જે છિન્નભિન્ન દશા થઇ છે તે સ્હામે જાહેર પ્લેટફોર્મ પરથી આપે ઘણીય વખત ઉગ્ર શબ્દોમાં જાહેર વિરોધ નોંધાવ્યો છે-રામવિજયજીને દોષિત જાહેર કર્યા છે.

આપ એ પણ કબુલ કરશો કે: આપે વખતો વખત જાહેર કરેલા પ્રગતિમય વિચારો અને પ્રેરક ભાષણોથી આકર્ષાઇ મુંબઇમાં ભરાયેલી સ્વયંસેવક મંડળની પરિષદે આપને કાયમી પ્રમુખ બનાવ્યા છે.

આપની કાર્ય કરવાની શક્તિ, વિચારોની મક્કમતા, સમાજની સેવા કરવાની ધગશ, અને કોન્ફરન્સમાં આપની અખંડ શ્રધ્ધા અને ભાવથી પ્રેરાઇને જ જૈન જનતાએ મુંબઇમાં ભરાયેલી કોન્ફરન્સના સ્વાગત પ્રમુખ તરીકેના માનથી આપને નવાજ્યા હતા. એ હકીકતનો આપ ઇન્કાર કરી શકો છો ?

અને આપ એ તો નહિ જ વિસરી ગયા હો કે:-એક એક રૂપીઆ ઘેરઘેરથી માગીને પણ કોન્ફરન્સને મજબુત બનાવવાની અપીલ જાહેર પ્લેટફોર્મ પરથી આપે જ કરી હતી.

અને આપની આ કારકીર્દીના પ્રતાપે જ જૈન સમાજની ડગમગ ડોલાતી નૈયાને જે ભાઇઓ હલેસાં મારી આગળ ધપાવવા પ્રયત્ન કરી રહ્યા છે તેમાંના અગ્રગણ્ય નાવિકોમાં આપનું નામ ગણાતું આવ્યું છે.

પરંતુ અફસોસ ! આપે એક જબ્બર પલટો ખાધો અને આપ આબાદ રીતે સ્થિતિચુસ્તોના ટોળામાં ઘુસી ગયા. એ સ્પષ્ટ હકીકત છે.

મને અને મારા જેવા બીજા અનેકને આ પલટો જોઇ સખ્ત આઘાત થયો છે અને પ્રગતિમય વિચારો ધરાવનારી સંસ્થાઓએ આપનામાં મુકેલો વિશ્વાસ નિરર્થક કર્યો છે. આપના સાથીદારોને, આપનામાંથી પ્રેરણા મેળવનારાઓને આપે નિરાશ કર્યા છે. એમ કહેવું જરાય અતિશયોક્તિ ભર્યું છે ખરૂં ?

આમ પવન જોઇ પીઠ ફેરવનારા આપના જેવાઓને ઓળખવા માટે કયી જાતનું માપ નક્કી કરવું એ પણ એક વિકટ કોયડો જ છે ને ?

સ્થિતિચુસ્તો છડેચોક બોલી રહ્યા છે કે: અમે સાચા જ હતા અને છીએ. અને તેથી જ સુધારક ગણાતા અને કોન્ફરન્સ જેવી મહાસભાના સ્વાગત પ્રમુખ અને માજી સેક્રેટરી અમને સાથ આપવા લાગ્યા છે. આજ પ્રગતિકારક વિચારો ધરાવનારાઓની અને કોન્ફરન્સ જેવી મહાસભાની ઠેકડી ઉડાવવામાં તેની નિંદા કરવામાં આપ આડકતરી રીતે સ્હાયભૂત નથી બનતા ?

મારી અને મારા જેવા વિચારો ધરાવનારાઓની એક જ માગણી છે કે: આપ એક જાહેર નિવેદન દ્વારા આપની સ્થિતિ સ્પષ્ટ કરો કે જેથી જૈન જનતા આપનું સાચું માનસ સ્હમજી શકે. આપમાં આંધળો વિશ્વાસ મૂકનારાઓને તો દુધ-દહીંમાં પગ રાખવાની નીતિ આપના માટે અને સમાજને માટે ભયંકર છે એ આપ જલદી સ્હમજી લ્યો તેટલું વધારે સારૂં છે.

છેલ્લે મને સ્હમજાય છે કે: મ્હેં સખત શબ્દોમાં લખ્યું છે પરંતુ મ્હારો આશય શુધ્ધ છે તેની હું ખાત્રી આપવા માગું છું. છતાં દુઃખ થાય તો માફ કરશો. કારણ કે જૈન તરીકે આપનો અને મારો ધર્મ છે કે પરસ્પર ક્ષમા આપી અંતઃકરણ શુધ્ધ કરવું. હાલ એજ.

"રમેશ મહેતા"

## એક સરસ છાત્રાલય !

**મે. તંત્રી સાહેબ,**

અંગત કામો માટે ગયા રવિવારે અમદાવાદ ખાતે હું હતો. તે દિવસે રાત્રે શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયની જયંતિનો મેળાવડો હતો. જીજ્ઞાસાવૃત્તિથી હું તે જોવા ગયો.

પંડિત સુખલાલજી પ્રમુખ હતા. મેળાવડાની આખીય યોજના નવિન હતી. અંગકસરતના ખેલો, નાટ્ય પ્રયોગો, હાસ્યના પ્રસંગો રાસ ૯૦ કાર્યક્રમમાં વપરાતા પરદા અને સામાન પણ બાળકોએ જ તૈયાર કરેલા.

આજે નાખતી ભભક ત્યાં નહતી. ખોટી ધાંધલ ત્યાં ન હતી. શાંત રીતે સૌ પોતપોતાનું કામ સાદાઇથી કરી જતા હતા. જયંતિઓ ઉજવવાની આ રીત આપણે ત્યાં મેં પહેલી જ જોઇ. બીજા જૈન છાત્રાલયોને આ રીત અખત્યાર કરવા જેવી છે.

ઉપરોક્ત છાત્રાલય પચ્ચીસ વર્ષ પહેલા ફક્ત પાંચ જ વિદ્યાર્થીઓથી શરૂ થયું હતું. આજે તેમાં એકસાને પાંત્રીસ વિદ્યાર્થીઓ છે. રહેવા અને અભ્યાસની અહિં સરસ સગવડ છે. એક લાખને એંસી હજારનું મકાન છે. ટ્રસ્ટીઓ મારફત આજની વ્યવસ્થા છતાં એમાં મુખ્ય દોર શેઠ ચીમનભાઇના ધર્મપત્નિ માણેકબ્હેન અને પુત્રી ઇન્દુમતી રાખે છે. એટલે આવા સરસ છાત્રાલયના સંચાલનનું માન તેમને ઘટે છે.

આ છાત્રાલયમાં દર વર્ષે ખુબ અરજીઓ વિદ્યાર્થીઓની આવે છે પણ અહિં લાગવગ નથી ચાલતી. ગરીબ કે શ્રીમંતને અહિં સરખો ન્યાય છે એજ વહીવટની વિશિષ્ટતા છે.

ગુજરાતના અન્ય જૈન છાત્રાલયોના ચાલકો આ જુએ અને પોતાને ત્યાં રહેલ ત્રુટિઓ સુધારા કરે એમ હું ઇચ્છું છું.

આપનો,

**મણીલાલ. એમ. શાહ.**

# સમાચાર.

**પુત્રીને પુત્ર જેટલો હિસ્સો**—ભાવનગર ખાતે જાણીતા શહેરી ને જૈનધર્મ પ્રસારક સભાના સેક્રેટરી શ્રી કુંવરજી મુળચંદના સુપુત્રી બબુબેનના લગ્ન વૈશાખ વદી–૧ ના થશે આ લગ્નમાં કન્યાના પિતાએ પોતાની પુત્રીને, પુત્રોની માફક પોતાની મિલ્કતનો સરખો હિસ્સો આપવાનો નિશ્ચય કર્યો છે. જે જૈન સમાજે અનુકરણ કરવા ને વખાણવા લાયક છે.

**શ્રાવિકાશ્રમની ઉદ્‌ઘાટન ક્રિયા**—પાલીતાણા શ્રી શ્રાવિકાશ્રમની ઉદ્‌ઘાટન ક્રિયા ત્યાંના મહારાણીશ્રીના હાથે કરાવવામાં આવી હતી. અને તે દિવસની સભાના પ્રમુખ પણ તેઓ જ હતાં. તેઓ શ્રાવિકાશ્રમના કાર્યથી સંતોષ પામી પોતાના ઉદાર હાથે રૂ. ૫૦૦] નું શ્રાવિકાશ્રમને દાન કરી બીજા રાજ્યના મહારાણીઓને અનુકરણશીલ રસ્તો બતાવ્યો છે તેમનું આ પગલું ખરેખર પ્રશંસનીય છે.

**સાધુમાંથી ફરી સંસારી**—પાલીતાણા ખાતે રહેતા કલ્યાણવિમળ સાહિત્યરસિક નામના સાધુ પાસે દોઢેક માસ પહેલાં પુનાના વતની શેઠ શીવનાથ લુંબાજીના પુત્ર ચંદુલાલ ઉર્ફે શાન્તિલાલ દીક્ષા લઇ તેમના શિષ્ય બનેલ. અને ચંદ્રવિમળ નામ ધારણ કરેલ, તેના અને તેના ગુરૂ બન્ને વચ્ચે મતભેદ થતાં ચંદ્રવિમળ, વિજયગચ્છના સાધુ પાસે જઇને ચંદ્રવિમળને બદલે ચંદ્રવિજય બન્યા હતા. ત્યાં પણ તેને આ સાધુ જીવનથી કંટાળો આવતાં તેણે દીક્ષા છોડી દઇને ફરી સંસારમાં પ્રવેશ કર્યો છે જે બનાવે જૈન સમાજમાં ખૂબ ખળભળાટ મચાવ્યો છે.

**વ્હોરવા જતાં સંસારી બન્યા:**—અમદાવાદ હાજાપટેલની પોળમાં પગથીઆના ઉપાશ્રયે આ. સિદ્ધિસુરિ પોતાના શિષ્યો–પ્રશિષ્યો સાથે રહે છે. તેમના એક શિષ્ય નંદનવિજયજી, જેમણે પાંચ વર્ષ પહેલાં કાચી ઉમ્મરે દીક્ષા લીધી હતી. અને તે હાજાપટેલની પોળમાં રહેતા હતા. જેનું સંસારી નામ નાનાલાલ નગીનદાસ હતું. તેઓ તા. ૨૧ ના રોજ સવારમાં પોતાને ત્યાં વહોરવા નિમિત્તે ગયા અને ઘરમાં પ્રવેશ કરતાં જ સાધુવેશ ઉતારી સંસારીવેશ અંગીકાર કર્યો. છેલ્લા કેટલાક વર્ષોથી દીક્ષા ત્યાગના કિસ્સાઓ બનતા આવે છે, તેમાં આ વેશપલટાએ સારી રીતે ચકચાર જગાડી છે. દીક્ષા દેનારા મુનિઓ કાચા વૈરાગ્યને આપવાનું બંધ રાખે અને પોતાની આબરૂ અને પ્રતિષ્ઠાને ચોકીપહેરી પણ જાળવી રાખે તો સારૂં.

**પ્રતિબંધ દૂર થયો**—ન્યાય–વ્યાકરણતીર્થ પં. શ્રી બહેચરદાસ જીવરાજ દોશી ઉપર પ્રવેશની અટકાયતનો જે સરકારી પ્રતિબંધ હતો તે દૂર કરવામાં આવ્યો છે. એમ થોડાક વખત પહેલાં સરકાર તરફથી જણાવવામાં આવ્યું છે.

**જૈન કુમારિકાનું વૃદ્ધ સાથે લગ્ન**—અમદાવાદના તા. ૨૯ એપ્રીલના જાણીતા પ્રતિષ્ઠિત વેપારી ચંદુલાલ કાળીદાસ શાહની આશરે ૧૭ વર્ષની પુત્રીના લગ્ન હાજાપટેલની પોળમાં રહેતા ૪૯ વર્ષે પહોંચેલા, ત્રીજવર મણીલાલ સાથે રાતો રાત થયા છે આ લગ્ન સામે કન્યાના પિતા ચંદુલાલનો મોટો વિરોધ હતો. પતિ–પત્નિ વચ્ચે આ લગ્ન સંબંધી મતભેદ પડવાથી છેલ્લા આઠેક દિવસથી શ્રી ચંદુલાલ બહારગામ ગયા હતા. વૈશાખ સુદી ૩ નું લગ્ન હતું તેથી તે લગ્ન કન્યાની માતા ન કરી નાખે તેની દેખરેખ રાખવા સગાં સંબંધીઓને સૂચના મોકલી હતી. પરંતુ અખાત્રીજનું મહુર્ત ગયા પછી શ્રી ચંદુલાલની ગેરહાજરીમાં કન્યાની માતા લીલાવતીએ પોતાની કન્યાનું લગ્ન મણીલાલ સાથે કરી નાખ્યું છે. આ બનાવથી જૈન કોમમાં સનસનાટી ફેલાઇ છે. અને આ પ્રકરણ આખી કોમમાં મહાન ચર્ચાનો વિષય બન્યું છે.

**જૈનબાળક–બાળિકાઓને ફ્રી પુસ્તકો**—શ્રી ખેડા જૈન મિત્રમંડળની અમદાવાદ ખાતે મળેલ મીટીંગમાં ઠરાવ કરવામાં આવ્યો છે કે આ મંડળના મેમ્બરોના તમામ છોકરા–છોકરીઓને ગુજરાતી ચાર ધોરણ સુધી તથા અંગ્રેજી ત્રણ ધોરણ સુધીનાને નિશાળમાં ચાલતી ચોપડીઓ આપવી. તેના ફોર્મ ધી મોડલ પ્રીન્ટરી. પાંચકુવા અમદાવાદમાંથી લઇ જવા. આ સ્તુત્ય પગલાં માટે મંડળને ધન્યવાદ, પરંતુ મંડળો આ સંકુચિતતામાંથી વિશાળતામાં આવી ખેડાના દરેક જૈન બાળક–બાળિકાઓને પાઠ્ય પુસ્તકોની સહાય કરશે.

---

**(જીગરને જલાવી દેતાં જલસાઓ**. પૃષ્ઠ ૧૨ થી ચાલુ)

ધૂંધવાતા ફાંફાં મારવા પડે છે! ગામ–પરગામથી કેટલુંય લોક પૈસા કમાવા રોજનું રોજ અહિં ઉભરાય છે! શું ખાવું અને ક્યાં સૂવું એ ચિંતા તો એમનાં હાડચામને નિરંતર બાળી નાખે છે. આર્થિક સ્થિતિ મંદ હોવાથી કેટલાય સુકોમળ વિદ્યાર્થિઓને અભ્યાસ બંધ કરી સંસારના, ઉપાધિ ચક્રમાં પીલાવું પડે છે! આપણા દેશના લાખ્ખો–કરોડોને એક વખત પૂરતું અન્ન અને શરીર ઢાંકવાને કપડાં પણ ક્યાં મળે છે? આવી આવી દુ:ખદ સ્થિતિઓ હોવા છતાં આપણને કંઇ સૂઝતું જ નથી. અને અંધશ્રદ્ધામાં દેરાસાઓને ગરીબોને વધારે ને વધારે ગરીબાઇની ગર્તામાં ધકેલીએ છીએ.

'જ્યારે જ્યારે આપણી આ કંગાલિયત તરફ નજર નાખીએ છીએ ત્યારે ત્યારે હૃદય અતિ ખિન્ન બને છે. અને હૃદયની ખિન્નતા એ જ 'સાચો ધર્મ !!' ગરીબો અને દરિદ્રો તરફ 'સ્નેહદૃષ્ટિ' એ જ 'સાચી સેવા !' એજ 'ઉત્સવો' અને એજ 'આસ્તિકતા !'

'અને બા! હવે તું જ કહે કે અમને એ જીગરને જલાવી દે એવા જલસાઓ જોવા કેમ ગમે? એ લુખ્ખા ઉત્સવો શે માણીએ! અને એમ માનવાની ધૃષ્ટતા પણ કેમ કરીએ કે પ્રભુ આવા દંભી, નાટકી અને અધાર્મિકતાના ખૂણામાં ભરાઇ બેઠા હશે?"

ઘડીઆળમાં બારના ટકોરા થયા. કુસુમે બગાસું ખાધું અને જોઇને બાને પણ બગાસું આવ્યું. "ચાલો હવે તો ઉંઘ આવવા માંડી." કુસુમને અત્યારે વાંચવા બેસવાનું મન થયું પણ લલીતાએ સ્હવાર ઉપર રાખ્યું. એમણે કપડાં બદલવા માંડ્યાં.

વિચાર અને નિદ્રામાં ઝોલાં ખાતી કુસુમ ઉંઘવા લાગી. પ્રભુનું નામ લઇને સૂતી કે એ જીગર જલસાઓના ભણકારા સ્વપ્નમાં પણ ન સંભળાય!

"નવિનચંદ્ર"

---

પત્ર અમીચંદ ખેમચંદ શાહે આનરરી પ્રીન્ટરી ... ગુલાલવાડી ... શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે ... પ્રગટ કર્યું.

15 June - 1936

8



# સુ • સ • વા • તા • વા • ય • રા.

## ટ્રસ્ટીઓની આપખૂદીઃ—

આપણા આંતરિક કલહને અંગે આપણા સામાજીક ખાતાંઓને બહુ જ સોસવું પડયું છે. મંદિરો, વિદ્યાલયો, શિક્ષણ સંસ્થાઓ, એસોસીએશનો અને ત્હેવાં બીજાં કેટલાંય ફંડોમાં આપખૂદી ચાલી રહી છે. જેમને ટ્રસ્ટી બનાવવામાં આવ્યા છે, તેઓ જ એ ફંડોના ધણી રણી બની બેઠાં છે. આંતરિક કલહે આપણી વ્યવસ્થાને તોડી પાડી છે. એક પક્ષના ટ્રસ્ટી ઉપર બીજો પક્ષ પ્રમાણિક પણે ટીકા કરતો હોય ત્હેને પણ આંતરિક કલહનું રૂપ અપાય છે. પરિણામે ટ્રસ્ટીઓ પક્ષોના બુરખા નીચે આપખૂદી ચલાવ્યે જ જાય છે. ફંડોના નાણાનો પોતાના મનસ્વીપણે ઉપયોગ કર્યે જ જાય છે. કેટલાંક ફંડો ચવાયાના દાખલાઓ પણ બન્યા છે. અને કેટલાંક ફંડોનો ઉપયોગ અંગત વેપાર વણજમાં કરી જો નફો થાય તો પોતાના ખાતામાં જમા કરી, નુકશાન જાય તો તે સંસ્થા ખાતે ઉધારાય. એ રીતની વાતો પણ કર્ણગોચર થાય છે. આ બાબત તરફ હવે આપણું લક્ષ્ય ખેંચવાની અનિવાર્ય આવશ્યકતા છે. આમ જનતા જો ઉપરોકત બાબત માટે જાગૃત બને તો એવા ટ્રસ્ટીઓને દૂર કરવા એ કોઇ અશકય બાબત નથી. મુંબઇમાં પાયધુની અને ભીંડી બજારને નાકે આવેલ શ્રી શાંતિનાથજી જૈન દેરાસરના ફંડમાં પણ કંઇ એવી જ પરિસ્થીતિ થઈ છે, એમ આજના પેપરમાં અન્ય સ્થળે પ્રસિદ્ધ થયેલ એડવોકેટ જનરલને કરેલ અપીલ જોતાં જણાય છે. શાંતિનાથજીના મંદિરનો માલીક જેમ સાગર સંઘ જાગૃત બન્યો છે. ત્હેમ અન્ય સ્થળે પણ જે જે સંઘ, કે સભ્યોની માલેકી હોય ત્હેમણે પોતાના ફંડનો કઇ રીતે ઉપયોગ થાય છે તે જાણી ત્હેને વ્યવસ્થિત બનાવવા માટે કટિબદ્ધ થવાની જરૂર છે. ખાસ કરીને ફંડોના હિસાબોને ઓડીટ કરાવવા. આમ જનતાની જાણ માટે સભાઓ બોલાવી આવક-જાવક ખર્ચ; જમાના હિસાબો રજુ કરવા, પ્રતિવર્ષ રિપોર્ટો બહાર પાડવા અને નાણાંની સલામતી રહે એ રીતે વ્યાજ ઉત્પન્ન કરવું એ જાતનો પ્રયત્ન થાય, તો ફંડો સંબંધીની ગેરવહીવટની ફરીયાદ સંભળાઇ રહી છે તે દૂર થાય.

## મુનિશ્રી મિશ્રીલાલજીના ઉપવાસઃ-

સ્થા. સંપ્રદાય જે ભિન્ન ભિન્ન સંઘાડાઓમાં વિભકત છે. તે એકત્ર બની સુધર્મગચ્છના સ્વરૂપમાં ફેરવાઈ જાય તે માટે મુનિ શ્રી મિશ્રીલાલજીએ પોતાની જાતનું બલિદાન આપ્યું છે. લગભગ પાંચ પાંચ મહીનાથી ઉપવાસ ચાલુ છતાં હજુ ત્હેનું કાર્યસાધક પરિણામ આવ્યું જ નથી. સમાજનું જ્યાં જડ માનસ, મૂડીવાદ જ જ્યાં સર્વોપરિ સત્તા ભોગવે છે ત્યાં મિશ્રીલાલજી જેવા અનેક પોતાની જાતનું બલિદાન આપે તો પણ ત્હેમના આદર્શને અમલમાં મૂકવો અશકય છે. મુનિશ્રી મીશ્રીલાલજી જે ઉપવાસ કરે છે, તે અમને બરાબર નથી લાગ્યા. પરંતુ ત્હેમણે જે મુદ્દા ઉપર પોતાની જાતને હોમી છે, તે સિદ્ધાંત ભકિત માટે ત્હેને ધન્યવાદ ઘટે છે. હવે વૈદ્યો અને ડોકટરોના નિવેદનો ઉપરથી જણાય છે કે ત્હેમની શકિત ક્ષીણ થતી જાય છે. આ પરિસ્થિતિમાંથી પણ માર્ગ થઈ શકે તેમ છે. પરંતુ અહિંના સંઘની સભાના આગેવાનો જોતાં એ આશા વધારે પડતી લાગે છે. કેવળ વ્યકિતગત વિરોધને ખાતર જ એક મુનિના પ્રમાણિક મુદ્દાને કચડી નાંખવો એ કોઇ પણ રીતે ઇષ્ટ નથી.

## સંઘ બ્હારનું શસ્ત્રઃ-

પ્રાચીનકાળમાં જ્યારે સંઘસત્તાનું અસ્તિત્વ હતું. પક્ષભેદ જેવું કંઇ ન્હોતું અને સર્વમાન્ય કાનુનોનું પાલન થતું હતું. ત્યારે કોઇ વ્યકિત એ કાનુનોનો જાણી બુજીને ભંગ કરતો કરાવતો કે તડાં પાડવાનો પ્રયત્ન કરતો ત્યારે સ્થા. સંઘપતિ સંઘ બોલાવી સંઘ સમસ્તની સમ્મતિથી ત્હેવી વ્યકિતને સંઘ બ્હાર કરી તેની પ્રતિષ્ઠાને તોડી પાડી જનતામાંથી ત્હેનાં સ્થાનને નાબૂદ કરી શકતા. પણ છેલ્લાં ત્રીશ ચાલીશ વર્ષથી સંઘબ્હાર કરવાની જે રીતિ નીતિ અખત્યાર કરવામાં આવી છે, તે ખરેખર શરમાવનારી છે. એ નીતિએ આજે સંઘસત્તાને નષ્ટ ભ્રષ્ટ કરી નાખી છે. સમાજ અનેક વર્તુલોમાં વિભકત બની ગયો છે. લાલન-શીવજીને સંઘબ્હાર કરી સમાજને શું હાંસલ મળ્યું છે? કેવળ વિખવાદ વધ્યા સિવાય ત્હેનું કશું પરિણામ આવ્યું નથી. ત્યાર બાદ પંડિત બહેચરદાસને ત્હેમના દેવદ્રવ્યના વિચારો જાહેર કરવા માટે અમદાવાદના સંઘે સંઘબહાર કર્યા. ત્હેનું પરિણામ એ આવ્યું કે સંઘબહારનું મહત્ત્વ ઘટી ગયું. પંડિત બહેચરદાસને અમદાવાદના સંઘે સંઘબ્હાર કર્યા પછી ઘાટકોપરમાં મુંબઇના તેમ જ ઘાટકોપરના સંઘનું જમણ હતું. ત્હેમાં પંડિત બહેચરદાસને ખૂબ માન-સન્માન પૂર્વક જમાડવામાં આવ્યા હતા. અને ત્હેમ કરી અમદાવાદના વ્યકિતત્વ ઉપર જબ્બર ફટકો માર્યો હતો. ત્યારથી સંઘસત્તાની પરિસ્થિતિ ભયમાં મૂકાઇ ગઇ છે. હજુ પણ વેલાસર ચેતવામાં આવે તો ઠીક છે. નહિતર ત્હેનું પરિણામ બહુ જ ભયંકર આવશે એ શક વગરની વાત છે. આજે જનતા જાગૃત છે. ત્હેને શું ગમે છે અને શું નથી ગમતું એ એ બરાબર સમજે છે. કેવળ વિચાર સ્વાતંત્ર્ય ધરાવવાને માટેજ એવું શસ્ત્ર ઉગામવું એ વ્યાજબી નથી.

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું

### જૈન યુવક પરિષદ્ સાથે જોડાણ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સામાન્ય સભા તા. ૧૮-૭-૩૬ શનિવારે શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીના પ્રમુખપદે મળી હતી. જેમાં યુવક સંઘે પરિષદ સાથે પરિષદ્‌ના બંધારણને અનુસરી જોડાવાનો નિર્ણય કર્યો હતો.

157

# આજની પૂજા—એક દિશા ભૂલ !

## જેનાથી પવિત્ર થવાય તેને પૂજા કહે છે.

પૂજા—એ આત્માની ભાવના છે. અભ્યંતર અવલોકન પૂર્વક બાહ્ય સાધનોથી પૂજા કરતાં આંતરિક નિર્મળતા, જાગૃતિ તથા સ્થિરતા પ્રાપ્ત થાય તેને પૂજા કહી શકાય.

પૂજા—એ ફુરસદમાં વારો કાઢવાનું સાધન નથી. પણ આત્મ જ્યોત પ્રગટ કરવાનું એ સાધન છે. પ્રભુમય બનવાનો એ રાહ છે.

પૂજા—મનઃસ્થિર કરી પ્રભુના આત્મિક ગુણોને અંતરમાં પ્રગટ કરવાથી હૃદય પવિત્ર બને છે. એ પૂજાના સ્થળે સ્થિરતા પૂર્વક પ્રભુના ગુણોનું ધ્યાન ધરવાની શાંતિ હોય તો જ ધ્યાન ધરી શકાય છે. સ્થિરતા સિવાય—મનની એકાગ્રતા સિવાય, પ્રભુનું સાચું સ્વરૂપ જ અંતરમાં ઉતરતું નથી. એટલે સ્થિરતા ને મનની એકાગ્રતા સિવાયનું પુજન આત્મસિદ્ધિની સાધનામાં ભાગ્યે જ સહાયક બને છે.

પૂજા ને સ્તુતિ તો પ્રાચીન જ છે. તેમાં અવાર નવાર ફેરફારો થતા આવ્યા છે; ને થશે. છતાં પૂજા—ભકિત તો રહેવાની જ, કારણ કે આત્મ કલ્યાણનું એ મુખ્ય સાધન છે. એટલે પૂજા—ભકિતમાં થતા ફેરફારો આત્મસાધનાને જ ટેકા રૂપ થઈ પડે તેવા હોવા જોઇએ. નહિ કે આત્મસાધનાને અંતરાય પાડે તેવા હોવા જોઇએ.

આપણામાં મૂર્ત્તિપૂજા હતી કે નહિ. અને કયારથી શરૂ થઈ એ ઇતિહાસમાં ઉતરવાની અગત્ય નથી. કારણ એમાં બીજાઓને વિતંડાવાદ ઉત્પન્ન કરવાની તક મળે છે. જ્યાં પૂજાની મૂળ વસ્તુતો સૌને સ્વિકાર્ય છે ને સૌ માને છે કેઃ—પૂજા એ આત્મકલ્યાણનું સાધન છે. ત્યાં એ કયારથી શરૂ થઇ ને ન થઈ એ ચર્ચામાં ઉતરી કોઠી ધોઇ કાદવ કાઢવાની જરૂર નથી.

જે પૂજા—ભકિત માનસિક સ્થિરતા અને આત્મ ઉન્નતિ માટે યોજાયેલી એટલે તે મૂર્ત્તિયોને શૃંગારવૃદ્ધિથી દૂર રાખવા; આરંભ—સમારંભથી રક્ષવા; સાથે તે વિતરાગની મૂર્ત્તિયો ને મંદિરો કલેશના નિમિત્ત ન બને તે ખાતર અગાઉ આપણા મંદિરો જંગલોમાં માલમિલ્કત વગરના હતાં, એ ભૂતકાળનો ઇતિહાસ સાક્ષી પૂરે છે. ત્યારે વર્તમાનકાળમાં ભરચક વસ્તીમાં ઉભાં કરેલાં આપણા મંદિરો આત્મોન્નતિ કરનાર છે કે ધીકતી દુકાનદારી છે, તે તપાસીએ.

શહેરોને ગામોની ઘીચ વસ્તીમાં આપણાં જૈન મંદિરો; જેમાં આત્મકલ્યાણની સાધના માટે સંપૂર્ણ ત્યાગી અરિહંત દેવની મૂર્ત્તિઓ સ્થાપન કરી છે. તે પરમ ત્યાગી દેવોના મંદિરો આત્મસાધનાને બદલે ધન સાધનાનાં મંદિરો નથી લાગતાં ? 'ધનસાધના' શબ્દ આકરો લાગશે પરંતુ આવેશને કે પરંપરારૂપી પીળા ચશ્માને દૂર કરી શાંત ચિત્તે વિચાર કરશો તો જરૂર સમજાશે કે જ્યારથી ભ્રષ્ટાચારીઓ (ચૈત્યવાસીઓ)ના સ્વાર્થને પોષવા આપણા ત્યાગી અરિહંત દેવોના મંદિરોમાં ઉછાણી, બોલી, સોના ચાંદીના આભૂષણો ટુંકમાં મંદિરોને માલદાર બનાવવાના જુદા જુદા રાહે જૈન સમાજને વાળવામાં આવી ત્યારથી એ મંદિરો ધન એકત્ર કરવાની પેઢીઓ બનતાં ગયાં. અને ત્યાગના મહિમાને બદલે લક્ષ્મીનો મહિમા વધ્યો. પરિણામ એ આવ્યું કે જેણે મોક્ષની સાધના માટે રાજ્ય પાટને ઠોકર મારી, કંચન કામિની ને સગાં વહાલાં પરની મમતા છોડી તે જ મહાપુરૂષના નામે તેના જ ધામમાં લાખોની મિલ્કત એકત્ર કરી. એટલે જ મકાનો ખરીદવાં પડે છે. આરંભ—સમારંભનો વિચાર ન કરતાં મકાનો બંધાવવા પડે છે. જે મિલોમાં હિંસાનો પાર નથી તેમાં નાણાં જમે મૂકી આડકતરી રીતે ઉત્તેજન આપવાં પડે છે.

જ્યારથી ધનસંચયના અવળા રાહને સ્વિકારી તેને ઉત્તેજન આપ્યું ત્યારથી એક જ પિતાના પુત્રોમાં ઝગડાઓ ઉત્પન્ન થયા. એ ઝગડા મંદિર, મૂર્ત્તિ કે પહાડ માટે નહિ, ધન માટે જ. નિમિત્ત અરિહંતની મૂર્ત્તિ. એટલે તેના નામે લાખો રૂપીઆ કોર્ટ, દરબાર ને ધારાશાત્રીઓ પાછળ ખર્ચવા પડે છે—બરબાદ કરવા પડે છે. છતાં આપણને લગારે આંચકો લાગતો નથી. પાપ લાગતું નથી. પણ તે નાણું સમાજની ઉન્નતિ અંગે વિદ્યા, વેપાર, હુન્નર ને શારીરિક ખીલવણી માટે ખર્ચવાની માગણી થતાં રૂઢિચુસ્તોના કાન ઉંચા થઇ જાય છે તેમ અનેક કહેવાતા સાધુઓ પાપ પાપ કરી કાકારોળ કરી મૂકે છે. એમને અમે પૂછીએ છીએ કેઃ મહાનુભાવો!

જે મંદિરો ત્યાગનાં ધામ હતાં તેને દુકાનદારીમાં ફેરવી માલદાર પેઢીઓ કરવા તમે અનેક તરકીબો રચો મંદિરોનાં નાણાં હિંસક કાર્યોને ઉત્તેજન આપવામાં રોકાય, આરંભ—સમારંભને પોષવામાં જ ખર્ચાય. કાચી માટી ને અળગણ પાણીના પુષ્કળ વપરાસથી મકાન ઉભાં થાય. તેમાં ભક્ષ્યાભક્ષ્યનો આહાર કરનારના વસવાટ થાય. અને તમે મુંબઈ જેવા શહેરમાં પધારી એજ મંદિરની અડોઅડ એજ મંદિરની જગ્યામાં જાંજરૂ—પેશાબે જાઓ. તેમાં લગારે પાપ નહિ. અને જૈનો માટે ખર્ચાય તો પાપ ?

જે મૂર્ત્તિ આત્મકલ્યાણનું સાધન છે તેને રાળ અને લાખ જેવા પદાર્થોથી સોના ચાંદીનાં ચકતાં ચોડયાં, અરે ! મુખ ઉપર ઝવેરાતની આરો લગાડી, જર ઝવેરાતને સોના ચાંદીથી શણગારીએ. જે રેશમ હજારો જીવોની હિંસાથી ઉત્પન્ન થાય છે તેના પોશાક પહેરાવીએ. ઘડીયાળોને કંકણો પહેરાવી રાચીએ, અખંડ ફુલો ચડાવવાને બદલે ફુલોને વીંધી કાતરીને ચડાવીએ. ભાડુતોને રોકી નાચ ગાણાના જલસા કરવામાં મહત્તા સમજીએ. આમાં આત્મસાધના છે ? કે શૃંગારને ધમાધમ છે ?

જ્ઞાનીઓએ આત્મસાધન માટે; પૂજા ને ભકિત માટે જે રાહ નકકી કરેલો તેની વિરૂદ્ધ જઈ આપણે એજ મંદિરમાં ગરીબ ને તવંગરના ભેદ પાડયા. એટલે પૂજા—ભકિતમાં લિલામખોરી દાખલ કરી; વધુ ધન આપે તે જ પહેલી પૂજા કરે. તે જ પહેલું પુષ્પ ચડાવે. તે જ મુગટ ચડાવે. તે જ આરતી ઉતારે. આવી રીતે ધન એકત્ર કરવાની લાલચે આપણે પૂજા—ભકિતને લીલામ કરી અવળે રસ્તે ચડયા છીએ. એ અવળો માર્ગ છોડી દઇ સાચા માર્ગે પૂજા ભકિત તરફ વળશું તો જ આત્માનું ને સમાજનું કલ્યાણ થશે.

# દ્વિ. જૈન યુવક પરિષદ્.

## હેવાલ ને સંસ્મરણો.

: : અમારા ખાસ પ્રતિનીધી તરફથી : :

કોઇકને આ જૂનું લાગશે.......... નવિનતાનાં રસિયાંને આ ચવાઇ ગયેલું લાગશે. પણ ના. ભાષામાં વૈવિધ્યતા હશે, કલમમાં તાકાત હશે ત્યહાં લગી જૂનું, જૂનિ વાતો રસહિન નહિ બને. એમ હોત તો ઇતિહાસ કોણ વાંચત ? એની શોધખોળ શા સારૂ થાત ? ખંડિએરના પાયા કેમ ખોદાત ?

આને તો માત્ર એક માસ દશ દિવસ થયા. એ સમય દરમ્યાન 'તરુણે' પ્રાણાયામ સાધ્યો હતો. 'તરુણ' જન્મે છે. એના નવા વર્ષ દિને. 'તરુણ' તરુણોની પરિષદનો હેવાલ ન આપે એ કેમ બને ?

'અમદાવાદ......મોટી જૈન પુરી છે. સ્થીતિ ચુસ્તતાનું મોટું ધામ છે. આ શહેરમાં સૂરિસામ્રાટની ગાદી છે; અહિ ઉદ્દામ વિચારો રજુ કરનાર સુધારકોને સંઘ બ્હાર કર્યાના દાખલાઓ નોંધાયલા છે. આ શહેરની પોળે પોળે નવ નવા આચાર્યો સરજાય છે. અને સંખ્યાબંધ સાધુ સાધ્વીઓ અહિં ચાલુ પોષાય છે; અનેક બીન જરૂરી મંદિરો અને તીર્થોના પાયા અહિં નખાય છે. અમદાવાદ જૂનવાણીનો મોટો દુર્ગ છે.'

પ્રમુખ શ્રી. પરમાનંદ કાપડીઆનું આ વર્ણન વાસ્તવિક સ્થીતિનું સ્પષ્ટ ચિત્ર છે એમ તો અમદાવાદના પરિષદ્ ચાલકોની 'મોળા થવાની' સુચનાઓ આવતી હતી તે પરથી જણાયું હતું.

મુંબઇથી ઉપડતા પ્રતિનિધિઓમાં ઉત્સાહ ન્હોતો. અને અમદાવાદ જતાં જ ઠરાવ સમિતિએ રચેલા ઠરાવોનો ખરડો જોઇને તો હતો તે ઉત્સાહ સાવ સરી ગયો. 'આગે કદમ્, આગે કદમ્' ગૂંજતા બીજાય કેટલાક યુવાનોને મન આવા 'દમહિન' ઠરાવો માટે આ બધેઃ સમય શક્તિનો વ્યય નિરર્થક જણાતો હતો. શ્રી. પરમાનંદ જહેવા પ્રમુખ ને શ્રી સુખલાલજી જહેવા સ્વાગત્ પ્રમુખ છતાં કુચ થવાની નહિ એ હકિકતે કચવાટ પેદા કર્યો.

...અને ક્રાન્તિકાર ગણાવી શકાય એવાં પંડીત સુખલાલજીના સ્વાગત્ ભાષણથી તો એ કચવાટ અસહ્ય દુઃખમાં ફેરવાઇ રહ્યો. જુવાનોના નિત્ય-પ્રેરક સુખલાલજી આટલી 'તટસ્થા' કેમ દાખવવા બેઠા ? ક્યહાંય......ક્યહાંય, આખાય ભાષણમાં સુખલાલજીનું વ્યક્તિત્વ ન્હોતું જણાતું. ગઈ કાલ લગીની એ પ્રેરક વાણી ન હતી. એમાં યુવાનોને માર્ગદર્શન ન હતું. એ વૃદ્ધાવસ્થાએ ઘેરાયા હતા ? કે જુનવાણી કાર્યકરતાઓના દુર્ગમાં એ પૂરાયા હતા ? શું હતું એમને ? ભાષણાન્તે એમણે મ્હોંએથી થોડીક રસિક વાતો કહી સૌને હસાવ્યા. જાણે મુંઝાયલો જીવ મુક્તિ પામ્યો.

શ્રી પરમાનંદના ભાષણે આજના જૈન જનતાના પ્રશ્નોને એક સુધારવાદી વિચારકની રીતે છણી નાંખ્યા. જો કે એમના સ્વભાવને અનુકુળ એની ભાષા જોઇએ ત્હેવી રીતે સ્પષ્ટ મંતવ્યો ન્હોતી રજુ કરતી. કોઈ પણ ધર્મ કે જ્ઞાતિ પરિષદના પ્રમુખે ભાગ્યે જ કર્યું હોય એટલું એમાં હિન્દના પ્રશ્નોનું જ્ઞાન, જૈન તરીકેનું આપણું સ્થાન અને ભારતની કુચમાં જૈન તરીકે દેશના અને સામાજીક પ્રશ્નોમાં આપણે કેમ કુચ કરી શકીએ એનું દિગદર્શન હતું.

અને જૈનેતર સુપ્રસિદ્ધ પત્રોએ એ સળંગ ભાષણ છાપીને અગ્રલેખો લખ્યા એ એની વિશિષ્ટતાની એક સિધ્ધી છે. આવો આવકાર આજ લગી કોઇ પણ જૈન કોન્ફરન્સના પ્રમુખને મળ્યો ન્હોતો......અને પરિષદનો:પ્રથમ દિવસ પૂરો થયો.

બપ્પોરે બેઠી વિષય વિચારીણી સમીતિ. વ્યક્તિગત વિચારણાનો અને Correct thinking નો અભાવ ખૂબ જણાતો હતો. કશી ગરમી વિના, અને પરિષદ વિરોધી 'શાસનપક્ષ' ને કૈં ખોરાક ન પૂરો પડે એ રીતે, મોળા ગણાઇએ તો ભલે એ અમદાવાદના પ્રતિનિધીઓનું માનસ હતું. જૂનવાણીમાંય સ્થાન સાચવવાની એમની ફિકર ઘણી વાર એમને મુંઝવણમાં મૂકી દેતી. મુંબઇનું માનસ એ હતું કે જુવાન તરીકે સ્પષ્ટ વસ્તુ જાણી તે કહેવી જ જોઇએ. જીતીએ-હારીએ પણ પ્રચાર તો થશે જ. વાત મૂકવી જોઇએ. આવતી કાલ જે કરવાનું જ છે એની ભૂમિકા આજથી કરવી જ રહી. વિચારોના આ દ્વંદ્વો વારંવાર અથડાતાં હતાં અને એમાંથી હાસ્ય કટાક્ષ ને તણખા વેરાતાં હતાં. સ્હાંજની વિષય વિચારીણીમાં શ્રી. ઇન્દુમતિના સ્ત્રી પુરૂષની સમાનતાના ઠરાવે થોડીક રમુજોત્પાદક મુંઝવણ ઉભી કરી. ગમે ત્હેમ, વિષય વિચારીણીએ સર્વાનુમતે એ ઠરાવ પસાર કર્યો.

શ્રી ઇન્દુમતિનો એ ઠરાવ અતિશય નિર્માલ્ય હતો અને સુધારક મનાતાં એક બ્હેન આવો માલ વિનાનો ઠરાવ લાવે એથી મ્હને આશ્ચર્ય થયું. એમાંથી વિષયવિચારીણીએ કરેલા ચર્ચા પરથી મ્હને લાગ્યું કે આથી સહજ પણ ઉગ્ર એ ઠરાવ હત તો એનું અસ્તીત્વ રહેતજ નહિ.

**પરિષદનો બીજો દિવસ:**-(૧) અવસાન નોંધ. (૨) રાષ્ટ્રીય મહાસભા પ્રત્યે વફાદારી. (૩) અસ્પૃશ્યતા નિવારણ. (૪) સ્વદેશી. (૫) જૈન કો-ઓપરેટીવ બેંક માટે સમીતિ ઇ૦ ઠરાવો પ્રમુખસ્થાનેથી મૂકાયા અને ઝડપથી સર્વાનુમતે પસાર થયા.

રચનાત્મક કાર્યક્રમનો છઠ્ઠો ઠરાવ મૂકયો શ્રી. ધીરજલાલ ટોકરશી શાહે; વિસ્તારથી બુલંદ અવાજે એમના મુદ્દા એમણે સમજાવ્યા અને 'માત્ર વાતો જ અમે નથી કરતા' એવો એક રચનાત્મક કાર્ય કરને છાજે એ રીતે 'શાસનપક્ષ'વાળા વિરોધીઓને એમણે જવાબ આપ્યો. તાળીઓના ગડગડાટ ગાજી રહ્યા. વધુ પડતી વીરતાથી શ્રી પોપટલાલ મોહનલાલે એમને ટેકો આપ્યો. અને હાથોનું વન થઇ રહ્યું-ઠરાવ સર્વાનુમતે પસાર થયો.

સ્ત્રી પુરૂષની સમાનતાનો સાતમો ઠરાવ રજુ કર્યો. શ્રી પાનાચંદ શાહે, વકિલની અદાથી અને જગત્નાં પરિબળોની તુલા કરી એમણે એ ઠરાવ રજુ કર્યો. યુરોપમાં સ્ત્રી સ્વાતંત્ર્ય અને સ્ત્રીઓની સમાનતા કેટલી છે એ એમણે જણાવ્યું. અને આ ઠરાવ પસાર કરવાની આપણી ફરજ વિષે એમણે સમજાવ્યું. આવા 'બોદો માણસ પણ આચરી શકે એવા નબળા ઠરાવને ટેકો આપવા સંકોચ પૂર્વક' શ્રી. તારાચંદ કોઠારી ઉભા થયા. ભલામણોની બાબતો અતિ સામાન્ય

પુરૂષો માટે બાકી રાખી એમણે સ્ત્રી સમાનતાના અર્થને વ્યાપક ને વિસ્તૃત રીતે બતાવ્યો. ખભે ખભા મીલાવીને- કદમ બ કદમ સ્ત્રી પુરૂષ સાથે કુચ કરે એ જોવાની એમની ભાવના એમણે જણાવી. 'પીતા, પતિ કે પુત્ર તરીકે સ્ત્રીના વ્યકિતત્વને કચરતા પુરૂષોએ હવે પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ' એમ એમણે કહ્યું. 'ભણવા, હરવા, ફરવા ને લગ્ન વિષયમાં સ્ત્રીનો સમાન હકક આ ઠરાવ સ્વીકારે છે. પાંચ વખત પરણતા બબુચકને ન રોકનાર સમાજ આ ઠરાવમાં સમાનતાનો હકક સ્વીકારતો હોઇને બીજી વાર પરણતી બાળાને હવે નહિ રોકી શકે. તમામ વિભાગે, તમામ માર્ગે સ્ત્રીના વ્યકિતત્વને અમે આવકારીએ છીએ અને એમનો અમારા—પુરૂષો જેટલો જ સમાન હકક સ્વીકારીએ છીએ'.—જૂવાનો ખુશ થઇ રહ્યા. જૂના વિચાર પર થતુ આક્રમણ દેહે જુવાનને વિચારે વૃદ્ધ એવા માનવોમાં ખળભળાટ પેદા કરી રહ્યું. અને પ્રમુખના ટેબલ પર 'ભાષણ' કરવા ઇચ્છનારાઓની ચીઠ્ઠીઓ પડવા લાગી

વિરોધ કરવા ઉભા થયા શ્રી. સારાભાઇ દલાલ—સ્વાગત ઉપપ્રમુખ. કોલાહલને ઘોંઘાટમાં એમનો સ્વર હું નહિ સાંભળી શકયો. ઠરાવના સંમર્થનમાં હિંદી ભાષામાં મહારાષ્ટ્રના પ્રતિનીધી શ્રી. ભટેવરા ખૂબ બોલ્યા. આવો સમાનતાના ઠરાવનો જુવાન કહેવડાવતા આપણે વિરોધ કેમ કરી શકીએ એ એમણે સભાને પૂછ્યું. કયાં લગી સ્ત્રીઓને તમે ગોંધી રાખવાની મુર્ખાઇ કર્યા કરશો ? એમ પૂછીને એમણે કહ્યું કે 'સ્ત્રીઓને બ્હાર નહિ કહાડો ત્યહાં લગી ત્હમારો વિકાસ નહિ થઇ શકે. વિધ્વા બ્હેનો પરણવા માગે ત્યહારે આપણે હવે નહિ રોકવી જોઇએ. અને માનવી તરીકેના એમના હકકનો સ્વીકાર કરીને પરણવા ઇચ્છતી બ્હેનોને આપણે સગવડ કરી આપવી જોઇએ. અને વિરોધની વાતોને 'પૂરાણી તજવા જેવી' વાતો માનીને તમે આ ઠરાવ પસાર કરીને જુવાનો તરીકે તમારી જાતને સાદ્ધ કરશો'.

શ્રી. મુળચંદ આશારામ વૈરાટીએ આવેશ ભરી રીતે કહ્યું 'વિષય વિચારીણીમાં આ ઠરાવ પસાર થયો ત્યહારે આવા અર્થની અમને ખબર ન હતી. અત્યહારે આવો અર્થ કહાડવામાં આવે છે એ વ્યાજબી નથી. આવો ઠરાવ—આ હેતુ એમાં સમાયલો છે એટલે—આપણે ઉડાડી દેવો જોઇએ. હું એનો વિરોધ કરૂં છું'.

પાછલી બારીએ ફરજીઆત વૈધવ્યનો વિરોધ કરતો મુદ્દો ઘૂસી ગએલો જોઇ 'શ્રી ધીરજલાલ ટોકરશી શાહે—જુવાનોમાં ભારે અજાયબી અને મનઃદુઃખ વચ્ચે—આ ઠરાવનો વિરોધ કર્યો. ખંભાતવાળા શ્રી. રતીલાલ પણ 'પંજાબ મૈલ'ની ઝડપે આ ઠરાવનો વિરોધ કરવા લાગ્યા પણ એમના અવાજ કરતાં 'શરમ'નો અવાજ વધી જવાથી એમણે નિરાંતનો શ્વાસ લીધો. વિરોધના સમર્થનમાં શ્રી. પોપટલાલ મોહનલાલે પણ નિરર્થક વીર રસ વ્હેવડાવ્યો.

ઉભા થયા પંડીત સુખલાલજી. તાળીઓ ! તાળીઓ ! તાળીઓ !. સ્વાગતાધ્યક્ષના ભાષણમાં ગુમ થયેલા જુવાનોના સુખલાલજી પાછા આવ્યા. ધીરે અવાજે મક્કમતાથી એમણે કહ્યુ 'સમાનતાનો મુદ્દો સ્વિકાર્યા પછી, સમાનતા અમે આને જ માનીએ છીએ એવા સાંકડા વર્તુળો ત્હમે ન સરજાવી શકો. કાં તો સમાનતા ત્હમે સ્વીકારો અગર તો સાફ ના પાડો. એમાંની ભલામણોમાં 'ઓછામાં ઓછી' વસ્તુથી વધારે વિસ્તૃત કોઇ સમાનતાની રીતો મૂકે તો સમાનતાનો સિદ્ધાંત સ્વીકાર્યા પછી ત્હમારાથી ના નહિ કહી શકાય. કોઈ આમાંથી વિધ્વા લગ્નનો અર્થ તારવે તો એને પૂરો હકક છે. સમાનતાના ઠરાવમાં એ આશય સ્પષ્ટ થઇ જાય છે....અને તાળીઓ ગાજ્યા જ કરી.

કોલાહલ, ન્હાના ન્હાના વર્તુળોમાં પડકાર ને ગર્જના અને જ્યહાં ત્યહાં શૂરાતન ને વીરતા આખા હોલમાં જણાતાં હતાં. એ શમાવવા પ્રમુખ સાહેબને આવવુ પડયું. શાંતિનો થોડોક ઉપદેશ દઈ મુદ્દાપર આવતાં એમણે કહ્યું. 'ત્હમે આ ઠરાવ રાખો કે ઉડાવી દો. પરંતુ સ્ત્રી સમાનતાનો ઠરાવ કર્યાનો દંભ કરીને અમે સ્ત્રીઓને આટલા જ હકક આપવા માંગીએ છીએ એવો અર્થ આપણે ન તારવી શકીએ; કાં તો આપણે કહી દેવું જોઇએ કે સમાનતા અમે સ્વીકારતા નથી; અને આટલી અસમાનતા દૂર કરવા માગીએ છીએ. ઉકળાટ વિના, મૂળ હકિકત વિચારીને તમે યોગ્ય લાગે તે મત આપો ?

સ્ત્રીઓની વાત રહી, વાતાવરણ ડગુમગુ હતું એટલે પુરૂષોને પડકાર દેતાં શ્રી ઇન્દુમતી શેઠ ઉભાં થયાં. 'અમે તમારી પાસે દાન કે ભીક્ષા માગતાં નથી. ત્હમને ત્હમારી ફરજ લાગતી હોય તો જ આ ઠરાવ પસાર કરો; અને ઠરાવ થયા પછી ત્હમારૂં માનસ આ જ પ્રકારનું રાખવાના હોતો કૃપા કરી આ ઠરાવ ઉડાડી મૂકજો એટલે અમારા જુવાનોનું સ્પષ્ટ માનસ અમને જણાય. સુધારક કહેવડાવતા જુવાનો સ્ત્રીઓની શી હાલત રાખવા માગે છે તેની અમને ખબર પડે. સમાનતાનો સિદ્ધાંત સ્વીકાર્યા પછી તમે એમાંથી જૂદા જૂદા અર્થો તારવવા બેસો છો એથી મ્હને આશ્ચર્ય થાય છે. આગળ વધવા ઇચ્છતા જુવાનો સ્ત્રીઓને પાછળ રાખીને આગળ કેમ વધી શકે એજ મ્હને સમજાતું નથી.'

...અને મત લેવાયા. અમદાવાદની પરિસ્થીતિના જાણકારો ઢીલા બન્યા. પસાર. પસાર. ઉત્સાહમાં ટોળાં, તાળીઓ દઇ રહ્યાં. સાવ મામુલી એવો ઠરાવ પસાર કરવામાં 'ઇડરીઓગઢ' જીતવા જહેટલી મ્હેનત પડી અને વિજયની ખુમારી આવી. અમદાવાદના જૂનવાણી દુર્ગમાં અમદાવાદના દોસ્તોની વિરૂદ્ધતા છતાં એક ગાબડું પડયું.

'અધર્મ અધર્મ'ની ગંધ હંસરાજ પ્રાગજી હોલમાં પ્રસરી રહી. લાલ લાલ ડોળા મોટા થવા માંડયા. ધરતીકંપ થશે ? શું થશે ? વિષય વિચારીણી મળી તે વખતની એ સ્થીતિ હતી. 'ભગવાનની આંગી કરી. ભગવાનને સુવર્ણ જવાહિરનો સ્પર્શ કરાવવો એ ભગવાનના ઉપદેશનું ખુન છે'—આ મુદ્દા પર એક ઠરાવ શ્રી. તારાચંદ કોઠારીએ રજુ કર્યો. શ્રી નાગકુમાર મકાતીએ એને ટેકો આપ્યો. અતિ સ્વભાવિક રીતે આ અર્ધ જૂનવાણી ટોળામાં ઘણી બહુમતીએ એ ઠરાવ ઉડી ગયો. પણ ઉડતાં ઉડતાં એ ઠરાવ 'વિચાર સ્વાતંત્ર્ય'નો હકક સ્વિકારતો ચુરખો ચીરતો ગયો. ગરબડાટ. ગરબડાટ. લાલ ડોળા અને ધમાધમી બે—ચાર અર્ધદગ્ધ જુવાનોએ આદરી. મારામારી થાવ એ સ્થીતિતે આવકારવા કે એવી ધમાધમીને પ્હોંચી વળવા ઘણા તૈયાર ન હતા અને એથી 'દેવદ્રવ્ય'નો, 'સાધ્વીઓને નર્સ બનાવવાનો' એવા ઠરાવો પાછા ખેંચી લેવાયા. પરિષદના કેટલાક અધિકારીઓની પણ આ ધમાલ વેળાની વર્તણુંક શોભાસ્પદ ન્હોતી. જથ્થાબંધ એક જ સ્થળે પડયા રહેતા સાધુઓ વિષેનો

ઠરાવ નવસારીવાળા શ્રી ઝીણાભાઇએ મૂકયો ત્યારે તો ધમાધમે માઝા મૂકી અને સ્હાંજના મળવાનું નકિક કરી વિખરાવું પડયું.

બાવીસમી તારીખની વિષયવિચારીણી મળી, ને ધાંધલોત્પાદક ભાઇઓ તરફથી હવે ધાંધલ નહિ કરીએ એવી ખાત્રી મલ્યા પછી પ્રમુખે કામ ચાલુ કર્યું–ને થોડાક ઠરાવો પછી વિષયવિચારીણી ખત્મ થઇ.

બીજા દિવસની પરિષદમાંઃ–(૯) ભગવાન મહાવિરના સિદ્ધાંતો પ્રત્યે આદર. (૧૦) પં. લાલનને અભિનંદન (૧૧) આગામી ગુજરાત યુવક પરિષદ્‌ને આવકાર ઈ. ઠરાવો પ્રમુખસ્થાનેથી રજુ થયા ને સર્વાનુમતે પસાર થયા.

પછી આવ્યો મહાવિર જૈન સમાજનો ઠરાવ. એને જીવનનું ધ્યેય બનાવનાર અને ભાવિના ગર્ભમાં એની સીદ્ધિના સ્વપ્ન સેવનાર ડો. અમીચંદભાઇએ એ રજુ કર્યો. લગ્નનું ક્ષેત્ર જૈન સમાજ પૂરતું વિસ્તૃત બને એ એમનો ઉદ્દેશ એમણે સફળ રીતે સમજાવ્યો. એનો વિરોધ કર્યો બે બંધુઓએ, પણ ઘણી બહુમતિએ એ ઠરાવ પસાર થયો. સમાજની યોજનાના રચનારાઓમાં ઉત્સાહ દેખાયો એમની કુચમાં એક મથક એ આગળ વધ્યા હતા.

કાયદેસર પગલાં લઇ, શારદા એકટનો લાભ લઇ, ગુન્હેગારોને નસ્યત કરાવવાની જ્હેણે શરૂઆત કરી છે એવા વકિલાતનું પ્હેલું પગથીયું ઓળંગી ચૂકેલા મી. ભટેવરાએ 'શારદા એકટ' વિષે ઠરાવ મૂકયો. ને સર્વાનુમતે એ ઠરાવ પસાર થયો.

બ્રીટીશ ટ્રસ્ટ એકટની જયમ દેશી રાજયોમાં પણ ટ્રસ્ટ એકટ દાખલ કરી રાજા, મહારાજા, નવાબોની સ્વચ્છંદતામાં ઉમેરો કરવાનો ઠરાવ ખંભાતના નવાબીરાજયવાળા શ્રી રતીલાલે મૂકયો અને શ્રી નાગકુમાર મકાતીએ એ ઠરાવના છોતરાં ઉડાડી દીધાં. સર્વાનુમતે વિષયવિચારીણીમાં પસાર થયેલા આ ઠરાવનો કરૂણ રકાસ થયો.

બંધારણ–પરિષદ્‌ને કાયમી સ્વરૂપ આપતું–ઠરાવ રૂપે પ્રમુખ સ્થાનેથી રજુ થયું. એ થોડુંક ચર્ચાયું. અને.........

......'સરગવાની સોટી' જહેવા એક સજ્જન પ્રમુખની રજા લઈ, પરિષદને એમના નિવાસસ્થાન જેવી–ગાંડાની ઇસ્પીતાલ–સમજી કંઇક બોલવા લાગ્યા, અને 'Shame shame' 'Down with society' "એને બેસાડી દો" 'અમે એને સાંભળવા માગતા નથી'ના પોકારો થયા. અને કડકાઇથી આવેલી "સરગવાની સીંગ" એટલી જ કડકાઇથી સભામાંથી અદશ્ય થઈ.

આ ધમાલમાં કૈંયે ચર્ચા વિના "બંધારણનો ઠરાવ" અતિ ઉત્સાહના દેખાવો વચ્ચે પસાર થયો.

પછી આવ્યો સંવત્સરીનો અર્ધો કલાક 'મિચ્છામી દુકકડમ્' પરસ્પર દેવાયા. એક બીજાના આભાર મનાયા. આભારના 'ટેકા' રજુ થયા. નમ્રતા, ભલાઇ ને બહુમાનના યશોગાન થઈ રહ્યા.

અમદાવાદને મન પરિષદ્ સાંગોપાંગ ઉતરી. મુંબઈ, નવસારી, ભાવનગર, વડોદરાને મન પરિષદ્ પીછે હઠી નથીનો સંતોષ થયો. અને "બીરાદરી'ના સંગઠનથી 'આગેકદમ્' ધરવાની ધગશમાં સૌ પોતપોતાના ક્ષેત્રમાં પરિષદ્‌ના યશોગાન ગાવા વિખરાઇ ગયા.

# —: ક્ષિતિજ ભણી.... :—

રા. ભાઇલાલ બાવીશી.

વ્યોમ ને સૃષ્ટિ જ્યહાં સમાગમતાં ભાસે–એ ક્ષિતિજ ભણી... ધપ્યે જ જતો-ધપ્યે જ જતો-એને પહોંચી વળવા...ત્હોયે જાણે દૂર ને દૂર!

એમ લાગે જાણે આ રહ્યું...હમણાં આંબી લઉંને! ને એ ધૂનમાં વધ્યો આગળ–ત્વરિત ગતિએ ને ઉત્સાહ ભર્યો.

પાછળ જુએ તો જાણે ઘણોય લાંબો પંથ કાપી નાંખ્યો છે; આગળ જોયું તો જાણે એટલું ને એટલું જ આઘું!

"પૃથ્વીને અંત હશે? ત્હો તો એ ક્ષિતિજને આંબી લહતા, ને નહિ તો? ત્હો પૃથ્વી–પરિભ્રમણ તો થશે!......

આશાને એ દોરે દોરે વિજ્ઞાની એ વધ્યે જ જતો – વધ્યે જ જતો એના ધ્યેય પ્રતિઃ ક્ષિતિજ ભણી......

❖ ❖ ❖

જ્યહાં સામાજિક બદીઓ પ્રલય પામતી ને સમાજ–હિતોનાં સર્જન થતાં–એ ક્રાન્તિ–ક્ષિતિજ ભણી...ધપ્યે જ જતો–ધપ્યે જ જતો...ત્હોયે જાણે એ આદર્શ અધુરો ને અધુરો!

કંઇક ક્રાંતિજન્ય આંદોલનો ફેલાયાં! જાણે આદર્શના સમીપ જ પહોંચ્યો! ને એ ધૂનમાં વધ્યો આગળ–અનેકવિધ પ્રવૃત્તિ સહ ને આશાભર્યો!

પાછળ જુએ તો જાણે સમાજે ઠીક પ્રગતિ કરી છે; આગળ જોયું તો કંઇક પ્રચલિત કુપ્રથાઓ ને બદીઓ વિદારવાની છેઃ અનેક આદર્શમય પ્રવૃત્તિઓ ઉદ્ભાવવાની છે!

"એ 'ક્રાન્તિ'ને પહોંચી વળાશે? નહિતર એને લક્ષ્ય ગણી આગળ ધપતો સામાજિક પરિવર્તન તો થશે! ક્રાન્તિના આંદોલનો સમાજમાં ફેલાશે : બદીઓ નષ્ટ થશે–સમાજ–હિત જન્મશે!......

આશાને એ દોરે દોરે–સમાજ–સેવક વધ્યે જ જતો–વધ્યે જ જતો... એના ધ્યેય પ્રતિ : સામાજિક–ક્રાન્તિની ક્ષિતિજ ભણી......

❖ ❖ ❖

**ને 'તરુણ' ત્હું?**

ત્હુંય કયાં આંજ લગી નથી ધપ્યે જતું ક્રાન્તિ–ક્ષિતિજ ભણી?... ત્હેંય કયાં એ તમન્નામાં સામાજિક પરિવર્તન નથી કર્યાં?

પાછું વાળીને–સમાજમાં ત્હેં ઠીક ઠીક આંદોલનો ફેલાવ્યા છે; આગળને–હજુ કંઇક પરિવર્તનો લાવવાનાં છે.

'ક્રાન્તિ'નું ધ્યેય લક્ષ્યમાં રાખી ધપ્યે જા...ધપ્યે જા...ત્હારી એ **ક્ષિતિજ ભણી......**

---

દોઢ માસ પ્હેલાં ભરાયલી એ પરિષદ્‌માંથી ઉડેલાં 'તણખા' હજુય અમદાવાદના શ્રી સંઘને દઝાડી રહ્યા છે. ગામેગામના યુવક સંઘો અને સંઘો ને સંસ્થાઓ અમદાવાદને 'પાગલ' પગલું નહિ ભરવાને ચેતવી રહ્યા છે. 'સોસાયટી પક્ષ'નું પણ રણશીંગુ બસુરૂં બસુરૂં બજી રહ્યું છે. આમ સુષુપ્ત પડેલા જૈન સમાજમાં ચેતના આવી છે. એ ચેતના દીર્ઘાયુ હો!

# વ્હેતાં—વ્હેણ.

**બગડેલો વહિવટ**

મણિલાલ જેમલ શેઠ તથા જીવતલાલ ચંદ્રભાણ કોઠારીએ નીચેની મતલબની અરજી એડવોકેટ જનરલને તા. ૧૬ મી જુલાઈ ૧૯૩૬ ને રોજ કરી છે.

શાંતિનાથ મહારાજનું દેરાસર અને ઉપાશ્રય જૈન શ્વેતાંબરોની જાહેર ધાર્મિક સંસ્થા છે. ઇ. સ. ૧૯૧૬ થી મુંબઈ જૈન શ્વેતામ્બર સંઘ નામના મંડળથી તેનો વહીવટ ચાલે છે, જેમાં વાસ્તવિક રીતે થોડી જ વ્યક્તિઓ છે.

ઉપરનું મંદિર એ ધાર્મિક અને સખાવતી રીતનું પબ્લીક ટ્રસ્ટ છે. કારણ કે તે સમસ્ત જૈન પ્રજા માટે ખુલ્લા રાખેલા ફંડમાંથી બંધાવેલું છે અને એજ રીતે નભે છે છતાં અત્યાર સુધીમાં તેની વ્યવસ્થા માટે કે મિલ્કત માટે જોઇએ તેવી યોજના ઘડાઇ નથી. અત્યારની વહીવટ પદ્ધતિ કોર્ટથી પસાર થયેલી કોઇ યોજના મુજબ ચાલતી નથી. તેમજ અત્યારના ટ્રસ્ટીઓ કોઈ ડીડ કે યોજના આધારે નિમાયેલા નથી.

સાગરસંઘે ઈ. સ. ૧૯૧૯ માં કેટલાક નિયમો ઘડેલા પણ તે સમયને બંધબેસતા નથી. તથા છે તે નિયમો મુજબ ૩૫ સભાસદો દર વર્ષે અને ૧૬ ટ્રસ્ટીઓ ચુંટાવા જોઇએ. જેમાં ૮ દર ત્રણ વર્ષે બદલાય અને ૮ કાયમ રહે. પરંતુ છેલ્લા છ કે સાત વર્ષમાં આવી કોઇ મેનેજીંગ કમીટિ નથી તો ચુંટવામાં આવી કે નથી બોલાવવામાં આવી અને ટ્રસ્ટીઓ પણ તે રીતે ચુંટવામાં આવ્યા નથી.

વર્તમાન ટ્રસ્ટીઓએ બંધારણનો ભંગ કર્યો છે. વ્યવસ્થા બરાબર કરી નથી અને તેમની બેદરકારી અને ગેરવ્યવસ્થાથી સંસ્થાને ઘણું નુકશાન ખમવું પડયું છે. તેમાંની કેટલીક વિગતો નીચે મુજબ છે.

(૧) સંઘના કહેવાતા બંધારણની ૭ મી કલમ મુજબ મેનેજીંગ ટ્રસ્ટીઓએ જે સભાસદોનું લવાજમ ન આવ્યું હોય તેની દર આસો વદી અમાસને રોજ યાદી કરવી જોઇએ અને મેનેજીંગ કમીટિ આગળ મૂકવી જોઇએ પણ છેલ્લા ૬ વર્ષથી નથી તો યાદી કરવામાં આવી કે નથી મેનેજીંગ કમીટિ બોલાવી તેની સમક્ષ રજુ કરવામાં આવી.

(૨) મેનેજીંગ કમીટિ ચુંટવી જોઇએ તે ચુંટયા વિના ટ્રસ્ટીઓ પોતે જ બધો વહીવટ ચલાવી રહ્યા છે.

(૩) કલમ ૮ મી મુજબ વર્ષ પુરૂ થયા પછી ત્રણ માસની અંદર ટ્રસ્ટીઓએ જનરલ મીટિંગ બોલાવવી જોઇએ અને તેની સમક્ષ સરવૈયું રજુ કરવું જોઇએ. નવા મેનેજીંગ ટ્રસ્ટીઓ તથા ઓડીટર નીમવા જોઇએ પણ તેમાનું કાંઇ કર્યું નથી.

(૪) જે સખાવતો કરવામાં આવી છે, તેનો હિસાબ બહાર પાડવામાં આવ્યો નથી.

(૫) ૮ કાયમી ટ્રસ્ટીઓ અને ૮ ત્રણ વર્ષે ફરી ચુંટાયેલા ટ્રસ્ટીઓ હોવા છતાં ૧૬ ટ્રસ્ટીઓ કાયમી હોય તેમ વર્તવામાં આવે છે.

(૬) કલમ ૨૦ મી મુજબ ટ્રસ્ટીઓને નાણાં રોકવા બાબત જે સત્તા આપવામાં આવી છે તે આધારે તેઓ સ્થાવર મિલ્કતમાં અથવા વેચાણ અને બદલામાં, સિકયુરીટિમાં ઘરેણાં પર રોકી શકે કે બેન્કમાં મૂકી શકે પણ તેમણે વાયદાનો ધંધો કર્યો છે અને તે માટે તેમને ૧૦૦ ચાંદીની પેટીઓ લેવી પડી હતી. અને અત્યારનું બજાર જોતાં ટ્રસ્ટને તેમાં રૂ. ૩૦૦૦૦ ગુમાવવા પડશે. ટ્રસ્ટીઓએ આ બાબતનો ઇન્કાર કર્યો નથી.

(૭) કમીટિઓમાં મતભેદ હોવાના કારણે ૨ થી ૨॥ લાખની રોકડ રકમ વ્યાજ ઉપજાવ્યા વિના પડી રહી છે. આ રીતે મિલ્કતને વ્યાજનું પણ મોટું નુકશાન થયુ. છે.

(૮) ટ્રસ્ટીઓએ બાંધકામ ઉપાડયું છે તેમાં પણ લખલૂટ ખર્ચો થયેલો છે.

(૯) ૨૨ મી કલમ પ્રમાણે ટ્રસ્ટીઓએ ઓડીટરને પસંદ કરવો જોઇએ તે પણ કરવામાં આવ્યો નથી.

આમ પરિસ્થિતિ હોવાથી ટ્રસ્ટીઓને જનરલ મીટિંગ બોલાવવા માટે એક વાંધા અરજી મોકલવામાં આવી હતી. પણ ટ્રસ્ટીઓએ તેવી મીટિંગ ન બોલાવી તેથી અરજી કરનારાઓએ મીટિંગ બોલાવી જેમાં ૧૦૦ જેટલા સભાસદો હાજર હતા. તેમણે ઠરાવ કરીને ટ્રસ્ટીઓએ કરેલી વ્યવસ્થાનો જવાબ માગ્યો છે પણ તેનો કોઈ પણ જાતનો જવાબ આપવામાં આવ્યો નથી.

દશ મહીના પહેલાં નવું બંધારણ ઘડવાનો ઠરાવ થયેલો તેનો પણ અમલ કરવામાં આવ્યો નથી.

દેરાસરની મિલ્કત બારથી પંદર લાખની છે માટે તેની વ્યવસ્થા બરાબર થાય તે માટે ડીક્રીના રૂપમાં તેનું બંધારણ ખાસ થવું જોઇએ. હાલના ટ્રસ્ટીઓ વગેરે એ બંધારણ ઘડે તેમાં ભય છે કે જાહેરનું હિત નહિ સચવાય.

હાલના ટ્રસ્ટીઓ પાસેથી હિસાબ માગવામાં આવશે તો કેટલાક પાસે મોટી રકમો લેણી પડે છે તેવું પણ જોઈ શકાશે.

આ બધા સંજોગોમાં સિવિલ પ્રોસીજર કોડની ૯૨ મી કલમ અનુસાર નીચેની બાબતો માટે ઘટતું કરવાની પરવાનગી આપશો.

(૧) હાલના ટ્રસ્ટીઓને દૂર કરવા.
(૨) નવા ટ્રસ્ટીઓની નિમણુંક કરવા.
(૩) હિસાબ તપાસવા.
(૪) નવું બંધારણ પસાર કરવા વગેરે.

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘે શરૂ કરેલ ભાષણ શ્રેણી

**પ્રથમ શ્રેણીની સભા.**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી શરૂ થયેલ ભાષણ શ્રેણીની પ્રથમ સભા તા. ૨૬–૭–૧૯૩૬ના રોજ શ્રી અમીચંદ ખેમચંદ શાહના પ્રમુખપદે સંઘની ઓફીસમાં મળી હતી. શરૂઆતમાં મુખ્ય વકતા શ્રી વલ્લભદાસ ફુલચંદ મહેતાએ "વિચાર સ્વાતંત્ર્ય અને સંઘ બહારનું શસ્ત્ર" એ વિષય ઉપર દાખલા દલીલો સાથે સચોટ અને અસરકારક શબ્દોમાં પોતાના વિચારો સ્પષ્ટ રીતે દર્શાવ્યા હતા, ત્યારબાદ મોહનલાલ પાનાચંદ શાહ અને શ્રી ધીરજલાલ ટોકરશી શાહે ટુંકમાં પણ બહુ જ સારી રીતે પોતાના વિચારો દર્શાવ્યા હતા. અને છેવટે પ્રમુખશ્રીએ પોતાના વિચારો સ્પષ્ટ અને સચોટ ભાષામાં રજુ કર્યા હતા.

**બીજી શ્રેણી.**

તા. ૯–૮–૧૯૩૬ ને રવિવારના રોજ રાત્રીના આઠ વાગે (સ્ટા. ટા.) સંઘની ઓફીસમાં (૨૬–૩૦ ધનજી સ્ટ્રીટ, બીજે માળે) "**દેવ દ્રવ્યનો ઉપયોગ સાતે ક્ષેત્રોમાં થઇ શકે**" એ વિષય ઉપર સંવાદ થશે. તરફેણમાં ભાઈ અમીચંદ ખેમચંદ બોલશે અને વિરૂદ્ધમાં ભાઈ ચન્દ્રકાન્ત વી. સુતરીયા બોલશે.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

# અમદાવાદના નગરશેઠને

શ્રી કસ્તુરભાઇ શેઠ !

બીજી જૈન યુવક પરિષદ્‌ના પ્રમુખ શ્રી. પરમાનંદ કાપડીઆના ભાષણ અંગે યંગમેન્સ જૈન સોસાયટીએ શ્રી. પરમાનંદને સંઘ બ્હાર કરવાની હિલચાલ અમદાવાદના સંઘમાં ઉપાડી છે. એક નગરશેઠ તરીકે આપને પણ વિચાર સ્વાતંત્ર્યનો વિરોધ કરનારી આ હિલચાલમાં અગત્યનો ભાગ ભજવવાનો રહેશે એટલે આપને આ પત્ર લખવા હું પ્રેરાયો છું.

પૂરાણી પ્રણાલિકાનુસાર આપ પેઢાનપેઢીના વારસે નગરશેઠ મનાઓ છો ! યુરપની આપની મુસાફરીઓ અને બંધનોથી મુકત એવા અંગત વર્તનને કારણે આપ સુધારક મનાઓ છો. સ્વતંત્ર વર્તનને કારણે જૂની પ્રણાલિકાઓ છોડીને અનેક રાજા મહારાજાઓ અને યુરપીયન મિત્રો સાથે આપે મિજબાનીઓમાં છૂટથી ભાગ લીધો છે.

વાણી અને વર્તન સ્વાતંત્ર્યમાં આપને આગળ વધેલા જોઇ કેટલાક સુધારકો આપના પરત્વે પ્રશંસાની લાગણી વ્યકત કરતા હતા. એ બદ્ધાંઓને શ્રી પરમાનંદના ભાષણ પરત્વેના આપના વલણથી, અને સમય આવ્યે "ધર્મના બેરખાં" બનવાની આપની પલટતી પરિસ્થીતિથી ખૂબ અજાયબી થઇ છે. મ્હને પોતાને એથી અજાયબી નથી થઇ, કારણ કે હું તો માનું છું કે આપ કયારેય સાચા સુધારક હતા નહિ અને જૂનવાણી મેંઢાઓનો કાબુ આપ સુધારક બનીને છોડી દો એટલી હિમ્મત આપનામાં સંભવતી મ્હેં કદિ કલ્પી નથી.

આપને યાદ હશે : મુનિ સંમેલન ભરાયું ત્હેના થોડા દિવસ અગાઉ આ લેખક આપને મળ્યો હતો, તે વેળા મ્હેં આપને કહેલું કે 'આડંબરી ખર્ચાથી જ કંઇ મુનિ સંમેલન સફળ થવાનું નથી. એ ત્યારે જ સફળ થાય જ્યારે આચાર્યો અને મુનિરાજો આંતરિક કલહને છોડી સાચી દાનતે સમાજની સેવા કરવા માગે.' જવાબમાં આપે કહેલું : 'લાખ બે લાખના ખર્ચના ભોગે પણ જો એક વેળા મુનિરાજો મળે તો કંઇ હરકત નથી. જૈન કોમના એવા તો કંઇક પૈસા ખરચાય છે.'

મ્હને લાગે છે કે મુનિ સમ્મેલનની પૂર્ણાહુતિ પછી એ સંમેલન પાછળ થયેલો ખર્ચ અને આપની જહેમતનું પરિણામ શુન્યમાં આવ્યું છે એ વિષે આપને ખાત્રી થઇ હશે. અને સંમેલન પછી, હતી તેથી વધુ ખરાબ સ્થીતિમાં આજે મુનિ મહારાજો છે એ આપ જોઇ શકયા હશો.

હવે મુદ્દા પર આવું. શ્રી પરમાનંદને "સંઘ બ્હાર" કરવાની હિલચાલનો શ્રી મહારાષ્ટ્ર પ્રાંતિય કોન્ફરન્સે જે વિરોધ દર્શાવ્યો છે એનો જવાબ વાળતાં આપે જણાવ્યું છે કે 'એ ભાષણ સસ્તી કીર્તી મેળવવા છે.' આપનું આ કથન સત્યથી ઘણું વેગળું છે એટલું જ નહિ પણ નગરશેઠનો ઓધ્ધો ભોગવતા એક 'અતી મહાન' મનાતા માનવીની વિચાર દારિદ્રયતાનું સુચન કરે છે.

ભાઇ પરમાનંદની અત્યાર સુધીની કારકીર્દી એક સાચા શહેરીને, સ્વતંત્ર વિચારકને, નિડર સુધારકને શોભતી અને રાષ્ટ્રસેવાના આત્મભોગના ભગવા રંગે રંગાએલી છે. આપે એ પણ જોયું હશે કે ભાઈ પરમાનંદના ભાષણને આપણા ઇલાકાના તમામ વર્તમાનપત્રોએ (હા. પાંજરાપોળ વાસી 'વીરશાસન'વિના) એક સૂરે આવકાર આપ્યો છે. અને સમાજની વર્તમાન પરિસ્થીતિનું હુબહુ ચિત્ર હિમ્મતપૂર્વક દોરવા માટે અને એક વિચારક તરીકે પરિસ્થીતિની સમાલોચના કરી તેનું નિદાન દેખાડવા માટે તેમને અગ્રલેખો લખી મુબારકબાદી પાઠવી છે. વળી જુદા જુદા મંડળો અને યુવક સંસ્થાઓના અભિપ્રાયો ઉપરથી પણ આપને જાણવા મળ્યું હશે કે શ્રી. પરમાનંદનું સ્થાન જૈન સમાજમાં કયાં છે.

આમ જૈન અને જૈનેતર પ્રજામાં માનભર્યું સ્થાન ભોગવનાર વ્યક્તિ માટે આપ કહો કે 'તેઓએ સસ્તી કીર્તી મેળવવા માટે આ ભાષણ કર્યું છે' એ ખરેખર ગંભીર ભૂલ ગણાવી જોઇએ. આ ભૂલનાં કારણોમાં ત્રણ અનુમાન થઇ શકે: સમાજની વર્તમાન પરિસ્થીતિથી આપ સાવ અજ્ઞાન હો યા તો નગરશેઠની પદ્વિ સાચવવાની ફિકરમાં ભાઇ પરમાનંદ પરત્વે અકારણ તોછડાઈ વાપરવી આપને યોગ્ય લાગી હોય, અથવા તો અંગત અભિપ્રાયની આપની લગામનો સંચાર આપે કોઇ સમ્રાટ ને સોંપી દીધો હોય.

હું તો માનું છું કે આપને આપની ભૂલો સુધારવાનો અને કોઇને ત્યાં મૂકેલી આપની લગામો પાછી હાથમાં લેવાનો વખત હજુ વહી ગયો નથી.

જૈન સમાજ આજે ભયંકર વંટોળમાં છે. અને અધોગતીમાંથી નિકાળવાનો યુવકો પ્રયાસ કરે છે. એ વેળા 'સંઘબ્હાર'ના શસ્ત્રથી આપ જૈન સમાજને સડાવવા જ માગો છો એમ હું માનું ને ?

અને વીસમી સદીના આ જમાનામાં અમદાવાદનો સંઘ એમ માની બેસવાની મુર્ખાઈ કરે કે હિંદનાં તમામ શહેરોના જૈન સંઘોએ એમની બુદ્ધિ અમદાવાદના સંઘના ત્યાં ગીરો મૂકી છે—એવી મૂર્ખાઇ ને આપ નિભાવી કે ઉત્તેજી રહ્યા છો ત્યારે તો આપના પ્રત્યેની માનની થોડીક રહેલી લાગણી પણ નાશ પામે છે.

બંધારણની દ્રષ્ટિએ મર્યાદાહિન અને કાનુની દ્રષ્ટિએ ગેરકાયદેસર એવું—અમદાવાદની જોડે જેને જરાય નિસ્બત નથી એવા માનવીને સંઘબ્હાર કરવાનું પગલું આપ યોગ્ય માની રહો છો એ વસ્તુ વિવેક બુદ્ધિનો અને વ્યવસ્થિત વિચારણાનો અભાવ સુચવે છે.

અંગત્ રિતે હું માનું છું કે 'સંઘબ્હાર'નું શસ્ત્ર બુઠ્ઠું થઈ ગયું છે. વીસમી સદીના આ જમાનામાં એની કોઇ અસર નથી. આ સત્ય આપ જાણો અને ચમાજની અધોગતી નિભાવવાના આપ સુત્રધાર ન બનો એમ ઇચ્છી આ પત્ર હું પૂરો કરું છું.

સામાજીક હિતની દ્દષ્ટિએ લખાયલા આ પત્રથી આપને જરા પણ દિલ દુઃખ થાય તો ક્ષમા ચાહતો.

આપનો

**મણીલાલ એમ. શાહ.**

# ચિં ❖ ત ❖ ન

## યુવક પ્રવૃત્તિનો વિજય.

ભાઇ પરમાનંદના શબ્દોમાં કહીએ તો " સ્થિતિ ચુસ્તતાએ આપણા સમાજને એટલો બધો પ્રમાદી બનાવ્યો છે, કે તેને સખ્ત આંચકા ન આપો અને જે જે ફેરફારો આવશ્યક છે તે નિપજાવવા માટે ઉગ્ર પ્રયત્નો હાથ ન ધરો ત્યાં સુધી આપણી જડતા અને પ્રમાદ કશું કરવા દે એમ છે જ નહી."

ભાવનગરથી માંડી મુંબઇ સુધી ભરાયેલી યુવક પરિષદોએ કોઈને કોઇ રીતે સમાજમાં વંટોળ તો ચઢાવ્યો જ છે. પરંતુ છેલ્લી અમદાવાદમાં ભરાયેલી પરિષદના પ્રમુખસ્થાનેથી ભાઇ પરમાનંદે આપેલા ભાષણથી સ્થિતિચુસ્તતાના સ્થંભોને સજ્જડ આંચકો લાગ્યો છે, અને જાણે સ્થંભો હાલી ઉઠયા હોય તેમ સ્થાપિત હીતો ધરાવનાર વર્ગમાં ફડફડાટ થઇ રહ્યો છે. યુવાનોના સીધા સામનાથી હવે ડરતા એ વર્ગે પડદા પાછળથી દોરી સંચાલન દ્વારા અમુક વ્યક્તિઓને સાધન બનાવી 'સંઘ બ્હાર'નું બુઠું શસ્ત્ર અજમાવવાનો વિચાર વહેતો મુકયો છે અને એટલે દરજ્જે યુવક પ્રવૃતિનો વિજય થયો છે એની કોણ ના પાડી શકે તેમ છે ?

અને એ વિજય યશસ્વી તો જ નીવડે જો ભાઇ પરમાનંદને "સંઘ બ્હાર' મુકવામાં આવે. કોથળામાં કૈંક છે, એવી ભેદી રમત રમતા મદારીઓના ભેદ ખુલ્લા થાય અને બીલાડું કાળું છે કે ધોળું છે તેની સમજ પડે.

## ઝંઝાવાતો ભલે આવો.

સમાજની ભીરૂ અને પ્રમાદી મનોદશાનો લાભ લઇ જેણે પોતાના આચાર વ્યવહારમાં "શાસ્ત્ર આજ્ઞા" ને અભરાઇએ ચઢાવી છે તેઓએ ' શાસ્ત્ર આજ્ઞા" અને "ધર્મ વિરૂધ્ધ"નો બાહુ ઉભો કરી પરિવર્તન માગતી પરિસ્થિતિને પલટો આપવા આદરવામાં આવતી પ્રવૃતિને ઉગતાં જ ડામવાના પ્રયત્નો ગઈ કાલ સુધી કર્યા છે. અંશતઃ તેઓ ફાવ્યા પણ છે. પરંતુ હવે આઝાદ મંઝિલ તરફ કુચકદમ ઉઠાવી રહેલ ભારતવર્ષની યુવાન જનતા દરેક રીતે આઝાદ બનતી જાય છે. જૈન સમાજ પણ ભારતીય પ્રજાનું અંગ હોઈ જૈન યૌવન જાગૃત બન્યું છે. તેની જાગૃતિ ને કે તેની વિચાર સ્વતંત્રતાને રૂંધવાના પ્રયત્નો છે. પથ્થરની દિવાલ સાથે માથું અફાળવા સમ વ્યર્થ નિવડવાના છે એ સ્પષ્ટ હોવા છતાં એ સ્થિતિની પ્રતિતિ એ "સ્થાપિત હીતો" ધરાવનાર વર્ગને નહી થાય ત્યાં સુધી તેમની સાન ઠેકાણે નહી આવે. અને એટલા જ ખાતર યુવાનોએ સંગઠ્ઠન અને વ્યવસ્થિત કાર્યક્રમથી અપાતા 'પડકાર' ને ઝીલવો જ રહે છે.

કોઇ પણ પ્રવૃતિ કેટલી તાકાતવાન છે. તેની ખાત્રી તેની સ્હામે વિરોધી બળ ન હોય ત્યાં સુધી નથી થતી. યુવાનોના સદ્ભાગ્યે, લડતના મયદાનમાં તેમની સ્હામે હવે નવાં મ્હોરાં ગોઠવાય છે. સંઘ સત્તાના સર્વ હકક ખીસામાં રાખી ફરતા "મુડીવાદ" અને "આચાર્યવાદ'ના પ્રતિનિધિ સમા એ નામાંકિત નરોને આમ મોખરે ધકેલનાર પડદા પાછળના એ ચાણાકય ભેજાંએ કમાલ જ કરી છે. જૈન જગતના આકાશમાં હજુ તો માત્ર ધુમ્મસના વાદળ ચઢાવવાના જ પ્રયત્ન થાય છે. કદાચ ઝંઝાવાત વરસે તો પણ શું ? સમાજને માટે સુખ, શાન્તિ અને સ્વાસ્થ્યની ઝંખના સેવનારા યુવાન વર્ગે તો આવા કેટલાંય ઝંઝાવાતોમાંથી પસાર થવું જ પડશે એ નિઃસંશય છે.

## સાચો માર્ગ.

"દેવદ્રવ્ય"ના પ્રશ્ન તરફ આંગળી ચીંધનાર કે તેને અંગેની પોતાની સ્પષ્ટ વિચારણા રજુ કરનારને " ધર્મદ્રોહી" નો ઇલ્કાબ આપનારાઓએ પાયધુની ઉપર આવેલા શ્રી શાન્તિનાથજીના દેરાસરના કેટલાક ચોકકસ વહીવટી મુદ્દાઓને અંગે જે પરિસ્થિતિ ઉભી થઇ છે તે તરફ નિગાહ ફેંકવાની જરૂર છે.

આપણા પ્રમાદી સમાજની એક ખાસ ખાસીયત છે કે છેવટ સુધી આપણે "આપણે શું ?" નો તારક મંત્ર (?) જપવામાંજ મોક્ષ માનીએ છીએ અને છેલ્લે છાશ વલોવવા તૈયાર થઇએ છીએ. અને તેમાં ય તરી પાર ઉતરવામાં આજ સુધી આપણે નિર્બળતા જ બતાવતા આવ્યા છીએ. આ આગળ વધેલા કિસ્સામાં પણ તેમ જ બને તેની લાગતા વળગતાએ બહુ તકેદારી રાખવાની જરૂર છે. આ પ્રશ્ન એકલા 'સાગરગચ્છ' નો નહી પણ જૈન સમાજનો છે. એટલે આ વહીવટી પ્રશ્ન ભીનો સંકેલાય કે તેની સાચી ચોખવટ થાય તે ઉપર આપણા આવા જ બીજા વહીવટી પ્રશ્નોનો આધાર રહેશે. જે ભાઇઓએ કર્તવ્યબુદ્ધિથી પ્રેરિત બની આ પ્રશ્ન હાથ ધર્યો છે. તેમણે તો એ જ બુદ્ધિથી દોરાઈને આખરી અંજામથી સ્હેજ પણ કંપ્યા સિવાય સત્યને તેના નગ્ન સ્વરૂપમાં જાહેર થવા દેવું અને એજ સાચો માર્ગ છે કારણ કે આનો ઉકેલ બીજાને ઉદાહરણ રૂપ બનવાનો પુરતો સંભવ છે.

## અશાન્તિ આવકારો.

યુવાનો એ પ્રત્યેક પગલું "ૐ શાન્તિ" નહી પણ 'ૐ પ્રગતિ" એ મંત્રોચ્ચાર સાથે માંડવાનું હોઇ તેમના નશીબે અશાન્તિના ઉત્પાદક બનવાનું જ લખાયેલું હોય છે. પરંતુ યુવાન વર્ગે તો અશાન્તિને આમંત્રવી જ રહી. કારણ કે તે ઉપાસક હોય છે ચેતનવંતા સમાજની સાચી શાન્તિનો—નહી કે મુડદા સમાજની સ્મશાન શાન્તિનો. અસ્તુ !

યુવાનો પડકાર ઝીલે છે—

Regd. No. B. 3220

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

: તંત્રી :: ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક બીજો.
શનીવાર તા. ૧૫-૮-૩૬.

## જૂનવાણી શિકસ્ત પામે છે.

### જ્યહારે ધર્મ ઝનુન વિવેક બુદ્ધિ ગૂમાવે છે.



શ્રી. જીવણલાલ ઝવેરી.



શ્રી. શાન્તિલાલ.



શ્રી પન્નાલાલ કરમચંદ ભાઉ.

સુધારક પક્ષમાંથી આઠ જુવાનોનાં રકત રેડાયાં છે. અમદાવાદની સીવીલ હોસ્પીટલમાં આ કેસ નોંધાયા છે. એક પણ રૂઢીચુસ્તનો કેસ સીવીલ હોસ્પીટલમાં નથી. હુલ્લડ કોણે કર્યું અને મારામારીના જવાબદાર કોણ એ પ્રશ્નોનો પ્રત્યુત્તર આ ફોટા આપશે.

(અમારા ખાસ પ્રતિનિધિ તરફથી.)

ગામેગામના યુવક સંઘો પડકારે છે, જૂનવાણી મંડળો પણ ચેતવે છે, સાધુઓ સુદ્ધાંય એના વ્યાજબીપણા અને વ્યવ્હારૂપણા વિષે શંકા કરે છે. પડકારો, ચેતવણીઓ અને અભિપ્રાયોથી ઉભરાતાં અખબારોનાં પાનાં અમદાવાદના આંગણે ડહાપણ ઠાલવે છે. શ્રી પરમાનંદ અમદાવાદના નથી એ એક મુદ્દો. બીજો મુદ્દો વિચારો દર્શાવવાને ખાતર સંઘ બ્હાર શી રીતે મૂકાય તે. ત્રીજો મુદ્દો આજની પડતી દશામાં યુવાનોને છંછેડી સમાજમાં અશાંતી ન વધારવાનો.

પણ અમદાવાદના નગરશેઠને સ્થાને સ્થપાયલી બુદ્ધિ, વિનયને

વિવેક છોડી તોછડી બને છે. અપાતા પ્રત્યુત્તરોમાં ઘમંડ તરવરે છે. આચારે ધર્મઢીલો માણસ જ્યહારે ધર્મનો રખેવાળ બનવાનો ઢોંગ કરે ત્યહારે એની નબળાઈ દલીલોનો માર્ગ છોડે છે અને કમજોર માનવીના મગજનો કબ્જો ગુસ્સો લઈ લે છે.

**'ના, હું તો ગાઇશ'**

સલાહ, શિખામણ ને વિનવણીઓની અવગણના કરી અમદાવાદના નગરશેઠે "શ્રી પરમાનંદના ભાષણ પરત્વે' વિચાર કરવા સંઘની સભા તા. ૯–૮–૩૬ના રહવારના સાડા નવે રાખી. આ ખબરથી અમદાવાદના જૂવાનોનું જોમ જોવા શનિ રાતે મ્હેં મુંબઈ છોડયું.

**Black list.**

સોસાયટી પક્ષને અમદાવાદ મ્યુનિસિપાલિટીએ Black list માં મૂકી સભા કરવા હોલ ન આપવાનો નિર્ણય કર્યો છે એ સમાચાર અમદાવાદ ઉતરતાંજ મ્હને મળ્યા.

સાડાસાત વાગતાં તો લાલ લીલી પાઘડીઓ, ધોળી કાળી ટોપીઓ નગરશેઠના વંડે મ્હેં વ્હેતી જોઇ. કમ્મરો વાળીને ગાડીમાં બેઠેલા અને નસકોરાં ચઢાવીને ચાલતાં એવા અમદાવાદના શેઠીયાઓને મ્હેં જોયા. ટટ્ટાર ગર્દને ચાલતા ને દોસ્તોને તાળીઓ દેતા અમદાવાદી જુવાનોને મ્હેં જોયાં અને મ્હને થયુંઃ મહાવીર સ્વામી જ્યહાં હશે ત્યહાં "ધર્મને ખાતર" આટલાં બધાં માનવોને ઝઝુમતાં જોઇને એમનો આત્મા સંતોષ પામ્યો હશે.

સાડા નવ થયા. "પરમાનંદ ઝીંદાબાદ" ના પોકારો થયા. ખુંધે વળેલી એક લીલી પાઘડીની 'નગરશેઠ' તરીક મ્હને ઓળખ મળી. આગેવાનો હતા તે અને પોતાને આગેવાન માનતા હશે તે પ્લેટફોર્મ પર ગોઠવાયા.

**ગુંચ ઉકલી.**

માનવીના સ્વભાવ કારણો પારખવાં હોય તો એની ચોપાસનું વર્તુળ જૂઓ. માનસશાસ્ત્રની આ એક કસોટીએ મ્હેં નગરશેઠની ચોપાસના વર્તુળને જોયું. અને કડીઆઓને જોઇ મ્હારી ગુંચ ઉકલી ગઇ. નગરશેઠે ખાનદાનીની મર્યાદાઓ કેમ ઓળંગી હશે એ ભેદ ખુલ્લો થયો. આવા માણસોની સોબત ગમે ત્હેવા ગુણવાન પર પણ અસર કરે જ તો આ તો.........

**'અહિંસા પરમો ધર્મ'**

"પરમાનંદ ઝીંદાબાદ, પરમાનંદ ઝીંદાબાદ"ની પ્રચંડ ઘોષણા થઈ અને ધર્મના એક ચોકીયાતને ધર્મ આ એક એક ઘોષણાએ પાતાળમાં પેસતો જણાયો. ચોકીઆત તરીકે એણે ફરજ બજાવી અને અહિંસા પરમોધર્મના એક પરમ સેવકે એક જુવાનને લોહી લુહાણ કર્યો.

**ઉપાનદેવ નગરશેઠને સ્પર્શે છે.**

પછી તો ખાસડાંનો વર્ષાદ વરસ્યો. એક ખાસડું નગરશેઠના મ્હોંએ પણ સ્પર્શી ગયું. લાલલીલી પાઘડીઓ–કાળી ધોળી ટોપીઓ રબ્બરના ફુગ્ગાની માફક હવામાં નૃત્ય કરી રહી.

**આઠ જુવાનો લોહિલુહાણ.**

પરિણામે સુધારક પક્ષના આઠ જુવાનોનાં વધતાં ઓછાં રકત રેડાયાં અને જૂનવાણી પક્ષે માત્ર મારવા કાઢેલાં જોડાજ ગૂમાવ્યા.

**શાબાસ દોસ્તો !**

જુવાનોની શાંતિ અને શિસ્ત અદ્ભુત હતાં. સામાન્યતઃ અકારણની ગુંડાશાહી સહી લેવાની જુવાનોને આદત નથી હોતી. પરંતું વર્ષો જુના કિલ્લા તોડવા હોય તો મગજની સમતોલના જાળવી રાખીને શાંત અડગતાથી રહેવું જોઇએ. મહાત્માજીના રાજકારણ પ્રવેશ પછી આ દૃષ્ટિ સુધારકોમાં આવી છે. અમદાવાદના નવલોહિઆ જુવાનોનાં ધૈર્ય અને સહન કરવાની શકિત હું મુગ્ધ મને જોઈ રહ્યો.

**શું થાત ?**

'ટાઇમ્સ'ના મતે ત્રણ હજાર સભાજનોમાંથી સત્તરસો તો જુવાનો હતા એમ હું જોઇ શકયો હતો. આ જુવાનોએ માઝા મૂકી હત તો ?–તો અમદાવાદની શેઠીયા શાહિ ભાંગીને ભુકકો થાત અને ધાર્મિક ગુંડાગીરીનો તો શી રીતે જવાબ વળત એ કલ્પના કરીને જ હું તો કમકમી ઉઠું છું.

**સ્ત્રીઓ કંપી રહી**

આમ જુવાનો સહી રહ્યા. થોડીક વારતો સમરક્ષેત્રના સ્વરૂપમાં નગરશેઠનો વંડો પલ્ટાઇ ગયો. નગરશેઠ અને બીજા શેઠીઆઓ સભા સ્થળેથી મકાનમાં ભરાઈ ગયા. નગરશેઠના મકાનમાં રહી જોતી જૂની–નવી સ્ત્રીઓ આ ધાર્મિક અત્યાચારથી કંપી રહી.

**મકાનમાં માર્યા**

કેટલાક સુધારક જુવાનોને મકાનમાં માર્યા. નગરશેઠના મકાન તરફથી આ મારામારી દરમ્યાન પત્થર પડેલા જણાતા હતા. સીવીલ હોસ્પીટલે સારવાર કરાવવા ગએલા આઠ જુવાનોમાંથી ત્રણને પત્થરના ઘા હતા.

**બીચારો કડીઓ !**

એક રૂઢીચુસ્ત કડીઓ નિરર્થક જૈન યુવક સંઘના મંત્રી શ્રી. ધીરજલાલ ટોકરશી શાહને શોધી રહ્યો હતો. એની દાઝ અધુરી રહી ગઇ. વૃધ્ધ સુધારક શેઠ શકરાભાઇને માર પડયો. એ રૂઢી ચુસ્ત કડીઓ સમરક્ષેત્રમાં ઝનુન પ્રેરતો હતો.

**સભા બરખાસ્ત ?**

નગરશેઠને અંદર ભાગતા જોઇ સમુદાય સમજ્યો કે સંઘની સભા બરખાસ્ત થઇ છે. પ્રમુખ કારણ દર્શાવ્યા વિના ચાલી જાય એટલે સભા પૂરી થઈ છે કે વિખેરાઈ જવાની સૂચના થઇ છે એ સમજ સામાન્ય રીતે તમામ સભાઓમાં હોય છે અને લોક વિખરાયાં. જૂવાનો ગયા. શેઠીયાઓની મોટરો પણ ગઈ.

**કાનુન વિરૂદ્ધ !**

પરંતુ કૈંક ચાલતું હતું. કુતુહલથી વૃંદો ઉભાં હતાં સાદી ને લાઠીધારી પોલીસ આવી. સભાનો કબ્જો લીધો. અને ખબર પ્રકટીઃ સંઘની સભા બરખાસ્ત નથી થઈ. કાયદાની દષ્ટિએ આ બરાબર ન કહેવાય. પણ ધર્મના આ ધુરંધરો ધર્મ સાચવવા કાયદો

( અનુસંધાન પાનું ૧૯ મું. )

# તરુણ જૈન.

તા. ૧૫–૮–૧૯૩૬

## યુવાનો પડકાર ઝીલે છે–

ધર્મશાસન કે સમાજશાસનના મોવડીઓના સિંહાસનના પાયા જ્યારે ધ્રુજવા લાગે છે, ત્યારે જેમ રાજ્યશાસનના પાયા ટકાવી રાખવા માટે રાજાઓને–સમ્રાટોની સરકારને–જેમ સત્તાના કોરડા વીંઝવા પડે છે તેમજ 'સુરિસમ્રાટો' અને 'નગરશેઠો' પણ પોતાની સત્તા ટકાવી રાખવા માટે પોતાની સત્તાના કોરડા વીંઝવા તત્પર બને છે.

ભાઈ પરમાનંદના ભાષણમાં ધર્મશાસન અને સમાજ શાસનના એ ધુરંધરોને પોતાની રહી સહી સત્તાધા 'મરશીયા' ગવાતા સંભળાયા. અને તેઓને પોતાની પાસે હવે માત્ર અવશેષ રહેલું 'બહિષ્કારનું બુઠ્ઠુશસ્ત્ર' અજમાવવાના કોડ જાગ્યા. સ્થળે સ્થળથી સંઘોએ મંડળોએ અને અને વ્યક્તિઓએ, એ 'અવળચંડાઇ' સ્હામે વિરોધ પોકારવા છતાં ખમોશ પકડવાની તેમણે ચોકખી ના સંભળાવી. અને પંડિત સુખલાલજીએ શ્રી કસ્તુરભાઇને લખેલા પત્રમાં આપેલા સ્પષ્ટ પડકારની અવગણના કરવામાં આવી. જાણે કે સ્વતંત્ર વિચારણા અને બુદ્ધિ પુરઃસરની દલીલોનું દેવાળું ફુંકાયું હોય !

'સત્તા સરી જાય છે!' એ ધુનમાં બે બાકળા બનેલા એ મોવડીઓએ પોતાના અંગત નિર્ણયો સંઘના અવાજ તરીકે ઠોકી બેસાડવાના પ્રયત્ન આદર્યા. અમદાવાદના યુવાનોએ સભા ભરી સહામો ઉગ્ર વિરોધ નોંધાવ્યો. પરંતુ 'યુવાનોના અવાજ'ને ઠોકરે ઉડાવી તેમણે પોતાનો નિર્ણય અમલમાં મુકવાનો નિશ્ચય કર્યો.

એ સત્તા શોખીનોએ જો જરા શાણા બની વિચાર કર્યો હોત કેઃ સત્તાના સિંહાસનોનું સ્થાન લોક હૃદયમાં હોય છે. તો લોકસંઘમાં સદાય મોખરે રહેતા આજના યુવાનોને પડકાર આપવા સરખું બીલીશ પગલું તેમણે ભર્યું જ ન હોત !

પરંતુ સત્તાનો મદ જ્યારે માણસને અંધ બનાવે છે. ત્યારે તે ન કરવાની ભૂલો કરી બેસે છે. અને એ ભૂલોની પરંપરા સમા જે બનાવો એક પછી એક બને છે, તે એ 'સત્તાધારીઓ'ને અપકીર્તિની ગર્ત્તામાં ધકેલે છે. અને સદાને માટે તેઓ લોકહૃદયમાંથી પોતાનું સ્થાન ગુમાવી પોતાના પદેથી આપોઆપ ભ્રષ્ટ થાય છે.

અને અમદાવાદ પણ તેમજ બન્યું. શ્રી કસ્તુરભાઈ સંઘના નામે 'નાટક' ભજવવા તૈયાર થયા. બીજી તરફ યુવાનોએ જીવના જોખમે મર્દાનગીભર્યો સામનો કરી તેમના કોડને નિષ્ફળ બનાવવા પ્રયત્ન કર્યો. રંગભૂમિ ઉપર પડદો પડયો. અને યુવાનોનો વિજય જાહેર થયો.

આ બધાનું પરિણામ શું આવશે તેનો હવે પછીના બનાવો નક્કી કરશે પણ અમે માનીએ છીએ કેઃ એ 'નગરશેઠો' અને સૂરિસમ્રાટો' એ લોકોના હૃદયમાંથી પોતાનું સ્થાન ગુમાવ્યું છે એ નિઃશંસય છે.

અને અમદાવાદના જૈન યુવાનો જે બ્હાદુરી ભરી રીતે 'સત્તા' સ્હામે ઝઝુમ્યા છે, તે અભિનંદનને પાત્ર છે. એટલું જ નહિ પણ જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં આવી 'અવળચંડાઇ' આચરવાના પ્રયત્નો થાય ત્યાં ત્યાં વ્યવસ્થિત રીતે મર્દાનગીથી એનો સ્હામનો કરી એવી અયોગ્ય અને ઉપહાસ્ય પ્રવૃત્તિને નિષ્ફળ બનાવવા માટે પ્રયત્ન કરવો એ જ યુવાનોનો ધર્મ છે–કર્ત્તવ્ય છે. અને અમદાવાદના યુવાન દોસ્તો તરફની સાચી સહાનુભૂતિ એમાં જ રહેલી છે ! એ આજનો પ્રત્યેક યુવાન સમજી લ્યે.

## વ્હેતા વ્હેણ

...ન્યાયના નાટકની નિષ્ફળતા પછી, કડીઆ કંપની નવું નાટક તૈયાર કરે છે. ડાયરેકટર રામચંદ્રભાઇ જુસ્સાભેર કામે લાગ્યા છે. શ્રી. માકુભાઇએ ગમે તેટલા પૈસા રોકાય તો પણ નવું નાટક સફળ કરવા નિરધાર કર્યો છે, પદભ્રષ્ટ સમ્રાટે તમામ તપના નિચોડ જેવો 'સફળ થાઓ'નો આશિર્વાદ આપ્યો છે. સોસાઇટીનું તમામ બળ કામે લાગી ગયું છે, પડદા ચિતરાય છે. સાજ સિવડાવાય છે. અને કડીઆ–સુતારો–મોચીઓ–લુહારો 'નવું સર્જન, નવું સર્જન' દિવસ રાત પોકારી રહ્યા છે.

...શ્રી જૈન મહિલા સમાજનાં મંત્રી શ્રી મંગળાબ્હેન મોતીલાલ જણાવે છે કે અમારી સમીતિમાં પસાર થયું હતું કે શ્રી પરમાનંદ કાપડીઆના ભાષણના કેટલાક ફકરાઓ વાંધા ભર્યા ગણીને સંઘ બહાર મૂકવાનો પ્રયત્ન અમદાવાદના સંઘ તરફથી થયો છે તે વ્યકિત સ્વાતંત્ર્યની વિરૂધ્ધ છે અને તેમને સંઘ બ્હાર મૂકયા છે તે વ્યાજબી નથી.

...અમદાવાદમાં હોળી સળગાવ્યા પછી 'સીસોટીના ગંજાઓ' ખંભાતમાં હોળી સળગાવવાની કોશીષ કરી રહ્યા છે.

...સાદડી–મારવાડમાં શ્રી. પરમાનંદના વિચારોને વધાવનાર શ્રી શુભચિંતક જૈન સમાજને–આખી સંસ્થાને સંઘ બ્હાર કરાવવાનો કોઇ સાધુ પ્રયાસ કરી રહ્યા છે. આખી સંસ્થાને સંઘ બ્હાર કરવાનો પ્રયાસ કરતાં સાધુને છકકડ મળી છે એટલે એ સંસ્થાના કાર્યકર્તાઓને સંઘબ્હાર કરવાના પ્રયાસ એણે શરૂ કર્યા છે. સાદરીના જુવાનો ! ગામમાં કુસંપ કરાવતા એ સાધુને ગામમાંથી કાઢી મૂકો.

...ભાંગવાડી થીએટરના તખ્તા પરથી 'શુરાતન'નાં ગાન ગાનાર મેસર્સ જીવા પ્રતાપ એન્ડ સોસાયટીએ લડાયક સરંજામ તૈયાર રાખ્યો છે અને હાકલ પડે કે મેદાનમાં આવી સુધારકોને હટાવવાનો નિરધાર કર્યો છે. અને નિરધારને એઅનુસરતાં ડ્રેસ અને શસ્ત્રોનો કોન્ટ્રેકટ અપાઇ ગયો છે.

...નગરશેઠના વંડે એકઠાં થએલાં પાઘડી, જુતાં ને છત્રીઓ અંગે ચાર યોજના આવી છે.

૧. કોઇ જૂના સામાનવાળાને વેચી એના પૈસા કોઇ સાધુ અંગે ચાલતા રસોડાના ફંડમાં આપવા.

૨. જરૂરીઆતવાળા બેકારોને ગુજરી ભરાય ત્યારે વેચવા આપવા. અને એમનું કમીશન બાદ કરતાં બાકીના પૈસા મંદિરમાં દેવદ્રવ્ય ખાતે આપવા.

૩. લ્હાણી કરવી.

૪. શેઠીઆઓના ભૈયા ઇ. નોકરોને વિના મૂલ્યે બક્ષીસ થશે.

આ વસ્તુઓની માલિકી શ્રી. સંઘની જ છે એટલે શ્રી. કસ્તુરભાઇના કુટુંબનાં માણસો આ ચર્ચામાં રસ લેતાં નથી. એટલે જુદી જુદી ન્યાતના શેઠોની શિરસ્તા મુજબની અઢી સહી લેવાની તજવીજ થઇ રહી છે. નિર્ણય થાય ત્યાં લગી આ ભંડાર નગરશેઠના વંડામાંની એકાદ ઓરડીમાં રહેશે એવા સમાચાર મળ્યા છે.

...સ્વતંત્ર વિચારો દર્શાવવા માટે અમદાવાદના જૂનવાણી પક્ષે બે યુવાનોને નોકરીમાંથી રજા આપી છે. બીજા કેટલાક ને હવે રજા અપાશે.

# વાદળ વિખરાઈ જાઓ.

: લેખક :
મુનિશ્રી. પૂણ્યવિજયજી.

ભાઇશ્રી કાપડીઆએ પોતાના ભાષણમાં રજુ કરેલા વિચારો સાથે હું સર્વાંશે સહમત નથી, તે છતાં હું એમ ચોકકસ માનું છું કે ભાઇ શ્રી કાપડિઆને રાજનગરનો શ્રી સંઘ સંઘબહાર મૂકે એ કોઇ પણ રીતે વ્યાજબી નથી, ખાસ કરી આજની જૈનસમાજની અને જૈન સંઘની વિષમ પરિસ્થતિમાં. મને લાગે છે કે રાજનગરના શ્રી સંઘે અત્યારે સંઘબહારનું જે પ્રકરણ ઉપાડયું છે એ તદ્દન નિરર્થક છે એટલું જ નહિ પણ તે ઉપરાંત રાજનગર શ્રીસંઘના પોતાના હિતને અને તેના બહારથી દેખાતા ઐકયને (અંદરથી તો રાજનગરનો સંઘ આજે વર્ષો થયાં વિચાર ભેદને લઇ ફફડી રહ્યો છે) નુકશાન કર્ત્તા છે.

આજના જૈન શ્રી સંઘની,–એટલે કે જેમાં સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકા એ ચારેનો સમાવેશ થાય છે તેની,–પારસ્પરિક તેમજ ધાર્મિક અને વ્યાવહારિક કોઇ મર્યાદા જ વાસ્તવિક રીતે વ્યવસ્થિત નથી. એક બીજા ગામના શ્રી સંઘો એક બીજા ગામના શ્રી સંઘેની પારસ્પરિક ધાર્મિક મર્યાદાને ખરૂં જોતાં ગણકારતા નથી. સાધુસંઘની મર્યાદા શ્રાવક સંઘ અને શ્રાવકસંઘની મર્યાદાને સાધુસંઘ પણ જાળવતો દેખાતો નથી. એટલું જ નહિ પણ સાધુ સાધુઓ અને શ્રાવક શ્રાવકો પણ પારસ્પરિક ધાર્મિક મર્યાદાની રક્ષા ખરી રીતે નથી કરતા, તેમ આજે, સંઘબહાર એટલે શું ? સંઘબહાર કરનાર કોણ ? કેવા ગુન્હાસર કોણ કોને સંઘબહાર કરી શકે ? સંઘબહાર થનાર અગર સંઘમાં રહેનાર વ્યકિતને શા શા લાભો અગર હાનિ છે ? સંઘબહાર કરવાનો વિચાર કરવા પહેલાં ગુન્હો કરનાર અને શિક્ષા કરનારનું વલણ કેવું હોવું જોઇએ ? સંઘબહારની શિક્ષા કરવા તૈયાર થનાર વ્યકિત કેટલી વિદ્વાન; વિચારશીલ અને સ્થિતપ્રજ્ઞ હોવી જોઇએ ? ઇત્યાદિ બાબતોની કશીયે વ્યવસ્થા રહેલ નથી, અને એજ કારણ છે કે અત્યારના ધાર્મિક કે વ્યાવહારિક દરેક નિર્ણયોમાં મોટે ભાગે વિચારશીલપણું, પ્રામાણિકતા કે ધર્મભાવનાને તિલાંજલિ અપાએલી જ આપણે જોઇએ છીએ. અને તેના બદલામાં અજ્ઞાનતા, સ્વાર્થ પરાયણતા, મંદ ધાર્મિકતા જ મુખ્ય ભાગ ભજવતાં હોય છે. કેટલીએ ધાર્મિક અને પ્રામાણિક વ્યકિતઓ આ વસ્તુસ્થિતિ પ્રત્યે અણગમો ધરાવવા છતાં આજનો મોટો વર્ગ ઉપર જણાવ્યા પ્રમાણેનો હોઈ તેવી ધાર્મિક વ્યકિતઓનું આજના સંઘમાં સ્થાન કે તેમનો અવાજ હોતો નથી. આ આખી પરિસ્થિતિ તરફ નજર કરતાં રાજનગરનો શ્રી સંઘ સંઘબહારની પ્રવૃત્તિ આદરે એને કોઇ પણ વિજ્ઞ મનુષ્ય પસંદ ન જ કરી શકે. છતાંય જો આ આખી પરિસ્થિતિ તરફ દુર્લક્ષ્ય કરી, રાજનગરનો શ્રી સંઘ હઠ પૂર્વક સંઘબહારની પ્રવૃત્તિ કરશે તો વર્તમાન જૈન શ્રી સંઘની જે છિન્ન ભિન્ન દશા છે તેમાં સવિશેષ ઉમેરો થશે અને એ કોઇ પણ રીતે ઇચ્છવા યોગ્ય નથી.

રાજનગરના શ્રી સંઘનું અગર કોઈ પણ ગામ કે શહેરના શ્રી સંઘનું સર્વોપરિપણું આજથી જ નહિ પણ આજે સેંકડો વર્ષ થયાં અસ્ત થઇ ગયું છે. આજે કયાંયના પણ જૈન સંઘનું સર્વોપરિપણું નથી. ખાસ કરી અત્યારે પ્રસ્તુત રાજનગરના શ્રી સંઘનું સર્વોપરિપણું અત્યારે પણ નથી અને આપણે જાણીએ છીએ ત્યાં સુધી આજથી વર્ષો પહેલાં પણ એ મંજૂર નહિ રખાયાના દૃષ્ટાંતો આપણા સમક્ષ વિદ્યમાન છે. દા. તઃ—

૧. લાલન–શિવજી પ્રકરણમાં રાજનગર, સુરત, બોટાદ વગેરેના શ્રી સંઘોએ આ બન્નેય વ્યકિતઓને સંઘબહાર કરવા છતાં જામનગરના શ્રી સંઘે એ સંઘોના ઠરાવ તરફ ઉપેક્ષા કરી હતી એટલું જ નહિ પણ જામનગરના શ્રી સંઘે તે સામે લખાણ પણ કર્યું હતું.

૨. પંડિત બહેચરદાસના પ્રસંગમાં પણ રાજનગરના શ્રી સંઘના સંઘબહારના ઠરાવને વળા ગામના નાના સરખા શ્રી સંઘે ગણકાર્યો નથી અને પંડિત બહેચરદાસ સાથે દરેક વ્યવહાર વળાના શ્રી સંઘે અખંડ રીતે જારી રાખ્યો છે.

આ ઉપરાંત રાજનગર શ્રીસંઘનું સર્વોપરિપણું નહિ સ્વીકારાયાનો–નહિ હોવાનો ખાસ નોંધવા લાયક એક ઐતિહાસિક દાખલો એ છે કે–

રાજનગરમાં નગરશેઠ શ્રીયુત પ્રેમાભાઇના વખતમાં રાજનગરના વતની શ્રાવક તારાચંદ પપ્પઇને સંઘબહાર કરવામાં આવ્યા હતા. જયારે પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય શ્રીમદ્‌વિજયાનંદ સુરિમહારાજશ્રી સુરતમાં ચોમાસું રહ્યા હતા ત્યારે તારાચંદ પપ્પઇ સુરત ગએલા તે વખતે રાજનગરના નગરશેઠે સુરતના શ્રી સંઘ ઉપર તારાચંદ પપ્પઇને રાજનગરના શ્રી સંઘે સંઘબહાર કરેલ હોઇ તેમની સાથે કશોય વ્યવહાર નહિ રાખવા જણાવેલું. તે છતાં સુરતના શ્રી સંઘે રાજનગરના શ્રી સંઘના ઠરાવને અયોગ્ય માની તે તરફ દુર્લક્ષ્ય કર્યું હતું.

અને અત્યારે ભાઈ શ્રી પરમાનંદ કાપડિયાને અંગે રાજનગર શ્રીસંઘ તરફથી થતા આવડા મોટા ઉહાપોહ તરફ પણ ભાવનગરના શ્રી સંઘે જરા સરખુંય ધ્યાન નથી આપ્યું.

આ બધું જોતાં રાજનગરના શ્રીસંઘનું સર્વોપરિપણું નથી. તેમ તેવું આજસુધીમાં સાંભળવામાં પણ આવ્યું નથી. અને આ વાતને કોઇ માનતું પણ નથી. એટલે રાજનગરનો શ્રીસંઘ ભાઇ કાપડિઆને સંઘબહાર કરી શકે નહિ, માત્ર એ, પોતાને યોગ્ય લાગે તેવી ભલામણ જ ભાવનગરના શ્રી સંઘને કરી શકે. આમ છતાં રાજનગરનો શ્રીસંઘ પોતાની માની લીધેલી સતાના વ્યામોહ ખાતર ભાઇ કાપડીઆને સંઘ બહાર મૂકે તેનો કશો જ અર્થ નથી. જ્યાં સુધી ભાવનગરનો શ્રી સઘ આ માટે કશું ય ન કરે. બાકી આ રીતે વાણી અને વિચારો ઉપર કાપ મૂકવો ઇચ્છનીય નથી.

ભાઇ શ્રી કાપડિઆના ભાષણમાંના કેટલાક વિચારો સાથે હું સમ્મત ન છતાં મને એમ લાગે છે કે ભાઈ કાપડિઆનું ભાષણ શુધ્ધ નિષ્ઠાથી પરિપૂર્ણ છે. તેમજ તેમાં સમાજની ઉન્નતિના અમુક યોગ્ય માર્ગનું સૂચન પણ છે.

અંતમાં મને એમ લાગે છે કે–ભાઈ શ્રી કાપડિઆના વિચારોના સંબંધમાં કશોય પ્રામાણિક તેમજ વિચાર પૂર્ણ ગંભીર ઉહાપોહ કર્યા સિવાય જેમણે સંઘ બહારનું શસ્ત્ર ઉગામવાની તૈયારી કરી તેમજ તેમાં નિર્વિચાર પણે પ્રેરણા તેમજ સાથ આપ્યો છે તેઓ જૈન ધર્મને અને જૈન સંઘને ભયંકર નુકશાન જ કરો રહ્યા છે. આપણે ઇચ્છીએ કે પરમાત્મા સૌને સદ્‌બુધ્ધિ આપો અને રાજનગરના સંઘ ઉપર ફરી વળેલ વાદળ વીખરાઇ જાઓ.

આપણે સૌ છદ્મસ્થ છીએ એટલે જે જે વિચારો રજુ કરવામાં આવે એ બધાય સ્થિતપ્રજ્ઞતાથી અભ્યાસ કરવા પૂર્વક તેમજ દીર્ઘ દૃષ્ટિ વાપરી ચર્ચવામાં આવે એ વધારે ઇષ્ટ છે. આપણા વિચારો કે વાણી જેટલે અંશે દૂષિત હશે કે છિછરાં હશે તેટલું સૌને નુકશાન છે અને એ બધાયની જવાબદારી જ્ઞાનીના દરબારમાં આપણી જ રહેવાની છે.

# તમે કયા ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે ?

કસ્તુરભાઇને પત્ર : : લેખક : પં સુખલાલજી

ન્યુ ઇ. ર.
હિન્દુ યુનિવર્સિટી
બનારસ તા. ૪–૮–૩૬

**શ્રયુત કસ્તુરભાઇ મણિભાઈ જોગ,**

અમદાવાદ.

ઘટિત આપણા બે વચ્ચે કશો પરિચય સંબંધ નથી. સ્વાર્થ-ઘર્ષણનો સ્વપ્ને પણ સંભવ ન હોવાથી પક્ષવિપક્ષ ભાવ પણ નથી. જે કાંઈ સંબંધ છે અને જેને લીધે લખવા પ્રેરાયો છું તે સામાન્ય એક સમાજના ઘટક હોવાનો સંબંધ છે. આ સંબંધ દેખીતી રીતે નજીવો કે દૂરનો દેખાય છતાં તાત્ત્વિક રીતે એ બહુ મહત્વનો અને ઘણી બાબતામાં તો એ નજીકમાં નજીક જેવો પણ છે.

શેઠાઇ કે નગરશેઠાઇ જેવાં મૂળમાં ગુણ સ્થાપિત પદોને સાચવી રાખવાનો આ યુગમાં સહેલો ઉપાય મૌન સેવવું એ જ છે. અને એવાં પદોની પ્રતિષ્ઠા વધારવાનો ઉપાય વિચાર અને વર્તનના વિવેક તેમ જ સુપરિણામમાં સમાયલો છે. હું પોતે કોઇ નિષ્પ્રાણ વારસાગત અધિકારમાં નથી માનતો. સમગ્ર અમદાવાદ નગરના કલ્યાણ વિષેના તમે શા વિચારો સેવ્યા છે અને તે વિષે શું શું કર્યું છે એ પણ નથી જાણતો. અમદાવાદ સમસ્ત નગરની વાત બાજુએ મૂકીએ અને માત્ર સમસ્ત અમદાવાદી જૈન સંઘને લઇ વિચારીએ તો પણ એ પ્રશ્ન રહે જ છે. અમદાવાદના સમગ્ર જૈન સંઘના કલ્યાણકારી કાર્યોનો વિચાર કરવા વિષે તેમજ તે વાસ્તે કાંઇ પણ કર્યા વિષે મને કોઇપણ સ્થળેથી વિશ્વસ્ત માહિતી મળશે તો તમને સાચા અર્થમાં શેઠ કે નગરશેઠ તરીકે સંબોધવામાં મને જરા પણ સંકોચ નહિ થાય; ઉલટો આનંદ થશે.

તમે ભાઈ પરમાનંદ કાપડિયાના પ્રમુખ તરીકેના ભાષણ વિષે નિવેદન પ્રગટ કરતાં જે વિધાનો કર્યાં છે તે જોતાં મને એમ લાગે છે કે તમે ભીંત ભુલો છો. તમે એ ભાષણને અધાર્મિક અને સસ્તી કીર્તિ મેળવી આપનાર જણાવો છો. સહેજે પ્રશ્ન થાય છે કે તમે કોની પાસે કયા ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે ? અથવા જાતે કયા ધર્મશાસ્ત્રો વાંચ્યાં છે ? તમે એ ભાષણને વ્યવહારિક ધર્મને વિરોધ કરનારૂં હોઇ અધાર્મિક કહો છો કે તાત્વિક ધર્મનો વિરોધ કરનારૂં હોઇ અધાર્મિક કહો છો ? જો વ્યવહારિક ધર્મના વિરોધને કારણે અધાર્મિક કહેતા હો તો મને લાગે છે કે તમારે પચ્ચીસો વર્ષ સુધીમાં થયેલાં સેંકડો અને હજારો, અત્યારે પ્રતિષ્ઠિત મનાતા આચાર્યોને અને ગૃહસ્થોને પણ અધાર્મિક માનવા પડશે. એટલું જ ખુદ ભગવાન મહાવીરને પણ તમારે એ જ વિશેષણ આપવું પડશે. કારણ એ બધાએ એક યા બીજે રૂપે તે તે નિષ્પ્રાણ વ્યવહાર ધર્મનો વિરોધ જ કર્યો છે અને તે વિષે નવો મત કેળવ્યો છે. સહેજ પણ ઇતિહાસનું જ્ઞાન ધરાવનારા આ બાબત સમજી શકે. જો તાત્વિક ધર્મના વિરોધનો મુદ્દો હોય તો એમાં ભ્રમ સમાયેલો છે. ભાઈ પરમાનંદના ભાષણમાં એક પણ એવો અંશ નથી જે તાત્વિક જૈનત્વ કે તાત્વિક આર્યત્વ કે તાત્વિક મનુષ્યત્વથી વિરોધી હોય. ઉલટું એ આખું ભાષણ તાત્વિક ધર્મની પ્રતિષ્ઠા તેમજ વિકાસની દૃષ્ટિએ જ લખાએલું છે. હું માત્ર તમને જ નહિ પણ વિશ્વાસપાત્ર હોય એવા આખા વિચારક દળને સપ્રેમ આહ્વાન કરવા ઇચ્છું છું કે તમે બતાવો કે એ ભાષણમાં વાસ્તવિક કયું જૈનત્વ હણાય છે ? મેં આ વિષય પાછળ ચોવીશથી ઓછાં વર્ષો નથી ગાળ્યાં. તે પણ બને ત્યાંસુધી વ્યાપક દૃષ્ટિએ સતત વિચારવામાં. હું તમે જે રીતે જાણવા ઇચ્છો કે સમજવા માગો તે રીતે આ બાબત સુહૃદભાવે સમજાવવા તૈયાર છું એટલું જ નહિ પણ આ બાબત લિખિત નિષ્પક્ષ અને મૈત્રિપૂર્ણ ચર્ચા કરવા પણ તૈયાર છું. ચાલુ વ્યવસ્થા, ચાલુ પેઢીઓ, ચાલુ તંત્રો અને સાધુ સંસ્થાના રૂપો એ કોઇ સનાતન જૈન પ્રકૃતિના ધ્રુવ અંગો નથી. એવા અંગો તો ઘણીવાર ઉગ્યાં, ઘણીવાર બદલાયાં અને ઘણીવાર એવા પ્રસંગો આવે છે કે એવા અંગોની સુધારણા કે તેની કાપકુપ ન કરવામાં જ ભારે અધર્મ થાય છે અને સેવાય છે. આ તો ધર્મશાસ્ત્રના અભ્યાસની દૃષ્ટિએ વાત થઇ.

તમે "સસ્તી કીર્તિ" શબ્દ વાપરીને તો તમારા પ્રત્યેનું વિચારકમાં પરંપરાગત રહેલું માન પણ ગુમાવ્યું છે. એમ મને ચોકખું લાગે છે. જો એ ભાષણ માત્ર સસ્તી કીર્તિ વાસ્તે જ છે, તો તમે એનું અક્ષરશા ખંડન કરી મોંઘી કીર્તિ કમાવા સાથે વિચારક બળથી શેઠાઇ પદની સાર્થકતા જરૂર સિધ્ધ કરી શકો. હું તો એટલે સુધી કહેવા માગું છું કે, બે–ચાર વકીલો કે સોલીસીટરો રોકીને એ ભાષણનો બુધ્ધિગમ્ય અને અભ્યાસપૂર્ણ પ્રતિવાદ કરી શકો તોય ગનીમત છે. પછી જણાશે કે સસ્તી કીર્તિ મેળવવામાં કેટલો પરસેવો ઉતારવો પડે છે અને લોહીનું કેટલું પાણી કરવું પડે છે. ઘણા માણસો આવેશમાં તિલક, ગાંધીજી અને નેહરૂજીને પણ અવિચારી અને ગાંડા કહી દે છે, પણ એમ કહેતાં કોઇ તેમને રોકી શકતું નથી. છતાં વિચારક એમ સમજે જ છે કે. એમ કહેવું એ માત્ર વિચારશૂન્યતા જ નહિ પણ વિચાર પ્રત્યેની તિરસ્કારવૃત્તિ છે. હું તમારા જેવા ખાનદાન કુટુંબના એક પુરૂષ પાસેથી આવા વિચારવિદ્વેષી વલણની આશા કદી પણ રાખી ન શકું.

આ લખું છું તે એટલા ખાતર નહિ કે. સંઘબહારની સજા વિરૂધ્ધ કાંઇ ધમકી અપાય. તમને અને તમારા પૃષ્ઠપોષકોને વિવેક અને વિચારથી તેમજ અંત;પ્રેરણાથી એમ કરવું યોગ્ય લાગે તો **તમારે તમારી મર્યાદા વિરૂદ્ધ જવું. એમાં પામરતા અને આત્મદ્રોહ** છે. પણ હું સાથે જ અત્યારનું યુવકમાનસ અને કેળવણીગામી માનસને ધ્યાનમાં રાખી ભવિષ્ય ભાખી દેવા ઇચ્છું છું કે તમે જે કાંઇ અવિચારી પગલું ભરી સમતોલપણું ગુમાવશો, તે આખા દેશમાં શેઠના પાયા ઉખેડવાની જોશભેર ચાલતી ક્રિયાને જૈન સમાજમાં દાખલ કરવાના શ્રેયના તમને ભાગીદાર બનાવશે. આ પ્રશ્ન કોઇ વ્યક્તિ પૂરતો નથી. એ તો કેળવણી અને જડતા વચ્ચેનો પ્રશ્ન છે. એક બાજુ કેળવણીના બધા સાધનો અને બીજી બાજુ જડતાના બધા સાધનો ઉભાં રહેશે અને એ બે સૈન્યો વચ્ચે વિચાર તેમજ વિવેકનું માહાભારત શરૂ થશે અને તમે અને હું જીવતા હઇશું તો જોઇશું કે પરિણામ શું આવે છે. વિવિધ પ્રકારની જૈન સંસ્થાઓને યોગ્ય રીતે સુધારો ન કરતાં તેનો જલદી નાશ આણવાનો માર્ગ મને લાગે છે તેમ તમે ખુલ્લો કરશો, કારણ કોઇપણ **વિચારક અને સ્વતંત્રતા પ્રેમી જે સરકાર સામે પણ બાથ–ભીડવાના મનોરથો સેવે છે તે એક ક્ષણમાત્ર પણ નિષ્પ્રાણ અને અનુપયોગી શેઠાઇની સત્તા ચલાવી નહિ લે.**

લી.
**સુખલાલ.**

# ચિંતન

મહાત્માજીએ હીન્દના રાજકારણમાં પ્રવેશ કર્યો તે પછીના આપણા "જાહેરસેવકો" ઉપર કોઇપણ જાતની ટીકા કર્યા સિવાય આપણે એટલું જરૂર કહી શકીએ કેઃ મહાત્માજીએ પોતાના વર્તન અને વિચાર પ્રચાર દ્વારા "જાહેર સેવકો" માટે એક એવો આદર્શ ઉભો કર્યો છે. અને એવો લોકમત કેળવ્યો છે, કે આજનો જાહેર લોકમત 'જાહેર સેવકો' પાસે તેમના વેષ પરિધાનમાં વપરાતી ખાદી સમું ઉજ્જવળ જીવન માંગી લ્યે છે. અને લોકમત કેટલો પ્રબળ બનતો જાય છે. તેનો પુરાવો તાજેતરમાં જ એક "જાહેર સેવક"ને પોતાની અંગત અશુદ્ધિઓ માટે ફરજીઆત નિવૃતિ સ્વીકારવી પડી છે એ કિસ્સામાંથી મળી રહે છે. કોઇપણ વ્યકિતના 'કરૂણપતન'ની તરફેણ કરવી ઉચિત નથી. તેમ તેની ક્રૂર–કડવી ટીકાઓ કરવી તે પણ ઠીક નથી. કારણ કે વેષની નહી પણ આદર્શની જ પૂજાં હોઇ શકે, એ માન્યતા સમાજ માનસમાં જેમ જેમ પ્રબળ પણે દઢ બનતી જશે તેમ તેમ 'જાહેરસેવકો'ને પણ પોતાના જીવનની વિશુદ્ધિ માટે વધુ સાવચેત રહેવાની આપોઆપ ફરજ પડશે. એટલે કે ટીકાખોરીનાં ચીંથરાં ફાડવાને બદલે પૂજા તો આદર્શની જ હોઈ શકે એ માન્યતા જનતાના માનસમાં ઠસાવવા માટે શકિતનો વ્યય કરવો એજ વધારે ફલદાયી નીવડે.

❖ ❖ ❖

એ વાત થઇ આપણા જાહેર સેવિકોની. હવે જેઓ સેવાના માર્ગથી દૂર ભાગે છે. અને "સમાજ પાસેથી સઘળી જરૂરીઆતો લેવાના બદલામાં તેમણે સમાજની સેવા પણ કરવી જોઇએ." એ વિચારનો પ્રચાર કરનારની સ્હામે જેઓ લાલ આંખે નિહાળવા હંમેશાં ટેવાએલા છેઃ એવા આપણા સાધુવર્ગ તરફ દષ્ટિ નાખીએ. કારણ કે સમાજમાં તેઓનું સ્થાન 'સેવ્ય' તરીકેનું નહી પણ 'શાસન સેવક' તરીકેનું જ છે. અને તેઓને કરવાની અમુક ક્રિયાઓ કરવા સિવાય તેમજ શાસ્ત્રો ગણાતી પોથીઓમાંથી એની એજ વાતોનાં વ્યાખ્યાન શ્રાવકોને સંભળાવવાના તેઓએ માનેલા મહત્વના કાર્ય સિવાય કોઇ ખાસ પ્રશ્નોની વિચારણા કરવાની હોતી જ નથી. એટલે તેમને અવકાશ તો ખૂબ ખૂબ મળે છે. અને એ અવકાશનો ઉપયોગ 'પ્રગતિ' ને વેગ આપવામાં કરવાને બદલે પ્રગતિને રૂંધવામાં જ તેઓ કરતા હોવાથી સમાજની સાથે તેમને કંઈ પણ લેવા દેવા નથી એ દલીલ નકામી થઇ પડે છે. આમ સમાજની ઉપર જેના 'જીવન' અને 'જીવન કાર્ય'ની છાપ પડે છે. એવાઓના સંબંધમાં એ પ્રશ્ન સ્વભાવિક જ ઉઠે છે, કેઃ તેમના 'અંગત જીવનનું' શું?' અને આ પ્રશ્ન છેક સામાન્ય ન ગણી શકાય. કારણ કે સાધુવેષની પાછળ 'સાધુતા–વિતરાગતા–નો' આદર્શ રહેલો છે. અને આપણે એમના 'વેષ'ની નહી પણ. તે વેષની પાછળ રહેલા 'આદર્શ'ની જ પૂજા કરવાની છે. એ સ્હમજી લઇએ તો એ વર્ગમાં વધતી જતી 'સુખશીળ વૃત્તિ' કડક મિમાંસા માગી લ્યે છે. એમ લાગ્યા વિના નહિ જ રહે.

એ વર્ગ કેટલો છિન્ન ભિન્ન બન્યો છે. તે જુદી જુદી બંધાએલી છાવણીઓના પ્રદર્શનથી આપણે જોઈ શકીએ છીએ. તેમજ નિરંકુશતા કેટલી વ્યાપી ગઈ છે. તે ખુબ ખુબ પરિશ્રમ અને ધનના ભોગે મળેલા 'સાધુ સંમેલ્લને' દોઢ દોઢ મહીનાની વિચારણાઓ અને મંત્રણાઓ પછી કરેલા સાદામાં સાદા ઠરાવોનો ભંગ એ ઠરાવોનો પુરતો પ્રચાર થાય તે પહેલાં જ કેટલાકો તરફથી કરવામાં આવ્યો હતો એ બનાવે સાબીત કર્યું છે. અને એ સ્વચ્છંદી વર્તન સ્હામે એક હરફ પણ ઉચ્ચારવાની તાકાત એ 'સૂરિ સમ્રાટો' કે 'આચર્યવર્યો'માંથી કોઇએ બતાવી નથી એ આપણા અનુભવની વાત છે. આ શું બતાવે છે? એ વર્ગની જ્યારે આવી દશા હોય ત્યારે 'લોકસંઘ–શ્રાવક સંઘ' એમની પાસે જરૂર જવાબ માગી શકે છે એટલું જ નહી પણ તેમને પાછા 'નિયમન'માં આવવાની ફરજ પણ પાડી શકે છે.

પરંતુ દુઃખનો વિષય એ છે, કેઃ આપણામાં 'વેષપૂજા'નું મહત્વ એટલું બધું ઘૂસી ગયું છે કે આદર્શ જેવી સ્થિતિને જ આપણે વિસરી ગયા હોઇએ એમ લાગે છે. ઉપરાંત એ વર્ગે પોતાની 'સુખશીળ વૃત્તિ' હંમેશાં પોષાતી રહે એટલા માટે શ્રાવક સંઘને 'ધર્મનું ઘેન' ચઢાવી એવી રીતે છિન્ન ભિન્ન બનાવ્યો છે, કેઃ તે એકજ અવાજ રજુ કરી શકે એવી પરિસ્થિતિ રહી જ નથી. ઉલટુ જે થોડો જાગ્રત વર્ગ છે તેમના તરફથી 'સમાજ ઉદ્ધાર' ને અંગે થતી પ્રવૃતિઓને રૂંધવામાં 'ચોકસ વર્ગ' એ મહા પુરૂષો (?) નું હથીઆર બની રહે છે. અને તેથી જ સમાજમાં ક્રાન્તિ માગનારાઓનો પરમ ધર્મ છે, કે તેમણે પ્રથમ વિચારક્રાન્તિ દ્વારા સમાજ માનસને જાગ્રત બનાવવાને સતત પ્રયત્ન કર્યા જ કરવો. વિચાર ક્રાન્તિની પાછળ પાછળ સમાજ ક્રાન્તિ ચાલી જ આવશે એ નિર્વિવાદ છે.

❖ ❖ ❖

અને એ વિચાર ક્રાન્તિ દ્વારા સમાજમાં ક્રાન્તિ કરવાનો આપણે ધર્મ માન્યો હોય તો આપણે યુવાનોએ પણ થોડો 'સ્વાધ્યાય' કરી લેવો જરૂરી છે. આપણે યુવક સંઘો સ્થાપ્યાઃ યુવક પરિષદો ભરીઃ લખાણો અને ભાષણો દ્વારા વિચાર પ્રચાર પણ કર્યો. પરંતુ એક મહત્વની પ્રવૃતિ હજુય બાકી રહી છે. અને તે એ કે ગુજરાત-ભરનો પ્રવાસ ગોઠવી પ્રત્યેક સ્થળે ફરી જ્યાં જ્યાં શકય હોય ત્યાં ત્યાં યુવક સંસ્થાઓ સાધી યુવક જુથો ઉભાં કરવાની પ્રવૃતિ. અલબત આ પ્રવૃતિ સમય અને ધનનો જ નહી પણ એ કાર્યમાં ઓતપ્રોત બનનારા કાર્યવાહકો પણ માગી લ્યે છે. અને આ પ્રશ્ન સાધારણ નથી. છતાં હવે પછીની પ્રવૃતિને માટે જે 'એકતાનતા'ની જરૂર છે તે આમ કર્યા સિવાય આપણે નહી પેદા કરી શકીએ. એટલે એ દિશામાં જેમ બને તેમ જલ્દી આપણે પ્રયત્ન આરંભવો ઘટે છે.

# જાહેર સભા

**નગરશેઠની હીલચાલ નાપસંદ. : : અમદાવાદના યુવકોને ધન્યવાદ.**

પંદરમી ઓગસ્ટના રાતના આઠ વાગે મહાવિરજૈન વિદ્યાલયનો હોલ નર-નારીઓથી ઉભરાઈ રહ્યો હતો. પરમાનંદ પ્રકરણ પરત્વે વીસ સંસ્થાઓ તરફથી અમદાવાદી નગરશેઠના વલણને તિરસ્કારવા અને શિર સાટે વિજય મેળવ્યા બદલ અમદાવાદના જૈન જુવાનોને અભિનંદવા સૌ ભેગા મળ્યા હતા.

જૈન યુવક પરિષદ્, મુંબઇ જૈન યુવક સંઘ, તરૂણ જૈન કલબ, કચ્છી વિશા ઓશવાળ મિત્ર મંડળ, કચ્છી વિશા ઓસવાળ તરૂણ સંઘ, કચ્છી વિશા ઓસવાળ યુવક સંઘ, જઇન યુવક મહામંડળ (જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, મારવાડની ૨૬ યુવક સંસ્થાઓ જોડાયલી છે.) મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ, મારવાડી જૈન નવયુવક મંડળ, ખંભાત વિશા પોરવાડ જઇન યુવક મંડળ, કચ્છી દશા ઓસવાળ કુમાર સંઘ, મહાવીર જૈન સમાજ, જઇન સત્ય પ્રચારક મંડળ, કચ્છી દશા ઓસવાળ (નાનીનાત) યુવક મંડળ, મુંબઇ જૈન, ઘોઘારી વિશા ઓસવાળ જ્ઞાતિ, કચ્છી દશા ઓસવાળ નાની ન્યાત કચ્છી દશા ઓસવાળ દાંડીયા રાસ મંડળ, ગોડવાળ શુભચિંતક જૈન સમાજ, કચ્છી દશા ઓસવાળ જૈન સ્વયંસેવક મંડળ ઇ. સંસ્થાઓના આશ્રય તળે આ સભા મળી હતી.

જાણીતાં નરનારીઓમાં શ્રી. ભગવાનજી અરજણ ખીમજી, ડૉ. પુનશી મૈશરી, શ્રી, ઓધવજી સોલીસીટર, ડૉ. નાનચંદ મોદી, શ્રી. મોહનલાલ દલિચંદ દેસાઇ, શ્રી, ચંદુલાલ સારાભાઇ, શ્રી. હીરાલાલ અમૃતલાલ, શ્રી. મણીલાલ મોહનલાલ, ઝવેરી, શ્રી વિજયાબ્હેન પરિખ, શ્રી. મોતીચંદ કાપડિયા, બાબુ વિજયકુમાર ભગવાનદાસ, શ્રી. રસિકલાલ મોહનલાલ હેમચંદ જવેરી, શ્રી, ફુલચંદ વેલજી, શેઠ ગીરધરલાલ ત્રિકમલાલ, શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ. વિગેરે નજરે પડતાં હતાં.

આમંત્રણ પત્રીકા વાંચીને શ્રી. અમીચંદ ખેમચંદ શાહે એક પત્રિકા લેખનો જવાબ આપતાં જણાવ્યું હતું કે જે સંસ્થાઓના આશ્રયે આ સભા મળે છે તે સંસ્થાઓ આજ કાલની નથી એની પાછળ સબળ પીઠબળ છે અને એના ક્ષેત્રોમાં ખુબ જ જાણીતી સંસ્થાઓ છે.

શ્રી. કકલભાઇ બી. વકીલે પ્રમુખસ્થાન લીધું હતું. શ્રી. કકલભાઈ જાણીતા અગ્રેસર છે. મુંબઇની યુવક પરિષદ્‌ના સ્વાગતાધ્યક્ષ હતા. શેર બજારના એક ડીરેકટર છે

## પ્રમુખનું ભાષણ.

પ્રમુખસ્થાનેથી શ્રી. કકલભાઇ વકિલે જણાવ્યું કે 'અમદાવાદની યંગમેન્સ જૈન સોસાયટીએ શ્રી. પરમાનંદનું ભાષણ ધર્મવિરોધી છે અને તેથી તેમને સંઘબ્હાર કરવા જોઇએ એવો ફતવો લાવીને એવો ઠરાવ કરવા નગરશેઠને વિનંતિઓ કરી. ભાઇપરમાનંદના ભાષણમાં ધર્મ વિરૂદ્ધ શું છે તે આટલો કોલાહલ કરવા છતાં કોઇ પૂરવાર કરી શકયું નથી એટલું જ નહિ પરંતું જૈન સમાજમાં સંખ્યાબંધ આચાર્યો અને વિદ્વાન મુનિવરો વિદ્યમાન છતાં ભાષણમાંથીએક પણ ફકરો ટાંકીબતાવી અમુક ભાગ ધર્મ વિરૂધ્ધ જાય છે એવું બતાવવાને હજુ કોઇ બ્હાર પડયું નથી. વાસ્તવિક રીતે ભાઇ પરમાનંદના ભાષણમાં તેવું કંઇ છે જ નહિ. તેઓના પ્રગતિમાન વિચારો અને યુવકોમાં તેઓએ આણેલી જાગૃતિએ રૂઢીચુસ્તોને હચમચાવી મૂકયા છે. અને વેરવાળવા સંઘની સભાનો ફારસ ભજવવામાં આવ્યો છે.

'દરેક વિચારશીલ વ્યકિતને સમાજ કે ધર્મના પ્રશ્નોસંબંધી વિચારો રજુ કરવાનો સંપૂર્ણ અધિકાર છે. તે અધિકારની આડે આવવાની કોઇ પણ સમાજ કે સંસ્થાને સત્તા હોવી ન જ જોઇએ. અમદાવાદના નગરશેઠ પ્રથમતો પોતે જ ભાષણની નિંદા શરૂ કરે છે અને જુદાં જુદા પત્રોના ઉત્તરદ્વારા વિલક્ષણ માનસ આબેહુબ પ્રગટાવે છે. સંઘની સભા નવમી ઓગસ્ટે મળે છે. ખુબ વિરોધ રજુ થવા છતાં તથા મતગણત્રીની માગણીઓ ઉપરા ઉપરી આવવા છતાં તેને બીલ્કુલ નહિ ગણકારતાં મૂકાયેલા ઠરાવને સર્વાનુમતે પસાર

## પાટનગર કબ્જે થયું છે

દોસ્તો, !

આપની સમક્ષ મુકાયેલા ઠરાવના પૂર્વાર્ધ વિષે મ્હારે કંઇ કહેવાનું નથી. એમાં નગરશેઠની પ્રવૃત્તિ પ્રત્યે તિરસ્કાર બતાવાયો છે. આમ તો નગરશેઠના વર્તન વિષે અહિં જે કહેવાયું છે એમાં હું ઘણો ઉમેરો કરી શકું. પણ હારેલા-પડેલા માણસને તિરસ્કારવો એ સૈનિકને છાજતું નથી. ખુદ એના ઘરમાં જ એને વિષે હાહાકાર જણાતો હોય એ વખતે એના સામેના વધતા તિરસ્કારમાં વધારો કરવો એ મ્હને કે આપને શોભે નહિ. મ્હારૂં ચાલે તો હું આપના સૌના તરફથી એને અભિનંદન આપું. દશવર્ષથી જૈન યુવક પ્રવૃત્તિ ચાલે છે. એમાં સીધી લડતની આ પહેલી તક એણે આપણને આપી છે. જુના અને નવા વિચારોનો મુકાબલો અમદાવાદમાં થઇ ગયો છે. અને એમાં આપણે વિજય મેળવ્યો છે.

કોઇ એમ ન માનશો કે અમદાવાદના જુવાનો એ આવેશમાં આવી આ જીત મેળવી છે. એમની આ યશ લડતનો હું સાક્ષી હતો. ભાઇ ભાઇના બાપદિકરાના સબંધોમાં આગ લગાવીને ભાવી કારકીર્દી જોખમમાં નાખીને આ વિજય એમણે મેળવ્યો છે.

આપણી પ્રવૃત્તિ ગૂજરાત વ્યાપક છે. અને વિજય ધ્વજ રોપવો હોય તો પાટનગર જ જીતવું જોઇએ. અમદાવાદ ગુજરાતનુ પાટનગર છે. એ પાટનગરમાં એના નગરશેઠને એના સ્થાનનુ ભાન કરાવ્યું એ આપણો પ્હેલો વિજય છે. અને પોતાની જાતની પ્રતિમા રચી પોતાને પૂજવા લાયક મનાવતા સૂરિસમ્રાટને પદભ્રષ્ટ કર્યા એ આપણો બીજો વિજય છે. અમદાવાદના આપણા જૂવાન બીરાદરોએ આ બન્નેને સખ્ત હાર આપી છે, શેઠાઇના ચુરૂરા થયા છે. સમ્રાટના શાસન રોળાઇ ગયાં છે.

પાટનગર જીતેલા આપણે નજીકના ગામો જીતવાનાં છે-એ જીતવાની પ્રેરણા પાતા અમદાવાદના વિજેતા આપણા બિરાદરોને આ ઠરાવદ્વારા આપણે અભિનંદીએ છીએ. **તારાચંદ કોઠારી.**

[ મુંબઇ સભામાં મૂકાયલા પ્હેલા ઠરાવવેળા આપેલું ભાષણ ]

થએલો જાહેર કરી નગરશેઠ બાજુના બારણે વિદાય લે છે. દેખીતો વિરોધ છતાં ઠરાવને સર્વાનુમતે પસાર થયેલો જાહેર કરવામાં આવે એ બધું બંધારણની દૃષ્ટિએ કેટલું ગેરકાયદેસર છે એ સમજાવવાની જરૂર રહેતી નથી.

જાહેર થએલો ઠરાવ પણ કેટલો વિચિત્ર છે. લાગણી દુભાઇ છે માટે પરમાનંદ સાથેનો બધો વ્યવ્હાર બંધ કરવામાં આવે છે. શ્રી પરમાનંદ અમદાવાદના સંઘની વ્યકિત નથી. એટલે અમદાવાદના નગરશેઠે આવો ઠરાવ જાહેર કરીને પોતાને તેમજ અમદાવાદના સંઘને હાંસીપાત્ર બનાવ્યા છે.

'અમદાવાદના નગરશેઠને હું પૂછું છું કે લોકમતને ઠોકરે મારી સમાજમાં હોળી સળગાવવા સંઘને નામે જે ફારસો ભજવ્યાં છે તેના કેવાં માઠા પરિણામ આવશે એનો આપને કંઇ ખ્યાલ છે. ? અમલ થઇ ન શકે એવા ઠરાવોથી અલગ રહેવાની સાદી સમજ પણ આપ ધરાવતા નથી ? આપે તો વિવેકની મર્યાદા ઓળગી. શ્રી. પરમાનંદ સસ્તી કીર્તિ ખાટવા નિકળ્યા છે એમ જાહેર કર્યું છે. ગાદીના માનને ખાતર પણ આપે ગૌરવ જાળવવું જોઇતું હતું. ભારે ભોગ આપીને શ્રી. પરમાનંદ યુવકોના સરદાર બન્યા છે. કુટુંબ કે ન્યાતોની પરવા વિના તેમણે નિડરપણે વિચારો રજુ કર્યા છે. દેશ ખાતર બે વાર જેલ યાત્રા કરી છે, એમની કીર્તિ એ ભારે ભોગોનું પરિણામ છે. શ્રી પરમાનંદનું ભાષણ આપણી પ્રવૃત્તિઓના કારણે જૈન અને જૈનેતર સમાજોમાં ઘેર ઘેર વંચાય છે. આવૃત્તિઓ પાછળ આવૃત્તિઓ કાઢવી પડે છે. યુવક પ્રવૃત્તિને આડકતરી રીતે વેગ આપવા બદલે આપને ધન્યવાદ આપવો જોઇએ.

'સ્થિતિ ચુસ્તતાના ધામમાં યુવક પ્રવૃત્તિની આટલી સફળતાથી દેશભરના જૈન યુવકોને ગૌરવ મળ્યું છે. અમદાવાદના યુવક બંધુ ઓએ માર સહન કરીને પણ જે ધીરજ અને શાંત રીતે વિરોધ દર્શાવ્યો છે તે માટે તેઓને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે.

'નૂતન વિચારનું વાતાવરણ દેશભરમાં આજે ફેલાઇ રહ્યું છે. નદિના વેગની જેમ તેનો પ્રવાહ અસ્ખલિત રીતે વહ્યાજ કરશે અને તેની સામે થનાર નદિના પુરની જેમ પ્રગતિના પુરમાં તણાઇ જશે. પોતાના સમયમાં ક્રાન્તિ કરવા માટે અપમાન અને તિરસ્કારનો ભોગ બનવા છતાં સમયને અનુસરીને વિચાર કરનારાઓ પાછળથી પૂજાય છે. યુવકો પચ્ચિસ વર્ષ પછી શું આવવાનું છે. તે જોઇ શકયા છે. તેને માટે અનુકુળતા અને માર્ગ સાફ કરવાનું કામ કરી રહ્યા છે. સમયની સામે થનાર કોઈ ટકી શકતું નથી.'

**'અમદાવાદ ખાતે મળેલી બીજી જૈન યુવક પરિષદના પ્રમુખ સ્થાનેથી શ્રી. પરમાનંદ કુંવરજીએ આપેલા ભાષણને કારણે તેમને સંઘ બ્હાર કરવાને લગતી અમદાવાદના સંઘના નામે શ્રી કસ્તુરભાઇ મણીભાઇ નગરશેઠે ઉપાડેલી અયોગ્ય અને ઉપહાસભરી હિલચાલ પ્રત્યે આ સભા સખ્ત નાપસંદગી જાહેર કરે છે અને તે હિલચાલને જીવને જોખમે નિષ્ફળ બનાવવા માટે અમદાવાદના જૈન યુવાનોએ બતાવેલી હિંમત માટે તેમને આ સભા હાર્દિક ધન્યવાદ આપે છે.**

શ્રી. ઓધવજી ધનજી શાહ સોલીસીટરે ઉપરોકત ઠરાવ રજુ કરતાં જણાવ્યું કે આ ઠરાવનો મુસદ્દો બે ચાર ગામડીઆઓ કોઇ ઠરાવ કરતા હોય તેવો અણઘડ છે. એની ભાષા ખુબ કંગાલ છે. અમદાવાદના સંઘે સંબંધ રાખવો નહિ તેવો ઠરાવ કર્યો છે પણ કેવો સંબંધ નહિ રાખવો તે જણાવ્યું નથી. લાયકાત, અધિકાર અને સાર્થકતાની દૃષ્ટિએ હું એ ઠરાવનું અવલોકન કરીશ. ઠરાવ કરનારા ખેરખાંહોને હું પૂછું છું કે તમે શાસ્ત્રોનો કદિ અભ્યાસ કર્યો છે ? મને લાગે છે કે એ ઠરાવ કરનારાઓએ શ્રી. પરમાનંદનું ભાષણ પણ વાચ્યું નહિ હોય. પરમાનંદ ભાવનગરના છે એટલે તેમના ઉપર અમદાવાદના સંઘની કોઈ સત્તા નથી.

'વિચારો દર્શાવવામાં આવે તે સામે વિરોધ દેખાડવા બ્હાર પાડનારાઓ અનેક દુરાચારો આચરાય છે તે સામે વિરોધ દર્શાવવા બ્હાર કેમ નથી પડતા ? ધર્માદા નાણાંથી વેપાર ચલાવનારાઓને કેમ ઉઘાડા પાડવામાં નથી આવતા ? સાધુઓના બદ ચરિત્રો કેમ જાહેર નથી કરતા ?

'સંઘની સભામાં જીવના જોખમે હિમ્મત દેખાડવા માટે અમદાવાદના જુવાનોને ધન્યવાદ ઘટે છે.'

અમદાવાદ સંઘના સભ્ય શ્રી ચંદુલાલ સારાભાઇ મોદીએ આને ટેકો આપ્યો હતો. શ્રી મણીલાલ જવેરીએ યુવકોમાં નગરશેઠની પ્રવૃત્તિથી જે જોમ ચાલુ હતું તે બદલ નગરશેઠનો આભાર માન્યો હતો. શ્રી. વલ્લભદાસ ફુલચંદે વધુ ટેકો આપતાં કહ્યું: 'યુવાનોને પડેલાં પત્થરનો માર જોતાં એવી કોઈ યોજના પ્હેલેથી જ તૈયાર હોવી જોઇએ.' અને 'સંઘને ગેરકાયદે ચલાવવા માટે એમણે તિરસ્કાર કર્યો હતો. શ્રી. તારાચંદ કોઠારી શ્રી. ફુલચંદ વેલજી, શ્રી. મહાસુખલાલ હરગોવિંદદાસ, શ્રી. ગૌતમલાલ અને માણેકલાલ ભટેવરાના ટેકા પછી ઠરાવ સર્વાનુમતે પસાર થએલો જાહેર થયો હતો.

**'સામાજીક કે ધાર્મિક પ્રશ્નો ઉપર સ્વતંત્ર વિચાર દર્શાવવાનો દરેક વ્યકિતને જન્મસિદ્ધ હકક છે અને તેમ કરતાં તેને અટકાવવા કે દબાવવાનો પ્રયત્ન કરવો તે પ્રગતિરોધક અત્યાચાર છે તેથી જ્યાં જ્યાં એવો પ્રયત્ન થાય ત્યાં ત્યાં તેનો અહિંસક, શાંતિ અને વ્યવસ્થાપૂર્વક સામનો કરવાની યુવક જનતાને આ સભા આગ્રહ કરે છે.'**

શ્રી મોહનલાલ દલિચંદ દેસાઇએ ઉપરોકત ઠરાવ રજુ કરતાં જણાવ્યું કે વાણિસ્વાતંત્ર્યનો સિધ્ધાંત એવો સર્વસ્વિકૃત છે કે આ ઠરાવને સમર્થનની જરૂર નથી. કેમકે વાણિસ્વાતંત્ર્ય એતો જન્મ સિધ્ધ હકક છે. આ હકક પાળતાં ગાળો પડશે ને કોઇક કોઇક લડવા પણ આવશે. લડવા આવનારાઓ ઘા કરે તો પણ શાંતિ અને અહિંસા જાળવીને શિષ્ટતાથી કાર્ય લેવું જોઈએ, વાણિસ્વાતંત્ર્ય જેમ આપણે માટે તેમ બીજાને માટે પણ સ્વીકારવું જોઇએ. સગવડપંથી આપણે ન બનીએ. અને સહન કરીને પણ વાણીસ્વાતંત્ર્યનું આપણે રક્ષણ કરવું જોઇએ.

ડો. મહીશરીએ આ ઠરાવને ટેકો આપ્યા પછી શ્રી. લીલાવતી દેવીદાસે તેજસ્વી વાણીમાં કહ્યું કે સિંહણના દુધને પચાવવાની જેમ તાકાત જોઇએ. છે તેમ શ્રી. પરમાનંદનાં ભાષણોનાં તત્વો પચાવતાં

(અનુસંધાન પાનું ૧૮ B. જુઓ.)

# નગરશેઠની અજ્ઞાનતા !

શ્રી જૈન શ્વેતામ્બ કોન્ફરન્સ સાથેનો આ પત્ર વ્હેવાર અહિં રજુ થાય છે: આ પત્રમાંની રા. કસ્તુરભાઇની તોછડાઈને એક ભાન ભૂલ્યા માનવીની નાદાનીયત માની આપણે બેદરકાર બનીએ તો પણ "પરમાનંદે લાલન શિવજીને માફી માગવાને સમજાવવામાં આગળ પડતો ભાગ લીધો હતો" એવી સાવ મૂળમાં જ ખોટી હકીકતો કસ્તુરભાઇની નગરશેઠ તરીકેની નાલાયકાત સિદ્ધ કરે છે. જો સંઘ પર એણે સ્વામિત્વ–નગરશેઠપદ ભોગવવું હોય તો એના મહત્વના બનાવો વિષે માહિતગાર રહેવાની એણે તકલીફ લેવી જોઇએ. ખોટા આંકડા કે ખોટી હકીકતોથી જનસમુહને છેતરવાનો યુગ હવે વહિ ગયો છે એ વાત કસ્તુરભાઈ, પદભ્રષ્ટ થયેલા સમ્રાટ અને હુંઘપાકીઆ મંડળો નોંધી રાખે.... ... ... ... **તંત્રી**

**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, પાયધુની, મુંબઇ ૩.**

તા. ૧ ઑગસ્ટ ૧૯૩૬.

**શ્રીયુત નગરશેઠ કસ્તુરભાઇ મણીભાઇ, અમદાવાદ.**

વિ. આપનો તા. ૩૧–૭–૩૬ નો પત્ર મળ્યો. અમારા આપની સાથેના પત્ર વ્યવહારમાં શ્રી પરમાણંદના ભાષણ સંબંધે અભિપ્રાય દર્શાવવામાં આવેલ નથી એ વાત આપે સ્વીકારી છે તેથી સંતોષ થયેલ છે. અમારા મુખપત્રમાં સંસ્થાનો અભિપ્રાય છે એમ આપ જણાવો છો તે બાબતનો પણ અમે સ્પષ્ટ ઇન્કાર કરીએ છીએ અને આપ જો ઇચ્છશો તો તે અંગે પણ ખુલાશો થઇ શકશે.

આપે જે સાધુ સંમ્મેલનના ઠરાવ નં. ૧૦ માં નો હવાલો આપ્યો છે તે અમે ફરી વાંચી જોયો છે અને અમે દિલગિર છીએ કે આપ જે તેનો અર્થ કરવા પ્રયત્ન કરો છો તેવો તેનો સંકુચિત અર્થ નથી. આપ ફરી વખત તે ઠરાવને જોઇ જશો એવી આશા રાખીએ. છતાંએ શું તે મંડળી સ્વપક્ષમાનાં કોઇ વ્યકિતના વિચારો અંગે જવાબ આપી ન શકે ?

આપના પત્રના ત્રીજા પેરેગ્રાફ અંગે ખુબ વિચારો દર્શાવી શકાય એમ છે પણ તેમાં હાલ ન ઉતરતાં એક પ્રશ્ન એ ઉદ્ભવે છે કે જ્યારે ધર્મવિરૂદ્ધ બોલનાર કોઇ પણ વ્યકિતને માટે જ્યારે આપ અન્ય કોઈ પણ રસ્તા કરતાં સંઘ બહારની શિક્ષા જણાવો છો ત્યારે ધર્મવિરૂધ્ધ આચરણ કરનાર, ખાનપાન કરનાર કે અન્ય અનેક રીતે ધર્મ વિદ્રોહ કરનાર–જે અંગે અત્યાચાર અગાઉ આપણાં પૂજ્ય મુનિવર્યોએ જાહેર ભાષણોમાં જણાવેલું છે.–તેઓના માટે શું સંઘ વિચાર ન કરી શકે ? અમદાવાદ સંઘ આવા ધર્મ વિરૂધ્ધ કૃત્ય કરનાર અંગે પણ સમતોલ દ્રષ્ટિએ વિચાર કરે એ શું ઇચ્છનીય નથી ?

આપના પત્ર પરથી જણાય છે કે આપ પ્રથમથી નિર્ણય કરીને જ બેઠા છો કે અમુક ભાષણ ધર્મદ્રોહી છે. આપના એવા વખતો વખત જણાયલા વિચાર પછી આપનો ન્યાયાધીશ તરીકે કેટલો અધિકાર રહી કે ટકી શકે તેનો આપ જ ખ્યાલ કરશો. આપે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે ભાઇ પરમાણંદ તમારા સ્થાનિક સંઘની એક વ્યકિત નથી. તમારા કોઈ ઉતાવળા કૃત્યથી તમે ભાવનગરના સંઘની સત્તામાં હાથ નાંખો છો એવો દેખાવ થાય તે પણ ઇચ્છવા યોગ્ય નથી.

પોતાનો અધિકાર વિચારી શાંત દષ્ટિ રાખી સંયમ ભાવે વિચારણા થાય એવા પરિપકવ વિચારોની અત્યારે જરૂર છે એમ અમને લાગવાથી અમારી અત્યંત અનિચ્છા છતાં સામાજીક હિતની નજરે જ આ પત્ર વ્યવહાર કરવાની અમને આવશ્યકતા લાગી છે. હાલ એજ.

પત્રની પહોંચ સ્વીકારી આભારી કરશોજી. લી. સંઘ સેવક
(સહી) **ગાંધી જમનાદાસ અમરચંદ,** રેસીડેન્ટ જનરલ સેક્રેટરી.

**અમદાવાદ તા. ૬–૮–૩૬** વંડાવીલા.

**શ્રી જૈન શ્વે. મૂ. સંઘ** રાજનગર

**શ્રીયુત જમનાદાસ અમરચંદ ગાંધી.**

રે. જ. સે. શ્રી. જૈ. શ્વે. કોન્ફરન્સ. **મુંબઇ.**

વિશેષ તમારો નં. ૨૭૩ તા. ૧–૮–૧૯૩૬ નો પત્ર મળ્યો. તમારા મુખપત્રમાં તમારો અભિપ્રાય છે. "ભાઇશ્રી પરમાનંદે એ તરફ માર્મિક કટાક્ષ ફેંકી ખાસ ભાર પરિવર્તન પર મૂકી ધાર્મિક અને સામાજીક નિયમોમાં તડ અને ફડની નીતિ આદરવા આહ્વાન કર્યું છે. એમ કરવામાં શાસ્ત્ર મર્યાદા ઓળંગી છે" પણ હવે કદાચ તમો એ અભિપ્રાય બદલવા માગતા હો તો સીધી રીતે બદલી શકો છો તેમાં વાકચાતુર્યથી નીકળી જવાની નીતિ ખોટી છે.

તમારી સંસ્થાના મુખ્ય કાર્યવાહક શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીયાએ પૂ. મૂર્તિઓને ન માનનાર સ્થાનકવાસીઓ, પૂ. આગમોને ન માનનાર અને આપણી સાથે તિર્થોમાં ઝગડા કરનાર દિગંબર સોલિસિટરો, વકીલો, તથા બેરીસ્ટરોના શ્રી પરમાણંદના બચાવના જાહેર નિવેદનમાં સાથ આપ્યો છે તે દિલગિર થવા જેવું છે. એ બતાવી આપે છે કે તમારી સંસ્થાને આ પ્રકરણ માટે જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજનો કેટલો ટેકો છે.

ઉપરની બીના બનવાથી મારા તા. ૬–૭–૩૬ ના કાગળમાં લખવા પ્રમાણે શાંતિના ઓઠા નીચે પરમાનંદનો બચાવ છે તે બાબતને આથી વધુ ટેકો મળે છે.

મનુષ્ય સ્વભાવ જ એવો છે કે પોતાનાં સગાં સંબંધી માટે મોહને લીધે દરેક પ્રયત્ન કરે એ દેખીતું છે અને તે ક્ષમાપાત્ર છે.

સમાજમાં ખરી શાંતિ ઇચ્છનારા પરમાનંદના સ્નેહિઓ તથા સગાંઓએ એમને સમજાવી અધાર્મિક અને સમાજમાં અશાન્તિ ફેલાવે તેવું લખાણ ભાષણમાંથી પાછું ખેંચાવી લેવું જોઇએ. તે નહિ કરતાં શાન્તિના ઓઠા નીચે પરમાનંદનો બચાવ કરવો તે ખેદજનક છે.

તમારી સંસ્થાના કન્વેન્સનને શાંતિપૂર્વક સફળ કરવાને વાસ્તે મર્હુમ નરોત્તમભાઇ ભાણજીભાઇ તથા મી. પરમાનંદે લાલન અને

શિવજીને માફી માગવાને સમજાવવામાં આગળ પડતો ભાગ લીધો હતો તેઃ હવે મી. પરમાનંદને સમાજની શાંતિ ઇચ્છનાર કોઇ સમજાવનાર નથી ?

હાલના સમયમાં, ઘણા માણસો રાત્રિભોજન કરતા હશે, ઘણા પ્રભુ સેવા પૂજા નહિ કરતા હોય, ઘણા ઉપાશ્રયે મુનિમહારાજો પાસે નહિ જતા હોય વગેરે વગેરે. તેથી તેઓ પોતાના આત્માનું હિત સાધી શકતા નથી. પણ આવી અગર બીજી ધર્મવિરૂદ્ધની પ્રરૂપણા કરી જાહેર ભાષણો આપી સમાજને ધર્મવિમુખ કરે તેમજ જે માણસ પૂજા સેવા કરે અને પૂ. મૂર્તિને માટે અપશબ્દ વાપરે, ઉપાશ્રયે જાય ને સાધુસંસ્થાને નિંદે અને વિપરીત બનાવવા ઇચ્છે વગેરે વગેરે ધર્મવિરૂદ્ધ જાહેર ભાષણો આપે તેથી ઘણા જીવોનું અકલ્યાણ કરે છે અને તેથી જ શાસનનો ગુનેહગાર થાય છે. આ વસ્તુ તમે સારી રીતે સમજી શકો છો અને તેથી દમારા પત્રના ત્રીજા પેરેગ્રાફનો ખુલાસો આવી જાય છે.

સાધુ સંમેલનના પવિત્ર ઠરાવોનો અર્થ મારી મચડી કરવાનું કામ તમારૂં નથી. મી. પરમાનંદના ભાષણમાં અધાર્મિક તત્ત્વ છે એ તો સ્પષ્ટ છે. પણ તે સંબંધી યોગ્ય શું કરવું તે અમદાવાદ સંઘે વિચારવાનું છે.

લી. સેવક, (સહી) **કસ્તુરભાઇ મણીભાઇ.**

# અમદાવાદના યુવકો.

## નગરશેઠ સામે વિરોધ.

અમદાવાદ, તા. ૧૫ મી ઓગસ્ટ.

પરમાનંદ પ્રકરણમાં અમદાવાદ જૈન સંઘના નગરશેઠે ચલાવેલા વર્તન સામે વિરોધ દર્શાવવા ગઇ કાલે રાતના આઠ વાગે અત્રે હંસરાજ પ્રાગજી હોલમાં ગુજરાત યુવાન મંડળ અને વિદ્યાર્થી મીત્ર મંડળના સંયુક્ત આસરા હેઠળ શ્રી કૃષ્ણલાલ દેસાઇના પ્રમુખપદે એક જાહેર સભા મળી હતી.

સભામાં જુદા જુદા વકતાઓએ વીચાર અને વાણી સ્વાતંત્ર્ય પર ત્રાપ મારતા નગરશેઠના વર્તનનો સખ્ત વિરોધ કરતાં ભાષણ કર્યાં હતાં અને ધર્મની આંધળી ઘેલછાને પરિણામે બનેલા હિંસક બનાવોને વખોડી કાઢ્યા હતા.

ત્યારબાદ સભામા નીચેના ઠરાવો પસાર કરવામાં આવ્યાહતાઃ–

(૧) અમદાવાદના શહેરીઓની આ જાહેર સભા ઠરાવ કરે છે કે જૈન કોમના રૂઢીચુસ્ત ગૃહસ્થોએ વાણી સ્વાતંત્ર્યતા જનતાના હકક પર જે ત્રાપ મારવાનો પ્રયત્ન આદર્યો છે તેનો વિરોધ કરે છે.

(૨) જૈન યુવક પરીષદના પ્રમુખ શ્રી. પરમાનંદ કાપડીયાને સકળ સંઘ બહાર મુકવા મળેલી સભામાં જે અથડામણ ઉભી થઇ હતી અને જેના પરિણામે જૈન યુવક ભાઇઓ ઘાયલ થયા છે તેમને આ સભા અભિનંદન આપે છે અને રૂઢીચુસ્તોએ યુવાનો પર કરેલા હીચકારા હુમલાને આ સભા ધિકકારી કાઢે છે.

(૩) વાણી-સ્વાતંત્ર્ય સામે નગરશેઠે ચલાવેલી જોહુકમી અને પોલીસની મદદથી તેને દાબી દેવાના જે પ્રયત્નો થયા હતા તેને આ સભા સખ્ત રીતે વખોડી કાઢે છે.

( અનુસંધાન પાનું ૧૮ થી ચાલું )

આપણને તાકાદ જોઇશે. જેમ સિંહણનું દુધ સુવર્ણના પાત્રમાં જ રહી શકે અને બીજા વાસણમાં રાખતાં વાસણ ફોડીને બ્હાર નિકળે તેમ જે માણસો શ્રી. પરમાનંદના ભાષણને જીરવી શકતા નથી તે ખળભળી ઉઠયા છે. શ્રી. પરમાનંદના ભાષણના મુદ્દાઓ પ્રમાણે જૈન સમાજમાં ફેરફાર થાય તો જૈન સમાજનું ભારે કલ્યાણ થાય. એ ભાષણમાં એટલું મહત્વ છે. આવા ભાષણને ધર્મદ્રોહી કહેનારા ધર્મ શી ચીજ છે તે સમજતા નથી. પરમાનંદ અમારા સાચા સરદાર છે અને રહેશે. એના વિચાર સ્વાતંત્ર્યની આડે આવનાર કોઇ ટકી શકશે નહિ.

શ્રી. મણીલાલ જેમલ શેઠે જણાવ્યું કે શ્રી. પરમાનંદભાઇના ભાષણના વિરોધીઓ દેશની અને સ્વદેશીની ચળવળને કેમ વગોવે છે એ મને સમજાતું નથી. અહિંસાનો દાવો કરનારા એ બધા જે અહિંસક વાણી ઉચ્ચારે છે તેથી મને ખેદ થાય છે. વિચાર સ્વાતંત્ર્યની આડે આવવા ઇચ્છતા એ ભાઇઓને સદ્બુધ્ધિ સુઝો.

શ્રી. રતીલાલ કોઠારીએ કહ્યું કે મૂછો આંબળીને બેસી રહેતા અને માત્ર વારસા હકકે બનેલા નગરશેઠોએ હવે જાણવું જોઇએ કે એમનો યુગ પુરો થયો છે. વ્યકિત સ્વાતંત્ર્યની સામે એમનો કોઇ ફતવો હવે ચાલશે નહિ. એમની જોહુકમી અમે નહિ ચલાવી લઇએ જ્યાં જ્યાં વિચારસ્વાતંત્ર્યનો વિરોધ કરવામાં આવશે ત્યાં ત્યાં એની સામે લડવાનો જુવાનોનો હકક છે.

થોડીક જ પળોમાં ખુબ જોસ ભરી વાણીમાં શ્રી. ચંદુલાલ વૈદે સભા હલાવી. એમણે કહ્યું કે શ્રી પરમાનંદના ભાષણમાં રામચંદ્રસૂરીનું નામ આવ્યું ત્યારથી જ મને થયું કે ગાજવીજ થવાની. રૂઢી ચુસ્તોની સભામાં હું ગયો હતો. માનવીને ન છાજે અને અહિંસાપ્રેમીને ન શોભે એવી ભાષામાં ત્યાં વીરતા વરસતી હતી. ભાઇ પરમાનંદ–આર્યસમાજીસ્ટને ભાષણ કરતાં રોકવામાં આવ્યા હતા. તે ઉપર પં. જવાહરલાલ નહેરૂએ આજે જ સ્ટેટમેંટ બ્હાર પાડી જણાવ્યું છે કે એમના વિચારો સાથે હું મળતો નથી થતો પરંતુ આપણાથી કોઇને સભામાં બોલતાં અટકાવાય નહિ. આ વાત આપણા રૂઢીચુસ્તોએ સમજવી જોઇએ. એમણે વિરોધ કરવો હોય તો ભલે કરો પણ સભ્યતાના નિયમો એમણે ભૂલવા ન જોઇએ.

બાદ બીજા પણ કેટલાક ટેકા પછી સભા વિસર્જન થઈ હતી. આ સભાનો હેવાલ મુંબઈ સમાચારમાં બ્હાર પડતાં કેટલાક સભાજનો 'રૂઢીચુસ્તોની સભાનો હેવાલ આ હેવાલ સાથે સરખાવતાં હતાં. ભાષણોમાં સંયમ ને શિષ્ઠતા અને વિવેક કેટલાં હતાં ! અને રૂઢીચુસ્તોની સભામાં ?–**તોછડાઇ, અસભ્યતા,** ઉશ્કેરાટ, ગાળો.

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

## ભાષણશ્રેણી ત્રીજી.

ભાષણશ્રેણીની બીજી સભામાં **"દેવદ્રવ્યનો ઉપયોગ સાતે ક્ષેત્રોમાં થઇ શકે"** એ વિષય ઉપર લગભગ બે કલાક સુધી સંવાદ ચાલ્યો હતો. પરંતુ એ ચર્ચામાં શ્રોતાઓને વધુ રસ પડવાથી એ સભાને મુલતવી રાખી, તા. ૨૩–૮–૧૯૩૬ ને રવિવારના રોજ રાત્રીના આઠ વાગે (સ્ટા. ટા.) સંઘની ઓફીસમાં (૨૬–૩૦ ધનજી સ્ટ્રીટ બીજે માળે) એજ વિષય ઉપર સંવાદ થશે.

( અનુસંધાન પાનું ૧૨ નું. )

પાળવો જ જોઇએ એમ માનનારા ન હતા. પ્રણાલિકાની દૃષ્ટિએ પણ આ બરાબર ન હતું પણ પ્રણાલિકાની તુલા સ્વાર્થ હોય ત્યહારે આમજ તોળે છે. જે વેરગયા ન્હોતા અને કુતુહલથી બ્હાર ઉભા હતા તે ફરી પાછા ગોઠવાયા.

**કંગાળ નગરશેઠ !**

ઘણા વખતથી એમની પ્રતિષ્ઠા ઓછી થએલી હતી. પણ એમની જ નહિ, એટલે કે ખુદ કસ્તુરભાઈની જ નહિ પણ આજ લગીની નગરશેઠ કુટુંબની હતી તે પ્રતિષ્ઠા પણ આ અવળમતીઆ નગરશેઠે ધુળ મેળવી. સેંકડો વર્ષોથી જે ગાદી પરથી એમના વડ-વાઓ આણ ફરકાવતા અને પ્હેલાં આખું અમદાવાદ અને પછીથી સમસ્ત અમદાવાદની જૈન કોમ જે આજ્ઞાને શિરસાવંદ્ય ગણતી તે ગાદીનું ભવ્ય મહત્વ આજે જમિન દોસ્ત થયું. જે ગાદીને પ્રતાપે અમદાવાદની જૈન કોમમાં સંપ રહેતો અને જાહેના ડહાપણથી એ જળવાતો એ ગાદીએ આવેલા વારસે અમદાવાદની જૈન કોમમાં એના હઠાગ્રહથી કુસંપ પ્રેર્યો અને સંગઠ્ન અને શાંતિના ટુકડા કરાવ્યા: આજે હજુ તો ઘેનની અસર છે એટલે નહિ સમજાય પણ ઘેન ઉતરી જશે ત્યહારે એક સંગીન કિલ્લાને છીન્ન ભીન્ન કરી નાખ્યાંનો પસ્તાવો જ બાકી રહેશે.

આવી ગૌરવાન્વીત અને પ્રતિભા સંપન્ન ગાદીએ જ્યહાં એક વેળા શ્રી. કસ્તુરભાઈના પીતાશ્રી મણીભાઇ નગરશેઠ સમ્રાટો ઇર્ષા પામે એવું આધિપત્ય ભોગવતા ત્યહાં એના વારસની દુરંદેશીને અભાવે નગરશેઠનું પદ પોલીસ ઓફીસર શ્રી. ઇસ્માઇલ દેશાઇએ જાણે લઇ લીધું હતું. પ્રચંડકાય એ પોલીસ ઓફીસરની પ્રતિભા પાછળ બાપદાદાની પ્રતિષ્ઠા ખેસવીને ઉભેલા નગરશેઠ સાવ કંગાળ જણાતા હતા.

**નગરશેઠને રજા આપી.**

પોલીસ ઓફીસરે કાયદો અને શિસ્ત જાળવવાની ચેતવણી આપીને કામકાજ શરૂ કરવાની નગરશેઠને રજા આપી. ફરીવાર "નગરશેઠની જય" અને એનો પ્રતિકાર કરતાં 'પરમાનંદ ઝીંદાબાદ' નાં ગર્જન થયાં. નગરશેઠે શરૂ કર્યું: "ભાઇઓ ! શા. પરમાનંદ કાપડીઆએ યુવક પરિષદના પ્રમુખ તરીકે જે ભાષણ કર્યું છે તેથી આપણા સંઘની લાગણી દુખાઈ છે."

એક અવાજ: "આખા સંઘની લાગણી દુ:ખાઇ છે કે થોડીક વ્યકિતઓની ?"

**ખોટા આંકડા.**

નગરશેઠે આગળ ચલાવ્યું: "આ અંગે પરમાનંદની તરફે-ણમાં ૪૨ અને વિરૂધ્ધના ૧૨૨ પત્રો તારો મ્હને મળ્યા છે.

રા. પ્રતાપ્રસિંહ મોહનલાલે ઠરાવ મુકયો: "શા. પરમાનંદ કુંવ-રજી કાપડીઆએ તા. ૨૦–૬–૩૬ ના રોજ મળેલ બીજી જૈન યુવક પરિષદના પ્રમુખ તરીકે જે ભાષણ આપી છપાવીને પ્રસિધ્ધ કર્યું છે તેથી સટળ સંઘની લાગણી અત્યંત દુભાયલી છે તેથી આજનો મળેલો સકળ સંઘ ઠરાવે છે કે આપણે તેમની સાથે સંબધ રાખવો નહી." બે ત્રણ જણાએ એને વિના વિવેચને કો આપ્યો.

**મક્કમ વિરોધ.**

શ્રી વિનોદ શાહે કહયું: "સંઘ આખાની લાગણી દુ:ખાઇ છે કે અમુક વ્યકિતઓની એનો ખુલાસો નગરશેઠે કરવો જોઈએ. અને એ નથી થયો એટલે હું આ ઠરાવનો વિરોધ કરૂં છું."

શ્રી. ધીરજલાલ ધનજીભાઇએ પણ વિરોધ કરતાં જણાવ્યું કે: "શ્રી. પરમાનંદના કયા વાકયો ધર્મ વિરૂધ્ધ છે એ આપણને જણા-વવામાં આવ્યું નથી વળી કયા શબ્દોથી આપણી લાગણી દુ:ખાઈ છે એ પણ કહેવામાં આવતું નથી અને પંડીતશ્રી સુખલાલજી એક પણ વાકયને ધર્મ વિરૂધ્ધ કહેનારને ચેલેન્જ ફેંકે છે એનો જવાબ પણ દેવાયો નથી. આ કારણોથી અમે આ ઠરાવનો વિરોધ કરીએ છીએ."

પછી તો વિરોધના એટલા બધા ટેકા થયા કે "કામચલાઉ નગરશેઠ" શ્રી. ઇસ્માઇલિ દેશાઇ પણ અકળાયા અને રમુજ કરી "વિરોધના ટેકાનું કામ ચાલે છે." નગરશેઠ કસ્તુરભાઇ બોલ્યા: "ત્હમારા વિરોધની હું નોંધ લઇશિ." 'કામચલાઉ નગરશેઠ' શ્રી ઇસ્માઇલ દેશાઈ બોલ્યા: 'વિરોધમાં હોય તે હાથ ઉંચા કરો.'– અને હાથોનું વન થઈ રહયું. અતી બહુમતી વિરોધમાં હતી. સુધા-રકોનો જય જણાતો હતો. શ્રી કસ્તુરભાઈ નગરશેઠ અકળાયા: "વિરોધમાં હોય તે નામ લખી જણાવે. એ નામો લખ્યા પછી હું પાછળથી પરીણામ જાહેર કરીશ."

'કામ ચલાઉ નગરશેઠ' શ્રી. ઇસ્માઇલિ દેશાઇએ પણ કસ્તુર-ભાઈના અવાજનો પડઘો પાડયો: 'નામ લખી આપો.' પોલીસ અમલદારો કાગળ પેન્સીલ લઇ નામ લખવા તૈયાર થયા.

અને બંધારણનો સવાલ પૂછાયો. જુવાનોનાં આગેવાનો શ્રી. વિનોદ શાહ અને શ્રી ધીરજલાલ ધનજીભાઇએ કહ્યું: 'મત ગણત્રી ભલે કરો. નામો લખીને જણાવવા એ કોઇપણ સભાના સામાન્ય બંધારણની વિરૂદ્ધની માગણી છે.' 'કામચલાઉ નગરશેઠ' શ્રી. ઇસ્માઇલ દેશાઇએ વારસા હકકી નગરશેઠ પાસે બંધારણ જાણવા માંગ્યુ. અકળાયેલા નગરશેઠ છેલ્લો પાટલો પણ ખસતા જોઇને ઉભા થયા. મુંબઈનું 'ટાઇમ્સ ઓફ ઇન્ડીયા'આનું સરસ વર્ણન આપે છે: "જુવાનોની સખ્ત વિરૂદ્ધતા છતાં નગરશેઠે ઠરાવને સર્વાનુમતે પસાર થયેલો જાહેર કર્યો.' અને નગરશેઠ મકાનમાં ભરાઇ ગયા.

જુવાનોએ પ્લેટફોર્મ પરથી ઠરાવ થયો જ નથી એ જાહેર કર્યું. જુવાનો ખૂબ સંખ્યામાં વિરોધ કરે અને ઠરાવ સર્વાનુમતે પસાર થાય આ પ્રકારની સાવ મુર્ખાઇ ભરેલી જાહેરાત કરતા કસ્તુરભાઇઓએ નગરશેઠ બનતા પ્હેલાં 'સભા'ઓની ભાષા ભણવી જોઇએ. એકપણ માણસ વિરૂદ્ધ હોય તો ઠરાવ 'બહુમતે' પસાર થયેલો ગણાય. ત્યહારે અહિંયાં તો સેંકડો માણસો વિરૂદ્ધ હતા. સભાની Sense જાણ્યા વિના પ્રમુખથી આ રીતની જાહેરાત થઇ શકે જ નહિ. અને ન્નહેરાત કરીને એનું પરિણામ જાણ્યા વિના ઘરમાં ભરાઇ જવાય નહિ.

આમ આ સભા કૈં પણ કર્યા વિના પૂરી થઇ.

(૧૨)



**આગે કદમ**

જૂવાનોની એક ટુકડી ઉપડી પાંજરાપોળમાં રહેતા સાધુ નેમીસૂરીના ઉપાશ્રય પાસે. શ્રી પરમાનંદે પ્રમુખ તરીકેના ભાષણમાં પોતાની જાતને 'સૂરીસમ્રાટ' કહેવડાવતા આ સાધુ સામે થોડાક કટાક્ષ કર્યા હતા. એથી શ્રી. પરમાનંદને સંઘબ્હાર કરવાની આ સાધુએ સૌથી પ્હેલાં ઉશ્કેરણી શરૂ કરી હતી.

**સભા થઇ.**

સાધુ નેમીસૂરીની સમક્ષ એના ઉપાશ્રયની સ્હામે અનેક સાધુ સાધ્વીઓની હાજરીમાં છસ્સો સાતસો જુવાનોએ સભા ભરી. નગરશેઠની પ્રપંચ જાળ અને વિચાર સ્વાતંત્ર્ય દબાવવાની નેમીસૂરીની હિલચાલ સખ્ત શબ્દોમાં વખોડાઈ અને જયનાદો વચ્ચે ઠરાવ પસાર કર્યો કે: 'નેમીસૂરીને અમે સાધુ માનતા નથી તેમજ તેમને આહાર પાણી નહિ વ્હોરાવવાની અમે ભગવાન મહાવીર સ્વામિના નામે પ્રતિજ્ઞા લઇએ છીએ.'

**માકુભાઇ દોડયા.**

આડું અવળું સમજાવીને શ્રી. માકુભાઇ પોલીસની લોરીઓ સાથે આવી પહોંચ્યા. અગીઆર જુવાનોને પકડયા. પેલા કડીઆ એમના મૂળ તત્ત્વોમાં પ્રકટી રહ્યા હતા અને એમના સંસ્કારને શોભે તેવી ગાળો દઈ રહ્યા હતા.

**હજારો માણસો.**

લોરીઓ અગીઆર જણને લઇને ગઈ ત્યારે તો હજારો માણસો એકઠા થયા હતા. હસતાં હસતાં પકડાએલા જુવાનોને Send off આપ્યા હતા. જુવાનો પણ પોલીસ વાનમાં બેઠાં બેઠાં લ્હેરથી વિદાયના હાથ હલાવતા હતા.

**'સમ્રાટ' (!) રડે છે.**

ભયથી કે પશ્ચાતાપથી સાધુ નેમીસૂરી રડયા. અજેય મનાતા આ સર્વસત્તાધીશ સમ્રાટને રડતા જોઇ એમના અનુયાયીઓમાં અનુકંપા પ્રકટી. અને એમાંના કેટલાક વગરપૂછ્યે પોલીસ ઓફીસમાં સ્ટેટમેન્ટ આપવા દોડયા.

**ઝાડ.**

મોટરમાં પ્હોંચેલા આ પ્રતાપસિંહ મોહનલાલ, કાન્તીલાલ કોલસાવાલા અને બીજા ચારેક લક્ષ્મીપતિઓને પોલીસે ખડખડીયું આપતાં કહ્યું: 'તમને કોઇએ બોલાવ્યા નથી. ત્હમારા સ્ટેટમેન્ટની જરૂર નથી.' અને સમ્રાટના આ ભકતરાજો વીલે મ્હોંએ પાછા વળ્યાં.

**સ્ટેટમેન્ટ લીધું.**

પકડાયલાઓનું પોલીસે સ્ટેટમેન્ટ લીધું. પકડાયલાઓએ સ્ટેટમેન્ટમાં કહ્યું, "વિચાર સ્વાતંત્ર્ય વિરોધની શ્રી પરમાનંદ સ્હામેની પ્રવૃત્તિના સૂત્રધાર નેમીસૂરીને અમારો વિરોધ દર્શાવવા અમે ગયા હતા. ઉપાશ્રયની બ્હાર અમે સભા ભરી હતી. ઉપાશ્રયમાં અમે ગયા ન્હોતા. ઉપાશ્રય નેમીસૂરીનો નથી. એ તો જૈનોની મિલ્કત છે. ઉપાશ્રયની બ્હાર અમે સભા ભરીને અમારો વિરોધ શાંત રીતે દર્શાવ્યો હતો.'

**નિર્દોષ.**

સ્ટેટમેન્ટ નોંધી લઇને પોલીસે સૌને નિર્દોષ ગણી છોડી દીધા. વીસથી પચ્ચીસ મીનિટ સ્ટેટમેન્ટ લેતાં થઇ.

**મીયાં પડયા પણ તંગડી ઉંચી.**

અગીઆર બીરાદરો નિર્દોષ છુટયાના સમાચાર વાયુવેગે ગામમાં પ્રસર્યા. ટેલીફોનો ગામમાં ને બ્હારગામ છુટયા. સુધારકો ઉત્સાહ પામ્યા. નૈતિક ને કાયદાની દષ્ટિએ એમનો વિજય થયો. સોસાયટી ભકતો "પડયા મીયાં તંગડી ઉંચી બતાવે" એવો કીમીયો શોધવા કામે લાગી ગયા.

**'સન્દેશ' નિકળ્યું.**

રવિવાર છતાં "સંદેશે' ખાસ વધારો કાઢયો. અને વધારામાં તૂટી પડતા જુનવાણી કિલ્લાનાં શબ્દ-ચિત્રો જોતાં હું મુંબઈ આવવા રવાના થયો.

---

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્ય—

**શ્રી અમૃતલાલ જેશિંગભાઈ શાહ.**

B. Sc. (Economics London)



જેઓ લન્ડનની યુનિવર્સિટિમાંથી બી, એસ. સી. (ઇકોનોમિક) ની પરિક્ષા ઉત્તીર્ણ કરી ઉંચી ડીગ્રી પ્રાપ્ત કરી ૩૦ જુલાઇ ૧૯૩૬ ના રોજ S. S. સ્ટીમર કોમરીન (Comarin) મારફતે મુંબઇ આવી પહોંચ્યા છે. અભિનંદન !

---

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

રૂઢિચુસ્તોને ચેતવણી.

Regd. No. 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક ત્રીજો.
મંગળવાર તા. ૧-૯-૩૬.

## સામનો કરો!

પરિવર્તનનાં ત્રણ પગથીયાં. વિચાર જન્મ, વિચાર પ્રચાર ને સમુહમાં વિચાર સ્વીકાર.

પરલોક કાજે જીવતા ને આ લોકમાં લૂંટાતા, બેદરકારીથી સડતા અને ખોટી માન્યતામાં ખોટાં સ્વપ્નો રચીને મ્હાલતા આજના જૈન સમાજમાં પરિવર્તનનો વિચાર તો આજ ઘણાં વર્ષો થયાં સ્વતંત્ર અને દેશ જાગૃતિની સાથે જન્મ્યો હતો.

એ વિચાર પ્રવેશીને પ્રસરવા માંડયો હતો. છતાં સામ્મો મુકાબલો થયો ન્હોતો. સ્વબળ હતું ત્હેનોય પૂરો ખ્યાલ ન્હોતો. હતી ત્હેનાથી વધુ નક્કર જુનવાણી પ્રતિભા આપણે કલ્પી હતી. વિરાટના સ્વરૂપે જૂનવાણીને કલ્પી આપણી ખૂબ શક્તિની પણ આપણે ગણના યોગ્ય લેખી નહિ.

પરંતુ એક ક્ષણે ચમત્કાર થયો ને શ્રી પરમાનંદનું ભાષણ થયું. એ ભાષણ એ ચમત્કાર ન્હોતો. પણ એ ભાષણને ભયંકર માની ભયે ઘેરાયલા જૂનવાણી વૃંદે 'સામનો' કરવાનો ચમત્કાર કર્યો. ક્રાન્તિનો આજ લગીનો એ ઇતિહાસ છે. ભૂમીકા તૈયાર હોય, લોક સમસમી રહ્યાં હોય, એક તક મળે ને અચાનક પરિવર્તન થઇ જાય.

અમદાવાદમાં શક્તિઓ મપાઈ ગઇ. વિરાટ ગણતા તે જુનવાણી માનસની શક્તિની વામનતા જવનિકા સરી પ્રગટ થઈ. અને પરિવર્તન નો વિચાર પ્રવેશ ને પ્રચાર કેટલી હદે આગળ વધ્યો છે એ જોવાનું મળ્યું. પરિવર્તનની લડત ત્રીજા પગથીએ પ્હોંચી.

અમદાવાદના જૂનવાણી કિલ્લાને તોડવો એ બેશક ગર્વ લેવાની વાત છે. પરંતુ એકાદ નગરશેઠનો મોભો તોડયો કે એકાદ સૂરી સમ્રાટ પદભ્રષ્ટ થયા એથી સંતોષ લઇને ઠરી ઠામ બેસવાનું નથી. એકાદ રાજા કે સેનાનાયકનાં શસ્ત્રો કે મુગટો ઝડપી લેવાથી મુલ્ક જીતાતો નથી. એક પડે છે ને એનું સ્થાન બીજો લ્યે છે. જ્યહાં લગી એના સૈનિકો શસ્ત્રો નમાવે નહિ અને આપણો મુદ્દો સ્વીકારે નહિ ત્યહાં લગી હરગીઝ લડત મોકુફ ન રહી શકે.

પં. સુખલાલજી બરાબર કહે છે. 'આ લડત કેળવણી અને જડતાની છે' અને એ કહે છે 'એક તરફ કેળવણીનાં બધાં સાધનો અને બીજી બાજુ જડતાનાં બધાં સાધનો ઉભાં રહેશે.'

આજે જડતા જૂનાં શસ્ત્રો સંગ્રહે છે ને નવાં ઘડાવે છે. એના જોધાઓ એ સજજ કરે છે, ગામે ગામ લાગતા વળગતા માણસોને એમના વિચારના સાધુઓ સાચી ખોટી વાતો દ્વારા ઉશ્કેરણી કરે છે. જુવાનોને હરાવી દેવાની, રોટલેથી એમને રઝળાવી દેવાની, કૌટુંબિક વ્યવ્હારો એમના કાપી નાખવાની યોજના ચાલે છે. પોતાના કાન બંધ કરીને ભગવાન મહાવિર બોધ્યા ધર્મને એમની રીતે સંરક્ષવા આ લોકો જુવાનોની જીભો ખીલા મારી જડી દેવા માગે છે. નવા વિચાર કરનારને શાશન કરી, ગોંધાઇ રહેવા માટે એ લોકો કિલ્લે બંધી કરવા માગે છે.

જીવન એકધારૂં વ્હેતું જાય છે. એમાં ક્યહારેક ક્યહારેક તકો મળે છે. એ તક એળે કરનાર વિકસી શકતો નથી. આજે જૈન આલમમાં ચોગમ જાગૃતિ આવી છે. નહિ રસ લેતા જુવાનો સામાજીકને ધાર્મિક વિષયમાં રસ લેતાં થયાં છે. સાધુ વાક્ય પ્રમાણુ અને જે સાધુ સમજાવે તેજ તે વેળાની શાસ્ત્રાજ્ઞા સમજનારે આજે રોજીંદાં છાપાં વાંચવા મંડયા છે. ધર્મ અભરાઇએ ચઢાવીને મ્હાલતા સ્થાપીત હિતધરો અંગત જીવનના અનાચાર પરથી લોક નજર ચુકવી 'સો ચુવે મારકે બીલ્લી હજ કો ચલી'ની જયમ ધર્માત્મા બનવાના પ્રયાસ કરી રહ્યા છે. 'કોણ પૂછનાર છે?' ની ગર્વોન્મત્ત ગર્જના પુકારનારા સાધુઓ 'ડાહ્યા ડમરા' દેખાવાનો પ્રબંધને પ્રચાર કરે છે. ન્યાતોમાં નહિ માનનારા ને ન્યાતોને ઠોકરે ઉડાડતા શેઠો બધો દમામ છોડી દઇને 'ન્યાત મૈયા'ને ચરણે નમવા મથી રહ્યા છે, આમ જૈન આલમનાં જીર્ણને નવ વિચારનાં માનવો વિચારતાં થઇ રહ્યાં છે. જીજ્ઞાસા મળી છે. સાચું શું એ શોધવાના સામાન્ય પ્રયાસો થઈ રહ્યા છે. સ્થાપિત હિતોની સ્હામે અસંતોષ પેદા થયો છે.

આ જુસ્સો ને જીજ્ઞાસા આવકારદાયક છે. પરિવર્તન જે વાંચ્છે છે એની ફરજ આ હદે તીવ્ર બને છે. સમાજનાં હાનિકારક તત્વો ખુબ અડગતાથી ને નિડરતાથી સમાજ સમક્ષ રજુ કરવાની એની ફરજ અનિવાર્ય બને છે. પેદા થયેલી આ આગ સ્હામે હાનિકારક તત્વો ધરાશે કે તરતજ એની ભસ્મ થઇ જશે. જુનવાણી માનસ તપ્યું છે એના પર નવ વિચારના ઘણ જોષથી પડવા જોઇએ. અને એમ થશે કે તરતજ એમાંથી નવું રૂપ, નવો દેહ ને નવો સમાજ સર્જાશે.

(અનુસંધાન જુઓ પૃષ્ઠ ૩ જું)

**તરુણ જૈન.**

તા. ૧-૯-૧૯૩૬

# રૂઢિચુસ્તોને ચેતવણી

જગતમાં જ્યારે જ્યારે સ્થાપિત હકકો સામે જેહાદ પોકારાય છે, રૂઢિના બંધનો તોડવાને ખાતર નવી વિચારસરણી રજુ થાય છે અને ક્રાન્તિની ચીનગારીઓ ફેલાય છે. ત્યારે રૂઢિચુસ્તો અને સ્થાપિતહકકોવાળાને જીવન મરણનો પ્રસંગ ઉપસ્થિત થાય છે, ગઇ કાલનો ઇતિહાસ તપાસો અને ત્હેને પાને પાને એ બાબતની સાબીતી સાંપડશે. અનેક ક્રાન્તિકારોના શહીદીના સ્પષ્ટ એકરાર અને રૂઢિચુસ્તોના અત્યાચારો પ્રત્યક્ષ થશે, ક્રાંતિકારી કદિ આવતી કાલની કે પરિસ્થિતિની પરવા કરતોજ નથી. તે તો પોતાના સિધ્ધાંતો અને આદર્શ માટે મરી ફીટવાને પણ તૈયાર રહે છે. પ્રત્યાઘાતીઓ તરફથી જુલ્મની ઝડીઓ ભલે વરસે, પરંતુ એ ઝડીઓ ક્રાન્તિકારીને જરા પણ સ્પર્શતી નથી, તે ધીરજ અને વિનય પૂર્વક ક્રાન્તિનો ધ્વજ ધારી બની આગળ ધપ્પેજ જાય છે. કોઈ પણ શકિત ત્હેની સ્હામે ટકી શકતી જ નથી, અંતે વિજયમાળ ત્હેના ગળામાં આપોઆપ આવી પડે છે. આ બાબત કાંઇ નવી નથી, ત્હમે ધાર્મિક, સામાજીક કે રાજકીય ક્રાન્તિના મૂળમાં દૃષ્ટિપાત કરશો તો એ બાબત તદ્દન નિર્ભેળ રીતે ત્હમને દૃષ્ટિભૂત થશે. આજનું વાતાવરણ પણ એ પરિસ્થિતિથી વિમુકત નથી. અનેક વર્ષોના ઘર્ષણ પછી રૂઢિચુસ્તોએ જીવ ઉપર આવીને લડવાની તૈયારી કરી હોય તેમ ત્હેના કર્તવ્યથી જણાય છે. જાણે કે વ્યવસ્થિત કાવતરૂં રચાયું હોય તેમ ગુજરાતના પાટનગરમાં યુવક પ્રવૃત્તિને રૂંધવાના પ્રયત્ન થાય છે. તો બીજી ગમ સાદડીમાં યુવકોને દબડાવવાના સમાચાર સાંપડે છે. તો ત્રીજી તરફ ન્યાતના પટેલીયાઓ અને નગરશેઠ તરફથી ખંભાતમાં યુવકપ્રવૃત્તિ પર છેલ્લો ફટકો લગાવવાની તૈયારી થઈ રહી છે. આ બધી ધમાલ જોતાં રૂઢિચુસ્તોએ કેસરીયાં કર્યાં હોય ત્હેમ જણાય છે. પણ આવાં કાવતરાં અને ધમાલનો સુધારક પ્રવૃત્તિને વેગ આપનારા નવલોહીયા નવયુવાનો મુકાબલો કરવા હમેશાં ટેવાયલા જ હોય છે. ધમાલનો ઉત્તર તેઓ ધમાલથી નથી આપતા. પરંતુ શાંતિ અને વ્યવસ્થા પૂર્વક પોતાના ધ્યેયની સમીપ જતા હોય છે. એટલે કે પોતાની નૂતન વિચારસરણીને લોક સમુદાયના હૃદયમાં ઉતાર્યા જ કરે છે. વિચારોના પ્રવાહોથી આંદોલનો ઉભાં કરે છે અને તેમાંથી રૂઢિચુસ્તોને શિકસ્ત આપે છે. જ્યાં જ્યાં યુવક પ્રવૃત્તિ પગભર ન થઈ હોય, ત્હેવા શહેર કે ગામડામાં યુવકોને દબડાવી ભલે રૂઢિચુસ્તો ઘડીભર આત્મસંતોષ અનુભવે. પરંતુ તેથી ક્રાન્તિનાં આંદોલનો જે ખડાં થયાં હોય છે તે નષ્ટ થતાં નથી. તે રૂઢિચુસ્તો અને સ્થાપિત હકકોવાળા સમજી લે. એ આંદોલનો જ યુવક પ્રવૃત્તિને સજીવ કરી ત્હેને પગભર કરે છે અને જ્યારે એ શકિતનો સંપૂર્ણ વિકાસ થાય છે ત્યારે પ્રત્યાઘાતીઓ માટે ઉભું રહેવાનું પણ સ્થાન રહેતું નથી. એ અનુભવસિધ્ધ બાબત છે. આજે સાધુશાહી કે શેઠીઆશાહી ભલે નૂતન આંદોલનોની અવગણના કરે પરંતુ આવતી કાલે એ અવગણના માટે પૂરેપૂરી કિંમત આપવા તૈયાર રહેવું પડશે. એ નગરશેઠો અને સમ્રાટો ન ભૂલે.

વડવાઓની આબરૂ ઉપર જીવનારા સાધુઓની ખટપટ અને મહેરબાની ઉપર નભનારાઓ "જીલબ્બે જીલબ્બે" કરી પોતાનું પેટ ભરનારા સમાજના પ્રગતિના મોટા દુશ્મનો છે. કારણ કે તેઓ સ્થાપિત હકકો વાળાનાં પ્યાદા બની જૈન સમાજરૂપ નંદનવનનો ધ્વંસ કરવામાં કુહાડાના હાથા બને છે. જાણે અજાણે પણ એ સમાજ અને ધર્મનું નિકંદન કાઢવામાં કારણ ભૂત બને છે. આવા લોકોને જ્યારે ખરી પરિસ્થિતિની જાણ થાય છે ત્યારે ખુબ પસ્તાય છે. પણ એ પશ્ચાતાપ સમય વીત્યા પછી ત્હેને જીવાડી શકતો નથી. સમયને અનુકુળ પરિવર્તનો તો આવ્યા જ કરે છે. ત્હેને કોઈ રોકી શકતું નથી, અનેક સલ્તનતો અને સમ્રાટો, ધર્મગુરૂઓ કે સમાજ પટેલો, કોઇ પણ શકિત ત્હેના વેગને અનેક જાતના અત્યાચારો કરવા છતાં પણ રોકી શકી નથી. ગઇ કાલની યુવક પરિષદ બહુ નાની છતાં આજે ત્હેનું મ્હોટું સ્વરૂપ જાહેર થયું છે. સ્થળે સ્થળે ત્હેવાં આંદોલનો પ્રસરી ગયાં છે. એ પરિષદ અને ત્હેના પ્રમુખના આંચકાઓએ આખાયે સમાજને હચમચાવી મૂકયો છે. ગામે ગામના નગરશેઠો અને નેમિસૂરિઓ એ આંચકાઓમાં પોતાનો સર્વનાશ જોઈ રહ્યા છે. અને તેથી જેમ બને તેમ ત્હેની સ્હામે કિલ્લેબંધી કરી છે. પણ એ કિલ્લેબંધી જ ત્હેમને સ્થાનભ્રષ્ટ કરવામાં કારણભૂત બને તો આશ્ચર્ય પામવા જેવું નથી.

સંઘ બંધારણ જેવી કોઇ ચીજ જ અત્યારે સમાજમાં અસ્તિત્વ ધરાવતી નથી. શ્રીમંતશાહીની હુંફથી ગમે તવા મનગમતા રૂકકાઓ ફરમાવવામાં આવે ત્હેની આજે જરાયે કિંમત નથી. કિંમત છે ત્હેની કે જેમનું લોકહૃદયમાં સ્થાન છે તેઓ એવા જહાંગીરી રૂકકાઓ ન ફરમાવે તો પણ ત્હેમને અનુકુળ સમાજ બની જાય છે. કારણ કે ત્હેમાં સામાજીક કલ્યાણનો અખુટ વિશ્વાસ રહેલો હોય છે.

અમે ઇચ્છિએ છીએ કે ભાનભૂલા બંધુઓ, સાધુશાહી અને શ્રીમંતશાહીના હથીયાર ન બનતાં પરિસ્થિતિને પીછાણી સમાજ પ્રગતિને વેગ આપે.

# સુ૦સં૦વા૦તા૦વા૦ચ૦ર

## ખંભાતમાં જુવાનો નથી ?

વાણી સ્વાતંત્ર્ય અને વિચાર સ્વાતંત્ર્ય માટે નાગરિકો જ્યારે લડત ચલાવતા હોય, શ્રીમંતશાહી, પટેલશાહી અને સાધુશાહી સ્હામે વ્યવસ્થિત મોરચા મંડાતા હોય ત્યારે સમસ્ત સંઘના નામે અમુક વ્યકિતઓ જોહુકમી ચલાવે અને યુવાનો મૌન રહે એ અનિચ્છનીય છે. જુવાન તો એ જ કહેવાય કે, જ્યાં અત્યાચાર, અધર્મ, અને સબળ નિર્બળને દબાવતો હોય ત્યાં ત્હેની સ્હામે માથું ઉંચકી ત્હેને પડકાર આપે. ત્હેને ત્હેની મર્યાદાનું ભાન કરાવે. પછી ભલે તે અત્યાચાર કરનાર નગરશેઠ હોય કે કોઇ ન્યાત પટેલ હોય, સાધુના લેબાસમાં હોય કે પોતાની જાતને સૂરિસમ્રાટ મનાવતો હોય. અમદાવાદના નગરશેઠની કાર્યવાહી સામે ખંભાતના જુવાનો કંઇ અભિપ્રાય ઉચ્ચારવા માંગતા હોય ત્હેને દબાવી દેવા રૂઢિચુસ્ત આગેવાનો ધમકી આપે. અને એ ધમકીને વશ થઇ જુવાનો મૌન રહે એ અમે હૃદયની નિર્બળતા સમજીએ છીએ. જુવાન જ્ઞાતિ બહાર અને સંઘબહારના શસ્ત્રથી કદિ ન ડરે. એને ત્હેની પરવા જ ન હોય, એ તો પોતાની જાતને સ્વતંત્ર માની નિર્ભય રીતે સામાજીક, રાજકીય કે ધાર્મિક બાબત માટેનું પોતાનું મંતવ્ય રજુ કરે અને ત્હેમ કરતાં ચાહે તેટલી આફત આવે છતાં જરા પણ પીછેહઠ ન કરતાં આગે કદમ ચાલુ જ રાખે, ખંભાતના જુવાનો જો આ અત્યાચાર મુંગે મોઢે સહન કરી લેશે તો એમજ માનવું રહ્યું કે ખંભાતમાં જુવાની અસ્ત થઈ છે. ખંભાતના જુવાન દોસ્તો, ચેતો! જુવાનીને લજવશો નહિ. ત્હમારા હકક માટે લડો! તેમ કરતાં આફત આવે તો હસ્તે મોંઢે એ વ્હોરી લેજો! સ્થાપિત હિતો વાળાઓ સ્હામે મોરચા માંડનાર ક્રાન્તિકારનો રસ્તો કદિ સાફ હોતો જ નથી. ત્હેને ડગલે અને પગલે કાંટા જ હોય છે. ત્હમે એ કાંટાને દૂર કરી આગળ વધી શકશો. પરંતુ જો કાંટાથી ભય પામી પીછે હઠ કરશો તો સમાજનો નાશ નોતરશો એ ખ્યાલમાં રહે.

## શ્રી નેમવિજયજીની કુટિલતા.

હાલમાં જ એવા સમાચાર મળ્યા છે કે શ્રી નેમવિજયજીએ એક ફતવો બહાર પાડયો છે કે: "જે ગામ અમદાવાદના સંઘે કરેલા ઠરાવને અનુમોદન ન આપે અને તેમને પદભ્રષ્ટ કરેલ યુવકોના ઠરાવને વખોડે નહિ તે ગામવાળાની કોઇપણ સંસ્થા કે ફંડમાં ટીપ ન ભરવી, અમદાવાદમાંથી એક પણ પૈસો તેવા ગામની ટીપમાં ન જવો જોઇએ" આમ યુવકોને સિધ્ધી રીતે લડત ન આપતાં અસહકારની નીતિ અખત્યાર કરી હોય તેમ જણાય છે. આ જાતની મનોદશા દાખવી શ્રી નેમવિજયજી એમજ માનતા જણાય છે કે અમદાવાદ જ દરેક ગામના ફંડોને ચલાવે છે. અને આવા ફતવાથી આપણે ધારી અસર નિપજાવી શકીશું. પણ આ માન્યતામાં તેમની મુરાદ બર આવે એમ અમે માનતા નથી. કારણ કે કોઇ પણ ગામ અમદાવાદના સંઘની સખાવત ઉપર નભતું હોય તેમ સંભળાયું નથી. યુવકોના પડકાર સામે નિષ્ફળ નિવડેલા શ્રી નેમવિજયજી હવે પોતાની અસ્ત થયેલ કારકીર્દીને ઓપ આપવા પૈસા અને લાગવગનો ઉપયોગ કરી કુટિલનીતિથી યુવકોને ડારવા કમર કસી હોય ત્હેમ જણાય છે. પણ યુવકોને એવા હુંકારની જરાએ પરવા નથી. એવા સેંકડો નેમવિજયો રામવિજયો ઉભા થાય તો પણ આજે જે પ્રવૃત્તિ ચાલી રહી છે તે કદિ નહિ રૂંધાય. હવે જુનવાણી દુર્ગના સંરક્ષકો સ્હમજી લે કે ત્હમારો યુગ ખત્મ થયો છે. ચાર શેઠીઆઓને હાથમાં લઇ એક છત્ર સામ્રાજ્ય ભોગવવાના દહાડા હવે પૂરા થયા છે. શ્રી નેમવિજયજીએ કદિ સ્વપ્ને પણ નહિ ધાર્યું હોય કે પોતાને માટે "આહાર પાણી નહિ આપવાના, શ્રી મહાવીરના સાધુ અને આચાર્ય તરીકે નહિ માનવાના" ઠરાવો થશે. પણ એ ઘટના આજે તેમની દૃષ્ટિ સમક્ષ બની ગઇ છે. હજી પણ દેશ કાળ ધ્યાનમાં લઇ કુટિલતા છોડી જો મૌન રહેવાય તો ઠીક છે, નહિ તર ત્હેનું પરિણામ સારૂ નહિ આવે.

---

**( સામનો કરો.........**મુખપૃષ્ઠ થી ચાલુ **)**

કોઈ કસ્તુરભાઇઓ કે નેમવિજયો સ્હામે આપણી લડત નથી. વ્યકિતઓની સામે આપણે ઝુંઝવાનું નથી. જે દળના એ અગ્રેસરો મનાય છે એ દળને સાચી સ્થીતિનું ચિત્ર સ્હમજાવી આપણુ દળમાં પલ્ટાવી નાખવાનું કામ આપણે કરવાનું છે. સ્થાપિત હિતોના ફાંસલામાંથી આપણા બીરાદરોને આપણે આપણી જયમજ સ્વહિત વિચારતા આપણે કરી દેવાના છે,

આજની જુનવાણી આજે છેલ્લાં ડચકાં લઇ રહી છે. આપણે પરિવર્તનના ત્રીજે પગથીએ ચ્હડી ચૂકયા છીએ. જૂનવાણી આવ્હાહન દે છે. એ મૂકાબલો વાંચ્છે છે. અમે એને આવકારીએ છીએ.

જુનવાણીનો પડકાર જુવાનો ઝીલે, એમને સામનો આપે. જુવાન એક હોય કે અનેક આ મુકાબલામાં અણનમ્ ઉભો રહે. માર ખાઈને, અગવડો વધાવીને ને શિર ફોડાવીને પણ એની અણુનમતા જાળવી રહે. સંઘશાહીનાં તમામ શસ્ત્રોને શકય એટલું પોતાનું બુરૂ કરવાની એ તક આપે. અને જ્યહારે શસ્ત્રો નિરર્થક થઇ એને સ્પર્શી શકયાં નથી એટલો અજેય એ નિવડે ત્હારે સમયદેવના આશિર્વાદે એ જુનવાણીનો વાવટો નમાવશે જ નમાવશે.

કલ્પનાદર્શીના વ્યોમવિહારની આ વાતો નથી. અમદાવાદે થયું છે એમ બીજેય થશે જ. જુવાનો પડકાર ઝીલે ને સામનો આપે પછી વિજય કોનો છે એ વિચારવાની આવશ્યકતા નહિ રહે. લડત શમશે ત્હારે જુવાન જોઇ શકશે કે એ અને એનો સમાજ હતો ત્હાંથી પાંચ કે પચ્ચીસ કદમ પણ આગળ વધ્યો જ છે.

# સંક્રાંતિ કાળ.

: : લેખક: : :
શ્રી "નવયુવાન"

સમયના પ્રવાહમાં કંઇક અવનવા પ્રસંગો બને છે. ભૂતકાળના બનાવોપર વિસ્મૃતિનો પડદો પડે છે જ્યારે નવીન કલ્પનાઓનું સૃજન થાય છે. એક માસ પહેલાની ઘટના દિનપ્રતિદિન ભૂલાવાને બદલે આજે વધુ તાજી થતી જાય એ પણ કાળની બલિહારી.

વંશ પરંપરાના વારસામાં મળેલી પદવીના ઇજારદારોએ સમાજના સૂત્રધારો બની આપખુદ સત્તાનો યુવાનોને પરચો કરાવવા તક સાધી. રાષ્ટ્રના આંદોલનમાં સળગતી સામાજીક આર્થિક સમસ્યાઓનો ઉકેલ કરવાને બદલે સમેટવાની ચાલબાજી સેવી. જાણે અજાણે માર્ગ ભૂલ્યા યુવકોની મનોદશા પર આધિપત્ય જમાવવાનું હોય તેમ સરમુખત્યારીના એ કોરડા આજે વિંઝાતા હોય તેમ આ પ્રકરણ પરથી જણાય છે. કોને ખબર કે આની ભીતરમાં શું છે? કોનું સંચાલન છે? ગમે તેમ હો પણ જે થાય છે તે સારૂ થાય છે. આધુનિક યુવક પ્રવૃત્તિને વેગ આપવાની, તેમનામાં ચેતન રેડવાની કોઇ શકિત જે આજ સુધી શોધી જડતી ન હતી તે આપમેળે પ્રગટ થઈ છે. યુવકો તેને સહર્ષ વધાવી લે. તેનું ઘટતું સન્માન કરે અને એ આપખુદ સત્તાના ઉપાસકો અને સંચાલકોને પડકાર કરે કે: સ્વાતંત્ર્યની ભાવના સેવતા આ યુગમાં સમાજ પુનઃ રચના માગે છે. વર્ષો પુરાણી કુરૂઢિઓ અને વડીલશાહીની જહાંગીરી સત્તા જડમૂળથી ઉખેડવાની તમન્ના રાખતો આજનો યુવક કોઇનો રોકયો રોકાવાનો નથી. સમાજની એ ખદબદતી બદીઓની દુર્ગંધે કંઇક યુવક અને યુવતિઓને મુડદાલ બનાવ્યા છે. એમની રગેરગમાં ઝેરી જીવનનો સંચાર કીધો છે. જગત્ આજે પ્રગતિના માર્ગે છે. યુવાનો તેના અધિષ્ઠાતા છે. તેમનું ધ્યેય નિશ્ચિત છે. તેઓ સમાજની અત્યારની વિપરીત મનોદશા અને સડેલું તંત્ર ઘડીભર નભાવી લેવાને તૈયાર નથી. એમને તો જે તક સાધવી હતી તે વિના પ્રયાસે પ્રાપ્ત થઇ ચૂકી છે. યુવાનો ઉચ્ચ આદર્શવાદી છે. એમના રાહ નિરાળા છે. સમાજના આજના કહેવાતા સરમુખત્યારો અને આપખુદ સત્તાના ઇજારદારો આટલું સમજે તો—

એક દિવસ એવો હતો જ્યારે સમાજ વ્યવસ્થિત હતો. સંઘ સત્તા સર્વોપરિ મનાતી. એની આમન્યામાં સૌ કોઇ રહેતું એ વખતે જૈનોમાં જૈનત્વ હતું. સાધુઓમાં સાધુતા હતી અને ત્યારે જ અહિંસાનો અમર પયગામ જનતાનો જીવનમંત્ર ગણાતો, ત્યારે જ દયાના ઝરણા એમના હૃદયમાંથી અખંડ વહેતા. ત્યાગ માર્ગના મહાન તપસ્વી અને ઉપાસકો જાણે અજાણે કોઇ ઠેકાણે મળી જતા તો ગમે તેવું હૃદય પણ એક વખત તો એ સાધુતા આગળ ઝુકી જતું.

આજે એ સમાજની સુવ્યવસ્થા નથી. એ સંઘની સર્વોપરિ સત્તા નથી. તેમ સાચી સાધુતા નથી. સૌ કોઇ પ્રતિષ્ઠા, માન અથવા તો કીર્તિના ભૂખ્યા છે. પૈસો જનતાનો જીવનમંત્ર છે. વીરના વેશધારી સમીપમાંથી પસાર થતા હોય તો પણ સાચા જૈનના હૃદયમાં એક રૂંવાડું પણ ફરકતું નથી. ભલે પછી તેના વેશને માનનાર વ્યકિત તરીકે તેનું સન્માન કરે.

આજનું વ્યવહારિક જીવન આંતર કલેશોથી એટલું બધું ભરેલું છે કે એનો ઉકેલ કરતાં કેટલો સમય જોઇએ તે પણ કલ્પવું મુશ્કેલ છે. વડીલોનો તોર અને સાધુઓની દાંભિક વૃત્તિ એ આજના સમાજની છિન્નભિન્ન મનોદશાના મુખ્ય કારણ છે.

વ્યવહારિક દુનિયામાં બાલપણાથી માંડી વૃધ્ધત્વનો અંત આવતા સુધીના પ્રત્યેક પ્રસંગોમાં એક પ્રકારનો અમાનુષી જુલમ ચલાવવામાં આવે છે. જેમાં વ્યકિત પોતાનું વ્યકિતત્વ ખોઇ બેસે છે. એના હૃદયમાં વૈમનસ્યનું એક હળાહળ ઝેર પ્રગટ થાય છે જે તેનું સારૂંયે જીવન વિષમય બનાવે છે. એનો ચેપ અન્યને લાગે છે. અને એ રીતે સમાજની સુવ્યવસ્થાનો અંત આવે છે.

આજના સાધુઓનો અમુક વર્ગ સમાજમાં સળગતી હોળીઓનો અનેક રીતે જવાબદાર છે. તેમની આંતરિક મનોભાવના વિશુદ્ધ અને કેળવાયેલી નથી હોતી તે જાણે કોઇ મહાપુરૂષની કોટીમાં બિરાજતા ન હોય તેવી રીતે પોતાનું ધાર્યું કરાવવાને જનતાને અનેક રીતે ભરમાવે છે અને તેમના જીવનમાં એક પ્રકારનું વૈમનસ્ય ઉત્પન્ન કરાવે છે.

આ જાતની પરિસ્થિતિનો વહેલો ભોગ તેમના અંધશ્રદ્ધાળુ ભકતો અને ભોળી જનતા થાય છે. "બાબા વાકયં પ્રમાણમ્" પ્રમાણે ગણાતા એમના વચનો આરંભમાં કુટુંબ કબીલાઓમાં કલેશ જગાવે છે અને દિનપ્રતિદિન એ તણખા સારાએ સમાજમાં અગ્નિ પ્રગટાવવાને શકિતમાન થાય છે. અત્યારની શાસન રસિક અને ધર્મી તરીકેનો દાવો કરતી સોસાયટીઓનો જન્મ આ રીતે થયેલો છે. આથી પણ એ સાધુ ગણાતા પુરૂષોને સંતોષ થતો નથી. એમને તો શાસ્ત્રોના વચનને નામે હાથમાં શાસ્ત્રોની પોથીઓ અને પાના રાખી પોતાના વચનો શાસ્ત્ર વચન તરીકે સિધ્ધ કરવાના હોય છે. અર્ધમાગધી અને સંસ્કૃતભાષામાં લખાયેલા આપણા પવિત્ર શાસ્ત્રોમાંથી એકાદ શ્લોક ઉંચકી લઇ પોતાની બુદ્ધિ અનુસાર યોગ્ય લાગે તેવી રીતે ભોળી જનતાને એનો અર્થ સમજાવે છે. એથી આગળ વધીને તેને પ્રવચનના રૂપમાં છાપાના આકારમાં પ્રસિદ્ધ કરાવે છે. જેથી તેઓ કદાચ અમર રહી જાય.

અત્યારનો જૈન સમાજ અને તેમાં પણ વડીલો અને વૃદ્ધોનો વર્ગ અર્ધમાગધી અને સંસ્કૃત સાહિત્યમાં કેટલો આગળ વધેલો છે એ સૌ કોઇને વિદિત છે. અને ખાસ કરીને શ્રોતા જનોમાં એમની સંખ્યા વિશેષ રહે એ સ્વાભાવિક છે. વળી કેટલાંક તો સારી સ્થિતિ વાળા હોવાથી અગર તો પાછલી જીંદગીમાં ધર્મધ્યાન કરવાની ભાવનાવાળા હોવાથી ઘણે ખરે અંશે રોજની જીવનક્રમને લગતી પ્રવૃત્તિમાંથી નિવૃત્ત રહે જ. એ તો વ્યાખ્યાન કરતા કોઇ પણ

# ત્રિવેણી સંગમ

(ત્રિવેણી એટલે પતિતને પાવન કરનારો મહાપવિત્ર જળસમૂહ: જૈનોમાં જિન–પ્રતિમા, સાધુ અને સાધ્વી એ ત્રણ ભક્તિધામને સ્થાને છે. પણ આજે અજ્ઞાની હિંદુઓને પ્રતાપે ત્રિવેણી જેટલી ગંદી બની છે તેટલી જ પ્રત્યાઘાતી આપણી આ ત્રણ વિભૂતિઓ બની છે—ટીલા, ચક્ષુ, આંગી વગેરેથી વરણાગીયા બનેલા વિતરાગતા વગરના વિતરાગ, સાધુત્વ વિહોણા સાધુ અને માનવતા–રહિત સાધ્વી,)

## ગંગા.

**એ** અમારા જિનરાજ ! એમના ભક્તોએ એમના માથા પર રિચર્ડ ધી લાયન હાર્ટડનો મુગટ પહેરાવ્યો હોય અને કપાળ પર પીળી પટી ચોંટાડી હોય. એ પટી ઉપર કાચ જેવું નંગ બેસાડયું હોય, એમની ભ્રમર લાલ લાલ એ અમારા તીર્થંકર !

**શ્રાવકો**એ એમને શરીરે કયાં તો સફેદ કે પીળા ટીલા ચોંટાડેલા હોય, કે કયાં તો બખ્તર પહેરાવેલું હોય. શું કોઈ શત્રુ હુમલો ન કરે તે માટે એ પહેરાવાતું હશે ? એ પૈસાદાર હોય તો એમને હાથે અને ગળે ચાંદી કે સોનાના ઘરેણાં હોય. અને ગરીબ હોય તો એમના ભક્ત એમને કેશરના આભૂષણ અર્પી સંતોષ માને. એ અમારા વિતરાગદેવ !

**એ** અમારા મહાવીર ! એમની પાછળ જરીયાન પડદા હોય, માથા પર ત્રિછત્ર હોય અને પડખે ચમરી ગાયના પૂચ્છ વીંઝાતા હોય, કોઇ દિવસ એમને ફુલવાડીમાં ફુલના વાઘા ચડાવીને બેસાડવામાં આવે. એ શું કુસુમશરના સ્વાંગ સજવા માટે ? કદિક તેમને બાદલાનો જામો પહેરાવવામાં આવે. એ જૈન જરીવાળાને ખટાવવા હશે કે સોના ચાંદીની પરદેશમાં થતી નિકાશ ઓછી કરવાને હશે ? ઉત્સવને દહાડે એમને ઘટિકા યંત્ર પણ બાંધવામાં આવે. એ શ્રાવકોને નિયમિતતા શીખવવા હશે કે ભગવાન એમના ભક્તો ભક્તિ કરવા વખતસર આવે છે કે નહિં એનું હાજરી પત્રક રાખી શકે એ માટે હશે ?

**વંદન હો એ અમારા આજના વીરપ્રભુની એ વિકૃતમૂર્તિને !**

## યમુના.

**એ** અમારા મુનિરાજ ! એમની પાસે આટલી વસ્તુ તો અનિવાર્ય—હોય જ. મોટો ઘાંટો, ઉપયોગ માટે નહિ પણ શોભા માટે ઓઘા—મુહપત્તી, કાગળ શાહીનો સદંતર અભાવ કે અતિ વિપુલતા, એક પક્ષ, અને ચાર વર્ષથી મોટી કોઈ પણ ઉમ્મરના ચેલાઓની ફોજ ! એ અમારા સંસ્કૃતિ શિરોમણી !

**ભલે** એ પોતે છાપું યે ચલાવે, પણ છાપાવાળાનું નામ આવે તો 'ભાટ, ચારણ, ચાડીયા. ચુગલીખોર, પેટભરા' ઇત્યાદિ વિશેષણો આપવાનું ન ચૂકે. એ સિવાય જ્ઞાનનું પૂજન અને દેશકાળનું અનુસરણ કર્યું કેમ કહેવાય ?

**ગાંધી**નું નામ સાંભળતાં જ એ એની વિરુધ્ધ વ્યાખ્યાન આપવા મંડી જાય, પછી ભલે એ મોહનદાસ ગાંધી નહિ, પણ હાટે બેસનાર ગાંધી હોય. એ અમારા ભદ્રબાહુસ્વામિ અને હેમચંદ્રાચાર્યના પટ્ટધર ! પોતાની માતૃભાષાનું એક વાકય લખવામાં અગિયાર ભૂલ તો એ કરે જ એ અમારા સંસ્કૃતાચાર્ય !

**તમે** એમની પાસે જાવ, અને મુનિવંદન કરવાની યથાર્થવિધિ એ તમને વણમાંગ્યે શિખવશે જ, તમે એમની પાસે બે પળ બેસો. અને તમે પાળી શકો કે નહિ, પણ એ બાધા આપવાની પોતાની ફરજ બજાવી લેશે જ. તમે એમની જોડે પત્રવ્યવહાર કરો, અને એ મહામહોપાધ્યાય છે કે તર્કાલંકાર, એમણે પેથાપૂર નરેશને પ્રતિબોધ્યા છે કે તમસપૂર તીર્થને તાર્યું છે એ તમને એમના પત્રમાંથી ખબર પડશે જ : ધન્ય હો એ ધર્મધગશ–ધારકોને !

યમુના–મહાત્મ્ય પુરૂં કરતાં પહેલાં હું અભુટ્ઠીઓ ઓચરી લઉં, નહિ તો વળી કોઇ દુર્વાસા—જેની અમારે ત્યાં ખોટ નથી—મારી દશા શકુંતલા જેવી કરશે !

## સરસ્વતી.

**એ** અમારા ગુરૂણિજી ! જેમને ભાષાનો એક અક્ષરે ન આવડતો હોય, જેમના ઉચ્ચાર શુદ્ધ અરબસ્તાની હોય એ અમારા સરસ્વતી; એ અમારા વાગીશ્વરી; એમને શ્રાવક શ્રાવિકાને સભા ભરીને પ્રતિબોધ દેવાનોય અધિકાર.

**લાલ** લુગડાનાં ડાયરા વચ્ચે પીળાં વસ્ત્રની ભાત પડતી હોય તો જરૂર જાણવું કે: એ પ્રમુખસ્થાન અમારા સાધ્વીશ્રીએ શોભાવ્યું છે. ખરેખર, પોતાના સાબુથી પારકાનો મેલ કાપવા જેવા સેવાના કાર્યમાં પ્રમુખ પણે જૈન સાધ્વીએ નહિ તો બીજા કોણે રહેવું જોઇએ ?

**એ** તદ્દન અહિંસક હોય છે. હથિયાર એમને ખપતા નથી. જરૂર પડે એ યુદ્ધમાં પોતાની પ્રતિપક્ષી સાધ્વીના હાડકાં ખોખરાં કરવાં ઓઘા, પાતરાં કે દાંડાનો જ ઉપયોગ કરે છે. પણ લાકડી કે હથિયારને હાથ પણ લગાડતા નથી.

**ચંદનબાળા** અને રહનેમી–પ્રતિબોધક રાજેમતીની આ પટ્ટશિષ્યાઓને ખમાસમણું દઉં છું–માત્ર નવ ગજ દૂરથી જ !

## સંગમ

**શ્રી** પ્રભુ, સાધુ અને સાધ્વીના એ ત્રિવેણી સંગમમાં સ્નાન કરી પવિત્ર થઈ રહેલા અમારા સમાજનો ઉત્કર્ષ સૂર્ય હવે બહુ જ થોડા દિવસમાં ક્ષિતિજ પર પ્રકાશશે; એમ દેખાય છે !

---

સાધુ પુરૂષના વચનને ઉચ્ચ શિક્ષણના અભાવે શાસ્ત્ર વચન માની તેને અનુસરવાનો પ્રયત્ન કરે. યુવકોને આ વસ્તુ ન રૂચી. ન સમજી શકાય તેવા પ્રશ્નોનો ઉકેલ કરવાની જીજ્ઞાસા અને સનાતન સત્ય જાણવાની મહત્વાકાંક્ષાએ તેમને અધર્મી, નાસ્તિક તરીકે એ સાધુઓએ ઓળખાવ્યા અને પ્રધાનપણે જૈન સમાજનું અધ:પતનનું મૂળરૂપ અને જવાબદાર આ સાધુઓ જ ગણાય.

છેલ્લાં કેટલાંયે વર્ષોથી આ જાતની વૈમનસ્ય પરિસ્થિતિએ ઉગ્ર સ્વરૂપ લીધું છે. પક્ષાપક્ષના મોહને લઇને સૌ કોઇ ગમે તે બોલે છતાં એટલું તો ચોકકસ છે કે એક વખતના જુનવાણી વિચારો અને વડીલશાહીનું સામ્રાજ્ય હવે વધુ વખત નભી શકવાના નથી. તેમના જર્જરીત કિલ્લાઓ અને જરીપુરાણી મહેલાતો જમીનદોસ્ત થવા લાગી છે.

આપખુદ સત્તાના ઇજારદારોનું શ્રી. પરમાનંદભાઇને સંઘબહાર મૂકવાનું પગલું એ આ જાતના જર્જરીત કિલ્લાઓ અને જરીપુરાણી મહેલાતોને ટેકા આપવા સમાન છે. પણ તેઓને ખબર નથી કે કુદરતના કોપથી કે ગમે તે કારણથી ધરતીકંપના આંચકામાં એક વખતનું જાહોજલાલી ભોગવતું કવેટા નગર એક રાતમાં અને બેચાર કલાકોમાં હતું નહતું થઇ ગયું તેવી રીતે આજનો વડીલશાહીનો દોર અને રૂઢિપૂજકોના અત્યાચારનો ભોગ બનતા યુવકો અને યુવતિઓના અંતરનાદે અને મહાવીરના સિધ્ધાંતનું શાસ્ત્રને નામે છડે ચોક ખૂન કરતા તેમના વેશધારીઓની દાંભિકવૃત્તિઓથી જૈન સમાજમાં ભલે ધરતીકંપ થાય. સંક્રાન્તિના આ કાળમાં એ જાતનો દોર અને દાંભિકવૃત્તિઓનો નાશ થવો જ ઘટે.

# ચિંતન

આધિભૌતિક, આધિદૈવિક અને અધ્યાત્મિક એ શબ્દો શાસ્ત્રીય પરિભાષાના હોઇ આપણે તેની સાથે કુસ્તી કરવાની છોડી દઇએ. તો પણ પશુતા, માનવતા અને વિતરાગતા એ શબ્દો તરફ દૃષ્ટિ કરવી આવશ્યક છે.

❖ ❖ ❖

આપણા યુરોપીય મિત્રોએ વર્ષો પહેલાં જાહેર કર્યું છે એટલું જ નહી પણ હવે તો વૈજ્ઞાનિક અન્વેષણોદ્વારા લગભગ સાબીત કર્યું છે કે: માનવીના પૂર્વજો ઝાડની એક ડાળીથી બીજી ડાળીપર કુદતા વાનર દેવો જ છે. ઢગલાબંધ ધર્મગ્રન્થોમાંથી એકાદ પણ ગ્રન્થ આ વિષેનો પુરાવો ન આપે ત્યાં સુધી આપણે એ વિધાનને સ્વીકારવાની ચોકખી ના પાડીએ તો પણ પ્રસંગોપાત કોઇ કોઇ માનવીમાં નજરે પડતી 'વાનરવૃત્તિ' એ વિધાનમાં તથ્યાંસ હોવાની માન્યતા તરફ દોરાવાની આપણને ફરજ પાડે છે. અને 'વાનરવૃત્તિ'નું પ્રદર્શન કરતા એ માનવો માટે તેઓ માનવ દેહધારી હોવા છતાં તેમણે માનવતાના સીમાડામાં પ્રવેશ કર્યો હોવાની શંકા ઉપસ્થિત થાય તો તે સ્વાભાવિક છે.

પરંતુ અહીં તો જેમણે માનવતાનો સીમાડો પણ જોયો નથી. તેવાઓને 'વિતરાગતા'ના પ્રતિક સમો વેષ પહેરાવી દઇ તેમનામાં 'સાધુતા'નું આરોપણ કરવામાં આવે છે. અને 'શ્રાવકસંઘ'ને માથે એને 'ગુરૂ' તરીકે ઠોકી બેસાડવામાં આવે છે. આવા વેષધારીઓ તરફથી જ્યારે એમ કહેવામાં આવે કે અમે 'સાધુતા' પ્રાપ્ત કરી છે. ત્યારે જે વિશેષણથી એ મહાનુભાવો (?) ને નવાજવાનું કોઇને પણ મન થાય તે શબ્દનું નામ છે. 'ચલતા પૂર્જા.'

❖ ❖ ❖

'નટના દોરડાપરથી સર્વજ્ઞના સિંહાસન' પર ચઢી બેસનાર એક માનવીની કથા આપણા વિશાળ કથા સાહિત્યનાં થોડાં પાનાં રોકી રહી છે. અને એ કથા આગળ ધરી 'પશુમાંથી દેવ' બનાવી શકાય છે. એવું કહેવા કોઈ તૈયાર થાય ખરૂં. એ કથાને કેવળ કથા જ માનીએ તો તેમાં આરોપાએલી 'અદ્ભૂત દિવ્યતા' અદૃશ્ય થઇ જાય છે–માત્ર કવિમાનસની કલ્પના જ બની રહે છે. પરંતુ માનવ જીવનના અતિ ઝડપી વિકાસની દૃષ્ટિએ જોઇએ. અને એ ઝડપી વિકાસને વેગ આપતી ભૂમિકા તૈયાર કરનાર એ જીવનની પાછળ રહેલા કાર્યકારણનો સંબંધ જરા ઉંડા ઉતરી વિચારીએ તો એ કથા હોય તો પણ એ એક 'આદર્શ' બની રહે છે. કે જે આદર્શ આપણને એમ પ્રતિતિ આપે છે કે: 'પશુમાંથી દેવ' બનનાર વ્યકિતને દેવત્વમાં પગલાં માંડતાં પહેલાં 'માનવતા'નો પ્રદેશ પસાર કરવો જ રહે છે. પછી ભલે એની સમય મર્યાદા નિમિષ માત્ર કાં ન હોય. અને ઉપર સુચિત કથાનાં પડ ઉકેલી જોનાર કોઇ પણ અભ્યાસીને આ કથનની સાબીતી તેમાંથી મળી રહેશે. કહેવાનો અશય એ છે, કે: વિતરાગતાના પ્રદેશ તરફ પગલાં માંડનાર વ્યંકિતએ પ્રથમ 'માનવતા' પ્રાપ્ત કરવી જ રહે છે.

❖ ❖ ❖

'શ્રાવક' શબ્દનો અર્થ કરતાં 'શ્રદ્ધા, વિવેક અને ક્રિયા'નું શબ્દ ઝુમખુ આગળ ધરવામાં ભલે આવે. હું તો 'સાહિત્યક' એમ 'શ્રાવ' ઉપરથી 'શ્રાવક' એ જ અર્થ ઠીક માનું છું. જેઓ કેવળ બીજાની કહેલી વાતો શ્રવણ કરવાને જ ટેવાયલા હોય છે એવા વર્ગમાં 'માનવતા' શોધવા નીકળવું તેના કરતાં ઉંચી પાટે બેસી 'ગુરૂ' પદેથી પ્રવચન કરતા આપણા 'સાધુવર્ગ'માં 'માનવતા' શોધવા નીકળવું એ જ વધારે વ્યાજબી ગણાય. છેલ્લાં થોડા વર્ષોના ઇતિહાસરૂપી હોડકામાં બેસી વર્તમાનના ધુઘવતા સમય સાગરમાં મુસાફરી ખેડી જુઓ: કોલંબસે સાતસાગર ડ્હોળી સદ્ભાગ્યે લીલી–હરિયાળી ભૂમિના દર્શન કરી આંખ ઠારી હતી. તેમ કદાચ કો હરીયાળી જીવન ટેકરી તમે નિહાળો તો તમારા સદ્ભાગ્ય! 'પ્રભુ વિહોણા માનવકુળમાં બાળક પ્રભુનાં પયગમ્બર છે.' એ કવિ વાકયને જરા આમ ફેરવીએ; 'વિતરાગ વિહોણા જનકુળમાં જૈન સાધુ વિતરાગતાના પયગમ્બર છે.' તો આપણા સાધુ અને સાધ્વી મળી લગભગ બે હજારનો બનેલો એ 'શ્રમણ સંઘ' કદાચ મોક્ષ મળ્યા જેટલો આનંદ અનુભવે ખરો! પરંતુ તમે તેમની પાસે 'વિતરાગતા'ની ઉંચી કક્ષાએ નહિ પણ 'માનવતા'ની મધ્યમ કક્ષાએ તેઓ છે કે નહી તેની તપાસની માગણી રજુ કરો તો તરત જ તેઓ પોતાની પામર મનોદશાના પ્રદર્શનથી ત્હમને સ્હમજાવશે કે તેઓ માનવજીવનની પ્રાથમિક દશાથી આગળ નથી વધ્યા.

અને હવે સ્હેલાઇથી એમને અને બીજાઓને સ્હમજાશે કે યુવાનોએ મોરચા માંડયા છે તે 'સાધુતા–વિતરાગતા–' સ્હામે નહિ પણ માનવજીવનની પ્રાથમિક દશા સૂચવતી પામર મનોદશા સ્હામે. એ દશા છોડી તેઓ 'માનવતા'નો સંપૂર્ણ વિકાસ સાધી 'વિતરાગદશા'માં કેમ પ્રવેશ કરી શકાય છે. તેનો આદર્શ કેવળ 'શ્રાવકસંઘ'ને જ નહિ. પણ સારીય જનતાને આપે તેટલા ખાતર.

માનવકુળ 'વિતરાગતાં'ને વંદતું જ આવ્યું છે. અને આજનો યુવાન આત્મ મસ્તોને આવકારે છે: સંતપુરૂષોને સત્કારે છે: અને જાહેર સેવકોને અભિનંદે છે. પરંતુ એ આત્મમસ્તોની 'મસ્તી' પ્રજાજીવનમાં 'નિજાનંદ' પ્રેરતી હશે: સંતપુરૂષોની 'સંતતા' તપ્ત જગતને શીતળ છાંયો આપતી હશે. અને જાહેર સેવકની 'સેવા'ની પાછળ સાચી ધગશનાં દર્શન થશે તો–અન્યથા નહી. અસ્તુ!

# લ્યાનત હો એ નગરશેઠની આપખૂદી પર!

## સ્થળે સ્થળે તિરસ્કૃત થયેલ એ ગોઝારો ઠરાવ.

### ભાઈશ્રી પરમાનંદને અભિનંદન.

**અમદાવાદના યુવકોનો વિરોધ.**

તા. ૧૫–૮–૩૬ ના રોજ પ્રાગજી હંસરાજ હોલમાં સભા મળી હતી. જેમાં નીચે મુજબ ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતાઃ–(૧) તા. ૯–૮–૩૬ ની સકલ સંઘના નામે ગોઠવેલી વંડાવીલાની સભામાં જે જુવાનો આક્રમણના ભોગ બન્યા છે તે પ્રત્યે હમદર્દી જાહેર કરે છે અને અભિનંદન આપે છે. (૨) સંઘની પ્રથમ સભા વિખરાઈ જવા બાદ બીજીવાર સંઘના નામે મીટિંગ ભરી બીનકાયદે અને બીન બંધારણીય કામકાજ થયેલું હોવાથી તે અમદાવાદના સકલ સંઘને બંધન કર્તા નથી. (૩) પરિષદના પ્રમુખસ્થાનેથી ભાઈ પરમાનંદે જે નિડર ભાષણ આપ્યું છે, તે માટે તેઓશ્રીને માનપત્ર અર્પણ કરવું અને પ્રીતિભોજન આપવું તેની વ્યવસ્થા માટે કમીટિ નીમવામાં આવી. (૪) સંઘો, મંડળો, સંસ્થાઓ અને મુનિરાજો, જૈન–જૈનેતર પત્રોના અભિપ્રાયોની તેમજ અમદાવાદના જૈનોની બહુમતિની અવગણના કરી આપખૂદ પગલું ભર્યું છે તેને વખોડી કાઢે છે. હિંદભરના વિચાર અને વાણી સ્વાતંત્ર્યમાં માનનાર જૈનોને આપખૂદીનો વ્યવસ્થિત સામનો કરવા આગ્રહ કરે છે. (૫) મુંબઈ ખાતે મળેલી ભાઈ પરમાનંદ વિરૂદ્ધની સભામાં હિંદભરની માન્ય મહાસભા તથા પૂ૦ મહાત્માજીના સામે હલકટ પ્રહારો કર્યા છે. તેને વખોડી કાઢે છે અને મહાસભા તથા પૂજ્ય મહાત્માજી પ્રત્યે પૂજ્યભાવ જાહેર કરે છે. (૬) અમદાવાદના ગુજરાત યુવાન મંડળ તથા વિદ્યાર્થીમિત્રમંડળના આશ્રય નીચે અમદાવાદના શહેરીઓની સભાએ આપણા સિધ્ધાંત અને લડતપ્રત્યે જે સહાનુભૂતિ બતાવી છે તે બદલ આભાર માને છે.

**અમદાવાદની જોહુકમી સામે વડોદરાનો વિરોધ.**

તા. ૧૫–૮–૩૬ ને શનિવારે વડોદરા જૈન યુવકસંઘની મીટિંગ સંઘની ઓફિસમાં મળી હતી. તે પ્રસંગે નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા. અમદાવાદના નગરશેઠે ત્યાંના સંઘના નામે "શ્રી પરમાનંદ કાપડીઆ સાથે સંબંધ રાખવો નહિ" એવો જે ઠરાવ કર્યો છે તે વ્યક્તિના વિચાર અને વાણીસ્વાતંત્ર્ય ઉપર તરાપ મારનારો આપખૂદ અને યુવકોના સખ્ત વિરોધની અવગણના કરી ગેરકાયદે કરેલો છે તે સામે વડોદરા યુવક સંઘ સખ્ત વિરોધ દર્શાવે છે. અને અમદાવાદ સંઘને ભાઈ પરમાનંદ માટે આવો ઠરાવ કરવાનો કોઈ અધિકાર નથી એમ માને છે. (૨) સંઘબહાર જેવા અનિચ્છનીય ઠરાવ કરાવવા પ્રેરીને સંઘશક્તિને ક્ષીણ કરવામાં તથા સમાજમાં અશાંતિ અને વિરોધ વધારવામાં નિમિત્તભૂત થનારાઓ તરફ વડોદરાનો જૈન યુવક સંઘ અત્યંત તિરસ્કારની નજરે જુએ છે.

(૩) અમદાવાદ વંડાવીલામાં નગરશેઠ તરફથી શ્રી સંઘના નામે ભરાયેલી સભામાં યુવકોનો સખ્ત વિરોધ હોવા છતાં ભાઈ પરમાનંદ સાથે સંબંધ નહિ રાખવાનું નાટક ભજવતી વખતે પોલીસની દરમ્યાનગીરી કરાવવાની અનિચ્છનીય પ્રવૃત્તિ અને વિરોધ કરનાર યુવકોના માથાં ફોડવાનાં જે હિચકારાં કૃત્યો થયાં છે તેવાં કૃત્યોમાં ભાગ લેનારાઓ પ્રત્યે વડોદરાનો જૈન યુવક સંઘ તિરસ્કારની નજરે જુવે છે અને ઘવાયેલા યુવકોને સહનશીલતા માટે અભિનંદન આપે છે. (૪) ભાઈ પરમાનંદની મક્કમ વલણ અને નિડરતા માટે તેમ જ અમદાવાદના યુવકો અને જૈન યુવક સંઘે બતાવેલી હિંમત માટે વડોદરા જૈન યુવક સંઘ તેઓ બધા તરફ માનની નજરે જુવે છે અને ત્હેમને ધન્ય વાદ આપે છે (૫) ભાઈ શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆને વડોદરા પધારવા આમંત્રણ આપવું અને ત્હેમનો યોગ્ય સત્કાર કરવો.

**લીંબડીના જૈન યુવકોનો વિરોધ.**

તા. ૧૧–૮–૩૬ લીંબીડીના જૈન યુવકોની સભામાં સર્વાનુમતે નીચે મુજબ ઠરાવો પસાર થયા હતા. (૧) અમદાવાદના સંઘે ભાઈ પરમાનંદ કાપડીયાને સંઘબહાર મૂકવાનો અધિકાર નહિ હોવા છતાં ભરેલા પગલાંને હાસ્યસ્પદ ગણે છે. (૨) અમદાવાદના સંઘની સભામાં ગુંડાશાહીએ ઘણા જૈન યુવકોને ઈજા પહોંચાડી છે તેને જૈન ધર્મ ઉપર શરમરૂપ લેખે છે. (૩) ભાષણ ઉપર ઉભા કરેલા તરકટ ને વ્યક્તિના વાણીસ્વાતંત્ર્ય ઉપર અયોગ્ય આક્રમણ સમાન માની સખ્ત વિરોધ જાહેર કરે છે અને શ્રી. પરમાનંદ કાપડીયાએ દર્શાવેલ પ્રગતિશીલ વિચારો માટે અભિનંદન આપે છે.

**બરલુટના યુવકોનો વિરોધ.**

બરલૂટ (મારવાડ) તા. ૧૩–૮–૩૬ શ્રી જૈન મિત્રમંડળની સભામાં સર્વાનુમતે નીચેના ઠરાવો પસાર થયો છેઃ–અમદાવાદના નગરશેઠે શ્રી પરમાનંદભાઈનો બહિષ્કાર કર્યો છે તેનો અમારૂં મંડળ સખ્ત વિરોધ જાહેર કરે છે. અને શ્રી પરમાનંદને ધન્યવાદ આપે છે.

**સાદરી.**

તા. ૧૩–૮–૩૬ શ્રી શુભચિંતક જૈન સમાજની જનરલ મીટિંગમાં નીચે મુજબ ઠરાવો પાસ થયા છેઃ–હિંન્દુસ્થાનની સેંકડો સંસ્થાઓનો વિરોધ હોવા છતાં અમદાવાદના રૂઢિચુસ્તોની જબરજસ્તીથી અને પોલિસ પહેરા નીચે ભાઈ પરમાનંદને સંઘબહાર કર્યા તે બદલ આ સભા સખ્ત વિરોધ જાહેર કરે છે.

**સિદ્ધપુર.**

જૈનોની સભા મળી હતી. જેમાં શ્રી પરમાનંદ કાપડીયાને અભિનંદન આપતો અને તેમને સંઘબહાર મૂકવા સામે વિરોધ દર્શાવતો ઠરાવ પસાર થયા હતા.

**મુંબઇ.**

તા. ૧૭–૮–૩૬ કચ્છી વીશા ઓસવાળ તરૂણ સંઘની જનરલ સભા મળી હતી. તેમાં નીચે મુજબ ઠરાવો થયા હતા. (૧) તા. ૯–૮–૩૬ ની અમદાવાદ જૈન સંઘની સભામાં જે ગેરકાયદે કામકાજ થયેલ છે તે કચ્છી જૈન સંઘને બંધનકર્તા નથી. (૨) અમદાવાદ સંઘની સભામાં કેટલાકોએ જે ગુંડાગીરી ભર્યું વર્તન ચલાવ્યું તે પ્રત્યે આ સંઘ અણગમો જાહેર કરે છે, હાજર રહેલા યુવકોએ મર્દાનગી ભર્યો અહિંસક સામનો કર્યો છે તે બદલ અભિનંદન આપે છે. (૩) સંઘબહાર કરવાના કાર્યમાં જે જે સાધુઓએ ભાગ ભજવ્યો છે તેમને સાધુ તરીકે સ્વીકારવાનું બંધ કરે છે. (૪) ભાંગવાડીમાં મળેલ સભામાં જે ભાષણો થયાં છે. તે તરફ આ સંઘ સખ્ત તિરસ્કાર દર્શાવે છે.

**બોટાદ—**

શ્રી જૈન મિત્રમંડળ તરફથી તા. ૨૪–૮–૩૬ ના રોજ એક મીટિંગ મળી હતી. જેમાં નીચે મુજબ ઠરાવો થયા હતા–(૧)અમદાવાદના નગરશેઠે મોટા ભાગની વિરૂદ્ધ લોકલાગણીને ઠોકરે મારી પક્ષપાતી અને આપખુદી રીતે શ્રી. કાપડીયા વિરૂદ્ધ જે કાંઇ ઠરાવરૂપ ફારસ ભજવ્યું છે તે ન્યાયથી વેગળું અને વાણી સ્વાતંત્ર્ય ઉપર ત્રાપ મારનાર હોઇ તેને વખોડી કાઢીએ છીએ.

**અમદાવાદ—**

ઝવેરીવાડ સેવા સમાજની તા. ૧૯–૮–૩૬ ની મીટિંગમાં કરેલા ઠરાવોઃ–(૧) શ્રી. પરમાનંદ કાપડીઆ પ્રત્યે સંપૂર્ણ સહાનુભૂતિ ધરાવે છે. (૨) નગરશેઠનું શ્રી. પરમાનંદ સાથે સંબંધ નહિ રાખવાનું ફરમાન અમાન્ય લેખે છે. (૩) શ્રી પરમાનંદને હાર્દિક અભિનંદન આપવા આ સમાજ આમંત્રણ કરે છે. (૪) શ્રી. પરમાનંદને પ્રીતિભોજન આપવાનું નક્કી કરે છે.

**મુંબઇ.**

શ્રી સત્યપ્રચારકમંડળની મીટીંગમાં અમદાવાદના ઠરાવ પ્રત્યે વિરોધ દર્શાવતો ઠરાવ કર્યો છે.

**સાણંદ—**

શ્રી જૈન શુભેચ્છક મંડળ તથા સામાન્ય જૈનોની તા. ૨૩–૮–૩૬ ના રોજ મળેલ સભામાં–શ્રી પરમાનંદ કાપડીયાના ભાષણથી તેમની સાથે સંબંધ નહિ રાખવાનો અમદાવાદના સંઘના નામે કરેલ ઠરાવ પ્રત્યે વિરોધ, અમદાવાદના યુવકોએ વિરોધ દર્શાવવા હાજર રહી જે હિમ્મત બતાવેલ તેમજ અપમાન અને માર સહન કરી આત્મભોગ આપ્યો તે બદલ અભિનંદન આપતા ઠરાવો કર્યાં છે.

**માંડલ.**

શ્રી જૈનયુવકસંઘની એક સભા તા. ૨૪–૮–૩૬ ના રોજ મળેલ તેમાં અમદાવાદના સંઘના ઠરાવપ્રત્યે સખ્ત વિરોધ અને શ્રી. પરમાનંદભાઇને અભિનંદન આપતો ઠરાવ કરવામાં આવેલ છે.

## વ્હેતાં વ્હેણ

—જાણે કે કોઇ મહા ઇડરીઓ ગઢ જીતાયો હોય ત્હેમ વીરશાસનમાં સમાચાર છપાય છે કેઃ "ભાવનગર સંઘના સેક્રેટરી શેઠ કુંવરજી આણંદજીએ આપેલું રાજીનામું" પણ આ સમાચાર સાથે પરમાનંદ પ્રકરણને કશોય સંબંધ નથી. કારણ કે કુંવરજી ભાઇએ તો સં. ૧૯૯૧ ના આસો મહીનામાં પોતાની અવસ્થાને લઇને સંઘ સેક્રેટરી તરીકે રાજીનામું આપેલ છે.

—"બોટાદના સંઘે કરેલા ઠરાવ" ના સમાચાર વીરશાસનમાં પ્રગટ થયા છે તે સંબંધી એક બોટાદના વતની જણાવે છે કેઃ અત્રે સંઘ જ મળ્યો નથી. પછી ઠરાવ થાય જ ક્યાંથી? હોય એ તો, સીસાટી ભકતો હું, બાંવા ને મંગળદાસ રસ્તામાં એકત્ર થઇ ઠરાવો કરી ગમે ત્હે ગામના સંઘના નામે મોકલાવી દે. એ ત્હેમનો ધંધો–આજનો નથી. બોટાદના વતની એટલું સ્હમજી લે.

—ખંભાતમાં સ્પષ્ટરીતે બે તડાં પડી ગયાં છે. અમર જૈનશાળામાં રૂઢિચુસ્ત સંઘ અને અંબાલાલ ધર્મશાળામાં સુધારક સંઘ બંન્ને સ્થળોએ સંઘો ભેગા થયા છે, રૂઢિચુસ્ત સંઘે શ્રી. પરમાનંદ વિરૂદ્ધ અને સુધારક સંઘે તરફેણ કરનારા ઠરાવો કર્યા છે. સીસોટી ભકતો જો ગામેગામ તડાં નહિ પડાવે તો પછી ત્હેમનું જીવન શી રીતે નભશે?

—માંડલ શ્રી જૈન યુવક સંઘના સેક્રેટરી તા. ૨૬–૮–૩૬ ના ત્હેમના પત્રમાં અમદાવાદ નગરશેઠના પગલાંનો સખ્ત વિરોધ કરતો અને પરમાનંદભાઇને અભિનંદન આપતો ઠરાવ થયાનું જણાવે છે. આ ઉપરથી એમ જોઈ શકાશે કે વીરશાસનના વધારામાં કેટલા સાચા ખબરો આવે છે (?) વીરશાસન જો સાચા ખબરો પ્રગટ કરવાનું નક્કી કરે તો પછી ત્હેને વધારા માટેનું મેટર ક્યાંથી લાવવું?

—કાઠિયાવાડ જૈન યુવક પરિષદના પ્રમુખ તરીકે શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીયા અને સ્વાગત પ્રમુખ તરીકે શ્રી. વીરચંદ પાનાચંદ શાહની સર્વાનુમતે ચુંટણી થઇ છે. અમદાવાદના નગરશેઠે ત્યાંના સંઘના નામે કરેલા ઠરાવનો જડબાતોડ જવાબ.

—વઢવાણમાં રૂઢિચુસ્ત પક્ષ ઉભો કરવા માટે તેમ જ શ્રી. પરમાનંદ સંબંધી અમદાવાદના સંઘના નામે કરાયેલ ઠરાવને અનુમતિ અપાવવા અમદાવાદથી દોરી સંચાર થયો હતો. સીસોટીના ભડવીરોએ પણ ત્યાં જઈ ઉશ્કેરણી ચલાવી હતી પરંતુ યુવકશકિત જાગૃત હોઇ ત્હેમાં અમદાવાદથી દોરી સંચાર કરનાર ત્હેમજ સીસોટીના ભડવીરોને નિષ્ફળતા મળી છે. એમ સમાચાર મળે છે. હજુ ઉશ્કેરણી ચાલુ છે. જોઇએ શું થાય છે?

—વીરશાસનના સ્ટીમરના લંગર જેવડા લાંબા વધારામાં જે ગામના ઠરાવો આવ્યા છે. ત્હેની પાછળ પડી જો કોઈ ઉંડે ઉતરે તો જરૂર જણાઇ આવે કે ત્હેના ઢોલની પાછળ કેટલી પોલ છે? મ્હને તો જણાય છે કે સો વાંભે કાંકરા ઉડતા હશે.

—અમદાવાદના સંઘના નામે કરાયેલા ઠરાવના જવાબરૂપે અમદાવાદમાં જ ત્યાંના સંઘના સભ્યો તરફથી શ્રી. પરમાનંદભાઇને પ્રીતિભોજન આપવાનો મેળાવડો તા. ૬–૯–૩૬ ના દિને કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

(1)

ક્રાંતિના ઝંડાધારીઓ.

Regd. No. 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક ચોથો.
મંગળવાર તા. ૧૫-૯-૩૬.

## 'મિચ્છામિ દુક્કડમ્'

અતિવ ન્હાનપણે એ મારે મન આશ્ચર્ય હતું કે આટઆટલા મ્હોટા ગણાતા માનવો પણ આ પ્રભાતે ઉઠતાં જ આટલા નમ્ર બનીને પ્રત્યેકને કેમ નમતા હશે ? કટ્ટર વિરોધીઓ પણ એ દિવસે કેટલાં સહજ ને સમભાવી બની હાથ મીલાવતા હતા ? આ દિવસનો આટલો પ્રભાવ કેમ હશે અને આ દિવસની આટલી મહત્તા શાથી હશે તે ત્ય્હારે તો સમજાતું નહિ અને મછામાંનું દોકલું કહી અમે હસી લેતા, ને તાળીઓ લઇ-દઇ એનુ અનુકરણ કરતા.

યુવાનીમાં તો મ્હને ય સૌ 'મંછાંમ્ દોકડું' દેતા જ્હેને જોયા ન હોય, ભાગ્યે જ બોલ્યા હઇએ અને સ્વપ્ને ય તકરાર ન કરી હોય ત્હેવાય જ્ય્હારે ભારેખમ બની કરોડ રજ્જુ ઢિલી કરી આ 'મછાંમ દોકડું' દેતા ત્ય્હારે મ્હારી રમુજનો પાર રહેતો નહિ. અલબત્ વિવેકને ખાતર એવાઓને વળતું નમન કરતાં અંતરમાં રમતી રમુજ પર મ્હારે સંયમ કેળવવો પડતો.

પછી તો એની ભાવના સ્હમજાઈ અને એ દૃષ્ટિએ જો આ 'મિચ્છામિ દુક્કડમ્' દેવાતું હોય તો જગતનાં કેટકેટલા કલહ ને વૈર ઝેર ઓછા થઈ રહેત એની કલ્પનાઓ ઉદ્ભવતી.

આજે તો એ કેવળ રૂઢી થઇ પડી છે. ભાવો અને ઉર્મિયોને અલગ કરીને કેવળ સીરસ્તા ખાતર સૌ મ્હોંએથી "મિચ્છામિ દુક્કડમ્" બોલે છે અને એમાંના ઘણાના હૃદયને એ સ્પર્શતું જ નથી હોતું. અંતરના ઉંડાણથી એ માફી ઉગતી નથી. મ્હોંઢાના ગોખલામાંથી, અંતરથી સાવ અલગ એ માફી શિષ્ટતા ખાતર જ ઉચ્ચારાય છે.

અને આમ ઘણી સરસ વસ્તુઓ રૂઢીમય બનતાં સાવ નિરર્થક નિવડે છે. ત્હેમ જ એ "મિચ્છામિ દુક્કડમ્" કૈં લાખ્ખો માનવો સેંકડો વેળા બોલે છે છતાં કૈં સરસ પરિણામ નથી નિપજાવી શકતાં ને આંતર કલહો હતાં એટલાંને એટલાં જ; વૈર ઝેર હતા એટલાં ને એટલાં જ; સમાજનો ક્ષય કરતાં વધુને વધુ પ્રચારતા જ જાય છેઃ અને જૈન સમાજનું 'ક્ષમા' લેવા દેવાનું એક અતિ ઉત્તમ માનવ લક્ષણ આપવાનો એ આચાર છતાં પણ કૈં કામ નથી આવી શકતું.

મ્હને પોતાને-હું જુનિ પ્રણાલિકાઓમાં મુખ્યત્વે નહિ માનતો હોવા છતાં-આ પ્રથા ગમે છે. ઘણી વેળા નિકટનાં દોસ્તો કે આપ્તજનોમાં કોઇ ન્હાના એવા કારણે તડો પડી જાય છે. એ પ્રસંગો વિત્યે એ બંને પસ્તાતા હોય છે, પાછાં નિકટ આવવાં મન કરતાં હોય છે. અને એવો પ્રસંગ મેળવવા તલસતા હોય છે એટલે કોઇ સામાજીક કે એવા સમુહ પ્રસંગે કે દોસ્તોએ ઇરાદાપૂર્વક ગોઠવેલા પ્રસંગોમાં એવા વિખુટાં પડેલાં આપ્તજનો કે દોસ્તો તડજોડ કરી લ્યે છે. પરંતુ એ તકો ન મળે ત્હેનેય આવા પ્રસંગો-ક્ષમાપના દિનના પ્રસંગો ખૂબ ઉપયોગી નિવડે છે. એ દિવસે માફી માગનારને ન્હાનમ નથી અનુભવવી પડતી. આમ સુમેળ સધાય છે-ને આ વિશુદ્ધિના દિને એટલી કડવાસ દૂર થાય છે.

કેટલાય મ્હારા નવજુવાન દોસ્તો આ પ્રસંગની ઠઠ્ઠા કરે છે અને પૂછે છે ભૂલ કબુલ કરવાનું અને માફી માગવાનું અમારે આ દિવસ માટે મુલતવી રાખવું અને આ દિવસ આવે એટલેજ માફી માગવાની ?'

ના, એને એ પળેજ કે એ દિવસે જ ત્હમો ભૂલો કબુલ કરવાની અને માફી માગવાની અને એમ કરીને હૃદય સાફ રાખવાની ટેવ કેળવો. તો એના જહેવું ઉત્તમ જીવન એકેય નથી એવું જીવન સૌનાં વંદનનું અધિકારી છે. પણ એટલી વિનમ્રતા સૌમાં શક્ય નથી. અને સૌને એ સરળતા સુલભ પણ નથી.

રોજેરોજ ઘર સાવ સાફ રાખી શકતા હો તો ઉત્તમ છે પણ એમ ન કરી શકનાર રોજ ઉપર ઉપરથી અને અઠવાડીએ ખુણા ખાંચરેથી સામાન ખેસવીને સાફ કરે તો એ હાંસી પાત્ર નથી ઠરતો.

પણ આજે જે રીતે ભાવનાહિનપણે 'મિચ્છામિ દુક્કડમ્' દેવાઇ રહ્યાં છે. એ સાચે જ જૈન જુવાનોમાં અને જૈનેતરોમાં હાંસીનો વિષય બન્યું છે. શબમાં આત્મા કલ્પીને જાણે અજાણે સરઘસ કહાડી રહ્યા છીએ.

કેવી સરસ ભાવના રહી છે એમાં ? મ્હોટપ મૂકીને, અક્કડાઇ કહાડી નાખીને, મમત્વ દુર કરીને દરેક એનાથી શું મ્હોટા કે શું ન્હાના પાસે જાય ને જાણે અજાણે એનો ગુન્હો કર્યો હોય કે પોતાના કોઇએ કર્તવ્યથી એને મનઃ દુઃખ થયું હોય તો ક્ષમા માગે છે. પૂર્વગ્રહોને વિલીન કરીને હવે 'પુનશ્ચ હરિૐ' કરવાના છે એમ ખાત્રી આપે છે. હૃદયની પાટી પરના જુના અક્ષરો ભુંસીને એ સાફ દીલ બન્યા છે. એમ જણાવે છે. અને સદ્ભાવ, બંધુત્વ ને મૈત્રીનો ફરી સુયોગ સાધે છે.

આમ વેરઝેરના વર્ષ દરમ્યાન ઉગેલાં ઝાડવાં સુકાઇને બળી જાય છે અને તમામ જીવો પ્રત્યે સમભાવની નવકુંપળો હૃદયમાં પ્રકટે છે.

**'મિચ્છામિ દુક્કડમ્'ની ભાવના ચિરાયુ હો.**

**ક્ષમાપના દિનના એ ભુલાઈ ગયેલા નિયામકને વંદન હો.**

# તરુણ જૈન.

તા. ૧૫-૯-૧૯૩૬

## ક્રાંતિના ઝંડાધારીઓ.

'ક્રાન્તિ એ કોઇ અકસ્માત નથી. સમાજના વિકાસ માટે ત્હેનું આગમન અનંતકાળથી ચાલ્યું જ આવે છે. સ્થાપિત હિતોવાળાઓનો જુલ્મ વધે છે ત્યારે તે જુલ્મો સ્હામે ક્રાંતિ વિરાટ સ્વરૂપે ખડી થાય છે. પણ જુલ્મ જહાંગીરીનો નાશ થાય છે. કે તે શીઘ્ર સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરે છે, મનુષ્ય જો પોતાના જીવનનાં પાનાં ઉકેલે તો ત્હેને ડગલે અને પગલે 'ક્રાન્તિ'ના દર્શન થશે. બાળક જન્મ લે છે ત્યારથી જ ત્હેના શરીરમાં 'ક્રાન્તિ' પોતાનો ભાવ ભજવે છે. અને શારીરિક અને માનસિક પ્રગતિના મંડાણ કરાવે છે. આમ 'ક્રાન્તિ' એ કોઇ નાશકારક તત્ત્વ નથી. પરંતુ પ્રગતિ માટે અગત્યનું સાધન છે. ક્રાન્તિના નામ માત્રથી ભડકતા અને ભડકાવતા એવા બંધુઓએ સમજવું જોઇએ કે એ અનિવાર્ય છે. આવી ક્રાન્તિને જે આવકારે છે, આચાર વિચાર અને વર્તનમાં પૂરેપૂરી રીતે ઉતારી દેશકાળને અનુરૂપ પોતાનું જીવન ઘડે છે, અને ઘડવાની પ્રેરણા પાય છે. એ ક્રાન્તિકાર છે. એ મહાપુરૂષ જગદ્વંદ્ય છે. આવા મહાપુરૂષો જ અત્યાચારીઓથી દેશ, સમાજ અને ધર્મનુ રક્ષણ કરે છે. પ્રત્યેક કાળમાં એવા ક્રાન્તિકારોનું જુથ જાગતું જ હોય છે. દેશ જ્યારે પરાધિનતાની એડી તળે છુંદાતો હોય, સમાજની નાગરિકતા અને ઇજ્જતનું લીલામ થતું હોય અને ધર્મના નામે અધર્માચરણ ચાલતાં હોય ત્યારે ત્યારે તે ક્રાન્તિકારો દેશને સ્વાયત્ત કરવામાં, સમાજની નાગરિકતા અને નૈતિક જીવનને રક્ષવામાં અને અધર્માચરણને દૂર કરી ધર્મને શુદ્ધ સ્વરૂપમાં રજુ કરવાની પોતાની ફરજ સ્હમજી પોતાની જાતનું બલિદાન આપવામાં પણ પાછળ હઠતા નથી. આવા ક્રાન્તિકારોનું અસ્તિત્વ ત્હેની જીવંત અવસ્થામાં જનતા કદી કબુલ કરતી નથી, ત્યારે તો ત્હેના માર્ગમાં કાંટા વેરે છે. પરંતુ ત્હેના મૃત્યુ પછી જ ત્હેનું અસ્તિત્વ સ્વીકારે છે, ત્હેના ગુણગાન કરે છે. ત્હેને પ્રભુ તરીકે પણ પૂજે છે. મહાવીર અને બુદ્ધ, ઇસુ અને મહમ્મદ, સોક્રેટીસ અને લ્યુથર, લોકાશા અને દયાનંદ, લેનીન અને ગાંધી વિગેરેનાં જીવન એ બાબતની સાક્ષી પૂરે છે.

નગરરક્ષકો જેમ જનતાને ચેતવવા આલબેલ પોકારે છે, ત્હેમ ક્રાન્તિના ઝંડાધારીઓ હરપળે જનતાને ચેતવવા ત્હેની પરિસ્થિતિનો ખ્યાલ આપી પ્રગતિના રાહનો નિર્દેષ કરે છે. આવા ઝંડાધારીઓ સ્હામે જનતાના ભોગે સ્વાર્થ સાધતા, સમાજના ભોગે પોતાનું વર્ચસ્વ સ્થાપતા અને ધર્મના ઢાલ નીચે અનેક કુકર્મો દ્વારા સમાજને ચુંસતા કેટલાક માંધાતાઓ કોલાહલ મચાવી મૂકે છે. પોતાની સત્તા, લાગવગ અને લક્ષ્મીના જોરે લોકોને ઉંધા પાટા બંધાવવા કમર કસે છે, અનેક જાતની ગુલબાંગો ઉડાવી જનતાને ભડકાવી મૂકે છે; ધર્મ અને સમાજ રસાતળમાં પહોંચી જતાં હોય તેમ કાકારોળ મચાવે છે અને બને ત્યાં સુધી સત્ય સ્વરૂપને ઢાંકવા પોતાના બધા સાધનોનો ઉપયોગ કરી લે છે પણ ત્હેમાં જ્યારે પૂરેપૂરી નિષ્ફળતા સાંપડે છે ત્યારે તે ક્રાન્તિના ઝંડાધારીઓના ચરણ ચૂમે છે, ત્હેને શરણે જાય છે.

ઇ૦ સ૦ પૂર્વે પાંચસદી પહેલાંની—એ વાત છે કે જ્યારે બ્રાહ્મણોએ ધર્મના નામે ખૂબ અત્યાચારો આદર્યા, સમાજના ભોળપણનો લાભ લઈ સ્વાર્થશાસ્ત્રોની રચના કરી, યજ્ઞયાગદિના નામે પોતાની લોલુપતાને પોષવા લાગ્યા અને ચોતરફ—માનવભક્ષીઓનું જ સામ્રાજ્ય છવાયું ત્યારે એક ક્રાન્તિકાર પાકયો. ત્હેણે એ બ્રાહ્મણોના જુલ્મો સામે પોકાર કર્યો. જનતાના દૃષ્ટિવિભ્રમનો પડદો દૂર કર્યો, અને માનવધર્મની સાચી પ્રરૂપણા કરી. બ્રાહ્મણોએ તે સ્હામે જબ્બર આંદોલન મચાવ્યું પરંતુ એ મહાપુરૂષ ન ડગ્યો. તે તો આગે કદમ કરતો જ ગયો. ત્હેને ડગલે ડગલે માનવ સાગર ઉલટયો. બ્રાહ્મણોની સત્તાના પાયા ડગમગી ગયા. ત્હેમણે જ્યારે એમ જોયું કે હવે આપણે માટે કોઈ સ્થાન જ નથી ત્યારે એ મહાપુરૂષનું શરણું શોધ્યું. ક્રાન્તિની ચીનગારીઓમાં પોતાના કુકર્મોની રજકણોને ભસ્મ કરી સાચા માનવ બન્યા. એક જ ક્રાંતિના અવધૂતે આખા સમાજની કાયા પલટ કરી, અંધશ્રદ્ધા આપોઆપ નષ્ટ થઇ. સમાજને નૂતન દૃષ્ટિ મળી.

ક્રાન્તિકારોનો વિજય તો અચૂક હોય છે, કારણ કે ત્હેને જવાનું કશું જ હોતું નથી. ત્હેની પ્રવૃત્તિમાં કેવળ લોક કલ્યાણનો જ આશય હોય છે. ત્હેની નિઃસ્વાર્થતા જ ત્હેને મહત્તા અપાવે છે. તે ભલે બહુજ અલ્પ સંખ્યામાં હોય પણ જો તે સાચો ક્રાન્તિકાર હોય, નિઃસ્વાર્થવૃત્તિથી ક્રાન્તિનો ઝંડાધારી હોય તો ત્હેની સફળતામાં શંકાને સ્થાન જ ન હોય.

જૈન સમાજ આજે ખુબ ચૂસાઇ રહ્યો છે. ત્હેનું હીર હણાઇ ગયું છે. ન્યાત પટેલો, નગરશેઠો, ધર્મગુરૂઓ અને શ્રીમંતોના લોખંડી પ્રહારોથી ત્હેની બેહાલ દશા થઇ ગઈ છે. યુવકોએ સમાજને બચાવવાના સપથ લીધા છે. આજે સમાજમાં જે અંધાધુંધી પ્રવૃતિ રહી છે. ત્હેનું કારણ એ સ્થાપિત હિતો અને નવશકિતનું ઘર્ષણ થઇ રહ્યું છે તે છે. ક્રાન્તિ માટે રસ્તો સાફ થઇ રહ્યો છે, નગરશેઠો અને ધર્મગુરૂઓનો યુગ ખતમ થયો છે. આમ જનતામાં આજે એક છેડાથી બીજા છેડા સુધી આ બંને શકિતઓ સ્હામે ખુબ અસંતોષ પેદા થયો છે. પરંતુ વર્ષો સુધી જ્હેણે સત્તાનો કેફ મહાણ્યો છે, એ સત્તાને ટકાવી રાખવા મરણીયા પ્રયત્નો કરે એ સ્વાભાવિક છે. માનવી પ્રકૃતિમાં સત્તાનો શોખ હોય છે, તે જ્હેના હાથમાં હોય તે છોડવા તૈયાર ન થાય એ દેખીતી વાત છે. પરંતુ યુગબળ કે જે ક્રાન્તિના ઝંડાધારીઓ પોતાના વિચારોનાં આંદોલનો દ્વારા ઉત્પન્ન કરે છે તે સત્તા છોડવા ફરજ પાડે છે. ત્હેવા સત્તાધારીઓના હાથમાંથી સત્તાની લગામ સરકાવી આમ જનતાના હાથમાં મૂકે છે. આજે અનેક સૂરિસમ્રાટો અને નગરશેઠો પદભ્રષ્ટ થાય છે એ તેનો પૂરાવો છે.

આજના યુવકો એ ક્રાન્તિના ઝંડાધારીઓ છે. ત્હેમના નિઃસ્વાર્થ આત્મભોગથી સમાજમાં કોઇ નવું જ જોમ પેદા થયું છે. એ જોમ જ સમાજના તમામ અનિષ્ટ તત્ત્વોનો નાશ કરશે.

# સુ ❖ સ ❖ વા ❖ તા ❖ વા ❖ ચ ❖ રા.

**હવે ?**

કબ્જે થયેલા પાટનગર અમદાવાદમાં અઢારસો જૈનોએ પ્રિતિ ભોજન કરી જૂનવાણીનો મૃત્યુદિન અને નવવિચારણાનો વિધિસરનો જન્મદિન ઉજવ્યો. આવડા સમુહમાં હિંદભરમાં છેલ્લાં સૈકામાં આ પ્રકારની નથી તો લડત મંડાઇ કે નથી આવડા સમુહમાં એવી સફળતાની ઉજવણી થઈ. આ પ્રસંગ ધાર્મિક કે સામાજીક દૃષ્ટિએ હિંદમાં પ્હેલો મનાશે.

અલબત્ નવા ધર્મના ફેલાવા વેળાએ પ્રજાએ આટલો રસ લીધાના દાખલા છે. બ્રહ્મસમાજ કે આર્યસમાજના ઉદ્ભવ વેળાએ આટલી જ ધમાચકડીઓ થઇ હતી. પરંતુ એ તમામ નવા વાદનાં વાદળ હતા. એ નવો ધર્મ—નવિ દિશાનાં પ્રચાર કાર્યો હતાં.

આ તો છે સ્વધર્મની જ વિકૃતિઓ સુધારવાનો પ્રસંગ. અને એ દૃષ્ટિએ આ પ્રસંગ આજ લગી અપૂર્વ રહ્યો છે.

ઠરાવોની દૃષ્ટિએ સાવ સામાન્ય અને વિવેચનોની દૃષ્ટિએ સાવ કંગાલ એવી પરિષદ્ એના પ્રમુખના ભાષણને કારણે અમર થઇ રહી. જે પ્રશ્નો ચર્ચતાં એનાં ચર્ચનારને સહજ સંકોચાવું પડતું અને નજીકના મિત્રો જ 'લોકવિરોધ'ની લાલબત્તી ધરી રહેતાં એ જ પ્રશ્નો આજે ચલણી સિક્કા જહેટલા સરળ બન્યા છે.

ધાર્મિક ને સમાજસુધારનો પ્રશ્ન આજે ગામેગામનો બન્યો છે. મ્હોટા મ્હોટા ગામોથી માંડીને ચાર ચાર ઘરની જૈન વસ્તીવાળા ગામોમાંય—અલબત્ત સોસાયટીના પ્રતાપે—આજે સુધારો ઇચ્છતો મ્હોટો કે ન્હાનો પક્ષ છે જ. છે.

આ આખી જાગૃતિ પ્રાસંગિક કે તાત્કાળીક ઉષ્ણતાનો વિષય ન બની રહે એ વાત પરિષદ્ના કાર્યવાહકોએ હવે વિચારવી રહી છે.

બરાબર ત્રણ માસ થશે. પરિષદ્ ભરાયાંને અને ખાસ અધિવેશન ભરવાનું પણ નક્કિ થઇ ચુકયું છે. આજની જાગૃતિને સંગીન સ્વરૂપ આપવાની દૃષ્ટિએ પરિષદના ખાસ અધિવેશનને અમે આવકારીએ છીએ.

આ ગયા તે ત્રણ માસમાં અમદાવાદની સિદ્ધી લડત પર સૌ કાર્યકર્તાઓનું લક્ષ્ય કેન્દ્રિત બન્યુ હતું અને એને કારણે પરિષદ્નું ખુદનું જ કામ સહજ વિલંબે પડયું હતુ. આજે એ લડત જીતાઇ ગઈ છે. એટલે પરિષદ્ના કાર્યવાહકોએ અધિવેશન લગીના ત્રણ મહિનામાં ગઇ પરિષદે સ્વીકારેલું રચનાત્મક કાર્ય અને આવતા અધિવેશનનું પ્રચારકાર્ય કરવાના કામે લાગી જવું જોઇએ.

પરિષદે કેટલીક પેટા સમીતિઓ પણ નીમી હતી. એ સમીતિઓ પણ એમનું કાર્ય હવે ઉકેલી નાખે અને કો—ઓપરેટીવ બેન્ક ઇ૦ ની સમીતિઓ ખાસ અધિવેશન પ્રસંગે યોજનાઓ રજુ કરવાની તૈયારીમાં રોકાઈ જાય.

પરંતું સૌથી મહત્વનું કામ તો પચ્ચાસ મંડળોને પરિષદ્ સાથે સંકલવાનું. પરિષદ્ ત્યહારે જ સફળ બની શકે. પરિષદ્નું કાર્ય તો જ સફળ થઇ શકે. એની પાછળ ખર્ચાતો પૈસો તો જ ઉપયોગી નિવડે.

મંડળો જોડાવાની વાત વખતે અમને આજના ઉત્સાહની એક માર્ગ ભૂલ પર લક્ષ્ય ખેંચવાની જરૂર લાગે છે. શ્રી પરમાનંદભાઇને આમંત્રીને સાથ આપવા ઇચ્છતાં મંડળો, શ્રી. પરમાનંદભાઇના ભાષણ પરત્વે સાથ જાહેર કરતાં મંડળો હજુ લગી પરિષદ્ સાથે કાં સંકળાતા નથી ? શ્રી. પરમાનંદભાઇ આપણા માનના અધિકારી છે એ બરાબર છે. પરંતુ એમણેજ કહ્યું હતું ત્હેમ વ્યકિત પૂજામાં પડી જઇને પ્રવૃત્તિના ધ્યેયને આપણે નહિ ભૂલવું જોઇએ. આ વાત બરાબર છે ? એ બરાબર હોય તો આજના સમયે કોઇ પણ યુવક મંડળોએ પરિષદ્ સાથે સંકળાઇ જવામાં વિલંબ નહિ કરવો જોઇએ.

પરિષદ્ના કાર્યવાહકો સફરે નિકળે તો આજની જાગૃતિ આ પચ્ચાસ મંડળોની સંખ્યાને બેવડી નાખે એમ લાગે છે. અધિવેશન વખતે અમદાવાદની પરિષદ્ના નિમાયલા કાર્યવાહકોએ એમના કરેલા કાર્યને બતાવવું જ જોઇશે. પરિષદ તો જ મજબુત પ્રતિનિધિત્વવાળી થશે. અને અધિવેશનની જહેમત સાર્થક થશે.

ઉત્સાહપૂર્વક આપણે મથી રહી જૈન આલમ સત્તરમાં સૈકામાં છે તે માત્ર એકજ વર્ષમાં ઓગણીસમાં સૈકામાં આવી જશે. 'ધાતુ ગરમ છે, હથોડામારોને મુનાસબ ઘાટ મેળવી શકશો' આ લુહારનું વાકય, લુંહાર જહેટલી જ મજુરી કરી આપણે સીદ્ધ કરી શકીએ.

**સાદડીના યુવાનોને.**

સાદડી (મારવાડ)માં જયારથી શ્રી લબ્ધિસૂરિજીએ પ્રવેશ કર્યો છે ત્યારથી એક કે બીજી રીતે યુવકોને હેરાન. કરવામાં કંઇ બાકી રાખી નથી, ત્યાંનાં શુભચિંતક જૈન સમાજના પ્રમુખ અને સેક્રેટરીઓને સંઘબ્હાર કરવા માટે ખૂબ ધમપછાડા કર્યા પરંતુ સાદડીના સંઘની સમજદારીથી એ બાબતમાં ફાવ્યા નહિ, એટલે રાજ્યમાં લાગવગ લગાડીને પણ યુવકોને દબાવવા પ્રયત્ન કર્યો અને ત્યાં પણ ત્હેમને નિષ્ફળતા મળી હોય તેમ જણાય છે. આમ શ્રી લબ્ધિસૂરિજી ચાહે તેટલી ધમાલ કરે પણ ત્હેમની સ્હામે જે મોરચા મંડાયા છે, ત્હેમની સ્હામે એ ટકી શકવાના જ નથી, અમે યુવકોને પણ સૂચવીએ છીએ કે તેઓ શાંતિપૂર્વક આગે કદમ ચાલુ જ રાખે અને પોતાના સિધ્ધાંતોમાં મકકમ રહી સાધુશાહી અને સંઘશાહી સ્હામે વિનયપૂર્વક સ્હામનો કરે. અને ત્હેમ કરતાં ચાહે તેટલી આફતો આવે તો ત્હેને હસ્તે મોઢે સહન કરે. અમે અનેક વખત કહ્યું છે કે સુધારકોનો રાહ કદિ સાફ હોતો જ નથી; ત્હેને તો કંઇક ખાડા ટેકરા વટાવવાના જ હોય છે સાદડીના યુવાન બંધુઓ પણ આજ માર્ગે આગળ વધે એ જ અભ્યર્થના.

**પર્યુષણ પર્વ.**

આ સાલમાં પર્યુષણ માટે ખૂબ મતભેદ ઉભો થયો છે. કેવળ તપાગચ્છ શિવાય દરેક ગચ્છોએ શ્રાવણ વદી ૧૩ ના દિવસથી પ્રથમ ભાદ્રપદ સુદિ પાંચમ સુધી પર્યુષણ ઉજવ્યાં છે. તપાગચ્છમાં પ્રથમ ભાદ્રપદ વદી ૧૩ થી ઉજવાશે પરંતુ ત્હેમાં પણ શ્રી રામવીજયજી અને ત્હેમની માન્યતાવાળાઓએ બારસને અઠ્ઠાઇધર ગણેલ છે, અને બીજા ભાદરવા સુદી પેલી ચોથને દિવસે સંવત્સરી કરશે. અને બીજાઓ તેરસના અઠ્ઠાઇધર ઉજવી. બીજી ચોથે સંવત્સરીપર્વ ઉજવશે, આપણે એ બાબત, જોડે નિસ્બત નથી. જે રીતે તેમની ઇચ્છા થાય એ રીતે ઉજવે. પણ પર્યુષણ શાંતિથી પસાર થાય એ જોવાની આશા નિરાશામાં ફેરવાઇ ગઈ છે. સાધુઓનાં મમત્વ આ રીતે સમાજમાં ભાગલા પડાવે ને માથાં ફોડાવે એ સ્થિતી હવે વધુ વાર નહી ટકવા દેવી જોઇએ.

# ચિન્તન

રામાયણ એ ભારતીય પ્રાચીન કથા સાહિત્યમાં એક મોટો અને મહત્વનો ગ્રંથ ગણાય છે. એમાં નીચે મુજબ એક ઘટના બની હોવાનું લખેલું છે.

શ્રી રામચંદ્રે ભગવતી સીતાની શોધમાં જ્યારે પંચવટીથી પ્રસ્થાન કર્યું ત્યારે તેમને રસ્તામાં વાનરોના સેનાપતિ હનુમાનનો આકસ્મિક ભેટો થઇ ગયો; અને હનુમાન, તેના સાથીદારો અને વાનરસેનાની સ્હાયથી સીતાને રાક્ષસોના પાસમાથી મુકત કરી શ્રી રામ આદિ અયોધ્યા પાછા ફર્યા. ત્યાં હનુમાન તરફની અપ્રતિમ પ્રીતિના ચિન્હ તરીકે તેમને એક મોતીની માળા ભેટ આપવામાં આવી. હનુમાને એ માળાના પ્રત્યેક મોતીને તોડી તોડી નિહાળ્યું અને ફેંકી દીધું. આમ કરવાથી તે વખતે ઉપસ્થિત સભ્યોને જે શંકા થયેલી તે આજે પણ થાય. અને કોઇ બબડે કેઃ “વાનર સ્વભાવ ખરોને ?” પણ એ અનુમાન ઉતાવળું ગણાય. કારણ કે હનુમાનનો જવાબ એ હતો કેઃ “જે ચીજમાં મને રામ ન દેખાય તે ચીજ મને ન ખપે.” શ્રી રામ તરફની આ અદ્વિતીય ભકિતથી તેઓ ધન્યવાદને પાત્ર બન્યા.

❖ ❖ ❖ ❖

મેસર્સ શ્રીકાંત અને મોદી કંપનીએ થોડાં અઠવાડીયાં પહેલાં ભાંગવાડીમાં ભરાયેલી એક સભામાં જે વચનપુષ્પો (?) વેર્યાં છે. તેમાં નીચેના શબ્દો પણ જડી આવે છેઃ

“અમારે સ્વરાજ્ય ફવરાજ્ય ન જોઇએ. અમારૂં સ્વરાજ્ય મોક્ષ છે.” વાત સાવ સાચી જણાય છે. શાસન પ્રેમી બંધુઓનો મોક્ષ શ્રી રામસૂરિની કૃપાદ્દષ્ટિમાં રહેલો હોઇ તેમના મોક્ષની આડે આવવાની કોઇનેય જરૂર ન જ હોય. કારણ કે પ્રત્યેક હિન્દના હિતના અર્થે જે ‘રાજ્ય’ની મહાત્માજી માગણી કરી રહ્યા છે. તે ‘રામ-રાજ્યની સાથે સત્યયુગ ગણાતા સમયમાં થયેલા શ્રીરામચંદ્રનું નામ જોડાએલું છે. નહી કે વર્તમાન કળીયુગના શ્રીરામસૂરિનું. અને શ્રી રામસૂરિના ચુસ્ત ઉપાસક તરીકે જે ચીજની સાથે તેઓનું નામ જોડાએલું હોય તેવી ચીજને હાથ લગાડે અગર તેના ઉપભોગની ઇચ્છા રાખે તો સ્વાભાવિકજ ‘રામભકિત’માં એટલી ઉણુપ ગણાય. એટલે કે જૈન જનતાએ ‘શાસનપ્રેમી પક્ષ’નો પ્રધાન સૂર રજુ કરતા શબ્દોને અવગણવા જેવા નથી. બલ્કે એ શબ્દોચ્ચાર માટે તો એ બંધવ બેલડીને જાહેરમાં ધન્યવાદ અપાવો ઘટે !

❖ ❖ ❖ ❖

આ વિશાળ જગતમાં જે વિવિધ પ્રજાઓ વસે છે. તેમાં જો આપણે ગણીએ તો કમનસીબ ગણી શકાય તેવી એક પ્રજાનો સમાવેશ થાય છે. અને એ ‘યહુદી’ એ નામે ઓળખાય છે. એ પ્રજાનો મોટો ભાગ કેવળ ‘આર્થિક મોક્ષ’માં જ માનતો હોઇ ધનપ્રાપ્ત કરવામાં અને તેને સંગ્રહ કરવામાં જ રચીપચી રહે છે. (અલબત જેની ઇતિહાસે નોંધ લીધી છે એવા વિદ્વાનો પણ એ પ્રજામાં હશે–છે.) અને એમનું આ વારસાગત લક્ષણ ‘સ્વાતંત્ર્ય’ ચાહતી પ્રત્યેક પ્રજાને મન ‘દુષણ’રૂપ થઈ પડવાથી એમને જગતના પ્રત્યેક ભાગમાંથી જાકારો મળી રહ્યો છે. અને આજે તો આલમભરમાં એ લોકો ‘વતન વિનાના યહુદીઓ’ નામે પ્રસિદ્ધ બન્યા છે. એમની સ્હામે ચાલુ રહેલી જેહાદથી અકળાએલા એ યહુદીઓની દયા ખાઇને કે બીજા કોઇ કારણે તેમને પેલેસ્ટાઈન નામના પ્રદેશમાં–તેમને કોઈ પજવે નહી તેવી બાંહેધરી સાથે વસવાની પરવાનગી આપણી શાહી સરકારે આપી છે. તેઓ ત્યાં ઠરી ઠામ થાય તે પહેલાં જ પેલેસ્ટાઇનવાસી આરબોએ તેમની હસ્તી સ્હામે અવાજ ઉઠાવ્યોઃ જેહાદ પોકારી. વર્તમાનપત્રોદ્વારા મળતા સમાચારોઉપરથી સ્હમજાય છે, કેઃ ‘આરબો યહુદીઓને’ સ્વાતંત્ર્ય પ્રાપ્તિના માર્ગમાં કાંટા સમાન ગણે છે.’ તે ગમે તે હો. પણ એ કમનશીબ ‘વતનવિનાના યહુદીઓ’ હજુય વતનવિનાનાજ રહ્યા છે !

❖ ❖ ❖ ❖

આ દેશમાં રહેવા છતાં, અહિંના હવા પાણી અને અન્નથી પોષાવા છતાં, અહીંઆ જન્મેલા ભગવાન મહાવીરના પૂજક હોવા છતાં, અને અહીંના જ વાતાવરણમાં રચાએલા ધર્મગ્રન્થોમાંથી પ્રેરણા મેળવવાનો દાવો રાખતા હોવા છતાં. આપણા ‘શાસનપ્રેમી’ બંધુઓને આ દેશની મુકિતની જરૂર નથી લાગતી. તેમને તો તેમણે માનેલું ‘મોક્ષનું સ્વરાજ્ય’ જોઇએ છે. સંભવ છે, કેઃ આ ‘મનોદશા’નો અતિરેક થતાં ભવિષ્યમાં ‘વતન વિનાના યહુદીઓ’ ની માફક તેઓ સ્થાન વિનાના ‘શાસન પ્રેમીઓ’નું નામ પ્રાપ્ત કરે ખરા ? અને આજની જનતાનું તો ઠીક છે. પણ આવતી કાલની પ્રજા કદાચ આ મહાનુભાવો (?) ની આ મનોદશા ઉપરથી અને આવી ‘મનોદશા’ ધરાવનાર વર્ગના હાથે કેવાં કામ થઇ શકે તેની ‘કલ્પના કરી આ બંધુઓને કદાચ ‘રાષ્ટ્રદ્રોહી’ માનવા પ્રેરાય તો ના ન કહેવાય ! અને જો વાત આગળ વધે તો સંભવ છે, કેઃ એ વર્ગની ઇચ્છા હોય કે ન હોય તો પણ તેમને શ્રીરામસૂરિ કે તેમની ગેરહાજરીમાં તેમના કો પદધરની આગેવાની નીચે ‘મોક્ષપ્રદેશ’ તરફ કૂચ કરવી પડે ખરી ! ચિંતા માત્ર એટલી જ કે ત્યાંપણ ‘સ્વાતંત્ર્ય’ પ્રેમી તેમને ભેટી જાય તો ‘ધર્મ’ નામના સુંદર શબ્દનો આશ્રય અને બાંહેધરી હોવા છતાં કદાચ તેમને ત્યાંથી પણ વગર પ્રવેશે પાછા ફરવાની ફરજ પડે ! અને તો તો પુરાણોમાં પ્રસિધ્ધ ત્રિશંકુરાજાએ વસાવેલા ત્રિશંકુપ્રદેશમાં વસવાની ઇચ્છા કરવી પડે. પરંતુ પ્રશ્ન ઉભો થાય છે કેઃ પૃથ્વીપટ પરથી સ્થાન ભ્રષ્ટ થયેલા અને મોક્ષના દ્વારેથી પાછા ફરેલાને ત્રિશંકુ સંગ્રહે ખરો ?

અને ત્યારે તો માત્ર એકજ માર્ગ બાકી રહેઃ અને તે તેમને લાયક કોઇ પ્રદેશ શોધી લેવાનો. આને માટે તેમણે અત્યારથી નિષ્ણાતોની એક કમીટી નીમી તે દ્વારા પોતાને વસવા લાયકભૂમિની તપાસ શરૂ કરી દેવી. અને કદાચ આજ વધારે ઉચિત માર્ગ છે. કારણ કે ‘યહુદીઓ’ની માફક ચારે તરફથી “જાકારો’ વાળવો તેના કરતાં અગમચેતી વાપરી પાણી પહેલાં પાળ બાંધવી એજ ઠીક છે. વણિક બુધ્ધિ હંમેશા આગળ હોય છે. અને પાણી પહેલાં “પાળ બાંધવાની તેમની કુદરતી વૃત્તિ હોય છે.

# ભીતરના ભડકા

જે ધર્મમાં, ધાર્મિક ને સામાજીક બંધારણમાં નાના મોટાનો ભેદ નહિ. ઉંચનીચના પ્રકાર નહિ, સ્ત્રી ને પુરૂષ સરખા હકકના અધિકારી, જેમાં વર્ણાશ્રમ જેવી વસ્તુ જ નહિ. જેમાં અહિંસા સત્ય, સહનશીલતા, ત્યાગ, સેવા, નિર્ભયતા, તપ ને પરોપકારના ઉચ્ચ સિદ્ધાંતો, એવો જૈન ધર્મ એક વખત જગતમાં વિશ્વધર્મ તરીકે ઓળખાતો. એનું સાહિત્ય જગતના સાહિત્યમાં આજે પણ સમૃદ્ધ અને વિશિષ્ટ ગણાય છે. જ્યારે જગતમાં ધર્મના નામે ઘોર હિંસા થતી, ત્યારે એ જ ધર્મે વિશ્વને અહિંસાનો પાઠ ભણાવી હિંસા ઉપર વિજય મેળવ્યો. જ્યારે ઉચ્ચનીચના ભેદ ગણતા, વર્ણાશ્રમની દીવાલોના રખેવાળો કડકાઈથી એની રક્ષા કરતા, ત્યારે એ જ ધર્મે ઉચ્ચનીચના ભેદને ભૂલાવ્યા. વર્ણાશ્રમની દીવાલોને જમીનદોસ્ત કરી રખેવાળોને પોતાના કરી લીધા. એને એનું ક્ષેત્ર વિશાળ બનાવી જગતના સર્વમનુષ્યોના ઉદ્ધારનું બીડું ઝડપી સૌને પાંખમાં લીધાં. અને એ દર્શનની મહત્તા સિદ્ધ કરી.

એના અનુયાયીઓમાં અનેકે દેશની રક્ષા માટે બલિદાનો દીધાં છે, અનેકે ધનના ભંડારો દેશના ચરણે ધર્યા છે. અનેકે પ્રાણીમાત્રની સેવામાં કોઠારો ખાલી કર્યા છે. શિલ્પને સાહિત્ય પાછળ ધનના ઢગલા કર્યા છે. રાજ્ય ચલાવ્યાં છે. હુન્નર ઉદ્યોગ ખેડી દેશને સમૃદ્ધ બનાવ્યો છે. અનેક સાહસો ખેડ્યાં છે. સમર્થ વિદ્વાનો પેદા કર્યા છે. ને મુગ્ધ કરે તેવા અનેક ગ્રંથો જગતને ચરણે ધર્યા છે. એ ભૂતકાળનો ઇતિહાસ.

જૈનોનો ભૂતકાળ એટલે સુવર્ણ, સાહસ, સમૃદ્ધિ, દાનાઇ, શુરતા, મુત્સદ્દીગીરી આમ દરેક રીતે ઉન્નતિનો ઉજ્જવળ યુગ ગણાય.

એ સમયનાં પાનાં ઉકેલતાં ને આજનાં સમય તરફ નજર કરતાં કયા જૈનના અંતરમાં ગમગીની લાગ્યા વિના રહેશે?

આજની સ્થિતિમાં ગામેગામ, શહેરે શહેર ને ઘરેઘર કંકાસની હોળીઓ સળગતી દેખાશે. શરીરે હાડકાના માળા જેવા માયકાંગલા લાગશે. મરણ પ્રમાણ ભયંકર દેખાશે. સામાજીક લોહી પીતા રીવાજોથી ઠેરઠેર બેહાલી નજરે પડશે. જ્ઞાનપરબોની જગ્યાએ અજ્ઞાનના અંધારા થર નિહાળવા મળશે. ધર્મના નામે ચરી ખાતા સાધુઓની પેશકદમીથી, ધર્મના નામે ચાલતાં અનેક ધતિંગોથી, જર્જરીત દશા દેખાશે. વ્હેમ અને રૂઢીઓના પંજામાં જકડાએલી જણાશે. બેકારી ને ગરીબાઇથી કંગાલીયતતા નિહાળાશે. જ્ઞાતિઓ, તડો, ઘોળો, વાડાઓ, ગચ્છો ને મતમતાંતરોથી છિન્નભિન્ન સ્થિતિમાં સપડાયેલી જણાશે, સ્ત્રી પુરૂષના ભેદ ઉભા કરી પાંગળી બનેલી દેખાશે. હુન્નર ઉદ્યોગ ને સાહસિક વેપારી જીવન છોડી દઇ સટ્ટાની જાળમાં સપડાએલી લાગશે. બાહ્યક્રિયામાં જ સંતોષ પકડી અંતર આત્માને ઠગતી દેખાશે. સાચા સંતોના બદલે મોટા ભાગે કલેશોત્પાદક પાખંડીઓના જ ભેટા થશે, આ રીતે અનેક રોગો ને તોફાનોમાં સમાજ મરણ પથારીએ પડયો છે.

આ વિનાશક પરિસ્થિતિનાં મૂળ વીશમી સદીમાં જ નખાયાં કે પહેલાં તે તપાસીએ:–

ગુર્જર નરેશ કુમારપાળ સુધીનો જૈન ઇતિહાસ સોળે કળાએ ખીલેલા સૂર્ય જેવો સુવર્ણયુગ. એ યુગમાં થયેલ અનેક મહર્ષિઓ (આચાર્યો)માં આત્મકલ્યાણની સાધનાય કરતા ને જૈન સમાજને એ રસ્તે વાળવા દેશકાળને અનુસરી ઉપદેશ કરતા, પ્રસંગ આવે રાજસભામાં જઈ રાજ્યની વિચારણામાં ભાગ લેતા, સંકટ સમયે આખાય સંઘને એક સ્થળેથી બીજે સ્થળે લઇ જતા, રાજકુમારોને આશ્રય આપતા, સમાજના નવલોહિયામાં વીરતા ને જૈન દર્શનના રસ સીંચતા, સમાજની ઉન્નતિમાં ખડે પગે ઉભા રહેતા, સાહિત્યમાં વિપુલ વધારો કરતા, સમાજ, દેશ ને ધર્મનાં હિત હૈડે રાખી ફરતા, ક્યાં એ યુગના મહાત્માઓ અને આજના વામન સાધુઓ?

એ યુગના શ્રાવકો પણ રાજકારભારમાં મહત્વનો ભાગ લેતાં, ને અગ્રસ્થાન ભોગવતા. વેપાર વણજ ખેડતા, દરિઆ ડોળતા, દેશ અને સમાજની સેવામાં જ સાર્થકતા સમજતા, બીન બદલે છુટે હાથે નાણું ખરચતા. દુઃખીઆના બેલી ગણાતા. ધર્મગુરૂ હોય, રાજસત્તા હોય કે ગમે તેની જોરાવર સત્તા હોય છતાં નિર્ભય રીતે સાચે સાચી વાત સુણાવી શકતા ને સમાજનું સુકાન અણનમ રાખતા. એટલે જ એ યુગને સુવર્ણયુગ કહેવાય છે,

એ મહર્ષિઓ ગયા, વિમળ, મુંજાલ, ઉદયન, વસ્તુપાળ, તેજપાળ, આભુ ને જગડુ ગયા ને અંધારીયો–પડતીનો યુગ બેઠો. જેઓ સંઘના ધોરી ગણાતા, સુકાની ગણાતા તેઓ મુળ વસ્તુને બાજુએ મૂકી ફોતરાં માટે લડાઇમાં ઉતર્યા, જૈનદર્શનના પ્રચારના બદલે હુંસાતુંસી શરૂ થઇ, વર્ણભેદના, નીચઉંચના ભેદભાવ ઘુસ્યા, વિશાળતાને બદલે સંકુચિતતાએ પગપેસારો કર્યો. જૈન સમાજમાં થતો વધારો અટકયો. અનેક કુળો ને જાતિઓની જાતિઓ જૈનદર્શન છોડી અન્યદર્શનમાં ભળવા માંડી, સોળમી સદીના બે કરોડ જૈનો સાધુઓના કંકાસે, સંકુચિતતાના ભયંકર પાપે ઘટવા જ માંડયા. છતાં ઝઘડાની પાછળ ઘેલા બનેલાઓ સમાજની પડતી તરફ ધ્યાન ન આપતાં ચોથ–પાંચમના, દિગંબર–શ્વેતાંબરના, ઇરિયાવહિયાનાં, પાંચ અને છ કલ્યાણના, ત્રણ અને ચાર થુઇના, મુહપત્તિ બાંધવી કે ન બાંધવાના, સ્થાનકવાસી ને દેરાવાસીના, કેવળીને ઇરિયાવહિયાની ક્રિયા લાગે કે નહિ, એલચી સચિત્ત કે અચિત્ત, સાધુ વસ્ત્ર સફેદ પહેરે કે રંગીન, આ પ્રમાણે વિધિમાર્ગના મતભેદે ભયંકરરૂપ પકડયું. નિર્ભય શ્રાવકોના અભાવે, શેઠો ને પટેલો સૌ સૌના ચોતરો કાયમી કરવા મહોરાં બન્યાં, સમાજનું બળ તૂટતુંજ ગયું. એની લીલીવાડી ખેદાનમેદાન થવા લાગી. છતાં મોવડી કહેવાતા આગેવાનોના ચક્ષુઓ ન જ ઉઘડયાં. માલવગરની બાબતોએ ગંભીરરૂપ લીધું. ગચ્છના ઝઘડાઓ, પદવીની મારામારીઓ ને બાહ્ય ધમાલે સમાજ તૂટતી જ ગઇ. છતાં સમાજના જૈનદર્શનના હિત ખાતર એ ઝઘડાઓને તિલાંજલિ આપવાને બદલે એક બીજાને ઉત્સૂત્રપ્રરૂપક, મિથ્યાત્વી, નરકગામી, ગધેડા, મૂર્ખાનંદો વિગેરે અનેક તુચ્છ શબ્દોમાં ગાળગલીચો દેવાઈ. એક બીજાએ નોખા ચોતરા જમાવી સમાજને બેહાલ કરી.

# સ્વીકાર અને સમાલોચના

**શ્રી નિત્યસ્મરણ માલિકા:**—સંગ્રાહક રાધનપુરનીવાસી શ્રી ચીમનલાલ શ્રીચંદ શાહ અને પ્રકાશક શ્રી મનસુખલાલ હીરાલાલ લાલન ધનજી સ્ટ્રીટ મુંબઇ નં. ૩ મૂલ્ય અમૂલ્ય.

આપણા સમાજમાં 'સ્મરણો' માટે ખુબ માન છે, રૂઢિચુસ્તો કે સુધારકો બંનેની દૃષ્ટિએ 'સ્મરણો' ખુબ ઉપયોગી છે, આમ તો સ્મરણોની અનેક પુસ્તિકાઓ બહાર પડે છે. પરંતુ આ સ્મરણ માલિકામાં વિશેષતા ત્રણ ઇંચ લાંબી અને બે ઇંચ પહોળી હોઈ ગમે ત્યાં સ્હેલાઈથી મૂકી શકાય છે. છપાઈ પણ બહુજ સુંદર અને પાકા પુંઠાં ઉપર સોનેરી અક્ષરો ગમે ત્હેને ગમી જાય તેવાં છે. શ્રી ચીમનલાલ શ્રીચંદે ત્હેમના સ્વ. ધર્મપત્ની શ્રીમતી રંભા બ્હેનના સ્મરણાર્થે આ પુસ્તકનો ત્હમામ ખર્ચ આપેલ છે.

**આચારાંગ સૂત્ર:**—અનુવાદક શતાવધાની પં. શ્રી સૌભાગ્યચંદ્ર મહારાજ પ્રકાશક:—લક્ષ્મીચંદ ઝવેરચંદ સંઘવી. મંત્રી શ્રી મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર માણેકચોક અમદાવાદ મૂલ્ય એક રૂપીયો ૧—૦—૦ અભિપ્રાય હવે પછી.

**સમ્રાટ કાવ્યમાળા:** પ્રકાશક કિંકરદાસ ઉર્ફે પોપટલાલ પરસોતમ શાહ પતાસાનીપોળ નવી પોળ અમદાવાદ. આમાં શ્રી શાંતિસૂરિના ગુણગાન હોઇ ત્હેમના ભકતોને ઉપયોગી છે.

**શ્રી સિધ્ધક્ષેત્ર જૈનશ્રાવિકાશ્રમ:**—પાલીતાણાનો સંવત ૧૯૮૯ અને ૯૦ ની સાલનો રિપોર્ટ મળ્યો છે.

શ્રી સિદ્ધક્ષેત્ર જૈનશ્રાવિકાશ્રમ:—પાલીતાણા મકાનની ઉંદઘાટન ક્રિયા સમારંભનો રિપોર્ટ આ બંને રિપોર્ટોનું અવલોકન અવકાશે આવશે.

## શ્રી જૈન યુવક પરિષદની સ્થાયી સમિતિની બેઠક.

તા. ૬—૯—૩૬ ના રોજ અમદાવાદ ખાતે ઉપર્યુકત સમિતિની બેઠક શ્રી પરમાનંદ કાપડીયાના પ્રમુખપદે મળી હતી. નીચેનું કામકાજ સર્વાનુમતે થયું હતું. પ્રમુખ સ્થાનેથી સુધરેલા બંધારણનો ખરડો રજુ કરવામાં આવ્યો જે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

કાર્યવાહક સમિતિને ઓછામાં ઓછી રૂ. ૨૦૦ સુધી ખર્ચ કરવાની સત્તા આપવામાં આવી. વિશેષ ખર્ચ માટે સમિતિની મંજુરી મેળવવી પડશે. સ્થાયી સમિતિ દરવર્ષે એક વાર્ષિક સભા બોલાવશે. જે વખતે આખા વર્ષ દરમ્યાન થયેલા કામકાજનો વૃતાંત તેમજ આવક જાવકનો હિસાબ તેમજ સરવૈયા રજુ કરશે. અનેનવા વર્ષનું : અંદાજ પત્ર પણ મંજુરી માટે રજુ કરશે. અને જ્યારે સ્થાયી સમિતિની નવી ચુંટણી થવાની હોય ત્યારે અંદાજ પત્ર નવિ સમિતિ નકકી કરશે.

પરિષદની ચાલુ કાર્યવાહીના ખર્ચને પહોંચી વળવા માટે ફંડ ઉઘરાવવાની સત્તા મંત્રીઓને આપવામાં આવશે.

**ખાસ અધિવેશનને બહાલી:**—

કાર્ય વાહક સમિતિએ ડીસેંબરની આસપાસ યુવક પરિષદનું ખાસ અધિવેશન ભરવાનો જે ઠરાવ કર્યો છે. તેને આ સમિતિ બહાલી આપે છે.

**યુવક સંઘોની સ્થાપના:**—

યુવક સંઘોની સ્થાપના માટે જુદા જુદા ગ્રહસ્થોની વિભાગવાર ચુંટણી કરવામાં આવી.

**દુષ્કાળ અંગે કર્તવ્ય:**—

આવતું વર્ષ દુષ્કાળ પડે એવો સંભવ લાગે છે તો તે સંયોગોમાં જ્યાં જ્યાં મહાસભા સમિતિ તરફથી અથવા પ્રજાકીય કોઈ સંસ્થા તરફથી દુષ્કાળને અંગે રાહત આપવાની પ્રવૃતિ ઉપાડવામાં આવે ત્યાં ત્યાં સ્થાનિક યુવક સંઘોને તે પ્રવૃતિને બને તેટલો સહકાર આપવાની ખાસ ભલામણ કરવામાં આવે છે.

**પર્યુષણ વ્યાખ્યાનમાળા:**—શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ગોઠવેલ પર્યુષણ વ્યાખ્યાનમાળાનો જનતા ખૂબ લાભ લઇ રહી છે. રોજબરોજ અવનવું સાંભળવા મળતું હોવાથી હીરાબાગનો હોલ ચીકાર રહે છે. ઉભું રહેવાની પણ જગ્યા મળતી નથી, સ્ત્રીઓ પણ આ વ્યાખ્યાનમાળામાં ઠીક રસ લઇ રહી છે.

## "આવતો અંક વી. પી."

**આવતા અંકથી દરેક ગ્રાહકો ઉપર વી. પી. કરવામાં આવશે. એટલે જેમને ગ્રાહક તરીકે ન રહેવું હોય ત્હેમણે મહેરબાની કરીને લખી જણાવવું કે જેથી પોસ્ટ ખર્ચમાં ન ઉતરવું પડે**

**"વ્યવસ્થાપક"**

સમાજના બળને એકત્ર કરવાને બદલે જુદા જુદા ચોતરા જમાવી તેને મજબુત કરવા અને પોતાની મહત્તાઓની પીપુડીઓ બજાવવામાં તેઓ મહત્તા સમજ્યા. બીજી બાજુ સમાજ ઉપર ચારેકોરથી મારો શરૂ થઈ ગયો હતો. એની ધાર્મિક રહેણીકરણીમાં પણ અન્ય દર્શનીઓના ઓળા ઉતરવા માંડયા. અનેક જાતની નકલો થઇ. અને ધર્મના નામે વિધિવિધાનમાં અનેક નવા ચીલા પડયા. છતાં કહેવાતા અગ્રણીયો મૌન જ રહ્યા. એટલું જ નહિ પણ તેમણે ચાલતું હતું તેમ ચાલવા દીધું એમ કહેવું પડશે.

સાધુ સંસ્થામાં પેઠેલી શિથિલતા, હુંસાતુંસી, બાહ્ય આડંબર ને માન અકરામના વળગેલા ભૂતે એમની પણ પાયમાલી કરી. છતાં એમ કહેવું પડશે કે: એ પડતીના યુગમાં—અંધારીયા યુગમાં પણ કોઇ કોઇ તારલા ચમકયા છે.

પતનના પડઘમ ચારે બાજુ બાજવાં લાગ્યાં. આખરે શ્રી. સત્યવિજય પંન્યાસ નામના સમર્થ મહાત્મા બહાર આવ્યા ને દેશ કાળને અનુસરી ૪૮૦ બાબતોમાં સુધારા કરી સાધુ સંસ્થાને ઉભી કરી. થોડાંક વર્ષો જૈન સમાજે શાંતિ નિહાળી, છતાંય વિધિવિધાનના ઝઘડા કોઇ કોઈ સ્થળે ઝબુકીઓ કરતા ને મોટેરાં સમય સૂચકતા વાપરી પતાવી દેતા. એટલે એ ભારેલા અગ્નિના ભડકા થતા નહીં.

# અમદાવાદમાં પ્રીતિભોજન અને........

અમદાવાદથી સમાચાર આવ્યા જ કરતા હતા, 'પ્રીતિ ભોજનમાં ઓછા માણસો ભાગ લે તે માટે સત્તા, અધિકાર અને લાગવગનો ઉપયોગ થઇ રહ્યો છે,' 'સ્વામિવાત્સલ્યો અને પૂજાઓમાં લોકોને રોકી દઇ પ્રીતિભોજનમાંની માનવ સંખ્યા ઘટાડવાની યોજનાઓ પણ વિચરાઇ રહી છે.' 'શ્રી પરમાનંદ આવે ત્હારે કાળા વાવટાઓ ફરકાવવા માટેના વાવટાઓ તૈયાર થઇ ગયા છે. 'પોલીસને આ પ્રીતિભોજન થશે તો ઝઘડા કે મારામારી થશે એમ સમજાવી પ્રિતિભોજન અટકાવવાની વિનંતી કરવા અમારા અમુક તમુક શેઠો ગયા હતા.

આ અફવાઓ કુતુહળ પ્રેરતી હતી, અને શ્રી પરમાનંદભાઇની સાથે જ હું અમદાવાદ જવા ઉપડયો. મહેમદાવાદમાં ખેડાના નગરશેઠ, ખેડા વર્તમાનના તંત્રી અને બીજા સજ્જનો તરફથી શ્રી. પરમાનંદભાઇનું સ્વાગત થયું અને મોટરે અમદાવાદનો રસ્તો લીધો.

કળાજોગી શ્રી રવિભાઇ રાવળના બંગલે પરમાનંદભાઇનો ઉતારો રખાયો. થોડીક તૈયારી કરીને હું ગામમાં લટાર મારવા નિકળ્યો.

કાંઇક અવનવું થવાનું હોય ત્હેમ ગામમાં ઉત્સાહ ને ગભરાટ બન્ને હતા, જૈન અને જૈનેતરો બસ એનીજ ચર્ચા કરી રહ્યાં હતાં. કઇંક અફવા આવતી હતી અને કેટલાંકને બનાવી અસ્ત થતી હતી.

રૂઢીચુસ્તો મુછોમાં હસતા હતા. એ માનતા હતા કે આ નાટક નિષ્ફળ જવાનું છે. પણ પાંચસો પંદરસો, સાતસો, સતરસો, અઢારસો. અધધધ. રા. નેમવિજય ગભરાયા. નગરશેઠના શેઠાઇની ચિતા પર આકાશમાંથી વાદળાં છંટકાવ કરી રહ્યાં. કડીઆઓ છુપાઇ ગયા. તૈયારીઓ ખલાસ થઇ ગઇ.

ત્રણ વાગ્યા......ને ઘણા પગલાં વાડી તરફ વળવા માંડયા. પાઘડીઓ ને ટોપીઓ ને સાડીઓ કોઇ સુંદર દ્રષ્ય રજુ કરતા હતાં. સાડા ચારે શ્રી કાપડીઆ આવ્યા. 'વંદે માતરમ્'ના જયઘોષ થી એમને સૌએ વધાવ્યા. સૌ સરસ રીતે ગાદી તથા પાથરણ પર ગોઠવાયા. પૂર્ણ શાંતિ અને અજબ વ્યવસ્થા મુગ્ધ કરી રહી હતી. શ્રી કીંકરદાસના સ્વાગત્ ગીત પછી શ્રી. કાપડીયાએ સૌનો આભાર માન્યા પછી કહ્યું, બે માસ પ્હેલાંના અમદાવાદના જૈન યુવાનોમાં હું ઘણો ફેરફાર જોઈ શકું છું. પરિષદ પેલાનું વાતાવરણ અને વિચારનો મુકાબલો કરતાં મ્હને આસ્માન જમીનનો ફેર આજે ત્હમારામાં જણાય છે. સંઘના ઠરાવનો આટલી મોટી સંખ્યામાં ત્હમે પ્રતિકાર કરો છો તે બદલ હું ત્હમને ધન્યવાદ આપું છું. કવિની કલ્પનામાં ન આવે એવું દશ્ય નિહાળતાં આજે મ્હારૂં દિલ હર્ષથી ભરાય છે. નવા યુગના ઉદયની મ્હારી આગાહીઓ આજે સાચી પડતી જોઈ મ્હને આનંદ થાય છે.

જાણીતી સંસ્થાઓ જાણીતા સાધુઓ અને નેતાઓ તરફથી આપણી ચળવળ પ્રત્યે સહાનુભૂતિ બતાવવામાં આવ છે એનો અર્થ એ છે કે નવે ચીલે ચાલવાની આપણી તૈયારીઓ છે.

શ્રી. મેઘાણીનું 'શેખી મકર' વાળું ગીત ગાઇને શ્રી. કાપડીઆએ કહ્યું, 'સામાજીક ક્ષેત્રમાં આપણે નાનું બારડોલી રચતા હોઇએ એમ હું માનું છું. સંઘની આપખુદ સત્તા સામે આંખમીંચામણાં કરવાં યુવકોને પાલવે નહિ એ આપણે બતાવી આપ્યું છે. સામાજીક ઉત્થાન શી રીતે થઇ શકે એનો આ દાખલો છે. વ્યક્તિઓને ગૌણ સમજી આપણે ધ્યેયને જ નજર સમક્ષ રાખવું જોઇએ. સમાજના મોટા ભાગને આપણી તરફ ત્યારેજ ખેંચી શકીએ કે જ્યારે આપણા વાણી અને જીવન પર સંયમ હોય, વડીલોની સેવા કરવાનો ધર્મ છે છતાં આપણું વર્તન તો આપણી બુદ્ધિ અનુસાર હોવું જોઇએ. નમતું તોલનાર કદિ કંઇ કરી શકતો નથી.' અંતમાં યુવક સંઘને મજબુત બનાવવાનું કહી એમણે ભાષણ પુરૂં કર્યું હતું.

શ્રી. ધીરજલાલ શાહે પ્રીતિભોજન સમીતિ તરફથી વિવેચન કર્યું હતું. પછી ભોજનકાર્ય ચાલ્યું. શ્રી. ફુલચંદ દોશીની દેખરેખ હેઠળ ચીમનલાલ નગીનદાસ વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓએ પીરસવાની સેવા બજાવી હતી.

સોમવારે તો શ્રી પરમાનંદભાઇને જુદી જુદી પોળો તરફથી સત્કારવાનાં આમંત્રણો મળ્યાં. ઝવેરીવાડ સેવાસમાજે તો રીગલ થીયેટરમાં જાણીતા મહાસભાવાદી શ્રી. મોરારજી દેસાઇના પ્રમુખપદે શ્રી. પરમાનંદનો સત્કાર કર્યો. પછી પેલા લઠ્ઠાજીની નાગજી ભુદર પોળમાં શ્રી. શકરાભાઇએ જમણ આપ્યું. એ જમણ લેતી વેળા એક સીત્તેર વર્ષના વૃદ્ધ માતા શ્રી પરમાનંદને મળવા આવ્યાં અને સમાજની આજની મનોદશા માટે દિલગીરી જાહેર કરી. આવાં વૃદ્ધ ડોશીના દર્શને હું પાવન થયો. ત્હાંથી અહિંની જૈન યુવક પ્રવૃત્તિના કેન્દ્રસ્થાન શા જ્યોતિકાર્યાલયમાં, હવેલીની પોળમાં પરિષદ્‌ના સ્વાગત્ મંત્રી કેશવલાલભાઇને ત્હાં, વાઘણ પોળમાં શ્રી જયંતીલાલને ત્હાં, શ્રી શાન્તિલાલ ભગતને ત્હાં, યુવકોનો પ્રેમ ઝીલી શ્રી મુળચંદ આશારામ વૈરાટીની મીઠી મહેમાનગતીની મોજ માણી શ્રી પરમાનંદભાઇએ સ્ટેશનની વાટ લીધી.

જુવનોના હર્ષનાદ વચ્ચે ટ્રેન ઉપડી. હું પથારીમાં પડયો અને પોળે પોળે એ કુતુહળ પ્રેર્યાં નરનારો શ્રી પરમાનંદને ઓળખવા આવતાં તે દ્રશ્યો તાજા કરવા લાગ્યો.

અમદાવાદની સંઘસભાના ફારસ ને સંઘનો ઠરાવ કહેવડાવતા ને માનતા માનવોનાં પડળ ખોલતો આ પ્રસંગ એની શેઠાઇનું દફન થયું એટલા માટે અમદાવાદ જ નહિ પણ જુવાનીના પરચા તરીકે હિંદના જૈન સંઘો કોતરી રાખશે.

આવા અપુર્વ પ્રસંગના સર્જન માટે અમદાવાદના નવજવાન દોસ્તોને હું મુબારક બાદી આપુ છું

**ગોડીજીમાં ગુંડાગીરી:**—આજે શ્રી રામચંદ્રસૂરિએ ધાર્મિક પોઇઝનના ઇંજેકશન આપી કેટલાક ગુંડાઓને ગોડીજી મહારાજના ઉપાશ્રયમાં કલ્પધરનો દિવસ બળજબરીથી મનાવવા અને દેવસૂર સંઘના ઠરાવને ઠોકરે ઉડાવવા મોકલ્યા હતા, ત્હેમણે અનેક નિર્દોષ માણસોનાં માથાં ફોડી ઉપાશ્રયને પાણીપતના મેદાનના રૂપમાં ફેરવી નાંખ્યો છે, ખરી વાત તો એ છે કે આવા તોફાની સાધુઓને ઉપાશ્રયની બહાર કાઢી ઉપાશ્રયે તાળાં લગાવી દેવાં જોઇએ. સમાજના રક્ષણ અર્થે ટ્રસ્ટીઓએ આટલું કાર્ય તો જરૂર કરવું જોઇએ.

8



# ચા....બુ....ક.

'મ્હેતાજી !' શેઠ કહેતા હતા 'બે પૈસાવાળી એક કોરી ચોપડી લઈ આવજો. અને આપણી સંવત્સરી રવિવારની છે એટલે અગાઉથી 'મિચ્છામિ દુકકડમ્' આવે તે જમે કરી રાખજો જેથી બીજે દિવસે ઉધારવાનું ભૂલાય નહિ.'

❖ ❖ ❖

'અમદાવાદમાં પ્રિતિભોજન શાંતિથી થયું. કડીયા ગુમ થયલા લાગતા હતા'—એક મિત્રનો પત્ર કહે છે.

મિત્રે ભૂલ સુધારવી ઘટે છે. 'શ્રી ચીમનલાલ કડીયા 'કાઉસગ્ગ લઇ બેઠા હતા. અને આકાશના દેવોને આ **અધર્મ અટકાવવા** 'આવ્હાહન' કરતા હતા.' એવા સમાચાર બીજા મિત્રે મોકલ્યા છે.

❖ ❖ ❖

'સુરતમાં સભા મળી હતી—અમદાવાદના સંઘ પ્રત્યે 'સહાનુભુતી દર્શાવવા.'

જરા વીરશાસન જાહેર કરશે કે અમદાવાદના સંઘને ક્ય્હાં ઘા પડયો છે ? તો અમેય 'સહાનુભુતી'ની સભા ભરવાનો **વિચાર** કરીએ.

❖ ❖ ❖

સુરતની એ જ સભામાં કહેવાતા અમીચંદ ગોવિંદજી બી. એ. એલ. એલ. બી. એ 'કહેવાતી' જૈનોની મીટીંગને **ગેરકાયદેસર** જાહેર કરતો ઠરાવ મૂકયો હતો.

'ગેરકાયદેસર'નો શબ્દાર્થ આ વકિલ સાહેબ જહેટલો જલ્દી જાણી લેશે એટલો એમના અસિલોને ફાયદો થશે.

❖ ❖ ❖

શ્રી. સ્વર્ગના દેવતાઓની મળેલી સામાન્ય સભાએ ત્હમને સભાના સભ્ય તરીકે સ્વીકાર્યા છે એથી ત્હમને સંતોષ થશે. આ **નવાજેશ** ત્હમને 'શ્રી પરમાનંદના ભાષણની '**તટસ્થ** સમીક્ષા' વીરશાસનમાં નીચે મુજબ કર્યા બદલ કરવામાં આવી છે.'

'એની કલ્પેલી કુટિલ પ્રગતિને આત્મભાનથી અતિરિકત પૂર્વભવ અને પુનર્જન્મથી પરવારી બેઠેલા પરમફંદી પરમાનંદની માત્ર વિલાસને વધારનારી, દુર્ગતિના દુર્ગ ડુંગરોમાં પડાવનારી, સ્વાદે મીઠી અને પરિણામે ક્રુર પરિણામને લાવનારી, મધુલિપ્ત તલવાર જેવી અને ફલિતાર્થે નિર્બળતાની જંજીરોમાં જડાવનારી.'...ઇ૦...

આવી જ 'તટસ્થ' પ્રવૃત્તિ ચાલુ રાખશો તો સ્વર્ગની કાર્યવાહિ **સમીતિમાં ચૂંટાવાનો** ત્હમને હકક મળશે.

માફ કરજો, જનકવિજયજી ! ત્હમારા ઉપરનો પત્ર ટપાલીની ભૂલથી મ્હારે ત્યહાં આવ્યો તે વંચાઇ ગયો. 'મિચ્છામિ દુક્કડમ્' હો મુનિવર !

❖ ❖ ❖

'કા. જૈ. યુવક પરિષદ્દના કાર્યકરોને: ધ્યેય સ્પષ્ટ કરો ! વીર-શાશનમાં કોઇ સી. જે. શાહ ફરમાવે છે.

શ્રી પરમાનંદ કાપડીયાને પ્રમુખ બનાવ્યા પછીય આ પ્રશ્ન પુછવાનો સી. જે. શાહને બાકી રહ્યો હોય તો એમણે 'અકલકરા'ના અખતરા કરવા ઘટે છે.

'અમદાવાદના પ્રીતિભોજનને કોઇ સી. એમ. શાહ 'પ્રેતભોજન' કહે છે.

અમદાવાદની જુનવાણીના મૃત્યુ પછી જુવાનો એ ભોજન જમ્યા હતા. અને મૃત્યુ પછીના ભોજનને 'પ્રેતભોજન' કહેનારા દોસ્ત સી. એમ. શાહ ! ત્હમારી સત્યતા બદલ ત્હમને ધન્યવાદ ઘટે છે.'

❖ ❖ ❖

'પ્રચારના ફાંસલા' એક લેખમાં શ્રી. કપાસી સ્હમજાવે છે.'

અમે એમનો એ હકક સ્વીકારીએ છીએ. એમનો અવતાર અને શ્વાસોચ્છ્વાસ એ હકિકત પૂરવાર કરે છે.

❖ ❖ ❖

પરિવર્તન ને પવન કોઇનેય છોડે છે . તે 'વીરશાસન'ને છોડે ?

એનો દેહ બદલાઇ ગયો છે. 'સવિ જીવ કરૂં શાસનરસિ' વાળો મુદ્રાલેખ અદૃશ્ય થયો છે. અને 'કલહ ઉત્પાળું શાશનમાં'ના નવા મુદ્રાલેખ સાથે વીરશાસનનાં સુશોભનો તૈયાર થઇ રહ્યાં છે.

❖ ❖ ❖

'બે ચાર પાંચ ઘરનાં ગામ'—'વીરશાસનની પોલ ખોલતાં 'જૈન જયોતિ' જણાવે છે.

ભલેને બીચારાં છાપાદ્વારા એમનું અસ્તિત્વ પુકારતાં રહે.

❖ ❖ ❖

શ્રી. પરમાનંદે પરાસ્ત કરેલા સમ્રાટ સ્હામે એના સિપેહસાલા-રોએ બળવો જગાવ્યો છે. એક તરફથી પગ દાબતા એમના શેઠી-આઓ ગેરહાજર જણાય છે. ત્યહારે રા. રામવિજય નામના એક સેનાપતિએ 'બારસ'ના બ્હાને સમ્રાટ પર ચઢાઈ કરી છે. આંતર વિખવાદથી સૈન્ય બે પક્ષોમાં વ્હેંચાઇ ગયું છે. અને મૂઢતા સર્વત્ર પ્રસરતી જાય છે.

અફસોસ ! બીજું શું ?

❖ ❖ ❖

એક પ્રશ્ન: મ્હારે છાપામાં નામ છપાવવું છે શું કરૂં ?

જવાબ: શ્રી. પરમાનંદને ગાળ દેતો એક લેખ લખ. અને વીરશાસન'ને મોકલ. તું અમર થઈ જઇશ ભાઇ !

❖ ❖ ❖

'શ્રી નેમવિજયના અનુયાયી સાધુઓએ પોતપોતાના સ્થાનકમાં સુધારા પ્રવૃત્તિ સ્હામે પ્રચાર કરવાના સંદેશા મોકલ્યા હતા'—એક **'ખબરપત્રી'**

'પરંતુ શ્રી. નેમવિજયની દશા જોયા પછી એનો અમલ કરવાની ઇચ્છા મોળી પડી ગઇ છે'—'એક **ગુપ્તચર**'

❖ ❖ ❖

'જૈન ને જૈનજયોતિ જુઠ્ઠાં; જન્મભૂમિ ને જયભારત ને મુંબઇ સમાચાર જુઠ્ઠાં—બધાં જુઠ્ઠાં જુઠ્ઠાં જુઠ્ઠાં.'

મેનીન જાંઇટીસ પછી આ કોઈ નવો રોગ તો નથી ઉત્પન્ન થયો ને ! અમદાવાદના ડોકટર વૈદો ! દોડો. આ હરિશ્ચન્દ્રના અવતારની મસ્તિષ્ક પરીક્ષા ત્હમારૂં જ્ઞાન વધારી મૂકશે.

**'ચાબુકેશ્વર'**

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

"તરૂણ જૈન"નો વધારો.　　કિંમત ૧ પૈસો.　　Regd. No. 3220.

# ધર્મ ઝનુન માનવીને શયતાનના રૂપમાં ફેરવી નાખે છે

## દેવસુરસંઘના ઠરાવનું પાલન કરાવવામાં ગોડીજીના ટ્રસ્ટીઓની નબળાઈ ?

### મંદિર અને ઉપાશ્રયોમાં લોહીનાં છાંટણાં.

**અનેકના માથાં ફુટયાં, અહિંસાના ઇજારદારોની અવદશા.**

(અમારા ખાસ પ્રતિનિધિ તરફથી)

**ધરપકડ અને છુટકારો, સાધુઓ મારામારીમાં ઉતર્યા.**

જૈન સમાજના પાંચ–છ આચાર્યોએ પ્રથમ ભાદરવા વદી ૧૩ થી જ પર્યુષણ શરૂ કરવાં એમ નિર્ણય કર્યો છે. પણ બારસે જ પર્યુષણ પર્વની શરૂઆત કરવી એવી મમતે ચડેલા, જૈન સમાજમાં બાળકોનાં હરણ કરી મુંડવામાં પાવરધા બની ચુકેલા રામવિજયે કલેશની હોળી ચેતવી છે. આત્મચિંતન કરવાનો આ પવિત્ર પ્રસંગ આજ એક કહેવાતા સાધુની હઠથી નિંદાનું સ્થાન પામ્યો છે. પોલિસના પહેરા તળે ધર્મનું સ્થાન મૂકાવા પામ્યું. આ બધું ધર્મના નામે ઇજારો લઇ બેઠેલા ઠેકદારોની પેશકદમીથી જ્યાં જ્યાં એ હઠવાદી જમાતના પડછાયાં હતાં ત્યાં ત્યાં તોફાન થશેના ભણકારા ચોમેરથી હવામાં ગુંજતા હતા, ને ! પરિણામે ચેતવા માટે પ્રથમ ભાદરવા વદી ૧૦ ના રોજ શ્રીદેવસુરસંઘની સભા ટ્રસ્ટીઓએ બોલાવી હતી. તેમાંય પ્રવિણ થઇ બેઠેલાઓએ પોત પ્રકાશ્યું ને ! તોફાન થયું, હવામાં ટોપીઓ ઉડી, કંઇકને વાગ્યું ને પ્રમુખને સંઘ બીજા દિવસ પર મુલતવી રાખવો પડયો હતો. આમ અગાઉના દિવસે બનેલા અણછાજતા દેખાવોથી ચેતી દેવસુર સંઘના ટ્રસ્ટીઓએ પ્ર. ભાદરવા વદી ૧૧ તા. ૧૧–૯–૩૬ના રોજ ફરી મળેલ સંઘની સભામાં ફકત તેના સભ્યોને જ દાખલ કરવામાં આવ્યા હતા. આ સભા રાત્રીના બે વાગ્યા લગી બંને બાજુ સાચવવાની ટ્રસ્ટીઓની નીતિએ એક પણ વસ્તુ પર નિર્ણય પર આવતાં ખુબ ડોળાઇ. અંતે અમારા બિરાદરોનાં માથાં નથી ફુટવા દેવાના મક્કમ નિર્ણયે શ્રી તલકચંદ કપાસી, શ્રી વલ્લભદાસ મહેતા વાળો ઠરાવ જેમાં:–"દેવસુરસંઘના ઉપાશ્રય વિગેરે ઠેકાણે તેરસથી જ પર્યુષણની આરાધના તેમ તેને લગતી જ ક્રિયાઓ કરવાની ટ્રસ્ટી સાહેબોએ પસાર થયેલ જણાવી" આ ઠરાવ થવાની તૈયારી લાગતાં આખા સંઘમાંથી ફકત દશથી બાર બારસીઆ વોકઆઉટનું તૂત ભજવી રવાના થઇ ચુકયા હતા, નરી બેવકુફાઇનું પ્રદર્શન કરતાં ટેલીફોનના ખોટા સંદેશા પણ કરવામાં આવ્યા હતા, આ બધી તોફાન ન થવા પામે તેવી કીલ્લેબંધી ખડી કરવા છતાં જેઓ મારામારી કરવામાં રચ્યાપચ્યા છે તેવા ધર્માન્ધોને એ પાલવે તેમ નહોતું ને !

દેવસુરસંઘના ઠરાવની ઉપરવટ થઇને રામજમાતના જોગીઓ ગોડીજીના ઉપાશ્રયે ત્રીજે દાદરે કાતરીયામાં પણ તેમણે પજુષણ વ્યાખ્યાન વાંચવું એવો એમના વડાનો (રામવિજયજી) હુકમ હતો એટલે આ બિચારા ચીઠ્ઠીના ચાકરોએ પજુષણ વ્યાખ્યાન ચાલુ રાખ્યું ને રામજી લાલબાગમાંથી ભકત શ્રોતાઓને ધકેલે રાખતા છેવટે બારસીયાઓનો કલ્પધર દિવસ આવ્યો. સવારમાં જ વ્યાખ્યાનની અંદર ઉછાણીની શરૂઆત થઇ. ટ્રસ્ટીઓને ચેતવ્યા પણ એમાંયે જેઓ રામજીના ભકત હતા. તેઓ કાન આડા હાથ કરી ચલાવ્યે રાખવા ઇચ્છતા હતા એટલે શરૂઆતથી કડક થવાને બદલે ઢીલાશ રાખવાથી બારસીયાઓને દબાવી શકયા નહિ. બીજી બાજુ દેવસુર સંઘના સભ્યોને એના સંઘે કરેલા ઠરાવની અવગણના દેખાઇ, ને થોડાક ભાઇઓએ ઉપર જઇ મહારાજને ચેતવ્યા કે–સાહેબો ! અમારા સંઘના ઠરાવની રૂએ તમારાથી અત્રે ઉછાણી થઇ શકશે નહિ. ધર્મધ્યાન કરો પણ ઉછાણી નહિ થઇ શકે.

બસ ! જેમ આગમાં ઘી હોમાય ને ભડકો થાય તેમ આકુળ વ્યાકુળ થયેલા બારસીઆ ઉશ્કેરાયા, બોલાચાલી ઉપરથી ગાળાગાળી ને મારામારી શરૂ થઇ. પજુષણ જેવા પર્વના ધાર્મિક દિવસોમાં ઉપાશ્રયને આંગણે શોણીતની હોળી ખેલાણી. અને અહિંસક જૈન સમાજના કપાળમાં કાળો ડાગ લાગ્યો અને સફેદ કપડાં લોહીથી છંટાયા.

આ બે પક્ષ વચ્ચે મારામારીયે ભયંકર રૂપ પકડયું. છત્રી, લાકડીઓ ને જોડાનો છુટા હાથે ઉપયોગ થયો, ચાકુ પણ ઉછળ્યા, કંઇકના માથાં કુટયાં. અનેકના કપાળે જોડાં અથડાયાં. આથી સારીયે સમાજમાં ખુબ ઉશ્કેરાટ ફેલાયો, દહેરા નીચે ઉશ્કેરાયેલામાં હજારો જૈનો એકત્ર થયા હતા. સહેજ તણખો પડતાં ભડકો

થવાની ધાસ્તી હતી. ત્યાં તો ચાર પાંચ ગોરા સારજન્ટો સાથે આઠ દશ પીળી પાઘડી આવી પહોંચી છતાં કેટલાંક ભકતો 'મારો મારો'ની બૂમ પાડતા ને જેમ આવે તેમ ગાળો પોકારતા.

પોલીસ આવી પહોચતાં જ પાંચ સાતને પકડી પાયધુની ગેટે લઇ જવામાં આવ્યા. ઘવાએલ જૈનોને તાત્કાળીક દવાખાને ખસેડવામાં આવ્યા.

### દહેરૂં ધોહીથી રંગાયું.

ઘરે અને ઉપાશ્રયે જોનાં ઘણે ઠેકાણે લોહીનાં છાંટણાં દેખાતાં; તેમ ખાદીની કફની અને ધોળી ટોપી ઉપર લોહીનાં છાંટણાં તો અંતરને ધ્રુજાવી નાખતાં.

ટ્રસ્ટીઓ એજ દિવસે બે ત્રણ વાર આવ્યા ને ગયા. છતાં તેમની નબળાઇને લીધે ચોકખે ચોકખું ન કહી શકવાથી બારસીયાઓ ન જ દબાયા. ને આખરે રાત્રે પણ સાડાબાર સુધી એવી જ ધાંધલ ચાલી.

જૈન જનતામાં એક દુરાગ્રહી અને મહત્વાકાંક્ષી માનવીની હઠે ગંભીર અશાંતિ આણી મૂકી હતી. બપોર પછી બજારોમાં, ઘરોમાં ઉશ્કેરાટ વધી જવા પામ્યો હતો ને રાત્રે માનવવૃંદનાં ટોળેટોળાં ગોડીજીના મંદિર નજીક એકઠાં થવા પામ્યાં હતાં. સૌને લાગતું કે સવારના બનાવથી દહીં દૂધમાં પગ રાખતા ટ્રસ્ટીઓ તોડ લાવશે. જેથી હિંસાના કટ્ટર શત્રુઓ જાહેરમાં છડે ચોક અહિંસાનું વિસ્મરણ કરી ન બેસે જેથી ધર્મને ઝાંખપ ન લાગે અને મહાન્ ધર્મની હાંસી થઇ ન ધારેલાં કૃત્યો ન બની બેસે આમ બધી આશા ટ્રસ્ટીઓના આખરી નિર્ણય પર અવલંબતી હતી. સૌ કોઇની ઇંતેજારી આઠવાગે મળનાર એમની સભાના નિર્ણય પર ઠરી ઠામ થઇ ચૂકી. આઠ, નવ વાગ્યા તો ફક્ત બે જ ટ્રસ્ટીઓ આવ્યા. લોકોને અંદર આવવા આગ્રહ કર્યો ને સૌ ગોડીજી મંદિરની ગાદી આગળ એકત્ર થયાં પછી શ્રી મોતીચંદ કાપડીયાએ કહ્યું કે: "હિંસક વાતાવરણોથી આપણી હાંસી થાય છે. આમ ટોળેટોળાં વળે ધર્મ લજવાય છે. તમે સૌ છુટા પડો. શાંતિથી તમારી વતી ટ્રસ્ટી સાહેબોની સભા આગળ મૂકવા તમારામાંથી દશેક જણને તૈયાર કરી મોકલો. આપણે મળી એનો તોડ કાઢીએ." એકત્ર થયેલાઓમાં કંઇક અશાન્તિનાં પૂર ઓસર્યાં, ઉશ્કેરાટ મટ્યો ને સૌ બહાર નીકળી સભાસદોનો પડ્યો રજુ કરી નિર્ણય કરવા દશ બિરાદરોને નિર્ણીત કરવા તરફ દોરાયા.

એક બાજુ આ વિધિ થઈ ત્યાં બીજી તરફ શ્રી કાપડીઆ પોતાની મોટરમાં ચાલી ગયા. બીજા ટ્રસ્ટી પાછલા દરવાજે પલાયન થઇ ગયા, તર્ક વિતર્કો થવા લાગ્યા ને દેવસુરસંઘના સભ્યોને લાગ્યું આ ચાલબાજી તો નથી રમાતી !" આમને આમ ચલાવી અમારા બિરાદરોના હજુ શું એ ટ્રસ્ટીઓને રકત રેડાવવાં છે ? શા માટે સંઘના ઠરાવનો અમલ નથી કરતા ? આ તો નિમેલા ટ્રસ્ટીઓને પોતાનો મોભો જાળવવાની ધૂનમાં અવગણના કરતાં માલિકો (?) આમ એકત્રીત મેદનીનું નાવ ચકડોળે ચડ્યું ને આગેવાન વિહોણી જનતા મુંઝવણમાં પડી. વખતનાં વ્હેણ વધતાં ગયાં ને માનવપૂર પાંચ હજાર ઉપર પહોંચ્યું. આમાંથી દેવસુર સંઘના પચ્ચાસ ઉપરાંત સભ્યો ઉપાશ્રયમાં મહારાજને સમજાવવા દોડી ગયા. ઉપર જુએ તો નિર્ણીત કરેલા સંથારાનાં સ્થાન પથરેલાં ખાલી હતાં અને સાધુઓ તેમ રોકેલા ધર્મઝનુની સાગ્રીતો એકત્ર સામનો કરવા ઉપરના કાતરીયામાં ભમાઇ તેઓ આવેલા લોકો સ્હામે ડંડાસણો, ઓઘાને ચરવળાની દાંડીઓનો છુટથી ઉપયોગ કરવા લાગ્યા. બૂમ પડી—મહારાજ મારે છે. એક બાજુ દંડાબાજી કરવા લાગ્યા અને બીજી તરફ ચોકકસ સાધુઓ ખૂન ખૂનની બૂમો મારવા લાગ્યા. ઉપાશ્રયમાં ચારે તરફ ઉશ્કેરાટ ફેલાયો ને અંધારામાં સામાન્ય અંધાધુંધી થવા પામી. ઉપર ગયેલામાં ત્રણ જણને મુંગો માર પડયો. એક બેને લોહી નીકળ્યાં ને ! ઉપાશ્રયની આત્મજ્યોત પ્રગટાવવાની ભૂમિ રકત શોણિત બની, બીજી તરફ મંદિરની બહાર ખૂબ ઉશ્કેરાટ હતો. ત્યાં તો, શ્રી મણિલાલ મોહનલાલ ઝવેરી, શ્રી જીવતલાલ પ્રતાપશી અને પાયધુની ચોકીપરથી સાત આઠ સારજન્ટો અને લાઠીધારી પોલીસો તથા છુપી પોલીસ આવી પહોંચી. બુટ—ચંપલ પહેરેલી પોલીસ સારજન્ટો ધર્મના સ્થાનકમાં ટ્રસ્ટીઓના કહેવાથી ઘુસ્યા. બીજી ગમ બહાર રહેલી પોલિસે આમ તેમ લાઠીના દાવ ખેલવા શરૂ કર્યા. રાતના સાડાબાર લગી ત્રણ ચાર વખત હળવો લાઠી ચાર્જ કર્યો. અને પરિણામે આઠ જણની ધરપકડ કરી. દેરાસરની લાઇટ બંધ કરવામાં આવી અને ચોતરફથી બંધ કરવામાં આવ્યું અને બહાર પોલીસરાજ્ય સ્થપાયું અને મંદિરની રખેવાળી પોલીસને સોંપાઈ. "ગોડીજી દહેરાસરના ટ્રસ્ટી ન હોવા છતાં જીવતલાલ પ્રતાપશી અંધેરીથી રાત્રીના દશવાગે આવી રાત્રીના સાડાબાર સુધી રોકાઇ છેવટે મોટરમાં ચાલ્યા ગયા." સારજન્ટો ચાલી ગયા. પણ જનતા મોડે લગી ખસવા નહોતી પામી.

જે નોટીસ પહેલી લગાડવાની જરૂર હતી તે આટલી આટલી ધાંધલ, ધમાલ ને મારામારીના પરિણામે તા. ૧૬—૯—૩૬ ના રહવારે બોર્ડ ઉપર ચોડવામાં આવી.

સંઘના ઠરાવનો અમલ કરવા અંગે ટ્રસ્ટીઓએ ક્ષમાવિજયને ત્રીજે માળે જવા વિજ્ઞપ્તિ કરી ત્યાં તેઓ ધાર્મિક ક્રિયાઓ કરે—કરાવે." શ્રી વિજયદેવસુર સંઘની બંને પાટો પર રવિવારથી પજુષણ પર્વની ગોઠવણ કરી છે. બંને પાટોપર ગુરૂવારે સુપનાં ઉતરશે. બીજે દિવસે તેમ બીજી કોઇ જગ્યાએ સુપનાં ઉતરશે નહિ. અને ઉછામણી થશે નહિ."

આ ધાંધલ ધમાલ અંગે એક બે પોલિસ કેસ થવાની પણ વાતો સંભળાય છે. અને જેઓની પોલીસે ધરપકડ કરેલી તેઓને તરત છોડી દેવામાં આવ્યા છે.

રામજીના જ્યાં પગલાં ત્યાં લોહીના છાંટણાં ન થાય. પોલીસપાર્ટી ન દેખાય તો રામજીનું નામ લાજે. ધન્ય રામજી ! ! !

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪—૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬—૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

નવયુગનાં આંદોલનો.

Regd No. 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક પાંચમો.
ગુરૂવાર તા. ૧-૧૦-૩૬.

## પ્રગતિના મંડાણ

ના, ના, હજીએ ઉષાકાળ ઉગ્યો
ના, ના, હજીએ નવ રાહ લીધો
સ્વપ્ને વિહરતો મનુ કો' હૃદય હું
યૌવન અનેરૂં નિષ્પ્રાણ ભાસ્યું.

વહેતું ખમીર જો કહીએ હૃદય તો
સ્હેતે કદી એ જુનવાણી વાતો
પણ એ વિતિ ના, ક્ષણ એ વિતિ ના,
યુવક હૃદયના તહીં જુથ જામ્યાં.

સ્વાતંત્ર્યવાણી તણું રાષ્ટ્ર મોજું
અલગું રહ્યું ના જૈનત્વ હૈયે
જ્યોતિ અનેરી પ્રગટી હૃદય જ્યાં
નિસ્તેજ ઝાંખા જન દંભ થાતાં.

જન વસ્ત્ર મેલું જર્જરિત પુરાણું
ફેંકી પરિધાન કરે નવું જયમ્
રૂઢી પુરાણા યુગ દુર્ગ ભેદી
નવયુગ આંદોલન એ જગાવે.

ધર્મી ગણાતા જન અંધ ઘેલા
મિથ્યાભિમાની વળી રૂઢી મેલા
પડઘા પડયા એ દીલમાં ઘડી જ્યાં
કંપ્યા અતિશે વજ્રપાત લાગ્યો.

રે ! રે ! બિચારા જન જાણતા શું
પલટે જમાનો જુગ જુગ જુનો
રવિ કાળ દિશા દિન ચક્ર ફરતાં
પલટે હૃદય તો નવ યુવકોનું.

મધુપુષ્પ લહેજત જન ચાખતા સહુ
કટુ વેણ કહેતા દૂર કેમ ભાગે ?
દિન દિન માનવ દુઃખ અશ્રુ ઘેર્યાં
કદી સત્ય શોધન જન એ તપાસે !

વેળા વિતિ ના હજી છે સમય હા !
ચેતો તમે ઓ ! જુનવાણી પૂજક !
વહેતા સમયના ફરતા પ્રવાહે
રૂઢી પુરાણા ક્રૂર બંધ તોડો.

પ્રગતિ તણા છે પૂર ધોધ એવા
રૂંધ્યા રૂંધાયે નહિ કામ કો' દિન
ક્ષણ વેગ એનો સ્પર્શ્યો હૃદય જ્યાં
દિનરાત મંથન મહિં એ ભીંજાયે.

"મંજુલકુમાર"

તરુણ જૈન.
તા. ૧-૧૦-૩૬

# નવયુગનાં આંદોલનો.

ગઇ કાલસુધી જુની પુરાણી રૂઢિની જંજીરોમાં જકડાયેલ સમાજ એ જંજીરોને તોડી આજે પ્રગતિના માર્ગને ઝંખી રહ્યો છે. અત્યાર સુધી 'એ' નાશકારક તત્ત્વોના ફાંસલામાં ફસાઇ, દરેક રીતે પોતાની અધોગતિ કરી રહ્યો હતો. આટઆટલું સાહિત્યપ્રકાશન, સંખ્યાબંધ સાધુઓ અને લાખો રૂપીયાની સખાવત છતાં સમાજ કેમ ઘસાઇ રહ્યો છે ? ત્હેનાં કારણો હવે શોધવા જવાં પડે તેમ નથી જ્હેની તરફ એ ઉન્નતિની આશા સેવતો હતો ત્હેમના તરફથી જ ત્હેનો અવરોધ થતો હતો. જ્હેમની શીતળ છાયામાં શાંતિ અને અધ્યાત્મિક જીવન ઇચ્છતો હતો ત્હેઓ આંતરકલહની આગ ફેલાવતા હતા.. નજીવા સિદ્ધાંત ભેદોને ખડા કરી આપસ આપસમાં લડી સમાજના દેહને જર્જરિત બનાવી રહ્યા હતા. અયોગ્ય દીક્ષા, દેવદ્રવ્ય, સ્ત્રી પુરૂષ સમાનતા વગેરે સામાજીક કાર્યોમાં ધર્મશાસ્ત્રોની આડઘરી માથું મારી રહ્યા હતા. ઉપરોક્ત પરિસ્થિતિને નિહાળી સમાજનો યુવાન આત્મા જાગૃત બન્યો. ત્હેને પ્રગતિમાન અન્ય સમાજનો ઇતિહાસ તપાસ્યો, પોતાના સમાજની પરિસ્થિતિની તુલના કરી અમુક માર્ગ નક્કી કરવાનો મનસુબો ઘડયો. પ્રથમ સાધુઓ તરફ ત્હેની દૃષ્ટિ ગઇ, પરંતુ તેઓમાંનો મોટો ભાગ આત્મસાધનના મૂળ ધ્યેયને ભૂલી ભક્તોના કુંડાળા જમાવી સદેહે પૂજાવાની ધમાલમાં પડયો હતો. અને ત્હેમ કરવામાં હરિફાઇ અને ઘર્ષણથી ત્યાગના તણખા ઝરી સમાજને દઝાડતા હતા. પવિત્ર અને નિઃસ્વાર્થી સાધુઓ જો ધારે તો જરૂર સામાજીક પ્રગતિ સાધી શકે. પણ તેવા નિર્મોહી, નિઃસ્વાર્થી અને પવિત્ર સાધુઓ લાવવા કયાંથી ? તે માટે દીક્ષા આપવાની પ્રણાલીકા તરફ યુવકોનું લક્ષ કેન્દ્રિત બન્યું. ત્હેમણે અયોગ્ય દીક્ષા સામે પડકાર કર્યો. અને જણાવ્યું કેઃ "આજનો સામાન્ય માણસ આવતી કાલે દીક્ષા લીધા પછી સારાયે સમાજનો પૂજ્ય બને છે, ત્હેનામાં કંઈ યોગ્યતા હોવી જોઇએ. જે આવે ત્હેને દીક્ષા આપી દેવામાં સમાજનું કલ્યાણ નથી," તે માટેનું પ્રચારકાર્ય કરી સમાજના આત્માને જાગૃત બનાવ્યો. દેશી સ્ટેટોમાં અયોગ્ય દીક્ષા ઉપર નિયમન મુકતા કાયદાઓ ઘડાવી આવી અયોગ્ય દીક્ષા લગભગ અશક્ય બનાવી દીધી. જુદા જુદા સ્થાનિક સંઘોમાં પણ એ જાતના કાયદા થયા. આમ પરિવારની ધૂનમાં મસ્ત બનેલા સાધુઓ યુવકો તરફ છંછેડાયા. ત્હેમણે તેમને અધર્મી, નાસ્તિક, અંગારા અને સાધુઓની જડ ઉખેડી નાખનારા તરીકે જાહેર કરી જનતામાં પ્રચાર કાર્ય આદર્યું પરંતુ જનતા સાવધાન હતી. યુવકોએ કદિ સાધુતાનો વિરોધ કર્યો જ નથી. સાચા સાધુઓને તો યુવકો વંદ્ય અને પૂજ્ય જ ગણે છે. એમ યુવકો તરફથી પરિસ્થિતિ સ્પષ્ટ હોવાથી ત્હેની અસર થઈ નહિ અને ત્હેમની તરફ સમાજનો અણગમો વધતો ચાલ્યો.

દેવદ્રવ્ય સંબંધી પણ સમાજમાં ખૂબ ઉહાપોહ થયો. લાખો અને કરોડો રૂપીઆ દેવદ્રવ્યના નામે આજે જમા પડયા છે, ત્હેનો ઉપયોગ સમાજની પ્રગતિ પાછળ ન કરતાં મીલોનાં ભૂંગળાં ચલાવવામાં, જગતના માનવીઓની કત્લેઆમ ચલાવતા યુદ્ધોની લોનોમાં અને સોનાચાંદીની પાટોના સટ્ટામાં થઈ રહ્યો છે. કોઈ કોઇ સ્થળે તો જાણે એ ટ્રસ્ટીઓની માલેકીનું દ્રવ્ય ન હોય ત્હેમ ચવાઇ જવાના પણ દાખલાઓ બન્યા છે. આ પરિસ્થિતિએ એ પ્રશ્નને સળગતો બનાવ્યો. યુવકોએ એ પરિસ્થિતિ સ્હામે જેહાદ પોકારી. સ્થાપિત હિતોવાળાની લાલઆંખ થઇ. છતાં યુવકો તો પોતાના ધ્યેયમાં આગળ વધતા ગયા. સામાન્ય જનસમુહ પણ સમજતો થયો કેઃ "આપણા વિતરાગ દેવને દ્રવ્ય સંભવી જ ન શકે અને દ્રવ્યની સંભાવના હોય તો તે વિતરાગ શાના ? કેવળ વ્યવહારને ખાતરજ આ શબ્દ અસ્તિત્વમાં આવ્યો લાગે છે. આ માન્યતાને અંગે ત્હેની આવકના સાધનો પાછળની કલ્પનાને ફેરવી નાંખવાનું જબ્બર આંદોલન મચ્યું. કેટલેક સ્થળે તે આવકનો અમુક હિસ્સો સાધારણ ખાતામાં કે જે સામાજીક પ્રત્યેક ક્ષેત્રમાં વાપરી શકાય છે. ત્હેમાં લઈ જવાનું નક્કી થયું. આમ આ પ્રશ્નને અંગે સફળતા મળી.

સ્ત્રી પુરૂષ સમાનતાને અંગે પણ જબ્બર તરખાટ મચ્યો. પુરૂષ સમાજે વર્ષોથી સ્ત્રીઓને વારસા હકકથી વંચિત રાખી હતી. લગ્ન જેવા અગત્યના પ્રશ્નમાં પણ ત્હેને પરાધીન બનાવવામાં આવી હતી. અને સ્ત્રી એ પુરૂષની માલેકીની જાણે વસ્તુ જ ન હોય તે જાતનું વર્તન ચલાવવામાં આવતું હતું. પુરૂષ ચાહે તેટલી વખત લગ્ન કરી શકે. પરંતુ સ્ત્રીને એ અધિકાર જરાયે ન્હોતો. યુવકોએ એ સ્થિતિ પલ્ટાવવાનો નિશ્ચય કર્યો અને સ્ત્રીપુરૂષ સમાનતાનો સિદ્ધાંત ઉપસ્થિત કર્યો. પુરૂષો જેટલા અધિકાર ભોગવે છે તેટલા જ અધિકારો સ્ત્રીઓને પણ મળવા જોઇએ. એ જાતનો દાવો સ્વીકાર્યો. છોકરાને વારસાહકક મળતો હોય તો છોકરીને પણ ત્હેમાંથી હિસ્સો મળવો જોઇએ. ફરજીયાત વૈધવ્ય પ્રથા સામે તિરસ્કાર દર્શાવાયો.

આમ નવયુગના આંદોલનોએ સમાજની જૂની પૂરાણી હાનિકારક રૂઢિઓને જમીનદોસ્ત કરી. નવયુગના મંડાણ મંડાયા. પર્યુષણ જેવા પવિત્ર તહેવારોમાં 'કલ્પસૂત્ર' સાંભળવામાં કલ્યાણ માનતા સમાજની ભાવનામાં ઉપરોક્ત આંદોલનોએ કેટલું પરિવર્તન આણી નાખ્યું છે એ હીરાબાગ અને સંવત્સરીને દિવસે ભાંગવાડીમાં મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ગોઠવાયેલ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં જમા થયેલ માનવ મેદિની જ્હેમણે જોઇહશે ત્હેમના ખ્યાલમાં આવ્યા વગર રહેશે નહિ. આજની સાધુશાહીને નવયુગના આંદોલનોનો ખુલ્લો સિદ્ધો પડકાર છે.

# ચિન્તન

પર્યુષણ પર્વનો છેલ્લો દિવસ–સંવત્સરી–એ જૈન સમાજમાં વ્યક્તિગત તેમજ સામુદાયિક રીતે મહાન્ ગણાય છે. કોઇપણ વ્યકિત પોતાના જીવનના પસાર થઈ ગયેલા ત્રણસોને પાંસઠ દિવસની, આત્મસાક્ષીએ પર્યાલોચના કરી જાણતાં અજાણતાં મન, વચન અને કાયા થકી થયેલા દુષ્કર્મો માટે અંતઃકરણપૂર્વક પશ્ચાતાપ કરી એ માર્ગેથી પાછા ફરવાનો, અને ફરી એ ભૂલ ન થાય તેના માટે નિશ્ચય કરે એ કેવી ભવ્ય ભાવના છે ! અને તેજ પ્રમાણે સામુદાયિક પ્રશ્નની વિચારણા થતી હોય તો ? તો એમ કહી શકાય કેઃ કેટલાય નકામા ઉપસ્થિત કરવામાં આવેલા મુદાઓ–પ્રશ્નોથી પેદા થયેલી આંતરકલેશની હોળીને ઠારવામાં એ વિચારણા શીતળ જળ બની રહે ખરી !

❖ ❖ ❖

મારી દૃષ્ટિએ આવી વિચારણા માટે ત્રણ પ્રશ્નો દેખાય છે. (૧) આચાર્ય પદવીઓ (૨) ભાઇ પરમાનંદનું ભાષણ અને (૩) પર્યુષણ કયારે કરવાં ? અને એ ત્રણે પ્રશ્નો સંબંધી વિચારવા યોગ્ય બાબતો અહિં રજુ કરૂં છું:

છેલ્લો પ્રશ્ન પહેલો લઇએ તો પ્રથમ એજ પ્રશ્ન ઉઠે છે, કે આજ સુધી ગમે તેમ બન્યું. પણ સાધુ સમ્મેલને આ સાર્વજનિક હીત અને ઉપયોગિતાની દૃષ્ટિએ મહત્વનો એવો 'જૈનપંચાંગ'નો પ્રશ્ન ઉકેલી નાખવાનો પ્રયત્ન શા માટે ન કરવો ? જૈનોની પરંપરા દૃષ્ટિને ધ્યાનમાં રાખી રચાયેલા એવા જ્યોતિષ વિષયક ગ્રન્થો ઉપલબ્ધ નથી એમ તો છે જ નહિ. અને થોડે યા વત્તે અંશે ઘણા ખરા સાધુઓ આ બાબતનું જ્ઞાન ધરાવતા હોય છે. એ જાણીતી વાત છે. એટલું જ નહિ પણ એવા સાધુઓ પણ મળી જ આવશે કે જેઓ એ વિદ્યામાં પોતે પારંગત હોવાનો દાવો કરતા હોય. તો આ પારંગતોની એક સમિતિદ્વારા જ્યોતિષ શાસ્ત્રને લગતા પ્રત્યેક પ્રશ્નોનો જૈનદૃષ્ટિએ નિર્ણય કરી નાખવામાં વાંધો પણ શો છે ? સમય છે, સાધન છે, શકિત છે, પછી પળભરનો પણ વિલંબ થાય એ કેવળ ભયંકર પ્રમાદ શિવાય બીજું છે પણ શું ?

એક બીજી વાત. પ્રમાણભૂત અને સર્વમાન્ય 'જૈન પંચાંગ' જ્યારે બહાર પડે ત્યારે ખરૂં, પણ જ્યાં સુધી એનું અસ્તિત્વ નથી ત્યાં સુધી ઉપસ્થિત થતા કોઇપણ વિવાદી પ્રશ્નની શાંત રીતે, પૂર્વગ્રહ વિનાની પરસ્પરની લખાવટીદ્વારા ઉકેલ નજ આવી શકે એમ હોય ખરૂં ? મ્હને તો આમાં પ્રત્યેક પક્ષે મહાન બનવાની–ગણાવાની ઠગારી મહાત્વાકાંક્ષાના જ દર્શન થાય છે. અને એ મહાત્વાકાંક્ષા જ આજની જુદી જુદી સાધુ છાવણીઓની જનક છે એમ માનવું જરાય અઘટિત નથી લાગતું.

❖ ❖ ❖

ભાઇ પરમાનંદનું ભાષણ તો માત્ર નિમિત્ત છે. કારણ કે આવો એકાદ 'ઘા' સુધારક વર્ગ ઉપર કરી લેવાની ઇચ્છા અને તૈયારી ઘણા સમયથી હતી પરંતુ પોતાના 'હઠાગ્રહથી' જ. જૈન જનતાના મોટા ભાગના હૃદયમાંથી પોતાનું સ્થાન ગુમાવી બેસનારે યોગ્ય સમયની રાહ જોવી એજ ઉચિત હતું. સમય આવ્યો, અને એ ભાષણમાં કો 'સૂરિસમ્રાટે' પોતાના સિંહાસનના પાયા ધ્રુજતા હોવાનું ભવિષ્ય વાંચ્યું. આંખના પલકારામાં 'જંગલમાં મંગલ કરી શકનાર' ગમે તેવા મોટા ગણાતા શ્રાવકો–પછી તે 'માણેકલાલો' હોય કે 'કસ્તુરભાઈઓ' હોયઃ ને 'નગરશેઠો' હોય કે 'સંઘપતિઓ' હોય તે સઘળાને પોતાની સમક્ષ બે હાથ જોડી ઉભેલા નિહાળવાને ટેવાયેલાઃ સદાય 'મત્થએણ વંદામિ' જેવા નમ્ર શબ્દોથી બહુમાન કરનારાઓ દ્વારા પોતાનું જ ધાર્યું કરાવવાને પેધેલાઃ એવા એ 'સમ્રાટ'નું લોહી ગરમ બની મગજ તરફ ધસવા લાગ્યું. 'શું કરૂં ?' 'કેવી રીતે એ છોકરાને ઠેકાણે લાવું ?' એજ વિચારો તેમના મગજમાં ઘૂમવા લાગ્યા. પેલા 'રાહ જોનારે' તક વિચારીઃ 'લોઢું ગરમ હોય ત્યારે જ હથોડા મારવાથી મનગમતો ઘાટ ઘડી શકાય છે.' એ વ્યવહારિક ભેદ નીતિને અમલમાં આણીઃ અને માર્ગ સૂચવ્યોઃ 'મૂકો સંઘ બહાર !' બસ થઇ ચુકયું. કટાએલું હથીઆર બ્હાર નીકળ્યુંઃ સરાણે ચઢાવ્યુંઃ અને અજમાવ્યુંઃ 'માનભિક્ષુ' અને 'તક સાધુ' બન્નેએ છકકડ ખાધી. હથીઆર બુઠું નીવડયું. અફસોસ!

જેના દીલમાં 'સમાજ ઉદ્ધાર'ની ધગશ હોય એવી કોઇપણ વ્યકિતના ભાષણમાં મધ જેવી મીઠાશ કયાંથી હોય ! છતાં એ ભાષણ પૂર્વગ્રહ સિવાય વાંચી જુઓઃ પછી થોડું વિચારી જુઓઃ કોઇને પણ સ્હમજાશે કે એ ભાષણમાં 'તાત્વિક કે વ્યવહારિક દૃષ્ટિએ કશું યે અધાર્મિક નથી.' માત્ર પેલી મહાત્વાકાંક્ષા રૂપી ઠગારી અહં ભાવનાએ અધાર્મિક રૂપ ધર્યું હતું એટલું જ, નહિતર એ 'સૂરિસમ્રાટે' શા માટે સુખલાલજીનો પડકાર ન ઝીલ્યો ? શા માટે એ ભાષણની પોતાની દૃષ્ટિએ પર્યાલોચના ન કરી ? ઘણાએ એ સૂરિસમ્રાટના જ્ઞાન ભંડારમાંના સુંદર શબ્દગુચ્છોથી શોભતો એકાદ લેખ વાંચવાની આશા રાખી હશે. પરંતુ પોતાના જુજવા રૂપધરી 'સાધુતા'ને ઢાંકી દેતી એ 'મહત્વકાંક્ષા'નું ભુત એમને છોડે ત્યારે ને ? મહાન ગણાતી વ્યકિતઓની આ પરવશ દશા તેમને 'વામન' બનાવે છે. એ એમને નથી સ્હમજાતું. એ એમના જીવનની ઓછી 'કરૂણતા' છે ?

❖ ❖ ❖

એક કલ્પના કરીએઃ આ વિશાળ જગતને પ્રકાશ આપતો એક જ સૂર્ય છે. પણ પ્રત્યેક વર્ષે એક એક એમ સૂર્યો વધતા જ જાય તો ? તો પ્રકાશનું પ્રમાણ વધતું જાય. પણ એ ઘણા સૂર્યોના તાપથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવથી માંડી માનવપ્રાણી પર્યંતનું કોઇ આ સૃષ્ટિ ઉપર હયાત રહી શકે ખરૂં ? અને જ્યારે એ સુર્યોમાંથી પ્રત્યેક પોતાને મોટો ગણાવા માટે પ્રવૃત્તિ આદરે અને અંતે અથડામણમાં ઉતરે ત્યારે શું થાય ? એજ બને કે એ અથડામણમાંથી જે તણખા ખરે તેમાંથી ન ઓલવી શકાય એવો દાવાનળ સળગે. અને એમાં બધું ભસ્મ બને.

( અનુસંધાન પૃષ્ઠ ૪૨ જુઓ )

# સુરતમાં શ્રી પરમાનંદભાઇ.

**ત્હેમને મળેલો અપૂર્વ સત્કાર. અમદાવાદ ખાતેના ભાષણ માટે પૂછાએલા અનેક પ્રશ્નો.**

**પ્રીતીભોજનમાં હજારો માણસોએ લીધેલો ભાગ. અમદાવાદની રૂઢિચુસ્ત સંઘશાહીને સિધ્ધો પડકાર.**

**હું કદિ ધર્મવિરૂદ્ધ બોલ્યો નથી. શ્રી પરમાનંદભાઇનો પડકાર. સુરતમાં જૈન યુવક સંઘની સ્થાપના.**

સુરત તા. ૨૭ સપ્ટેમ્બર ૧૯૩૬.

અમદાવાદમાં મળેલ બીજી જૈન યુવક પરિષદ્‌ના પ્રમુખસ્થાનેથી કરેલા પરમાનંદભાઇના ભાષણે જૈન જગતમાં ખૂબ ઉહાપોહ મચાવ્યો છે અને તે માટે અમદાવાદના જૈન સંઘે ત્હેમની જોડેનો વ્યવહાર બંધ કરવાનો કહેવાતો ઠરાવ કર્યો છે. આ ઠરાવનો સ્થળે સ્થળેથી વિરોધ ઉઠાવવામાં આવ્યો છે. ખૂદ અમદાવાદના યુવાનોએ ત્હેમને પ્રીતિભોજનનું આમંત્રણ આપી હજારોની સંખ્યામાં ભાગ લઈ એ કહેવાતા ઠરાવને નહિ સ્વીકારવાનો પડકાર કર્યો હતો. સુરતમાં પણ એ ઠરાવ સ્હામે ઉગ્ર વાતાવરણ ખડું થયું હતું. અને તે સ્હામે સક્રિય વિરોધ બતાવવા ત્યાંના યુવકોએ શ્રી પરમાનંદભાઇને પ્રીતિભોજન માટે આમંત્રણ આપ્યું હતું.

શ્રી. પરમાનંદ ભાઈ રવિવારે સ્હવારે છ વાગે સુરત પધારતાં સ્ટેશનપર જૈનયુવકોએ તેમનો ભાવભર્યો સત્કાર કર્યો હતો. શ્રી પરમાનંદ સાથે મુંબઇથી શ્રી મણિલાલ એમ. શાહ, શ્રી અમીચંદ ખેમચંદ શાહ, શ્રી તારાચંદ કોઠારી, શ્રી મણિલાલ નાણાવટી અને અમદાવાદથી શ્રી શકરાભાઇ શેઠ અને શ્રી કિંકરદાસ આવ્યા હતા. સ્વાગત બાદ શ્રી પરમાનંદ કાપડીયા નાનપુરમાં ડૉ. અમીચંદને ઘેર ગયા હતા. જ્યાં તેમના ઉતારાની સગવડ રાખવામાં આવી હતી. સ્હવારે નવ વાગે શેઠ દલીચંદ વીરચંદ શ્રોફને ત્યાં ચ્હાપાર્ટી રાખવામાં આવી હતી. જ્યાં હાજરી આપ્યાં બાદ શ્રી કાપડીયા વિઠ્ઠલવાડીમાં જૈન યુવકો સાથે રખાયેલા વાર્તાલાપમાં પધાર્યા હતા. વાર્તાલાપ સમયે યુવાનોએ એમના ભાષણપરથી ઉભી થતી શંકાઓ પૂછી હતી અને શ્રી કાપડીયાએ દરેકને સંતોષકારક જવાબો વાળ્યા હતા.

**પ્રશ્નઃ**–સંઘબહાર મૂકવામાં તમારા ભાષણો ઉપરાંત બીજું કંઇ અંગત કારણ અગર આગલા પાછલા બનાવો કારણભૂત હોય એમ તમો માનો છો ?

**જવાબઃ**–બીજા કારણની તો મને ખબર નથી. અને હોય તો એ લોકો જાણે. પ્રકટ કારણ મારૂં ભાષણ છે અને એ ભાષણ જે લોકો રૂઢિચૂસ્તો છે તેમને આઘાત પહોંચાડે તેવું હોવાથી તેઓએ આ ભાષણના વેગને અટકાવવા આવું પગલું ભર્યું છે. પણ તેથી તો ઉલ્ટો મારા ભાષણને વધુ વેગ મળ્યો છે. અંગત કારણ હોય એમ હું માનતો નથી.

**પ્રશ્નઃ**–આપનું ભાષણ જૈનધર્મના સિદ્ધાન્તો વિરૂધ્ધનું હોય એમ આપ માનો છો ?

**જવાબઃ**–જૈનધર્મનો સિધ્ધાંત અને ધર્મની રૂઢી એ બે વસ્તુ ભિન્ન છે. મારૂં ભાષણ રૂઢિ વિરૂદ્ધ છે પણ જૈનધર્મના મુખ્ય સિદ્ધાંતો જેવાં કેઃ આત્માનું અસ્તિત્વ, અને અહિંસા સત્ય તેથી જરાયે વિરૂદ્ધ નથી. જૈનધર્મના સિદ્ધાંતોને મૂળભૂત બાધક મારૂં ભાષણ હોય એમ મને લાગતું નથી. કારણ હું અંગત રીતે નાસ્તિક નથી જ. લોકો મારા ભાષણનો વિરોધ કરે છે તેમનું અને મારૂં દૃષ્ટિબિંદુ જુદું છે.

**પ્રશ્નઃ**–તમે કંદમૂળ ખાવાનો ઉપદેશ આપ્યો છે ?

**જવાબઃ**–મેં કંદમૂળ ખાવાની હિમાયત કરી નથી પણ પાષ્ટિક ખોરાકની જરૂરીઆત તરીકે કોઇ ખાય તો હું તેને પાપી ન ગણું. પ્રજાના શરીરના ધોરણ ખાતર એ ખાવામાં વાંધો નથી. ગાંધીજી હમણાં લસણ ખાય છે અને તેથી બ્લડપ્રેસર પર ફાયદો છે. હું ખાનપાનનો વિલાસ સૂચવતો નથી. પણ શરીર અને મનને મજબુત કરવા માટે ખાવામાં હરકત નથી. હું લીલોતરીનો ખાસ આગ્રહ કરૂં છું. રાત્રિ ભોજનની વિદ્યાર્થી માટે આવશ્યકતા છે; કારણ તેમને રાત્રિભોજન કરવાની મનાઇ કરવાથી એમનાથી રમતગમતમાં ભાગ લઇ શકાતો નથી અને તેથી તેમના શરીર માયકાંગલાં થતાં જાય છે.

**પ્રશ્નઃ**–મૂર્ત્તિના શણગાર અને આંગી બંધ કરવાની તમે હિમાયત કરો છો ?

**જવાબઃ**–હું એમ માનું છું કે મૂર્ત્તિ એવી હોવી જોઇએ કે જે તેની પાછળનો ભાવ સૂચવે. મહાવીરસ્વામિની મૂર્ત્તિ ત્યાગીની છે તો પછી તેને અલંકારની શી જરૂર છે ? મંદિરની શોભા પાછળ આટલો વ્યય બીન જરૂરી છે. કદાચ મહાવીરસ્વામિ આવીને અત્યારે પોતાની જ મૂર્તિ જુએ તો જરૂર તેમને પણ એમ થાય કે આ શું ? જેનો મેં ત્યાગ કર્યો છે તેને જ તમે મારા ગળામાં પહેરાવો છો ? અને આવી રીતે સાદાઇ લાવવાથી કદાચ દિગમ્બરો અને આપણે વધુ નજીક આવતા જઇશું. શણગાર એ તો રૂઢિની શૃંખલા છે.

**પ્રશ્નઃ**– આંતરશુદ્ધિને બાહ્યસ્વરૂપની શી જરૂર છે એમ કહી તમે સાધુઓના વેશનો વિરોધ કરો છો ?

**જવાબઃ**–મારો આશય એ જ છે કે તમે વેશ પૂજાની પાછળના મોહને છોડી ગુણને પૂજો. ચારિત્રને પૂજો. વેશ સામે મારો એટલો જ વિરોધ છે કે તેથી ગુણદૃષ્ટિ લુપ્ત થઈ છે. ગુણ હોય અને વેશ પણ હોય તો વધારે સારૂં છે ને વધારે પૂજનીય છે; પણ ગુણ વિનાનો વેશ નિરર્થક છે.

**અહિંસાની સાચી સમજણઃ**–

અંત્રે એક પત્રકારબંધુએ થોડા પ્રશ્નો પૂછ્યા હતા, તેના જવાબમાં શ્રી કાપડીયાએ જણાવ્યું હતું કેઃ અહિંસાની સાચી સમજણ માટે વિવેકની જરૂર છે. અહિંસક તો સાચો નિડર હોવો જોઇએ તેને બદલે જૈનો અહિંસક હોઇને વધારે ડરપોક બન્યા છે. વધારે વ્યાજ લેવું એ પણ એક જાતની હિંસા જ છે. જ્યારે સમાજવાદ આવશે ત્યારે વ્યાજને બધું જ જશે. સામાની મુંઝવણનો લાભ

લઇ તેની પાસેથી વધારે વ્યાજ લેવું એ હિંસા જ છે. જૈનોનાં જમણવારમાં જે ગંદવાડ હોય છે તેની મને પણ ખુબ ચીઢ છે.

**સ્વચ્છતાઃ—**

મારૂં તો માનવું છે સ્વચ્છતાનો પાઠ શીખવવા જૈનોને છ છ માસ જેલમાં મોકલવા જોઇએ. જેલના જેવી સ્વચ્છતા બીજે ક્યાંય નથી.

એ બાદ ફરી જૈન યુવકોએ પ્રશ્નો પૂછતાં તેમના જવાબમાં શ્રી કાપડીયાએ જણાવ્યું કેઃ સાધુઓ પર જૈનસંઘની સત્તા ઘટી છે તેથી જ તેઓ નિરંકુશ બન્યા છે. સાધુઓ પર સમાજના અંકુશની જરૂર છે પણ તેથી તેમના વાણી સ્વાતંત્ર્ય પર ત્રાપ પડવી ન જોઇએ.

**દેવદ્રવ્યઃ—**

એ બાદ દેવદ્રવ્યના પ્રશ્ન પર બોલતાં જણાવ્યું કેઃ દેવદ્રવ્ય સમાજ હિતમાં જ વાપરવું જોઈએ. જો મંદિરો અને મૂર્ત્તિઓ ટકાવી રાખવા હોય તો દેવદ્રવ્યને સમાજના હિતમાં વાપરવાની સાધુઓએ જ સલાહ આપવી જોઇએ. દેવદ્રવ્યમાંથી શાળાઓ. હોસ્પિટલો વગેરે ચલાવવા જોઇએ.

એ બાદ એક ભાઇએ પ્રશ્ન કર્યો કેઃ શ્રી શાંતિલાલ શાહે એવું ભાષણ કર્યું હતું કે સાધ્વીઓને નર્સો બનાવવી જોઇએ તે સાથે તમો સમંત છો કે નહિ ? તેના જવાબમાં જણાવ્યું કેઃ એ વસ્તુની ભાવના સાથે હું સંમત છું. સાધુઓ અને સાધ્વીઓનું જૈન સમાજ ભરણ પોષણ કરે છે તો સાધુ–સાધ્વીઓએ તેના બદલામાં જૈન સમાજની સેવા કરવી જ જોઇએ.

**યુવકસંઘની સ્થાપનાઃ—**

એ બાદ બપોરના ત્રણ વાગે હરીવિઠ્ઠલવાડીમાં યુવકોની સભા મળી હતી અને તેમાં શ્રી સુરત જૈન યુવકસંઘની સ્થાપના કરવામાં આવી હતી. તથા કામચલાઉ હોદ્દેદારોની ચુંટણી કરવામાં આવી હતી. જે પ્રસંગે બોલતાં શ્રી પરમાનંદે યુવાનોને સત્યને વળગી સમાજમાં જ્યાં જ્યાં અન્યાય થતો હોય ત્યાં ત્યાં તેનો સામનો કરવાની સલાહ આપી હતી. આ સભામાં યુવાનો તથા વૃદ્ધોએ પુષ્કળ સંખ્યામાં હાજરી આપી હતી સ્ત્રીઓની સંખ્યા પણ પુષ્કળ હતી. અને વિઠ્ઠલવાડીના વિશાળ હોલમાં પાછળથી આવનારને માટે જગ્યા મેળવવાની મુશીબત ઉભી થતી હતી.

**પ્રીતિભોજનઃ—**

એ બાદ પાંચ વાગે પ્રીતિભોજન થયું હતું. જેમાં પણ સંખ્યા બંધ જૈનોએ ભાગ લીધો હતો. આમ અમદાવાદના સંઘને સુરતે પડકારથી જવાબ વાળ્યો છે.

**રાંદેરમાંઃ—**

સુરતને પગલે ચાલી રાંદેરે પણ શ્રી પરમાનંદ કાપડીયાને રાંદેર બોલાવતાં શ્રી પરમાનંદ સાંજના રાંદેર ગયા હતા અને ત્યાં પણ ભાષણ આપી મોડી રાત્રે મુંબઇ તરફ વિદાય થયા હતા.

**રાંદેરમાં શ્રી પરમાનંદને સ્નેહ ભોજન.**

નાનાવટમાં આવેલ વિઠ્ઠલવાડીમાં શ્રી પરમાનંદ કાપડીયા તથા સુરત જૈન યુવક સંઘના નેતાઓએ સહભોજન લીધા બાદ તેઓ સાંજે રાંદેર રવાના થયા હતા. જ્યાં રાતે આઠ વાગે એક સભા મળી હતી. સભાના પ્રમુખ પદે શ્રી ઉજમશી શાહને નિમવામાં આવ્યા હતા.

સભામાં શ્રી પરમાનંદ કાપડીઆએ આભાર માનીને જણાવ્યું કેઃ શહેરમાં જે ઝઘડા અને ટંટા થાય છે તેનાથી તદ્દન અલગ રહેજો. જ્ઞાતિમાં મિત્રાચારી વધે તેવી નીતિ અખત્યાર કરજો અને સમાજનું વિશાળ હિત સધાય તેવા કાર્યો કરવાને તેમણે જણાવ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું કે કોઇપણ માણસની દોરવણીએ ન દોરાઈ જતાં તમારો અંતરાત્મા કહે તે રસ્તા ઉપર જ પગલાં મૂકજો.

શ્રી પરમાનંદ કાપડીયાનું ભાષણ પૂરૂં થયા બાદ સભાજનોએ તેમને 'દેવદ્રવ્ય' તથા 'રાત્રિભોજન' એ વિષય ઉપર કેટલાંક પ્રશ્નો પૂછ્યાં હતાં.

પ્રશ્નોના સંતોષકારક જવાબ આપીને શ્રી પરમાનંદે અતિ નમ્ર બનીને જણાવ્યું કે તેણે તો સમાજ આગળ તેના વિચારોનો રસ થાળ રજુ કર્યો છે. વધુમાં તેમણે જણાવ્યું કેઃ મને કોઇ આચાર્ય માની લેશો નહિ.

વિઠ્ઠલવાડીમાં થયેલ ભોજન સમારંભમાં લગભગ હજારથી વધુ માણસોએ ભાગ લીધો હતો.

# ક્ષમાશ્રમણોને ચરણે !

(રક્ત ટપકતી સો સો ઝોળી. એ રાગ.)

લોહી નીતરતાં કંઈ કંઈ માથાં ઉપાશ્રયેથી આવે,
ધર્મઝનૂનનાં વિષ પીધેલાં ગુંડાશાહી ચલાવે.
ઘાયાલ ઘાવો ખાતાં રે–મુખથી મંત્ર અહિંસા ગાવે. લોહી૦
અર્થ વિહોણાં બારસ તેરસનાં ઝઘડા નિપજાવે,
નિજ મંતવ્યો સાચાં કરવાં પરનાં લોહી વહાવે,
એક સાધુની હઠવૃત્તિએ સમાજે હોલી સળગે. લોહી૦
ક્ષમા વીરસ્ય ભૂષણ સૂત્રો ગર્વ ધરી ગુમાવે.
સ્વામિવાત્સલ્ય સ્વજનો કેરૂં પોલીસથી જ કરાવે.
ભૂલી આદર્શ અહિંસાનો જગમાં વીરનો ધર્મ લજાવે. લોહી૦
લોક વિલોકે દેશવિદેશે તિરસ્કૃત જૈનો થાયે
ગલીએ ગલીએ વાત પૂછાયે લડે ભાઇથી ભાઇઓ.
વિષમ એ આપસનાં યુદ્ધો કદાગ્રહી મુનિ હઠ ઉપજાવે. લોહી૦
કોઈ અભાગી પળે અમારી શાંતિને સળગાવી.
જે સ્થળ દાખ્યા આતમસુધાના ત્યાંજ હળાહળ રેલે.
અનર્થો હજીએ શું આવે ખરે એ **રામ** હૃદય જાણે. લોહી૦
પુન્ય ભરેલા પર્વ પજુસણ આ રીતે ઉજવાયે.
દિન દિન ઉગ્યે હૈયાં ફફડે આજે શું શું થાશે.
અશાંતિ આતસ જ્યાં પ્રજળે આર્તધ્યાને દીલડાં ઉછળે. લોહી૦
જાગૃત જૈન બિરાદર થઇને સમય વિચારી ચેતો.
સત્તા સંઘ તણી દૃઢ કરવા અંધશ્રદ્ધાને મૂકો.
મણિમય મંત્ર મહાવીરનો ગુણીના ચરણોમાં ઝુકો. લોહી૦

**—રા. મણિલાલ જયમલ શેઠ.**

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘે ગોઠવેલ પજુષણ વ્યાખ્યાનમાળાની પૂર્ણાહુતિ.

આ સાલ પર્યુષણના પવિત્ર દિવસોમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ગોઠવેલ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં જૈન સમાજે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. હીરાબાગનો હોલ ભાઇઓ અને બ્હેનોથી ચીકાર ભરાઇ જતો અને જગ્યાની સંકડાસથી ઘણાને પાછા જવું પડતું હતું.

શરૂઆતમાં પ્ર. ભાદરવા વદી ૧૩ ને રવિવારથી વ્યાખ્યાનમાળાની ગોઠવણ હીરાબાગમાં કરવામાં આવેલી અને નિયમિત સવારના નવથી અગીઆર સુધી પ્રવચનો ચાલતાં અને શ્રોતાઓ શાંતિથી શ્રવણ કરતા.

હીરાબાગમાં રવિવારથી શનિવાર સુધીમાં નીચેના વિષયો પર વકતાઓએ પ્રવચનો કર્યાં હતાં.

જૈન ધર્મ અને સમાજવાદ–શ્રી શાંતિલાલ શાહ.
જૈન ધર્મની દૃષ્ટિએ નિવૃત્તિનું સ્વરૂપ–પંડિત શ્રી દરબારીલાલજી.
મહાત્મા ગાંધીજીના ધાર્મિક વિચારો–શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ.
બ્રાહ્મણ સંસ્કૃતિ અને શ્રમણ સંસ્કૃતિ–શ્રી. ધર્માનંદ કોસંબી.
આજનો સાધુ નવીન માનસને દોરી શકે ?–પંડિત સુખલાલજી.
અહિંસા–શ્રી. રામનારાયણ પાઠક.
શ્રી ભગવાન મહાવીરના ઉપસર્ગો–શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ.
ત્રણ ફિરકાના ઐકયનું વ્યવહારિક સ્વરૂપ–પંડિત શ્રી દરબારીલાલજી.
ધર્મ અને બ્હેમો–પંડિત નાથુરામજી પ્રેમી.
જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિ–શ્રી. જિનવિજયજી.
સ્વામિ વિવેકાનંદના પ્રેરણાત્મક વિચારો–શ્રી. મોહનલાલ દલીચંદ દેશાઇ.
જૈનધર્મ અને સમાજવાદ–શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ.
સામાજીક પ્રગતિના સાર્વભૌમ નિયમ–શ્રી. કાકાસાહબ કાલેલકર.

જગ્યાની સંકોચને લીધે ઘણા ભાઇઓને પાછું જવું પડતું હોવાથી બી. ભાદરવા શુદી ૪ ને રવિવારે પર્યુષણના છેલ્લા દિવસે કાલબાદેવી ભાંગવાડી થીએટરમાં વ્યાખ્યાનમાળાની ગોઠવણ કરવામાં આવેલી. સવારના આઠથી જ ભાઇઓ અને બ્હેનોએ આવવાની શરૂઆત કરેલી, નવ સવા નવ વાગતાં ભાઇઓ અને બહેનોથી આખું થીએટર ચીકાર ભરાઇ ગયું હતું. આખરે ઉભા રહેવાની જગ્યા ન હોવાથી થીએટર બહાર લાઉડ સ્પીકરની ગોઠવણ કરવાની ફરજ પડી હતી.

શરૂઆતમાં પંડિતવર્ય સુખલાલજીએ 'ભગવાન મહાવીર' ઉપર લગભગ એક કલાક સુધી દાખલા દલીલો સાથે પ્રવચન કર્યા બાદ કાકાસાહેબ કાલેલકરે લગભગ પોણો કલાક 'ભગવાન મહાવીર' ઉપર વિવેચન કર્યું હતું બાદ પંડિત દરબારીલાલજી 'દેવદ્રવ્યનો ઉપયોગ' એ વિષય ઉપર બોલ્યા પછી સભાજનોના આગ્રહને માન આપી શ્રી. જિનવિજયજી બોલ્યા હતા. બાદ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી મણીલાલ એમ. શાહે. કાકાસાહેબ કાલેલકર, પંડિત સુખલાલજી, પંડિત દરબારીલાલજી, શ્રી જિનવિજયજી જેઓ આ ભાષણ શ્રેણી અંગે બનારસ, વર્ધા અમદાવાદથી પધારી ટાઇમ આપ્યો છે તેમ શ્રી ધર્માનંદ કોસંબી, શ્રી પાઠક વિગેરે વકતાઓએ અમારા આમંત્રણને માન આપી જે લાભ આપ્યો છે તે બદલ સૌનો ઉપકાર માન્યો હતો. તેમ હીરાબાગના ટ્રસ્ટીઓએ વ્યાખ્યાનમાળા અંગે કાંઇ પણ લીધા વિના તેમનો હોલ આપેલો તેમ આજે શ્રી હરગોવિંદદાસે કંઈ પણ લીધા સિવાય ભાંગવાડી થીએટર આપ્યું તે બદલ સર્વનો આભાર માની લગભગ બપોરે બાર વાગે સભા વિસર્જન થઈ હતી.

વ્યાખ્યાનમાળામાં જૈન સમાજનો ઉત્સાહ અને તે પ્રત્યે તેણે બતાવેલી લાગણીથી એમ કહેવું પડશે કે જૈન સમાજ પ્રણાલિકા વાદથી કંટાળ્યો છે. પછી એ ધર્મના નામે ચાલતી હોય કે સમાજના નામે ચાલતી હોય, તેને તો જીવનપર સુંદર અસર થાય, સુંદર સંસ્કારો પડે તેજ જરૂરી લાગે છે. બાકી ધાંધલ ધમાલથી એ કંટાળ્યો છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળામાં જેઓએ પ્રવચનો કર્યાં છે તે તમામ વ્યાખ્યાનો પુસ્તક તરીકે બહાર પડશે. જેની કિમ્મત ફક્ત આઠ આના જ રાખવામાં આવી છે એટલે જેઓ ગ્રાહક થવા ઇચ્છતા હોય તેઓ **શ્રી મુંબઇ જૈન યુવક સંઘ. ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટ, પારસીગલી** એ શિરનામે લખી જણાવે અથવા મળી જાય.

---

**'ચિન્તન્'**........પૃષ્ઠ ૩૯ નું ચાલુ

જૈન જગતના ન્હાનકડા આકાશમાં એક નહિ; બે નહિ પણ પંચાસ પચાસ આચાર્યસૂર્યો પ્રકાશે છે, તેની ગરમીથી જ આટલી જાગૃતિ કેમ ન આવી હોય ? અગર તેમની અથડામણના પ્રતાપે વેરાયેલા તણખાએ જ આ કલેશનો દાવાનળ કેમ ન સળગ્યો હોય? અનુભવ કહે છે: કે વાકયને છેડે પ્રશ્નાર્થક ચિન્હ નહિ પણ પૂર્ણ વિરામ મૂકાવાની જરૂર છે. આમ છતાંય પ્રત્યેક વર્ષે થોડા આચાર્યો વધ્યા જ કરવાના એ નિઃસંશય છે. અને એ પણ નિઃસંશય છે કે જેમ જેમ આચાર્યો વધતા જશે તેમ તેમ સાધુ સંસ્થા વધુ ને વધુ નિર્નાયક બનતી જશે. છિન્નભિન્ન બની જશે. તેમની વચ્ચે મતભેદોના આજે છે તેનાથી અનેકગણા બીજા પ્રશ્નો ઉપસ્થિત થયા જ કરશે. અથડામણો ચાલુ જ રહેશે. તેમાંથી તણખા ઉડી ઉડીને 'શ્રાવક સંઘને' દઝાડતા જશે. અને એ સ્થિતિ જો ચાલ્યા જ કરે તો ? તો ભયંકર દાવાનળ પ્રગટે. અને તેમાં 'જૈનસમાજ' બળીને ખાખ બને એ જ અનિવાર્ય પરિણામ કલ્પી શકાય.

અને આ તકે 'શ્રાવક સંઘે' વિચારવાનું છે તે એ જ કે: સાધુ, ગણિ–ઉપાધ્યાય, પ્રવર્તક, આચાર્ય અને સમ્રાટ્‌ની પદવીઓ જુની થઇ ગઈ છે. એટલે કદાચ હવે પછી 'યુગપ્રધાન'ના પદ પાછળ હરિફાઇ જાગવાનો પુરતો સંભવ છે. અને આજના એ 'માનભિક્ષુઓ'–ના ટોળામાંથી કોકને એ પદની ભૂખ લાગી હોય એવું આજના અશાંત અને ઉકળાટભર્યાં વાતાવરણને તટસ્થ અને વેધક દૃષ્ટિએ નિહાળતાં દેખાઇ આવે છે, એટલે આપણે જેમના હાથમાં આપણા નાવનું સુકાન સોંપ્યું છે તેમના હાથમાં હવે એ સુકાન સલામત નથી એમ સ્હમજી લઇ કંયા તો તેમની 'સાન' ઠેકાણે લાવવી. યાતો સુકાન છીનવી લેવું એ જ ઉચિત માર્ગ છે.

અને આ ટુંકી સમાલોચનાને અંતે 'સાધુસંઘ'ને વિચારવા માટે બે જ શબ્દો લખવાના છે. ફુરસદ હોય તો વિચારજો: "જૈનશાસનનું ઉત્થાન થઇ રહ્યું છે કે પતન ? અને એ બંને સ્થિતિમાંથી એકને નોતરવામાં ત્હમે શો અને કેટલો ફાળો આપ્યો છે ?" અસ્તુ.

# વ્હેતાં વ્હેણ

સંભળાય છે કે: કારતક શુદી ૧૫ પછી લાલબાગનો ઉપાશ્રય ખાલી કરવાની નોટીસ મળી છે. શ્રી રામચંદ્રસૂરિના પવિત્ર ચરણો જ્યાં જાય ત્યાં તેવી નોટીસ ન મળે તો પછી ત્હેમના આગમનનું ફળ શું?

❖ ❖ ❖

શ્રી રામચંદ્રસૂરિએ મુંબઈના ચાતુર્માસ દરમ્યાન પ્રત્યેક ઉપાશ્રયોનાં કિલ્લાઓ સર કરવાનો મનસુબો ઘડયો હતો. અને તેટલા ખાતર ત્હેમના સાધુઓને જુદા જુદા વિભાગોમાં વ્હેંચી નાંખ્યા હતાં. પરંતુ કમનસીબે બારસ તેરસના મતભેદે ત્હેમને ત્હેમના મનસુબામાં નિષ્ફળ બનાવી દીધા છે. પ્રત્યેક ઉપાશ્રયેથી ત્હેમના સાધુઓને જાકારો મળી રહ્યો છે. અને કારતક શુદિ પુનમ પછી મુંબઇમાં કયે સ્થળે નિવાસ કરવો તે સંબંધી વિચારણા ચાલી રહી છે. કડીયા, સુથારો વગેરે ત્હેમાં સાથ આપી રહ્યા છે. મ્હને લાગે છે કે કદાચ પાટણમાં જેમ 'રામથીએટર' બંધાયું ત્હેમ મુંબઈમાં પણ તેનું પુનરાવર્તન કરવામાં આવે...

❖ ❖ ❖

રૂઢિચુસ્ત પક્ષમાં પણ ખૂબ આંતરવિગ્રહ ચાલી રહ્યો છે. શ્રી સાગરાનંદસૂરિ અને રામચંદ્રસૂરિના સૈન્યોના વિભાગો પડી ગયા છે. આગેવાનોમાં અંગત મતભેદો ખડા થયા છે. તે કદાચ ઉગ્ર વાતાવરણ ખડું કરે તો આશ્ચર્ય પામવા જેવું નથી.

❖ ❖

કહેવાય છે કે: પરમાનંદ પ્રકરણમાં શ્રી નેમવિજયજી સોસાયટીની આગેવાની લઇ ખૂબ પસ્તાય છે. કારણ કે શ્રી રામચંદ્રસૂરિ ત્હેમને મુરબ્બી માનવાનો સાફ ઇન્કાર કરે છે.

❖ ❖ ❖

ઉપાધ્યાય શ્રી ક્ષમાવિજયજી મહારાજને દીક્ષા લીધે આજે વીસ વરસ થયા પરંતુ આ સાલ ત્હેમને જે અનુભવ થયો ત્હેવો અનુભવ ત્હેમને જીંદગીમાં કદિ થયો નથી. પણ આ તો પાશેરામાં પહેલી પુણી છે. મહારાજ! હજુ તો રામચંદ્રસૂદિના પ્રતાપથી એવા તો આપને કંઇક અનુભવ કરવા પડશે. સ્હમજ્યા સાહેબ!

❖ ❖ ❖

કહે છે કે: જામનગરમાં સાગરજી મહારાજના એક પ્રવચને ખૂબ ખળભળાટ મચાવ્યો છે. મહાવીરના એ સિદ્ધા વારસદારો મહાવીરના અનુયાયીઓની જ કત્લ કરવાનો ઉપદેશ નહિ આપે તો પછી સમાજની સંખ્યા ઘટશે શી રીતે? આજના સંઘને 'શંખ' અને 'હાડકાનો માળખો' કહેનારા પાસેથી બીજી કઇ જાતની આશા રાખી શકાય?

❖ ❖ ❖

કહે છે કે: રાધનપુરમાં આ વખતે પર્યુષણમાં બારસવાદીઓએ ખૂબ ધમાલ કરી હતી. હોય! ભાઈ હોય! શ્રી રામચંદ્રસુરિજીનું ઝનૂન ત્હેમના ભક્તોમાં ન હોય તો પછી તે રામભક્તો શાના?

❖ ❖ ❖

મુંબઈનાં પર્યુષણમાં આ વખતે ગોડીજી મહારાજના ઉપાશ્રયમાં અને બ્હાર સ્વધર્મીબંધુઓનું રક્ત રેડવામાં આવ્યું. સ્વધર્મી શિવાય બીજા કોઈનું રક્ત રેડવા જાય તો માથું જ ભાંગી નાંખેને! એ કયાં અહિંસાવાદી હતા?

❖ ❖ ❖

કહે છે કે: સમાજમાં દિન પ્રતિદિન નવા નવા મતભેદો ઉભા થતા જાય છે. પણ ત્હેમાં આશ્ચર્ય શું છે? જ્યારથી શ્રી રામવિજયજી અને સાગરજીને જ્ઞાનનું અજીર્ણ થયું ત્યારથી જ શાસનદેવે ત્હેમને મતભેદો ઉભા કરવાનો અને એ રીતે જીવવાનો શ્રાપ આપ્યો હતો.

❖ ❖ ❖

સાદડીમાં જ્યારથી શ્રી. લબ્ધિસૂરિજી પોતાની લબ્ધિનો સ્વાદ ચખાડી રહ્યા છે ત્યારથી સંઘમાં ખૂબ વિખવાદ ઉભો થયો છે. ત્હેમના ભક્તો ગુરૂજીને ખુશ રાખવા ખૂબ પ્રયત્ન કરી રહ્યા છે. પણ ત્હેમ કરીને સારાયે સંઘના સંગઠનનો નાશ કરી રહ્યા છે. સંભળાય છે કે: શુભચિંતક સમાજવાળાઓ જોડે કોઇ પણ જાતનો સંબંધ રાખવો નહિ તે માટે સહીઓ લેવાઇ રહી છે. પણ સહીઓનો કાગળ ઉપાશ્રયની બહાર નિકળતો જ નથી.

❖ ❖ ❖

સંભળાય છે કે: શ્રીભદ્રસૂરિ, કનકસૂરિ, લબ્ધિસૂરિ અને રામચંદ્રસૂરિના પરિવાર સિવાય પ્રત્યેક સૂરિઓના પરિવારે તેરસથી પર્યુષણ પર્વનો મહોત્સવ ઉજવ્યો હતો. શ્રી રામચંદ્રસુરિ જો કંઈ પરિવર્તન નહિ કરે તો પછી જુદો ગચ્છ સ્થાપન કરી 'યુગપ્રધાન' શી રીતે બની શકશે?

❖ ❖ ❖

કોઇ કહેતું હતું કે: બારસ—તેરસના મતભેદથી રામચંદ્રસુરિજીને તાવ અને શરદી લાગુ પડી ગઇ હતી. અને પર્યુષણ જેવા પર્વમાં ત્હેમને પ્રવચન બંધ કરવું પડયું હતું. અરે! એ તો સાગરજી સ્હામે પડકાર કરવાની તૈયારી કરવા શાસનદેવની આરાધના કરી રહ્યા હતા. ભાઇ!!!

❖ ❖ ❖

ઝેરશાસનના લંબા:ચોડા વધારા પર્યુષણ પછી બંધ થયા જણાય છે. બંધ જ થાય ને! રોજ રોજ પરમાનંદ વિરોધી ઠરાવો લાવવા કયાંથી?

❖ ❖ ❖

કહે છે કે: પરમાનંદ પ્રકરણ પછી શ્રી નેમવિજયજી પોતાની મૂર્ત્તિને કદંબગીરીમાં પધરાવી જીવતાં પૂજાવાની વેતરણમાં પડયા છે. પણ એ તો ખરી વાત છે કે જીવતા પૂજાવાના કોડ નહિ સેવે તો કયારે મર્યા પછી સેવશે?

❖ ❖ ❖

સંવત્સરી જેવા પર્વના દિવસે વંશ પરંપરાગત કલ્પસૂત્રનું શ્રવણ ન કરતાં લોકો ભાંગવાડી થિયેટરમાં નવીન વકતાઓના વ્યાખ્યાન સાંભળવા ગયાં હતાં. એ જ બતાવી આપે છે કે: વંશ પરંપરાગત રૂઢિઓમાં હવે લોકોને વિશ્વાસ રહ્યો નથી અને કંઇક નવીન જાણવા સ્હમજવાની જિજ્ઞાસા ઉત્પન્ન થઇ છે.

# ધર્મગુરૂઓની આવતી કાલ.

અમુક સંપ્રદાયના ધર્મગુરૂઓને ઉદ્દેશીને આ લખાણ નથી, કોઈ અમુક વર્ગના કટાક્ષ માટે પણ નથી. ને નથી કોઇ પાદરી, મૌલવી, મહંત કે મુનિ માટે; પણ સમગ્ર જગતમાં જ્યાં જ્યાં ધર્મ ગુરૂ જેવી સંસ્થા અસ્તિત્વમાં છે તે આખા સમુદાયને દૃષ્ટિબિન્દુમાં રાખી, ધર્મગુરૂઓની આવતી કાલ કેવી હશે તે હું કલ્પું છું. ઇતિહાસના અભ્યાસકોને ખબર હશે કે વિચારના આંદોલન સમું મહાશક્તિમાન બીજું કોઇ પણ એમાં બળ નથી. નીતિ નિયમના કાયદા મનુષ્યે જ રચ્યા. મનુષ્યે જ વિકૃતિ પેદા કરી અને આજે ઠેર ઠેર સંપ્રદાયરૂપે, ઇજારારૂપે, સ્થાપિત હકક રૂપે ધર્મની જે જે સહસ્ત્ર ફેણો ઉદ્ભભવી છે તેનો વિનાશક પણ મનુષ્ય જ છે. આજે જે જે વહેમો, કલ્પિત માન્યતાઓ, દેવદાનવને નામે ચાલતી ભીતિઓ થોડે વત્તે અંશે પ્રવર્તિ રહી છે તેની પાછળ અજ્ઞાનતારૂપી મોટું આવરણ છે. ભીતિજન્ય શ્રદ્ધા છે. આજે તો ધર્મ વિધિવિધાન અને ક્રિયામાં જ આવી જાય છે. આજનો 'ધર્મ' ભેદાભેદ શીખવે છે. આજનો કહેવાતો ધર્મ માણસને અન્ય મનુષ્યની તુલનામાં નીચો લાવે છે. આજે જીસસના ઉપાસકો એશીયા અને આફ્રીકાના પ્રદેશોના લોહીની નીકો વહેવરાવી તેમનાં ધનમાલ લુંટી જીસસની સંસ્કૃતિનો પ્રચાર કરવા ઉતાવળા થયા છે, આજે કોઈ ઉચ્ચ હેતુથી નહિ પણ રાજકિય કે આર્થિક હેતુથી જ હિન્દુ વધારે કે મુસલમાનો વધુ સંખ્યામાં કેમ બને તેથી તેઓ જ્યાં ત્યાં પોતાના ઉપદેશકો અને પ્રચારકો (Canvassers) મોકલી રહ્યા છે. આજે એક જ મહાવીરના ઉપાસકોમાં જ, તેરાપંથી તો હલકા, લાડવા શ્રીમાળી તો નીચિ કોટિના. એવા એવા ભેદો, વાડાઓ અને મતમતાંતરો માંહોમાંહે ધિક્કાર પ્રવર્તાવી રહ્યા છે. આવી પરિસ્થીતિમાં કોઈ વિચારક માનવી, આ વાડાઓ, સંપ્રદાયો અને કુંડાળાઓની બહાર ઉભો રહી પોતાનાં ઇચ્છિત ધ્યેય પ્રતિ જવા માગે તો તેમાં કશું જ ખોટું નથી. બલ્કે તેમાં જ ખરી મૂક્તિ છે.

ચોપાસ નજર કરો તો જણાશે કે આજનો ધર્મ ગુરૂસત્તા વાંછે છે, મૂડીવાદની મૈત્રી ઝંખે છે, તેને આડંબરોની ઘેલછા છે, જમણવારો તેમજ નિવાસસ્થાન માટે આલિશાન ઇમારતો અને મુખ્યત્વે કીર્તિ માટે જ્યાં ત્યાં 'જ્ઞાનભંડારો' ઉભા કરવા છે. આજનાં ધાર્મિક પ્રચારકમંડળો મૂડીવાદ અને સ્થાપિત હકકોની સાથે પ્રેમબંધનમાં પડ્યાં છે. લાલચથી અને ધમકીથી તેઓ વટાળનીતિ આદરી રહ્યા છે. સંસ્કૃતિ અને શાસ્ત્રોને નામે આજે દુનિયામાં જે કુટિલ નીતિ પ્રવર્તિ રહી છે તેનો હિસાબ ભવિષ્યનો ઇતિહાસકાર જરૂર ગણશે. મનુષ્ય સમાજમાં જ્યાં જ્યાં ગરીબી, ત્રાસ અને અન્યાય પ્રવર્તિ રહ્યાં છે તેનું નિવારણ કરવાનો પ્રયાસ કરવાની તેમને ફુરસદ નથી. સમાજ રચના અને સામાજીક આંદોલનો, સમયના વહેવા સાથે પરિવર્તન પામતી પરિસ્થિતિનું પૃથકકરણ કરવાની તેમને કશીયે પડી નથી. મહત્તાના કલ્પિત શીખરેથી નીચે ઉતરી, બધાને પોતાથી ઉતરતાં ગણતા સબડતા માનવ સમાજ તરફ મહેરબાની કરવી તે તેમની ફરજ બહાર છે. આજના ધર્મગુરૂએ ધર્મને તેનું શસ્ત્ર બનાવ્યું છે, પ્રેરણાનું નહિ પરંતુ નવરાશની પ્રવૃત્તિનું સાધન બનાવ્યું છે. આજના ધર્મગુરૂને સમગ્ર જગતની ન્યાયની અદાલત સમક્ષ ઉભો રાખીએ તો તેનો તેની પાસે કશો બચાવ નથી. બચાવ ફકત એટલો જ હોઇ શકે કે જે સમાજ અમને આમ છતાં પોષી રહ્યો છે તે જ ખરો ગુન્હેગાર છે.

ગઈ કાલે રશીયાએ 'ધર્મસ્થાનો'ને નાબુદ કર્યાં, આજે સ્પેન તેવાં સ્થાનોને તાળાં દેવરાવી રહ્યો છે. સમાજનું અગત્યનું અંગ ગણાતી હતી તેવી ધર્મગુરૂઓની સંસ્થા શા સારૂ આવી અવહેલના પામી રહી છે તેનો કોઇ દિવસ આપણા મુનિરાજોએ વિચાર કર્યો છે ? કદી આંતર નિરિક્ષણ કર્યું છે ? આજે દુનિયાને ગાંડી અને ધર્મવિમુખ ગણનાર પદવીધરોએ મૂળના સડા તરફ કદીયે પોતાની નજર ફેરવી છે ? ધર્મનું લાયસન્સ લેનારાઓએ કદીયે પોતાના ઘરાકોની ખરી સ્થિતિ સમજવા પ્રયાસ આદર્યો છે ? આવી આવી કેટલીએ હકીકતો તેમની સામેના તહોમત–પત્રમાં સમાવી શકીએ. પોતાને જ્ઞાની ગણાવનાર વર્ગ હજીયે ભકતોની શ્રદ્ધા ઉપર વધુ રાચવા, વધુ જીવવા ઇચ્છતો હોય તો તેણે સમાજની નાડ પારખવી જોઇએ. પોતાનું માનસ બદલવું પડશે. પોતાના અમુક ગોઠીઆઓ ઉપર મુસ્તાક ન બનતાં દીર્ઘદૃષ્ટિ વાપરી આખા યે સમાજની, ચાલુ સંજોગોમાં શકય તેટલી ઉન્નતિ કરવાના પ્રયાસ આદરવા પડશે. પ્રવૃત્તિના પ્રવાહ બદલ્યા સિવાય તેમનો છૂટકો નથી. માનવસમાજને આજે ખરી ભૂખ સાંપડી છે ત્યારે તેઓએ તેમણે તેમનું ખરૂં ઔષધ જાણવું જરૂરી છે.

આમ નહિ બને તો કાળચક્રમાં 'ધર્મગુરૂઓની સંસ્થા' એક ભૂતકાળની વસ્તુ બની જશે. **રા. નાનાલાલ દોશી.**

---

**રાધનપુરનું વાતાવરણ.**

રાધનપુરનાં વાતાવરણમાં બારસ–તેરસના મતભેદે ઉશ્કેરાટ ફેલાવ્યો છે. લગભગ આઠસો ઘરની વસ્તીમાં ત્રીસેક ઘરોએ બારસથી પર્યુષણ ઉજવ્યાં હતાં. અને પહેલી ચોથની પાખી પળાવવા માટે ધમાલ મચાવી હતી. આયંબીલ ખાતું પણ પહેલી ચોથે બંધ રાખવામાં આવ્યું હતું. આયંબીલ ખાતું સમસ્ત સંઘનું હોવા છતાં શા માટે પહેલી ચોથે બંધ રાખવામાં આવ્યું તે માટે ત્હેના ટ્રસ્ટીઓ પાસેથી જવાબ માંગવો ઘટે છે. રાધનપુરમાં ઉગ્ર વાતાવરણ ખડું થયું છે

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

નૂતન દૃષ્ટિ

Regd No. 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક છઠ્ઠો.
ગુરૂવાર તા. ૧૫-૧૦-૩૬.

## લગ્ન ! : એક મિમાંસા. :

બળતી મિણબત્તીઓને જળહળતી નિરખી નવી મિણબત્તીને એવા જ પ્રકાશનો પુંજ બનવાનું પ્રલોભન થાય છે. અગ્નિની એ મૈત્રી સાધે છે. એની વાટે દિવો પ્રગટે છે ને પ્રકાશ પ્રસરે છે. એ જળહળી ઉઠે છે ને ટમ્ ટમ્ ટમ્ મલકતી એના વાટ દિપને નચવી રહે છે.

શાં મૂલ્ય એને ચૂકવવાં પડે છે—આ ક્ષણભર્યા જળહળાટનાં ? એની વાટ ખત્મ થાય છે. એનો દેહ ખત્મ થાય છે અને જહેથી એ મોહવશ બની હતી એ જળહળાટ; ને એ દિપક પણ અસ્ત થાય છે; વર્ત્તમાનકાળમાંથી ભૂતકાળમાં અવશેષહિન એ લુપ્ત થાય છે.

આપણાં લગ્નોનાં પરિણામ મહદ્ અંશે આથી જુદાં નથી. કુમાર ને કુમારી પરણ્યાં જોડલાંને સુખી કલ્પી, એમાં જ જીવનનું પરમ સુખ કલ્પી, સાથીદારમાં અપૂર્વતા આરોપી, સુનેરી કલ્પનાઓના જળહળતા રંગપર આંખ ઠેરવી એ સ્વપ્નસૃષ્ટિ પોતાની કરવા પરણે છે. એ પરણેછે ત્હારે એનાં મન–શરિર ઉડતાં હોય છે. એ પળે એનાથી વધારે સૌભાગ્યવંતુ કોઈ છે નહિ એમ એ માનતાં હોય છે. મિત્રો ને મુરબ્બીઓ એમાં સાથીઆ પૂરે છે; હર્ષના ધ્વની દિશાઓ ભરે છે અને અસંખ્ય અભિનંદન એમનાં હૈયાં ભરે છે.

નાચતાં હૈયાં નવી દુનિયા ટપી જવાની હોંશમાં રાચતાં હોય છે. એક માને છે 'વ્રજમાં કૃષ્ણ પુરૂષ છે એક' એવા પુરુષની એને મૈત્રી મળી છે. બીજો માને છે 'કાળીદાસની શકુંતલા ને ઉર્વશી બન્ને મિશ્ર થઈ સદેહે જન્મેલી' એવી પ્રયતમાને રૂપે એને પોતાને પ્રાપ્ત થઇ છે. અને પરમ ભાગ્યવંતાં પોતાને માનીને એબન્ને સંતોષ અનુભવે છે.

નવિનતાની ચમકતી પળો વીતિ જાય છે અને સમયનાં વ્હેણ કલ્પના સૃષ્ટિના જળહળતા સુનેરી રંગોપરથી ઘસાઈને પસાર થાય છે. જહેમ જહેમ એ પ્રસાર થતાં જાય છે ત્હેમ ત્હેમ ઉખડતા સુનેરી રંગની નીચેનો અનાકર્ષક ભાગ દેખાય છે અને કલ્પના પટે જ ઉડ્ડયન કરતા પગ પૃથ્વીની નકકરતા ઉપર ઉભીને વાસ્તવિકતાના તાણા વાણા નિરખે છે.

પણ આ અનુભવનાં શાં શાં મૂલ્ય એને ચુકવવાં પડે છે ? એને કલ્પના વ્યોમેથી ઉતારી વાસ્તવિકતા ભાન કરાવે તે વેળા એ આઘાત પામે છે. એનાં રસ છોડ સુકાઈ જાય છે. એણે આરોપેલી અપૂર્વતાઓ ક્ષુલ્લક બની રહે છે. છલંગતાં ઉડ્ડયનની કલ્પના ને ભાવનાની ભસ્મે ઝંખાઇ એનાં કદમ ઠંડાપડે છે. રસહિન હૈયું અને હારી થાકેલો દેહ અનિચ્છાએ જાણે જીવનનો ભાર વહે છે.

લાલીહિન અને આથમતા યૌવનના પ્રતિક શાં આપણાં નવપરણિત જુવાન જુવતીઓ આનાં સાક્ષી થશે.

જુવાનની અજ્ઞાનતા ને વેગ એ આ પરિસ્થીતિ માટે જવાબદાર છે જ. પણ એથી યે વધારે જવાબદાર આપણા સાહિત્યકારો છે. જીવનના સામાન્ય અનુભવોની બાદબાકી કરી માત્ર સોનાની શાહીથી જ પાત્રો અને પ્રસંગો રચી એનો જળહળાટ બતાવીને પતંગીઆં શાં' નાદાન જુવાન જુવતીઓને લગ્ન પરત્વે મુગ્ધ કરે છે. પૃથ્વીપરથી એના પગ એટલા અદ્ધર કરી મૂકે છે. પૃથ્વીપર આવતાં એને પતન જણાવા માંડે છે. અને એથી જીવન સાથે એને મેળ ખાતો નથી.

( અનુસંધાન પૃષ્ઠ ૫૨ જુઓ. )

તરુણ જૈન.

તા. ૧૫-૧૦-૩૬

## —: નૂતન દૃષ્ટિ :—

### — કથા સાહિત્ય —

(૧)

"The whole systam must be changed from root and brench."

કોઇ પણ ધર્મનો ફેલાવો કરવો હોય તો તેનાં સાહિત્યની અનિવાર્ય જરૂર છે. અને એ સાહિત્ય સમયાનુકૂળ બુદ્ધિગમ્ય હોવું જોઇએ જો એ સાહિત્ય બુદ્ધિગમ્ય ન હોય તો ધર્મની જડ મજબુત બની શકે નહિ. જૈનધર્મમાં કથાસાહિત્યની વિપુલતા જણાય છે. કોઇ પાશ્ચાત્ય વિદ્વાન્ ત્યાં સુધી કહે છે કે "સંસ્કૃત અને માગધીમાંથી જૈન સાહિત્યને બાદ કરવામાં આવે તો સંસ્કૃત અને માગધી ભાષા લૂખી લાગે." ભાષાની દૃષ્ટિએ જરૂર એ સત્ય બીના હશે, પરંતુ વ્યવહારિક દૃષ્ટિએ અને આજના યુગની દૃષ્ટિએ જો આપણે ત્હેને ચકાશીએ, તો તે તદ્દન અસંગત લાગશે. દાખલા તરીકે એક કથા લઇએ. "એક પદ્મપત્તન નામનું નગર હતું ત્યાં પદ્મસેન નામનો રાજા રાજ્ય કરતો હતો. ત્હેની સ્ત્રીનું નામ પદ્માવતી હતું. પાટવીકુંવરનું નામ પદ્મનાભ હતું." આમ કથાના આરંભમાં જ નગરી રાજા, રાણી, અને પાટવીકુંવરનું એક જ નામે લખાય. આમાં શ્રદ્ધાના વિષયને બાજુપર મૂકી જો બુદ્ધિથી વિચાર કરવામાં આવે તો તે કાલ્પનિક જ લાગશે. બીજું પ્રત્યેક કથાસાહિત્યમાં વર્ણનો જોઇશું તો તદ્દન એક જ પ્રકારના જણાશે. અને ત્હેમાં નીચેની બીના હશે. "નાયક અને નાયિકા બહુજ ધર્મની આરાધના કરતાં હતાં. ખૂબ ભોગ ભોગવતાં હતાં. સાધુઓની ભક્તિ કરતાં હતાં. નવકાર મંત્રનો જાપ કરતાં હતાં. છેવટે સાધુ થઇ કેવળ જ્ઞાની બની મુક્તિના અધિકારી બન્યાં" આમ જાણે કે એક જ બીબામાંથી એ પ્રગટ થઈ હોય ત્હેમ જણાશે. અલબત્ત ત્હેમાં જુદી જુદી કલ્પનાઓના રંગ જરૂર પૂરવામાં આવ્યા હોય છે. પરંતુ અપ્રસ્તુત ઘટમાળો અને ચમત્કારો તો મૂળમાં હોય છે જ. એટલે જ કથાસાહિત્યને પ્રમાણિક ગણવામાં આવતું નથી. હીરપ્રશ્નમાં એ માટે સ્પષ્ટ પાઠ છે અને ત્હેમાં સમ્રાટ્ અકબર પ્રતિબોધક જગદ્ગુરૂ શ્રી હીરવિજયસૂરિએ કહ્યું છે કેઃ કથા સાહિત્યને પ્રમાણ ન ગણાય છતાં એ વસ્તુ ભૂલવી જોઇતી નથી કે–જ્યારે અને જે યુગમાં આ જાતનું કથાસાહિત્ય અસ્તિત્વમાં આવ્યું હશે ત્યારે નૈતિક દૃષ્ટિએ એ જરૂર સમાજને ઉપયોગી હશે. પરંતુ આજે એ પ્રણાલિકા બદલવાની જરૂર છે. આજના યુગને અનુકુળ બુદ્ધિગમ્ય અને ઐતિહાસિક દૃષ્ટિએ લખાયેલ કથાસાહિત્યની જરૂર છે. કથાઓથી જનતા ઉપર જેટલી અસર થાય છે તેટલી બીજા કોઇ પણ સાધનથી થતી નથી. એ વાત જો બરાબર હોય તો આપણે આજને અનુકૂળ અને સુસંગત કથા સાહિત્ય સર્જાવવું પડશે. સાધુઓ કેહે એ પ્રમાણે ધર્મની આરાધના કરવી કે નવકારમંત્ર ગણવો, ત્હેમની ભક્તિ કરવી કે સાધુ થવું અને કેવળજ્ઞાની બની મોક્ષમાં જવું એ જીવનધ્યેય ભલે રહે પણ ત્હેમાં આજના જીવનને અનુકૂળ ઘણીયે બાબતો ઉમેરવાની રહે છે. સાધુઓ કોને કહેવા ? ત્હેની સ્પષ્ટ વ્યાખ્યા જોઇશે. ધર્મ કેવળ પૂજા પ્રભાવના, સામાયિક, પોસહ, પ્રતિક્રમણ, સ્વામીવાત્સલ્યમાં જ રહેલો છે એમ નહિ. સમયાનુકૂળ સામાન્ય કેળવણી, રાસ્ટ્રીય સ્વતંત્રતા, સ્વબચાવની શક્તિ, અહિંસક દૃષ્ટિએ જીવનનું ઘડતર, કોઈને યે તકલીફ ન પડે એ જાતની નૈતિક વિચારણા વગેરેને પણ ધર્મનું સ્વરૂપ આપવાની જરૂર છે. સાધુઓ ભલે બને. પણ ત્હેની પાછળ સમાજની આર્થિક, નૈતિક અને ધાર્મિક ઉન્નતિ કેમ થાય તે માટે સેવા કરવાની ભાવના જોઇશે. આ જાતના ધ્યેયને દૃષ્ટિ સમક્ષ મૂકી પછી ઐતિહાસિક દૃષ્ટિએ કથા સાહિત્યને વિકસાવવાવી જરૂર છે. જો એ રીતે કથા સાહિત્યનું સર્જન થાય તો સમાજનું જીવન કોઈ ઉચ્ચતમ બનશે. સમાજમાં સમર્થ વિવેચકો છે. સાહિત્યસર્જકો છે. પ્રચંડ વિચારકો છે અને પ્રખર પંડિતો છે. તેઓ જો આ રીતે કથા સાહિત્યને નૂતનદૃષ્ટિ આપશે તો આપણું સાહિત્ય જરૂર સમૃદ્ધ બનશે. જૈનધર્મ એ વિશ્વધર્મ છે. ત્હેનાં સિદ્ધાંતો વિજ્ઞાન ઉપર રચાયાં છે. ત્હેને જો સત્ય સ્વરૂપમાં રજુ કરવામાં આવે તો તે બુદ્ધિગમ્ય બની શકે અને ત્હેને વિશ્વવ્યાપક બનાવી શકાય. પણ ત્હેમાં ટુંકી દૃષ્ટિને છોડી વિશાળદૃષ્ટિ બનાવવી પડશે. એકાંતવાદ છોડી અનેકાંતવાદ તરફ કુચ કરવી પડશે. જોકે અનેકાંતવાદ એ જૈન દર્શનનું મૂળ છે, પણ આજના કુળધર્મીઓ આચારમાં ને વિચારમાં એકાંતવાદી બન્યા છે અને જૈન શાસન કહે છે કેઃ જે એકાંતવાદી બને છે તે આરાધક નથી વિરાધક છે. રૂઢિચુસ્તો અને સુધારકોમાં એટલો જ ભેદ છે કે રૂઢિચુસ્તો એકાંતવાદી છે જ્યારે સુધારકો અનેકાંતવાદી છે અને આ બાબત ખૂબ વિચારણા માંગી લે છે. કથા સાહિત્ય વિશાળહૃદય અને અનેકાંતવાદને સમીપ રાખી જો સર્જવામાં આવે અગર જૂની કથાઓને સુરેખ બનાવવામાં આવે તો આજની કેટલીયે ગેરસમજો દૂર થાય. જે અંધશ્રદ્ધાના થર જામ્યા છે તે નષ્ટ બને અને સંકુચિતતા ને કૂપમંડુકતામાંથી આપણે વિશાળ જગતના આંગણામાં જૈનધર્મના સાથીયા પૂરી શકીએ.

# શ્રી મુંબઇ જૈનયુવક સંઘ તરફથી

## હિરાબાગમાં મળેલી જૈનોની જાહેર સભાનો હેવાલ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની આગેવાની નીચે તા. ૩૦-૯-૩૬ ને બુધવારના રોજ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ સોલિસિટરના પ્રમુખપણા નીચે મળેલી જૈનોની સભામાં શ્રી વીરચંદ પાનાચંદ શાહે 'જૈનધર્મની વિશાળતા ને શ્રી મહાવીર જૈન સમાજ' એ વિષય ઉપર લગભગ પોણો કલાક વિવેચન કરતાં જણાવ્યું કે—પચ્ચીસો વર્ષ ઉપર જ્યારે ધર્મને નામે બકરા. બળદ, પાડા ઇત્યાદિ પશુપક્ષીઓથી માંડી મનુષ્ય સુધીનો હોમ થતો. અને હિંસામય વાતાવરણ ઉત્પન્ન થયું હતું. તેમ બ્રાહ્મણ વર્ગે બધાને એટલી સાંકડી મનોવૃત્તિમાં મૂકયા હતા કે સ્ત્રી ઉપર પ્રથમ પિતા, પછી પતિ બાદ પુત્રને હકદાર નક્કી કરેલો ને ઉચ્ચનીચના ભેદ ઉભા કરી છિન્નભિન્ન સ્થિતી ઉત્પન્ન થયેલી, એ છતાં યે લગ્ન ક્ષેત્ર વિશાળ હતું. ઉપલો વર્ગ ગમે તે જાતિમાંથી કન્યા લાવી શકતો ફકત નીચલો વર્ગ ઉપલા વર્ગમાંથી કન્યા લાવી શકતો નહિ. આ ભેદ પણ સ્વાર્થી લોકોએ સ્વાર્થ સાધવા પૂરતો જ રાખ્યો હતો એમ કહી શકાય.

આવી જ્યારે દેશમાં ભિન્નભિન્ન સ્થિતિ હતી. હિંસાને ધર્મ મનાતો ત્યારે શ્રી મહાવીરસ્વામિએ એવા ભેદભાવને તોડી સર્વને સમાન ભાવવાળા બનાવ્યા. હિંસા ઉપર અહિંસાએ વિજય મેળવ્યો.

બાદ ભૂતકાળના જૈનોની આર્થિક, શારીરિક ને રાજદ્વારી સ્થિતિનું વર્ણન કર્યા બાદ જણાવ્યું કે: એ જમાનામાં આપણી સમાજમાં સાંપ્રદાયિક બંધન નહોતું ત્યારે વર્તમાન યુગમાં આપણી સમાજમાં ગામે ગામે અને શહેરે શહેરે જ્યાં જુઓ ત્યાં જ્ઞાતિઓ, તડો અને ધોળો એટલા પ્રમાણમાં પડી ગયા છે કે કોઇ કોઈ સ્થળે તો દશ પંદર કુટુંબના પણ ધોળ હોય છે અને એવા ટુંકા ક્ષેત્રમાં જ કન્યા લેવડ દેવડ કરવી પડે છે ત્યાં સમાજની કેટલી ભયંકર સ્થિતિ ગણાય.

હું થોડા જ માસ પર આફ્રિકા ગયો ગયેલો ત્યાં આપણી સમાજના હજારો ભાઇઓ ધંધા અંગે વસે છે. તેઓમાં પણ એ સ્થિતિ છે કે તેઓ જે ધોળના હોય તે ધોળમાં લેવડ દેવડ કરે. મેં તેમને આ અંગે આગળ વધવાની સૂચના કરી ત્યારે તેમણે કહ્યું કે: દેશમાં પૂછાવશું. એનો અર્થ જ કશો નહિ. દેશમાંથી એજ જવાબ આવે કે તમને ફાવે તેમ કરી શકો છો. બાકી ન્યાત ન્યાતબહાર મૂકશે. એટલે હજારો માઇલો દૂર પણ જ્ઞાતિ, તડો ને ધોળોથી આપણા ભાઇઓ ગભરાય છે. તેઓ સુધારો કરવા ઇચ્છે છે પણ જ્ઞાતિબહારના ડરે પાછા હઠે છે.

હું પોતે સંપ્રદાયિકતામાં માનતો નથી. પરંતુ આપણે જ્ઞાતિ. તડો ને ધોળોથી છુટા પડી સમગ્ર જૈનકોમમાં કન્યાની લેવડ દેવડ કરી શકીએ એ ભાવના જૈનસમાજમાં ઉત્પન્ન કરવાની જરૂર છે. એટલે જ શ્રી મહાવીર જૈન સમાજ અમુક સભ્યો થતાં સ્થાપવાનો નિર્ણય થયો છે અને ભાઇ મણિલાલ નાણાવટી મહેનત કરી રહ્યા છે. મારી આપ સૌ ભાઇઓને વિનંતિ છે કે બંધારણ ને ફોર્મ આપ વાંચી જશો અને સમાજમાં દાખલ થશો.

બાદ શ્રી મણીલાલ નાણાવટીએ લખી લાવેલ ભાષણ વાંચી સંભળાવ્યા પછી અમીચંદ ખેમચંદ શાહે વિવેચન કરતાં જણાવ્યું કે—જે સમાજમાં ન્યાત કે જાત જેવાં ભેદ જ નથી. તે સમાજમાં કોઈ અમંગળ ચોઘડીએ આ જ્ઞાતિભેદોની સ્થાપના થઇ હશે. જેનું આપણે ભયંકર પરિણામ જોઇએ છીએ.

જે સમાજમાં કરોડોની વસ્તી હતી તે દશલાખ ઉપર આવીને ઉભી છે છતાં સમાજના આગેવાનોની ચક્ષુઓ ખુલતી નથી. અંદર અંદરના નજીવા કજીયા કંકાસો ને મતમતાંતરોએ જૈનસમાજને છિન્ન ભિન્ન કરી હજારોને લાખો જૈનો ધર્મ છોડી અન્ય ધર્મમાં ભળ્યા છતાં ધર્મના ઠેકેદારો હુંસાતુંસીમાં એવા તો સંડોવાયા કે સમાજની ભયંકર સ્થિતિ માટે તેમણે પણ ઉદાસિનતા જ સેવી.

બીજી બાજુ જ્ઞાતિઓ, તડો ને ધોળો ફકત કન્યા લેવડ દેવડ પૂરતાંજ છે. તેમ પુત્રીના ભોગે પુત્રને પત્નિ લાવવાનું જ જે સાધન છે તેવી જ્ઞાતિઓ ને ધોળોમાં કન્યા કેળવણીની આશા રાખવી નિરર્થક છે. જે સમાજ કન્યાકેળવણીમાં પછાત છે તેની ઉન્નતિ અસંભવિત છે. જૈનસમાજના યુવાનો સમાજની ઉન્નતિ ઇચ્છતા હોય તો તેમણે પહેલા જ્ઞાતિ, તડોને ધોળોની સંકુચિત સ્થિતિ નાબુદ કરી સમગ્ર જૈન સમાજમાં અરસ્પરસ કન્યા લેવડ દેવડનો વહેવાર કરવાની હિમ્મત દાખવવી જોઇએ.

જે જ્ઞાતિઓ, તડો ને ધોળો છે તે સમાજની અધોગતિનું કારણ છે ને મુડીદારોના જ હિત માટેની સંસ્થાઓ છે. જેમાં સમાજના હિત માટેની કશીએ ગોઠવણો નથી. તેવા સંકુચિત વાડાઓમાંથી નીકળી વિશાળતામાં આવવાથી જ આપણી સમાજ સંગઠિત બનશે અને એ સંગઠિત માટે જ શ્રી મહાવીર જૈન સમાજ ઉભું થઇ રહ્યું છે તેમાં જોડાઓ,

બાદ વિદ્વાન પ્રમુખશ્રીએ વિવેચન કરતાં જણાવ્યું કે: નાતો, તડો ને ધોળો એ તો લગ્ન સંસ્થાઓ છે. જૈનધર્મને ને લગ્ન સંસ્થાને કાંઇ લેવા દેવા નથી. લગ્ન અંગે નાતો, તડો ને ધોળોના વાડા બંધાણાં ને સમાજ મૂળ મુદ્દાને ભૂલ્યો.

જૈન સમાજમાં ઉચ્ચ નીચ કે નાના મોટાના ભેદ જેવું કશુંએ ન હોવું જોઇએ. પરંતુ સાતસોના સૈકામાં શંકરાચાર્ય ને કુમારિલભટ્ટે હિન્દુ સંસ્કૃતિ માટે જોર કર્યું. ત્યારથી જૈન સમાજ ધર્મે જૈન રહ્યો ને વ્યવહારે હિન્દુ બન્યો. એટલે વહેવારે હિંદુધર્મની રૂઢિઓ ને રીતરિવાજોએ તેની ઉપર ભારે અસર કરી. જ્યારે બાદ્ધો બ્યવહારે ને ધર્મે બૌદ્ધ જ રહ્યા તેથી તે ધર્મ હિંદમાંથી લય પામ્યો.

ભારતમાં એકાંતવાદ તેમ અનેકવાદો સામે શ્રી મહાવીર ભગવાને અનેકાંતવાદ સ્થાપી સમાજને સ્થિર બનાવી જેથી જૈનધર્મે લોકો ઉપર ઉંડી છાપ પાડેલી ને સૌ પ્રેમ ને બુદ્ધિથી સ્વીકારતા.

જૈન દર્શન અનેકાન્તવાદની સાથે જ બુદ્ધિવાદનો સ્વીકાર કરે છે. તે તો દરેક જણને કહે છે તમે બુદ્ધિગમ્ય બનો. વેદવાકય પ્રમાણ, ઇશ્વર કહે તે સાચું. ગુરૂ કહે તે સત્ય. એમ નહિ પણ તમારી બુદ્ધિથી વિચારીને જ કબુલ કરો.

જૈન દર્શન પુરૂષાર્થને મહત્તા આપે છે. કોઇને વિનવણીથી કે મહેરબાનીથી મોક્ષ પ્રાપ્ત કરી શકાતો નથી. પોતે જ પોતાની શકિતઓથી પોતાના આત્માનો ઉદ્ધાર કરી શકે છે છતાં પુરૂષાર્થ ભૂલવાથી આપણી આજે આ દશા થઈ છે માટે બીજાઓ ઉપર આશા રાખી બેસી રહેવા કરતાં એ પુરૂષાર્થ હાથમાં લ્યો.

વાડા, જ્ઞાતિઓ કે તડો, ધોળોને લગારે સહકાર ન આપો. તેને તોડી પાડવાના જ પ્રયત્ન આદરો. ગમે તે ભોગે તેને તોડો અને મેદાન સાફ કરો.

આપણી સમાજની સ્થિતિ ભયંકર છે. તેનું મેદાન અનેક કાંકરા કાટાથી છવાએલું છે. તેને સાફ કરવા દરેક કામો લાગી જાઓ.

# સંપ્રદાય અને સત્ય.

: લેખક :
પં. સુખલાલજી.

સાંપ્રદાયિક દૃષ્ટિ એટલે શું અને સત્ય દૃષ્ટિ એટલે શું? એ બે વચ્ચે શો તફાવત છે અને સાંપ્રદાયિક દૃષ્ટિના સ્થાનમાં સત્ય દૃષ્ટિ કેળવવાની, પોષવાની અને વિકસાવવાની કેટલી જરૂર છે? આ બાબતનું જ્ઞાન શિક્ષિતોએ મેળવવાની ખાસ જરૂર છે અને તે વાસ્તે આ સમય વધારેમાં વધારે ઉપયુકત છે. કેળવાએલાઓ જ સામાન્ય જનવર્ગના પ્રતિનિધિ હોઈ તેમના.માર્ગદર્શક થઇ શકે. તેઓ પ્રસ્તુત વિષયમાં યથાર્થ અને સચોટ જ્ઞાન ધરાવતા હોય તો અશિક્ષિત અને અર્ધઅશિક્ષિત વર્ગને વિશ્વની, રાષ્ટ્રની અને જાતીય એકતા સાધવા થનાર વિવિધ પ્રયત્નોથી આ ઘડીએ યોગ્ય દિશામાં દોરી શકે, એ આશયથી કેળવાયેલાઓ સમક્ષ મેં પ્રસ્તુત વિષય ઉપર કાંઇક કહેવા ધાર્યું છે.

બેકિટરિયા જેવા સૂક્ષ્મ તમ જંતુઓમાં અને ઇતર પ્રાણિઓમાં પણ અભેદની ભૂમિકા છે, પણ તે આદર્શ નથી. કારણ એ ભૂમિકા જ્ઞાન કે બુદ્ધિસાધિત નહિ પણ જ્ઞાન મૂલક છે. એમાં ભેદના જ્ઞાનનો અભાવ જ છે પણ અભેદનું જ્ઞાન નથી. મનુષ્યત્વનો આદર્શ અભેદનો છે પણ તે અભેદ જ્ઞાનમૂલક જ. બુદ્ધિથી, વિચારથી અને સમજણથી અનુભવાતી એકતા એ જ મનુષ્યત્વનો શુદ્ધ આદર્શ છે. ભેદોનું વિવિધતાઓનું ભાન હોવા છતાં તેની પેલી પાર જઇ, જેટલે અંશે દૃષ્ટિ અભેદ, એકતા કે સમન્વય અનુભવી શકે તેટલે અંશે તે મનુષ્યત્વના આદર્શની નજીક પહોંચી કહેવાય. આ આદર્શમાં માત્ર આધ્યાત્મકતા જ નથી પણ એમાં શુદ્ધ અને સુખાવહ વ્યાવહારિકતા સુદ્ધાં આવી જાય છે. પ્રાણી માત્ર પ્રત્યે આત્મૌપમ્યની દૃષ્ટિ, સમગ્ર વિશ્વમાં પરસ્પર ભ્રાતૃભાવ અને વિશુધ્ધ રાષ્ટ્રીયતા એ બધાં ઉકત આદર્શના જુદાં જુદાં અને ભિન્ન ભિન્ન કક્ષાવાળાં સ્વરૂપો છે, અંગો છે.

અહંકાર અજ્ઞાન અને વિપરીત સમયથી માણસ જાતિએ પોતાના આદર્શને માત્ર છોડી આડો રસ્તો જ નથી લીધો પણ ઘણા ખરા દાખલાઓમાં તો એણે મોટે ભાગે જાણે પોતાના આદર્શના ચૂરેચૂરા કરી નાખ્યા હોય તેમ લાગે છે. દેશભેદની, જાતિભેદની, ભાષાભેદની, આચાર અને સંસ્કાર ભેદની અને એવા બીજા અનેક ભેદની ભાવના પ્રમાણથી વધારે તેમજ ખોટી રીતે પોષી, એકતાની સાધનાનું કાર્ય કેટલું અઘરૂં કરી મૂકયું છે, તે મનુષ્ય જાતિના ઇતિહાસના અભ્યાસીને કહેવાની ભાગ્યે જ જરૂર છે. આપણામાં જાણે–અજાણે સાંપ્રદાયિક ભેદ ખોટી રીતે કેમ પોષાય છે. તેના વ્યકિતગત, સામાજીક, ધાર્મિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ કેવાં કેવાં માઠાં પરિણામ આવે છે અને એ પરિણામોથી બચવા વાસ્તે કઈ દૃષ્ટિની જરૂર છે એટલું જ માત્ર આ સ્થળે ચર્ચવું ઇષ્ટ છે.

અન્ય પંથ અને સંપ્રદાયના સંસ્કાર ધરાવનાર ઇતર વ્યકિતઓનો મને ગમે તેવો અનુભવ હોય તો પણ તે સ્વપંથ અને સ્વાનુભવ કરતાં ઝાંખોજ હોવાનો, તેથી જો કે હું અહિ એક જૈન પંથ અને જૈન સંપ્રદાયને લક્ષીને જ સ્વાનુભૂત જેવું ચિત્ર ખેંચુ છું છતાં દરેક શ્રોતા એ ચિત્રને પોતાનું ચિત્ર માની, તેમાંની દરેક ભિન્ન ભિન્ન ઘટનાઓમાં પોતાની અનુભૂત ઘટનાઓ ગોઠવી એ ચિત્રને સાધારણ રૂપ આપે તો પ્રસ્તુત ચર્ચા સમજવામાં ભારે સરલતા પડશે.

જ્યારે એક બાળક જન્મી માને ખોળે આવે છે ત્યારથી જ તે સ્તનપાન અને બાલ જગતના અવલોકન સાથે જ મનમાં અજાણપણે સાંપ્રદાયિક સંસ્કાર સંઘરતો જાય છે. જરાક મોટી ઉંમર થતાં તે સંસ્કાર 'જે જે' 'રામ' 'પરશુ' 'ભગવાન' આદિ સહેલા શબ્દોમાં વ્યકત થાય છે. માબાપ વગેરે બાળકને 'ધરમ' શબ્દ ઉચ્ચારાવે છે. બાળક ઉચ્ચારે છે. એની ગ્રહણ અને ઉચ્ચાર શકિત વધતાં જ એની પાસે 'જૈન ધરમ' આદિ શબ્દો ઉચ્ચારાવવામાં આવે છે. થોડા જ વખતમાં બાળક પોતાને અમુક 'ધરમ'નો કહેવા મંડે છે. તે વખતે એના મનમાં ધર્મ, પંથ કે સંપ્રદાયની કોઇ સ્પષ્ટ કલ્પના હોતી જ નથી, છતાં તે મળેલ સંસ્કારને બળે પોતાને અમુક 'ધરમ'નો કે અમુક સંપ્રદાયનો માનતો થઈ જાય છે. વળી થોડી ઉંમર વધતાં વડિલો જો જૈન હોય તો બાળકને એમ સમજાવવા પ્રયત્ન કરે છે કે આપણે જૈન કહેવાઇએ. ઉમર, અવલોકન અને જીજ્ઞાસા સાથે જ વધે છે. વડિલો એનો સંતોષવા કહેતા જાય છે કે કીડી ન મરાય. પાણી અલગણ ન પીવાય. વધારે પાણી ન ઢોળાય–કેમકે આપણે જૈન કહેવાઇએ. આટલા શિક્ષણથી કિશોર માનસ એટલું જ શીખી લે છે કે અમુક ન કરવું તે જૈન ધર્મ, વળી કિશોર વડિલો સાથે ધર્મસ્થાનમાં જાય કે ઘેર ધર્મગુરૂઓને જુવે ત્યારે આ ગુરૂ કહેવાય, જૈન ગુરૂ આવા હોય, આવો તેમનો વેશ હોય, તેમને આ રીતે નમન થાય વગેરે વિધાનો જાણી લે છે. અત્યાર લગીમાં તો માત્ર એણે જૈન ધર્મ જેવા સાધારણ શબ્દો ગ્રહણ કર્યા છે. એનો અર્થ પણ એણે આસપાસના વાતાવરણમાંથી માત્ર સીધી રીતે ગ્રહણ કર્યો છે. હવે તે કાંઈક મોટો થતાં બીજી રીતે શિક્ષણ પામે છે. ધર્મગુરૂ જો સ્થાનકવાસી હોય તો એને એવી તાલીમ મળે કે જે મુહપત્તિ બાંધે, જે અમુક જાતનો જ આચાર પાળે તે જૈનગુરૂ અને તે જ ખરા ગુરૂ. બાળક એટલું શીખી આગળ વધે છે. ધર્મ પુસ્તકો શીખતી વખતે એ સાથે જ શીખે છે કે આ કે અમુક પુસ્તકો જ જૈન શાસ્ત્રો છે અને તે જ ખરાં ધર્મશાસ્ત્રો છે.

એ જ રીતે વળી તે જુદા જુદા ક્રિયાકાંડો, ઉપાસનાઓ અને અને આચારો જે તેની આજુબાજુ પ્રચલિત હોય તેને જ જૈન ક્રિયા, જૈન ઉપાસના અને જૈન આચાર બોલતો થઇ જાય છે. અને ક્રમે ક્રમે એના મનમાં એ સંસ્કાર પણ પોષાય છે કે જૈન ગુરૂ તો મેં જોયા તેવા જ હોય, બીજા નહિ; જૈન શાસ્ત્રો મેં જાણ્યા તે જ, બીજાં નહિ; જૈન ક્રિયા, જૈન ઉપાસના ને જૈન આચાર તો હું જાણું છું તે જ કહેવાય; બીજા નહિ. આ રીતે ધર્મી અને જૈનધર્મ આદિ મહત્ત્વપૂર્ણ શબ્દોના ભાવો તેના મનમાં બહુ જ ટૂંકા રૂપમાં ચિતરાઇ જાય છે. વળી ઉમર વધતાં એની સામે એક નવું ચિત્ર ખડું થાય છે. તે એ કે જૈન ધર્મ જ સાચો છે, બીજા ધર્મો ખોટા છે. અને જૈન ધર્મ તો તેને માટે માત્ર તેની ઉછેરભૂમિમાં ચાલતો જૈન ફિરકો જ બની જાય છે. એ કિશોર તરૂણ થઇ જીજ્ઞાસાના વેગમાં જ્યારે બીજા પ્રકારના ધર્મગુરૂઓ, બીજી જાતના ધર્મસ્થાનો, અન્ય પ્રકારના ધર્મશાસ્ત્રો અને અન્ય વિધિ

ક્રિયાકાંડ, ઉપાસના આદિ જુવે છે કે તે વિષે જાણે છે ત્યારે એની મુંઝવણ શરૂ થાય છે. આ મુંઝવણનું પહેલું પગથિયું છે. તેને એમ થાય છે કે મેં માનેલ તે કરતાં આ તો બધું જુદી જાતનું છે. આ બધાને જૈન ધર્મની કોટિમાં ગણાશે કે નહિ? સાધારણ રીતે આવી મૂંઝવણનો નિકાલ અયોગ્ય રીતે જ આવે છે. સાંપ્રદાયિક શિક્ષણદ્વારા મોટે ભાગે એમ ઠસાવવાનો પ્રયત્ન થાય છે કે અમુક સિવાય બધા મૂળ જૈન ન કહેવાય. એ ભલે જૈન હોય પણ તે વિકૃત, અસલી નહિ વળી તરુણની જીજ્ઞાસા યૌવન ધારણ કરે છે. એ પૂછે છે કે અમુક જ મુળ અને અને બીજા નહિ તેનું શું કારણ? પ્રથમ તેણે મૂર્તિને, મંદિરોને ધર્મ કોટિમાં ન ગણ્યા હોય ને હવે તે બધાને અને પ્રથમ જાણેલ કરતાં વધારે શાસ્ત્રોને પણ જૈન કેમ ન ગણવા? એ વિષે પ્રશ્ન ઉઠાવે છે. હવે તો તે એક શેરી કે ગામડાનો મટી શહેરનો નિવાસી થાય છે અને ત્યાં તે સ્થાનકવાસી ઉપરાંત શ્વેતાંબર મૂર્તિપૂજક પરંપરાની બધી બાબતો જોઇ તેને પણ જૈન ધર્મના પ્રદેશમાં ગણવા પ્રેરાય છે. પ્રથમ ગ્રહણ કરેલ શબ્દોના ભાવો હવે વિસ્તારે છે. વળી તે જુવાન આગળ વિદ્યાપીઠોમાં અને બીજા સ્થળોમાં પ્રથમ નહિ જોયેલ, નહિ જાણેલ ત્રીજા જ જૈન પંથ વિષે કાંઇક સાંભળે, જાણે છે—નગ્ન જ જૈન ગુરૂ હોય, વસ્ત્રધારી હોય તે તો જૈન ગુરૂ કહેવાઇ જ ન શકે, સ્થાનકવાસી અને શ્વેતાંબરે ગણેલ અને માનેલ શાસ્ત્રો તે મૂળ જૈન શાસ્ત્રો નહી, એ તો બનાવટી અને પાછળના, ખરા જૈન શાસ્ત્રો તો બધા ગૂમ થયા તેમ છતાં માનવા હોય તો અમુક આચાર્યોએ બનાવેલાં જ શાસ્ત્રો મૂળ જૈન શાસ્ત્રની નજીક છે અને બીજા નહિ. મૂર્તિ મનાય પણ તો તે નગ્ન મુદ્રાવાળી જ અને બીજી નહિ. આ અને આના જેવું પ્રથમ નહિ સાંભળેલ જ્યારે તે યુવક સાંભળે છે કે વાંચે છે ત્યારે તેની મુંઝવણનો પાર રહેતો નથી. જે જે ધર્મને લગતા શબ્દોના અર્થો તેના મનમાં ઠસેલા તેની વિરૂદ્ધનું જ આ નવું શિક્ષણ તેને વ્યગ્ર કરી મૂકે છે. આ વ્યગ્રતાનો નિકાલ પણ યોગ્ય રીતે નથી આવતો. કાં તો છેવટે મળેલ નવું શિક્ષણને મિથ્યા કહી, પ્રથમ પ્રાપ્ત કરેલ સંસ્કારોને જ યથાર્થ ગણી તેને વળગી રહે છે અને કાં તો પ્રથમના સંસ્કારોને ફેંકી નવ શિક્ષણ પ્રમાણે જ તે ધાર્મિક શબ્દોનો અર્થ મનમાં ઠસાવે છે. આ તો માત્ર જૈન ધર્મના મુખ્ય ત્રણ ફિરકાઓની વિરોધી માન્યતાઓમાં સીમાબદ્ધ થયેલ જૈન ધર્મને લગતા શબ્દો અને સંકેતોની વાત થઇ, પણ તે ચિત્ર હવે તો વધારે લંબાય છે. હવે એ વ્યક્તિ બાળક, કિશોર, કૂમાર કે કોલેજનો તરૂણ મટી વિશ્વશાળાનો વિદ્યાર્થી બને છે, તેની સામે અનેક પંથોના અનેક રૂપધારી ધર્મગુરૂઓ, અનેકવિધ આચાર અને ક્રિયાકાંડો, વિવિધ પ્રકારના ધર્મશાસ્ત્રો અને ધાર્મિક વિચારો ઉપસ્થિત થાય છે ત્યારે વળી એની મુઝવણ ઔર વધી જાય છે. એ કહે છે કે આ બધાને ધર્મપ્રદેશમાં ગણવા કે નહિ? ન ગણવા તો શું કારણ? ગણવા તો તેને કુળધર્મ એટલે પ્રથમના જૈન ધર્મની કોટિના જ કે તેથી ઉતરતા દરજ્જાના? આ મુંઝવણનો નિકાલ પણ હજારમાં એક જણને યોગ્ય રીતે જ સાંપડે છે. આ રીતે જન્મથી તે મોટી ઉમર સુધી મળેલી સાંપ્રદાયીક ભાવનાને પરિણામે મનુષ્ય જાતિ જુદા જુદા પંથોની છાવણીઓમાં ગોઠવાઇ એક બીજા ઉપર નાસ્તિકતા, ધર્મ—ભ્રષ્ટતા, મિથ્યાદૃષ્ટિ આદિની ધાર્મિક ભાંડણની તોપો ચલાવે છે અને આસ્તિકતા, ધાર્મિકતા અને સમ્યગ્દૃષ્ટિ આદિ સર્વમાન્ય શબ્દોના બખ્તરથી પોતાને સુરક્ષિત બનાવવા યત્ન કરે છે. આ ધર્મ જાદવાસ્થળી જોઇ એક વિચારક ચિંતનમાં ગરક થાય છે. પોતાની મુંઝવણનો નિકાલ બીજા પાસે કરવા કરતાં સ્વબળે જ તે નિકાલ આણવા મથે છે. પછી તો તે વિવિધ શાસ્ત્રો વાંચે છે. ઉભા થતા વિવિધ પ્રશ્નોનો તટસ્થભાવે વિચાર કરે છે અને તેના મનમાં મનુષ્યત્વના આદર્શ તેમજ ધર્મવચ્ચેના સંબંધના વિચારો સ્ફુરે છે ત્યાં તો તેની ભ્રમણા ભાંગે છે, મુંઝવણો આપો આપ સરી જાય છે અને એક નવો જ પ્રકાશ પ્રસરતાં તેને સાંપ્રદાયિકતા અને સત્ય વચ્ચેનું અંતર અનુભવાય છે. તે હવે જુવે છે કે સંપ્રદાય એ કોઈ એક વિશિષ્ટ વ્યકિતની ખાસ સાધનાની પ્રતિક છે. એમાં તે સંપ્રદાયના મૂળ પ્રવર્તકનો આત્મા તરવરે છે તે આત્મા મહાન છે છતાં મર્યાદિત છે. તે સાધના તેજસ્વી છે પણ બીજાં તેજોને અભિભૂત કરે કે લોપી નાખે તેવી નથી. તે સાધના પાછળના મૂળ પ્રવર્તકના અનુભવો ઉપયોગી છે પણ તે બીજાં સાધકોની સાધનાએ અને અનુભવોની અનુંપયોગિતા કે નિરર્થકતા સિદ્ધ કર્યા સિવાય જ સ્વબળે પોતાની ઉપયોગિતા સાબિત કરવાનું બળ ધરાવે છે. આવા વ્યાપક, નિષ્પક્ષ અને સમન્વયગામી ચિંતન પ્રવાહમાંથી તેને એક એવી ચાવી સાંપડે છે કે હવે તે સંપ્રદાય સંપ્રદાય, પંથ પંથ અને ફિરકા ફિરકા વચ્ચેના નાના—મોટા બધા ભેદોના વિરોધોની ઘૂંચને ઊકેલી લે છે. પછી તો એ અનુભવેલ બધા સાંપ્રદાયિક પરિસ્થિતિમાંથી સિદ્ધાંતો ઘડે છે. એને લાગે છે કે સંપ્રદાયમાં સત્ય છે પણ તે મર્યાદિત છે. બીજા સાંપ્રદાયના સત્ય સાથે એક સંપ્રદાયના સત્યને વિરોધ નથી. વળી બન્ને સંપ્રદાયના આંશિક સત્યોનો ઇતર તમામ સંપ્રદાયોના આંશિક સત્યો સાથે પણ વિરોધ નથી. એ બધાં ખંડ સત્યો એક મહાસત્યની અભિવ્યકિતઓ છે. એને લાગે છે કે જેમ કોઇ માતૃભકતને પોતાની માતા પ્રત્યે ઉત્કૃષ્ટતાની ભાવના પોષવા વાસ્તે ઇતરની માતાઓમાં પોતાની માતા કરતાં લઘુતા કેળવવાની જરૂર નથી. ઇતર માતાઓમાં જરાપણ લઘુતાનો આરોપ કર્યા સિવાય સ્વમાતામાં ઉત્કૃષ્ટતા અને પૂજ્યતાની બુદ્ધિ પોષી શકાય છે તેમ ઇતર સંપ્રદાયો પ્રત્યે જરાપણ તિરસ્કાર, ક્ષુદ્રતા કે દોષદર્શન પોષ્યા સિવાય જ સ્વસંપ્રદાય પ્રત્યે પૂર્ણ સન્માન બુધ્ધિપૂર્વક રાખી શકાય છે. આ વિચારપ્રવાહ સ્ફુરતાં જ તે સાંપ્રદાયિક હોવા છતાં અસાંપ્રદાયિક બને છે. પંથગામી હોવા છતાં સત્યગામી બને છે. અને મનુષ્યત્વના આદર્શની સાથે મેળ બેસે એવા ધર્મપંથે વિચરવા લાગે છે.

હવે તો તે કુરાન અને પુરાણ બન્નેના સાંપ્રદાયિક અનુગામીઓની તકરારોને બાળકચેષ્ટા ગણે છે. વેદ, આગમ, પિટક, અવેસ્તા. બાઇબલ આદિ બધા જ ધર્મગ્રન્થોમાં દેખાતા અને સમાતા વિરોધો સરી જાય છે. એની સામે વિશ્વની એકાતાનો, રાષ્ટ્રીય એકતાનો સામાજિક અને ધાર્મિક એકતાનો આદર્શ સ્પષ્ટ ઉપસ્થિત થાય છે અને બીજાને વિરોધી દેખાતા એ જ પંથોમાંથી એને એકતા પોષક અત્યાર લગી આવૃત્ત રહેલાં તત્ત્વાનો ઐતિહાસિક મર્મ ખુલ્લો થાય છે. એ જન હોય તો યે ગીતામાંથી અમૃત પીવે છે. વૈદિક હોય તો યે ઉત્તરાધ્યયન અને ધમ્મપદનું ધર્મપાન કરે છે. મોહોમેડન હોય તો અવેસ્તા તેમજ આગમ પિટકમાંથી સત્ય પ્રેરણા મેળવે છે. એક વાર જે ધર્મદૃષ્ટિ સાંકડા માર્ગમાંથી અને મૂંઝવણોના ખાડા ટેકરામાંથી મુશ્કેલીથી સ્ખલના સાથે પસાર થતી તે ધર્મદૃષ્ટિ હવે બંધનમુક્ત થઈ મનુષ્ય માત્રની એકતા સાધવાના કામમાં ઉદ્યત બને છે.

("જૈન"માંથી.)

# નાનાં ઘરમાં મોટા માણસ

: લેખક :
રા. મુળચંદ આશારામ વૈરાટી

માંદગીને બિછાને પડેલી પોતાની માતાની એક બાળક માવજત કરી રહ્યો હતો. તેનું નામ પીયેર. ગરીબાઈએ ત્હેના ઉપર ઘેરો ઘાલ્યો હતો. ત્હેની માતા માટે દવા અને ફ્રુટ લાવવા ત્હેની પાસે ફુટી બદામ પણ ન હતી. ત્હેવામાં ત્હેણે સાંભળ્યું કે સારાય ફ્રાંસમાં પ્રખ્યાત સંગીતકાર મેડમ મેલીબ્રાનનો સંગીતનો જલસો થનાર છે. તે સંગીતનો શોખીન હતો. ત્હેને એ જલસામાં જવાનું દીલ થયું. પણ અફસોસ ! પાસે એક પેની પણ ન હતી. પરંતુ કંઇક કુદરતી બક્ષીસ હતી. ત્હેનો ત્હેણે ઉપયોગ કર્યો. એક ડાઘાવાળો કાગળ લીધો અને એક કાવ્ય રચ્યું. મૃત્યુને બીછાને પડેલી માતા તરફ એક દૃષ્ટિપાત કરી એ કાગળનો ટુકડો લઇ ઘરની બહાર નીકળી પડયો. ત્હેના પગ ઝડપથી ઉપડતા હતા. તે મેલીબ્રાનના ઘરે પહોંચ્યો. મેડમ મેલીબ્રાને પોતાના નોકરને પૂછ્યું: કોણ મળવાની રાહ જુવે છે ? હવે તો હું લોકોને મળી મળીને કંટાળી ગઇ છું. નોકરે કહ્યું કે મળવા આવનાર એક નાનો બાળક છે. અને કહે છે કેઃ મ્હને મળવાથી ત્હમારે દીલગીર થવું પડશે નહિ. મેડમે કહ્યું કેઃ આવવા દે નાના બાળકને ના કેમ પાડી શકાય ? પીયેર મેડમ પાસે આવ્યો અને કહ્યું કેઃ મારી મા બિમાર છે. ત્હેની દવા લાવવા માટે એક પેની પણ મારી પાસે નથી. ઘરમાં ખોરાક નથી એટલે જો આ મારૂં બનાવેલ કાવ્ય ત્હમે જલસામાં ગાઓ તો ત્હેનો કોઇ ખરીદનાર મળી જાય અને મારી માતાને ઔષધ અને ખોરાક મળી શકે. મેડમ એ બાળકને જોઇ રહી! ત્હેનું કાવ્ય વાંચ્યું. ત્હેનો રાગ મનમાં ગાયો. અને પછી પૂછ્યું કે બાળક ! આ કાવ્ય ત્હેં બનાવ્યું છે ? બાળકે હકારમાં જવાબ આપ્યો. મેડમે ત્હેને જલસામાં આવવાનો આગ્રહ કર્યો. બાળકે પોતાની મુશીબતો રજુ કરી. મેડમે ત્હેને દિલાસો આપ્યો. ત્હેની માતાની માવજત માટે બંદોબસ્ત કરી આપ્યો. એક ક્રાઉન આપ્યો અને ત્હેમાંથી ખોરાક અને દવા ખરીદી લાવવા કહ્યું. જલસામાં આવવા માટે એક ટીકીટ આપી અને કહ્યું કે આ ટીકીટ બતાવવાથી ત્હને મ્હારી નજીક જગ્યા મળશે.

ખોરાક અને દવા લઇને પીયેર ઘેર આવ્યો. માતાની સારવાર કરી. રાત્રે ટીકીટ લઇ જલસામાં ઉપડયો. નકકી કર્યા મુજબ જલસો શરૂ થયો. બેન્ડે કરૂણ રાગ ઉપાડયો. કોકિલકંઠી મેડમે પીયેરનું હૃદય દ્રાવક કાવ્ય ગાવાનું શરૂ કર્યું. વાતાવરણ કરૂણરસથી મઘમઘી રહ્યું. વિપુલ શ્રોતામંડળની આંખોમાંથી અશ્રુઓના ધારા વ્હેવા લાગી. બાકીનો પ્રોગ્રામ પૂરો થયો. જલ્સો ખત્મ થયો.. શ્રોતાઓ વિખરાયા. પીયેર ઘેર આવી નિદ્રાધીન થયો બીજે દિવસે મેડમ મેલીબ્રાને ગરીબ પીયેરના ઘરના બારણા ઉઘડાવ્યાં અને પીળાવાળના જુલ્ફાવાળા પીયેરના માથે હાથ ફેરવી ત્હેની માતાને કહ્યું કેઃ તમારા આ બાળકે સારા પૈસા પેદા કર્યા છે. લંડનના એક પ્રસિદ્ધ પ્રકાશકે એનાં નાના કાવ્ય માટે ૩૦૦ પાઉંડ આપવાની માગણી કરી છે. અને વેચાણમાંથી અમુક રકમ મળ્યા પછી પીયેર ત્હેના નફાનો ભાગીદાર થશે. ત્હમારા બાળકમાં આ જાતની કુદરતી બક્ષીસ હોઈ ત્હમારે ગૌરવ લેવા જેવું છે. પીયેર મેડમને ઘુંટણીયે પડયો. અને બોલ્યો કે જે માયાળુ હૃદયે ગરીબ માટે આટલી લાગણી બતાવી છે ત્હેનું કલ્યાણ થાઓ ! કેટલોક કાળ પસાર થયો. મેડમ મેલીબ્રાન માંદગીને બીછાને પટકાઈ પડી. પીયેર ત્હેની સારવાર માટે દોડી ગયા. અને જીંદગીના અંતસુધી પોતાની માતાની માફક રાત્રિદિવસ સેવા કરી પીયેર અને મેલીબ્રાન નાના ઘરનાં મોટાં માણસ હતાં.

**પ્રમાણિકતાઃ–**

એડીનબરો શહેરમાં સખ્ત ઠંડી પડી રહી હતી. ત્યારે એક કંગાળ અને ચીથરેહાલ છોકરાએ રસ્તાના એક બાંકડા ઉપર બેઠેલા ગૃહસ્થને કહ્યું કેઃ સાહેબ ! દીવાસળી ખરીદશોઃ ? મારે ખરીદવી નથી ગૃહસ્થે જવાબ આપ્યો. એ છોકરાએ ફરીવાર પહેલા ગૃહસ્થને લલચાવવા કહ્યું કેઃ એક પેનીની બે લ્યો ! એ હકીકત નોંધતા એ ગૃહસ્થ કહે છે કે મેં તે છોકરાને દૂર કરવા એક પેટી ખરીદી પણ છુટી પેની નહિ નીકળવાથી મેં કહ્યું કેઃ કાલે પેટી ખરીદીશ. તે છોકરાએ કહ્યું કેઃ આજે જ ખરીદો ! હું ઘણો ભૂખ્યો છું. લાવો પરચુરણ લાવી આપું. ગૃહસ્થે શિલિંગ આપ્યો. અને છોકરો વટાવવા દોડી ગયો. પેલા ગૃહસ્થે છોકરાની થોડો સમય રાહ જોઇ પણ તે આવ્યો નહિ. છતાં તે સંબંધી કંઈપણ ખોટો અભિપ્રાય બાંધ્યા વગર તે પોતાને મકાને ગયો. મોડી સાંજના ત્હેના નોકરે કહ્યું કે સાહેબ ! એક છોકરો આપને મળવા માગે છે. છોકરાને અંદર બોલાવ્યો. ત્હેનો ચ્હેરો જોતાં જ જણાયું કે શિલિંગ લઈ જનાર છોકરાનો તે નાનો ભાઈ હશે. તે ચીથરેહાલ, દુર્બળ અને કંગાળ છોકરો બોલ્યો કે આપના શિલિંગના આ 'ચાર પેન્સ' સેન્ડી પાસેથી આપે દીવાસળી લીધી હતી. સેન્ડી શિલિંગ વટાવવા ગયો પણ ત્હેને અકસ્માત નડવાથી ટોપી, દીવાસળીની પેટીઓ અને અગીઆર પેન્સ ગુમાવ્યા છે. ત્હેના ખીસામાં જે ચાર પેન્સ હતા તે ત્હેણે મ્હને આપવા મોકલ્યો છે. ત્હેના બંને પગ ભાંગી ગયા છે. અને દયાળુ ડોકટરે ત્હેને જોઇને કહ્યું છે કે તે બચી શકશે નહિ. મારી પાસે કાંઇ નથી એટલે બીજા પેન્સ હું નહિ આપી શકું આમ કહી તે રડી પડયો. ગૃહસ્થે તે છોકરાને ખાવાનું આપ્યું અને ત્હેની સાથે સેન્ડીને જોવા ગયો. ત્યાં ત્હેને જણાયું કે તે છોકરાના માતાપિતા સ્વર્ગે સિધાવી ગયાં હતાં. અને એક ઓરમાન મા સાથે આ બંને બાળકો રહેતાં હતાં. ઘોડીઆઓના નાના ઢગલા ઉપર સેન્ડી પડયો હતો. ત્હેણે મ્હને જોતાં જ કહ્યું કેઃ સાહેબ ! શિલિંગ વટાવીને આવતો હતો ત્યારે ઘોડાની લાતનો હું ભોગ બન્યો. મ્હારાં બંને પગ ભાંગી ગયા. મ્હારી પાસે હવે બીજા પેન્સ નથી. રૂબી ! ભાઇ ! રૂબી ! હું બચી શકીશ નહિ. મારા મર્યા પછી ત્હારી સંભાળ કોણ લેશે ? રૂબી ! તું શું કરીશ ? દુઃખી થતા બાળકને જોઇને પહેલા ગૃહસ્થે કહ્યું કેઃ હું રૂબીની સંભાળ લઇશ. ત્હેણે મુંગે મોઢે ગ્રહસ્થનો આભાર માન્યો. કારણ કે બોલવાની શકિત તેનામાં હતી નહિ. થોડી જ મીનીટો બાદ ત્હેણે માતાના ખોળામાં પ્રાણ છોડયો. આવા નાના ઘરમાં પણ કેવા પ્રમાણિક બાળકો !!! આપણું સાહિત્ય દેવદેવીઓના અકુદરતી ચમત્કારોથી રંગવા કરતાં આવા કુદરતી સાચા રંગોથી કયારે રંગાશે?

# ‘નવકારમંત્ર’ સંબંધી શ્રી પરમાનંદ-ભાઇનો ખુલાસો.

‘મુંબઇ સમાચાર’ના તા. ૧–૧૦–૩૬ ના અંકમાં શ્રી ચીમનલાલ એચ. શાહની સહીનું એક ચર્ચા પત્ર પ્રગટ થયું છે તેમાં ‘હું નવકારમાં માનતો નથી’ એમ મેં સુરતમાં કહ્યું હતું એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ તરફ મારૂં ધ્યાન ખેચાતાં મને ભારે અજાયબી થઇ છે. મારા કયા કથનની આવી વિકૃતિ કરવામાં આવી હશે તેનો વિચાર કરતાં મને સમજાયું કે આજે જે ધાર્મિક રૂઢિઓ અને રીતરીવાજો પ્રચલિત છે તે કાંઇ અનાદિ કાળથી ચાલી આવતા નથી. પણ કાળે કાળે નવી રૂઢિઓ સરજાય છે અને જુની રૂઢિઓનો ત્યાગ કરવામાં આવે છે, એ બાબતનું વિશેષ નિરૂપણ કરતાં મેં એમ જણાવેલું કે આજે પાંચ મહાવ્રત માનવામાં આવે છે; પણ ઇતિહાસ જાણે છે કે ભગવાન પાર્શ્વનાથના વખતમાં ચાર મહાવ્રત હતા અને ભગવાન મહાવીરે ચારને બદલે પાંચ મહાવ્રતની સ્થાપના કરી હતી. આવી જ રીતે કોઈ એમ કહે કે આજે આપણે ત્યાં જે નવકાર મંત્ર પ્રચલિત છે તે એના એ સ્વરૂપે અને એના એ શબ્દ-કારમાં અનાદિકાળથી ચાલ્યો આવે છે તો ભાષાના થરમાં કાળે કાળે અનેક પ્રકારના ફેરફારો થતા આવે છે, પ્રાન્તે પ્રાન્તે જુદી જુદી ભાષા બોલાય છે. ચારસો વર્ષ પહેલાંની ગુજરાતી અપભ્રંશમાં અને આજની ગુજરાતી ભાષામાં કેટલોયે ફેરફાર પડી ગયો છે; એક કાળે આપણા દેશમાં પ્રાકૃતભાષા બોલાતી હતી પણ તે પ્રાકૃત ભાષા પણ આગળના વખતમાં બોલાતી કોઇ બીજી ભાષામાંથી ઉદ્ભવ પામી હશે–આમ ભાષા ઇતિહાસની દૃષ્ટિએ વિચારતાં નવકાર મંત્ર પણ કોઈ એક કાળે જ્યારે પ્રાકૃતભાષા પ્રજામાં બોલાતી હશે ત્યારે રચાયો હશે અને તેથી તેનો વર્તમાને ભાષા આકાર કોઈ રીતે આનાદિ ઠરી શકતો નથી. આવા આશયનું મેં વિવેચન કરેલું. તેનું તે પત્રમાં વિકૃત ભાષાંતર ‘હું નવકારમાં માનતો નથી’ એ મુજબ થવા પામ્યું છે. આ જોઇને મને હસવું પણ આવે છે અને ખેદ પણ થાય છે.

નવકાર મંત્રને હું ઉત્કૃષ્ટ મંત્ર તરીકે લેખું છું. કારણ કે તેમાં જાતિ, જ્ઞાતિ કે સંપ્રદાયના ભેદ વિનાની શુદ્ધ ગુણ પૂજાનો જ આશય રહેલો છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ કોઇ વ્યકિતસુચક શબ્દો નથી પણ એ વધતા ઓછા લોકોત્તર ગુણોના સુચક શબ્દો છે. જ્યાં જ્યાં સાધુતા દેખાય ત્યાં ત્યાં આપણું મસ્તક નમવું જ જોઇએ. આત્માના ઉત્કૃષ્ટ ગુણોનો જે જે વ્યકિતઓમાં આવિર્ભાવ થતો દેખાયો તે સર્વ વ્યકિતઓને જગત્ હમેશાં નમતું આવ્યું જ છે. આવા સર્વસામાન્ય જનસ્વભાવનું જ નવકાર મંત્રમાં નિરૂપણ છે. આવા સર્વ સ્વીકાર્ય નવકાર મંત્ર જૈનધર્મનું ગૌરવ અને તેના હાર્દમાં રહેલી વિશાળતા સુચવે છે. આ રીતે હું જરૂર નવકારમંત્રમાં માનું છું પણ કેટલાકલોકો એમ માને છે કે નવકારમંત્રના જાપથી આપણી ઐહિક કામનાઓ સિદ્ધ થાય છે અને સુખ વૈભવનાં સાધનો આવી મળે છે. નવકારમંત્ર વિષે આ પ્રકારની માન્યતા હું ધરાવતો નથી. નવકારમંત્રમાં જે ભાવ રહલો છે તેના મનનથી નમ્રતા આવે, ધર્મબુધ્ધિ જાગ્રત થાય, આત્મતત્વ તરફ વલણ વધે અને જીવન આખું ઉર્ધ્વગામી બને એ વિષે મને પોતાને તો શું પણ કોઇ પણ સુજ્ઞ વિચારકને શંકા હોઈ શકે જ નહિ.

આશા છે કે આટલો ખુલાસો કોઈ પણ જાતની ઉભી થયેલી ગેરસમજુતી દૂર કરશે. આજે મારા નામ સાથે જોડાયેલ કંઈ કંઈ પ્રકારનું લખાણ જુદા જુદા છાપાઓમાં જોવામાં આવે છે. તો મારી પોતાની સિધ્ધી સમ્મતિ ન સુચવે એવા કોઈ પણ મારી વિષેના ઉલ્લેખને આધારભૂત ન ગણવો એવી જાહેર જનતાને આ પ્રસંગે મારી નમ્ર વિનંતિ છે.

તા. ૧૧–૧૦–૩૬

મુંબઈ.　　**પરમાનંદ કુંવરજી.**

# ઝઘડા દફનાવો !

કોઇ કમનશીબ ઘડીએ જૈનસમાજ શ્વેતાંબર, દિગમ્બર, સ્થાનકમાર્ગીના ટુકડાઓમાં વ્હેચાઇ ગયો. એકજ દળના એ ત્રણ ટુકડા મૂળ સિદ્ધાંતો પરતો મતભેદ રહિત અને વ્યવહારિક વિધિ પરત્વે મતભેદ ધરાવતા હતા. એક જ માતના ત્રણ બીરાદરો માત્ર પ્હેરવેશ પરત્વે જ ભિન્ન જણાતા હતા. પરંતુ અકકલવિનાના અનુયાયીઓએ પાછળથી એમાં મતભેદને બદલે વિખવાદ અને બંધુ પક્ષને જ ઉતારી પાડવાની પ્રવૃત્તિ આદરી, એક જ દેહનાં ત્રણ અંગો એક બીજાનાં દુશ્મનભાવે વિરોધક બનતાં, નબળાં બન્યાં. અને પરિણામે બે કરોડ જૈનોમાંથી માત્ર અગીયાર લાખ જૈનો બાકી રહ્યા.

આજે નવી દૃષ્ટિ આવી છે. જુવાનોમાં બંધુત્વની ભાવના પ્રસરી છે. એવેટાણે એજ વિખવાદનાં પ્રસારક આત્મઘાતી તત્વોને નાબુદ કરવાની જુવાનોની જવાબદારી જુવાનોએ અદા કરવાની છે.

હમણાં જ એક મુંબઇનાં પત્રમાં એક સમાચાર આવ્યા. અને સાંજવર્તમાનમાં ‘જૈનચર્ચા’ના લેખકે–એ હકિકતનું સમર્થન કરતી ચર્ચા કરી. શ્રી આનંદસાગર નામના એક સાધુ જામનગરમાં સ્થાનકમાર્ગી અને દિગમ્બરીભાઇઓ માટે અણછાજતું બોલ્યાના એ સમાચાર હતા. આનો પ્રતિકાર કરતી દિગમ્બરીભાઇઓની એક સભા મુંબઈમાં મળી. આ સભાના સંચાલકોએ શ્રી આનંદસાગરના શબ્દોનો જ પ્રતિકાર નહિ કરતાં તમામ શ્વેતામ્બરી બીરાદરો ઉપર ખૂબ ઉકળાટ ઠાલવ્યો. એટલે કે જે મૂર્ખાઈ શ્રી આનંદસાગરે કરી હોવાનું કહેવાય છે. એવી જ મૂર્ખાઇ આ દિગમ્બરીબીરાદરોએ શ્વેતામ્બરો પ્રત્યે રોષ ઠાલવીને કરી.

આપણો–જુવાનોનો–મત સ્પષ્ટ છે. જૂની વાતો અને જૂના ઝઘડા દફનાવી દો. કૃપા કરીને અમને ત્હમારો એ ઝઘડા–ઇતિહાસ ન સંભળાવો. અમે જૈન છીએ. વ્યવહારો પરત્વેના મતભેદો ભલે હોય. પરંતુ ભાઈભાઇઓ અમે રહીશું. અમે દુશ્મન બનવા નથી માગતા.

આ દૃષ્ટિએ આજનો જૈન નવજુવાન આ બન્નેની પાછળ રહેલા બેલગામ સાધુત્વને અને અંધપક્ષ ભકિતને તિરસ્કારે એમ મ્હારો આગ્રહ છે. અને ત્રણેફિરકા નજીક આવે એવા પ્રયાસો કરે એમ હું વિનવું છું.　　**મણિલાલ એમ શાહ.**

(8)



# ચા....બુ....ક.

‘ધર્મની જીજ્ઞાસા વધે તેમ ધર્મી પ્રત્યે આદરભાવ કેળવાય કે ધર્મીઓ તરફ તિરસ્કાર ભાવ વધે ?’ ગયા ‘વીરશાસન’નું મુખપૃષ્ઠ પૂછે છે.

જીજ્ઞાસા વધે ત્હારે બન્ને થાય. સાચા ધર્મીઓ પ્રત્યે આદર આવે અને દંભી ધર્મીઓ પ્રત્યે તિરસ્કાર ને રોષ પ્રગટે.

❖ ❖ ❖

‘પેટ, કીર્ત્તિ વિગેરે અનેક ધ્યેયોથી એમનો અભ્યાસ દુષિત બનેલો છે’–એજ મુખપૃષ્ઠ ‘જીજ્ઞાસા’ના વિવરણમાં આગળ વધે છે.

—અને એટલે જ ગઇકાલના સૂરિ સમ્રાટો આજે રા. નેમવિજય બને છે અને રામવિજયોની અવહેલના થાય છે.

❖ ❖ ❖

‘વીરશાસન’ પંદરમાં વર્ષમાં પ્રવેશ કરે છે.’

ઇચ્છીએ કે સોળમું વર્ષ જલ્દી બેસે ને એનામાં ‘સાન’ પ્રકટાવે.

❖ ❖ ❖

‘વીરશાસન પોતાના ધ્યેયમાં **કુશળ** છે. એ પોતાની નૌકાને **હુંશીઆરી પૂર્વક ચલાવી રહેલ** છે. એ પોતાના ધ્યેયને **કુશળ નૌકાપતિ**ની જેમ વળગી રહેશે.’

આ જમાનો આત્મપ્રશંસાનો છે. વગાડયે રાખ. ભાઇ! પણ દીલગીરી એટલી કે ત્હારૂં ઢોલ ફુટેલું છે.

❖ ❖ ❖

પેલા મણીલાલ ખુશાલચંદ પરીખ પાછા મયદાને આવે છે ને ‘વીરશાસન’માં જાહેર કરે છેઃ ‘તરૂણ જૈનમાં આવતું લખાણ બેફાટ છે અને કોઇ રીતે યોગ્ય નથી.’

પણ મણીભાઇ! ત્હમારે ને ‘તરૂણ’ને શી સગાઈ છે કે આ સલાહ આપવાની ત્હમને જરૂર પડી ? આજલગીની ત્હમારી સુચનાઓ કચરા ટોપલીએ જ પધરાવવામાં આવે છે એ હકિકત હું ત્હમને અતિ માન સાથે અર્પણ કરૂં છું.

‘મ્હારી સુચનાઓ તરફ ધ્યાન નહિ આપવામાં આવે તો મારે તે સામે પ્રચાર કરવાની લાઇલાજે ફરજ પડશે.’ શ્રી મ. ખુ. પરિખ ધમકી આપે છે.

‘લાઇલાજે’ મ. ખુ. પરીખ એમની ‘ફરજ’ અદા કરે એ ઘડી આવકારવા ‘તરૂણ જૈન’ તૈયારી કરે છે. ઇચ્છીએ કે પાલણપુરના વર્ધીચંદ જોષી પાસે પળ, તથ ને વાર જોવડાવી શ્રી મણીભાઇ હવે વેલાસર રણે ચ્હડે, દિવસ હાથ ન જ લાગે તો વિજયાદશમીને વધાવી લેવાની હું એમને સુચના મોકલું છું.

❖ ❖ ❖

‘સુધારક માયાવીઓની માયા ખુલ્લી કરવામાં આવે તો’–કોઈ રતિલાલ એન. શાહ. આગાહીઓ કરે છે.

જગત્ આખુંય માયા છે. જે માયા ખૂલતાં જગત્ મિથ્યા બનશે અને રતિલાલોનું અસ્તિત્વ ગૂલ થશે’ એ કેવળી ભાખ્યું સત્ય કહીને જ એ આગાહી પૂરી કરીએ તો ?

❖ ❖ ❖

‘રા. આનંદસાગર જામનગરમાં કંઇ બોલ્યા છે એથી શ્વેતામ્બર દિગમ્બર સમાજમાં ખળભળાટ થયો છે!’

કાબુ હિન મગજના માણસોના વાકયોથી ખળભળાટ અયોગ્ય રીતે એવા માણસોને ઉત્તેજન આપે છે એમ મ્હારો અભિપ્રાય છે.

❖ ❖ ❖

‘કડીઆ હાલ મુંબઇમાં છે’–એક ખબરપત્રી.

‘કારણ કે દિવાળીમાં રંગરોગાન માટે થતાં ખર્ચોમાં કડીઆઓ, સુતારો વાર્ષિક આજીવિકા સહજમાં મેળવી શકે છે’–‘એક બાતમીદાર’

❖ ❖ ❖

‘દ્વાદશીના પરાજીત સેનાપતિ કર્નલ રામચંદ્રજી નવાં યુધ્ધનાં નવાં વ્યૂહો ગોઠવવામાં પડયા છે’–એક જાણકાર.

‘હતાં તે હથીઆર વેચી નાખી એ હવે પશ્ચાત્તાપ જાહેર કરવાંની યોજના વિચારે છે’–એક–‘ભેદુ’

**“ચાબુકેશ્વર”**

**લગ્ન**......... મુખપૃષ્ઠનું ચાલુ.

આ સ્થીતિ સાહિત્યમાંથી આજે ઓછી થવા માંડી છે અને મોહક રંગો વચ્ચેય ઉઠાવ ભલે સોનેરી-રેખાઓનો હોય પરંતુ એની પાછળ કાળી રેખાઓની ભૂમિકા સાવ અદ્રશ્ય નહિ જ કરવાનો આજના સાહિત્યકારો પ્રયાસ કરી રહ્યા છે.

લગ્ન એટલે કેવળ સુખ કે મોક્ષ નહિ. લગ્નનો મર્મ માત્ર એટલો જ કે જગતની ગડમથલોમાંથી માર્ગ કાપવા આપણને એક ગમતો સાથી મળે છે. જહે સુખદુઃખમાં આપણી સાથે રહેવાનો કોલ આપે છે. એ સાથી અપૂર્વ નથી અને અનેક ઉણપોથી ભરેલો છે. એ સત્ય નુતન સાહિત્યકાર લગ્ન પરત્વે વિસરાવતો નથી–અને જીવનને માત્ર સુખ–સાગર ચિતરતો નથી. પગમાં ભોંકાઈ જાય એટલાં કંટકો, દિશા સુઝ ન થાય એટલા વાદળો, મીત્રોનું દુશ્મનોમાં ઝડપી પરિવર્તન, અને કય્હારેક પરમ મિત્ર એવા લગ્ન–સાથીનુંય પાંખ છોડી જવું એ અનેક બાહ્યાંતર મુંઝવણો વટાવીને જુવાનને આગે કદમ્ ભરવા નવો સાહિત્યકાર પ્રેરે છે.

લગ્નની જુની ભાવનાઓ અને અપૂર્વતાઓની ભભક કહાડી નાખીને, ધરતીપર જીવવું છે એ હકિકત સ્વીકારીને જ આપણે આંક મૂકીએ તો લગ્ન જીવનમાં પસ્તાવાનું કે પાછળ પડવાનું નહી રહે.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

(૧)

ધાર્મિક ગુંડાગીરીનું સમરક્ષેત્ર. Regd No. 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક સાતમો
રવીવાર તા. ૧-૧૧-૩૬.

## સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યા.

સમ્યગ્દૃષ્ટિ સર્વ બાબતોનું તારતમ્ય ઇતિહાસ અને વિજ્ઞાનને સમીપમાં રાખીને તારવે છે. મનુષ્ય સમાજનો ઉત્તરોત્તર કેમ વિકાસ થયો. ઓજાર અને ખેતીની શોધથી માંડીને આજની એરોપ્લેન, રેડીઓ સુધીની શોધો કેમ થઈ. કેવળ જંગલી દશામાંથી અત્યારની જટિલ સમાજરચના કેમ ઉભી થવા પામી અને સ્થૂલ વિચારદશામાંથી નીતિ, ધર્મ અને અધ્યાત્મના સૂક્ષ્મ વિચારોનો કેમ વિકાસ થયો, તેનું ઉપલબ્ધ સાધનો વડે સંશોધન કરવું તે કાર્ય ઇતિહાસનું છે. આ રીતે વિચારતાં કોઇ પણ સમાજ રચના અનાદિ સિદ્ધ હોઇ ન શકે; કોઇપણ એકજ વ્યકિતના કથનમાં કે એક જ ગ્રંથની ઘટનામાં સર્વ સત્યોનો સમાવેશ થઇ ન શકે, કોઇ પણ ભાષાગ્રંથ કે ભાષામાં અવતરેલું સૂત્ર 'અનાદિ' હોઈ ન શકે. શોધની પાછળ નવા શાસ્ત્રો રચાય છે. સમાજની પરિસ્થિતિમાં ફેરફારો થતા જ ચાલે છે અને તે સાથે સમાજના પ્રશ્નો પણ રૂપાંતર પામતાં જ રહે છે અને તેના સમાધાનો કાળે કાળે નવાં સરજાતાં રહે છે. સમયે સમયે દેશે દેશે મહાન જ્યોતિર્ધરો જન્મે છે અને પ્રજા માનસને નવા પ્રકાશથી અજવાળે છે. આવા જ્યોતિર્ધર પુરૂષો અવતાર, તીર્થંકર, બુદ્ધ, ક્રાઇસ્ટ કે પયગમ્બર નામે ઓળખાય છે. આવા મહાપુરૂષો સર્વ એક જ કોટિના હોય છે એમ નથી હોતું તેમનો દરેકનો પરિપાક, આત્મીયવર્ચસ્વ અને જે જે દેશમાં તેઓ ઉત્પન્ન થયા હોય છે તે તે દેશકાળના ત્યાં સુધીના ખેડાણ ઉપર આધાર રાખે છે. પણ તેવા દરેક જ્યોતિર્ધર મહાપુરૂષનું સામાન્ય કાર્ય જનતાને અસત્યમાંથી સત્ય તરફ, તમસ્‌માંથી જ્યોતિ તરફ લઈ જવાનું હોય છે. તેઓ ક્રાન્તદર્શી હોય છે. ભૂતકાળનો સર્વ અનુભવ તેમની પ્રજ્ઞામાં પ્રતિબિંબિત થાય છે, ભવિષ્ય કાળના અભેદ્ય પ્રદેશને તેમની દૃષ્ટિ વીંધી શકે છે; અને તે ક્રાન્તદર્શનના યોગે વર્તમાનમાં વિચરતી જનતાને પરમ સત્યોના બોધ પાઠો આપે છે અને મનુષ્યની સામાન્ય સ્થિતિ ઉપરથી લોકોત્તર સ્થિતિનો આદર્શ સરજે છે. ભૂતકાળના પયગમ્બરો વિષે પ્રસ્તુત સમ્યગ્દૃષ્ટિ આ પ્રકારના ખ્યાલો ધરાવે છે. આ દૃષ્ટિ ભૂતકાળની મહત્તા સ્વીકારે છે; કાળે કાળે સરજાયલી સંસ્કૃતિના સૂત્રધારોને સતકારે છે; અને પુરાણ કાળથી આજસુધી ખેડાયેલ જ્ઞાન-પ્રદેશનું ગૌરવ કરે છે. આમ હોવા છતાં પણ તેનું સત્ય દર્શન ભૂતકાળ સાથે જકડાઈ રહેવાની ના પાડે છે. તે ધર્મશાસ્ત્રોને પૂર્વકાળની વિજ્ઞાનવિષયક પ્રગતિના અનુમાપક તરીકે સ્વીકારે છે, પણ શાસ્ત્રસર્જન કોઇ અમુક કાળ કે અમુક દેશ કે અમુક વ્યકિતઓનો ઈજારો છે એમ માનવાની તે બીલકુલ ના પાડે છે. શાસ્ત્ર હિમાલય ઉપર આવેલું કોઈ એક પરિમિત માનસ સરોવર નથી, પણ જનપ્રદેશ વચ્ચે સદા વહેતી અને અનેક પ્રવાહોને સંઘરતી જતી કલ્યાણવાહિની ગંગા છે.

પરમાનંદ.

## ઘાટકોપર જૈન યુવક સંઘ.

ઘાટકોપરમાં વસતા કેટલાક ઉત્સાહી જૈન યુવકોની એક સભા સં. ૧૯૯૨ ના આશ્વિન શુદી ૧૦ ને રવિવારે (તા. ૨૫-૧૦-૩૬) સવારે નવ વાગે શેઠ પરમાનંદદાસ રતનજી જૈન સેનેટરીયમમાં શ્રીયુત્ નરોત્તમદાસ કેશવલાલ શાહના પ્રમુખપણા નીચે મળી હતી. જે વખતે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે **"ઘાટકોપર જૈન યુવક સંઘ"** એ નામની સંસ્થાની આજે સ્થાપના કરવી અને તેના પ્રથમ પ્રમુખ તરીકે શેઠ નરોત્તમદાસ કેશવલાલ શાહની ચુંટણી કરવામાં આવી હતી. 'ઘાટકોપર જૈન યુવક સંઘ'ના કામ ચલાઉ માનદ્ મંત્રી તરીકે શ્રીયુત્ માધવલાલ હીરાલાલ શાહની ચુંટણી કરવામાં આવી હતી. સંઘનું બંધારણ નક્કી કરી સામાન્યસભા આગળ એક માસમાં રજુ કરવા માટે ચાર સભ્યોની નિમણુક કરી પ્રમુખ સાહેબનો ઉપકાર માની સભા વિસર્જન થઈ હતી.

# તરુણ જૈન.

તા. ૧-૧૧-૩૬

## ધાર્મિક ગુંડાગીરીનું સમરક્ષેત્ર.

**જૈન સ્વયંસેવક મંડળને ધન્યવાદ.**

મોટી મોટી સલ્તનતોની સ્થાપનામાં જેટલી કત્લેઆમ ચાલી નથી તેટલી જગતમાં ધર્મના નામે કત્લેઆમ ચાલી છે. ઇતિહાસ પ્રેમીઓથી એ વસ્તુ અજ્ઞાત નથી. જર, જમીન અને જોરૂ, એ ત્રણ ઝઘડાના મૂળ, એ કહેવતનો રચનાર ધર્માંધતાને ઉમેરવી ભૂલી ગયો લાગે છે.

કોઇક ક્ષણે મુંબઇના ભાયખાલા પર મસ્જીદ અને મંદીર પડોસી બન્યા હશે, રસ્તાને માટે મંદીરની જમીન મ્યુનીસીપાલીટીએ લીધી અને એ જમીનના બદલામાં મંડપ ચણાવી આપવાનું સ્વીકાર્યું અને ત્હેના ચણતરનો આરંભ કરતાં ધર્માંધતાપર—નેતાગીરી માંડી બેઠેલાઓએ લેખો ભાષણોદ્વારા શોર મચાવ્યો. ઠંડા લોહીમાં ધર્મના નામે ગરમી આવી, અને મુંબઇ બાર દિવસ માટે ધાર્મિક ગુંડાગીરીનું સમરક્ષેત્ર બન્યું. હિંદુ અને મુસ્લીમો એક બીજાનો ટોટો પીસવા માટે કટિબદ્ધ બન્યા. અને ત્હેના ફળરૂપે બાસઠ બાસઠ કીમતી જાનોની એજાની અને પાંચસો ઉપરાંત જખ્મી બન્યા. આગ, લૂટ-ફાટ, અને છૂરીઓની સાઠ મારી ચાલી.

ઉશ્કેરનારાઓ તો એમના આલયમાં સુરક્ષિત હશે, મર્યા માત્ર નિર્દોષ માણસો. લોકોની શાંતિ ગઇ, ધંધા રોજગાર ગયા, અને બ્હાર જનારની સલામતિ જોખમાવા માંડી. સેંકડો માણસો રોજ-ગારી રહિત નિદ્રાહીન ને ભૂખ્યા દિવસો વિતાવવા લાગ્યા.

આ કોમી વિખવાદથી જૈન સમાજને પણ ખૂબ શોચવું પડયું છે. ભીંડી બજાર, નળબજાર, બે ટાંકી જેવા ભરચક મુસ્લીમ લતાઓમાં કેટલાયે મારવાડી તેમજ અન્ય સ્વધર્મી બંધુઓ મૂશ્કેલીમાં મૂકાઇ ગયા હતા.

અઠ્ઠાઇધરના પહેલા ત્રણ દિવસના વ્યાખ્યાનમાં અભયદાનનો મહિમા ગાનાર અને પોતાની જાતને શાસનના મહાન્ સુભટમનાવી શાસન અને સ્વધર્મી માટે મરી ફીટવાની ગુલ્બાંગો ઉડાડનાર અને વાતવાતમાં બાંયો ચઢાવી મેદાને પડનાર સોસાઇટી ભક્તો આ હુલ્લડમાં ક્યાંયે કોઇને બચાવવા કે શાસનનું રક્ષણ કરવા બહાર પડયા હોય તેવું જોયું કે સાંભળ્યું નથી. બંધુ બંધુઓમાં પોતાની પાશવિકતા દાખવનારાઓ આ વખતે બીલ્લીની માફક કયાં છૂપાઇ ગયા હતા ? શું ત્હેમને મંદીરની કે સાધુઓની પડી ન્હોતી ? કેવળ ધરમાં શૂરવીરતા બતાવનાર આવા ગુલ્બાંગીઓથી હવે તો સમાજે ચેતવું જ જોઇએ. સમાજનો શ્રીમંત વર્ગ પણ કશું કરી શકયો નથી. આ પરિસ્થિતિ હવે આમ જનતાએ પીછાણવી જોઇએ. ત્હેમણે તો પોતાના પગઉપર ઉભા રહેતાં શીખવું જોઇશે. સ્વરક્ષણ માટેની તૈયારી કરવી પડશે.

ઘોર અંધારી રાતમાં આકાશને કોઇ ખૂણે જેમ એકાદ તારલો ચમકે ત્હેમ મુંબઇની જૈન આલમમાં સેવાના ક્ષેત્રમાં શ્રી જૈન સ્વયંસેવક મંડળ જુદું તરી આવે છે. આજની મુંબઇની પરિસ્થિતિમાં એ મંડળ જે સેવા સમર્પી રહ્યું છે. તે જોઇ ખરેખર ધન્યવાદનાં ઉદ્ગારો સરી પડે છે, કોઇપણ ક્ષેત્રમાં ત્હેની સેવા અજોડ છે. રાષ્ટ્રીય હો કે, ધાર્મિક હો, સામાજીક હો કે ગમે તે ક્ષેત્ર હો પ્રત્યેક સ્થળે ત્હેની સેવાના ખુબ પૂરાવાઓ સાંપડશે. આ કોમી હુલ્લડ પ્રસંગે ઉપરોક્ત જૈન સ્વયંસેવક મંડળના સેવાભાવી સભ્યોએ શેઠ મણીલાલ જેમલની સરદારી નીચે જે સુંદર કાર્ય કરી બતાવ્યું છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે અને ત્હેમાં ખાસ કરીને દલપતભાઇ ભૂખણદાસ, કાંતિલાલ મોતીલાલ, હીરાલાલ કાળીદાસ, ગુલાબચંદ જેઠાભાઇ, છોટાલાલ ભુદરદાસ, ધીરજલાલ પ્રતાપસી વગેરે ભાઇઓએ પોતાના જાન જોખમમાં મૂકી જે બહાદુરી ભરી રીતે નાત જાત કે કોમનો કોઇપણ જાતનો ભેદ રાખ્યા સિવાય ભયંકર મુસ્લીમ લતાઓમાંથી અનેક હિંદુ કુટુંબોને બચાવી સલામત જગ્યા ઉપર મૂકી જે અભયદાન આપ્યું છે અને ભગવાન નેમીનાથજીનું મંદીર ને ભગવાન શાંતિનાથનુ મંદીર ત્હેમજ ત્યાં રહેતા ભાઇઓ અને બીજાઓની સ્હવારે અને સાંજે ત્યાં જઇ જે ત્હેની સંભાળ લીધી છે તે તો ખરેખર આફ્રીન પોકરાવે છે. અમે આ પ્રસંગે ઉપરોક્ત ભાઇઓને અભિનંદન આપીએ છીએ અને સમાજને પણ ચેતવણીના સૂર સંભળાવવાની જરૂર જોઇએ છીએ. કે ત્હેમણે જો જીવવું હોય તો સ્વબચાવ માટે વ્યાયામની અગત્ય સ્વીકારવી પડશે. આપણી બીકણતા ખાસ કરીને માયકાંગલા શરીરોને આભારી છે. જો આપણે શરીરે સુદૃઢ હોઇએ. આપણી તાકાતમાં આપણને વિશ્વાસ હોય તો આપણને કદિ ભય જેવી વસ્તુ સ્પર્શી શકશે નહિ, અખાડાની તાલીમ પામેલો જુવાન હજારો ગુંડાઓ વચ્ચે પણ પોતાનું અને પોતાના કુટુંબનું રક્ષણ કરી શકે છે. એ અતિશયોક્ત નથી. વ્યાયામનો વિરોધ કરનારાઓ સમાજના દુશ્મનો છે. સ્થળે સ્થળે અખાડા પ્રવૃત્તિઓને વેગ મળવો જોઇએ. અને ધેર ધેર વ્યાયામનો પ્રચાર થવાની અનિવાર્ય આવશ્યકતા છે. ત્હેમ થશે ત્યારેજ આપણે નિર્ભય થઇ શકીશું.

**લીંબડી પ્રકરણ:**

**લીંબડીમાંથી વીશ વરસનો** એક યુવાન ગુમ થયો હતો, તે સંબંધી ત્યાં બીરાજતા શ્રી ભક્તિસૂરિ ઉપર વહેમ ગયેલો, ત્હેમને પૂછવામાં આવતાં ચોખો ઇન્કાર કરેલો. ત્યાર બાદ બે મહીના પછી તે યુવાનને લીંબડીના જુવાનો ધોરાજીમાંથી શોધી શકયા છે. ગુમ થયેલા જુવાને સ્ટેટમેંટ કરેલું છે અને ત્હેમાં ભક્તિસૂરિને જ જવાબદાર ગણવામાં આવ્યા છે. એક સાધુ મહાવીરના પવિત્ર ભેખ તળે આવા નસાડવા ભગાડવાના ધંધા કરે, અસત્ય બોલી બીજા મહાવ્રતનો ભંગ કરે, અને પોતાની પ્રપંચલીલા ચલાવ્યે રાખે એ બાબત હવે અસહ્ય થવી જોઇએ. ભક્તિસૂરિઓએ સમજવું જોઇએ કે આ જાતની ત્હેમની કામગીરી શાસનની ઉન્નતિને બદલે હીલણા કરાવે છે. શિષ્યના વ્યામોહમાં પડી ન કરવાનાં કાર્યો કરવા કરતાં શાંત રીતે આત્મધ્યાનમાં મગ્ન રહેવું એ વધારે શ્રેયસ્કર છે. આજે જુવાનો જાગૃત છે. ધર્મગુરૂઓની પોપલીલાના દહાડાઓ અસ્ત થયા છે. એ સાધુઓ જેટલું જલદી સ્હમજશે ત્હેટલીજ ત્હેમની સલામતી છે. વીસમી સદીમાં સમાજ ઉપર નભનારાઓએ દેશકાળને અનુસરવુંજ પડશે. નહિતર ત્હેમનું સ્થાન સલામત નથી. આ પ્રસંગે લીંબડીના જુવાનોએ જે જાગ્રતિ બતાવી છે તે ખરેખર પ્રશંસનીય છે. અને જે જે સ્થળે આવા કિસ્સાઓ બને ત્યાંનો જુવાનવર્ગ આવા સાધુઓની સખ્ત ખબર લે તે ઇચ્છનીય છે.

# રાજકોટ મુકામે ભરાયેલ કાઠિયાવાડ જૈન યુવક પરિષદ્‌ના પ્રમુખસ્થાનેથી શ્રી પરમાનંદનું ભાષણ.

સમાનધર્મી યુવક બંધુઓ તથા બહેનો,

તમારા આગ્રહભર્યા નિમંત્રણને માન આપી અહીં આજે હું ઉપસ્થિત થયો છું. આવી ત્રણે વિભાગની કાઠિયાવાડ જૈન યુવક પરિષદ ભરવા માટે તમારૂં હું અભિનંદન કરૂં છું. આ પરિષદનું ક્ષેત્રપરિધ કચ્છ અને ગુજરાત સુધી લંબાવવામાં આવ્યું હોત તો મારા વિચાર પ્રમાણે વિશેષ આવકારદાયક બનત. પણ એ વિચાર એટલો મોડો અહીંના કાર્યકર્તાઓના ધ્યાન ઉપર આવ્યો કે મૂળ યોજનામાં ફેરફાર કરવાનું શકય ન રહ્યું.

**કોમી ભાવના અને જૈન યુવકો.**

આ પરિષદ કાઠિઆવાડના જૈન યુવકોની છે. 'જૈન' અને 'યુવક' એ બે શબ્દોમાંથી કયા શબ્દને વધારે મહત્વ આપવું એ એક પ્રશ્ન છે. 'જૈન' એટલે ચોકકસ ધર્મનો અનુયાયી; 'યુવક' એટલે "નવસર્જક શકિત" 'જૈન' શબ્દ મર્યાદા સુચક છે. 'યુવક' શબ્દ મર્યાદાભંજક છે. જે કોમી ભાવના આપણી વર્તમાનપરાધીનતાનું મૂળ છે તે કોમી ભાવના તરફ ઢળી પડવાનું આવી મર્યાદાવાળી પરિષદોમાં અને પ્રવૃત્તિઓમાં ભારે જોખમ રહેલું છે, પણ આવા કોમી વિભાગોને રાષ્ટ્રીય ભાવનાના રંગે રંગવા માટે તેતે વિભાગ વચ્ચે રહીને પણ કેટલુંક કામ થઇ શકે તેમ છે અને તેમ કરવું જરૂરી પણ છે. તમારા વિષે હું એમ માની જ લઉં છું કે જૈન ધર્મની વિશાળ ભાવનાના તમે જરૂર ગ્રાહક છો; પણ 'જૈન'ના નામથી સુચવાતા અમુક પ્રકારની સંકુચિતતા સાથે તમને કશી નિસ્બત નથી. આ પાછળ મારી એ આશા અને શ્રદ્ધા છે કે જ્યાં યુવક હશે—પછી તે જૈન હોય. વૈષ્ણવ હોય કે બ્રાહ્મણ હોય—ત્યાં જુની દીવાલો જમીનદોસ્ત થશે અને નવી હવા અને પ્રકાશનો સંચાર થશે; કોમી ભાવના ઘટશે અને રાષ્ટ્રભાવના ઉત્તેજીત થશે; સ્થાપિત સત્તાઓ તૂટશે અને પાછળ પડેલા વર્ગો આગળ આવશે; જુનું બધું જશે અને નવું સર્વ સરજાશે. આ આશા અને શ્રધ્ધા કેટલા અંશે સાચી છે તે તો આપણે પરિષદ કેવી રીતે ચલાવીએ છીએ. કેવા ઠરાવો ઘડીએ છીએ અને તેની પાછળ કેવી પ્રવૃત્તિઓ હાથ ધરીએ છીએ તે ઉપરથી પુરવાર થશે.

છેલ્લા જુન માસમાં અમદાવાદ ખાતે મળેલ જૈન યુવક પરીષદના પ્રમુખસ્થાનેથી આપણી જૈન સમાજને લગતી કેટલીક બાબતોનું મેં વિવેચન કરેલ હોવાથી આજે ચર્ચા કરવા યોગ્ય વિષયોનો પ્રદેશ પરિમિત બને છે. એની એ બાબતોનું પિષ્ટપેષણ કરવું યોગ્ય નથી. તેથી હું અહીં જે કહું તે આગળ રજુ કરેલા કથનની પુરવણી રૂપે આપ સ્વીકારશો એવી મારી નમ્ર વિનંતી છે.

અંગ્રેજી હુકમતના આરંભથી થયેલા પરિવર્તનોની સમાલોચના કર્યા બાદ વકતાએ જણાવ્યું હતું કે હાલની ચિત્રવિચિત્ર પરિસ્થિતીમાં ઉગતી પ્રજાનું મનોમન્થન સ્પષ્ટ ઉકેલ માગી રહ્યું છે. ધર્મશાસ્ત્રો તેને એક બાબત કહે છે; નૂતન શીક્ષણ તેને બીજી બાજુએ લઇ જાય છે. સ્મૃતીનાં વિધાનો અમુક પ્રકારનાં છે; આજના સામાજીક વિચારો તેને અન્ય દીશાએ દોરે છે. તેણે ધર્મને—પરાપૂર્વની રૂઢિઓને સાચાં માનવાં કે ધર્મ અને પ્રણાલિકાઓને ઠોકે મારીને નવા વિચારના પ્રવાહમાં પોતાની નૌકા હંકારી મુકવી ? આ પ્રકારનો બુધ્ધિવીભ્રમ ટળે અને ચોકકસ વિચારદિશા પ્રાપ્ત થાય એ આજના સંક્ષોભકાળમાં બહુ જરૂરી છે. આજના શિક્ષિતવર્ગ અને તેની પાછળ ઘસડાતા આપણા સામાન્ય સમાજનો હું વિચાર કરૂં છું ત્યારે મને આખો વર્ગ (૧) સંપ્રદાય દૃષ્ટિ; (૨) ઉચ્છેદક દૃષ્ટિ અને (૩) સમ્યગ્ દૃષ્ટિ એમ ત્રણ પ્રકારના વલણમાં અથવા તો દૃષ્ટિબિંદુઓમાં વહેંચાયલો દેખાય છેઃ સંપ્રદાય દૃષ્ટિ ફકત ભૂતકાળમાંજ રાચે છે. ભૂતકાળની સમાજ રચનાને પુનર્જીવન આપવાની ઇચ્છાથી તે વર્તમાનમાં પગલાં માંડી ભવિષ્ય તરફ ઘસડાય છે.

બીજી ઉચ્છેદક દૃષ્ટિ ભૂતકાળની સમાજ રચનાને સાફ કરી નવું સર્જન કરવા માગે છે. સમાજનું ઐહિક સુખ વધારવાનું તેનું ધ્યેય છે. ત્રીજી સમ્યગ્દષ્ટિ સર્વ બાબતોનું તારતમ્ય ઇતિહાસ અને વીજ્ઞાનના સમન્વયથી કાઢે છે. ભૂતકાળની મહત્તા સ્વીકારી, બુદ્ધિના ઉત્તરોત્તર વિકાસનો ખ્યાલ રાખી તે ભાવીનાં સ્વપ્નાં સર્જતી વર્તમાનમાં સંચરે છે.

**વિચાર સ્વાતંત્ર્ય.**

આજ કાલ વિચાર સ્વાતંત્ર્ય અને વાણી સ્વાતંત્ર્યના નામે ચર્ચા ચાલી રહી છે. વિચાર સ્વાતંત્ર્ય અંદરથી સ્ફુરતું તત્વ છે; વાણી સ્વાતંત્ર્ય બહારથી મેળવવાની અથવા તો મેળવી હોય તો સંરક્ષવાની વસ્તુ છે. ઉપર જણાવેલ સમ્યગ્દૃષ્ટી વિચાર સ્વાતંત્ર્યનું ફળ છે. માણસને કોઇ પણ પ્રશ્ન સંબંધે સત્ય વિચાર પ્રાપ્ત થવામાં કેટલાંક પૂર્વગ્રહો અંતરાય રૂપ બને છે. જુનું એ જ સાચું અથવા તો જુનું બધું ખોટું; નવું એજ આદરણીય અથવા તો નવું બધું વિનાશકારક, આવા વિવિધ પ્રકારના પૂર્વગ્રહોથી મનને, બુધ્ધિને, છુટી કરવી અને સમ્યગ્દર્શન સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર વડે-સતત અભ્યાસ, અવલોકન અને મનન વડે—સત્ય વિચારને—સમ્યગ દૃષ્ટિને—પામવી એ જ ખરૂં વિચારસ્વાતંત્ર્ય છે.

**વાણીસ્વાતંત્ર્ય.**

વાણીસ્વાતંત્ર્ય એટલે જીવનને લગતા, સમાજને લગતા, દેશ અને ધર્મને લગતા પોતપોતાને સુઝતા વિચારો જાહેરમાં પ્રગટ કરવાની છુટ વિચારસ્વાતંત્ર્ય અર્થે વાણીસ્વાતંત્ર્ય અતિ આવશ્યક છે. આપણે અન્યના વિચારો જાણીએ નહી. અન્યનું દૃષ્ટિબિંદુ સમજીએ નહી ત્યાં સુધી આપણા વિચારમાં રહેલા સત્યાસત્યની આપણે તારવણી કરી શકીએ નહી: દરેક માણસને પોતાના વિચારો પ્રગટ કરવાની છુટ હોવી જ જોઇએ. કોઇના વિચારો રૂંધવાની વૃત્તિ થવી એટલે સમજવું કે આપણી વિચારશ્રેણીમાં કોઈ છીદ્ર છે તે ખુલ્લું પડવાના ભયથી આપણે અન્યના વિચારને રોકવા માંગીએ છીએ.

**સાંપ્રદાયિક દૃષ્ટિ નહિ ચાલે.**

આજે આપણો સાંપ્રદાયીકદૃષ્ટિથી જરા પણ નીર્વાહ થઇ શકે એમ છે જ નહી. આજનું વિજ્ઞાન, આજનું સમાજશાસ્ત્ર ક્ષણે ક્ષણે આપણી રૂઢ ધાર્મિક માન્યતાઓની અથડામણમાં આવી રહ્યું છે. વૈજ્ઞાનિક સત્યો સામે આપણે આંખ કે કાન બંધ કરી શકીએ તેમ છે જ નહીં; શાસ્ત્રો એટલે જે કાળે જેટલું શોધાયું તેની નોંધ. આજે તેમાંનું જેટલું સત્ય કાયમ રહ્યું હોય તેટલું સ્વીકારવા યોગ્ય અને અન્ય ઉપેક્ષા યોગ્ય. ગ્રંથપ્રામાણ્યની ગુલામીથી આજની બુધ્ધિને કોઇ રીતે બાંધી શકાય તેમ છે જ નહી.

આવી જ રીતેઉચ્છેદક દૃષ્ટિ ઉપર પણ આપણે લાંબો વખત ટકી શકીએ તેમ છે જ નહી. તો પછી અવશેષ રહી સમ્યગદૃષ્ટિ સ્વીકારતાં આપણા કેટલાંક પૂર્વગ્રહો તોડવા પડે તેમ છે, આપણી આંખ આડેનાં કેટલાંક પડળો દૂર કરવા પડે તેમ છે પણ જેને ભૂતકાળ સાથે ભવિષ્યકાળને જોડવો છે, જૈન ધર્મ સાથે વીજ્ઞાનનો સમન્વય સાધવો છે, જેને સ્મૃતિ સાથે સમાજશાસ્ત્રનો મેળ મેળવવો છે તેને આ પ્રકારની દૃષ્ટિ સ્વીકાર્યા સિવાય છુટકો જ નથી.

આપણી જૈન માન્યતાઓને આ દૃષ્ટિ લાગુ પાડીએ તો આપણી કેટલીએક ધાર્મિક કલ્પનાઓ પરિવર્તન માંગ્યા વિના ન રહે.

**સમ્યગ્દૃષ્ટિ અને ભગવાન મહાવીર.**

ભગવાન મહાવીર પ્રત્યેના વલણમાં પણ નવી દૃષ્ટિએ જોનાર થોડા ફરક અનુભવે. વિશાળ જગતના સનાતન ઇતીહાસની દૃષ્ટિએ તેમનું સર્વશ્રેષ્ઠત્વ કદાચ વિવાદાસ્પદ બને, પણ જેમ સાંસારિક જીવનમાં આપણા માતાપિતાની તોલે કોઇ આવતું નથી તેમ ધાર્મિક જીવનમાં આપણા ધર્મપિતા તરીકે તેમનું સાપેક્ષ સર્વશ્રેષ્ઠત્વ અવીચળ અને અબાધિત રહે, તેમના સર્વજ્ઞત્વનો ખ્યાલ પણ આગળ સુચવેલ ક્રાન્તદર્શનની કલ્પના અનુસાર થોડા રૂપાન્તરને પામે. આમ કેટલીક મધુર માન્યતાઓ છોડતાં, જુના ચશ્માઓ ઉતારતાં, આપણને પ્રારંભમાં જરા આઘાત લાગશે. પણ પરીણામે વિશદ વિચાર સરણીનો લાભ થવાનો પુરેપુરો સંભવ છે.

**સમ્યગ્દૃષ્ટિની આવશ્યકતા શા માટે?**

આ વિષયનું આટલું લાંબું પ્રતીપાદન કરવાનું કારણ એ છે કે આપણા નવયુવકો શ્રુતી, સ્મૃતી કે ધર્મશાસ્ત્રોને અર્થહીન પ્રલાપ ગણીને ફેંકી દે એ મારે મન જેમ અસહ્ય છે. તેમજ નવા વિચારો નવી ભાવનાઓ અને નવાં વૈજ્ઞાનિક સંશોધનોને ઝીલવામાં તેઓ કેવળ પૂર્વગ્રહો કે પ્રણાલિકા વ્યામોહના કારણે પાછળ પડી જાય અને સમાજના નવજુવાન માટે નિરૂપયોગી બની જાય એ દશા પણ મારા માટે અસહ્ય છે, એટલા માટે જ ઉપર વર્ણવી તેવી સમ્યગ્ દૃષ્ટી કેળવવાનો તેમને હું ખુબ આગ્રહ કરૂં છું.

**મનુષ્યની મહત્તા.**

જૈન ધર્મનો વિચાર કરતાં બે ત્રણ બાબતો આજે ખાસ ધ્યાન ઉપર તરી આવે છે. પહેલાં દેવો પૂજ્ય હતા અને માણસ પૂજક હતો. ધીમે ધીમે મનુષ્યકોટીની મહત્તા વધારતી માન્યતા ઉભી થઇ. આજે અહિંસાના વિચારમાં મનુષ્યને આપણે ગૌણ બનાવી દીધો છે અને પશુ પ્રાણી અને વનસ્પતિ જીવનની ચીંતા ઉપર આપણે વધારે ભાર મૂકતા ગયા છીએ. મનુષ્યને આજે આપણે કેન્દ્રસ્થાને સ્થાપીએ અને મનુષ્ય કલ્યાણને આપણી મુખ્ય ચિન્તાનો વિષય બનાવીએ. આમ કરીશું ત્યારેજ આપણને સાચો ધર્મવિવેક પ્રાપ્ત થઇ શકશે.

**હિંદુ સંસ્કૃતિ અને જૈન ધર્મ.**

હિંદુ સંસ્કૃતિ સાથે જૈન ધર્મને શું સંબંધ છે તેનો આપણને યથાર્થ ખ્યાલ આવવાની જરૂર છે. આખી હિંદુ સંસ્કૃતિ, શ્રમણ સંસ્કૃતિ અને બ્રાહ્મણ સંસ્કૃતિ તાણાવાણાની બનેલી છે. હિંદુ ધર્મ જેમ ખ્રિસ્તી ધર્મ કે ઇસ્લામથી જુદો તારવી શકાય છે તેમ જૈન ધર્મ હિંદુ ધર્મની અથવા તો હિંદુસંસ્કૃતિની કલ્પનાથી જુદો પાડી શકતો નથી. જૈન ધર્મે બ્રાહ્મણ ધર્મને અહિંસા, ચારિત્ર, તપ, બુદ્ધીવાદ સર્વસમાનતા આદી ભાવનાઓના કાળે કાળે સંસ્કાર સિંચવાનું કામ કર્યું છે. બ્રાહ્મણ ધર્મે જૈન ધર્મને સમાજ સંરક્ષણની વ્યવહાર દૃષ્ટિ આપી છે. ઇતર હિંદુ સમાજ સાથે આવી આપણી એકતા બુધ્ધિપૂર્વક ગ્રહણ કરવાની ખાસ જરૂર છે. કારણ કે તેમનાથી જુદાઇ ચિન્તવ્યા કરવી તે વાસ્તવીક નથી એટલું જ નહી પણ જૈન સમાજની દૃષ્ટિએ ઇચ્છવા યોગ્ય પણ નથી.

**જૈન ધર્મ અને સમાજ સુધારણા.**

અહિંસા, અપરીગ્રહ, વ્યકતી અને સમદૃષ્ટિ સાથેનો તેનો સંબંધ, એકાંતવાદ અને જગતના ધર્મો, કર્મ–સિદ્ધાંત અને સામાજીક જીવન વીગેરે જૈન તત્વજ્ઞાનના સિદ્ધાંતોની ચર્ચા કર્યા બાદ વકતાએ જૈન ધર્મ અને સમાજ સુધારણાનો પ્રશ્ન ચર્ચ્યો હતો.

આજે સામાજીક સુધારણાનાં જે વિશિષ્ટ અંગો છે તે સંબંધમાં સદભાગ્યે જૈન ધર્મનાં મૂળ મન્તવ્યોની જરા પણ પ્રતીકૂળતા નથી, એટલું જ નહી પણ સ્ત્રી અને પુરૂષના તેમજ ભિન્ન ગણાતા વર્ણો કે જાતીના સરખાપણાની ભાવના ઉપર જ આખા જૈન ધર્મની ઇમારત રચાયલી છે. તેથી સિદ્ધાન્તની દૃષ્ટિએ જે હકક અને અધિકાર પુરૂષજાતિ ભોગવે છે તે જ હકક અને અધિકારની સ્ત્રી જાતને ના પાડી શકાય જ નહી, તેમજ મનુષ્યત્વના સામાન્ય હકકો પરત્વે બ્રાહ્મણ, શુદ્ર કે અસ્પૃસ્યનો ભેદ કરી શકાય નહી. આમ હોવાથી આપણે ત્યાં બાળલગ્ન સંભવી શકે જ નહી, વિધવાવિવાહ સામે વિરોધ થઇ શકે જ નહી, સ્ત્રીજાતિ પ્રત્યે અનાદર કે અન્યાયીભરી વર્તણુક દાખવી શકાય જ નહી. આપણા માથે જાતિ, જ્ઞાતિ, ગોળ તડનાં બંધન હોઇ શકે જ નહી; આપણે ત્યાં અસ્પૃશ્યતા ઘડીભર પણ ટકે જ નહી. સામાજીક વહેમો કે કુપ્રથાઓ આપણા વ્યવહાર જીવનને જરા પણ કુંઠિત કરી શકે જ નહિ. આમ છતાં પણ આપણી ધર્મભાવનાને સામાજીક પ્રશ્નો ઉપર લાગુ પાડવાનો આપણે કદી વિચાર કર્યો જ નથી અને આ બધી બાબતોમાં આપણે ઇતર વર્ગોની પાછળ ઘસડાયે જ ગયા છીએ. આવી આપણી બેહુદી રહેણીકરણી છોડવી જોઇએ અને જેને ધર્મભાવના સંમત કરે છે અને દેશ આજે માંગે છે તેવી સામાજીક પુનર્ઘટનાના આપણે સૂત્રધાર બનવું જોઇએ અને તે મુજબ આપણા અંગત જીવનને પલટો આપવામાં ઘડીભરનો પણ વીલંબ કરવો ન જોઇએ.

**જૈન સમાજની બે પ્રમુખ સંસ્થાઓ.**

જૈન ધર્મ સાથે જૈન સમાજનો વિચાર કરતાં સાધુ અને મંદિર

આ બે પ્રમુખ સંસ્થાઓ તરફ દૃષ્ટિપાત કર્યા વીના ચાલે જ નહી. અનેક પ્રકારના વહેમ, પાખંડ, ધતીંગ પણ આ બે સંસ્થા આસપાસ જ વિંટળાયલા જોવામાં આવે છે. આ બંને સંસ્થાઓ ચાલુ સાફસુફી માગે છે અને તેમાં જરા આળસ થઇ, કે તેમાં સડો પેસતાં વાર લાગતી નથી અને કંઈ કંઈ પ્રકારના અનર્થો નીપજી આવે છે.

**સાધુ સંસ્થા.**

જૈનોમાં પ્રત્યેક વિભાગના સાધુઓનાં કેટલાંક આચાર વ્યવહારમાં તફાવત છે એમ છતાં પણ તેમનું ધ્યેય, જીવનનું સામાન્ય સ્વરૂપ તેમજ ચાલુ પ્રવૃત્તિ એક સરખા છે. તેમનું સામાન્ય વલણ રૂઢીચુસ્તનું હોય છે અને નવા વિચાર અને નવા વાતાવરણ સાથે તેમનો બહુ મેળ ખાતો દેખાતો નથી. તેમનું જીવન કેટલાક વ્યવહાર નીયમોથી અને બહુ આકરા બંધનોથી જકડાયલું છે. તેમના આદર્શ કે ધ્યેયમાં સમાજ સેવાને પ્રધાનસ્થાન નથી. આજે સમાજ સેવાની ભાવના ચોતરફ ખુબ પસરી રહી છે અને સાધુ–સાધ્વીઓ તરફથી પણ અનેકવિધ સેવાની અપેક્ષા રાખવામાં પણ આવે છે.

તેમના જીવન વ્રતો જ એવા છે કે કેટલીક સેવાઓ તેઓ ઇચ્છે તો પણ આચરી શકે તેમ હોતું નથી. સાધુ સંસ્થાનું આખું બંધારણ વિચારતા એમ પણ લાગે છે કે પુર્વકાળથી ચાલી આવતી વ્રત–વિચારની મર્યાદાને ભાંગી નાખીને નવે ચીલે ચાલવાનું તેમના માટે શક્ય નથી તેમજ તેમ કરવા જતાં તેમની સ્થિતિ અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ જેવી થવાનો ભય રહે છે. આમ હોવા છતાં પણ ચાલુ સાધુ જીવનને વળગી રહીને તેમનાથી સમાજનું ઘણું કામ થઈ શકે તેમ છે. તેઓ શીક્ષણ આપવાનું કામ ઘણી સરળતાથી કરી શકે તેમ છે. એક સ્થળેથી બીજે સ્થળે એમ ચાલુ વીહાર કરતું તેમનું જીવન હોય છે. જન કલ્યાણની અનેક પ્રવૃત્તિઓને તેઓ ટેકો આપી શકે છે. ખાદી પ્રચાર અસ્પૃશ્યતા નીવારણ, મદ્યમાંસપ્રતિષેધ, સ્વદેશી સ્વીકાર વીગેરે અનેક કાર્યોમાં તેઓ ખુબ મદદ કરી શકે તેમ છે. આજે પણ ધર્મને નામે દેવ–દેવીઓ સમક્ષ પશુઓનાં બલી કેટલાય ઠેકાણે અપાય છે. આ પ્રવૃત્તિઓ અટકાવવાનું કાર્ય પણ તેઓ હાથ ધરી શકે છે. વૈજ્ઞાનિક અને ઇતિહાસીક સંશોધનમાં પણ તેઓ ખુબ ફાળો આપી શકે છે. આ રીતે તેઓને ખુબ કામ આપતા કરવા જોઇએ અને તે શરતે જ સમાજે તેમનો નિર્વાહ કરવો જોઇએ. તેમના સમુદાયમાં પેઠેલો સડો સાફ થવો જોઇએ. અને તેમના ચાલુ જીવનમાં પ્રમાદ પરાયણતાએ અને પ્રાચીન પ્રીયતાએ ઘર ઘાલ્યું છે તે નાબુદ થવું જોઇએ. આજે જે સર્વત્ર કેવળ બીન જવાબદાર સ્થિતિ વર્ત્તિ રહી છે તે તો લાંબો વખત નીભાવી શકાય જ નહી.

**મધ્યમમાર્ગી સંસ્થા.**

આ બધું કરવા છતાં આજનાં જમાનામાં જુના ઘાટની સાધુ સંસ્થા કેટલો વખત ટકશે એ વિશે મને શંકા છે તેથી, તેમજ આજની જરૂરીઆતો વીચારતાં સમાજસેવાની ભાવનાને અમલમાં મૂકે તે માટે જેવી રીતે દિગંબર જૈનોમાં બ્રમ્હચારીની સંસ્થા છે, તેવી મધ્યમમાર્ગી સંસ્થા અન્ય બે વીભાગોમાં ઉભી કરવાની ખાસ જરૂર છે. ત્યાગ, વૈરાગ્ય, સાદાઇ અને પવિત્રતાને પોષે એવા અને એમ છતાં પણ ચારે તરફ સામાજીક કાર્યો કરવામાં આડે ન આવે એવા નીયમોથી બદ્ધ થયેલ સેવાવ્રતી સાધુ જીવનની કલ્પનાને વેગ આપવાની ખુબ આવશ્યકતા છે. કારણ કે સાધુ વીનાં સમાજને ચાલવાનું છે જ નહી. સાચો સાધુ સમાજ સંસ્કૃતીનો જંગમ પ્રદીપ છે.

**જીનમંદિર.**

જિનમૂર્તી અને જિનમંદીર સંબંધે અહીં વિગતવાર વિવેચનને અવકાશ નથી, પણ તેના આવશ્યક સંશોધન પરત્વે નીચેની બાબતોનો તાત્કાલીક અમલ થવાની ખાસ જરૂર છે.

(૧) બીનજરૂરી મંદીરો ઉભાં થતાં અટકાવવાં જોઇએ અને મંદિરોમાં થતો વધારે પડતો ખર્ચ કમી કરવો જોઇએ.

(૨) જિનમૂર્ત્તિ મૂળ પુરૂષ તીર્થંકરના પ્રતીક તરીકે કલ્પવામાં આવે છે, તો મૂર્તિનું જે કાંઇ સ્વરૂપ તેમજ તેની સાથેનો જે કોઈ બાહ્ય વ્યવહાર મૂળ પુરૂષની કલ્પનાને બાધક બનતા હોય તે દૂર કરવા જોઇએ.

(૩) જિનમૂર્તિ પાછળ રહેલી ભાવનાને વ્યકત કરે અને પોષે તેવું મંદીર અને મંદીરનું વાતાવરણ હોવું જોઇએ.

(૪) મૂર્તિ અને મંદિર આસપાસ ઉભી થતી અનેક વહેમભરી માન્યતાઓનો ચાલુ વીરોધ કરવો જોઇએ.

(૫) દેવદ્રવ્યનો જનહીતાર્થે છુટથી સદુપયોગ થવો જોઇએ,

**મંદિર સુધારણા અને જૈનોની એકતા.**

ઉપર જણાવેલી બાબતોનો અમલ થાય તો તેના પરિણામે ત્રણે વિભાગની એકતાને કેટલું બધું ઉત્તેજન મળે ? શ્વેતાંબર મૂર્તિપૂજક અને દીગંબર મૂર્તિપૂજક જૈન વચ્ચેની માન્યતા ભેદનો એક મોટો છેદ ઉડી જાય. સ્થાનકવાસીઓ પણ આવા સુધારા થતાં ખુબ સમીપ આવી જાય; મૂર્તિ અને મંદિરના સબંધમાં સૌથી વધારે ફેરફાર કરવાપણું શ્વેતાંબર મૂર્તિપૂજક વીભાગને છે અને તે વિભાગમાં ઉપર જણાવેલા વિચારોનો આજે જોશ ભેર પ્રચાર થઇ રહ્યો છે અને આશા છે કે થોડા સમયમાં ઇષ્ટ પરીણામ આવ્યા વીના નહી રહે.

**ત્રણ વિભાગની એકતા.**

આ પ્રશ્નની ચર્ચા સહેજે મને જૈન સમુદાયના ત્રણે વિભાગની એકતા તરફ લઈ જાય છે. ત્રણે વિભાગની માન્યતાઓનું સામ્ય ડુંગર જેવડું છે અને માન્યતાભેદ તરણા જેટલો છે, છતાં એકતા નથી. આવી પરિસ્થિતીની સર્વ જવાબદારી આપણા આચાર્યોની જ છે. ભૂતમાત્ર પ્રત્યે મૈત્રી ચીન્તવાનો ઉપદેશ કરનાર આચાર્યો એકજ કુટુંબના ભાઇઓ ભાઇઓને જુદા પાડવાનું અને જુદાઇ ટકાવી રાખવાનું કામ કરતા આવ્યા છે, આ બાબત તેઓએ જૈન શાસનની કરેલી બીજી અનેક સેવાઓને ઝાંખી પાડે છે અને આપણી આંખમાં કણાની માફક ખૂંચે છે. 'પુંછડાં વીનાનું પ્રાણી નહીં અને પક્ષ વિનાનો આચાર્ય નહીં', આવી આપણી રૂઢ મનોદશાને પલટાવવીજ જોઇએ. વ્યાખ્યાનપીઠ પરથી આજે ઉપદેશ થાય છે અનેકાંતવાદનો અને ખાનગી વાતોમાં પ્રેરણા અને પ્રચાર થાય છે સાંપ્રદાયિક રાગદ્વેષનો, આ જુદાઇ અને આ તીર્થના ઝઘડા આવ્યાં કયાંથી ? આનું મુળ આપણી સંકુચિતતા છે. એ સંકુચિતતામાંથી ઝનૂન, કદાગ્રહ અને વેરઝેર જન્મે છે, અને એ બધું ધર્મના ઢાંકણ નીચે નીરંતર પોષાંયા કરે છે. આજે આપણે એ સંકુચિતતાની દીવાલો

ભાંગી નાખીએ; જુદાઇમાં જ ધર્મતત્વનું મહત્વ સમજાવનાર સાધુઓને સાંભળવાની ચોખ્ખી ના પાડીએ; પામર માન્યતાભેદોને મનથી તીલાંજલી આપીએ; અને જૈન વચ્ચે સાચી એકતાની બુદ્ધિ કેળવીએ.

**શ્રીમદ્ રાજચંદ્ર.**

તમો કાઠીયાવાડના જૈન યુવકો સમક્ષ સામુદાયીક એકતાની વાત કરતાં મને પુણ્ય પુરૂષ શ્રીમદ્ રાજચંદ્રનું સ્મરણ થઇ આવે છે. સાચા વિશાળ જૈનત્વની—સાચી ધાર્મિક એકતાના—ને આદર્શના પ્રતિનીધી હતા. આપણા સાધુઓ તેમના ચારિત્રમાંથી, તેમના લખાણમાંથી આ વિશાળ જૈનત્વનો બોધ લે અને સાચી ઉદારતા કેળવે તો આપણે જે એકતાને ઝંખીએ છીએ તે અલ્પ સમયમાં સમીપ આવીને ઉભી રહે.

**એકતા સાધવાના વ્યવહારૂ ઉપાયો.**

પ્રસ્તુત સામુદાયિક એકતા સાધવાના ઉપાયો ચિંતવવા અને તે દીશાએ શક્ય હોય તેવી પ્રવૃત્તિઓ આદરવી એ આવી પરિષદોનો મુખ્ય હેતુ હોવો જોઇએ. પ્રથમ તો આપણે મનમાંથી જુદાઇનો કાંટો ઉખેડી નાંખીએ, મનનું વલણ બદલાયા સીવાય એકતાની બધી વાતો કે પ્રવૃત્તિ નકામી છે; તીર્થ મંદિર કે ઉપાશ્રયના ઝઘડા પતાવવાની દિશાએ આપણી શકિત અને લાગવગનો ઉપયોગ કરીએ અને જ્યાં પ્રયત્ન નિરર્થક લાગે ત્યાં તેવા ઝઘડાઓથી દૂર રહીએ. પરસ્પરનાં મંદિરોમાં જવા આવવાનો અને પરસ્પરના સાધુઓને સન્માનવાનો વ્યવહાર ઉત્તેજીએ, ભીન્ન ભીન્ન વિભાગની કેળવણીને લગતી સંસ્થાઓનાં દ્વાર સર્વ સમુદાયના વિદ્યાર્થીઓ માટે ખુલ્લાં મુકીએ; આવી જ રીતે સર્વ સંવેગી સાધુઓ માટે ઉપાશ્રયનાં દ્વાર પણ ઉઘાડાં કરીએ; જ્ઞાતિ, તડ, ઘોળ કે એકડાની વાડો તોડી નાખીએ અને જૈન જૈનમાં સર્વત્ર સરળતાથી કન્યાની લેવડ દેવડ થઇ શકે એવી ઘટના નીપજાવીએ, જૈન પર્વ પાંખી અને ઉત્સવો એકજ દિવસોએ ગોઠવાય એવી હીલચાલ જોસભેર ઉપાડીએ; જેમાં માન્યતા ભેદનો પ્રશ્ન જ ન હોય એવી અનેક સામાજીક તેમજ ધાર્મિક પ્રવૃત્તિઓ બધા મળીને ચલાવીએ; એકતાપોષક ધર્મસાહિત્યને ખુબ આગળ લાવીએ; એક એક વિભાગનાં સંમેલનો ગૌણ બનાવીને ત્રણે વિભાગના નાનાં મોટાં સમુહ સંમેલનો યોજીએ. આવા એકતા સાધક કેટલાક ઉપાયો મારા નજર ઉપર આવે છે એ તમારા સમક્ષ હું રજુ કરૂં છું. કેટલીક વખત એમ માલુમ પડે છે કે એવા કેટલાક વિભાગીય પ્રશ્નો હોય છે કે જેની ચર્ચા અને નિર્ણય સામુદાયીક પરિષદમાં સાધવાનું અશકય બને છે. આ માટે પણ એવી યોજના વિચારી શકાય કે સામુદાયીક પ્રતિનીધિઓ પોતાનું મુખ્ય કાર્ય પતાવીને પોતપોતાના વિભાગમાં વહેંચાઇ જાય અને પોતાના અંગત પ્રશ્નોની પણ સાથે સાથે ચર્ચા કરી લે. આમ કરવાથી એકતાની ભાવના જળવાઇ રહે અને એમ છતાં પણ કેટલાક અંગત અથવા તો વિભાગીય પ્રશ્નોની ઉપેક્ષા થવા ન પામે.

**વીચારક્રાન્તિ.**

આવી રીતે જ્યારે એક બાજુએ ધાર્મિક ગચ્છને ભેદો અને સામાજીક જ્ઞાતિભેદોને દૂર કરવાની હું માગણી કરૂં છું, ત્યારે બીજી બાજુએ નવા અને જુના વિચાર વચ્ચે આવી રહેલી અથડામણને હું અભિનંદુ છું. કારણ કે ગચ્છભેદો અને જ્ઞાતિભેદો આજે કેવળ બુધ્ધિની જડતા અને સંકુચીતતા ઉપર ઉભેલા છે, જ્યારે નવા વિચાર પાછળ ઉભો થતો સંક્ષોભ સમાજમાનસની જાગૃતિ સુચવે છે, આપણે ત્યાં જડશાંતિની એટલી બધી પૂજા વધી પડી છે કે કોઇપણ નવા ફેરફારની સુચનાથી આપણે ચમકીએ છીએ અને નવા આંદોલનથી ઉભા થતા સંક્ષોભને આપણે બહુ ભય અને ચિંતાપૂર્વક નીહાળીએ છીએ. ચાલુ સ્થિતી વિષેનો અસંતોષ આગાહી પ્રગતિનું મૂળ છે. જ્યારે જુના ચોકઠામાં નવાં વિચારબળો, નવી ભાવનાઓ અને નવી જરૂરીઆતો ગોઠવાઇ શકતાં નથી ત્યારે આખું ચોકઠું બદલવું પડે છે. આનું નામ જ સામાજીક ક્રાન્તિ છે. આવી ક્રાન્તિની હીલચાલથી આખો સમાજ ખળભળી ઉઠે છે; વાતાવરણ અશાંત બની જાય છે; નવા નવા વિચારપક્ષો ઉભા થાય છે! પિતા પુત્ર, ભાઇ ભાઇ અને પતિ પત્નિ જુદા પડવા માંડે છે. આવો બુદ્ધિભદ બેઘડી સૌ કોઇને મુંઝવી નાખે છે; પણ આવા ક્ષોભ, અશાંતિ કે વિચારભેદથી જરાપણ મુંઝાવાની કે નિયત કરેલા માર્ગથી પાછા ફરવાની જરૂર છે જ નહી; શરીર માફક સમાજને પણ ગાળે ગાળે વિરેચનની જરૂર હોય જ છે. નવસર્જન ઇચ્છનાર સમાજે પ્રસવની વેદનામાંની પસાર થવાનું જ રહ્યું. શુષ્ક ગ્રીષ્મમાંથી નવજીવનને આકારતી શરદ તરફ જવા માટે વિજળી ગર્જના અને વરસાદના વાવાઝોડામાંથી પસાર થયે જ છુટકો છે.

**નવસર્જન ઇચ્છનાર યુવકોને.**

માત્ર જેઓ સમાજમાં નવા સુધારાઓ—મૌલીક ફેરફારો—કરવા માંગતા હોય, જેઓ નવવિધાનમાં બનતો ફાળો આપવા ઇચ્છા ધરાવતા હોય તેમણે સઉથી પ્રથમ પોતાનું ચારિત્ર શુદ્ધ બનાવવું જોઇએ; વાણીસંયમ ખૂબ કેળવવો જોઇએ; વ્યકિતને હંમેશાં ગૌણ રાખી સિદ્ધાંતની લડાઈ લડવી જોઇએ. નિડરતા અને શાણપણ બન્નેનો યોગ્ય સમન્વય કરવો જોઇએ; વર્તનના પ્રત્યેક અંશમાં પુરી નમ્રતા પ્રગટાવવી જોઇએ.

**શઠની પ્રત્યે શઠતા?**

હીલચાલ અને પ્રચારના મદમાં આપણને ઘણી વખત શઠ પ્રત્યે શઠતાની ટુંકી બુધ્ધિ સુઝે છે અને અસત્ય અને છળપ્રપંચદ્વારા ધાર્યું કાર્ય સિદ્ધ કરવાની વૃત્તિ થાય છે પરંતુ શઠ પ્રત્યે પણ સાધુતા દાખવવી એ જનસમાજને પોતાના વિચાર તરફ વાળવાનો એક જ ઉત્તમ અને વ્યવહારૂ ઉપાય છે એમ દરેક યુવકે બરોબર સમજી લેવાની ખાસ જરૂર છે.

**સ્વામી દયાનંદ અને ગાંધીજી.**

પ્રિય બ્હેનો તથા બંધુઓ આજે તમારે શું કરવું અને કેમ વર્તવું તે વિષે હું કાંઈ લાંબું વિવેચન કરૂં તેને બદલે આજના ભારત વર્ષની નવ સંસ્કૃતિના સર્જક સ્વામી દયાનંદ અને મહાત્મા ગાંધીજીના પુણ્ય—ચરિત્ર પ્રત્યે તમારૂં ધ્યાન ખેંચું એ મને વધારે યોગ્ય લાગે છે. આ બંને મહાપુરૂષોને જન્મ આપવાનું ગૌરવ આપણું કાઠીયાવાડ ધરાવે છે. તેથી તેમનો અહીં નામનિર્દેશ થાય છે. સ્વામી દયાનંદ ધાર્મિક તેમજ સામાજીક જીવનમાં રહેલો કચરો ઝડીઝપટીને સાફ કરનાર પ્રચંડ વાયુ હતા. મહાત્માગાંધીજી જીવનના સર્વ પ્રદેશોને અજવાળનાર પ્રકાશ મૂર્તિ છે. બંનેના જીવનની પુણ્ય કથામાં અનેક પ્રેરણાદાયી તત્વો ભરેલાં છે તેમનું ચરિત્ર સત્યપ્રિયતા અને નિડરતાથી અંકીત છે. તે બંનેની જીવનચર્યામાંથી નીકળતો સમાન સુર આ છે; "હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જોને" 'હરિ માર્ગ' એટલે વહેમ, અજ્ઞાન, નબળાઈ અને ધર્માંધતામાં ડુબેલી જનતાને ઉંચે લાવવાનું ભગીરથ કાર્ય તમે આવો 'હરિનો માર્ગ' પકડીને શુરા બનો, કાયરતા છોડો અને તે બંને મહાપુરૂષને પગલે ચાલીને અધર્મ અને અસત્યને છેદવા ખાતર જીવતા રહો ત્યાં સુધી લડો અને લડતાં લડતાં મરો એવી અભ્યર્થના છે.

# કા. જૈન યુવક પરિષદ્‌ના સ્વાગતાધ્યક્ષનું ભાષણ.

રાજકોટ, તા. ૨૩.

રાજકોટ ખાતે ભરાયલી કાઠીયાવાડ જૈન યુવક પરિષદની પ્રથમ બેઠકના સ્વાગત પ્રમુખે પોતાના ભાષણ દરમ્યાન જૈનોની વ્યાખ્યા આપતાં જણાવ્યું કે:—

જૈન ધર્મ એક સ્વતંત્ર દર્શન છે. તેણે સાંપ્રદાયિક અવસ્થા ગ્રહણ કરેલી જ નહોતી, પરંતુ જગતના સૌ ધર્મોમાં પાછળથી દાખલ થાય છે તેમ પાછળથી દાખલ થયેલી એ અવસ્થા છે.

ઇંદ્રિયોને—શરીર વાસનાને જીતે તે જિતેન્દ્રિય—જિત—જિન; અને આવા જિતેન્દ્રને અનુસરે તે જૈન. ઇંદ્રિયોના ભોગ વિલાસ ઉપર કાબુ મેળવ્યો હોય તે જૈન.

**વિકૃતિ.**

આપ સૌ જાણો છો કે બધી સાવચેતી—અગમચેતી છતાં માણસ જાણતાં જાણતાં ભૂલે છે. કાળે કરીને માર્ગોમાં ખાડા—ટેકરા થઇ જાય છે ત્યારે એક વખતનો સુંદર માર્ગ વિકૃત થઇ જાય છે. આપણે ત્યાં પણ વિકૃતિ આવી અટકથી સાથે જવાની શકિત ચાલી ગઇ હતી અને તે ધીમે ધીમે સંપ્રદાયોનાં મઠો, મંદિરો અને ઉપાશ્રયોમાં મર્યાદિત થઈ ગઇ. સૌ પોતાનું સંભાળવા દોડયા. નાતો, જાતો, ગચ્છો, સંઘાડાઓ વિભકત થવા માંડયા. નોખા પાડવામાં હોશીયારી મનાવા લાગી અને નોખા પડતા ગયા તેમ બળ તુટતું ગયું.

**સામાજિક પતન અને આર્થિક હ્રાસ.**

આ નિરાશાકાળમાં માણસ અસહાય પણ થઈ ગયો હતો. આનું બુરામાં બુરૂં પરિણામ એ આવ્યું કે એક બાજુ ધાર્મિક અને સામાજીક અનવસ્થા ચાલતી હતી ત્યારે બીજી બાજુ દેશનો ભારે આર્થિક હરાસ થતો જતો હતો તેના તરફ આપણું લક્ષ જ ગયું નહીં. ચારે બાજુ ભુખમરો અને બેકારી ફેલાયા.

**હવે શું કરવું ?**

આ પરિસ્થિતિનો આપણે ઝીણવટથી અભ્યાસ કરવાનો છે. માર્ગ સરળ કરવા આપણે જુના ચિલાઓ સમારવા પડશે, એક નવો ધોરી માર્ગ પણ યોજવો પડશે. કાર્યને ઉત્તેજન ઓછું મળે તેથી તમે કદી ભગ્નાશ ન થતા, આજે જ્યાં જુઓ ત્યાં જડતા પ્રવેશી ગઇ છે તે આપણે ખંખેરી કાઢવી જોઇએ પણ તે ખંખેરવાની આપણામાં તાકાદ હોવી જોઇએ. તાકાદ કેળવવી જોઇએ—આ તાકાદ શીલ અને ચારિત્રથી મળે છે.

**રૂઢીની પકડ.**

આપણો રોષ અનિષ્ટ રૂઢી સામે હોવો જોઇએ, નહિં કે રૂઢીના વાહકો સામે, મનુષ્ય સ્વભાવનાં કેટલાંક પડ ઉખેળીને તેનો સૂક્ષ્મ અભ્યાસ કરીશું તો માલુમ પડશે કે રૂઢી ઘડાવી કઠણ છે, પકડાવી તેનાથી કઠણ છે અને પકડાઇ ગયા પછી તેને છોડાવવી એ પહેલા બેથી વધારે કઠણ છે. આ વસ્તુ માત્ર ધાર્મિક અને સામાજીક પરંપરાગત રૂઢીઓને લાગુ પડતી નથી પણ બધાને લાગુ પડે છે. જુનવાણી વસ્તુઓથી છુટવું એ માણસને બહુ આકરૂં લાગે છે. રૂઢી માણસના જીવનમાં એટલી વણાઈ જાય છે કે તેની ઉપયોગિતા જતી રહેવા છતાં માણસ તેને છોડી શકતો નથી.

**પ્રજાસંઘ અને વિશ્વશાંતિ.**

જગતની સમગ્ર ધાર્મિક સંસ્કૃતિઓ સાથે મળિને જે કાર્ય સાધી શકેલ નથી અને સાધવાને શકિતમાન નથી તે કાર્ય સાધવાનો જગતનો આજનો એક બહુ નાનો વિચારક વર્ગ સતત મંથન કરી રહેલ છે. આજે આ વર્ગમાં હજુ જોઇતું સંગઠન બળ આવ્યું નથી. પણ એક કાળે જરૂર આવશે. આજે પરાર્થવૃત્તિથી નહિ પણ હંમેશાં ઉત્પન્ન થતી મુંઝવણોમાંથી જગતના રાષ્ટ્રો નિકાલ માગે છે. વ્હેલું મોડું આ કાર્ય પરાર્થવૃત્તિ જ કરશે.

**આંતરરાષ્ટ્રિય વિચારણા.**

આપણા દેશ પ્રત્યે હાલના જગતની જેટલી કુતુહલવૃત્તિ છે તેટલો સાચો પ્રેમ નથી. શકિતપરિચય વગર સાચો પ્રેમ જાગતો જ નથી. આજે માત્ર આપણે રાષ્ટ્રના પ્રશ્નો વિચારીને જ બેસી રહીએ તેટલાથી પણ ચાલવાનું નથી. હિંદે આંતરરાષ્ટ્રીય વિચારકો પેદા કરવા પડશે. થોડા છુટા છવાયા હોય તેમને એકત્ર કરવા પડશે. આજે જગતનું પ્રત્યેક રાષ્ટ્ર આત્મનિર્ણય માગે છે. જ્યાં આત્મશાસન નથી ત્યાં ધર્મ ધર્મરૂપે ટકી શકતો નથી અને તેથી જ ધર્મ એ વસ્તુ આજે કેટલાકને નિરસ લાગે છે અને તેથી કેટલોક વર્ગ એવો પણ છે જે પ્રામાણિકપણે એમ માને છે કે ધર્મ એ સમાજજીવન અને રાષ્ટ્રજીવનનો અવરોધક બન્યો છે. યુરોપની કેટલીક પ્રજાઓએ જોયું કે ધાર્મિક સંપ્રદાયો આપણા વિકાસને અટકાવે છે ત્યારે તેઓએ ધર્મની સત્તાને ફેંકી દીધી. ઇતિહાસનું હંમેશાં પુનરાવર્તન થાય છે એ વાત શાણા માણસોએ ભૂલવા જેવી નથી.

**ઘટતી જતી સંખ્યા.**

આપણી ઘટતી જતી જનસંખ્યા વિષે મને બહુ શોક નથી. શોક એકજ છે કે આપણે જૈન શરીરશકિતમાં ઉતરતા જઇએ છીએ. આપણી કોમ વ્યાપારી કોમ હોઈ આર્થિક બાબતોમાં બીજા કરતાં ઠીક છીએ. આપણને બ્રહ્મચર્ય અને જીવનના નિયમોનું જ્ઞાન છે. મોટી વયે લગ્ન થાય છે છતાં જૈન કોમ નિર્બળ કેમ બનતી જાય છે ? આ પ્રશ્ન ગંભીર સમીક્ષા માંગી લે છે. આ માટે આપણે પૈસા ખરચી એક જૈનેતર કમીશન નીમવું જોઇએ. આ પરિષદ્ વિચાર કરે અને પ્રયાસ કરે તો કાકા કાલેલકર અને સમર્થ વિચારકોની સેવા આપણે મેળવી શકીએ.

**વિશ્વબંધુત્વ અને જૈનો.**

સમગ્ર દેશની સેવામાં આપણે ઓછી સંખ્યાબળવાળા જૈનો ધારીએ તો બહુ મોટો ફાળો આપી શકીએ તેમ છીએ; કારણ કે આપણા સંસ્કારો જન્મથી જ વ્યાપારીના છે.

આપ સૌએ મારામાં જે વિશ્વાસ અને પ્રેમ બતાવ્યો છે તે માટે આભાર માની મારૂં વકતવ્ય પુરૂં કરૂં છું.

# પરિષદ નાં પડઘા.

—કાન્તિ બરોડીઆ.

યુવક એટલે નવસર્જક શકિત,

❖ ❖ ❖

શાસ્ત્ર હિમાલય પર્વત ઉપર આવેલું કોઇ એક પરિમિત માનસ સરોવર નથી. પણ જનપ્રદેશ વચ્ચે સદા વહેતી અને અનેક પ્રવાહોને સંઘરતી જતી કલ્યાણવાહિની ગંગા છે. —શ્રી પરમાનંદ.

❖ ❖ ❖

જૈનધર્મે માણસને ફરી ફરી સમજાવ્યું કે "તું તારા ભાગ્યનો વિધાતા છે; તું સંયોગોને આધિન નથી; સંયોગો તારે આધિન છે. અને તારી આત્મશકિતઓને પૂરો વિકાસ આપીશ તો તારો માર્ગ મોકળો કરવા તું અવશ્ય શકિતમાન થઇશ."

❖ ❖ ❖

બધું ગયું તો હું જીવતો છું તો બધું ફરીથી વસાવી શકીશ; એટલું જ નહિ પણ હું જીર્ણતાને સ્થાને નવિનતા લાવીશ. બાપદાદાના વારસાને શોભાવીશ.

❖ ❖ ❖

યુવકોમાં આશા છે; ઉત્સાહ છે. સૌથી વિશેષ તમારામાં સાહસ વૃત્તિ છે.

❖ ❖ ❖

શકિત પરિચય વગર સાચો પ્રેમ જાગતો જ નથી.

—શ્રી વીરચંદ પાનાચંદ શાહ.

❖ ❖ ❖

જો નૂતન જૈનબળ ઉભું કરવું હોય તો જૈન સમાજમાંથી ધોળ, જ્ઞાતિ, પંથો, ગચ્છો તોડવા જ જોઇએ.

—શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ.

❖ ❖ ❖

પુરૂષો આજકાલ સ્ત્રીઓને સમાનતાના હકકો આપવાની વાત કરે છે તે ઉપકાર નથી Chivary (સ્ત્રી સન્માન) નથી. અત્યાર સુધીનાં ઘોર અન્યાયનું પ્રાયશ્ચિત છે.

❖ ❖ ❖

જુના વખતથી જ સ્ત્રીઓને સમાન હકક છે. સ્ત્રી પુરૂષની ગુલામડી નથી. એમ હોત તો "અર્ધાંગના" શબ્દ કયાંથી પ્રચલિત થયો હોત ?

❖ ❖ ❖

હાલની લાજનીપ્રથા એ મુસ્લીમ સંસ્કૃતિનો પડછાયો છે. આપણી કેવી બ્રાહ્મશકિત–તેમની એકતા, સંપને બદલે આવી અમાનુષિક પ્રથા ગ્રહિ ? —શ્રી મનુભાઇ ખંધેરીઆ.

❖ ❖ ❖

વિધવાઓએ અત્યારસુધી ઘણું સહ્યું છે; પણ હવે સમાજ સમજે કે વિધવાઓ જાગી છે. —શ્રી ચીમનલાલ મોદી.

❖ ❖ ❖

પ્રાણી કરતાં માનવી ઉચ્ચતાનો દાવો ધરાવે છે. તેના કરતાં માનવીની બુદ્ધિ ખીલેલી છે. શું હરિણી કે સિંહણ લાજ કાઢે છે ? મોઢું સંતાડવા લાજ કાઢવી એ કેટલું અત્યાચારી, અમાનુષિક અને બેહુદુ ?

લાજ સ્ત્રી સમાનતાના હકક ઉપર તરાપ મારે છે એને સમાનતા–હકકની લડતમાં પહેલાં જ ફગાવી દેવી જોઇએ.

❖ ❖ ❖

લગ્ન વખતે બધા મ્હાલવા જાય, સારાં સારાં કપડાં પહેરે, ઘરેણાં પહેરે, ફરે, મજા કરે; ત્યારે વિધવા ખૂણે બેસી કલ્પાંત કરે. સજળ નયને જોયા કરે. તેને જોયાથી અપશુકન થાય.

આ માનવતા કે પાશવતા ?

❖ ❖ ❖

વિધવા સ્ત્રીઓને ઘરેણાં કપડાં પ્રત્યે મોહ નથી. એમને સમાજનો પ્રેમ જોઇએ છે. સમાજની સજ્જનતા અનુભવવી છે.

—જયાબ્હેન દેશાઇ.

## ભાવનગરના જૈન યુવાનો.

### ટ્રસ્ટીઓ સામે કાયદેસર પગલા લેવા મુંબઇના યુવાનો જાગશે ખરા કે ?

સાહેબ,

ભાવનગરના જૈન યુવાનોએ શેઠ અનોપચંદ ગોવિંદજી અને તેમના પત્નિએ કરેલા બે લાખના ટ્રસ્ટફંડના ટ્રસ્ટીઓએ બે વર્ષથી કાંઇપણ ઉપયોગ નહિ કરવાથી તે ટ્રસ્ટીઓ શેઠ જુઠાભાઈ સાંકળચંદ વોરા અને બીજા ટ્રસ્ટીઓ સામે કોર્ટમાં ટ્રસ્ટનો ઉપયોગ કરવા ફરીયાદ નોંધાવે છે અને એક પછી એક એવા પડી રહેલા ટ્રસ્ટોનો ઉપયોગ કરવા કોર્ટનો આશરો લેવા નિર્ણય કર્યાના ખબર મળ્યા છે. આશા રાખીએ કે જૈન યુવાનો તેમના પ્રયત્નમાં ફત્તેહ મેળવે.

મુંબઇના પણ એવા ઘણા ટ્રસ્ટફંડો વગર ઉપયોગ કર્યે પડી રહ્યા હશે ? છેલ્લા શેઠ દેવકરણ મુળજી કે જેની બાદશાહી રકમ જૈનો માટે સસ્તાભાડાની ચાલી અને હોસ્પિટલ અર્થે ખર્ચવાની છે. આજ લગભગ આઠ વર્ષ થયા છતાં તેના ટ્રસ્ટીઓને અનેક વખત મુંબઇ જૈન યુવક સંઘ તરફથી વિનવણી કરવા છતાં ધાર્યું પરિણામ લાવી શકાયું નથી અને વાયદાઓ પણ પૂરા થાય છે. હજુ સુધીઆઠ વર્ષનું સરવૈયું જાહેર:રીતે બહાર પાડવાનું વચન આપવા છતાં બહાર મૂકવામાં આવ્યું નથી. તેમજ જૈનોને ખરી જરૂરીઆત છે એવા બે ખાતાં–સસ્તાભાડાની ચાલ અને હોસ્પિટલ માટે એક પાઇ પણ ખર્ચવામાં આવી નથી. આથી હું જૈન સમાજના સેવા ભાવી યુવાનોને આ ટ્રસ્ટફંડનો અમલ કરવા માટેની હિલચાલ ઉપાડી લેવા વિનંતિ કરૂં છું.

મુંબઇ જૈન યુવક સંઘ થોડા વખતમાં આ બાબતમાં ટ્રસ્ટીઓ સાથે પત્રવહેવાર કરવા ઇચ્છે છે. જો કાંઈ રસ્તો નહિ જ નિકળે તો કોર્ટનો આશરો લેવા સંઘના તમામ મેમ્બરો સહકાર આપી ફરજ બજાવશે.

લી: આપનો વિશ્વાસુ.

**મણીલાલ એમ. શાહ.**

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

ટ્રસ્ટોનો ઉપયોગ.

Regd No. 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જુ. અંક આઠમો
રવીવાર તા. ૧૫-૧૧-૩૬.

## ક્રાન્તિ અને ધર્મ ધુરંધરો!

નવયુવાન.

ક્રાન્તિ એટલે કરોડો પીસાતા રીબાતા હૈયાનો આંતરનાદકારમી કંગાલીઅત અને દરિદ્રતાનો ભોગ બનેલાના ઉન્હાનિશ્વાસ. અમાનુષી અત્યાચાર જુલ્મ અને જેહાદની સામે એક પ્રકારનું આંદોલન.

એનાથી ધનિકો ડરે.
ધર્માધિકારીઓ ભડકે.
રૂઢીચુસ્તો બળે.

જમાના જુના ઇતિહાસોના જર્જરીત પાનાંઓનું નૂતન સર્જન કરવું એ પ્રત્યેક યુવકની ફરજ છે.

મુઠ્ઠીભર જનતાના હાથમાં રમતાં કાળપુરાણા અધિકારોનો સામનો કરવો એજ પ્રગતિનું સાચું શિક્ષણ છે.

આજનો કાળપ્રવાહ આ પ્રકારનો છે. જનતાના હૃદયમાં એક તીવ્ર આંદોલન ચાલી રહ્યું છે. સ્વાતંત્ર્યતાની ગુંજાશમાં ખેલતા નવયુવકોએ નૂતન આશા, નૂતન આદર્શ અને નૂતન સર્જન તરફ મીટ માંડી છે.

ગઈ કાલની વ્યવહારને નામે ઓળખાતી વેવલી પ્રથાંઓ અને બંધનો સામે તેમણે જેહાદ જગાવી છે. વડીલશાહીને નામે ચાલતા એ મોટેરાના માન અને મોભા પાછળનું રહસ્ય ઉકેલવા આજે તેઓ અધિરા બન્યા છે.

સમયને નહિ ઓળખતા આજના ધર્મગુરૂઓને આ ક્રાન્તિનો નાદ કોઈ ઘોર ગર્જન સમો ભાસે છે. એના ચમત્કાર કોઈ વિદ્યુત્ સમા પ્રકાશની માફક પળમાં પ્રકટીને અંધારાની ઉંડી ખીણમાં ગરકાવ કરી દેતા જણાય છે.

હવે ધર્મ રસાતળ જવા બેઠો હોય તેમ આજે તેમના ભોળા ભકતોને તેઓ ઉપદેશે છે:–"હવે સાવધ થાઓ. જમાનાનો ઝેરી પવન વાવા લાગ્યો છે."

હૃદય સમજે છે કે હવે આપણું ટટ્ટુ વધુ લાંબો સમય નભે તેમ નથી. પણ શું કરે? એમના સેવાધર્મના સૂત્રો જનતા આજે સારી રીતે પિછાણે છે. શાસ્ત્રના પાના આડે ધરીને ભોળી જનતાને ભમાવવાનો આ વખત નથી. આજે તો ઉપદેશો બધા પુસ્તકો ને પાનામાં ભરેલા છે. ફુરસદ મળે અને જાણવાની જિજ્ઞાસા થાય તો પુસ્તકાલયો ક્યાં દૂર છે?

જ્યારે દીક્ષા જેવી પવિત્ર અને આત્મોન્નતિનું પગથીયું ગણાતી પૂજ્ય વસ્તુ આજે બજારૂ ચીજ બની ગઈ છે. પંચ પરમેષ્ઠિમાં આચાર્યભગવાનનો હોદ્દો ધરાવતી 'સૂરિ' પદવી ગુરૂઓના મુઠ્ઠીભર વાસક્ષેપમાં સમાઇ ગઈ છે. તો પછી મુક્તિ તો એથી કેટલે દૂર (!)

આત્મોન્નતિના માર્ગે અખંડ તપ કરી કાયાને નિચોવી ત્યાગ માર્ગને અજવાળતા અમારા ગઈ કાલના પૂજ્ય મુનિવરોના સ્થાને આજે વેશધારી સંસારના તાપે બળી રહેલા આત્માઓની જમાત જામી છે. હશે મહીં રડયા ખડયા એ પરમ પૂજ્ય અને પવિત્ર મુનિવરોને પગલે ચાલનારા. બાકી મોટો ભાગ તો જુદા જ પ્રકારનો છે. સંયમના આરાધકો ભલે એ હોય પણ સંયમ એમને વર્યો નથી.

ભકત જનતાના એ આરાધ્ય દેવો સમયને પિછાને તો?

# તરુણ જૈન.

તા. ૧૫-૧૧-૩૬


## ટ્રસ્ટોનો ઉપયોગ.

ટ્રસ્ટ બનાવવાનો ઉદ્દેશ તો એક જ હોય છે કે જે મીલ્કતનું એ ટ્રસ્ટ બનાવવામાં આવે છે ત્હેનો દુરૂપયોગ ન થાય. અને વ્યવસ્થિત રીતે ટ્રસ્ટ કરનાર માનવીઓના ઉદ્દેશોને અનુસરી ત્હેનો વહીવટ થાય, અને તે માટે ટ્રસ્ટ કરનાર પોતાને વિશ્વાસ હોય તેવા માનવીઓને ટ્રસ્ટી બનાવી પોતે એ મીલ્કતમાંથી હાથ ઉઠાવી લે છે. ટ્રસ્ટીઓની પણ એ જવાબદારી હોય છે કે ત્હેમણે ટ્રસ્ટ કરનારના વિશ્વાસનો દુરૂપયોગ ન કરતાં ત્હેના ઉદ્દેસને અમલમાં મુકી તે મીલ્કતનો ઉપયોગ કરવાનો હોય છે, જો એ રીતે એ ટ્રસ્ટી પોતાની જવાબદારી બરાબર અદા ન કરે અને ટ્રસ્ટ કરનારના વિશ્વાસનો દુરૂપયોગ કરી ત્હેના ઉદ્દેશને અનુસરી ત્હેનો ઉપયોગ ન કરે તો કાયદેસર તે ગુન્હેગાર ઠરે છે. આવા ટ્રસ્ટીઓને કોર્ટનો આશરો લઇ ત્હેની જવોબદારીનું બરાબર ભાન કરાવી શકાય છે. ભાવનગરમાં એ જાતનો એક ટ્રસ્ટ કેસ ઉભો થયો છે.

ભાવનગરમાં અનોપચંદ ગોવીંદજી અને ત્હેમની પત્નીએ બે લાખનું એક ટ્રસ્ટ ફંડ કર્યું હતું. ત્હેનો બે વરસથી ઉપયોગ કરવામાં આવ્યો નથી. તે માટે ત્યાંના જુવાનોએ ત્હેના ટ્રસ્ટી શ્રી જુઠાભાઇ સાંકળચંદ વોરા અને બીજા ટ્રસ્ટીઓ ઉપર ટ્રસ્ટનો ઉપયોગ કરાવવા માટે ફરીયાદ નોંધાવી છે. આ જાતની ફરીયાદ આ પહેલી જ છે.

આપણા સમાજનાં આવાં કેટલાયે ટ્રસ્ટોના ફંડો વિના ઉપયોગે પડી રહ્યા છે. તેના ટ્રસ્ટીઓ તેની અંગત માલિકી હોય ત્હેમ ત્હેનો કશો ઉપયોગ કરતા નથી. આ બાબત તરફ હવે આંખ મીચામણા પાલવે તેમ નથી.

મુંબઇમાં પણ ત્હેવા કેટલાયે ફંડો છે કે જે બીન ઉપયોગનાં પડી રહ્યાં છે. આવા ફંડોનો ઉપયોગ કરાવવા હવે જુવાનોએ કમર કસવાનો સમય આવી લાગ્યો છે.

આજથી આઠ વરસ પહેલાં મર્હુમ શેઠ દેવકરણ મુળજીએ પોતાની મીલ્કતનું ટ્રસ્ટ કરી ત્હેનો સસ્તા ભાડાની ચાલી અને હોસ્પીટલ બંધાવવા આદિ સમાજ સેવાના કાર્યમાં ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને ત્હેના ટ્રસ્ટી તરીકે શ્રી મોતીચંદ ગીરધર કાપડીઆ આદિ નવ સદ્દગૃહસ્થોને નીમવામાં આવ્યા હતા. છતાં એ ટ્રસ્ટોની મીલ્કતનો કશો ઉપયોગ કરવામાં આવ્યો નથી. અને સમાજની જાણ ખાતર ત્હેનો રિપોર્ટ પણ બ્હાર મૂકવામાં આવ્યો નથી. આ બાબત માટે મુંબઇ જૈન યુવક સંઘની મેનેજીંગ કમીટીએ એક સબ કમીટી નીમી હતી. તે સબ કમીટીએ તે માટે ઉચિત પ્રયત્ન કર્યો હતો, અને ટ્રસ્ટીઓ તરફથી અમુક સમય સુધી થોભી જવાને જણાવવામાં આવ્યું હતું. તે વાયદાનો ટાઇમ પુરો થયો છે છતાં ધાર્યું પરિણામ આવી શક્યું નથી. આજે આવા વેપાર રોજગારની મંદીના જમાનામાં આવી બાદશાહી રકમ સમાજના કશા ઉપયોગમાં આવ્યા શિવાય એમને એમ પડી રહે તે કોઇપણ રીતે હવે ચલાવી શકાય તેમ નથી. ત્હે માટે યુવાનોએ પ્રયત્ન કર્યેજ છુટકો છે.

મુંબઇમાં સસ્તા ભાડાની ચાલીની કેટલી જરૂર છે? તે હવ સમાજથી છૂપું નથી. માસિક પચાસ રૂપીયાની આવક વાળાનો ત્રીજો ભાગ તો ભાડામાં જ જાય છે. ત્યારે બાકીના બે ભાગમાં ત્હેને પોતાના કુટુંબનું પોષણ કરવું પડે છે. આ પરિસ્થતિમાં એ કઇ રીતે ઉંચો આવી શકે? પારસી, ભાટીયા, કપોળ આદિ બીજી કોમોમાં સસ્તા ભાડાની ચાલીઓ અને હોસ્પિટલો છે કે જે ત્રણ ત્રણ રૂપીયાના નજીવા ભાડામાં ખુલ્લી હવા ઉજાસવાળા બબ્બે રૂમ મેળવી શકે છે. અને બીમારીના સમયમાં હોસ્પીટલમાં દરેક ફ્રી સાધન મેળવી શકે છે. એટલે તે થોડી આવક હોય તો પણ આનંદથી જીવન વ્યવહાર ચલાવી શકે છે. જ્યારે આપણે દિન પ્રતિદિન ઘસાતા જઇએ છીએ. મર્હુમ શેઠ દેવકરણ મુળજીને આ પરિસ્થિતિનો પૂરો ખ્યાલ હતો અને તેથી જ ત્હેમણે પોતાની બાદશાહી મીલ્કતનો જૈનો માટે સસ્તા ભાડાની ચાલી અને હોસ્પીટલ માટે ઉપયોગ કરવાનું નક્કી કર્યું હતું. ત્હેમ જ પોતાની હૈયાતિમાં જ ત્હેનું ટ્રસ્ટ કર્યું હતું. પરંતુ ત્હેમના સ્વર્ગવાસ પછી ત્હેના ટ્રસ્ટીઓએ આજે આઠ આઠ વરસના વ્હાણા વાયા છતાં સમાજ માટે ત્હેનો કશો ઉપયોગ કર્યો નથી. એ બીના વિચારણા માંગી લે છે. આવા ખાસ અગત્યના ફંડોનો ઉપયોગ કરાવવો એ દરેકની ફરજ થઇ પડે છે. અમે ત્હેના ટ્રસ્ટીઓને પણ જણાવવાની જરૂર જોઇએ છીએ કે મર્હુમના ઉદ્દેશને અનુસરીને ત્હેનો ઉપયોગ કરવાનો સમય આવી લાગ્યો છે.

જ્યાં જ્યાં આવા ટ્રસ્ટ ફંડો ઉપયોગ વગરના પડી રહ્યાં હોય ત્યાં ત્યાંના યુવાનોએ જાગ્રત થઇ તે ફંડોનો ઉપયોગ કરાવવા માટેની પ્રવૃત્તિઓ ઉપાડી લેવી જોઇએ. સમજાવટ જો સફળ ન થાય તો કોર્ટનો આશરો લઇને પણ તેવાં ફંડોનો ઉપયોગ કરાવવાની ફરજ પાડવી જોઇએ. અમે ઇચ્છીએ છીએ કે શક્ય હોય ત્યાં જુવાનો આ પ્રવૃત્તિ ઉપાડી લે. અને સફળ થઇ સમાજના આશિર્વાદ મેળવે.

# સુ ❖ સ ❖ વા ❖ તા ❖ વા ❖ ચ ❖ રા

**સંવત્સરીની ચર્ચાનું ઉગ્ર સ્વરૂપ.**

અવિભક્ત જૈન સમાજમાં દિન પ્રતિદિન એકાદ મતભેદ તો વધતો જ રહે છે. અને તે મતભેદોનો યોગ્ય રીતે નિકાલ લાવતાં અંગત બાબતોમાં ઉતરી પડાય છે, દેવદ્રવ્ય આદિ પ્રશ્નોના અંગે મતભેદોથી જે પરિસ્થિતિ ઉભી થઇ હતી તેવી જ પરિસ્થિતિ સંવત્સરી પ્રકરણ અંગે ઉભી થતી હોય તેમ વીરશાસનના તંત્રી સ્થાનેથી અને સિદ્ધચક્રના લેખો જોતાં જણાય છે. જે સંવત્સરીના દિને આખા વર્ષ દરમ્યાન જે કાંઇ પાપ કર્યા હોય અથવા કોઇને દુઃખ ઉત્પન્ન કર્યું હોય તો પાપનું પ્રાયશ્ચિત્ત કરવાનું અને ખમાવવાનું હોય છે. તે દિન નિમિત્તે સમાજમાં આવા ઝઘડા પેદા થાય એ પણ એક સમયની બલિહારી જ છે. યુવક જગતની દૃષ્ટિએ અમને આ પ્રશ્નનું જરાયે મહત્ત્વ લાગતું નથી, જહેને જે રીતે ઉચિત જણાય તે રીતે તે શાસનનો આરાધક બને ત્હેમાં બીજા કોઈએ વચ્ચે પડવાની શી જરૂર ? શનિવારે ઉજવનારા ભલે શનિવારે ઉજવે અને રવિવારે ઉજવનાર ભલે રવિવારે ઉજવે ત્હેમાં કલેશ અને કંકાશ શા માટે જોઇએ ? આપણે ત્યાં બીજા ગચ્છોવાળા કોઈ પાંચમે સંવત્સરી કરે છે તે માટે આપણે કશો વિરોધ દાખવતા નથી તો પછી આમાં વિરોધ શા માટે ? બીજું શાસ્ત્રીય રીતે કોઇ પણ પ્રશ્નોનો નિવેડો આવ્યો નથી એવા તો કેટલાયે પ્રશ્નો છે કે જહેની ખૂબ ચર્ચાઓ ચાલવા છતાં કશો નિર્ણય થયો નથી. આવી નિરર્થક ચર્ચાઓને ઉગ્ર સ્વરૂપ આપી સમાજની શક્તિનો ખોટો વ્યય કરવામાં આવે છે તે કોઇ પણ રીતે વ્યાજબી નથી.

## શ્રી ઘાટકોપર જૈન યુવક સંઘની.

### સામાન્ય સભા.

શ્રી ઘાટકોપર જૈન યુવક સંઘની એક સામાન્ય સભા તા. ૮–૧૧–૧૯૩૬ને રવિવારે નવ વાગે શેઠ રતનજી જીવણદાસ જૈન સેનીટેરીયમમાં શેઠ નરોત્તમદાસ કેશવલાલ શાહના પ્રમુખપણા નીચે મળી હતી. જે વખતે સંઘનું બંધારણ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. અને સં. ૧૯૯૩ ના વર્ષ માટે નીચે પ્રમાણે વ્યવસ્થાપક સમિતિ ચુંટી કાઢવામાં આવી હતી.

| | | |
|---|---|---|
| શેઠ નરોત્તમદાસ કેશવલાલ | ... | પ્રમુખ. |
| ,, ગોકળદાસ મુળજી | ... | સભ્ય. |
| ,, નાનચંદ શામજી | ... | ,, |
| ,, અમૃતલાલ જગજીવનદાસ | ... | ,, |
| ,, માવજી દામજી શાહ | ... | ,, |
| ,, જેઠાલાલ વચ્છરાજ શાહ | ... | ,, |
| ,, માધવલાલ હીરાલાલ શાહ | ... | મા. મંત્રી. |
| ,, પુનમચંદ મોહનલાલ | ... | ઓડીટર. |

ત્યાર બાદ કેટલુંક પરચુરણ કામકાજ કરી પ્રમુખ સાહેબનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

**લીંબડીને અભિનંદનઃ–**

શ્રી ભક્તિસૂરિના પ્રકરણ પછી લીંબડીએ ઠીક ઠીક પાણી બતાવી આપ્યું છે. સાધુઓની જ આંખે જોનારા અને વંશપરંપરાગત શેઠાઇની ગાદી શોભાવનારાઓને પદભ્રષ્ટ કરી જુનવાણીની દિવાલોને જમીનદોસ્ત કરવામાં ત્યાંના યુવકો જે સફળ થયા છે તે માટે અમારા અભિનંદન છે. જ્યાં જ્યાં આવી પરિસ્થિતિ પ્રવર્તતી હોય, શેઠીયાશાહી અને જ્ઞાતિપટેલો જ્યાં જ્યાં લોકમતને માન આપ્યા શિવાય આપખૂદી ચલાવતા હોય ત્યાં ત્યાં યુવકોએ ત્હેને પદભ્રષ્ટ કર્યેજ છૂટકો છે. લીંબડીએ એ કરી બતાવ્યું છે. જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં બંધારણીય રીતે જ જુનવાણીને શિકસ્ત આપવાની જરૂર છે. જોકે ત્હેના પાયા ડગમગી ગયા છે છતાં સ્થાપિતહિતોવાળાઓનાં સંગઠ્ઠન બળથી ત્હેનું અસ્તિત્વ નાબૂદ થયું નથી. ત્હેની સ્હામે મોરચા માંડવાની જરૂર છે. લીંબડીએ એ મોરચા માંડયા છે. બીજા ગામોએ આવતી કાલે એ મોરચા માંડવા પડશે. સ્થાપિત હિતોવાળાઓને પરાજ્ય આપી જુનવાણી સ્વરૂપને દફનાવવું જ પડશે ત્યારે જ સમાજનું નવસર્જન થશે.

**કા. જૈ. યુવક પરિષદ્ઃ–**

ભાઇ પરમાનંદના પ્રમુખપણા નીચે રાજકોટમાં મળેલ ત્રણે ફીરકાની યુવક પરિષદે ઠીક ઠીક પ્રગતિ કરી હોય ત્હેમ ત્હેના ઠરાવો ઉપરથી જોઇ શકાય છે. રાજકોટ જેવા પ્રગતિમાન શહેરમાં ત્રણે ફીરકાના જૈન યુવાનો એકત્ર થઈ સમાજની પ્રગતિ માટે વિચારોની આપ લે કરી કંઇ માર્ગ નિયત કરે એ જરૂર આવકારદાયક છે. પણ ત્હેની પાછળ પીઠબળ ઉભું કરવાની જરૂર છે. બે દિવસનો જલ્સો કરી સભામંચ ઉપરથી મોટા મોટા ભાષણોની ઝડીઓ વરસાવી સુંદર ઠરાવો કરી કાગળ ઉપર શોભાવી દીધા તેથી કાંઇ સમાજની ઉન્નતિ થઇ જવાની નથી. પણ તે ઠરાવોનો લોકોમાં ખૂબ પ્રચાર કરી ત્હેની પાછળ બળ ઉભું કરીએ તો જ તે ઠરાવોની કિંમત છે. ત્રણ દિવસના જલ્સા માટે એક મહિના અગાઉથી ત્હેના કાર્યકર્તાઓ જે મહેનત લે છે તેવી જ મહેનત પરિષદ્ ભરાયા પછી જો ત્હેના પ્રચાર માટે લેવાતી હોય તો આપણી પ્રતિષ્ઠા આજે જુદી જ હોત. યુવક પરિષદોના ચમકારા જે ક્ષણજીવી નિવડે છે તે ચિરસ્થાયી બનત. અને આપણી લડતને વેગ મળી શક્યો હોત. હજુ પણ એ બાબત તરફ ધ્યાન ખેંચાય તો સમય હાથથી ગયો નથી. અમદાવાદ અને રાજકોટ પરિષદ્‌ના પ્રમુખ અને વર્કીંગ કમીટીના સભ્યો આ બાબત લક્ષ્યમાં લે એમ અમે ઇચ્છીએ.

# વર્ષાન્તે.

પથ માપવા માટે જેમ mile stones ખંડારવામાં આવે છે ત્હેમ જીવનનાં માપ માટે વર્ષની મર્યાદાઓ આંકવામાં આવી છે. એ વર્ષાન્ત એટલે દિવાળી.

સુખ ને દુઃખ એકાકાર બની એ દિવસોએ આનંદે છે અને આશામાં રાખી આવતા વર્ષને આવકારે છે. એ આનંદોત્સવમાં દૂર સુદૂર વસતાં કુટુંબીજનો એકત્ર બને છે; દિપમાળાઓ અને રંગોળીઓ ઘર ઘર શોભવી રહે છે. કલ્લોલતાં કુટુંબીજનો હર્ષને હેલે ચ્હડે છે.

વ્યાપારીઓ આખા વર્ષનું અવલોકન કરે છે, આકડા મૂકી વર્ષ દરમ્યાન લીધેલી જહેમતનો સાર તારવે છે; ફાવ્યા હોય તો સરસ, નહિ તો નવાં સાહસ વિચારે છે, અને નવ વર્ષે એ સાહસોમાં મુકાવવાની યોજનાઓ ઘડે છે.

આપણે–"તરૂણ જૈનો" પણ એ દૃષ્ટિએ ગતવર્ષ દરમ્યાનની આપણી પ્રવૃત્તિ વિલોકીયે.

ગયા વર્ષમાં બે પરિષદ્ થઈ–એક અમદાવાદ અને બીજી રાજકોટ. બન્નેમાં જુવાન દોસ્તો એકત્ર થયા અને આજલગીની કોમી પ્રવૃત્તિમાં એના રાષ્ટ્રીય ઝોકને કારણે સર્વત્ર સત્કાર મેળવ્યો.

સાધુઓનાં વાક્યો 'બ્રહ્મવાક્યો' માનીને નીચી મુંડીએ અનુસરવાં જ જોઇએ. તો જ મોક્ષ મળે એ ગઈ કાલની ભ્રામક માન્યતા આજે ભૂંસાવા માંડી છે. શ્રી લબ્ધિવિજયજી ના ના એક સાધુએ સાદડીના જુવાનોને સંઘબ્હાર મૂકવાના કરેલા પ્રયાસમાં શિકસ્ત ખાધી છે અને ત્યહાંના જનસમુહમાં એનું હતું એ સ્થાન હલકું થયું છે. લિમડીમાં પણ વર્ચસ્વ જમાવવા ઈચ્છતા એક સાધુની પ્રતિષ્ઠા જમિનદોસ્ત થઇ છે. મ્હેસાણામાં પણ એવા જ કુસંપ પ્રચારક સાધુની એવી વલે થઇ છે. શ્રી રામવિજયજી બારસ તેરસના ઝઘડામાં એના અનુયાયીઓની સંખ્યા ઘટાડી રહ્યા છે.

બીજી બાજુ નવ વિચારણા વધાવવામાં આવે છે. બધાં સત્યો રૂચે કે નહિ પણ જુની સ્થીતિથી કંટાળેલાં આશાભેર એને આવકારે છે. સંકુચિતતાઓ, જ્ઞાતિભેદો, વાડાઓ ઈતર ધર્મીઓ સાથેના ઝઘડાઓ, દિગંબર શ્વેતાંબર, સ્થાનકવાસીનાં આંતરકલહો, દેવદ્રવ્ય, સાધુ જીવન અને શ્રાવકોની મર્યાદાઓ આજે નવી રીતે વિચારવી જરૂરી લાગે છે. અને એ રીતે વિચારનાર સમુહના મોવડી તરીકે શ્રી પરમાનંદ કાપડીઆ ગુજરાત ને ગુજરાતબ્હાર સત્કાર પામી રહ્યા છે.

કોમીનો પ્રશ્ન સ્થાનિક ગુજરાતીઓમાં ચર્ચાતો ત્હેના બદલે વચમાં તો હિંદના ખુબ જ ચર્ચાતા પ્રશ્ન તરીકે સ્થાન પામ્યો હતો. રેડીઓ અને ન્યુસ સર્વીસો એમાં જણાતા રોજીંદા ચમકારો હિંદભરમાં પ્રસારતા હતા.

'જૈન' મધ્યસ્થ વિચારોનું પ્રતિનીધી મનાતું તે, જુવાનોનું જાણે ગયા વર્ષમાં મુખપત્ર બની ગયું. એની વિચારણાએ નવિ દૃષ્ટિથી જુનાં માનસમાં પણ નવો રસ પેદા કર્યો. સાધુઓની અસાધુતા પ્રત્યે એનો રોષ પ્રકટ્યો, અને જુવાનોના દિલની વાણી એણે શબ્દોમાં ઉતારી જુવાનોને મુગ્ધ કર્યા. વૃધ્ધાવસ્થાને આંગણે ગણાય એટલી એની વય છતાં જુવાનીનું બળ એની નસોમાં વ્હેતું જોઈ આપણને માન અને આશ્ચર્ય થાય છે.

'જૈન જ્યોતિ' આ વર્ષે ધનસ્વરૂપને પામ્યું. લીમીટેડ બની એણે સ્થાયી સ્વરૂપ પકડયું. અમદાવાદની લડતમાં 'જૈનજ્યોતિ' અને એના તંત્રીની જહેમત, સાહસ અને હિમ્મતનું એક સરસ પ્રકરણ પૂરૂં પાડે છે. વ્યવસ્થિત લડતથી થતી સીદ્ધિઓ તરફ એ આપને એક ડગલું ધપાવે છે.

'સમય ધર્મ' ની ગંભીર વિચારણાઓ જુના ને નવીન વાદનું દર્શન કરાવે છે અને નવિનો ને ધીર ગંભીર સલાહો આપે છે. નહિ આશા રાખી શકાય એ ખુણેથી 'સમય ધર્મ' સાચે જ સમયનો ધર્મ શો તે આપણને જણાવે છે.

જૈનોની એક સૌથી સજીવ સંસ્થા 'મુંબઈ જૈન સ્વયંસેવક મંડળે' આ વર્ષના મુંબઇના હુલ્લડ દરમ્યાન જે સેવાઓ આપી છે તે જૈનોને ગૌરવ આપે છે. સેવા કોને કહી શકાય એનું આ સંસ્થા એક સરસ ઉદાહરણ પૂરૂં પાડે છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા મુંબઇ અને અમદાવાદ સરસ આકર્ષણ કરી રહી છે. જ્ઞાનભૂખી જનતાને આંધળી શ્રદ્ધામાંથી ઉઠાવી આજની વિચારણામાં ગુંથવામાં એણે સરસ સીદ્ધિ સાધી છે, જૈનેતર વિદ્વાનોનો લાભ આપણને આ વ્યાખ્યાનમાળાએ અપાવ્યો છે. મર્કટ માની લોકમતને નમાવવા ઇચ્છતા સાધુઓ આજનાં માનસને ઓળખી શકે એટલી સફળતા આ વ્યાખ્યાનમાળા મેળવી શકી છે.

ગત વર્ષના આ ઉડતા અવલોકન પછી, પરિષદ પાછળનું કાર્ય પ્રગતિ સાધે એ માટે કરવાનું આપણે વિચારીએ.

મહા મંડળ અસ્ત પામે છે એટલે એની સાથે જોડાયલાં મંડળો પરિષદદ્વારા સહકાર સાધે એ પ્રયાસો મંડળોના અગ્રણીઓ અને પરિષદના ચાલકોએ કરવાના રહ્યા છે. સંગઠન જ આવેલી જાગૃતિનો સરસ ઉપયોગ કરી શકશે અને તો જ કરવા ધારેલાં કાર્ય થઇ શકશે.

બીજી વાત છે તે એ કે આપણા પત્રોએ ભાષા પર સંયમ અને વિરોધીઓ પ્રત્યે સહિષ્ણુતા ને સહજ ઉદારતા કેળવવાની છે. આપણે જ્હેની સાથે લડવાનું છે તે આપણા દુશ્મનો નથી એ વાત આપણે વિચારવાની રહી છે. જુની અટવીમાં મુંઝાઇ પડેલા આપણા જ બંધુઓ પરત્વે આપણે કઠોર બનીએ એ જેટલું આપણને શોભાસ્પદ નથી એટલું જ આપણા કાર્યને ઉપયોગી પણ નથી. હા, સ્વાર્થસાધુઓ અને ઇરાદાપુર્વક સેવાતી દુષ્ટતા પરત્વે જરાય નરમ ન બનવાનો આગ્રહ તો આપણે રાખવો જ જોઇએ છતાં ભાષામાં અશિષ્ટતા પ્રવેશે એ વિષે આપણે ચેતતા રહેવાનું છે.

નવા વર્ષે, જૈન જુવાનો ખૂબ સિદ્ધી મેળવે એ આશાએ આપણે વિરમીએ.

**રાજકોટ પરિષદના સમાચાર.**

શ્રી કાઠીયાવાડ જૈનયુવકપરિષદની કાર્યવાહક સમિતિની મીટિંગ રાજકોટ મુકામે શ્રી રામજીભાઇના પ્રમુખપણા નીચે મળી હતી. અને તેણે પરિષદના થયેલ ઠરાવ અનુસાર "પરિવર્તન" નામનું માસીક પત્ર શ્રી જટાશંકરભાઇના તંત્રી પદેથી કાઢવાનું નકકી કર્યું છે.

# પાટણનો પત્ર.

પાટણથી.

ભાઇશ્રી,

ઘણા વખતે પત્ર-લખું છું એટલે ગુસ્સે તો નહિ જ થાઓ અને જરૂરી સુચનાઓ મોકલાવતા રહેશો.

**સંઘ બંધારણ.**

અત્રેના સંઘ બંધારણ અંગે કેટલાય વર્ષોથી ચર્ચા ચાલે છે પણ અમારા આગેવાનો એવા તો મુત્સદી છે કે એ ચર્ચાને બહુ હુશીયારીથી અભરાઇએ ચડાવી દે છે. ચારેક વર્ષ ઉપર સંઘ બંધારણ અંગે ખૂબ ઉહાપોહ ચાલ્યો એટલે બંધારણ ઘડવા એક કમીટી નીમી, કમીટીએ મહેનત કરી બંધારણ ઘડયું અને અભરાઇએ ચડયું. અનેકવાર બંધારણ અંગે ગણગણાટ થાય છે. છતાં આગેવાનોનાં પેટમાંથી પાણી સરખુંયે હાલતું નથી. શું તેમની સરી જતી સત્તા માટે બંધારણ ખોરંભે ચડાવ્યું હશે ? જ્યારે એ હજાર માનવીઓ સંઘનું બંધારણ ઇચ્છે અને આંગળીના ટેરવે ગણાય તેટલા બંધારણ ન થવા દે. ત્યારે એમ કહેવું પડશે કે સત્તા ઉપર મુસ્તાક રહેનારા સત્તાખોરીઓને સત્તા છોડવી લગારે ગમતી નથી એટલે અનેક બાનાંઓ કહાડી આવાં જરૂરી કામોને અભરાઇએ ચડાવી દે છે.

બંધારણ વિના એકહથ્થુ સત્તા અનેક સ્થળે મન માનતું કરી લઈ સંઘો ને મહાજનોને ખાડામાં ઉતારે છે તે અજાણ્યું નથી ને પરિણામ વિપરિત આવે છે. સંઘ સત્તાના ભૂકા થાય છે એ સૌ જાણે છે છતાં જેઓ સંઘ બંધારણના હિમાયતી છે તેઓ સમજે કે ગણગણાટ કરવાથી સતાધારીઓ થોડું જ સંઘનું બંધારણ કરવા દે તેમ છે.

શ્રી સંઘનું બંધારણ બાંધવું હોય તો ગણગણાટ છોડી દઈ પટણી સમાજમાં પત્રિકા, લેખો અને ચર્ચાઓથી પૂરેપૂરો લોકમત કેળવો બાદ એક સ્વતંત્ર કમીટી નીમી બંધારણનો ખરડો તૈયાર કરી પટણી સમાજની સંમતિથી સતાધારીઓને સોંપો. એમની મગદુર નથી કે એ સર્વમાન્ય ખરડાને અભરાઇએ ચડાવી શકે.

**પંચાસરા પાર્શ્વનાથ.**

શ્રી પંચાસરા પાર્શ્વનાથના મંદિરનો વહીવટ કરનાર ગૃહસ્થ કેટલાય વર્ષોથી સદર મંદિરનો વહીવટ સંતોષકારક રીતે કરે છે એમ ઘણાનું માનવું છે. છતાં થોડા જ માસથી તે ભાઇ સંઘને વહીવટ સંભાળી લેવા વિનંતિઓ કરે છે છતાં અમારા આગેવાનો એ વહીવટ કેમ નથી સંભાળી લેતા એ સમજાતું નથી.

**વાડી પાર્શ્વનાથ.**

ઝવેરીવાડમાં આવેલ શ્રી વાડી પાર્શ્વનાથનું મંદિર કાષ્ટનું ઉતમ કારીગરીવાળું જીર્ણ થવાથી તેના વહીવટકર્તાએ અનેક ગામ ને શહેર ફરીને, પરીશ્રમ વેઠીને હજારો રૂપીઆ એકત્ર કરી જીર્ણ મંદિરને ચારે પાયેથી વિમાન જેવું નવું મંદિર બનાવ્યું. કહેવાય છે કે પાટણ તેમ તેની આજુબાજુ એ મંદિરનો જોટો નથી. મંદિર નવું બનાવવાની શરૂઆતથી કે તૈયાર થયું ત્યાં સુધીમાં લાખેકનું ઉઘરાણું થએલું એમ સંભળાય છે. તેમ તેની પ્રતિષ્ઠા વખતે લગભગ ચાલીસ હજારની ઉત્પન્ન થયેલી તે ત્યાર બાદ અનેક હજારો રૂપીઆની ભેટો કર્યાનું પણ સંભળાય છે. આ રીતે મંદિરના જીર્ણોદ્ધાર અંગે તેમ બીજા મળી લગભગ એક લાખ ને પચ્ચાસ હજારનું ભંડોળ થયું મનાય છે. છતાં આજ ઘડી સુધી જનતાની જાણ માટે તેનો હિસાબ બહાર પડયો જ નથી.

મંદિરનો વહીવટ એકજ ગૃહસ્થ કરે છે અને તેઓ સુખી છે છતાં તેઓએ પોતાની પ્રમાણિકતા ખાતર તેમ સમાજની જાણ માટે મંદિરના જીર્ણોદ્ધારની શરૂઆત થઈ ત્યારથી કે સં. ૧૯૯૨ ના આસો વદી અમાવાસ્યા સુધીનો હિસાબ બહાર પાડે તેમાં એમની શોભા છે છતાં કેમ બહાર નથી પાડતા તે સમજાતું નથી.

**વ્યાયામ.**

પીપળા શેરીમાં કુબેર ચોપદારની વાડીમાં ચાલતી વ્યાયામશાળા કેટલાંય વર્ષોથી બંધ થઇ છતાં મુંબઈ કે પાટણમાં વસતા અમારા જૈનભાઇઓને વ્યાયામશાળાની કેમ જરૂરીઆત નથી જણાતી ? જૈનોના બાંધા કેટલા માયકાગલા છે તે કોઇથીએ અજાણ નથી છતાં બંધ થયેલ વ્યાયામશાળા બંધ જ રહી છે.

હું ન ભૂલતો હોઉતો અમારા 'પાટણ જૈન મંડળ'માં વ્યાયામશાળા અંગે કંઇક રકમ પણ જમે પડી છે. ત્યારે તેનું વ્યાજ ઉત્પન્ન કરી વધારો કરવા કરતાં પાટણમાં વ્યાયામશાળા ખુલ્લે તો કેટલું રળીયામણું ? કદાચ તે રકમ પુરતી ન હોય તો મંડળના સુકાનીઓ અગર કોઇપણ ભાઇ પાટણમાં એક વ્યાયામશાળા માટે મહેનત કરે તો હું ધારૂં છું કે નાશીપાસ તો ન જ થાય. જરૂર વ્યાયામશાળા તો ઉઘડે. પણ...

**જૈન પંચાત ફંડ.**

એક દિવસની રાત્રીએ 'પાટણ જૈન પંચાત ફંડ' ની સ્થાપના કરવાનો ધનિકોને વિચાર થયો. હજારો ભર્યા, બંધારણ ઘડયું ને મુંબઇમાં વસતા પટણી જૈનોની જાહેર સભામાં બંધારણ પાસ પણ કરાવ્યું. ઓધ્ધેદારો ચુંટાયા. કામકાજ આગળ ચાલ્યું ને સાંભળવા મુજબ પોણો લાખ એકત્ર થયા અને એનો વહીવટ નમુનેદાર ચાલતો હશે એમ માની લઇએ છતાં જનતા તો અજાણ જ છે. એટલે અનેક તર્કવિતર્ક કરે કે એનો વહીવટ શી રીતે ચાલે છે ? કોણ ચલાવે છે ? હિસાબ કેમ જાહેરમાં નથી મૂકાતો ? આથી જનતાની જાણ માટે વહીવટકર્ત્તાઓ કંઇક ખુલાસો બહાર પાડશે ?

**વિદ્યા મંદિર.**

મેટ્રીક થયેલા ધંધા રોજગારમાં, હુન્નરઉદ્યોગમાં, નામાઠામામાં જ્યાં ત્યાથી બીન આવડતે પાછા ન ફરે તેથી અત્રે વાણિજ્ય વિદ્યા મંદિર નામની નમુનેદાર સંસ્થા શરૂ થયેલી હોને અનેક વિદ્યાર્થીઓ લાભ લેતા, તેના અભ્યાસક્રમ પ્રમાણે ઉત્તીર્ણ થઈ ધંધે વળગી શકતા એટલે એ સંસ્થા ઉપયોગી હતી એમ સૌ માનતું ને માને છે. છતાં એ શાથી બંધ થઇ ? કામ કરનારાઓની બીન આવડત જેવું તો હતું જ નહિ. ત્યારે પૈસા માટે બંધ થઇ ? લોક કહે છે એ પણ મુશ્કેલી નહોતી ત્યારે કઇ મુશ્કેલીએ આવી ઉપયોગી સંસ્થાને વિખેરી નાખવામાં આવી એ કોણ ખુલાસો કરશે ?

અત્રેના અનેક પ્રશ્નો ચર્ચા માગે છે પરંતુ સમયે વધુ ફુરસદ આપવા કરતાં હાલ તો આટલેથી જ વિરમું છું. આગળ ઉપર વિશેષ લખીશ.

# ચા....બુ....ક.

'સંવત્સરી ચોથ કે પાંચમની એ પર ચર્ચા હવે એ હદે આવી છે કે એમાં સહિષ્ણુતા ને સભ્યતાની મર્યાદાઓ લોપાવા માંડી છે અને સમાધાનને કોઇ અવકાશ રહ્યો નથી'–એક પત્રમાંથી.

પરિણામની આગાહી એમ થઇ શકે કે થોડાંક વધુ માથાં ફુટશે, શાંતિ અને ક્ષમાપનાના પર્વમાં અશાંતિ ને કલહ આવશે અને એક વધુ ગચ્છ ઉભો થઇને જૈન સમાજના કલેવર પર ઘા કરશે, પણ એમાં એક ફાયદો પણ છે. આળસમાં ભરાઈ રહેતા સાધુઓ આ ચર્ચાથી ઉદ્યમે લાગ્યા છે. અને એમનો 'ઉદ્યમ' આપણાં ખુદ એમના પ્રત્ય જ **વૈરાગ્ય** પ્રચારે છે.

❖ ❖ ❖

પેલું 'વીરશાસન' રા. રામવિજયને 'મહારાજા' કહે છે તે ક્યાં પ્રદેશના એ વિષે આપ જાણો છો ?'–જીજ્ઞાસુ.

સાંભળ્યું છે કે શહેનશાહ હિંદમાં પધારશે એની ખુશાલીમાંના માન અકરામવેળાએ રા. રામવિજયને 'મહારાજા ઓફ લાલબાગ'નો **ખિતાબ** મળવાનો છે.

❖ ❖ ❖

'વિજ્યભક્તિસૂરિને લીંબડીમાં સુધારક પક્ષે હેરાન કર્યા.'

એટલેથી જ મુઝાશો નહિ. ધર્મને નામે થતી દગલબાજી નહિ ચલાવવાનો સુધારકોએ નિર્ણય કર્યો છે એટલે હવે તો કયા ગામે કયા સાધુ સ્હામે લડત મંડાઇ અને શ્રદ્ધાળુઓની કેટલી શ્રદ્ધા ઘટી તેનો હિસાબ રાખવા એક ચોપડો વસાવવો પડશે.

આવા ચોપડાઓ 'સાધર્મિક ભાઈઓને' મેસર્સ જીવા પ્રતાપ એન્ડ સોસાયટી તરફથી **વિનામૂલ્યે** આપવામાં આવશે એવા અર્ધ સત્તાવાર ખબર અમને મળ્યા છે.

❖ ❖

'લીંબડીના યુદ્ધ વેળા પણ કડીયા હાજર હતા. તે ઝઘડાઓ સાથે એમને કાંઈ સગાઇ છે ?'

આ પ્રશ્નમાં સાદું સત્ય છુપાયું છે. ઝઘડા હોય ત્યહાં કડીયા હોય જ. કડીયા હોય ત્યહાં ઝઘડા અસંભવિત ન હોઇ શકે. આ સત્ય સ્હમજી લીધા પછી કડીયાઓની **હાજરી** આશ્ચર્ય નહિ 'ઉત્પન્ન' કરે.

❖ ❖ ❖

'સાધન ધર્મોના ઝઘડા કરવા યોગ્ય નથી. એ કરવાથી સમાજ બળ અત્યારસુધી ખૂબ નરમ પડયું છે.' જૈનધર્મ શું શીખવે છે એ જણાવતા શ્રી મોતિચંદ કાપડીઆ કહે છે.

પ્રશ્ન માત્ર એટલો જ કે તીર્થોના ઝઘડાઓમાંથી એમણે આ સત્ય શોધ્યું છે કે સોલીસીટરની કારકીર્દીમાંથી એમને આ નવનિત લાધ્યું છે ?

❖ ❖ ❖

અનિયમિતતાના અવતાર જેવું 'જૈનયુગ' એના અગ્રલેખો અને નોંધોમાં પરસ્પર વિસંવાદી વસ્તુઓ જ મૂકીને 'જૈન આલમ'ની કઈ સેવા સિદ્ધ કરે છે ?'

એ દહિં દુધીયા નીતિ કેમ જાળવી શકાય એના પ્રયોગ કરે છે એમ અમારૂં માનવું છે. એ પ્રયોગ સફળ થશે ત્યહારે જુવાનો અને વૃદ્ધોનાં મમત્વના તત્ત્વો એક રસ થઇ જશે. એની 'જૈનયુગ કાર'ને ખાત્રી છે. અને એથી સમાજમાં શાંતિ જામશે એટલો એમને વિશ્વાસ છે.

❖ ❖ ❖

'પર્યુષણમાં ભાષણશ્રેણીની નવી પ્રથા વધાવવા જેવી છે કે કેમ એ ગુંચભર્યો પ્રશ્ન છે'–'જૈનયુગ'.

પોતાની એ ગુંચ ન ઉકેલાય ત્યહાં સુધી 'જૈનયુગે' એના પર અભિપ્રાય આપવાનું મુલ્તવી રાખ્યું હોત તો ?

તો ? 'સ્વેચ્છાએ કે પરાણે, આજે કે કાલે એ પરિવર્તનના વહનની સાથે ઘસડાયે જ છુટકો છે. કારણ કે એ પરિવર્તનનાં મહાન્ પૂરો દૂરથી ધોધબંધ ધપ્યાં આવે છે. તેનો વેગ કોઇથી ખાળી શકાય તેમ નથી' આ 'જૈનયુગ'ના જ અગ્રલેખનું વાકય એના નોંધકારને ખૂબ સમજ આપત અને સાધ્વીઓ નર્સ બને એ સુચના પર ઉકળવાનું એને પોતાને જ વ્યાજબી ન લાગત.

❖ ❖ ❖

'રા. સાગરાનંદ હમણાં શાણા થઇ ગયા લાગે છે'–એક અભિપ્રાય 'કારણ કે એ ગાળોનો શબ્દકોષ રચવાના કામે લાગ્યા છે'–એક માહિતગાર.

❖ ❖ ❖

'પરમાનંદ સેનાને પડકારતા નેમવિજય હવે છીંકણી તાણવામાંજ ગુંથાઈ ગયા છે.'–એક ખબરપત્રી.

અમદાવાદના છીંકણી બજારમાં એથી તેજી આવી છે'–એક તપખીર વેચનાર.

'અને છીંકણીના પૈસા ચુકવવાની આનાકાની કરતા ધર્માદા ફંડોના સંરક્ષકો પર રા. નેમવિજય છેડાઇ પડયા છે.'–એક પાસવાન.

'આથી નેમવિજયે એકઠું કરાવેલું દ્રવ્ય હવે સલામત નથી રહ્યું.'–એક પૈસા આપનાર.

'આ તમામ હકીકત રા. નેમવિજયની હાલની પ્રવૃત્તિપર પ્રકાશ ફેંકશે'–'તરુણજૈન'નો બાતમીદાર.

❖ ❖ ❖

'જૈનદીક્ષાનું સ્થાન જગત્માં એટલું તો ભવ્ય છે કે તે સ્થાને ગમે તેને બેસાડી તે સ્થાનને ભ્રષ્ટ થવા ન દઇ શકાય.'–મુનિશ્રી વિનય વિજયજી.

પણ રા. રામવિજય જુદું જ કહે છે. સંખ્યા વધતી હોય તો સ્થાન શુદ્ધ રહે એવો એમને આગ્રહ નથી.

❖ ❖ ❖

'ધર્મના ઇજારદારોએ આજે દીક્ષાના નામે ભવાઇ માંડી છે.'–મુનિશ્રીવિનયવિજયજી આગળ વધતાં કહે છે.

એથી જ તો મેસર્સ જીવા પ્રતાપ એન્ડ મુળચંદ–શ્રીકાન્તની કંપનીએ ભાંગવાડી થીએટરમાં રીહર્સલ કર્યું હતું.

❖ ❖ ❖

'દીક્ષા–એ વેશપલ્ટો નથી'–એજ મુનિશ્રી આગળ કહે છે. એથી વધુ ગંભીરતા એમાં હોય એ આજનું સત્ય નથી જ.

❖ ❖ ❖

'લક્ષ્મણવિજયે શ્રી. ભાખરીઆ સ્હામે જંગ માંડયો છે. 'સંઘબ્હાર'ના નેમવિજયના નાટકના કેટલાય પ્રવેશ એમણે મ્હેસાણામાં ભજવ્યા છે.'

એ રીતે જો એ નાટક ન ભજવે તો પછી ત્હેમનું સ્થાન શી રીતે ટકે ?

# હિંદમાં ફાર્ગતીનો કાયદો.

લેખિકા : લેડી કૈલાસ શ્રીવાસ્તવ

હિંદમાં ફારગતીના કાયદાની શા માટે જરૂરત છે ત્હે માટે શ્રીમતી લેડી કૈલાસ શ્રીવાસ્તવે આ લેખમાં કેટલાંક કારણો આપ્યા છે અને વિદ્વતા પૂર્ણ સમીક્ષા કરી છે. પ્રત્યેક યુવાન આ બાબતમાં રસ લે અને સમાજના હિતાહિતની દષ્ટિએ આ પ્રશ્ન વિચારે એ અતીવ જરૂરી છે. આમાં ત્હેમણે ફારગતીના કાયદાના વિરોધીઓની દલીલોના રદીયા આપ્યા છે. ત્હેની સાથે સાથે પાશ્ચાત્ય દેશો—અમેરિકા, રશીયા આદિમાં જે નજીવા કારણસર ફારગતી લેવાય છે તે માટે ઝાટકણી પણ કાઢી છે. અમે વાચકોને શાંતિપૂર્વક વિશાળ દષ્ટિથી આ લેખ વાંચવાની ભલામણ કરીએ છીએ. ... ... ... ... ... ... ... ... ... તંત્રી.

જો આપણે આર્યલગ્નનો કાયદો, ખાસ લગ્નનો કાયદો, વિધવા પુનર્લગ્નનો કાયદો, સારદા કાયદો તથા ડૉ. ગૌર અને ડૉ. ભગવાનદાસના લગ્નના કાયદામાં સુધારા કરવાને લગતા બીજા મુસદ્દાઓ તપાસીશું, તો આપણને માલુમ પડશે કે એકંદરે લગ્નના કાયદામાં જ મોટો ફેરફાર કરવાની જરૂર છે.

દેશમાં યાંત્રિક ઉદ્યોગો દાખલ થવાથી, અને તેને પરિણામે શહેરોની વસ્તિ વધવાથી, તથા ન્યાય અને માન્યતા સંબંધી પશ્ચિમના વિચારોનું આક્રમણ થવાથી આપણી કુટુંબ રચના—ખાસ કરીને સંયુકત કુટુંબની રચના પડી ભાંગવા લાગી છે; અને જો કે સ્ત્રીઓને હજી વડિલોપાર્જીત કે પતિ—ઉપાર્જીત મિલ્કતમાં વારસો હિસ્સો મેળવવાનો હક મળ્યો નથી તો પણ પતિ—પત્નિનાં એકેક યુગલનાં કુટુંબ રચાવા લાગ્યાથી, સ્ત્રીને મોટાં સંયુકત કુટુંબમાં ભોગવવી પડતી તાબેદારીનો અંત આવ્યો છે. આ યુગની નારીને શ્વસુરગૃહ કરતાં સ્વગૃહ, પતિગૃહ વિષે વધારે ઉત્સાહ છે.

ચઢતા ઉતરતાપણાના ભેદથી અને સંયોગિક આર્થિક સમૂહોથી રચાયેલી જ્ઞાતિપ્રથાએ આ દેશનાં સ્ત્રી અને પુરૂષ બેઉના વ્યકિતત્વને હણવામાં મોટો ભાગ ભજવ્યો છે.

સદ્ભાગ્યે હવે યુગ પલટાય છે અને જ્ઞાતિ ભેદ તુટતાં જે વખત લાગશે તેની ઘડીઓ ગણાવા લાગી છે. કેળવણીનો પ્રચાર, મતાધિકારની વિકીર્ણતા, અને રાષ્ટ્રિય લડતમાં સંમેલન એ કારણોથી સ્ત્રીઓનું એકલત્વ ઓછું થવા લાગ્યું છે. હવે વર્ણાંતર લગ્નનો તિરસ્કાર કરવામાં આવતો નથી પણ તેની પ્રશંસા કરવામાં આવે છે; તેથી આ સ્થળે જ હું મારા મુદ્દાનો ઉલ્લેખ કરૂં છું. તે એ કે, **જો વર્ણાંતર લગ્નપ્રથાને આપણે યોગ્ય લેખીએ તો તેની સાથે ફાર્ગતિની પ્રથાને પણ યોગ્ય ગણવી જ પડશે.** જો આપણે જૂદા જૂદા સંસ્કાર અને પ્રણાલિકા ધરાવનારાં સ્ત્રી-પુરૂષોનાં લગ્નને ઉત્તેજન આપવા માગતા હોઇએ, તો તેવાં લગ્ન તૂટી પડે તે વખતે સ્ત્રીને જો નવો સંસાર માંડવો હોય તો તે માટે જોગવાઈ કરવી જ જોઇએ.

એવી દલીલ કરવામાં આવે છે કે કારખાનામાં કામ કરતી પ્રજા કરતાં ખેડૂત પ્રજાને ફાર્ગતિના કાયદાની જરૂર ઓછી જણાય છે અને આ દેશ કૃષિપ્રધાન હોવાથી તેને તેવા કાયદાની જરૂર નથી. પણ તે દલીલ આ દેશમાં ચાલી શકે તેમ નથી, કેમ જે અહિં તો જ્ઞાતિ બંધારણો હોવાથી ખેડૂતો અને કામદારો એક બીજાથી સામાજીક રીતે વિભકત નથી; અને યુરોપ અમેરિકા જેવા દેશો કે જ્યાં ખેડૂતોના અને કામદારોના સમાજ વિભિન્ન છે ત્યાં પણ કામદારો કરતાં ખેડૂતોને ફાર્ગતીના કાયદાની જરૂર ઓછી જણાતી નથી.

ફાર્ગતીના કાયદાના વિરોધીઓ બીજી એવી દલીલ કરે છે કે તેવો કાયદો કરવાથી કૌટુંબિક જીવનનો નાશ થશે પણ વ્યવહાર દષ્ટિથી જોતાં તે ભય પણ નિર્મૂલ છે, કેમ જે આ દેશમાં નીચલા મધ્યમ વર્ગના તથા નીચલા વર્ગના લોકોમાં અને ઘણીખરી ખેડૂત જ્ઞાતિઓમાં ફાર્ગતિની રૂઢિ સદીઓથી ચાલતી આવી છે છતાં કૌટુંબિક જીવનો નષ્ટ થયાં નથી.

રૂઢિ હોય તો પછી કાયદાની શી જરૂર છે ? એવો પ્રશ્ન અત્રે ઉપસ્થિત થાય છે. કાયદાની જરૂર એટલાજ માટે છે કે જ્યાં રૂઢિ હોય ત્યાં વ્યવસ્થા લાવવી અને જ્યાં રૂઢિ ન હોય ત્યાં કંઇપણ જોગવાઇ કરવી. દેશમાં જે જ્ઞાતિઓમાં ફાર્ગતિનો રિવાજ છે તે રિવાજ પ્રમાણે જે વખતે જોઇએ તે વખતે અથવા વગર ખર્ચે ફાર્ગતી નથી મળતી; અલબત્ત, અહિર અને કહાર જેવી જ્ઞાતિઓમાં છેક ખર્ચ વગર અને જ્યારે જોઇએ ત્યારે ફાર્ગતી મળી શકે છે પણ મુશ્કેલી આર્થિક સ્વત્વ ધરાવંતા લોકો માટે છે. વળી દેશમાં અત્યારે હજારો કુટુંબો એવાં છે કે જેમાં પતિ—પત્નિ સાથે રહેતાં નથી. પતિઓએ ત્યજી દીધેલી હજારો પત્નિઓ એકાંતિક જીવન ગુજારે છે અને તેઓ ઇચ્છે તો પણ નવો સંસાર માંડી શકે નહિ. ઉપલા અને ઉપલા મધ્યમ વર્ગના લોકોની સ્ત્રીઓની આ દશા છે. તેઓમાં ફાર્ગતિનો રિવાજ નથી; પુરૂષ એક સ્ત્રીને ત્યજીને બીજી પરણી શકે છે પણ સ્ત્રી પોતે પતિનો ત્યાગ કરે તો પણ તે છુટા છેડા મેળવી શકતી નથી અથવા પુનર્લગ્ન કરીને નવો સંસાર માંડી શકતી નથી આ દેશમાં ફકત કુમાઉન પ્રાંતના ઉપલા વર્ગના લોકોમાં ફાંર્ગતિનો રિવાજ છે અને તેને બ્રિટિશ અદાલતોએ સ્વીકાર્યો છે.

ફાર્ગતિનો કાયદો નહિ હોવાથી પરિણામ એ આવ્યું છે કે ઘણીક વાર ઉપલા વર્ગની ત્યજાયેલી સ્ત્રીઓ ધર્મ બદલીને નવા સંસાર માંડે છે; એમ થતું અટકાવવા, તેવી સ્ત્રીઓને ખુલ્લી તક આપવા માટે ફાર્ગતિનો યોગ્ય કાયદો જ શા માટે કરવો જોઇએ નહિ ? બીજા દેશોમાં જે વસ્તુઓ કાયદાથી થઇ શકે છે તે કરવા માટે આપણે ધર્માન્તર શા માટે થવાં દેવાં જોઇએ ?

હા, જો એમ લાગતું હોય કે, ફાર્ગતિનો કાયદો કરવાથી સામાજીક શાંતિ કે વ્યકિતગત સુખ જતાં રહેશે, તો તે કરવા આગમચ

08



પુખ્ત વિચાર કરવાની હું ચેતવણી આપું છું, પણ તે સાથે હું એમ પણ સુચવું છું કે જો સ્ત્રીઓને મિલ્કતમાંથી વારસો–હિસ્સો આપવાનો કાયદો પ્રથમ કરવામાં આવે અને તે પછી ફાર્ગતિનો કાયદો કરવામાં આવે તો સમાજ કે કુટુંબમાં અનિષ્ટ સ્થિત્યંતર થવાનો ભય રહેશે નહિ.

આ દેશનાં દામ્પત્ય જીવનમાં દુઃખ હોવાનું એક સૌથી મોટું કારણ એ લાગે છે કે કન્યાને અપરિચિત વર સાથે પરણાવવામાં આવે છે. પિતાના ગુણદોષના અભ્યાસ માટે લગ્ન અગાઉ તેને તક મળતી નથી. પુરૂષને પોતાનો સમય સોહાવવાના એકસોને એક માર્ગ હોય છે પણ સ્ત્રીને તો ઘરમાંજ પુરાઈ રહેવાનું હોય છે. એવાં દંપતિનો જો મનોમેળ જામે નહિ તો લગ્નબંધન એક પ્રકારના શૃંખલા બંધન જેવું થઇ પડે છે.

બીજું, આ દેશમાં પુરૂષ અને સ્ત્રીના બુદ્ધિ વિકાસમાં મહદંતર છે. હમણા હમણામાં સ્ત્રી કેળવણીનો પ્રચાર વધવા છતાં, અતિ વિદ્વાન પુરૂષને અર્ધ–દગ્ધ અને અર્ધ વિકસિત સ્ત્રી સાથે લગ્ન કરવાં પડે છે.

ત્રીજું કારણ એ છે કે, આ દેશમાં જ્ઞાતિ અથવા પેટા જ્ઞાતિમાંજ કન્યાની આપ લે કરવાનો રિવાજ હોવાથી, કન્યા માટે લાયક વર શોધવાની મુશ્કેલી મહાન છે. તેથી ગમે તેવિ બુદ્ધિશાળી કન્યાને સ્વજ્ઞાતિનાજ મૂર્ખ કે શઠ, જેવા મળે તેવા, વર સાથે નિયોજવી પડે છે.

કોઈપણ પતિ કે જે પોતાની પત્નીનો આત્મવિકાસ કરવા અસમર્થ હોય તેની સાથે જોડાઈ રહેવાનું પત્ની માટે કોઇ પણ નૈતિક બંધન નથી. સ્ત્રીને આત્મા છે, જેનો વિકાસ તેણે કરવોજ જોઇએ. પોતાનું આદર્શ પાત્ર શોધીને તેણે સુખ–પ્રાપ્તિ કરવી જ જોઇએ.

તેથી, સમાજ સ્વીકારે તેવાં વ્યાજબી કારણોસર ફાર્ગતી મળે એવો કાયદો થવો જોઇએ કે જેથી ફાર્ગતી મેળવનાર સ્ત્રીની સમાજમાં હાંસી કે નાલેશી થાય નહિ અથવા તેની પ્રજા ગેરકાયદે ગણાય નહિ. કાયદો કરવા આગમચ પ્રચારકામ કરવા અને લોકમત કેળવવા ભલે ગમે તેટલો વખત લો, તેનો મને વાંધો નથી; કેમ જેતે વગર કરેલા કાયદાનો અમલ થશે નહિ અથવા તેનો લાભ સ્ત્રીઓને ભોગે પુરૂષોજ વધારે લે એ પણ બનવાજોગ છે.

એ સંબંધમાં પહેલાં તો આપણે બહેનોનેજ કેળવણી આપવાની જરૂર છે. તેઓના મનમાં ઠસાવવું જોઇએ કે તેઓ અબળા નથી; પણ તેવો સુદ્ધાં વ્યક્તિત્વ ધરાવે છે. તેઓમાં આપણે નવું ચેતન રેડવાનું છે; નવા પ્રાણ પૂરવાના છે. તેઓનું જીવન સંબંધીનું લક્ષ્ય બદલવાનું છે. દેશમાં સ્વાશ્રયી સ્ત્રીઓ તૈયાર કરવાની અવશ્યકતા છે. ફુલની પેઠે જાળવવી પડે એવી સ્ત્રીઓને બદલે આપણને હિમાલય પર ચઢે એવી ધીંગી સ્ત્રીઓ જોઇએ છે, કલાવંતીણીઓ જોઇએ છે; લેખિકાઓ જોઇએ છે અને પહેલવાન જેવા અંગબળવાળી સ્ત્રીઓ જોઇએ છે. પુરૂષો સાથે સર્વ રીતે સહકાર કરે એવી બહાદુર સ્ત્રીઓ આ દેશની ઉન્નતિ માટે જોઇએ છે.

ફાર્ગતી કરવાનાં કારણો નક્કી કરવા પહેલાં આપણે જોવાનું છે કે તે રશીઆ અથવા અમેરિકા જેવાં નજીવાં બહાના જેવાં હોવાં જોઇએ નહિ. ત્યાંના જેવી હાંસીપાત્ર અને નાલેશિકારક ફાર્ગતિઓ આપણે જોઇતિ નથી. કૌટુંબિક જીવન અશકય થઈ પડે એવી ફાર્ગતીઓ આપણે જેઇતી નથી. તેમ બીજા દેશોમાં તે સંબંધી જેવા સખ્ત અને દંભી કાયદા છે તેવા પણ આપણે જોઇતા નથી. દાખલા તરીકે ફાર્ગતિ મેળવવા માટે ઇંગ્લેંડમાં માણસને, અવ્યભિચારી હોવા છતાં, વ્યભિચારી હોવાનો દંભ કરવો પડે છે.

હિંદુ શાસ્ત્રમાં નીચલાં કારણોસર સ્ત્રીને ફાર્ગતિ મેળવવાનું વિહિત ઠરાવ્યું છે. (૧) પતિની નિર્વીર્યતા, (૨) પતિની અધોગતિ, (૩) પતિનું સન્યાસી થવું, (૪) વર્ષોસુધી ગુમ થવું અને (૫) દિવાના થવું.

(પુરૂષને ફાર્ગતી મેળવવાના સંબંધમાં હિંદુશાસ્ત્રમાં કશો જ ઉલ્લેખ નથી; કેમ જે પુરૂષને એક સ્ત્રી ન ગમે તો બીજી કરે; બીજીમાં વાધો જણાય તો ત્રીજી કરે, ગમે એટલી સ્ત્રીને ત્યજી દઇને, ગમે એટલી વાર લગ્ન કરવાની તેને છૂટ છે.)

પણ પાશ્ચિમાત્ય દેશોમાં એક સ્ત્રી લગ્નનો કાયદો હોવાશ્રી ફાર્ગતી મેળવવાનાં સ્ત્રી અને પુરૂષ બેઉને માટે બહાનાં ગોઠવ્યાં છે. દાખલા તરીકે ઇંગ્લેંડમાં કોઈ પુરૂષને ફાર્ગતિ જોઇતિ હોય તો તેણે પોતાની સ્ત્રીને વ્યભિચારિણી પૂરવાર કરવી જોઇએ અને સ્ત્રીને ફાર્ગતી જોઇતી હોય તો તેણે પુરૂષને વ્યભિચારી (ઉપરાંત બીજા કેટલાંક મલીન કૃત્યો માટે દોષિત) ઠરાવવો જોઇએ.

હિંદુ શાસ્ત્રની કલમમાં સુધારો કરીને વડોદરા રાજ્યે સંવત ૧૯૮૧ માં સ્ત્રી અને પુરૂષ માટે ફાર્ગતી મેળવવા નીચલાં કારણો મુકરર કર્યાં છે.

(૧) સાત વર્ષ સુધી બેમાંથી એક પક્ષનું ગુમ થવું, (૨) સંન્યાસી કે સાધ્વી થવું, (૩) ધર્માંતર કરવો, (૪) ઘાતકીપણું આચરવું, (૫) ત્રણ વર્ષ કે વધારે મુદતના સહચાર પછી ત્યાગ કરવો, (૬) ત્રણ વર્ષ કે વધારે મુદતથી કંઈ વ્યસન કરવું, (૭) સંભોગ માટે નાલાયક થઇ જવું અને (૮) વ્યભિચાર.

ફાર્ગતિ માટે હું (લેડી કૈલાસ) પોતે નીચલાંજ કારણ નક્કી કરવા માગું છું.

(૧) વ્યભિચાર, (૨) લગ્નના સમયે દિવાનાપણું, (૩) લગ્નના સમયે કોઇ અસાધ્ય કે અસહ્ય રોગોથી પીડાવું, (૪) બુદ્ધિહીનતા અને (૫) નિર્દયતા.

લગ્ન જો સગીર અવસ્થામાં થયાં હોય તો પુખ્ત વયે તે રદ (કરાવવા હોય તો) કરાવવાનો હક.

છેવટે હું ચેતવણીના બે બોલ કહીશ. કાયદો કોઇ માણસને સુખ આપી શકતો નથી. સુખ તો વ્યક્તિએ આત્મસંયમથી, વિદ્યાથી અને કર્તવ્યનિષ્ઠાથી મેળવવાનું છે. કાયદો તો બાહ્ય અંતરાયો દૂર કરવા માટે છે, બાકી સુખ તો હિંમત અને શ્રદ્ધાથી કરેલા આત્મવિકાસથી જ મળશે.

"ધી ટવેન્ટીએથ સેન્ચરી"માંથી ઉદ્ધૃત.'

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

કન્યા ગુરૂકુળ. Regd No. 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ ૧-૮-૦<br>છુટક નકલ ૦-૧-૦ | :: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. :: | વર્ષ ૩ જું. અંક નવમો<br>મંગળવાર તા. ૧-૧૨-૩૬. |

## શ્રવણ અને સંસ્મરણ.

જૈન સંઘની અહિંસા અને ત્યાગ–વિરાગની ભાવના સામાન્ય જનસમૂહમાં ખૂબ જાણીતી છે. પરંતુ જૈનોની એક સ્વતંત્ર સંસ્કૃતિ હતી અને એ સંસ્કૃતિએ મૌલિક સાહિત્યનો જન્મ આપ્યો હતો. અને એજ સંસ્કૃતિનું દુગ્ધપાન કરી શિલ્પે પોતાનું સૌંદર્ય વિસ્તાર્યું હતું એવી એવી ઘણી બાબતો હજી અંધારામાં રહી જવા પામી છે. જૈન સંઘને વિવિધ રાજકીય તેમજ આર્થિક કષ્ટોને લીધે ઘણીવાર સ્થાનપલટાં કરવાં પડયાં છે. એક વૃક્ષના થડમાંથી જેમ અનેક શાખાઓ–ડાળીઓ ફુટે તેમ જૈન સંઘ ભારતવર્ષના જુદા જુદા દેશોમાં ફેલાયો હતો. જુદા પડવા છતાં જૈન સંઘે પોતાની સંસ્કૃતિના પ્રાણવેગને કયાંય પણ ક્ષીણ થવા દીધો નથી. જ્યાં જ્યાં જૈન તપસ્વીઓ કે જૈન ઉપાસકો ગયા છે ત્યાં ત્યાં તેમણે પોતાની સભ્યતાનો શાંતિપુર્વક પ્રચાર કર્યો છે. પોતાથી જુદી પડતી સભ્યતાઓને, ક્રમે ક્રમે પોતામાં પચાવી છે.

ભયંકર દુકાળને લીધે કેટલાક જૈન મુનિઓને દક્ષિણ તરફ જવાની જરૂર પડી એ પ્રકારનો ઐતિહાસિક ઉલ્લેખ આપણા શાસ્ત્રોમાં છે, પણ જૈન સાધુઓએ, દક્ષિણમાં ગયા પછી ત્યાં જૈન સંસ્કૃતિનો કઇ રીતે પ્રચાર કર્યો ? દક્ષિણની લોકભાષાની કેવી સેવા કરી ? અને ક્રમે ક્રમે રાજ્યાશ્રય મેળવી કેટકેટલાં મંદિરો–મઠો અને વિદ્યાપીઠો નિર્માવ્યાં ? તે આપણે નથી જાણતાં. દક્ષિણમાં એવી શાખા ભલે જુદી પડી પણ એમાં જૈનત્વનો જ પ્રાણવેગ વહેતો હતો એ વાત નવેસરથી કહેવાની જરૂર નથી.

તામિલ એ દક્ષિણની મુખ્ય લોકભાષાઓ પૈકીની એક મુખ્ય ભાષા છે. આ ભાષાના વિકાસનો ઇતિહાસ આ લેખમાં શ્રી વસંતકુમુર ચટ્ટોપાધ્યાય નામના એક વિદ્વાન, જૈન સાહિત્યને ઘણું સારૂં–ઉચ્ચ સ્થાન આપે છે. તેઓ કહે છે:

"ખૃષ્ટીયં આઠમા શતકથી બારમા શતક સુધી દાક્ષિણાત્યમાં જૈનોનો "સવિશેષ પ્રાદુર્ભાવ દેખાય છે. જૈનોના પ્રતાપે પાંડય અથવા તામિલ દેશમાં ચાર–ચાર સૈકાઓ કરતાં પણ વધુ વખત લગી સાહિત્યસેવા ચાલુ રહી. પ્રાચીન સમયમાં મદુરા શહેરમાં એક જૈન વિશ્વવિદ્યાલય પણ હતું. આ વિશ્વવિદ્યાલયે ઘણા તામિલકાવ્યો અને જૈન ધર્મગ્રંથોનો પ્રચાર કર્યો હતો. જૈન તામિલ સાહિત્ય ઉપર સામાન્ય પણે સંસ્કૃતનો ખૂબ પ્રભાવ પડયો હતો. તો પણ એણે તામિલ સાહિત્યમાં એક વિશેષતા ઉમેરી હતી. નીતિ સાહિત્યમાં એ મૌલિકતા દેખાઇ આવે છે. જે કોઇ પાશ્ચાત્ય પંડિત, તામિલસાહિત્યનો અભ્યાસ કરે છે તે કહે છે કે સંસ્કૃત કરતાં પણ તામિલસાહિત્ય એ વિષયમાં વધુ સમૃદ્ધ છે."

વાસ્તવિક રીતે તો જૈનસાહિત્ય એ કરતાં પણ વધુ પ્રાચીન હોવું જોઇએ, પરંતુ ઉપરોકત લેખક કહે છે તેમ આઠમા શતક પહેલાંના સાહિત્યનો બરાબર પત્તો નથી લાગતો. પ્રાચીન સાહિત્ય બધું "અગસ્ત્ય" નામના ઋષિના ખાતે જ ચડયું છે. અગસ્ત્યઋષિના નામથી ઘણા લેખકોએ કાવ્યસાહિત્ય યોજ્યાં હતાં અને તે આજે પણ મોજુદ છે.

જૈનસાહિત્ય–મહારથીઓની સેવાનો ઉલ્લેખ કરતાં એ જ પંડિત ઉમેરે છે:

"તિરૂવલ્લુવરે રચેલો એક નીતિશાસ્ત્રનો કિંવા પુરૂષાર્થની પ્રેરણા આપતો ગ્રંથ તામિલમાં બહુ નામાંકિત છે. એમાં ધર્મ, અર્થ, કામ એ ત્રણ પ્રકારના પુરૂષાર્થ વિષે સૂત્રાત્મક વિવેચન છે. આના કરતાં વધુ પ્રાચીન ગ્રંથ ઉપલબ્ધ નથી. જૈન ધર્મના મૂલ મંત્ર–અહિંસા ધર્મ ઉપર જ આ ગ્રંથનો પાયો છે. સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવના રાખવી એ ગ્રંથનું મુખ્ય સૂત્ર છે."

દક્ષિણમાં. પાછળથી શ્રી રામાનુજાચાર્ય તથા શંકરાચાર્યનું ખૂબ જોર જામ્યું હતું. પણ આ પ્રાચીન ગ્રંથમાં એ બે પૈકી એક આચાર્યની સીધી કે આડકતરી અસર દેખાતી નથી.

નાલડિઆર, એવી જ જાતનો એક પ્રાચીન ગ્રંથ છે. એનો અર્થ ચતુષ્પદી જેવો થાય છે. એમાં પણ ધર્મ, અર્થ અને કામનો વિષય ચર્ચવામાં આવ્યો છે.

( અનુસંધાન જુઓ પૃષ્ઠ ૭૬ મું. )

# તરુણ જૈન.

તા. ૧-૧૨-૩૬


## કન્યા ગુરૂકુળ.

આપણા સમાજમાં શિક્ષણ માટે છોકરાઓની જેટલી કાળજી રાખવામાં આવે છે તેટલી કાળજી કન્યાઓ માટે ભાગ્યે જ જોવામાં આવે છે. છોકરાઓ માટે સ્થળે સ્થળે છાત્રાલયો, ગુરૂકુળો વગેરે નજરે પડે છે, જ્યારે છોકરીઓ માટે એક પણ એવી સંસ્થા જાહેરમાં હોય ત્હેમ જણાયું નથી. કન્યાઓના શિક્ષણ માટે આપણે બેદરકાર છીએ એ બાબત ઇષ્ટ નથી. કારણકે આજની કન્યા આવતી કાલે માતા બનવાની છે. ત્હેનામાં સુસંસ્કારો અને શિક્ષણ હશે તો ત્હેના બાળકોને તે વારસો મળશે. બાળકોનાં જીવન ઘડતરમાં માતાનો હિસ્સો મોટો હોય છે.

શિક્ષણ વગર કોઇ પણ રાષ્ટ્ર, સમાજ કે કોમ ઉન્નતિ સાધી શકતી જ નથી. અને ત્હેમાં પણ સર્વદેશીય ઉન્નતિ સાધવી હોય તો કન્યા કેળવણીની ખૂબ જરૂરત છે. જો કે આજે મ્યુનિસિપલ કન્યાશાળાઓમાં અને કોલેજોમાં શિક્ષણ આપવામાં આવે છે, પરંતુ ત્હેમાં ખૂબ ખામી છે. એ કન્યાઓ જો ઉંચી કેળવણી લે છે, તો સમાજની સાથે રહેવું ત્હેને માટે મુશ્કેલ બને છે અને જો અધૂરી કેળવણી લે તો શિક્ષણનો અર્થ સરતો નથી એટલે ત્હેને માટે કોઈ એવા ધોરણ ઉપર શિક્ષણનો કાર્યક્રમ યોજાવો જોઇએ કે ત્હેના જીવનમાં કોઈ પણ જાતની મૂશ્કેલી નડે નહિ અને પોતાની ઉન્નતિ સાધી સમાજને પણ પ્રગતિ તરફ વેગ આપે.

પ્રગતિમાન સમાજો તરફ આપણે જો જરા નજર દોડાવીશું તો આપણને શિક્ષણ માટે ખૂબ શિખવાનું મળશે. ત્યાં છોકરાઓ માટે જેટલી શિક્ષણની કાળજી રખાય છે તેટલી જ કાળજી કન્યાઓ માટે પણ રખાય છે. છોકરાઓને જે જાતનું શિક્ષણ મળે છે તેવું જ છોકરીઓને પણ શિક્ષણ આપવામાં આવે છે. તદુપરાંત વ્યવહારિક એટલે કે ગૃહ-કાર્ય, પાકશાસ્ત્ર, ભરત, શીવણગુંથણ અને સ્વરક્ષણ માટેની તાલીમ પણ અપાય છે. આવી કન્યાઓ જ્યારે યોગ્ય ઉંમરમાં આવે છે ત્યારે ગમે તેવા સંયોગોની સ્હામે થવાની ત્હેનામાં તાકાત હોય છે. તે કોઇથીએ ડરતી નથી. અને પોતાના આત્મવિશ્વાસથી આગળ અને આગળ ધપતી જાય છે. આર્ય સમાજની કન્યાકેળવણી માટે પ્રખ્યાત સંસ્થા "આર્યકન્યા મહાવિદ્યાલય" વડોદરાની આ વર્ષે સ્નાતિકા થયેલી બ્હેનોનું મંડળ મુંબઈ ખાતે આવ્યું હતું અને ત્હેમના વિવિધ પ્રકારના સંગીત, ગરબા, વ્યાયામ, ધનુષ્ય-બાણ, છરા, તલ્વાર, ભાલા, બંદુક અને વ્યાખ્યાનો માટે હમણાં મુંબઈમાં એક ભરચક કાર્યક્રમ યોજાયો હતો. ત્હેમાં સ્નાતિકા બ્હેનોના પ્રયોગો જોઇ મુંબઈની જનતા મુગ્ધ બની હતી. આપણી બ્હેનોને જો આ જાતનું શિક્ષણ આપવામાં આવે, બાળપણથી જ ત્હેમને જો વ્યાયામ અને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવે તો આજે જે શારીરિક કંગાલીઅતતા અને ભીરૂતા દેખાય છે તે અદૃશ્ય થઈ જાય. સ્થળે સ્થળે ગુંડાઓના અત્યાચારોની ભોગ બનતી બ્હેનો ત્હેવા ગુંડાઓને છક્કડ ખવરાવી ત્હેને નશ્યત આપી શકે, એટલું જ નહિ, પરંતુ અત્યારની જે પરાધીન દશા તે ભોગવે છે. પતિ સાથેના અને પતિ વિહોણા જીવનમાં ત્હેને માથે જે સાઠમારીઓ ચાલે છે તે અવશ્ય દૂર થાય.

અમે એમ કહેવા માગતા નથી કે આર્યકન્યા મહાવિદ્યાલયની સ્નાતિકા બ્હેનોની માફક જ આપણી કન્યાઓને પણ ધનુષ્યબાણનું, સંસ્કૃત સાહિત્યનું કે તે વિદ્યાલયમાં જે જાતનું શિક્ષણ આપવામાં આવે છે એ જ જાતનું શિક્ષણ અપાવું જોઇએ. પરંતુ સ્વરક્ષણ પૂરતું લાઠી કે શસ્ત્રનું જ્ઞાન, આરોગ્ય પૂરતું વ્યાયામનું શિક્ષણ અને ગૃહકાર્ય માટે પાકશાસ્ત્રમાં પ્રવીણતા, ભરત, શીવણ, ગુંથણ, સંગીત અને વ્યવહાર પૂરતું ભાષા અને અક્ષરજ્ઞાન, એટલી બાબતો જરૂરી છે. આ જાતના શિક્ષણ માટે એક કન્યા ગુરૂકુળની આવશ્યકતા છે.

જો કે આવી સંસ્થામાં મા-બાપો પોતાની કન્યાને શિક્ષણ માટે મોકલે કે કેમ? એ એક પ્રશ્ન છે. છતાં પ્રયત્ન કરવામાં આવે તો એવી ઘણી કન્યાઓ મળી આવે. શરૂઆતમાં છોકરાઓની સંસ્થામાં પણ મા-બાપો પોતાના છોકરાઓને મોકલતા વિચારતા હતા. પરંતુ અત્યારે તે પરિસ્થિતિ નથી.

પ્રશ્ન માત્ર એટલો જ રહે છે કે કન્યા ગુરૂકુળ માટે ફંડ કયાંથી લાવવું? આપણો સમાજ છોકરાઓની શિક્ષણ સંસ્થાઓ પાછળ લગભગ બે લાખ રૂપીયા પ્રતિવર્ષ ખર્ચ કરે છે. એવો અડસટો કાઢવામાં આવ્યો છે. જે સમાજ છોકરાઓના શિક્ષણ પાછળ પ્રતિવર્ષ બે લાખ ખર્ચી શકે છે તે શું છોકરીઓનાં શિક્ષણ માટે દશ વીશ હજાર જેવી રકમ ન ખર્ચી શકે? એ બનવા જોગ નથી, પરંતુ તે તરફ લક્ષ્ય ખેંચવાની જરૂર છે. આપણે ત્યાં અનેક દાનવીરો છે ત્હેમના લક્ષ્યમાં એ વાત ઠસાવવામાં આવે તો દાનનો પ્રવાહ જે નિરર્થક રીતે વહી રહ્યો છે તે છોકરીઓની શિક્ષણ સંસ્થા તરફ વાળી શકાય અને આદર્શ એક કન્યા ગુરૂકુળ ઉભું કરી શકાય.

અમે ઇચ્છીએ છીએ સમાજના માન્ય નેતાઓ પોતાનું લક્ષ્ય કન્યા કેળવણી તરફ કેંદ્રિત કરી કન્યા ગુરૂકુળ ઉભું કરે, અને તે દ્વારા કન્યાઓને સમુચિત કેળવણી આપી ત્હેના આશીર્વાદ મેળવે.

(3)



# શ્રી જૈન સ્વયંસેવક મંડળની સેવા.

**કાર્ત્તિકિ પૂર્ણિમા.**

આ પૂર્ણિમાને દિને સિદ્ધાચલની યાત્રાનો મહિમા બહુ મોટો માનવામાં આવ્યો છે. એટલે સ્થળે સ્થળે સિદ્ધાચળના પટ બાંધવામાં આવે છે મુંબઇમાં દરસાલ ભાયખલા આદીશ્વર ભગવાનના મંદિરમાં એ પટ બંધાય છે. અને મુંબઈનાં લગભગ તમામ જૈનો એ પટના દર્શન કરી કૃતકૃત્ય થાય છે. પરંતુ આસાલ કોમી હુલ્લડને અંગે ભાયખલાનો રસ્તો જોખમભર્યો બન્યો હતો, કોઇ પણ જૈન ભરચક મુસ્લીમ લત્તાઓમાંથી પસાર થઇ ભાયખલાના દર્શન કરવા જાય એ બનવા જોગ ન હતું. તે માટે મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના કાર્યવાહકો શ્રી હીરાભાઇ મલબારી, શ્રી મણીલાલ જેમલ શેઠ, ગુલાબચંદ જેઠાભાઇ વગેરે એ મુંબઇની જનતા દરવર્ષે ભાયખલે જાય છે તેમ આ વર્ષે પણ ભાયખલા જાય તે માટે મોટરબસની સગવડ કરી હતી. સ્વયંસેવક મંડળ તરફથી હેંડબીલો તથા દૈનિક પેપરોદ્વારા તેની આગલે દિવસે ખૂબ જાહેરાત કરી હતી. અને કોઇનીયે સલામતી જોખમાય નહિ તે માટે મુંબઇના પોલિસ કમિશ્નર સાહેબ પાસેથી પોલિસની મદદ માગી હતી. તેમજ પાયધુનીથી ભાયખાલા સુધી પોલિસનો યોગ્ય પ્રબંધ કરવાની અપીલ કરી હતી, તે પ્રમાણે આખે રસ્તે પોલિસનો મજબૂત બંદોબસ્ત રહ્યો હતો. ને મોટરબસમાં દરેક માણસોને ફ્રી લઇજવામાં આવતાં હતાં. પાંચ મોટરબસોનો આ રીતે ઉપયોગ કરવામાં આવ્યો હતો. અને સ્હવારના આઠથી સાંજના છ સુધી તેણે સર્વિસ આપી હતી. હજારો ભાઇઓએ તેનો લાભ લીધો હતો. દરેક મોટરબસમાં બે પોલિસ અને બે સ્વયંસેવકો વ્યવસ્થા જાળવતા હતા. અને એ રીતે આખો યે રસ્તો સલામત બનાવી જૈનજનતાના આશીર્વાદ મેળવ્યા હતા. પરંતુ આપણા લોકોમાં શિષ્ઠતાની બહુજ ખામી છે. જરાયે ધીરજ નથી, અને ધક્કામૂકી કરી ધમાધમ કરીએ છીએ એ વસ્તુ બરાબર નથી. કેટલાક ભાનભૂલા બંધુઓતો સ્વયંસેવક બંધુઓ ઉપર આક્ષેપ કરવા લાગી જાય છે. આ ભાઇઓ સેવાનું અપમાન કરે છે એમ અમને જણાય છે, બીજા સમાજોમાં જ્યારે આવા પ્રસંગો આવે છે ત્યારે કેટલી શિષ્ઠતા અને સભ્યતા દાખવે છે. જૈન સમાજે પણ સભ્યતા શીખવાની ઘણી જરૂર છે. બ્હેનોની સગવડ પહેલી કરવામાં આવતી હતી તેમાં પણ કેટલાક ભાઇઓ મનમાં આવે તેમ બોલતા હતા. જો કે સ્વયંસેવક બંધુઓ તો ટેવાયેલા હોઇને તેમને તેવા બોલોની કશી કિંમત નહતી. પરંતુ એ રીતે વર્તવામાં આપણી ખાનદાની નથી. કોઇ ભાઇઓ સમાજ માટે કાંઇ સગવડ કરી આપે તો તે સગવડનો લાભ આપણે ધીરજથી લેવો જોઇએ. અને શિષ્ટતા જળવાય તે માટે આપણે દરેક જાતનો સહકાર આપવો જોઇએ. તોજ સગવડ કરનાર ભાઇઓને ઉત્સાહ વધે અને તેમાંજ આપણી શોભા છે. જૈન જનતા એ બાબત ક્યારે સમજશે ?

'એકારીના કારણે' પૃષ્ઠ ૭૪ હું ચાલુ.

આવતો અને ચાર–પાંચ રૂપીયા આપી જતો. એ બધા પૈસા મારી સાસુજી લઈ લેતાં હતાં અને મારા પતિદેવ મોજ ઉડાવતા હતા. આમ એકાદ વર્ષ ચાલ્યું ને તે છોકરો આવતો બંધ થયો. તેની સ્થિતિ કંગાલ બની હતી એટલે જીવી એ કહ્યું કે ચાલો આપણે++ શહેરમાં જઇએ, ત્યાં મારે ઘણી ઓળખાણ છે. ધંધો સારો ચાલશે. હું, મારી સાસુજી, મારા પતિદેવ ને જીવી એમ અમે ચારેજણાં+++ શહેરમાં આવ્યાં ત્યાં એક સારા લત્તામાં મકાન ભાડે લઇ રહ્યાં. જીવી એકાદ બે ગ્રાહક રોજ લાવતી હતી અને અમે સુખચેનમાં રહેતાં હતાં. આમ આંઠેક મહિના ચાલ્યું હશે. ત્યાં મારી સાસુજીને ટાઈફોડ લાગુ પડયો ને ફાની દુનિયાનો ત્યાગ કરી ગયા. પછી તો હું સ્વતંત્ર થઇ. મારો પતિ મને કશું કહેતો નહિ. શહેરી જીવનના મોહમાં અંજાઈ હું તણાવા લાગી, સેન્ટ–લવંડર–અત્તર–પાવડર વગેરેમાં આવકનું પાણી કરવા લાગી. જીવીને પણ કાઢી મૂકી ને સ્વતંત્ર રહેવા લાગી. સાંજના રોજ હું ટેક્ષીઓમાં ફરતી અને લક્ષ્મિનંદનોને આકર્ષતી. આમ બે ત્રણ વર્ષ નિકળી ગયાં એ અરસામાં મને ચેપી રોગ લાગુ પડયો. હું દિવસે દિવસે સૂકાવા લાગી. મારૂં યૌવન નષ્ટ થયું. મારામાં કશું રહ્યું નહિ ત્યારે મારા પતિએ મને ત્યજી દીધી. તે ક્યાંક જતા રહ્યા. હું સમાજ ઉપર અને મારી જાત ઉપર ધીટકાર વરસાવવા લાગી. હવે તો મારૂં શરીર હાડપિંજર જ રહ્યું છે. રસ્તાના રઝળતા ભીખારીની જયમ હું ભીખ માંગી મારૂં ગુજરાન ચલાવવા લાગી. તેમાં એક દિવસ મ્હને ખૂબ તાવ આવ્યો. હું રસ્તાની ફુટપાથ ઉપર પડી હતી ત્યાંથી કોઇ પરોપકારી પુરૂષે મને હોસ્પિટલમાં પહોંચાડી, આજે હું મારાં દુઃખોનો પશ્ચાતાપ કરતી અને મને એ સંયોગોમાં મૂકનારા પુરૂષ સમાજ ઉપર ફિટકાર વરસાવતી હોસ્પિટલના ખાટલા ઉપર પડી છું. મારૂં જીવન તો હવે ખલાસ થવા આવ્યું છે પરંતુ મારી બીજી બ્હેનોને સૂચવું છે કે–તમારી છોકરીનાં બાળપણમાં કદિ લગ્ન કરશો નહિ. જ્યારે તે ઉમ્મર લાયક થાય ત્યારે કોઇ યોગ્ય વરને કે જે જવાબદારી અદા કરી શકે તેવો હોય તેની સાથે જ લગ્ન કરજો. અને જયમ બને તેમ તેના ઉપર સાદાઇના સંસ્કારો નાખજો કે જેથી તેનું નૈતિક જીવન ઉચ્ચ બને. કુલીનશાહીના ખપ્પરમાં બાળાને હોમશો નહિ.

**જૈનો અને કલહ–વિગ્રહ:**–એ શબ્દ પ્રયોગનો મેળ જ ક્યાં બેસે છે? કેટલું એ અયુક્ત છે? યુવકો અને નવી પ્રજાનાં માનસ અને વીર્યશક્તિ કયે પંથે વહી રહ્યાં છે? એની જે ભૂખ છે, જિજ્ઞાસા છે, તે સંયમધારી અને તપોધની પૂજ્ય પુરૂષો નહિ સંતોષી શકે તો કોણ સંતોષશે? ભાવી ધર્મ ઇતિહાસનું મુખપૃષ્ઠ કેવું અને કઇ જાતનું ચીતરવું એ કોની પીંછી અને કળા ઉપર ખાસ આધાર રાખે છે? જૈન સંસ્કૃતિ સમસ્ત જગતનો ઉજળો અને અજોડ આદર્શ છે, એમાં સર્વ વર્ગોનું, બધાં દળોનું હિત સમાયું છે. એ સાચી સંસ્કૃતિની લગન આપણી હાડોહાડ ક્યારે વાગશે? હનુમાનના રોમરોમમાં રામ હતું. આપણા રોમે રોમે સત્ય અને સમતા ક્યારે આવશે.

–**સંતબાલ.**

# જૈન સમાજની એક આદર્શ શિક્ષણ સંસ્થા.

## શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ. શિવપુરી (ગ્વાલિયર)

( એક પરિચય )

**સંસ્થાપક**—પ્રાચિન ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાના મહાન ઉપાસક જૈન સાહિત્ય અને ધર્મનું મહત્ત્વ દેશાન્તરોમાં ફેલાવનાર તથા યુરોપીયન ઉચ્ચ અધિકારીઓને જૈન ધર્મનું મહત્ત્વ સમજાવી જીવદયા અને જૈન ધર્મની સેવાનાં અનેક કાર્યો કરાવનાર સ્વ: શાસ્ત્ર વિશારદ જૈનાચાર્ય શ્રીવિજયધર્મ સૂરિશ્વરજી મહારાજના સદુપદેશથી અને શેઠ લક્ષ્મીચંદજી બેદના પ્રયત્નથી આજથી સત્તર વરસ પહેલા ઉપરોક્ત સંસ્થા મુંબઈમાં સ્થાપન કરવામાં આવી હતી.

**સંસ્થાનો ઉદાર ઉદ્દેશ:**—કોઈ પણ ગચ્છ કે સંપ્રદાયનો ભેદ રાખ્યા સિવાય જૈન શ્વે. મૂર્તિ પૂજક સમાજમાં સત્ય ધર્મતત્ત્વોનો પ્રચાર કરનારા ત્યાગની ભાવનાવાળા સદાચારી અને વક્તૃત્વ તથા લેખન કળા ધરાવનારા એવા ઉપદેશકો વિદ્વાનો સંચાલકો—તૈયાર—કરવા એ આ સંસ્થાનો મૂળથી જ ઉદ્દેશ રખાયો છે. અને તેહની પૂર્તિ માટે યથાયોગ્ય પ્રયત્ન કરવામાં આવે છે.

**બે વિભાગો:**—આ સંસ્થાને અંગે મુખ્ય બે વિભાગો રાખવામાં આવ્યા છે.

૧. છાત્રાલય અને શિક્ષણાલય:—છાત્રાલય વિભાગમાં સંસ્થાના સ્થાપક સ્વર્ગસ્થ આચાર્યશ્રીની ઉદાર ભાવનાને માન્ય રાખી ગરીબ કે ધનાઢ્ય સૌ કોઇને એકજ સરખીરીતે રાખવામાં આવે છે. અને તેઓને ખાન—પાન પુસ્તક સ્ટેશનરી કપડાં અને બીજી બધીએ આવશ્યક વસ્તુઓ સંસ્થા તરફથી પુરી પાડવામાં આવે છે.

૨. શિક્ષણાલયમાં બે વિભાગો છે. વિદ્યાલય અને મહા વિદ્યાલય વિદ્યાલય વિભાગનો પાઠ્યક્રમ (કોર્સ ૭/૬) વરસનો છે. તેમાં પહેલાં ત્રણ વર્ષમાં ધાર્મિક હિન્દી—ગુજરાતી—સંસ્કૃત—અંગ્રેજી અને ગણીત શીખવવામાં આવે છે. બીજા ત્રણ વરસમાં ધાર્મિક સંસ્કૃત અને અંગ્રેજી એ ત્રણ વિષયો શીખવવામાં આવે છે. આ ઉપરાંત ઇતિહાસ ભૂગોલ વક્તૃત્વ અને લેખન વગેરે ઐચ્છિક વિષયો પણ રાખવામાં આવ્યા છે. મહાવિદ્યાલયનો પાઠ્યક્રમ ત્રણ વરસનો છે. તેમાં ઉચ્ચ કોટીનું સંસ્કૃત એટલે ન્યાય વ્યાકરણ સાહિત્ય જૈન દર્શન અને ષટ દર્શનનુ તુલનાત્મક જ્ઞાન પણ અપાય છે. ઉપરાંત અંગ્રેજીમાં—મેટ્રીકની યોગ્યતાસુધીનું જ્ઞાન અપાય છે. જો કોઇ વિદ્યાર્થી મેટ્રીકની પરીક્ષા આપવા ચાહે તો એક વરસ રહી મેટ્રીકની પરીક્ષા પણ સંસ્થા તરફથી અલહાબાદ, હિન્દુ યુનીવરસીટી બનારસ વગેરે સ્થળે આપી શકાય છે.

**ઔદ્યોગિક શિક્ષણ:**—સંસ્થામાં ઔદ્યોગિક શિક્ષણનો પ્રબંધ કરવામાં આવ્યો છે. તેમાં અત્યારે તો ખાસ કરીને ટાઇપરાઇટીંગ, બુક બાઇંડીંગ, શીવણ ઇલેક્ટ્રીક અને સંગીત એ વિષયો રૂચીપૂર્વક શીખવવામાં આવે છે.

**વક્તૃત્વ કળા:**—ઉપરોક્ત સંસ્થામાં વિદ્યાર્થીઓની વક્તૃત્વ કળા ખીલે, તે માટે વક્તૃત્વ કલાસની પણ યોજના કરવામાં આવી છે.

**બૌદ્ધિક અને શારીરિક વિકાસ:**—વિદ્યાર્થીઓને વિશ્વનું જ્ઞાન થતું રહે. અને વર્તમાન પરિસ્થિતિથી વાકેફ થતા રહે તે માટે ઉપયોગી પુસ્તકાલય પણ રાખવામાં આવ્યું છે. શારીરિક વિકાસ માટે વ્યાયામશાળા રાખવામાં આવી છે. તેમાં કુસ્તી, મગદળ, ડંબેલ્સ, આસન, ઉઠબેઠ, દંડ ઉપરાંત ખોખો, કબડ્ડી, કુદ, સર્કલ, ફુટબોલ વીગેરે વિનોદી રમતો રમાડવામાં આવે છે.

**સંસ્કૃતનું સેન્ટર:**—આ સંસ્થાને કલકત્તા યુનિવરસીટીએ શ્રી બેંગાલ સંસ્કૃત એશોશીએશનના કેન્દ્ર તરીકે સન ૧૯૨૮ થી મુકરર કર્યું છે. અહિં પ્રથમાં અને મધ્યમાં બે પરીક્ષાઓ થાય છે. તેમાં સંસ્થાના વિદ્યાર્થીઓ ઉપરાંત બહારના વિદ્યાર્થીઓ પણ પરિક્ષા આપવા આવે છે. અને તેમને માટે ભોજનાદિનો ફ્રી બંદોબસ્ત કરવામાં આવે છે.

**યુરોપીયન વિદ્વાનોનુ આકર્ષણ:**—

આ સંસ્થામાં પાશ્ચાત્ય વિદ્વાનો પણ શોધખોળ અને મુલાકાત માટે આવે છે. કારણ કે તે જૈન સંસ્કૃત કોલેજના નામે ઇંગ્લાંડ જર્મની, અમેરિકા, ઇટલી ઇત્યાદિ દેશોમાં સુપ્રસિદ્ધ છે. તેમાં પાશ્ચાત્ય ૨૪ વિદ્વાનો અભ્યાસ કરી ગયા છે. જેમાંનાં મુખ્ય જર્મનીના વિદ્વાન ડો. આલ્સડાર્ફ સાહેબ બર્લીન (જર્મની) મ્યુઝીયમના કયુરેટર ડો. વાલ્ડ સ્મીત અને અમેરિકાની વિદુષી ડો. મીસ જહોન્સને આ સંસ્થામાં રહીને જૈન તીર્થંકરો ને પુજ્ય મહાન પુરૂષોના ચરિત્રનો અનુવાદ કરી સારી સેવા બજાવી છે. જે હમણાં જ પ્રગટ થયેલ છે. પેન્સીલ્વેનિયા (અમેરીકાની) યુનીવરસીટીના પ્રોફેસર ડો. બ્રોને આ સંસ્થામાં રહી "ધી સ્ટોરી ઓફ કાલકા" નામના પ્રાચીન ગ્રંથ ઉપર સંશોધન કરી તે પુસ્તકને આ સંસ્થામાં જ તૈયાર કરી પાછળથી પ્રગટ કર્યું છે.

**સંસ્થાની પ્રગતિ:**—

પ્રોફેસર ડોકટર બ્રોને અમેરિકા જઇ "ધી સ્ટોરી ઓફ કાલકા" નીસ્લાઇડો તૈયાર કરી ૧૯૩૫ માં હિન્દની મુસાફરી વખતે સર્વ ઠેકાણે બતાવી હતી. એ રીતે ઉપરોક્ત સંસ્થા જેમ પાશ્ચાત્ય વિદ્વાનોને આકર્ષી શકી છે તેમ આ દેશના વિદ્વાનો અને મહાપુરૂષો જેવાકે શ્રી રવિન્દ્રનાથ ટાગોર પંડીત મદન મોહન માલવીયા અને કેટલાક આર્ય સમાજીસ્ટ સ્વામીઓને પણ આકર્ષ્યા હતા. લીપઝીગ યુનીવરસીટી આસીસ્ટંટ સંસ્કૃત પ્રોફેસર મીસ ડો. ક્રોઝે (સુભદ્રા દેવી) પી. એચ. ડી. એ. ઉપરોક્ત સંસ્થામાં રહી ભારતીય સાહિત્ય વિશારદની પદવી પ્રાપ્ત કરેલ છે.

**અભ્યાસક્રમ:**—

સંસ્થાનો અભ્યાસક્રમ બીલકુલ સ્વતંત્ર છે. જેમાં અત્યારનું અપ્રિય થઇ પડેલું કે વિદ્યાર્થીઓને ફક્ત કલાર્ક બનાવવા માટેનું શિક્ષણ અપાતું નથી પરંતુ રાષ્ટ્ર ધર્મ અને સમાજને ઉપયોગી નિવડે તેવો જ અભ્યાસક્રમ યોજ્યો છે.

# કોઈ કહે તો— માનશો નહિ—

—કે શ્રી રામચંદ્રસૂરિ અને શ્રી સાગરાનંદસૂરિ પરસ્પરના ઝઘડમાં લવાદ તરીકે શ્રી પરમાનંદ કાપડીયાને નિમ્યા છે.

❖ ❖ ❖

—કે શ્રી ચીમનલાલ કડીઆ કાર્તિકી અમાસે ઉજમફઇની ધર્મશાળામાં મુનિશ્રી દુર્લભવિજયજી પાસે દીક્ષા લેવાના છે.

❖ ❖ ❖

—કે શ્રી નેમવિજયજીએ કદમ્બગીરી પર ચોડાવેલી તકતીમાં બે જુની કલમો રદ કરીને નીચેની કલમો ઉમેરી છે.

અસ્પૃસ્યો અમારા બંધવો જ છે એટલે એઓ અને કોઇ પણ જાતનો ગમે તે હિન્દુ આ મંદિરમાં પ્રવેશી શકશે.

ચાલી આવેલી પ્રણાલિકામાં ફેરફાર આવશ્યક છે અને નવા વિચાર કરનારને પ્રતિનિધિપણામાં ખાસ હક્ક આપવામાં આવશે.

❖ ❖ ❖

—કે નવા વર્ષે શ્રી સાકરચંદ માણેકચંદ ધડીઆળીએ દહિંદુધાયા નીતિદ્વારાજ સમાજમાં પોતાનું સ્થાન તરતું રાખવાની દૃઢ પ્રતિજ્ઞા લીધી છે.

❖ ❖ ❖

—કે ટ્રસ્ટ એકટથી ડરી જઇને જૈનધર્માદા ફંડોની કેટલાક ટ્રસ્ટીઓએ હવે ગોલમાલ કરવી બંધ કરી છે.

❖ ❖ ❖

—કે નાશી ગએલા શિષ્યને પોતાની આત્મકથા જાહેર કરવાની મુનિશ્રી લબ્ધિવિજયજીએ મના કરી છે.

❖ ❖ ❖

—કે પશ્ચાત્તાપ માટે શ્રી કસ્તુરભાઇ નગરશેઠ સગવડ મળે તો વિલાયતની યાત્રા કરવા આ ઉન્હાળે રવાના થવાના છે.

❖ ❖ ❖

—કે યંગમેન્સ જૈન સોસાયટી પડેલા હાથ ઉભા કરવાનાં સ્વપ્નાં સેવે છે.

❖ ❖ ❖

—કે પાલણપુરવાળા શ્રી મણીલાલ ખુશાલચંદ પરીખે 'લાઇલાજે' તરુણજૈન સાથે ધર્મયુદ્ધ કરવા શસ્ત્રો ને સૈનિકો જમાવવા માંડયા છે. અને સૈનિકોની સંખ્યા બે સુધી પહોંચી છે.

---

**ઉત્સવની ઉજવણી**:—છેલ્લી પરીક્ષાનો પદ—પ્રધાનનો ઉત્સવ ગ્વાલીયર ગવર્નમેન્ટના હોમ મેમ્બર (વર્તમાન દેવાસેનાં મહારાજા) શ્રીમાન સદાશીવરાવ ખાસે સાહેબ પવારના પ્રમુખપદે કરવામાં આવ્યો હતો. તેમાં સંસ્થાના અભ્યાસક્રમમાં સફળ થનારને પદવીઓ એનાયત કરવામાં આવી હતી. સંસ્થાના સ્વતંત્ર અભ્યાસક્રમ સિવાય કલકત્તા યુનિવરસીટીના બેંગાલ સંસ્કૃત એશોશીએશનની પદવીઓમાં વિદ્યાર્થીઓ પ્રતિવર્ષ બેસે છે. અને યુનીવર્સીટી તરફથી વ્યાકરણ તીર્થ ન્યાયતીર્થ સાહિત્યતીર્થ વગેરે પદવીઓ સફલતા પુર્વક મેળવે છે

આવી એક મહાન સંસ્થાની આર્થિક સ્થિતિ સધ્ધર નહી હોવાથી દર વર્ષે મોટી ખોટમાં ઉતરવું પડતુ હતું. પરંતુ આ વરસે તેની કાર્યવાહક સમિતિમાં શેઠ જીવાભાઈ કેસરીચંદ ઉપ—પ્રમુખ તરીકે અને શેઠ કાંતિલાલ બકોરદાસ અને શેઠ રતીલાલ વાડીલાલ પુનમચંદ બંન્ને ખજાનચીઓ તરીકે ચુંટાયા હોવાથી આશા રહે છે કે એ ખોટ જરૂર પુરાશે. સાચા નાગરીકોને તૈયાર કરતી એક આવી સંસ્થાને મદદ કરવી એ પ્રત્યેક જૈનોની ફરજ થઈ પડે છે. આશા છે કે પ્રત્યેક વ્યકિત સંસ્થાને મદદ કરી પોતાની ફરજમાંથી મુકત થશે.

—કે શ્રી જૈન શ્વે. કોન્ફરન્સની નિષ્ક્રિયતા જૈનયુવકસંઘ અને સોસાયટીને આભારી છે. એમ જાહેર કર્યા પછી, શ્રી મોહનલાલ-દી. ચોકસી કોન્ફરન્સને નિર્વીર્યતા મીટાવવા દંડ પીલવાની જરૂરીઆત ઉપર આવતા અધિવેશનમાં ઉપદેશ દેવાના છે.

❖ ❖ ❖

—કે યમદૂત ખાસ સત્કારચીઠ્ઠી લઇ મુનિજનક વિજય કને ગયો હતો પણ એમણે એવું જણાવી આમંત્રણ અસ્વીકાર્યું છે કે 'શ્રી પરમાનંદના ભાષણની તટસ્થ સમિક્ષા કરવાની મ્હારે હજુ બાકી છે અને એ દ્વારા ગાળોના મસાલા સાથે ખીજનો ખીચડો શી રીતે બનાવી શકાય એ હું મુનિરાજોને બતાવી જૈન સમાજની સેવા કરવાનો છું. આશા રાખું છુ કે હાલ મ્હને યમરાજ થોડીક સેવા કરવા તક આપે.'

❖ ❖ ❖

—કે 'જૈનચર્ચા'ના 'જર્ઇન'ને શ્રી મોહનલાલ દી. ચોકસીએ 'કમળાનો દર્દી' કહ્યાથી શ્રી સાકરચંદ માણેકચંદ ઘડીઆળી પાતાની આંખો બતાવવા કોઇ ડોકટરની સલાહ લેવા ગયા હતા.

❖ ❖ ❖

—કે મુનિ શ્રી હેમેન્દ્રસાગરજીના ખુલ્લા પત્રને વાંચ્યાં પછી મ્હેસાણાવાળા મુનિ લક્ષણવિજયજીએ ઝઘડા પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ લેવાનું નકિક કર્યું છે.

❖ ❖ ❖

—કે કેશરિયાજી પ્રકરણમાં 'અનશન' આદરી 'પીછેહઠ' થનાર 'હિઝહોલીનેશ સૂરિસમ્રાટ શાન્તિસૂરિજી, જો પાલીતાણામાં ફરી ઝઘડો થાય તો કેશરીઆજી પ્રકરણની નામોશી નાબુદ કરવા અનશન આદરશે.

---

## વર્તમાન.

**મ્હેસાણા**:—શ્રી લક્ષણવિજયજી એ પોતાના લક્ષણ બતાવી પાણીદાર પ્રવચનો કર્યા હતાં અને ચૌદશીયા સાગ્રીતો પાસે હાસ્યજનક ઠરાવ કરાવી સંઘના નામે ઠોકી બેસાડયો હતો. ત્હેની પોલ આજે ચાલીશ ભાઇઓની સહીથી ખૂલ્લી થઇ છે. તેઓ જાહેર કરે છે કે એ ઠરાવ સંઘનો નથી.

**વાણીઆનો અર્થ**:—સ્વ. શ્રી વિઠલદાસ ઠાકોરદાસના વસીયત નામામાં એક બેલાખ રૂપીઆની રકમ જૂદી કાઢવામાં આવી હતી. અને ત્હેનો ઉપયોગ ગરીબ વાણીયાઓને ભોજનાદિ માટે કરવાનું ઠરાવ્યું હતું. તેમાં એક પ્રશ્ન ઉભો થયો હતો 'વાણીયા' શબ્દમાં જૈનશ્રાવક વાણીયા આવી શકે ખરા કે ? તે સંબંધી નામદાર કોર્ટે વાણીયા શબ્દના અર્થમાં જૈન, વૈષ્ણવ, શ્રાવક કે કોઇ પણ વાણીયાનો સમાવેશ કર્યો છે.

**આંખો કયારે ઉઘડશે ?**—જૈન સમાજમાં આજે સસ્તા ભાડાની ચાલીઓ અને હોસ્પિટલની કેટલી જરૂર છે ? છતાં શેઠ દેવકરણ મુળજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓની આંખો ઉઘડતી જ નથી. બાદશાહી સખાવતો કરનારા કરી જાય છે પણ પાછળથી જવાબદાર માણસોની એ જવાબદારીથી સમાજને તે ટ્રસ્ટોનો લાભ મળતો નથી આજે આઠ—આઠ વર્ષ થયાં છતાં ન તો ત્હેનો હિસાબ બહાર પડે છે; કે ન તો ત્હેનો કશો ઉપયોગ થાય છે. ટ્રસ્ટીઓની ફરજ છે કે ત્હેમણે જાહેર પેપરોદ્વારા ત્હેનો હિસાબ બહાર પાડી જનતાને વિશ્વાસમાં લેવી જોઇએ. 'હાઇકોર્ટ'માં હિસાબ છે' એમ કહી છટકી જવામાં જનતા છેતરાવાની નથી. જુવાનોએ આ બાબતમાં જાગૃત થઇ ટ્રસ્ટનો ઉપયોગ કરવાની ફરજ પડે તે જાતના પ્રયત્નો કરવાની આવશ્યકતા છે.

# બે કારીના કારણે.

## એક વેશ્યાની આત્મકથા.

મારૂં નામ શાંતા. બાળપણથી મ્હારૂં વેવિશાળ થયેલું. હું અને મ્હારો થનાર પતિ લગભગ સરખી ઉમ્મરના હતા. તેર વર્ષની ઉમ્મરે અમારા બંનેના લગ્ન થયાં. તે વખતે લગ્ન શું ચીજ છે, ત્હેની મારા પતિને ખબર ન હતી. એ જવાબદારીનું ત્હેમને કશું ભાન જ નહોતું અને મ્હને પણ તે પ્રસંગે કંઇ ખ્યાલ ન્હોતો કે ભવિષ્યમાં આનું પરિણામ શું આવશે? હું લગ્ન પછી બે વર્ષ મ્હારા માબાપને ત્યાં રહી, પછી પતિગૃહે ગઇ. ત્યાં સાસુના નેતૃત્વમાં જુલ્મની ઝડીઓ વરસતી. સવારમાં પાંચવાગે મ્હને ઉઠાડવામાં આવતી હતી. અને રાતના સાસુ–સસરાની પગચંપી કરી અગીયાર વાગ્યે હું સૂવા પામતી હતી. તે સમય દરમ્યાન એક મિનિટ પણ શાંતિ લીધા શિવાય ઘરકામ કરવું પડતું. કોઇક સ્થળે ભૂલ થાય તો મ્હેણા–ટુણા અને સાસુજીની ગાળ ત્હેમજ માર પણ ખાવો પડતો. આ રીતે ત્રણ વર્ષ પસાર કર્યાં. તે દરમ્યાન મ્હારા સસરાએ પરલોક પ્રયાણ કર્યું. સ્થિતિ સાધારણ હોવાથી અમે મુશ્કેલીમાં મૂકાઈ ગયાં. મ્હારા પતિદેવને તો કંઇ ગમજ ન્હોતી. અભ્યાસ પણ પૂરતો કર્યો ન્હોતો, એટલે આજીવિકા માટે દળવા, ભરડવાનું ત્હેમજ ખાંડવાનું કામ સાસુજી લાવતાં અને હું તથા સાસુજી સાથે મળીને કરતાં. એ રીતે અમે ગુજરાન ચલાવતા હતા. મ્હારા પતિદેવને ઘરની ફીકરજ નહોતી.

અમારી બાજુમાં એક જીવી પટલાણી રહેતા હતા. ઉમ્મર તો ત્હેમની ચાલીશ વર્ષની હતી. પરંતુ શરીરનો બાંધો સારો હોવાથી તેની ઉમ્મર જણાતી નહિ. તે મ્હારી સાસુ પાસે રોજ બેસવા આવે. રામાયણ ને મહાભારતની વાતો કર્યા કરે. પછી મ્હારી દયા ખાય મ્હારી સાસુને કહે કે ત્હમે ત્હમારી ફુલ જેવી વહુ પાસે આવું કામ કરાવશો તો તે બિચારી અકાળે કરમાઈ જશે. હજુ તો તાજું ફુલ છે ત્હેને કરમાતાં કેટલીક વાર? તમારા છોકરાને કેમ કાંઇ કહેતા નથી. મરદ જેવો મરદ થઇને આખો દહાડો પડ્યો રહે અને કાંઇ કહેવામાં આવે તો બહાર ચાલ્યો જાય એ ઠીક નથી. કોઇ વખત મ્હારા પતિને પણ એ જીવી ઠપકો આપતી. આ રીતે મને ત્હેનામાં વિશ્વાસ બેઠોઃ હું ફુરસદના ટાઇમમાં તેને ત્યાં જવા લાગી અને મ્હારૂં હૃદય ત્હેની પાસે ખાલી કરવા લાગી. એક દિવસે કામ ઘણું હોવાથી મને બહુ જ કંટાળો આવ્યો. મ્હારી સાસુને કહ્યું કે 'મારાથી આ કામ થતું નથી.' સાસુજી ચીઢાયાં અને કહ્યું કે 'ત્યારે અહિં શું કામ આવી? જવું તું ને કોઈ રાજરાણી થવા.' મારા પતિને પણ બહુ ઉશ્કેર્યા, ત્હેમણે મને મારઝુડ કરી. જીવી ડોસી આવ્યાં અને મ્હને છોડાવીને તેમના ત્યાં લઇ ગયાં. ત્યાં શાંત્વન આપ્યું અને પુછ્યું કે 'ત્હારે હમણાં પીયર જવું છે?' મ્હારે પિયરમાં માતાપિતા ગુજરી ગયા હતાં, ભાઇ એક હતો ત્હેને મ્હેં એક બે વખત કાગળ લખાવ્યા હતા પરંતુ ત્હેનો એવો જવાબ આવ્યો હતો કે પિયરમાં જવાનું કદિ દીલ થાય નહિ. મ્હેં ના પાડી, ત્હેટલામાં મ્હારા પતિ આવ્યા ને ચોટલો ઝાલીને ઘરમાં ખેંચી ગયા. ત્યાં ફરીવાર મારઝુડ કરી. હું નિઃસહાય બની. મ્હારે બધું કામ કરવું પડ્યું. એક વખત જીવી ડોસી મારી સાસુને મળ્યા અને કંઇ ખાનગી વાતચિત કરી, મારી સાસુ વિચારમાં પડ્યા, બીજે દિવસે મારી ઉપરનો અત્યાચાર ઓછો થયો. સાસુજી કામ પણ ઓછું લાવતા હતા. જે કંઇ લાવતાં તે પોતે જ કરતાં હતાં. હું જીવી પાસે જઇ તેનો ઉપકાર માનતી હતી. પરંતુ મને એ ખબર ન્હોતી કે ઉપકારનો ભયંકર બદલો આપવો પડશે. બે ત્રણ દિવસ એમને એમ પસાર થઇ ગયા. એક દિવસ જીવીએ કહ્યું કે '× × × શેઠનો છોકરો બહુ સારો અને ઉદાર છે. તેણે તમને મદદ કરવાનું કહ્યું છે, હમણાં અહિં આવશે. માટે તેને દુઃખ લાગે તેવું વર્તન કરીશ નહિ.' સંસારના કાવાદાવાથી હું અજ્ઞાત હતી, મને એ ખબર ન પડી કે જીવીએ મારા નૈતિક અધઃપતનનો માર્ગ રચ્યો હતો. મને જો એ ખબર હત તો કદિ હું મદદ સ્વીકારત નહિ. મ્હેં જીવીની વાત સહર્ષ સ્વીકારી અને તેની રાહ જોતી બેઠી. લગભગ રાતના આઠનો સમય હતો. વિચારમગ્ન સ્થિતિમાં બેઠી હતી ત્યારે એ શેઠના ચીરંજીવી જીવીને ત્યાં આવ્યા. જીવીએ તેનું ખૂબ સન્માન કર્યું અને પછી કહ્યું કે બેસો. હમણાં શાંતાને તમારી પાસે મોકલું છું એમ કહી એ મ્હારી પાસે આવી અને કહ્યું કે જા હવે તારે તેને જે કહેવું હોય તે કહે. હું તેમને માટે દુધ લઇને આવું છું એમ કહી બહાર ચાલી ગઈ. હું બેધડક તેની પાસે ગઇ. તેની ઉમ્મર લગભગ બાવીશ વર્ષની હશે. દેખાવે આકર્ષક અને મોહક હતો. ત્હેણે મને આશ્વાસન આપ્યું અને કહ્યું કે તારો પતિ નામર્દ છે. જે પતિ પોતાની પત્નિનું પોષણ ન કરી શકે તે પતિ તરીકે હકકો ભોગવવાને લાયક નથી. ધર્મ અને નીતિશાસ્ત્રો એ જ કહે છે. માટે તારૂં જો હિત સાધવું હોય તો મ્હારૂં કહેવું માનવું પડશે. મ્હારા પતિ તરફ મ્હને નફરત હોવાથી મ્હેં તેની વાત માની. સંયોગોએ મને માનવાની ફરજ પાડી. તે પિશાચે મને પોતા તરફ ખેંચી. હું શરમથી કાંઇ બોલી શકી નહિ અને પછી તો તેણે વધારે છૂટ લીધી. મારૂં નૈતિક અધઃપતન થયું. તે દિવસે મને દશ રૂપીયાની નોટ આપી ચાલતો થયો. જીવી આવી, મને પૂછ્યું કેમ તને સંતોષ થયો ને? છોકરો બહુ સારો છે, હું કશું બોલી નહિ. અને મુંગે મોઢે ત્યાંથી ઘર ગઇ. નોટ સાસુજીને આપી, સાસુજી ખુશ ખુશ થઇ ગયા. ત્યારેજ મને ખબર પડી કે જીવી કુટ્ટિની હતી. અને મારી સાસુ સાથે મળી તેણે એ કારસ્થાન ગોઠવ્યું હતું. પછી તો એ રોજ

( અનુસંધાન જુઓ પૃષ્ઠ ૭૧ મું. )

# સરાક જાતિ અને જૈન ધર્મ.

બંગાલ, બિહાર અને ઓરિસામાં એક એવી જાતિ વસે છે કે જે સરાક જાતિના નામે ઓળખાય છે. 'સરાક' શ્રાવક શબ્દનો અપભ્રંશ છે. ત્યાંની ગવર્નમેન્ટે પ્રકાશિત કરેલ સેસન્સ રિપોર્ટ અને ડીસ્ટ્રીકટ ગેઝેટમાં એમ જાહેર કરવામાં આવ્યું છે કે: સરાક જાતિ વસ્તુતઃ જૈન છે, તે લોકોનાં ગોત્ર, રહેણી કરણી અને આચાર-વિચાર જોઇ કોઇ પણ કહી શકે કે તે જૈનો જ છે. તેઓ માનભૂમ, વીરભૂમ, સિંહભૂમ, પુરૂલીયા, રાંચી, રાજશાહી, વર્ધ્ધમાન, બાંકુડા, મેદિનીપુર આદિ જિલ્લાઓમાં તથા ઓરિસાના કેટલાયે જિલ્લાઓમાં વસે છે. જો કે તે લોકો પોતાના વાસ્તવિક સ્વરૂપને ભૂલી ગયા છે. છતાં કુઆચારને લીધે તેઓ વનસ્પત્યાહારી છે. ધર્મ અને કર્મના સંબંધમાં તેઓ પોતાના કુલાચાર પ્રમાણે ભગવાન પાર્શ્વનાથના ઉપાસક છે. ત્હેનાથી વધારે જ્ઞાન ત્હેમને નથી. પરંતુ તેઓ એ તો જરૂર સ્વીકારે છે કે તેમના પૂર્વજો જૈનો હતા. તે લોકો સમ્મેતશિખરજીની યાત્રા કરવા જતા હતા. તેઓમાં એવી એક માન્યતા હતી કે સમ્મેતશિખરજીની યાત્રા કર્યાં પછી ખેતી આદિ કાર્ય થઇ શકે નહિ. અને તે માટે કંગાલીયત ને દરિદ્રતાથી યાત્રા ત્યાગ કરવો પડ્યો. તેઓના જીવનનિર્વાહના સાધન તરીકે વેપાર અને ખેતી મુખ્ય હતાં. પરંતુ અત્યારે ખેતી અને કપડાં વણવાનું કાર્ય તેઓ કરે છે. તે લોકો ઇ. સ. પૂર્વે માનભૂમ અને સિંહભૂમ આદિ જિલ્લાઓમાં વસ્યા છે. અને પોતાની ભલમનસાઇને અંગે પ્રખ્યાત છે. અત્યારે કોઇ કોઇ સ્થળે તે લોકો પોતાનું સ્વરૂપ ભૂલી જઇ, બૌદ્ધ અને હિંદુ તરીકે પોતાને ઓળખાવે છે. કોઈ કોઈ પોતાને શૂદ્ર તરીકે પણ માનવા લાગ્યા છે. પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં એમાં જરાયે શંકા નથી કે તે લોકો જૈન છે. સન. ૧૯૧૧ માં માનભૂમ જીલ્લા ગેઝેટના ૫૧ માં પાનામાં સરાક જાતિ સંબંધી નીચે પ્રમાણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

"Reference is made clsewhere to a peculiar people bearing the name of Sarak (variously spelt) of whom the district still contains a considerable number, these people are OBVIOUSLY JAINS BY ORIGIN. And their own traditions as well as those of their neighbours. The Bhumij make them the descendents of a race which wos in the district when the Bhumij arrived; their ancestors are also creditted with building the temples at Para. Chharra, Bhoram and other places in these pre-Bhumij days. They are now and are creditted with having always been, a peaceable race living on the best of the terms with the Bhumij."

અર્થાત્ઃ—આ જિલ્લામાં એક એવી જાતિ નિવાસ કરે છે જહેને સરાક કહેવામાં આવે છે. કે જેની સંખ્યાનું પરિમાણ અહિં કાફી છે. એ નિર્વિવાદ સિદ્ધ છે કે સરાક ઉત્પત્તિથી જૈન છે. ત્હેના કુલાચારથી અને સહવર્ત્તિ ભૂમિજોનાં પરંપરાગત કથનથી પણ એ ફલિત થાય છે કે એ લોકો એ જાતિના વંશધર છે કે જે ભૂમિજોના આગમન પહેલાં અહિં વસ્યા હતા. અને ત્હેમણે પારા, છરા, ભોરમ આદિ સ્થાનોમાં ભૂમિજ કાલથી પહેલાં જિનમંદિરો બંધાવ્યાં હતાં. ભૂમિજો સાથે હળીમળીને, તેઓની રહેણી કરણી અને સદ્ વ્યવહાર એ બાબતની સાક્ષી પૂરે છે કે તેઓ હમેશાં અને આજે પણ શાંતિપ્રિય છે. એ જ રીતે સન્ ૧૯૦૮ ના પૂરી ગેઝેટના ૮૫ મા પેજ ઉપર લખ્યું છે કે: "સરાક જાતિ અતિ પ્રાચીન જાતિઓમાંની છે." તે સંબંધી મી૦ ગેટ સન્ ૧૯૦૧ ના બંગાલ સેંસન્સ રિપોર્ટમાં કહે છે કે: "એ તો નિશ્ચય જ છે કે, સરાક શબ્દની ઉત્પત્તિ શ્રાવક શબ્દથી થઈ છે. જેનો સંસ્કૃત ભાષામાં 'સાંભળનાર' એવો અર્થ થાય છે. જૈનોમાં શ્રાવક ત્હેને કહેવાય છે કે જે યતિઓ અને મુનિઓથી ભિન્ન છે અર્થાત્ ગૃહસ્થ છે. અહિ ઘણા સરાકો વસે છે. ખાસ કરીને તેઓ (ઓરીસા) તાઇગીરીયા રાજ્ય, કટકનું બંકી થાણું, અને પુરીના પીપલી થાણામાં વસ્યા છે. તે લોકો બીજી સરાક જાતિની જયમ શાકાહારી છે. પ્રતિવર્ષ મહા મહિનાની સાતમના રોજ ખંડગીરીની ગુફાઓમાં જઇ ત્યાંની જૈનમૂર્તિઓની પૂજા સ્તવના કરે છે." તે શિવાય બંગાળ સેસન્સ રિપોર્ટ નં. ૪૫૭ પેજ ૧૦૯ માં લખે છે કે: "પ્રાચીનકાળમાં પાર્શ્વનાથ હીલના નજીકના પ્રદેશોમાં જૈનોઓની ખૂબ વસતી હતી. માનભૂમ અને સિંહભૂમ તો એ લોકોના ખાસ નિવાસ સ્થાન હતાં. જૈનીયોના કથન અનુસાર તે પ્રત્યેક પ્રાંતોમાં ભગવાન મહાવીર વિચર્યાં હતા. ત્યાંના લોકો પણ એ જ કહે છે કે: પ્રાચીન કાળમાં અહિં સરાક જાતિનું રાજ્ય હતું અને તે લોકોએ કેટલાયે જૈનમંદિરો બંધાવ્યાં હતાં. માનભૂમમાં જૈનોનાં કેટલાંયે પ્રાચીન સ્મારક અને સિંહભૂમમાં તામ્રપત્રો મળી આવ્યાં છે. તે લોકો પ્રાચીન જૈન શ્રાવક છે અને ત્હેના સંતાનો સરાક જાતિના નામથી પ્રખ્યાત છે." ઉપરોક્ત રિપોર્ટો શિવાય બીજાં પણ કેટલાંક પ્રમાણો છે કે જેનાથી નિર્વિવાદ કહી શકાય કે તે લોકો જૈનોના સંતાન છે.

(૧) તે લોકોના ગોત્ર આદિદેવ, અનંતદેવ, અને કાશ્યપ (ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન મહાવીરનું કાશ્યપ ગોત્ર છે.) વગેરે છે કે જે જૈનેતર જાતિમાં હોવા અસંભવ છે.

(૨) ત્હેના ગામોમાં અને ઘરોમાં કોઈ કોઈ સ્થળે અત્યારે પણ જિન મૂર્ત્તિઓની પાર્શ્વનાથના નામથી તેઓ પૂજા કરે છે.

(૩) માનભૂમજિલ્લાના પાકવીર, પંચગ્રામ, વોરમ, છરા, તૈલકૂપી અને વેલોંજા અદિ ગામોમાં, બાંકુરા જીલ્લાના બહુલારા ગામમાં અને વર્ધ્ધમાન જીલ્લામાં કટવા તાલુકાના ઉજ્જયિની ગામની પાસે જિનમૂર્ત્તિઓ મળી આવે છે.

(૪) વેલોંજા (કાતરાસગઢ) જિનમંદિરના એક શિલા લેખમાં "ચિચિતાગાર આઙિર શ્રાવકી રક્ષા વંશીપરા" લખેલ છે.

(૫) એ લોકો કટ્ટર શાકાહારી છે. જમીકંદાદિ ફળો ઉપર પણ ત્હેમની નફરત છે. તેના સંબંધમાં એક કહેવત પણ છે કે: "ડોહ ડુમુર પોડા છાતી. યહ નહિ ખાય સરાક જાતિ" સરાકલોકો જમીકંદાદિ ખાતા નથી (જૈનેતર કોઇ પણ જાતિમાં ફળ વિશેષનો ત્યાગ જોવામાં આવતો નથી.)

08



(૬) તે લોકો રાત્રિભોજનને ખરાબ સમજે છે. કેટલાક લોકો રાત્રિભોજન કરતા પણ નથી. ઉપરોક્ત પ્રમાણોથી એ સિદ્ધ થાય છે કે સરાક જાતિ એ જૈનસંતાનો જ છે. તેઓ એક એવા દેશમાં અને જાતિ સાથે નિવાસ કરે છે કે જેનો હજારો વર્ષોથી જૈનધર્મ સાથેનો સંબંધ તૂટી ગયો છે. જ્યાં હિંસાનું સામ્રાજ્ય છે, જ્યાં સાધુ સમાગમ નથી, જ્યાં જીવનનિર્વાહની સમસ્યા સિવાય ધર્માદિ વિષયોપર કોઇ જાતની ચર્ચા નથી. એ પરિસ્થિતિમાં સરાકજાતિ પોતાનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી જાય તો ત્હેમાં આશ્ચર્ય શું છે? છતાં જૈનધર્મની છાપનો એ પ્રભાવ છે કે તે લોકો પોતાના કુલાચારને બરાબર સંભાળે છે. છતાં હજુ પણ આપણે તે તરફ ઉદાસિનતા બતાવીશું. ત્હેમની તરફ આપણા કર્ત્તવ્યનો કંઇ પણ ખ્યાલ કરવામાં નહિ આવે તો સંભવ છે કે પોતાની રહી સહી યાદગીરીને પણ તે લોકો ભૂલી જાય.

દુનિયાની દરેક જાતિઓ જ્યારે પોતાના ઉત્થાન માટે તીવ્ર પ્રયત્ન કરી રહી છે ત્યારે જૈન સમાજ પ્રગાઢ નિદ્રામાં ઘોરતો પડયો છે. હજુ પણ સમય છે કે આપણે ચેતીએ. નહિતર જેમ થોડા સમયમાં કરોડોની સંખ્યામાંથી બારલાખ ઉપર આવી ગયા છીએ ત્હેમ ત્હેનાથી પણ ઓછી સંખ્યામાં આવી જઇશું. આપણે માટે આ સુવર્ણ અવસર છે કે આપણે આપણી પેહેલાંના જૈન (સરાકજાતિ)બંધુઓને ત્હેમના વાસ્તવિક સ્વરૂપમાં લાવીને થોડા પ્રયત્નથી આપણી સમાજ સંખ્યાને વધારીએ. અને ત્હેમને પદચ્યુત થતા પણ બચાવીએ. જો કે એ હર્ષનો વિષય છે કે શ્રીમાન્ બહાદુરસિંહજી સિંઘી, ગણેશલાલજી નાહટા અને બીજા પણ કેટલાક મહાનુભાવોનું આ મહાન્ કાર્ય તરફ લક્ષ્ય ખેંચાયું છે. અને ત્હેમની પ્રેરણાથી ન્યાયવિશારદ–ન્યાયતીર્થ ઉપાધ્યાયજી શ્રી મંગળવિજયજી મહારાજ તેમજ ત્હેમના શિષ્યરત્ન શ્રી પ્રભાકરવિજયજી મહારાજ સરાક જાતિમાં ધર્મ પ્રચાર કરી રહ્યા છે. એટલું જ નહિ પણ કલકત્તા તથા ઝરીઆમાં 'જૈનધર્મ પ્રચારક સભા' નામની સંસ્થા પણ પ્રચાર માટે સ્થાપન કરી છે. અને પ્રચારકાર્યમાં ઠીક ઠીક સફળતા પ્રાપ્ત કરી છે. આપણી સામે આ એક મોટામાં મોટું કાર્ય છે કે જેમાં શાસનની મોટામાં મોટી સેવા ભરી છે એટલે પ્રત્યેક મુનિવરો, આચાર્યો, ઉપાધ્યાયો અને પંન્યાસજી મહારાજોનું એ પ્રધાન કર્ત્તવ્ય છે કે તેઓ એ દેશોમાં વિચરે અને પોતાના ઉપદેશદ્વારા સરાક જાતિને ત્હેના વાસ્તવિક સ્વરૂપમાં લાવી પોતાની ફરજ અદા કરે અને મહાન્ પુણ્ય ઉપાર્જન કરે.

(હિંદિ ઉપરથી અનુવાદ) —**તેજમલજી બોથરા.**

# સ્વીકાર અને સમાલોચના.

**શ્રી વીરતત્વ પ્રકાશક મંડળ**:–શિવપુરી (ગ્વાલીયર) સં. ૧૯૮૭ થી સં. ૧૯૯૧ સુધીનો રિપોર્ટ અવલોકનાર્થે મળ્યો છે.

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**:–સંવત્ ૧૯૩૫–૩૬ નો રિપોર્ટ મળ્યો છે.

**શ્રી અમદાવાદ જૈન લોજ**:–નું કેલેન્ડર શાહ લહેરચંદ કસ્તુરચંદ તરફથી મળ્યું છે.

**પ્રજાપતિ પ્રકાશ**:–(માસિક) સંપાદક, મુદ્રક અને પ્રકાશક શ્રી ડાહ્યાભાઇ આણંદજી ચાવડા. વાર્ષિક લવાજમ રૂા. ૧–૦–૦. ૫૯–૬૫ દુર્ગાદેવી સ્ટ્રીટ, મુંબઇ ૪.

જગતની જાતિઓ પોતાની પ્રગતિ માટે કટીબદ્ધ થઇ આગેકૂચ કરી રહી છે. પ્રજાપતિ કોમ ઉપર પણ ત્હેની અસર થઇ છે. તેઓ સંગઠિત થઇ આગેકદમ બઢાવવા તલપાપડ થઇ રહ્યા છે. શિક્ષણ તરફ તેઓનું લક્ષ્ય ખેંચાયું છે. ઉપરોક્ત માસિકમાં પ્રજાપતિ કોમના અગત્યના પ્રશ્નો છણવામાં આવ છે. જુદી જુદી દૃષ્ટિએ લેખો સારા આવ છે. પ્રજાપતિકોમ માટે ઉપરોક્ત માસિક એક આશિવાદ સમાન છે.

# સમાચાર.

**ધાર્મિક પરીક્ષા**:–શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ મુંબઈ તરફથી પ્રતિવર્ષે લેવામાં આવતી શેઠ સારાભાઈ મગનભાઈ મોદી પુરૂષવર્ગ અને સૌ. હીમઈબાઇ મેઘજી સોજપાળ સ્ત્રી વર્ગ ધાર્મિક હરિફાઇની ઇનામી પરીક્ષાઓ બોર્ડના સર્વ સેન્ટરોમાં તા. ૨૬ ડિસેમ્બર ૧૯૩૬ માગસર શુદ ૧૪ સં. ૧૯૯૩ રવિવારના દિવસે બપોરના ૧ થી ૪ (સ્ટા. ટા.) સુધીમાં લેવામાં આવશે. અભ્યાસક્રમ અને વિદ્યાર્થીઓએ ભરવાના ફોર્મ માટે ૦–૦–૯ ના સ્ટેમ્પ મોકલી લખો:–શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ. ગોડીજી બીલ્ડીંગ પાયધુની મુંબઇ ૩.

**લાભ લીધો**:–પાયધુની ઉપર આવેલા શ્રી જૈન દવાખાનામાં છેલ્લા ત્રણ માસમાં. ઓગસ્ટમાં પુરૂષ દર્દી ૬૪૪ સ્ત્રી દર્દી ૩૪૫ બચ્ચાંઓ ૮૩૬ મળી કુલ ૧૮૨૫ સરેરાસ. ૫૯ દરદીઓ, સપ્ટેંબર પુરૂષ દર્દી ૭૬૯, સ્ત્રી દર્દી ૪૯૨ બચ્ચાંઓ ૭૭૨ મળી કુલ. ૧૮૩૩ સરેરાશ ૬૧ દરદીઓ, અકટોમ્બર પુરૂષદર્દી ૭૮૧. સ્ત્રી દર્દી ૫૪૬. બચ્ચાઓ ૮૦૬. મળી કુલ ૨૧૩૩. સરેરાશ ૬૯ દરદીઓએ લાભ લીધો હતો. દરરોજની દરદીની સરેરાશ હાજરી વધતી જાય છે. ખાતાને મદદ કરવા જૈન ભાઇ–બ્હેનોને ખાસ ભલામણ છે.

**'શ્રવણ અને સંસ્મરણ'** ... ... ...મુખપૃષ્ઠનું ચાલુ.

ચિંતામણીના લેખક તો નિર્વિવાદ પણે જૈન જ હતા. એમને તામિલ કવિઓના સમ્રાટ તરિકે ઓળખાવવામાં આવે છે.

કોષ અને વ્યાકરણના વિષયમાં જૈન લેખકો પછાત નથી રહ્યા. તામિલમાં આજે પરનંતિકૃત નન્નૂલ નામનું વ્યાકરણ આધારભૂત ગણાય છે. એના યોજક પણ જૈન જ હતા.

જૈનયુગની પછી શૈવ તથા વૈષ્ણવયુગ આવ્યો. જૈન–સંસ્કૃતિ, સાહિત્ય અને લોકગીતદ્વારા જનસમૂહમાં પ્રવેશ પામી ચૂકી હતી. શૈવ અને વૈષ્ણવ સાધુ–સંતોએ એ જ રાજમાર્ગ સ્વીકાર્યો. ઇતિહાસ કહે છે કે જે રીતે શ્રમણોએ લોકપ્રિયતા સંપાદન કરી હતી તે જ રીતે શૈવ તેમજ વૈષ્ણવ: લેખકોએ પોતપોતાના મંતવ્યોનો પ્રચાર કર્યો. આખરે એમને પણ રાજનો આશ્રય મળ્યો. જૈનો ધીમે ધીમે સાહિત્યના ક્ષેત્રમાંથી ખસતા ગયા તેમ તેમ સંઘનું પ્રભાવ–તેજ પણ ઝંખવાતું ચાલ્યું.

તામિલસાહિત્યનો ઇતિહાસ આજે પણ એક બોધપાઠ આપે છે. "લોક–હૃદયમાં પ્રવેશવું હોય તો સરળ–સુગમ વાણીમાં સાહિત્ય રચો અને તેનો ખૂબ પ્રચાર કરો" આજે આપણે એ માર્ગની ઉપેક્ષા કરી છે અને તેનું પરિણામ એ આવ્યું છે કે આપણે દિન પ્રતિદિન વધુ ને વધુ સંકુચિત તેમજ અનુદાર બનીએ છીએ.

(આત્માનંદ પ્રકાશ) —**શ્રી સુશીલ.**

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાયજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

## 'તરૂણ જૈન'નો વધારો—

### ખંભાતની જૈનશાળાને ચેલેન્જ.

શ્રીયુત ઠાકોરદાસ પી. શાહ તરફથી મુંબઈમાં વસતા ખંભાતવાસી જૈન બંધુઓનો એક મેળાવડો તા. ૩૦–૮–૩૬ ના રોજ સાંજનાં પાંચ વાગતાં ગોડીજી-મહારાજની ચાલમાં શ્રી પરમાનંદ કાપડીઆને અભિનંદન આપવા યોજવામાં આવ્યો હતો. તે પ્રસંગે ઓશવાલ, પોરવાલ. શ્રીમાળી વગેરે તમામ જ્ઞાતિના બંધુ-ઓએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. શરૂઆતમાં સુંદર સંગીત થયા બાદ શ્રી ઠાકોરભાઈએ આ મેળાવડો કરવાનું કારણ જણાવ્યું હતું અને પરમાનંદભાઇને અભિનંદન આપતાં શ્રી પરમાનંદે ત્હેનો ઘટતો ઉત્તર વાળ્યો હતો. ત્યારબાદ ચા નાસ્તો લઇ મેળાવડો વિસર્જન થયો હતો.

### યુવક પરિષદની કાર્યવાહક સમિતિની મીટીંગ

તા. ૩૦–૮–૩૬ના રોજ બપોરના ત્રણ વાગતાં યુવક પરિષદ્‌ની કાર્યવાહક સમિતિની મીટીંગ પરિષદ્‌ની ઓફીસમાં મળી હતી. તે પ્રસંગે નીચેના ઠરાવો પાસ થયા હતા.

(૧) બીજી જૈન યુ. પરિષદ્‌ના પ્રમુખસ્થાનેથી અપાયેલ શ્રી પરમાનંદ કુંવરજી કાપડીયાના ભાષણ સામે અમદાવાદના નગરશેઠ શ્રી કસ્તુરભાઇ મણીભાઇ અને ત્હેમના સરખા વિચારવાળાઓ જે અયોગ્ય હિલચાલ ચલાવી રહેલ છે. તે સામે આ યુ. પરિષદ્‌ની કાર્યવાહક સમિતિ સખ્ત વિરોધ જાહેર કરે છે. અને તે હિલ-ચાલનો સામનો કરવા સ્થળે સ્થળના જૈન બંધુઓને આગ્રહ કરે છે.

(૨) હાલની પરિસ્થિતિને અંગે વિચારણા ચલાવવા યુવક પરિષદ્‌નું ખાસ અધિવેશન ડીસેમ્બરની આસપાસ ભરવાનું નક્કી કરવામાં આવે છે.

(1)

રાજદ્વારી ક્ષેત્ર અને જૈનો.

Regd No. 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક દશમો
મંગળવાર તા. ૧૫-૧૨-૩૬.

## સામયિક–સ્ફુરણો.

### વિચાર સંઘર્ષણ.

આજે જ્યાં ત્યાં વિચારભેદને લઈ અમુક મતવાદના ચુસ્ત હિમાયતીઓ અને ભિન્ન મતવાદના હિમાયતીઓ વચ્ચે ઠેરઠેર સંઘર્ષણો થતાં માલમ પડે છે. રાજકીય ક્ષેત્રમાં જોઇએ તો સમાજવાદ અને નુતનશાહીવાદ–ફેસીઝમ–સામાજીક ક્ષેત્રમાં જોઇએ તો રૂઢિવાદીઓ અને સુધારકો અને ધાર્મિક ક્ષેત્રમાં જોઇએ તો જુના વિચારના સનાતનીઓ અને ધર્મ જેવી કોઈ સ્થાપીત સંસ્થામાં અશ્રદ્ધા દાખવનાર નવયુવકો વચ્ચે સંઘર્ષણ ચાલ્યા જ કરે છે. જો કે આ સંઘર્ષણો સૃજન જુનાં છે પરંતુ વીસમી સદીને આપણે સંસ્કૃતિવાળી સદી કહીએ છીએ. એટલે આ સંઘર્ષણોમાંથી પરિણમતી અસહિષ્ણુતા સૌ કોઇને સાલે છે. આજે એક બીજી વ્યક્તિના કે સમૂહના વિચાર સહી લેવાની ઉણપ આપણે જોઇએ છીએ તે ખરેખર આપણી ધાર્મિક કે વ્યવહારિક કેળવણીને અને વર્તમાન યુગને લાંછનરૂપ છે. આ દૃષ્ટીએ જોઇએ તો દુનિયા પ્રગતિને બદલે પીછે હઠ કરી રહી છે. ઘણાય વખત આ અસહિષ્ણુતામાંથી આપણે લોહી રેડાતાં જોઇએ છીએ ત્યારે એમજ માલમ પડે છે કે આપણે ભૂતકાળની જંગલી જાતિઓ કરતાં જરાય આગળ વધ્યા નથી.

આપણે જૈનોએ તો જૈન કે અજૈન સૌ સાથે મૈત્રીભાવે વર્તવાનું શાસ્ત્રોએ કહ્યું છે. દિગંબર કે સ્થાનકવાસી એ સૌ મનુષ્યકૃત ભાગલાઓ છે. આપણા અંદર અંદરના મતભેદ આપણે સમજી ન લઇએ તો આપણો ધર્મ ઉત્તમ ધર્મોમાંનો એક છે તેમ આપણે કોઇને કહીએં તે એક જાતની શેખી છે. જૈનધર્મ કે અન્ય કોઇ ધર્મ બધાનું દષ્ટિબિંદુ એક જ છે એટલે અન્યને મિથ્યા તત્ત્વ કહી આપણી ભવિષ્યની પ્રજાને બીજા પ્રત્યે ઘૃણા ઉત્પન્ન કરવાની હિંસા આપણે છોડવી જોઇએ. પર્યુષણ કે કાર્તિકી પૂર્ણિમા જેવા દિવસોમાં નજીવા મતભેદને લઇ કેટલાક અસહિષ્ણુભાઇઓએ જૈનજનતાને વગોવી છે તે શરમાવનારૂં છે એટલું જ નહિ પરંતુ મહાવીરે ઉપદેશેલ ફિલસુફીથી વિરૂદ્ધનું છે.

### ડો. નગીનદાસ શાહનું સ્મારક.

શ્રી મણિલાલ મહોકમચંદ શાહ અને શ્રી ચીમનલાલ મોતીલાલ પરીખના પ્રયાસથી અને અન્ય બંધુઓની તે કાર્ય પરત્વેની સહાનુભૂતિથી ડો. શાહના બે ફોટાઓ એક શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિશાલ હોલમાં મૂકવા સારૂ અને બીજો મુંબઇ જૈન યુવક સંઘની ઓફીસમાં મૂકવા સારૂ કરાવેલ છે; અને બાકી રકમની યોજના તેઓ વિચારી રહ્યા છે.

ડો. શાહના અકાળ અવસાનથી શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને શ્રી જૈન યુવક સંઘને જે ખોટ પડી છે તે અવર્ણનીય છે. જે કોઇ એમના સંસર્ગમાં આવ્યું હશે તેને એટલું જરૂર માલમ પડયું હશે કે તેમના જેવા સાચા સેવાભાવી અને અદમ્ય ઉત્સાહવાળા વ્યક્તિઓ આપણી વચ્ચે બહુ જ ઓછા છે. ઉપરોક્ત બેઉ સંસ્થાઓ તેમની ઓછી ઋણી નથી. અને તે માટે તેમની છબીની ઉદ્ઘાટન ક્રિયા વિદ્યાલય અને યુવકસંઘની ઓફિસમાં યોગ્ય રીતે કરવામાં આવશે એવી આશા રાખી શકાય.

### આમરણાંત ઉપવાસનો અંત:—

મુનિશ્રી મીશ્રીલાલજીના ઉપવાસનું પારણું થયાના સમાચાર સાંપડે છે. ઉપવાસ કરી કાર્યસિધ્ધિ પામનાર વ્યક્તિ જેટલી વધુ ચારિત્રશાળી, સેવાભાવી અને ભાવનામય તેટલી જ તેની તપ સિધ્ધિ. આજે ધાર્મિક, સામાજીક અને રાજકીય ક્ષત્રમાં આપણે આ ધાર્મિક રીતિના પ્રયોગો જોઈએ છીએ અને તેવા પ્રયોગોની સફળતા કે અસફળતા સંજોગો અને કે હેતુ ઉપર આવલંબે છે.

છતાં એટલું તો માલમ પડશે જ કે આ પ્રકારના જોરજુલ્મથી (Coercion) થતાં સમાધાન લાંબો કાળ ટકી શકતાં નથી. લાંબા વખતના સંગીન કાર્ય બાદ જ આવા પ્રયોગો વધુ આવશ્યક ગણી શકાય.

આ સાથે એટલું પણ ધ્યાનમાં લેવા જેવું છે કે સમાજના મોવડીઓ આ કાર્યની ઘૃણા ન કરે. આપણી ગંદકી અને આપણાં છિદ્રો દૂર કર્યા વિના પુરાણું ગાડું ચલાવી રાખ્યાથી વર્તમાન અને ભવિષ્યની પ્રજાના આપણે દ્રોહી બનીએ છીએ.

તરુણ જૈન.

તા. ૧૫-૧૨-૩૬

# રાજદ્વારી ક્ષેત્ર અને જૈનો.

## શ્રી નાણાવટીને અભિનંદન.

રાજદ્વારી ક્ષેત્રોમાં પ્રભુત્વ ધરાવનારી વ્યકિતઓની અસર સામાન્ય લોક સમૂહના જીવન પર બહુ મોટી થાય છે. દીર્ઘકાળનો આ અનુભવ **યથા રાજા તથા પ્રજા** ની ઉકિતદ્વારા અનુભવીઓએ વ્યકત કર્યો છે. બહુ પ્રાચીન કાળથી ધર્મોપદેશકો રાજાને પ્રતિબોધ આપવા તરફ વિશેષ લક્ષ દોડાવતા રહ્યા છે તેનું રહસ્ય પણ આજ છે. રાજા જ્યારે અમુક ધર્મના હોય છે ત્યારે સ્વભાવિક રીતે જ એ ધર્મના પ્રચારને ગતિ મળે છે. અને એ ધર્મના અનુયાયીઓનો મોભો વધે છે.

જૈન સમાજના પ્રાચીન ઇતિહાસમાં જે ઉજ્વળતા અને ગૌરવ દેખાય છે તે મોટા ભાગે તેની પ્રચંડ લાગવગને જ આભારી હતા. તેમ કહી શકાય. સંપ્રતિ, ખારવેલ, અમોઘ વર્ષ, આમરાજા, કુમારપાળ આદિ રાજાઓના સમયમાં જૈન સંસ્કૃતિને પુરતો વેગ મળ્યો છે તેના અંગે કેટલા વિકસિત થયા છે? રાજા અન્યધર્મી હોય પરંતુ મંત્રીઓ અને સેનાપતિઓ જૈન હોય ત્યાં પણ જૈનધર્મને ઓછો લાભ થયો નથી! વિમળશાહ, વસ્તુપાળ, તેજ-પાળ, ઉદયન તથા રજપૂતાનાના અનેક જૈન મંત્રીઓએ જૈનસંસ્કૃતિના વિકાસ રક્ષણમાં જે ફાળો આપ્યો છે તેની નોંધ લેતાં એ વાત ખૂબ સ્પષ્ટ થશે.

શ્રી સિદ્ધસેન દિવાકર, બપ્પભટ્ટસૂરિ, શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી હીરવિજયસૂરિ આદિ મહાન્ જૈનાચાર્યોએ પ્રાપ્ત કરેલી રાજદ્વારી લાગવગથી જૈન સમાજનાં ઘણાં મહાન્ કાર્યો થયાં છે. હમણાંનું તાજું દૃષ્ટાંતજ જુઓ શ્રી વિજયધર્મસૂરિજીએ અનેક રાજાઓ સાથે તથા મોટા મોટા વિદ્વાનો સાથે જે સંબંધ બાંધ્યો તે જૈન સમાજને અનેકરીતે ઉપયોગી થયો છે. પરંતુ આજે જૈનસમાજની આ ક્ષેત્રમાં જે સ્થિતિ છે તે અત્યંત શોચનીય છે. છેલ્લા પચીસ વર્ષમાં તેઓએ પોતાની રાજદ્વારી લાગવગમાં જબ્બર ઘટાડો કર્યો છે. પરિણામે તીર્થના હકકો, રાજદ્વારી નોકરીઓ અને વ્યાપાર વગેરેમાં તેને ઘણું શોષવું પડયું છે. આ પરિસ્થિતિ દૂર નહિ થાય અને જૈનસમાજની રાજદ્વારી લાગવગ ઘટતી જ જશે તો પરિણામ એ આવશે કે તેનું સ્થાન બીજી મામુલી કોમોની સાથે જ રહેશે.

સમાજમાં આજે પ્રચંડ ક્રાન્તિના પૂર વહી રહ્યા છે. નવા રાજકીય બળો અસ્તિત્વમાં આવી રહ્યાં છે. તે દરેકની પ્રજા જીવન પર ઉંડી અસર થઈ રહી છે. આ નવા બળોને અપવાની લેવામાં જે સમાજ પછાત રહેશે તેને ઘણું સહન કરવું પડશે એ નિર્વિવાદ છે. એટલે ભવિષ્યનો વિચાર કરીને પણ જૈન સમાજે રાષ્ટ્રીય લડતમાં પોતાનો યોગ્ય ફાળો આપવો જોઇએ અને પોતાની લગવગ વધારવી જોઇએ.

આ પ્રસંગે શ્રી મણીલાલ બાલાભાઇ નાણાવટી જેઓ સામાન્ય પદથી વડોદરા રાજ્યના નાયબ દિવાન બન્યા અને હમણાં જ હિંદી સરકારની સંમતિથી રીઝર્વ બેન્ક ઓફ ઇંડિયાના ડેપ્યુટી ગવર્નર નિમવામાં આવ્યા છે. તેમને અમે અભિનંદન આપ્યા સિવાય રહી શકતા નથી પોતાની ઉચ્ચ નિષ્ઠા અને બહોળા અનુભવથી જે પદ તેમણે પ્રાપ્ત કર્યું છે તે જૈન સમાજને ગૌરવરૂપ છે એમ અમે માનીએ છીએ. અને અનેક વ્યકિતઓને તે પ્રેરણાદાયક થઇ પડશે એમાં અમને શંકા નથી.

જૈન સમાજ પોતાની રાજદ્વારી લાગવગ વધારવામાં પ્રયત્નશીળ થાય અને તે લાગવગ અને શકિતનો ઉપયોગ પોતાના સમાજના અભ્યુદય અર્થે કરે એટલીજ હૃદયેચ્છા.

---

( 'જોઇલઇશુ' પૃષ્ઠ ૮૩ નું ચાલુ )

દવા તરીકે પીધે રાખો છો. ને આ તો છઠ્ઠી બાટલી છે.

**મસાલીઃ**—હવે નાના મુઢે મોટી વાત રહેવા દે. ઘણી ચાંપલાસ શી?

**પેમો પહોચેલોઃ**—હવે આડી અવળી વાતો જવા દો ને મુદ્દા ઉપર આવો.

**ગબરૂઃ**—શું મુદ્દા ઉપર આવવું છે? જે ન્યાતના બંધારણ વિરૂદ્ધ ચાલશે તેને જોઇ લઇશું.

**કિશોરઃ**—શું જોઇ લેશો?

**ગબરૂઃ**—જે દીકરી બહાર દેશે તે ન્યાત બહાર થશે. સારે ભુંડે એને ત્યાં જવાનું બંધ થશે. ખાવા પીવાનો વહેવાર કપાશે. તમામ વહેવાર બંધ થશે ને હાડહાડ થશે પછી. કયાં જશે?

**કિશોરઃ**—કાકા! તમે ભિંત ભૂલો છો. જુઓ આપણી નાતમાં ૧૦૦૦ ઘર છે. તેમાં ૭૦૦ ઘરોની વસ્તી મુંબઇ વસે છે. તેમાં કોઇ વરસે, બેવરસે, ત્રણ વરસે કે ચાર વરસે લગ્ન પ્રસંગે આવે છે. હવે ભુંડે અવસરે તો આવતા નથી, ને લગ્ન જેવા અવસરો મુંબઇમાં જ પતાવવાની શરૂઆત થઈ છે. તમે જોશો દશ વરસમાં સૌ ત્યાંજ લગ્નો ઉજવશે. દીકરીઓના હિતનો વિચાર કરી એને ભણાવશે, એની સલાહથી યોગ્ય સ્થળે વરાવશે. સારાભૂંડે તમે નહિ જાઓ તો કંઇ અડી રહેવાનું નથી તેમ તમારી લગારે જરૂર નહિ રહે. મુંબઇમાં લગ્ન થતાં ખર્ચ ઓછાં થશે ને તમારો ખાવાપીવાનો સવાલ બિન ઉપયોગી થશે. આ તમારી ધમકીઓની આગલા જમાનામાં અસર થતી હશે પણ આ જમાનામાં તમારી ધમકીઓ ધૂળમાં રોળાશે ને ઉપરથી હાંસીને પાત્ર બનશો ને લોકો આંગળી ચીંધશે.

**ગબરૂઃ**—ભાઇ! હજીક તારે દુધીયા દાંત છે તને ખબર નથી. મારી રમત આગળ ભલભલાના પાણી ઉતર્યા છે. ભલેને અમે અહિં ઓછી સંખ્યામાં હોઇએ પણ ન્યાતની ગાદી તો અહિ છે. એટલે અમારા હુકમો મુંબઇવાળાને માનવા જ પડશે.

**કિશોરઃ**—તમને જોઈ લેવાનો રોગ લાગ્યો છે એટલે અત્યારે નહિ સમજાય. જ્યાં મુંબઇમાં સંગઠન થયું કે જોઇ લેવાની તમારી તુમાખી તમારી પાસે જ રહેવાની છે.

ત્યાં પ્રતિક્રમણનો વખત થવાથી ફતુકાકા ને ગબરૂ મસાલી ફામળીઉં બગલમાં મારી ઉપાશ્રયે ઉપડયા ને સૌ વિખરાયા.

# જૈનસમાજમાં થયેલી ક્રાન્તિ.

જૈન સમાજનો છેલ્લા પચીશવર્ષનો ઇતિહાસ તપાસવામાં આવે તો સમાજના પ્રત્યેક ક્ષેત્રમાં અને વિષયમાં ક્રાન્તિનું દિગ્દર્શન થશે. સામાન્ય જીવનના પ્રસંગો પણ ત્હેનાથી અલિપ્ત નથી જ. સૌથી પહેલાં સાહિત્યઉપર તેનો પ્રભાવ પડયો. જૈન સમાજનું વિપુલ સાહિત્ય હસ્ત લિખિત પ્રતોમાં અપ્રસિદ્ધ પડયું હતું. એટલું જ નહિ પણ તેને સૂર્યનો પ્રકાશ પણ મળતો ન્હોતો. એ સ્થિતિ સાહિત્યની હતી આજે એ સાહિત્ય વિપુલ પ્રમાણમાં નજરે પડે છે. પ્રત્યેક ગ્રંથો છપાયા છે—છપાય છે. જ્યારે ધર્મગ્રંથો અને સાહિત્ય છાપવાની વાત અસ્તિત્વમાં આવી ત્યારે સમાજમાં ખૂબ ઉહાપોહ થયેલો, તે વખતના રૂઢિચુસ્તોએ ખૂબ તરખાટ મચાવેલો અને સમાજ અને ધર્મના નાશની કૈ કૈં કલ્પનાઓ કરેલી પરંતુ એ કલ્પના આજે બીન પાયાદાર ઠરી છે. અને પુસ્તક પ્રકાશન સમાજ પ્રગતિનું એક અંગ બન્યું છે. ત્યાર પછી જેમ જેમ પુસ્તક પ્રકાશન થતાં ગયા અને તેનો બહોળો પ્રચાર થતો ગયો તેમ તમ નવીન દૃષ્ટિ પ્રાપ્ત થતી ગઇ. અને તેના પરિણામ રૂપે ખૂબ વિશાળ ભાવના જાગૃત બની. આજે સમાજમાં પુસ્તક પ્રકાશનનો કોઈ વિરોધી નથી. બધાયે તેમાં સામાજીક પ્રગતિ માનતા થઇ ગયા છે. ત્યાર બાદ સાધુસંસ્થામાં પણ ક્રાન્તિની અસર જોઇ શકાય છે. આજથી વીશ વરસ પહેલાના સાધુ ઉપાશ્રયની ચાર દિવાલોમાં રાચતા હતા. દુનીયા કેટલી ઝડપે આગળ વધી રહી છે તેની પણ જહેમને કલ્પના સરખી પણ નહોતી. અને ઉભા થઇને ઉપદેશ દેવામાં પણ જે નાનપ સમજતા હતા તે આજે દુનીયાના ચોગાનમાં ઉપદેશ આપવામાં માનતા થઈ ગયા છે, જ્યારે ઉભા થઈને ઉપદેશ આપવાની પ્રણાલી શરૂ થઇ ત્યારે તે સામે પણ ખૂબ વિરોધ ઉભો થયેલો. પણ એ વિરોધ ટક્યો નહિ. જો કે આજે પણ કેટલીક વ્યકિત તે સામે પોતાનો અણગમો બતાવે છે. પણ મોટાભાગ ઉપર એ પ્રણાલિકાની અસર થઇ ચુકી છે. ધીમે ધીમે આખાયે વર્ગને એ પ્રણાલિકા પોતામાં સમાવી લેશે. દેવદ્રવ્યનો પ્રશ્ન પણ પરિવર્તન પામ્યા સિવાય રહી શક્યો નથી. દેવદ્રવ્ય સંબંધી કંઇપણ વિચારો રજુ કરવા તેમાં પણ જ્યારે પાપ મનાતું હતુ. દેવનું દ્રવ્ય બીજા કોઇપણ કાર્યમાં ઉપયોગ થઇ શકે જ નહિ. એ જાતની માન્યતા પ્રધાન-સ્થાન ભોગવતી હતી. ત્યારે દેવદ્રવ્યની નૂતન વિચારસરણી અને માન્યતા રજુ થઇ હતી તે સામે સમાજના માંધાતાઓએ સખ્ત આંદોલન કર્યું હતું છતાં એ વિચાર સરણી દિવસે દિવસે વ્યાપક સ્વરૂપ લેતી ગઇ અને આજે સમાજનો મોટો ભાગ દેવદ્રવ્યને નામે લાખો રૂપિયાની રકમ અણ વાપરી એમને એમ પડી રહે અને તેમાં વૃધ્ધિ થતી રહે. એ સ્વીકારતો નથી. પરંતુ દેવદ્રવ્યનો સામાજીક કાર્યમાં પણ ઉપયોગ થઈ શકે એ જાતની માન્યતા ધરાવે છે, આ કંઈ જેવું તેવું પરિવર્તન નથી. જે દેવદ્રવ્ય માટે અન્ય-કાર્યનો વિચાર કરવામાં પણ સાતમી નરકનો ભય બતાવવામાં આવતો હતો. એ દ્રવ્યના ઉપયોગ માટે આજે છુટથી ચર્ચા થઇ શકે છે. અને સમાજ એ ચર્ચામાં રસ લે છે.

અનંતપાપની રાશી જ્યારે એકત્ર બને છે ત્યારે સ્ત્રીઓનો અવતાર આવે છે. એ માન્યતા તો આજે શોધી જડતી નથી. અને સ્ત્રીઓના પુરૂષ જેટલાજ સમાન હકકો સમાજ સ્વીકારતો થઇ ગયો છે, કન્યાના શિક્ષણ સંબંધી પણ દૃષ્ટિ ખેંચાઇ છે અને અત્યારે સામાન્ય રીતે કન્યાને ચારપાંચ ચોપડી સુધીના શિક્ષણ પ્રત્યે લક્ષ્ય અપાય છે. જો કે હજુ કન્યા કેળવણીનો પ્રશ્ન વ્યાપક બન્યો નથી. છતાં જે સમય જાય છે તેમાં એ પ્રશ્ન વ્યાપક બનશે. તેમાં શક નથી.

'વિધવા પુનર્લગ્ન' સંબંધીના ઉહાપોહે પણ ખૂબ પ્રત્યાઘાતી આંદોલન ઉભા કર્યા પરંતુ વિચારક્રાન્તિની સ્હામે તે ટકી શકયા નહિ. આજે અનેક પુનર્લગ્નો સમાજમાં થયાં છે અને તેની સામે આંગળી ચીંધવાની પણ કોઇની તાકાત નથી. વિધવાઓ તરફ સમાજની હમદર્દી દિન પ્રતિદિન વધતી જ જાય છે.

સાધુઓની સત્તાના પ્રશ્ને પણ સમાજમાં ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. જ્યારે જગતના અન્ય ધર્મગુરૂઓના સિંહાસનો સલામત નથી રહ્યા ત્યારે જૈન ધર્મગુરૂઓનાં આસન પણ કેમ સલામત રહે? તેમની તરફ પણ સમાજનો અણગમો વધતો જ જાય છે અને જે દિવસ જાય છે તેમાં તેમના જીવન વ્યવહારનો પ્રશ્ન વિકટ બને તો કંઈ નવાઇ ન કહેવાય.

શ્રીમંતો અને જ્ઞાતિ પટેલો પણ જે આપખુદી ચલાવતા હતા પોતાની લોખંડી એડી તળે સમાજને દબાવી પોતાનું મનધાર્યું કરતા હતા, તેમનો પ્રભાવ પણ મૃત્યુ પામ્યો છે. આજે ગમે તેવો શ્રીમંત જ્ઞાતિપટેલ કે નગરશેઠની ગાદીએ બિરાજતી વ્યકિત લોક-મતના અભિપ્રાય શિવાય એક તણખલું પણ હલાવી શકતી નથી. સમાજમાં આ જાતના આંતર પ્રવાહો ગતિમાન થયા પછી ક્રાન્તિની ઝમક સ્થળે સ્થળે જોઇ શકાય છે. જેને જોવાને આંખ છે. સાંભળ-વાને કાન છે અને સમજવાને બુદ્ધિ છે તે તો જરૂર યુગબળને પિછાની તેને અનુકુળ થવાના પ્રયત્નો કરશેજ. ક્રાન્તિ સિવાય પ્રગતિ નથી જ. હરહંમેશ એક જાતનું જીવન જીવવામાં જીવનની મૌજ નથી. પરંતુ દિન પ્રતિદિન તેમાં વિવિધતા આવે તોજ જીવન રસીક બની શકે, સમાજ-ને આજે કંઇ નવીન જીજ્ઞાસા ઉત્પન્ન થઇ છે. અને એ જિજ્ઞાસા અને તેને ઉત્પન્ન કરતી વિચાર સરણી ક્રાન્તિના આંદોલનોને અપ-નાવી રહેલ છે. આજે ભલે સમાજ વેરવિખેર જણાય. પરંતુ એ અંધાધુધી પણ આદરણીય છે અને તેમાંથી સામાજીક નવસર્જન થઇ સમાજને કોઇ અપ્રતિમ પ્રગતિને શિખરે લઇ જશે અને સમાજ સાચું જીવન જીવી શકશે.

# કાયર કાં બને છે?

સમાજની સિતમ ભઠ્ઠીમાં શેકાતી બ્હેન જીવનના તમામ રસ ગુમાવીને આપઘાત કરવાની તૈયારી કરે છે. આજના 'સ્ટવ અકસ્માતો'ના મૂળમાં આવા કેંક કિસ્સાઓ છુપાયા છે. આ બ્હેન એવું પગલું લે તે પ્હેલાં એની ઈચ્છા એના ભાઇ પાસે વ્યક્ત કરે છે. જૂનાં બંધનો ફગાવીને આર્થિક સ્વાયતત્તા મેળવીને અને જીવનને નવેસરથી, નવી વિચારણા પૂર્વક જીવવાની ભાઈ એને સલાહ આપે છે. એવી જ સમદુ:ખી બ્હેનો જીવનથી કંટાળીને જીવનદોર ટુંકાવવા કરતાં આમાંથી માર્ગ દર્શન કરે એ હેતુથી એ અહિં આપવામાં આવે છે..... .... .... .... .... **તંત્રી.**

**પ્યારી ચંદ્રિકા.**

ત્હારા પત્રની ત્હેં કલ્પી હતી તે અસર મ્હારા પર નથી થઇ એ જાણીને ત્હને આશ્ચર્ય અને દુ:ખ થશે. ના, હું હૃદય હિન નથી, પત્ર વાંચતાં જ લાગણીનાં ન્હાનાં મ્હોટાં મોજાં મ્હારા પર ફરી વળવાની તૈયારીમાં હતાં. પરંતુ મુક્ત હાસ્યના એક જ પ્રયોગે એ લાગણીનાં મોજાંની ઉપરવટ હું તરી રહ્યો.

ત્હારી સાસુ ત્હને દુ;ખ દે છે–હર્ષદ ત્હારામાંથી રસ ગૂમાવી બેઠો છે–ત્હારી નણંદો જળોની જયમ તારૂં રક્ત શોષે છે–આમ ત્હારા સંસારમાં ચોગમની આગ લાગી છે–આ હકિકત કહેતા આંસુએ રસેલા ત્હારા થરડાતા અક્ષરો મ્હને ઘડીક તો કમકમાવી રહ્યા.

ત્હારો છેલ્લો ફોટો જોયો. સ્પર્શ ચાલુ રહેતો હોય તો સ્વર્ગ જતું કરવું ગમે એવી ત્હારી રસ નિતરતી લલિત-દેહલતા કેવી ફીકકી પડી ગઈ છે! ઘડી ઘડી હસતાં નાચતાં ચક્ષુ કેવાં ઉંડે ઉતરી વિશાદ વર્ષાવી રહ્યાં છે! પણ એથી મ્હને દુ:ખ નથી થતું. લોક લાજને માન આપીને જીવવાની ત્હારી ભાવનાની એ કુદરતી કદર છે. સાસુ રીઝવવા ત્હેં દેહનિચોવી અથાક કામ કર્યું; હર્ષદનો પ્રેમ ઝીલવા શરિરની સંભાળ વિના બચ્ચાં સર્જવા માંડયાં; નણંદો અને કુથલીખોર લોકોની વાયકાથી અલિપ્ત બનવા ત્હેં ત્હારી રસવેલો સંકેલી દીધી. પરિણામે તું હાડપિંજર થઈ રહી.

અને હવે તું આત્મઘાત આવકારવા તત્પર બની છે? ત્હારા એ નિર્ધારે દર્દ, હમદર્દી, અનુકંપાના અનુક્રમ પછી મ્હારામાં રોષ પ્રકટાવી દીધો. ત્હારી કાયરતા જોઇને ત્હારા જહેવી બ્હેનના બાંધવ તરીકે મ્હારી જાતને માનતાં હું શરમાયો.

તું આ ક્ષણે મ્હારી સલાહ માગે છે, નહિ? હું ત્હને શી સલાહ આપું? મ્હારા માર્ગ નકાબપોષીના નથી, લોકવાદને વંદનારા નથી, હું ચાલ્યો જાઉં છું ઉન્નત મસ્તકે. અને લોકવૃંદ તાજ્જુબ–મૂઢ બની મ્હને જોઈ રહે છે. આ લખું છું ત્યહારે ત્હારા એક વેળાના શબ્દો ગુંજે છે 'ભાઇ! ત્હમારી રીતો જુદી છે. એ રીતે સંસારમાં ન જીવી શકાય' અને આજે તું જોઇશ કે હું મ્હારી રીતે લોકમતથી બે પરવાહ, જૂનાં બંધનોને અવગણીને રસભર જીવી રહ્યો છું. ના, ત્હારા ભાંગેલા હૃદય પર મ્હેંણાંનો માર મારી હું ક્રુર થવા નથી માગતો.

હવે ત્યહારે ત્હારે શુ કરવું છે? પચ્ચીસી હજી ત્હે ગયે મહિને વટાવી. મૂર્ખાઈના પંદરથી પચ્ચીશ સુધીનાં વર્ષો કાંઈ નહિ તો હવે રહેલી ત્હારી પચ્ચીસી આમ આત્મઘાતથી ટુંકાવી દે એ હું જોવા માગતો નથી અને એથી ત્હને એક સૂચન કરૂં છું.

આત્મઘાતની તૈયારી એટલે પ્હરાણે પેદા કરેલો વૈરાગ્ય. ખરૂં? ત્હારો એ વૈરાગ તું ટકાવી રાખે અને આત્મઘાત કરે નહિ તો મ્હારૂં સૂચન ત્હારી બાકી રહેલી પચ્ચીશી નવપલ્લવિત કરશે અને જીવનનાં રસ તું સ્હમજીને વ્યકિતત્વ અબાધિત જાળવીને અને સન્માનપૂર્વક તું રાખી શકીશ.

આત્મઘાતની તૈયારી તો ત્હેંજ કરી છે એટલે હર્ષદને છોડવાની, બચ્ચાંને વિસરવાની તાકાત ત્હારામાં આવી છે એમ હું અર્થ તારવું છું. આત્મઘાત એ નબળા અને તાકાત રહિત માનવીની નાલાયકી છે, તું એવી નબળી છે કે તાકાતહિન છે એમ હું માનતો નથી. સમયે કદાચ ત્હને એવી બનાવી પણ હોય તો થોડોક સમય વિત્યે પૂર્વરૂપ તાજગી ને પ્રોત્સાહન પ્રેરતી તું બની શકશે એમાં મ્હને શંકા નથી.

એટલે ત્હને આ ઘડીએ જ જરૂર છે તે વાતાવરણ પલટવાની અને શોષતાં તત્વોથી અલિપ્ત થવાની. ખૂબ ધૈર્યથી અને સંપૂર્ણ સ્હમજથી તું એ વિચારી લે. આત્મઘાતની પ્રેરક જીવનનીતિ તું હવે ત્યાગી દે અને લોકમતથી ડરવાનું છોડીને તું અહિં ચાલી આવ, હર્ષદને કહી દે કે એના વિના પણ તું જીવી શકશે. એના પૈસા વિનાં કાંડા બળે તું અન્ન પામી શકીશ. એ એકવાર એને નિશ્ચિંતતાપૂર્વક કહી દેજે.

સગાં ત્હને ટૂંપી ખાશે, લોકચર્ચાના ચોગાનમાં ત્હારા ચુંથણા થશે. ભુતકાળમાં ન થઇ હોય અને ભવિષ્યમાં કદિ ન જ થાય એવી દંતકથાઓ ત્હારા નામની આસપાસ રચાશે. ગાળોના ઢગમાં દાટી દેવાનો પ્રયત્ન થશે અને તમામ ખીજ હર્ષદ ત્હારા પર કાઢી એની જુલ્મગારીનાં પેલાં 'પતિ હકકો' ભોગવવા પ્રદર્શન કરશે.

મ્હારી હુંફ તો ત્હારી સાથે જ છે. પણ બ્હેન! આ બધ્ધાનો સામનો તું કરી શકશે તો પખવાડીઆના ઘોંઘ પછી સૌ પોત પોતાના કામે લાગશે અને જીવનભરની કચરાતી ઘંટીમાંથી છૂટી, છુટકારાનો દમ તું ખેંચી શકશે.

એક પ્રશ્ન ત્હને મુંઝવે–અને તે એ કે કુટુંબ છોડીને ત્હારે શી રીતે રહેવું તે. હું પોતે ત્હને ઉપયોગી થઇશ પરંતુ ત્હને મ્હારી આધિન બનાવવા નથી માગતો. સ્ત્રીઓને આર્થિક સ્વાતંત્ર્ય હોવું જ જોઇએ એ મ્હારો મત છે. અને વિદુષી સ્ત્રીઓની માગ આજે સંસાર ભરમાં થઈ રહી છે.

જૂના વાતાવરણનો ભય જાય અને ત્હારામાં આત્મશ્રધ્ધા પ્રકટે ત્યાં સુધી તું મારી સાથે રહી શકીશ. પછી તું નવી દુનીયા રચી લેજે.

અને એ કરવાની તાકાત ત્હારામા આવે કે હર્ષદ એનો રસ ઝરો તારામાં નિહાળશે અને કદાચ એ રસવિના તલસતો તલપતો તારે આંગણે ઝુરવા આવશે. ખોવાયલું વ્યકિતત્વ તું મેળવે ત્યારેજ એ શકય થશે.

મારી આ સલાહ તારે ગળે ઉતરશે? કદાચ તારા વ્યવહારૂ માનસને નરૂચે તોપણ આત્મઘાત કરવાથી તું જે ખોવાની છે. એથી ઘણું ઓછું તારે આમાં ગુમાવવાનું છે. કાંઇ નહિ તો આત્મઘાત પછી જે અંધકાર આવવાનો છે એને બદલે આ પ્રયોગમાં જીવન સુખી કરવાની આશાઓ તો ભરીજ છે.

કુદરતનાં તત્ત્વો તારા નિર્ણયના પ્રેરક બનો!

ખૂબ પ્રેમ સાથે તારો **'ભાઇ'**

# કોઇ કહે તો— માનશો નહિ.—

—કે 'જૈનયુગ'ના સંચાલકો 'તરૂણજૈને' પોતાને મારેલી ચાબુકનો ઉઠેલો સોળ બતાવવા પરિવર્તન વાંચ્છુ શ્રી. અચ્યુત પટવર્ધન પાસે ગયા હતા. અને એમણે આ ચાબુક મારનારા પરિવર્તન કરી શકે કે કેમ એ વિષે અને પોતાનાં કારણો બતાવી પોતાની દહિં-દુધીયા નીતિ વિષે શ્રી. પટવર્ધનના અભિપ્રાયો માગ્યા હતા—

'ચાબુકથી પરિવર્તન શકય છે કે નહિ એ વિષે ક્રાન્તિના આ પ્રભાતકાળમાં ચોકકસ અભિપ્રાય નહિ આપી શકું"—બીરાદર અચ્યુતે કહ્યું 'પરંતુ દહિં દુધીયા નીતિ માટે તો એમ કહી શકું કે જે સૌને પ્રસન્ન કરવા પ્રયાસ કરે છે તે કોઇને રીઝવી શકતો નથી' અને શ્રી ચીમનલાલ સેતલવડ—જે દહિં દુધીયા નીતિના આધુનિક આચાર્ય મનાય છે તેમને આજના રાજકારણમાં કશું સ્થાન નથી એ હકિકત પોતાના કથનના સમર્થનમાં શ્રી. પટવર્ધને ટાંકી 'જૈન યુગ'ના સંચાલકો સાથેની મુલાકાત પૂરી કરી હતી.

❖ ❖ ❖

—કે 'જૈન સમાજમાં એદીખાનાં વ્યાપી ગયાં છે' એ 'જૈન-જ્યોતિ'ના કથન પ્રત્યે વિરોધ દર્શાવવા આળસપ્રિય આચાર્યો અને સાધુરાજો એક સ્ટેટમેંટ માગસર માસમાં બહાર પાડશે.

❖ ❖ ❖

—કે પોતાના 'પુત્રને દીક્ષા ન આપશો' એવી કાકલુદીભરી અરજ કરતા સાદડીના એ અપંગ પીતાને સમજાઇ ગયું છે કે સાગરાનંદ-સૂરિના કલેવરમાં હૃદયને સ્થાને શીલા છે એવી વાત બ્હાર આવી છે.

❖ ❖ ❖

—કે વડોદરાવાળા શ્રી. મણીલાલ નાણાવટીને રીઝર્વ બેન્કના ડેપ્યુટી ગવર્નરનો હોદ્દો મળ્યા પછી, સહકારી બેન્ક સ્થાપવાનો ઇરાદો અમલમાં મૂકવા ઇચ્છતી જૈ. શ્વે. કોન્ફરન્સ હવે નિરાશ બની છે, અને શ્રી. નાણાવટી નિવૃત્ત થાય એ પળ સુધી સહકારી બેન્કની સ્થાપના મુલ્તવી રખાઇ છે.

❖ ❖ ❖

—કે શ્રી. નેમસૂરિના સમ્રાટપદ છીનવી લેવાના કારણે જ શહેનશાહ એડવર્ડને ગાદી ત્યાગ કરવો પડયો એવી ચર્ચા અમદાવાદના માણેકચોકની એક દુકાનપર થતી હતી.

❖ ❖ ❖

—કે 'નિરૂદ્યમી અને આળસુજનોને જ ચમત્કારો લોભાવે છે.' જો કોઈ સારો યોગી—સાધક ચમત્કારોના આડા રસ્તે ઉતરી પડે તો સમજજો કે એ યોગવિદ્યાનો દેખીતો દુરૂપયોગ છે'!—'જૈન'ની આ નોંધથી 'હિઝ હોલીનેસ' શાંતિવિજયજી મહારાજાના લાખ્ખો ભકતોમાં ખળભળાટ મચ્યો છે. એ ખળભળાટ મિટાવવા, જ્યહાં લગી 'જૈન'નો નોંધકાર પોતાના શબ્દો પાછા ખેંચીને જાહેર ક્ષમા ન માગે ત્યહાં લગી 'હિઝહોલીનેસ' શાંતિવિજયજી મહારાજ અનશન આદરવાના છે. એમના આ 'અનશનયોગ'ની તમામ સગવડ ઉદયપુર રાજ્ય તરફથી પૂરી પાડવામાં આવશે.

—કે શ્રી. આત્માનંદ શતાબ્દીના ભંડોળના ઉપયોગવિષે મતભેદ ઉભો થયો છે અને કેટલાક સજ્જનો એને કારણે વડોદરામાં ગેરહાજર જણાયા હતા. આથી આચાર્ય શ્રી. વિજયવલ્લભસૂરિને રોષ ઉપજ્યો છે.

❖ ❖ ❖

—કે શ્રી. પરમાનંદ કાપડીઆ આચાર્ય મહારાજ રામવિજયજી કને દીક્ષા લેવાના છે. એવી ખાનગી મહત્ત્વની બાતમી રા. રામ-વિજયજીને એક એમના ગુપ્તચરે પૂરી પાડયા પછી રા. રામવિજય-જીએ 'સહસ્ત્ર ઉજાગરા' યજ્ઞનો કાર્તિકી પૂર્ણિમાથી પ્રારંભ કર્યો છે.

❖ ❖ ❖

કે રા. રામવિજયજીના અતિ સંસર્ગ અને સતત્ ઉપદેશથી માજી ચિત્તવિજયજી ઉર્ફે શ્રી. શ્રીકાન્ત ફરી પાછા આષાઢી દશમે ચિત્તવિજયજી બનવાના છે.

❖ ❖ ❖

—કે આ પ્રસંગે શ્રી. મુળચંદ દલાલ પણ દીક્ષા લેશે અને એમનું નામ શ્રી. મૂળીવિજય રાખવામાં આવશે.

❖ ❖ ❖

કે મુંબઇના કોમી હુલ્લડથી ભાયખલા મંદીરે દર્શન કરવા ઇચ્છતા જૈનસમુદાયને બીજે પટ બંધાવી પેતાના તરફ આકર્ષવાના યંગમેન્સ જૈનસોસાયટીના પ્રયાસને શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળે માટીમાં મીલાવી દીધાથી આવાકાચા શિષ્યોના પ્રખર ગુરૂએ 'ગાલી-દાન'થી રહી ગએલી પૂણ્યોપાર્જના કરવા માંડી છે.

❖ ❖

—કે શ્રી. ભગવાનજી કપાશી એમની પૂર્વકથાનાં લખાયલા પ્રકરણ કોઇની નજરે ન પડે માટે બાળીને ભસ્મ કરવાનો ઇરાદો સેવે છે.

---

**પ્રણાલિકા:—**

પ્રણાલિકાઓ માનવીકૃત છે. જે જે પ્રણાલિકાઓ અત્યારે પ્રચલિત છે. તે જયારે અસ્તિત્વમાં આવી હશે. ત્યારે સમાજને જરૂર ઉપયોગી હશે પરંતુ અત્યારે જો એ પ્રણાલિકા સમાજને ઉપયોગી ન નિવડતા નુકશાન કરતી હોય તો કોઈપણ બુધ્ધિમાન સમાજ તેને ચલાવી લઇ શકે નહિ. પ્રણાલિકાઓ માનવ સમાજનો વ્યવહાર આસાનીથી ચાલી શકે તેટલા ખાતર જ હોય છે. તેને સિદ્ધાંતનું રૂપ આપવું એ નરી મૂર્ખતા છે. સમયે સમયે તેમાં પરિવર્તન થઇ શકે છે. જૈન સમાજ આજે કેટલીયે કુરૂઢિઓનો ભોગ બન્યો. છે કે જે માત્ર જુની હોવાના કારણે જ નિભાવી લેવાય છે. આવી કુરૂઢિઓને દફનાવવી એ પ્રત્યેક યુવકની ફરજ થઈ પડે છે. અને એ રીતે સમાજના શરીરનું શોષણ કરતાં કુ તત્ત્વોનો નાશ કરી નૂતન સમાજ સર્જન કરવામાં ધર્મ મનાવો જોઇએ.

# વર્તમાન.

અખબારી જમાતે સારીયે દુનીયામાં સમ્રાટ એડવર્ડ–સીમ્પસન કિસ્સો અને ત્હેને અંગે ગાદીત્યાગના આશ્ચર્યભર્યા સમાચારો પ્રગટ કરી સનસનાટી ફેલાવી મૂકી છે. આપણે ત્યાં તેવા અનેક કિસ્સાઓ બની ગયા છે: સમ્રાટ શાન્તનુ માચ્છીનારની કન્યા પરણ્યા હતા, સમ્રાટ દુષ્યન્તે જોગીની કન્યાને અપનાવીહતી, અને બીજા પણ ત્હેવા અનેક સમ્રાટો થઈ ગયા છે. કે જેમણે હલકી જાતિની કન્યાઓ સાથે લગ્ન કર્યાં છે. પણ તે માટે ત્હેમને રાજ્યપાટ છોડવા પડયાં નથી.. પરંતુ રાજા એડવર્ડે રાજ્યપાટ છોડી સ્વેચ્છાપૂર્વક દેશવટો લીધો છે. અદ્ભૂત પ્રેમનું આથી વિશેષ બલિદાન શું હોઇ શકે ?

❖ ❖ ❖

મુંબઇમાં ગયા આઠવાડીયા દરમ્યાન શ્રી ભૂલાભાઇના નિવાસ સ્થાને મહાસભા કારોબારી સમિતિની બેઠક મળી હતી. ત્હેમાં પં. જવાહરલાલ નેહરૂ, આચાર્ય કૃપલાની, સરદાર વલ્લભભાઇ પટેલ, શ્રી શરત્ચંદ્રબોઝ, ખાન અબ્દુલ ગફારખાન વગેરે નેતાઓએ હાજરી આપી હતી. અનેનવા બંધારણ સંબંધી રજુ થનાર ઠરાવને પસાર કર્યો છે. ત્હેમાં બંધારણને અસ્વીકાર કરવાનાં કારણોની ચોખવટ કર્યાનું કહેવાય છે,

❖ ❖ ❖

ફૈજપુર મહાસભાના સ્વાગતસમિતિના ઉપપ્રમુખ શ્રીયુત રાજમલજી લલવાણી કે જેઓ જૈન છે તેઓ મહાસભાના પ્રચાર કાર્ય માટે નાગપુર આદિ પ્રાંતોમાં પ્રવાસ કરતાં જૈન જનતાએ ત્હેમજ સ્થાનિક સંસ્થાઓએ ખૂબ સહકાર આપ્યો હતો. પ્રત્યેક સ્થળે મહાત્માજી અને પં. જવાહરલાલ નેહરૂની જયના પોકારોથી ત્હેમને વધાવવામાં આવતા હતાં. લોકોનો ઉત્સાહ ખૂબ છે. ફૈઝપુર મહાસભા ઇતિહાસમાં એક મણકો ઉમેરશે એમ જણાય છે.

❖ ❖ ❖

સ્પેનના આંતર વિગ્રહમાં ત્યાંની સ્ત્રી શકિતએ જે પરચો બતાવ્યો છે. બોંબ, ઝેરીગેસ અને ગોળાઓના વરસાદ વચ્ચે માડ્રીડની જે રક્ષા કરી છે અને મુરીશ સૈનિકોને પાછા હઠવાની ફરજ પાડી છે. એ કીસ્સો ઇતિહાસમાં અજોડ છે. સામ્યવાદ અને ફેસીઝમનાં ઘર્ષણ વચ્ચે સ્પેનમાં કોઇ અનોખો જ ઇતિહાસ આલેખાઇ રહ્યો છે.

❖ ❖ ❖

તુર્કીના દક્ષિણ આનાતોલીયામાં આવેલ આડાના ખાતેની જંગી રેલમાં સેંકડો માણસો ડૂબી મૂવાં છે અને હજારો માણસો ઘરબાર વગરનાં થઈ પડયાં છે. કુદરતના કારમા પ્રકોપ આગળ માનવીનું શું ગજું ?

❖ ❖ ❖

વડોદરા સ્ટેટના નાયબ દિવાન અને જાણીતા જૈન આગેવાન શ્રી મણીલાલ બાલાભાઇ નાણાવટીની રિઝર્વ બેન્ક ઓફ ઇંડિઆના ડેપ્યુટી ગવર્નર પદે રૂપીયા ચાર હજારના માસિક પગારથી નિમણુંક થઇ છે અને ના. વાઇસરોયે ત્હેને બહાલી આપી છે.

❖ ❖ ❖

અમેરીકામાં પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટે અમેરીકન શાંતિપરિષદના પ્રમુખ સ્થાનેથી જણાવ્યું હતું કે "યુરોપે વિશ્વશાંતિને અશકય બનાવી છે. આખા જગતને શાંતિપર દોરવાનો રાહ ગુમ થયો છે. બાકી રહે છે હવે એક જ ઉગાર. કે યુરોપ શિવાયની બાકીની દુનિયા એટલે પોતપોતાનું જતન કરી સકે તેવા પ્રદેશો એટલું જ સંભાળી લ્યે કે એકલા યુરોપની જાદવારથળી જગતભરનું કુરૂક્ષેત્ર ન બની જાય. આપણે અમેરિકા ખંડની તમામ પ્રજાઓ જુની માતૃભૂમિ યુરોપના આંતર વૈરોને અળગાં રાખીને આપણા ખંડ પૂરતી શાંતિની જ નહિ પરંતુ યુરોપ યુદ્ધવિરામની પણ વાટ અજવાળી શકીશું. આપણા વચ્ચેનું આવું શાંતિસંગઠન એશીયા કે આફ્રિકાની પ્રજાઓને માટે શકય નથી. કેમકે તેમના પગમાં તો યુરોપી પ્રજાના હિતની અનેક આંટીઓ પડી ગઇ છે.

❖ ❖ ❖

દક્ષિણહિંદમાં પ્રગતિમાન ગણાતાં ત્રાવણકોર રાજ્યે રાજ્યના તમામ મંદિરો હરિજનો માટે ખુલ્લાં કર્યાં છે અને ઉજળીયાત કોમ જેટલો જ હકક હરિજનોને આપી હિન્દના રાજવીઓની સામે એક સુંદર આદર્શ ધર્યો છે. અને તેનું અનુકરણ સકેત રાજ્યે (કોટા પાસે) પણ કર્યું છે.

❖ ❖ ❖

'ઇન્ટર નેશનલ કાઉન્સીલ ઓફ વીમેન' કે જે દુનીયાના લગભગ ચાલીશદેશોની ચારકરોડ સ્ત્રીઓનું સંગઠન કરી રહેલ છે. તેના અકટોબર માસમાં મળેલા અધિવેશનમાં ઉપપ્રમુખ તરીકે જાણિતા ગુજરાતી સ્ત્રી કાર્યકર શ્રીમતી તારાબેન માણેકલાલ પ્રેમચંદની ચુંટણી થઈ છે.

❖ ❖ ❖

રાધનપુરના નવાબ સ. મહમદ જલ્લાલુદીન ખાનજી કે એસ. આઇનું રાધનપુર ખાતે અવસાન થયું છે. મર્હુમ નવાબસાહેબનો જૈન સમાજ સાથે નિકટનો સબંધ હતો. ત્હેમના રાજ્યત્વકાળ દરમ્યાન જૈન સમાજમાં પ્રવર્તતા સંઘસોસાયટીના ઝઘડાઓ રાધનપુર સ્ટેટમાં પ્રવેશ પામ્યા ન્હોતા. મર્હુમ નવાબ સા. માં એવા કેટલાયે ગુણો હતા કે જેનું સ્મરણ કરીને જૈન તેમજ જૈનેતર રાધનપુર સ્ટેટની પ્રજા આંસુ સારી રહી છે. ત્હેમના જેવા રાજવીના અવસાનથી રાધનપુરની પ્રજાએ એક સારો રાજવી ગુમાવ્યો છે.

❖ ❖ ❖

રશીયામાં સરમુખત્યારીનો યુગ ખત્મ થયો છે અને પાર્લામેન્ટરી લોકશાસનનો ઉદય થયો છે. તેની અઢાર કરોડની પ્રજામાં અઢારવરસ અને તેની ઉપરની વયના તમામ સ્ત્રી પુરૂષોને મત આપવાનો હકક અપાયો છે. ત્યાં દરેક માનવીઓને રોજીમળે, ઘડપણમાં રક્ષણ મળે, માંદગીમાં દરેક જાતના સાધનો મળે અને દરેક વિદ્યાર્થીને પ્રત્યેક ક્ષેત્રનું શિક્ષણ મળે એ જાતનો પ્રબંધ કરવામાં આવ્યો છે.

❖ ❖ ❖

સામ્યવાદી રશીયા સામે ફેસીસ્ટ જર્મની અને જાપાને જે કોલ કરારો કર્યા છે તેની સાથે કરારમાં ઓસ્ટ્રીઆ પણ જોડાશે. એ અફવા નાપાયાદાર ઠરી છે.

❖ ❖ ❖

ફૈઝપુર મહાસભાના પ્રમુખ તરીકે પં. જવાહરલાલ નેહરૂની ચુંટણી થઇ છે. સન. ૧૯૨૯ માં મળેલી લાહોર મહાસભામાં, સન ૧૯૩૫ માં મળેલી લખનૌ મહાસભામાં અને સન ૧૯૩૬ માં મળતી ફૈઝપુરમહાસભાના, એમ ત્રણ ત્રણ વખત રાષ્ટ્રપતિ તરીકે માન મેળવનાર પંડિત જવાહરલાલ એકલા જ છે.

❖ ❖ ❖

ફૈઝપુર તિલક નગર સાવડા સ્ટેશનથી ચાર માઇલ અને ભૂસાવળથી વીશ માઇલ થાય છે. સાવડા સ્ટેશને મોટરબસો અને વાહનોની સગવડ છે અને મહાસભાના અધિવેશન દરમ્યાન ભૂસાવળ સ્ટેશને પણ મોટરલારી વગેરેની સગવડ મળશે.

# જોઇ લઇશું.

**હાલની ન્યાતો, ઘોળો ને તડોને જેઓ સમાજની અહિત કરનાર સંસ્થાઓ સમજે છે તેવો વર્ગ તેની સામે જાહેર પ્રચાર કરે છે. તેમ પોતાની દીકરીઓ, બ્હેનો વિગેરેને ઉચ્ચ કેળવણી આપી ન્યાતની બહાર યોગ્ય સ્થળે વરાવે છે. તેની સામે ન્યાતોના પટેલ અને શેઠો 'જોઇ લેવાનો' કુંફાડો કરે છે તેને લક્ષીને આ સંવાદ લખાયો છે. તંત્રી.**

સરસ્વતી નદીના કાંઠે વસેલા અશાંતિપુરના ચોક ચકલામાં, કનાશેઠની શેરીએ ફનાકાકાના ઓટલે ગબરૂ મસાલી બેઠા બેઠા બીડીઓના ધૂમાડાના ગોટમાં વિચાર વમળમાં અટવાયો છે ત્યાં ફનાકાકા વાળુ કરીને હાથ મસળતા બહાર આવી સુડી સોપારી સાથે! પાટે ગોઠવાયા.

કેમ ગબરૂ ! શું વિચારમાં પડી ગયો છે ? ગબરૂ જવાબ આપે ત્યાં તો અમુભાઇ તેલી, મણીભાઇ પડદાબીબી, નનુભાઇ શેઠીયા, પુનુભાઇ પટેલીયા, પેમોપહોચેલો, ભણશાળી ને ઝવેરી આવી પહોંચ્યા ને ફનાકાકાના ઓટલે નવદશની મંડળી જામી.

**ગબરૂ:**–કેમ શેઠીયા ! આજે કંઇ સાતે જણની સાથે સ્વારી અહિં આવી પહોંચી છે ?

**નનુશેઠીયા:**–આજ કેટલાય દિવસથી ગામમાં કેટલીયે સાચી ખોટી વાતો ચાલે છે. કાનોકાન સંભળાય છે. એટલે તમારી સાથે વાતચીત કરવા અમે સાતે મળીને આવ્યા છીએ.

**ગબરૂ:**–ઠીક, ઠીક, બોલો ત્યારે શી વાતો છે ?

**પુનુપટેલીઆ:**–તમે નથી જાણતા ? તે અમને પૂછો છો ?

ત્યાં તો દંભનું પુતળું ગબરૂ મસાલી બે હાથ કાને મૂકી કહે છે–ના રે ભાઇ ! આપણે કશુંયે જાણતા નથી. આપણે તો ભલી આપણી દુકાન ને ભલું આપણું ઘર ! ત્યાં તો અમુભાઇ તેલીથી ન રહેવાયું ને બોલી ઉઠયા–શું કરવા દંભ કરો છો ? મેં આજ બપોરે જ તમને વાત કરી ત્યારે તમે કહેલું કે હું જાણું છું ને વિચારમાં જ છું. અને એ માટે અમે સાત આજ આવવાના છીએ તે પણ કહેલું. ને તમે માથું ધુણાવેલું, છતાં કહો છો નથી જાણતો.

**ગબરૂ:**–બરાબર ! બરાબર ! ભાઇ મારી યાદદાસ્તી ઘટતી જાય છે એટલે યાદ ન આવ્યું. બોલો. ત્યાં તો મણીભાઈ પડદાબીબીએ શરૂ કર્યું.

હવે આપણી ન્યાતોમાં ન્યાતના બંધારણ ઉપર પગ મૂકી છડે ચોક દીકરીઓ બહાર દેવાઇ રહી છે અને અનેક દેવાના વિચાર કરી રહ્યા છે. ન્યાતો તૂટી જશે ને જુલમ થશે.

ત્યાં તો મંદિરમાંથી દર્શન કરી બહાર નિકળતો કિશોર જેવો આગળ વધ્યો કે તરત ઝવેરીએ બૂમ મારી–કિશોર ! એ......કિશોર ! એટલે કિશોર પણ આવ્યો ને મંડળીમાં ગબરૂભાઇની જોડે ગોઠવાયો કે ઘડીભર તો સૌ એક બીજા સામું જોઇ રહ્યા. આખરે ભણશાળી બોલ્યા:-

આપણી ન્યાતના પેલા નવનીતલાલની છોડી બી. એ. પાસ થઇ છે. અરૂણની બ્હેન ડોકટર થઈ છે. કિશોરની ભાણેજે પણ કાંક ડીગ્રી મેળવી છે. ને બીજી બે ત્રણ બ્હેનો કોલેજમાં ભણે છે. આ બધીયે છોડીઓ ન્યાત બહાર જવાની અને સારા ભુંડે ટાણે દેશાવરમાં વસતા સૌ ભાઇઓ અત્રે આવતા તે પણ એમણે ન આવવાની શરૂઆત કરી દીધી છે છતાં આપણે ઉંઘીએ છીએ.

**પેમો પહોચેલો:**–ભાઇ ! આપણે કાનો કાન સાંભળીએ છીએ, પેલો નવનીત આઠ દહાડાપર મુંબાઇથી અહિં આવેલો ત્યારે મારે ને એને વાતચીત થઇ ત્યારે એ ચોખ્ખે ચોખ્ખું કહેતો કે હું તો મારી પ્રેમીલાને બહાર જ દેવાનો છું. મેં કહ્યું ન્યાત, ન્યાતબહાર કરશે પછી પસ્તાવું પડશે. એટલે કહે તમારી ન્યાત કાલ ન્યાત બહાર કરતી હોય તો ભલે આજે કરે પણ હું પાપ નહિ કરૂં. મે કીધું–અલ્યા ! પાપ શાનું ? એટલે કહે–છોકરીની ઇચ્છા વિરૂધ્ધ લાકડે માંકડું વળગાડી દેવું, અજુગતાં ચોકઠાં ગોઠવી દેવાં એ પાપ નહિ તો બીજું શું ? એ તો ઠીક, ચાર દીકરા ક્યાં ઉતારશો ? ત્યારે કહે તમારી નાતો દીકરા માટે જ દીકરીઓના ભોગ માગે છે એ મારે ભોગ નથી આપવો. દીકરાઓમાં નૂર હશે, ભણ્યાં ગણ્યા હશે, બાહોશ હશે તો એની મેળે ગમે ત્યાં પરણશે. મેં એ ચિંતા છોડી દીધી છે સમજ્યા મુરબ્બી ! આટલું કહીને સડસડાટ ચાલ્યો ગયો.

હવે તમારે જે વિચાર કરવો હોય તે કરો. નહિ તો ન્યાત ગધેડે ચડશે.

**ગબરૂ:**–ન્યાતને ગધેડે ચડાવવા કોઈ જન્મ્યો નથી.

**પુનુભાઇ:**–તમે તમારે ઘરમાં મોતીના સાથીઆ પૂર્યા કરો.

**ગબરૂ:**–ફનાકાકા ! તમારૂં શું ધ્યાન બેસે છે ?

**કાકા:**–ભાઇ ! આપણે તો કાંઠે આવીને બેઠા છીએ એટલે આવી પંચાતોમાં માથું મારવું માંડી વાળ્યું છે. તમને ફાવે તેમ કરો.

**ગબરૂ:**–એમ ચાલશે, સલાહ તો આપવી જ પડશે !

હું તો આ ઉઠયો, મારે ચોવિહાર વાળવાનો વખત થયો છે એમ કહી ઉભા થયા ત્યાં તો મસાલીએ આગ્રહથી બેસાડી પોતાના સાંકળીયા પટેલને બૂમ મારી–અલ્યા સાંકળીયા !...એ...સાંકળીયા ! ત્યાં સાંકળીયો હાજર થયો.

**ગબરૂ:**–રાત પડવા આવી છે માટે મારી દવાને પાણીનું ગરગડું લાવ.

સાકળીઓ તરત દવા ને ગરગડું લાવીને હાજર થયો ને મસાલીએ તરત બાટલીમાંથી દવા કહાડી ગટગટાવીને કાકા સાથે ગરગડું ખાલી કરવામાં રોકાયા. તે અરસામાં કિશોરે બાટલીનું લેબલ વાંચી મસાલી કાકાને કહ્યું. કાકા ! તમે તો રોજ દહેરે–અપાસરે જાઓ છો, પૂજા પડકમણું કરો છો ને ધરમના જાજુકારમાં ખપો છો, ને આ ચોખ્ખું કોડલીવર ઓઇલ પીવો છો ? એ તો નવાઇ !

**ગબરૂ:**–એ તો ડોકટરની દવા છે. આપણે શું જાણીએ, ભોગ ડોકટરના, ત્યાં તો ભણશાળી બોલી ઉઠ્યા. આ તમારો દંભ ક્યારે છોડશો ? ડોકટરે તો વાગી વગાડીને ચોખ્ખું કહ્યુંતું પણ તમે

( વધુ માટે જુવો પૃષ્ઠ ૭૮ )

# ગુજરાત ખાલી કરો.

ગુજરાતમાં જૈનસમાજ ધંધારોજગારે વળગેલો હોવાથી બીજાના હિસાબે સુખી ગણાય છે. તેમ જૈનોની વસ્તીના મોટા ભાગનો વાસ હોવાથી જૈન સમાજના સાધુવર્ગનો મોટો ભાગ મુંબઇ અને પાલણ-પુરની વચમાં અને કાઠીઆવાડમાં હરતો ફરતો ને ચોમાસાના ચાર મહિના આનંદથી ગુજરાતમાંજ સ્થિરતા કરે છે. એને મારવાડ, મેવાડ, માળવા, મહારાષ્ટ્ર, મદ્રાસ કે બેંગલોર જવું લગારે ગમતું નથી. કારણ ? ત્યાં સેંકડો રૂપીયાની કિંમતની કીંમતી ધાબલીઓ, મુલાયમ મલમલના તાકા, મનમાનતી ફાઉન્ટનપેનો, ટપાલનો ઉડાઉ ખર્ચ વિગેરે કીમતી ખર્ચાળ ચીજો ત્યાં આપનાર મળતા નથી. તેમ આહાર પાણીમાં દુધ, ચાહ, આછાં ફલકાં, ઓસામણ, મીઠી વાનીઓ ને તળેલા બદામપિસ્તાં ? મળતાં નથી પણ બરબાજરાના રોટલા—છાસ, ઘેંસ ને જાડા ભાત મળે અને વિહારમાં કદિ કડાકા પણ થાય. એ એમને ગમતું નથી. એટલે જ આ સુકોમળ જીવોને —નામધારી સાધુઓને ગુજરાત છોડતાં આકરૂં લાગે છે.

કાર્તિકીપૂર્ણિમા ગઇ અને સાધુઓના વિહાર શરૂ થયા છતાં ફક્ત આચાર્ય વિજયવલ્લભસૂરિજ પંજાબ તરફ વિહાર કરવાના છે. બાકીના પેલી કહેવત મુજબ.—"સુરત સાસરૂ, પાલીતાણા પીયર ને મુંબઇ મોશાળ" એ પ્રમાણે ગુજરાતમાં જ મહાલે તેમ લાગે છે.

ગુજરાતના જૈનોમાંથી જૈનત્વ જવાની લેશ પણ આશા નથી એ તો ચુસ્તજૈનો રહેવાના ને રહેશે. છતાં વર્ષોનાં વર્ષો સુધી ગુજ-રાતમાં પડી રહી તમે લાભને બદલે ગેરલાભ કર્યો છે. તમારા દુરાગ્રહથી—ન જેવા મતભેદોથી મોટા થવાના મોહથી ગુજરાતના જૈનોમાં ઠેર ઠેર હોળીઓ સળગાવી છે. પડદા પાછળ ઉભા રહી અનેક કુભાંડો રચ્યાં છે. જૈન સમાજને કે જૈનધર્મને લાભ કરતી પ્રવૃત્તિ આદરી શકયા નથી. આદરી શકવાના નથી. છતાં ગુજરાત-માં જ પડી રહેવું એ તમારા સાધુપણાને કલંકરૂપ છે. થોડાંક વર્ષો તમારા પોપશાહી પંજામાંથી મુકત કરશો તો તમારી દોરવણીથી જે કલહ—કંકાશ ચાલી રહ્યા છે તે નાબુદ થશે ને ગુજરાતની જૈન સમાજમાં હતો તેવો સંપ—શાંતિ સ્થપાશે. માટે થોડાં જ વર્ષો ગુજ-રાત ખાલી કરી અન્ય સ્થળે ઉપડો. ને આપમાં સાચી શકિત હોય તો સામર્થ્ય દાખવો. ગુજરાતમાં આપને સૌ ઓળખે છે—જાણે છે. જૈનસમાજની, જૈનધર્મની સાચી ધગસ હોય અને સાધુપણાને શોભાવવું હોય તો તમારા થાણાં ગુજરાતમાંથી ઉપાડો. સાધુપણું સુખશીલીયા થવામાં નથી પણ સંયમ ને ત્યાગમાં છે.

ભગવાન મહાવીરનું ચારિત્ર તમારાથી અજાણ્યું શાનું હોય ? તમે તો તેનો પૂરો અભ્યાસ કરી આચરણમાં મૂકવાનો દાવો કરનાર ગણાઓ ! છતાં તમારી વર્તણુક, તમારી રીતભાત પ્રભુએ આચરેલા નિયમની વિરૂધ્ધ જ દેખાય છે એ સમજાય છે ? ન સમજાય તો લગાર નજર કરો.

દીક્ષા બાદ પ્રથમ ચોમાસે પ્રભુ મોરાકગામમાં કુલપતિ તાપસના આગ્રહથી ત્યાં ચોમાસું રહ્યા. પરંતુ તાપસોને લાગેલ દુ:ખથી પ્રભુએ ત્યાં જ ધારણ કરેલા પાંચ અભિ-ગ્રહોમાં પહેલોજ એ અભિગ્રહ હતો કે—'**કદિપણ જ્યાં અપ્રીતિ થાય તેને ઘેર વસવું નહિ**' એ અભિગ્રહના લીધે જ દીક્ષાના દિવસથી એકવર્ષ બાદ એ જ **મોરા ગ્રામે બહારના ઉધાનમાં** પ્રભુ પ્રતિમા ધારીને રહેલા ત્યારે ગ્રામ લોક બહુ માન કરતા ને એજ ગામના દુરા-ચારી અચ્છંદક પાખંડીને નિંદતા તેથી અચ્છંદકને દુ:ખ થયું ને પ્રભુને વિહારની વિનંતિ કરી. કે અપ્રિતિવાળા સ્થાનનો પરિહાર કરવાના અભિગ્રહવાળા પ્રભુ ત્યાંથી વિહાર કરી ગયા.

આપ જાણો છો ? ગુજરાતમાં ઠેર ઠેર તમારા પ્રત્યે અપ્રીતી છે. તમે ઇર્ષાના વૃક્ષો રોપો છો છતાં ગુજરાત છોડતાં મુંઝાઓ છો. આ સાચી સાધુતાનું લક્ષણ છે ?

તમે જાણો છો કે પ્રભુએ મગધ, વૈશાલી, કલીંગ, ચેદી, સિંધ —સૌવીર ને અવંતિ જેવાં મહારાજ્યોને જૈન બનાવેલા. જેના પરિણામે લાખો ને કરોડો મનુષ્યો જૈન ધર્મિ બનેલા તે પ્રદેશોમાં આજે રાજાઓ તો કારાણે રહ્યા પણ જૈનોની સંખ્યા પણ નામની છે. કારણ કે સાધુઓના વિહારના અભાવે જૈનોના જુથને જુથ જૈનેતર બન્યાં છે—બની રહ્યાં છે. છતાં ઓ ! આચાર્યો ! પંન્યાસો ! પ્રવ-ચનકારો ! અને સાધુઓ ! તમને ગુજરાત કેમ છોડવું નથી ગમતું ? શું તમે જ ઉભા કરેલા તમારા બાવલાના મંદિરો તમારા ગળે વળગી રહ્યાં છે ? કે રાજશાહી મહેલો જેવાં ઉપાશ્રયોની મોજ નથી છુટતી ? કે જીભલડીની લોલુપતા ખાતર બહાર નીકળવું નથી ગમતું ? વર્ષોના વર્ષોથી ગુજરાતમાં પડી રહી કેટલા જૈનો નવા બનાવ્યા ? સમાજ હિતમાં શું લીલું માર્યું ? હા, ભેદભાવ ઉભા કર્યા. લાઠીઓથી અનેકનાં માથાં ફોડાવ્યાં. કાળાવાવટાની નવાજેશ છતાં નફ્ટ બની અપાસરામાં દાખલ થયાને હડો જમાવ્યો. મહિનાઓ સુધી કોર્ટોના પગથીઆં ઘસ્યાં. ભગવાન મહાવીરનો સંદેશ ઉંચો મૂકી સમાજને ઇર્ષ્યાના ઝેરી વિષ પાયાં. આ સિવાય ગુજરાતમાં ગણ્યા ગાંઠયાં મુનિવરો આત્મસાધના કરી રહ્યા હશે. બાકી તમારે નામે તો નંઝામા મીંડુ જ છે એટલે ગુજરાતના ભલા ખાતર, તમારા સાધુપણા ખાતર, એ ચેલા ચેલીના, આપ મંદિરોના, પેટી પટારાના સુંદર સ્વાદિષ્ટ ભોજનના મોહ છોડી દઇ જ્યાં જરૂર છે ત્યાં સિધાવો. અને જેઓ અજ્ઞાનતાની ઘોર જાળોમાં સપડાઇ અન્ય ધર્મોમાં ભળી રહ્યા છે—ભળી ગયા છે તેને બચાવવા ગુજરાત ખાલી કરો.

આ પત્ર અમીચંદ ખેપચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.